Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાન શ્રી કુંદકુંદ-કહાન-જૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૧૮૭

ૐ

શ્રીમત્પદ્મનંદિ—આચાર્ય વિરચિત

# પંચવિંશતિ

(ધાર્મિક અને નૈતિક ૨૬ પ્રકરણોનો સંગ્રહ)

પં. બાલચંદ્ર સિદ્ધાંતશાસ્ત્રીના હિન્દી અનુવાદનું ગુજરાતી ભાષાંતર

—: ભાષાંતરકાર :—

બ્ર૦ વ્રજલાલ ગિરધરલાલ શાહ

વઢવાણ શહેર

—: પ્રકાશક :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

આવૃત્તિ

પ્રથમ * સંવત્ ૨૦૫૫ * પ્રત ૧,૦૦૦

મૂલ્ય

રૂા. ૨૮=૫૦

આ શાસ્ત્રની પડતરકિંમત રૂા. ૫૭=૦૦ છે પરંતુ સ્વ. શ્રી શાંતિલાલ રતીલાલ શાહની આર્થિક સહાયથી વેચાણકિંમતમાં ૫૦% રાહત આપવાથી વેચાણકિંમત રૂા. ૨૮=૫૦ રાખવામાં આવી છે.

**પદ્મનંદિ-પંચવિંશતિ (ગુજરાતી)ના**

*** સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ***

**શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રૂઝ**

મુદ્રક

**વિજય મુદ્રણાલય**

પાલીતાણા રોડ,

મુ. સોનગઢ (સૌ.)

PIN-૩૬૪૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by an AtmaArthi and Daksha Nainesh Shah, both from London, who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of
Padmanandi Panch Vishanti (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 7 November 2009 | First electronic version |



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

'પદ્મનંદિ-પંચવિંશતિ'ના પ્રકાશનપ્રસંગે

# પ્રકાશકીય નિવેદન

આ 'પદ્મનંદિ-પંચવિંશતિ' (ગુજરાતી ભાષાંતર સહિત) પ્રકાશિત કરતાં અતિ હર્ષ થાય છે. આ ગ્રંથની રચના વિક્રમની ૧૧મી સદીમાં થઈ હોય તેમ સંભવે છે. અનેક જૂની પ્રતોના આધારે પ્રો૦ એ. એન. ઉપાધ્યે અને પ્રો૦ હીરાલાલ જૈને આ ગ્રંથનું સંપાદન કરેલ અને તેનો હિંદી ભાષામાં અનુવાદ પં. બાલચંદ્ર સિદ્ધાંતશાસ્ત્રીએ કરેલ, જે 'જીવરાજ ગ્રંથમાલા'માં પ્રકાશિત થયેલ તેના ઉપરથી આ ગુજરાતી ભાષાંતર બ્ર૦ વ્રજલાલ ગિરધરલાલ શાહે (વઢવાણ શહેર) કરી આપેલ છે. બ્રહ્મચારી ભાઈ શ્રી વજુભાઈએ આ ઉપરાંત બીજાં અનેક શાસ્ત્રોનાં ભાષાંતર નિસ્પૃહપણે કરેલ છે. તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

આ શાસ્ત્રના શ્લોકોનું, ઉદ્ધરણ અનેક દિગંબર જૈન શાસ્ત્રોમાં જોવામાં આવે છે, તેથી એમ ફલિત થાય છે કે તેમના પછી થયેલા દિગંબર સંતોએ આ શાસ્ત્રને આધારભૂત ગણ્યું છે. વર્તમાનમાં પણ આ શાસ્ત્રના અનેક શ્લોકો વિદ્વદ્વર્ગમાં અતિશય પ્રચલિત છે.

પ્રસ્તુત શાસ્ત્ર પદ્મનંદિસ્વામી વિરચિત છવ્વીસ લઘુ ગ્રંથોનો સંગ્રહ છે. પ્રત્યેક ગ્રંથમાં વિષયને અનુસરીને નૈતિક અને ધાર્મિક રીતે વિષયનું માર્મિક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેનો રસાસ્વાદ સ્વાધ્યાયપૂર્વક કરવા વાચકવર્ગને ભલામણ છે. પ્રતિપાદનની શૈલી ઘણી જ સરલ અને રુચિકર છે. બે સ્તુતિ (૧૩-૧૪) પ્રાકૃત ભાષામાં રચેલી છે. બાકીની તમામ રચના સંસ્કૃત શ્લોકોમાં છે. કુલ ૯૩૯ પદો આ સંગ્રહગ્રંથમાં છે.

આ ગ્રંથ, શ્રી જીવરાજ ગ્રંથમાલા પ્રકાશિત હિંદી અનુવાદ પરથી, ગુજરાતી મુમુક્ષુ સમાજને માતૃભાષામાં સમજી શકાય તે હેતુથી, પ્રકાશિત કરવામાં આવેલ છે, તેથી ઉક્ત ગ્રંથમાલાના અધિકારીવર્ગનો તથા હિંદી અનુવાદકનો આભાર માનવામાં આવે છે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપે મુમુક્ષુ સમાજમાં અધ્યાત્મતત્ત્વની રુચિનો પ્રસાર ઘણો થયેલ છે. મુમુક્ષુઓની રુચિના પોષણ અર્થે આ ટ્રસ્ટ દ્વારા અધ્યાત્મપ્રધાન શાસ્ત્રોનાં પ્રકાશનનું કાર્ય અવિરતપણે પ્રવર્તી રહ્યું છે. તેની અંતર્ગત આ પદ્મનંદિ-પંચવિંશતિના ગુજરાતી ભાષાંતરની આ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ રહી છે. વર્તમાનમાં જે કાંઈ તત્ત્વપ્રચાર, અને અનેક-અનેક જીવોની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આધ્યાત્મિક વિષયમાં રુચિ થઈ તે પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતા(બહેનશ્રી ચંપાબેન)ના ધર્મોપકારને જ આભારી છે.

ગુજરાતી ભાષાંતર સહિત આ શાસ્ત્ર શ્રી વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થયેલ છે. તે હાલ અપ્રાપ્ય હોવાથી આ આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે, તે ટ્રસ્ટનો તથા આ શાસ્ત્રનું સુંદર છાપકામ કરી આપવા માટે વિજય મુદ્રણાલયનો આભાર માનીએ છીએ.

અંતમાં આ પવિત્ર શાસ્ત્ર—જેને આત્મજ્ઞ સત્‌પુરુષ શ્રી રાજચંદ્રજીએ 'વનશાસ્ત્ર' કહ્યું છે—નો સ્વાધ્યાય કરી મુમુક્ષુ જીવ આત્મકલ્યાણ પામે એ જ ભાવના.

દશલક્ષણપર્યુષણપર્વ
વિ. સં. ૨૦૫૫

**સાહિત્યપ્રકાશનસમિતિ,**
**દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ–૩૬૪૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# વિષય-સૂચી


| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **૧. ધર્મોપદેશામૃત** | **૧–૧૯૮** | **૧ થી ૧૦૦** |
| આદિ જિનેન્દ્રનું સ્મરણ | ૧-૪ | ૧ |
| શાન્તિનાથનું સ્મરણ | ૫ | ૩ |
| ધર્મોપદેષ્ટા જિનદેવનું સ્મરણ | ૬ | ૪ |
| ધર્મનું સ્વરૂપ અને તેના ભેદ | ૭ | ૪ |
| ધર્મના મૂળભૂત દયા ધારણાની પ્રેરણા | ૮ | ૫ |
| પ્રાણીઓના વધમાં પિતૃ આદિના વધનો દોષ સંભવે છે. | ૯ | ૫ |
| જીવનનું દાન સર્વશ્રેષ્ઠ દાન છે. | ૧૦ | ૬ |
| દયા વિના દાન, તપ અને ધ્યાનાદિ નિરર્થક છે | ૧૧ | ૭ |
| મુનિધર્મનું આલંબન સદ્‌ગૃહસ્થ છે | ૧૨ | ૭ |
| ગૃહસ્થાશ્રમનું સ્વરૂપ | ૧૩ | ૭ |
| ગૃહસ્થધર્મના અગિયાર સ્થાનોનો નિર્દેશ | ૧૪ | ૮ |
| સમસ્ત વ્રતવિધાન વ્યસનોના પરિત્યાગ ઉપર નિર્ભર છે | ૧૫ | ૯ |
| મહાપાપસ્વરૂપ સાત વ્યસનોનો નામનિર્દેશ | ૧૬ | ૧૦ |
| દ્યૂત (જુગાર) સર્વ વ્યસનોમાં મુખ્ય છે | ૧૭-૧૮ | ૧૦ |
| માંસનું સ્વરૂપ અને તેના ભક્ષણમાં નિર્દયતા | ૧૯-૨૦ | ૧૧ |
| મદ્યનું સ્વરૂપ અને મદ્યપાનથી હાનિ | ૨૧-૨૨ | ૧૨ |
| ધોબીની શિલા સમાન વેશ્યાઓ નરકનું દ્વાર છે | ૨૩-૨૪ | ૧૩ |
| શિકારમાં નિર્દયતાથી દીન હીન પ્રાણીઓનો વ્યર્થ વધ કરવામાં આવે છે. | ૨૫-૨૬ | ૧૪ |
| પરવધ અને દગાબાજીનું ફળ પરભવમાં તે જ રીતે ભોગવવું પડે છે. | ૨૭-૨૮ | ૧૫ |
| પર સ્ત્રી અને પરધનના અનુરાગથી થતી હાનિ | ૨૯-૩૦ | ૧૬ |
| ઉક્ત દ્યૂતાદિ સાત વ્યસનોને કારણે કષ્ટ પ્રાપ્ત થયેલ યુધિષ્ઠિર આદિના ઉદાહરણ | ૩૧ | ૧૭ |
| વ્યસન સાત જ નથી બીજા પણ અનેક છે. | ૩૨ | ૨૨ |
| વ્યસનોથી થતી હાનિ બતાવીને તેમનાથી વિમુખ રહેવાની પ્રેરણા | ૩૩ | ૨૩ |
| મિથ્યાદૃષ્ટિ આદિનો સંગ છોડીને સત્પુરુષોના સંગની પ્રેરણા | ૩૪-૩૫ | ૨૩ |
| કળિકાળમાં દુષ્ટોની વચ્ચે સાધુજનોનું (સજ્જનોનું) જીવિત રહેવું મુશ્કેલ છે. | ૩૬ | ૨૪ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| દુર્જનની સંગતિની અપેક્ષાએ તો મરવું સારું છે | ૩૭ | ૨૪ |
| મુનિધર્મનું સ્વરૂપ | ૩૮ | ૨૫ |
| ચેતન આત્માને છોડી પરમાં અનુરાગ કર્મબંધનું કારણ છે | ૩૯ | ૨૫ |
| મૂળગુણો વિના ઉત્તરગુણોના પાલનનો પ્રયત્ન ઘાતક છે | ૪૦ | ૨૬ |
| વસ્ત્રના દોષ દેખાડીને દિગંબરત્વની પ્રશંસા | ૪૧ | ૨૬ |
| કેશલોચ વૈરાગ્યાદિને વધારનાર છે | ૪૨ | ૨૭ |
| સ્થિતિભોજનની પ્રતિજ્ઞા | ૪૩ | ૨૭ |
| સમતાભાવ | ૪૪-૪૫ | ૨૮ |
| પ્રમાદ રહિત થઈને એકાન્તવાસની પ્રતિજ્ઞા | ૪૬ | ૨૯ |
| સંસારનું સ્વરૂપ જોઈને હર્ષ-વિષાદની વ્યર્થતા | ૪૭ | ૨૯ |
| રાગ-દ્વેષના પરિત્યાગ વિના સંવર અને નિર્જરા સંભવિત નથી | ૪૮ | ૩૦ |
| સંસારસમુદ્રથી પાર થવાની સામગ્રી | ૪૯ | ૩૦ |
| મોહને કૃશ કર્યા વિના તપ આદિનો ક્લેશ સહેવો વ્યર્થ છે | ૫૦ | ૩૧ |
| જે કષાયોનો નિગ્રહ કરતો નથી તેના પરિષહ સહવા માયાચાર છે | ૫૧ | ૩૧ |
| સમસ્ત અનર્થોનું કારણ અર્થ (ધન) જ છે | ૫૨ | ૩૧ |
| શય્યા માટે ઘાસ આદિની પણ અપેક્ષા રાખવાથી નિર્ગ્રન્થપણું નાશ પામે છે | ૫૩ | ૩૨ |
| ક્રોધાદિથી કદાચિત્ અને પરિગ્રહથી શાશ્વત કર્મનો બંધ થાય છે | ૫૪ | ૩૨ |
| મોક્ષની પણ અભિલાષા તેની પ્રાપ્તિમાં બાધક છે | ૫૫ | ૩૨ |
| પરિગ્રહાદિની નિન્દા | ૫૬ | ૩૩ |
| સાધુ પ્રશંસા | ૫૭-૫૮ | ૩૩ |
| આચાર્યનું સ્વરૂપ | ૫૯-૬૦ | ૩૪ |
| ઉપાધ્યાયનું સ્વરૂપ | ૬૧ | ૩૫ |
| સાધુઓનું સ્વરૂપ અને તેમની સહનશીલતા | ૬૨-૬૬ | ૩૫ |
| આત્મજ્ઞાન વિના કરવામાં આવેલ કાયક્લેશ ધાન્યરહિત ખેતરની રક્ષા કરવા સમાન વ્યર્થ છે | ૬૭ | ૩૮ |
| મુનિઓની પૂજા જિનાગમ અને જિનપૂજાની જેમ જ ફળપ્રદ છે | ૬૮ | ૩૮ |
| તીર્થનું સ્વરૂપ | ૬૯ | ૩૯ |
| રત્નત્રયધારક મુનિનો તિરસ્કાર કરનાર નરકના પાત્ર થાય છે | ૭૦ | ૩૯ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મુનિઓની સ્તુતિ અસંભવ છે | ૭૧ | ૩૯ |
| વ્યવહારસમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ અને તે ત્રણે વિના મુક્તિની અસંભવના | ૭૨-૭૬ | ૪૦ |
| સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર મિથ્યા કહેવાય છે | ૭૭ | ૪૨ |
| રત્નત્રય પ્રશંસા | ૭૮ | ૪૩ |
| ઉક્ત સમ્યગ્દર્શનાદિ આત્મસ્વરૂપ છે | ૭૯ | ૪૩ |
| શુદ્ધનયનું આત્મતત્ત્વ અખંડ છે | ૮૦ | ૪૩ |
| નિશ્ચય સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ | ૮૧ | ૪૪ |
| ઉત્તમ ક્ષમાનું સ્વરૂપ | ૮૨ | ૪૪ |
| ક્રોધ મુનિધર્મનો વિઘાતક છે | ૮૩ | ૪૫ |
| ક્રોધના કારણો ઉપસ્થિત થતાં મુનિજન શું વિચાર કરે છે | ૮૪-૮૬ | ૪૫ |
| માર્દવ ધર્મનું સ્વરૂપ | ૮૭-૮૮ | ૪૬ |
| આર્જવ ધર્મનું સ્વરૂપ | ૮૯-૯૦ | ૪૭ |
| સત્ય વચનનું સ્વરૂપ અને તેની ઉપાદેયતા | ૯૧-૯૩ | ૪૮ |
| શૌચ ધર્મનું સ્વરૂપ અને બાહ્ય શૌચનું અકિંચિત્કરપણું | ૯૪-૯૫ | ૪૯ |
| સંયમનું સ્વરૂપ અને તેની ઉપાદેયતા | ૯૬-૯૭ | ૫૦ |
| તપનું સ્વરૂપ અને તેની ઉપાદેયતા | ૯૮-૧૦૦ | ૫૦ |
| ત્યાગ અને આકિંચન્યનું સ્વરૂપ | ૧૦૧ | ૫૩ |
| મુનિઓની દુર્લભતા | ૧૦૨ | ૫૩ |
| મમત્વના અભાવમાં શરીર અને શાસ્ત્ર આદિને પરિગ્રહ કહી શકાતો નથી | ૧૦૩ | ૫૩ |
| બ્રહ્મચર્યનું સ્વરૂપ અને તેનાં ધારકોની પ્રશંસા | ૧૦૪-૫ | ૫૪ |
| આ દસ ધર્મ મોક્ષમહેલમાં જવા માટે નીસરણીના પગથિયા સમાન છે | ૧૦૬ | ૫૫ |
| સ્વાસ્થ્યનું સ્વરૂપ | ૧૦૭ | ૫૫ |
| ચિદ્રૂપનું સ્વરૂપ | ૧૦૮ | ૫૬ |
| મુક્તિનું સ્વરૂપ | ૧૦૯ | ૫૬ |
| અતીન્દ્રિય આત્મા સંબંધી કાંઈક કહેવાની પ્રતિજ્ઞા | ૧૧૦ | ૫૬ |
| શૃંગારાદિ પ્રધાન કાવ્ય અને તેમની રચના કરનાર કવિઓની નિન્દા | ૧૧૧-૧૩ | ૫૭ |
| સ્ત્રી શરીરનું સ્વરૂપ | ૧૧૪-૧૫ | ૫૮ |
| સ્ત્રીની ભયંકરતા | ૧૧૬-૧૮ | ૫૯ |
| મોહનો મહિમા દેખાડી તેના ત્યાગનો ઉપદેશ | ૧૧૯-૨૩ | ૬૦ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| વીતરાગ અને સર્વજ્ઞ આપ્તનું જ વચન પ્રમાણ હોઈ શકે છે, તેમના વચનમાં સંદેહ કરવો એ મૂર્ખાઈ છે | ૧૨૪-૨૫ | ૬૨ |
| અનેક ભેદ-પ્રભેદરૂપ સમસ્ત શ્રુતમાં આત્માને જ ઉપાદેય કહ્યો છે. | ૧૨૬-૨૭ | ૬૩ |
| પરોક્ષ પદાર્થના વિષયમાં જિનવચનને પ્રમાણ માનવું જોઈએ | ૧૨૮ | ૬૪ |
| જ્ઞાનનો મહિમા | ૧૨૯-૩૧ | ૬૫ |
| અર્થપરિજ્ઞાનનું કારણ જિનવાણી છે | ૧૩૨ | ૬૬ |
| આત્માનું જ નામ ધર્મ છે | ૧૩૩ | ૬૬ |
| માધ્યમિક આદિ અન્ય વાદીઓ દ્વારા કલ્પિત આત્માના સ્વરૂપનો નિર્દેશ કરીને તેના યથાર્થ સ્વરૂપનું દિગ્દર્શન | ૧૩૪ | ૬૭ |
| આત્માના અસ્તિત્વની સિદ્ધિ | ૧૩૫-૧૩૬ | ૬૯ |
| અન્ય વાદીઓ દ્વારા પરિકલ્પિત આત્માના વ્યાપકત્વ આદિનું નિરાકરણ | ૧૩૭ | ૭૦ |
| આત્માનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ | ૧૩૮ | ૭૨ |
| તે આત્માનું સ્વરૂપ નય-પ્રમાણાદિના આશ્રયથી ગ્રહણ કરવું જોઈએ | ૧૩૯ | ૭૨ |
| રાગ-દ્વેષના પરિત્યાગનો ઉપદેશ | ૧૪૦-૪૫ | ૭૪ |
| પરમાત્મા આ જ શરીરની અંદર સ્થિત છે | ૧૪૬ | ૭૭ |
| પર પદાર્થોમાં ઈષ્ટાનિષ્ટ કલ્પનાનો નિષેધ | ૧૪૭-૪૯ | ૭૭ |
| તત્ત્વવિત્ કોણ છે ? | ૧૫૦ | ૭૯ |
| સુખ-દુઃખનો અવિવેક | ૧૫૧ | ૭૯ |
| આત્માને પરથી ભિન્ન સમજવો એ જ સમસ્ત ઉપદેશનું રહસ્ય છે | ૧૫૨ | ૭૯ |
| યોગીનું સ્વરૂપ | ૧૫૩ | ૮૦ |
| પરથી ભિન્ન આત્મતત્ત્વનો વિચાર અને તેનું ફળ | ૧૫૪-૬૧ | ૮૦ |
| ગુરુનો ઉપદેશ દિવ્ય અમૃત સમાન છે | ૧૬૨ | ૮૪ |
| યોગી-પથિકોનું સ્વરૂપ અને તેમને નમસ્કાર | ૧૬૩ | ૮૫ |
| તે ધર્મનું વર્ણન કેવળી જ કરી શકે છે | ૧૬૪ | ૮૫ |
| આ ધર્મ-રસાયણ મિથ્યાત્વાદિ બંધકારણોનો પરિત્યાગ કરતાં જ પ્રાપ્ત થઈ શકે છે | ૧૬૫ | ૮૫ |
| મનુષ્ય પર્યાય અને ઉત્તમ કુળ આદિ દુર્લભ છે, તો પછી તે પામીને પણ ધર્મ ન કરવો એ મૂર્ખાઈ છે | ૧૬૬-૬૯ | ૮૬ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| શરીરને સ્વસ્થ અને આયુષ્યને દીર્ઘ સમજીને ભવિષ્યમાં ધર્માચરણ કરવાનો વિચાર કરવો તે નિતાન્ત જડતા છે | ૧૭૦ | ૮૭ |
| અવસ્થા સાથે ઘણું કરીને તૃષ્ણા પણ વધે જ છે | ૧૭૧-૭૨ | ૮૮ |
| પરિવર્તનશીલ સંસારમાં જીવન અને ધનાદિની નશ્વરતા | ૧૭૩-૭૬ | ૮૯ |
| મૃત્યુ અનિવાર્ય હોવાથી વિવેકીજનો તેને માટે શોક કરતા નથી | ૧૭૭ | ૯૦ |
| ધર્મનું ફળ | ૧૭૮-૮૧ | ૯૧ |
| ધર્મની રક્ષાથી જ આત્મરક્ષા સંભવે છે | ૧૮૨-૮૩ | ૯૩ |
| ધર્મનો મહિમા | ૧૮૪-૯૬ | ૯૪ |
| પ્રકરણના અંતે ગ્રન્થકારની ગુરુ પાસે વર યાચના | ૧૯૭ | ૯૯ |
| ધર્મોપદેશામૃત-પાનની પ્રેરણા | ૧૯૮ | ૯૯ |
| **૨. દાનોપદેશના** | **૧–૫૪** | **૧૦૧–૧૨૪** |
| વ્રત-તીર્થના પ્રવર્તક આદિ જિનેન્દ્ર અને દાન-તીર્થના પ્રવર્તક શ્રેયાંસ રાજાનું સ્મરણ | ૧ | ૧૦૧ |
| શ્રેયાંસ રાજાની પ્રશંસા | ૨-૩ | ૧૦૨ |
| લોભી જીવોના ઉદ્ધાર અર્થે દાનોપદેશની પ્રતિજ્ઞા | ૪ | ૧૦૩ |
| સત્પાત્રદાન મોહનો નાશ કરીને મનુષ્યને સદ્‌ગૃહસ્થ બનાવે છે | ૫-૬ | ૧૦૩ |
| ધનની સફળતા દાનમાં છે | ૭ | ૧૦૪ |
| સત્પાત્રદાનથી દ્રવ્ય વડના બીજ સમાન વધે જ છે | ૮ | ૧૦૫ |
| ભક્તિથી આપવામાં આવેલું દાન દાતા અને પાત્ર બન્નેને માટે હિતકર થાય છે | ૯ | ૧૦૫ |
| દાનનો મહિમા | ૧૦-૧૬ | ૧૦૫ |
| સત્પાત્રદાન વિના ગૃહસ્થ જીવન નિષ્ફળ છે | ૧૭ | ૧૦૮ |
| દાન વિના વૈભવની નિષ્ફળતાનાં ઉદાહરણ | ૧૮ | ૧૦૯ |
| દાન વશીકરણ મંત્ર સમાન છે | ૧૯ | ૧૦૯ |
| દાનજનિત પુણ્યની રાજ્ય લક્ષ્મી સાથે તુલના | ૨૦ | ૧૦૯ |
| દાન વિના મનુષ્યભવની વિફળતા | ૨૧-૨૨ | ૧૧૦ |
| દાન રહિત વૈભવની અપેક્ષાએ તો નિર્ધનતા જ શ્રેષ્ઠ છે | ૨૩ | ૧૧૧ |
| દાન વિના ગૃહસ્થાશ્રમની વ્યર્થતા | ૨૪-૨૫ | ૧૧૧ |


T-2

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| સત્પાત્રદાન પરલોકયાત્રામાં નાશ્તા સમાન છે | ૨૬ | ૧૧૨ |
| દાનનો સંકલ્પ માત્ર પણ પુણ્યવર્ધક છે | ૨૭ | ૧૧૨ |
| પાત્ર આવતાં દાનાદિથી તેનું સન્માન ન કરવું એ અશિષ્ટતા છે | ૨૮ | ૧૧૨ |
| દાન વિનાનો દિવસ પુત્રના મૃત્યુદિનથી પણ ખરાબ છે | ૨૯ | ૧૧૩ |
| ધર્મના નિમિત્તે થતાં સર્વ વિકલ્પો દાનથી જ સફળ થાય છે | ૩૦ | ૧૧૩ |
| દાન વિના પણ પોતાને દાની તરીકે પ્રગટ કરનાર મહાન દુઃખનું પાત્ર થાય છે | ૩૧ | ૧૧૪ |
| પોતાની સમ્પત્તિ અનુસાર ગૃહસ્થે થોડું ઘણું દાન દેવું જ જોઈએ | ૩૨ | ૧૧૪ |
| દાનની અનુમોદનાથી મિથ્યાદૃષ્ટિ પશુ પણ ઉત્તમ ભોગભૂમિ પ્રાપ્ત કરે છે | ૩૩ | ૧૧૫ |
| દાનરહિત મનુષ્યના અવિવેકનું ઉદાહરણ | ૩૪-૩૬ | ૧૧૫ |
| જે ધન દાનના ઉપયોગમાં આવે છે તે જ ધન વાસ્તવમાં પોતાનું છે | ૩૭ | ૧૧૭ |
| ધનનો ક્ષય પુણ્યના ક્ષયથી થાય છે, નહિ કે દાનથી | ૩૮ | ૧૧૭ |
| લોભ બધા જ ઉત્તમ ગુણોનો ઘાતક છે | ૩૯ | ૧૧૮ |
| દાનથી જેની કીર્તિનો ફેલાવો થયો નથી તે જીવવા છતાં મૃતક સમાન છે | ૪૦ | ૧૧૮ |
| મનુષ્યભવની સફળતા દાનમાં છે, અન્યથા ઉદરપૂર્તિ તો કૂતરા પણ કરે છે | ૪૧ | ૧૧૮ |
| દાન સિવાય અન્ય પ્રકારે કરવામાં આવતો ધનનો ઉપયોગ કષ્ટદાયક છે | ૪૨ | ૧૧૯ |
| પ્રાણી સાથે પરલોકમાં ધર્મ જ જાય છે, નહિ કે ધન | ૪૩ | ૧૧૯ |
| સર્વ અભિષ્ટ સામગ્રી પાત્રદાનથી જ પ્રાપ્ત થાય છે | ૪૪ | ૧૨૦ |
| જે વ્યક્તિ ધનનો સંચય અને પુત્રવિવાહાદિ લક્ષ્યમાં રાખીને ભવિષ્યમાં દાનની ભાવના રાખે છે તેના જેવો મૂર્ખ બીજો નથી | ૪૫ | ૧૨૦ |
| કૃપણ ગૃહસ્થથી તો કાગડો પણ સારો છે | ૪૬ | ૧૨૦ |
| કૃપણના ધનની સ્થિરતા ઉપર ગ્રન્થકારની કલ્પના | ૪૭ | ૧૨૧ |
| ઉત્તમ પાત્ર આદિનું સ્વરૂપ અને તેમને આપેલા દાનનું ફળ | ૪૮-૪૯ | ૧૨૧ |
| દાનના ચાર ભેદ | ૫૦ | ૧૨૨ |
| જિનાલય માટે કરવામાં આવેલું ભૂમિદાન સંસ્કૃતિની સ્થિરતાનું કારણ છે | ૫૧ | ૧૨૨ |
| કૃપણને દાનનો ઉપદેશ રુચતો નથી, તે તો આસન્નભવ્યને જ પ્રીતિ ઉત્પન્ન કરે છે | ૫૨-૫૩ | ૧૨૩ |
| પ્રકરણના અંતે ગુરુ વીરનન્દીના ઉપકારનું સ્મરણ | ૫૪ | ૧૨૪ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **૩. અનિત્યપંચાશત્** | **૧–૫૫** | **૧૨૫–૧૪૮** |
| પ્રકરણના આરંભમાં જિનનું સ્મરણ | ૧ | ૧૨૫ |
| શરીરનું સ્વરૂપ અને તેની અસ્થિરતા | ૨-૩ | ૧૨૫ |
| શરીરાદિ સ્વભાવથી અસ્થિર હોવાથી તેમનો હર્ષ-શોક માનવો યોગ્ય નથી | ૪-૩૦ | ૧૨૬ |
| યમ સર્વત્ર વિદ્યમાન છે. | ૩૧ | ૧૩૭ |
| ઉદય પ્રાપ્ત કર્મનું ફલ બધાને ભોગવવું પડે છે | ૩૨ | ૧૩૮ |
| દૈવની પ્રબળતાનું ઉદાહરણ | ૩૩ | ૧૩૮ |
| મૃત્યુનો ગ્રાસ થવા છતાં પણ અજ્ઞાની જીવો સ્થિરતાનો અનુભવ કરે છે. | ૩૪-૪૧ | ૧૩૮ |
| સંસારની પરિવર્તનશીલતા જોઈને ગર્વનો અવસર રહેતો નથી | ૪૨-૪૩ | ૧૪૨ |
| મનુષ્ય સમ્પત્તિ માટે કેવા અનર્થ કરે છે | ૪૪ | ૧૪૩ |
| શોકથી થનારી હાનિનું દિગ્દર્શન | ૪૫ | ૧૪૪ |
| આપત્તિસ્વરૂપ સંસારમાં વિષાદ કરવો ઉચિત નથી | ૪૬ | ૧૪૪ |
| જીવનાદિને નશ્વર દેખીને પણ આત્મહિત ન કરવું એ પાગલપણાનું સૂચક છે | ૪૭ | ૧૪૪ |
| મૃત્યુ પાસે કોઈ પણ પ્રયત્ન ચાલતો નથી | ૪૮ | ૧૪૫ |
| મનુષ્ય સ્ત્રી-પુત્રાદિમાં 'મારા-મારા' કરતો થકો કાળનો કોળિયો બની જાય છે. | ૪૯ | ૧૪૫ |
| દિવસોને મૃત્યુ દ્વારા વિભક્ત આયુષ્યના ખંડ જ ગણવા જોઈએ | ૫૦ | ૧૪૬ |
| બીજાની તો શી વાત ? ઈન્દ્ર અને ચન્દ્ર પણ મૃત્યુના ગ્રાસ બને છે | ૫૧ | ૧૪૬ |
| સંયોગ-વિયોગ અને જન્મ-મરણાદિ અવિનાભાવી છે | ૫૨ | ૧૪૬ |
| દૈવની પ્રબળતા જોઈને ધર્મમાં રત થવું જોઈએ | ૫૩-૫૪ | ૧૪૭ |
| અનિત્ય પંચાશત્ જયવંત હો | ૫૫ | ૧૪૮ |
| **૪. એકત્વસપ્તતિ** | **૧–૮૦** | **૧૪૯–૧૭૦** |
| પરમાત્મા અને ચિદાત્મક જ્યોતિને નમસ્કાર | ૧-૩ | ૧૪૯ |
| ચિત્તત્વ પ્રત્યેક પ્રાણીમાં છે, પણ અજ્ઞાની તેને જાણતા નથી | ૪ | ૧૪૯ |
| અનેક શાસ્ત્રોને જાણનાર પણ તેને કાષ્ટમાં સ્થિત અગ્નિની જેમ જાણતા નથી | ૫ | ૧૫૦ |
| કેટલાક સમજાવવા છતાં પણ તેનો સ્વીકાર નથી કરતા | ૬ | ૧૫૦ |
| કેટલાક અનેકાન્તાત્મક વસ્તુસ્વરૂપનું એકાન્તરૂપે ગ્રહણ કરીને જન્માંધ પુરુષોની જેમ નષ્ટ થાય છે | ૭ | ૧૫૦ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| કેટલાક થોડુંક જાણીને પણ તેનું અભિમાન વશે ગ્રહણ કરતા નથી | ૮ | ૧૫૧ |
| લોકોએ ધર્મનું સ્વરૂપ વિકૃત કરી નાખ્યું છે | ૯ | ૧૫૧ |
| કયો ધર્મ યથાર્થ છે | ૧૦ | ૧૫૨ |
| ચૈતન્યનું જ્ઞાન અને તેનો સંયોગ દુર્લભ છે | ૧૧ | ૧૫૨ |
| ભવ્ય જીવ પાંચ લબ્ધિઓ પામીને મોક્ષમાર્ગમાં સ્થિત થાય છે | ૧૨ | ૧૫૨ |
| મુક્તિના કારણભૂત સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ | ૧૩-૧૪ | ૧૫૩ |
| શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ તે સમ્યગ્દર્શનાદિ ભિન્ન ન હોતાં અખંડ આત્મસ્વરૂપ છે | ૧૫ | ૧૫૪ |
| પ્રમાણ, નય અને નિક્ષેપ અર્વાચીન પદમાં ઉપયોગી છે | ૧૬ | ૧૫૪ |
| નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિમાં આત્માવલોકન | ૧૭ | ૧૫૪ |
| જે એક અખંડ આત્માને જાણે છે તે જ મુક્તિ પામે છે | ૧૮-૧૯ | ૧૫૫ |
| કેવળજ્ઞાન-દર્શનસ્વરૂપ આત્મા જ જાણવા દેખવા યોગ્ય છે | ૨૦-૨૧ | ૧૫૫ |
| યોગી ગુરુ ઉપદેશથી આત્માને જાણીને કૃતકૃત્ય થઈ જાય છે | ૨૨ | ૧૫૫ |
| જે પ્રેમથી તે પરમ જ્યોતિની વાત પણ સાંભળે છે તે મુક્તિનું ભાજન ભવ્ય છે એમ સમજવું જોઈએ | ૨૩ | ૧૫૬ |
| જે કર્મથી ભિન્ન એક આત્માને જાણે છે તે તેનું સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે | ૨૪ | ૧૫૬ |
| પરનો સંબંધ બંધનું કારણ છે | ૨૫ | ૧૫૬ |
| કર્મના અભાવમાં આત્મા એવો શાન્ત થઈ જાય છે જેવો વાયુના અભાવમાં સમુદ્ર | ૨૬ | ૧૫૬ |
| આત્મ-પરનો વિચાર | ૨૭-૩૮ | ૧૫૭ |
| તે જ આત્મજ્યોતિ જ્ઞાન-દર્શનાદિરૂપ સર્વસ્વ છે | ૩૯-૫૨ | ૧૬૦ |
| મોક્ષની પણ ઈચ્છા મોક્ષપ્રાપ્તિમાં બાધક છે | ૫૩ | ૧૬૩ |
| ભવ્ય જીવે ચૈતન્યસ્વરૂપ આત્માનો વિચાર કરી જન્મપરંપરા નષ્ટ કરવી જોઈએ | ૫૪-૫૭ | ૧૬૩ |
| અનેક રૂપોને પ્રાપ્ત તે પરમજ્યોતિનું વર્ણન કરવું સંભવ નથી | ૫૮-૬૧ | ૧૬૪ |
| જે જીવ તે આત્મતત્ત્વનો વિચાર જ કરે છે તે દેવો દ્વારા પૂજાય છે | ૬૨ | ૧૬૫ |
| સર્વજ્ઞદેવે તે પરમજ્યોતિની પ્રાપ્તિનો ઉપાય સામ્યભાવ બતાવ્યો છે | ૬૩ | ૧૬૫ |
| સામ્યના સમાનાર્થક નામ અને તેનું સ્વરૂપ | ૬૪-૬૯ | ૧૬૬ |
| સમતા-સરોવરના આરાધક આત્મા-હંસને નમસ્કાર | ૭૦ | ૧૬૭ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| જ્ઞાની જીવને તાપકારી મૃત્યુ પણ અમૃત (મોક્ષ)ના સંગનું કારણ છે | ૭૧ | ૧૬૭ |
| વિવેક વિના મનુષ્ય પર્યાય આદિની વ્યર્થતા | ૭૨ | ૧૬૭ |
| વિવેકનું સ્વરૂપ | ૭૩ | ૧૬૮ |
| વિવેકી જીવને સંસારમાં બધું જ દુઃખરૂપ પ્રતિભાસે છે | ૭૪ | ૧૬૮ |
| વિવેકી જીવને હેય શું છે અને ઉપાદેય શું છે? | ૭૫ | ૧૬૮ |
| હું કયા સ્વરૂપે છું | ૭૬ | ૧૬૮ |
| એકત્વ સપ્તતિને ગંગા નદીની ઉપમા | ૭૭ | ૧૬૮ |
| તે એકત્વ સપ્તતિ સંસાર-સમુદ્રથી પાર થવામાં પુલ સમાન છે | ૭૮ | ૧૬૯ |
| મને કર્મ અને તત્કૃત વિકૃતિ આદિ સર્વ આત્માથી ભિન્ન પ્રતિભાસે છે | ૭૯ | ૧૬૯ |
| એકત્વ સપ્તતિના અભ્યાસ આદિનું ફળ | ૮૦ | ૧૭૦ |
| **૫. યતિભાવનાષ્ટક** | **૧–૯** | **૧૭૧–૧૭૪** |
| મોહકર્મજનિત વિકલ્પોથી રહિત મુનિ જયવંત હો | ૧ | ૧૭૧ |
| મુનિ શું વિચાર કરે છે | ૨–૪ | ૧૭૧ |
| કૃતી કોણ કહેવાય છે | ૫ | ૧૭૨ |
| ઋતુ વિશેષ અનુસાર કષ્ટ સહન કરનાર શાન્ત મુનિઓના માર્ગે જવાની અભિલાષા | ૬ | ૧૭૩ |
| ઉત્કૃષ્ટ સમાધિનું સ્વરૂપ અને તેના ધારક | ૭ | ૧૭૩ |
| અંતસ્તત્ત્વના જ્ઞાતા તે મુનિ આપણને શાન્તિનું નિમિત્ત થાવ | ૮ | ૧૭૪ |
| યતિભાવનાષ્ટકના અભ્યાસનું ફળ | ૯ | ૧૭૪ |
| **૬. ઉપાસક સંસ્કાર** | **૧–૬૨** | **૧૭૫–૧૯૦** |
| ધર્મસ્થિતિના કારણભૂત આદિ જિનેન્દ્ર અને શ્રેયાંસ રાજાનું સ્મરણ | ૧ | ૧૭૫ |
| ધર્મનું સ્વરૂપ | ૨ | ૧૭૫ |
| દીર્ઘતર સંસાર કોનો છે? | ૩ | ૧૭૫ |
| ધર્મના બે ભેદ અને તેના સ્વામી | ૪ | ૧૭૫ |
| ગૃહસ્થ ધર્મના હેતુ કેમ મનાય છે? | ૫ | ૧૭૬ |
| કળિકાળમાં જિનાલય, મુનિઓની સ્થિતિ અને દાનધર્મનું મૂળ કારણ શ્રાવક છે | ૬ | ૧૭૬ |
| ગૃહસ્થોના છ કર્મ | ૭ | ૧૭૬ |
| સામાયિક વ્રતનું સ્વરૂપ | ૮ | ૧૭૬ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| સામાયિક માટે સાત વ્યસનોનો ત્યાગ આવશ્યક | ૯-૧૦ | ૧૭૬ |
| વ્યસનીને ધર્માન્વેષણની યોગ્યતા હોતી નથી | ૧૧ | ૧૭૭ |
| સાત નારકોએ જાણે પોતાની સમૃદ્ધિ માટે એક એક વ્યસનની નિમણૂંક કરી છે | ૧૨ | ૧૭૭ |
| પાપરૂપ રાજાએ ધર્મશત્રુના વિનાશ માટે પોતાનું રાજ્ય સાત વ્યસનો વડે સાત અંગરૂપ બનાવ્યું છે | ૧૩ | ૧૭૭ |
| ભક્તિથી જિનદર્શનાદિ કરનાર સ્વયં વંદનીય થઈ જાય છે | ૧૪ | ૧૭૮ |
| જિનદર્શનાદિ ન કરનારાઓનું જીવવું વ્યર્થ છે | ૧૫ | ૧૭૮ |
| ઉપાસકોએ પ્રાતઃકાળે અને ત્યારપછી શું કરવું જોઈએ | ૧૬-૧૭ | ૧૭૮ |
| જ્ઞાન-લોચનની પ્રાપ્તિના કારણભૂત ગુરુઓની ઉપાસના | ૧૮-૧૯ | ૧૭૮ |
| ચક્ષુ અને કાન સહિત હોવા છતાં પણ આંધળા અને બહેરા કોણ છે | ૨૦-૨૧ | ૧૭૯ |
| દેશવ્રત સફળ ક્યારે થાય છે | ૨૨ | ૧૭૯ |
| આઠ મૂળગુણો અને બાર ઉત્તર ગુણોનો નિર્દેશ | ૨૩-૨૪ | ૧૮૦ |
| પર્વોમાં શું કરવું જોઈએ | ૨૫ | ૧૮૨ |
| શ્રાવકે એવા દેશાદિનો આશ્રય ન કરવો જોઈએ કે જ્યાં સમ્યક્ત્વ અને વ્રત સુરક્ષિત ન રહી શકે | ૨૬ | ૧૮૨ |
| ભોગોપભોગપરિમાણની વિધેયતા | ૨૭ | ૧૮૨ |
| રત્નત્રયનું પાલન એવી રીતે કરવું કે જેથી જન્માન્તરમાં તત્ત્વશ્રદ્ધાન વૃદ્ધિગત થાય | ૨૮ | ૧૮૨ |
| ઉપાસકે યથાયોગ્ય પરમેષ્ઠી, રત્નત્રય અને તેના ધારકોનો વિનય કરવો જોઈએ | ૨૯ | ૧૮૩ |
| વિનયને મોક્ષનું દ્વાર કહેવામાં આવે છે | ૩૦ | ૧૮૩ |
| ઉપાસકે દાન પણ કરવું જોઈએ | ૩૧ | ૧૮૩ |
| દાન વિના ગૃહસ્થ જીવન કેવું છે | ૩૨-૩૫ | ૧૮૩ |
| સાધર્મીઓમાં વાત્સલ્ય વિના ધર્મ સંભવતો નથી | ૩૬ | ૧૮૪ |
| દયા વિના ધર્મ સંભવતો નથી | ૩૭ | ૧૮૪ |
| દયાનો મહિમા | ૩૮-૩૯ | ૧૮૫ |
| મુનિ અને શ્રાવકોના વ્રત એક માત્ર અહિંસાની સિદ્ધિ માટે છે | ૪૦ | ૧૮૫ |
| કેવળ પ્રાણી પીડન જ પાપ નથી, પરંતુ તેનો સંકલ્પે ય પાપ છે | ૪૧ | ૧૮૫ |
| બાર અનુપ્રેક્ષાઓનું સ્વરૂપ અને તેમના ચિંતનની પ્રેરણા | ૪૨-૫૮ | ૧૮૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| દસ ભેદરૂપ ધર્મના સેવનની પ્રેરણા | ૫૯ | ૧૯૦ |
| મોક્ષપ્રાપ્તિ માટે અંતસ્તત્ત્વ અને બહિસ્તત્ત્વ બન્નેનો જ આશ્રય લેવો જોઈએ | ૬૦ | ૧૯૦ |
| આત્માનું સ્વરૂપ અને તેના ચિંતનની પ્રેરણા | ૬૧ | ૧૯૦ |
| ઉપાસક સંસ્કારના અનુષ્ઠાનથી અતિશય નિર્મળ ધર્મની પ્રાપ્તિ થાય છે. | ૬૨ | ૧૯૦ |
| **૭. દેશવ્રતોદ્યોતન** | **૧–૨૭** | **૧૯૧–૨૦૨** |
| ધર્મોપદેશમાં સર્વજ્ઞના જ વચન પ્રમાણ છે | ૧ | ૧૯૧ |
| સમ્યગ્દષ્ટિ એક હોય તોપણ પ્રશંસનીય છે, મિથ્યાદષ્ટિ ઘણા હોય તો પણ નહીં | ૨ | ૧૯૧ |
| મોક્ષવૃક્ષનું બીજ સમ્યગ્દર્શન અને સંસારવૃક્ષનું બીજ મિથ્યાદર્શન છે | ૩ | ૧૯૨ |
| દેશવ્રત કઈ અવસ્થામાં ગ્રહણ કરવું યોગ્ય છે | ૪ | ૧૯૨ |
| ઉપાસક દ્વારા અનુષ્ઠેય સમસ્ત વ્રતવિધાન | ૫ | ૧૯૩ |
| વ્રતી ગૃહસ્થનું સ્વરૂપ | ૬ | ૧૯૩ |
| દેશવ્રતીના દેવારાધનાદિ કાર્યોમાં દાન પ્રમુખ છે | ૭ | ૧૯૩ |
| આહારાદિ ચતુર્વિધ દાનનું સ્વરૂપ અને તેની આવશ્યકતા | ૮-૧૧ | ૧૯૪ |
| સર્વ દાનોમાં અભયદાન મુખ્ય કેમ છે | ૧૧-૧૨ | ૧૯૫ |
| પાપથી ઉપાર્જિત ધનનો સદુપયોગ દાન છે | ૧૩-૧૪ | ૧૯૬ |
| પાત્રોના ઉપયોગમાં આવનારું ધન જ સુખપ્રદ છે | ૧૫ | ૧૯૭ |
| દાન પરંપરાએ મોક્ષનું પણ કારણ છે | ૧૬-૧૭ | ૧૯૭ |
| જિનદર્શનાદિ વિના ગૃહસ્થાશ્રમ પથ્થરની નાવ જેવો છે | ૧૮ | ૧૯૮ |
| દાતા ગૃહસ્થ ચિન્તામણિ આદિથી શ્રેષ્ઠ છે | ૧૯ | ૧૯૮ |
| ધર્મસ્થિતિની કારણભૂત જિનપ્રતિમા અને જિનભવનના નિર્માણની આવશ્યકતા | ૨૦-૨૩ | ૧૯૯ |
| અણુવ્રતો ધારણ કરવાથી સ્વર્ગ-મોક્ષ પ્રાપ્ત થાય છે | ૨૪ | ૨૦૦ |
| ચાર પુરુષાર્થોમાં મોક્ષ ઉપાદેય અને બાકીના હેય છે | ૨૫ | ૨૦૧ |
| અણુવ્રતો અને મહાવ્રતોથી એક માત્ર મોક્ષ જ સાધ્ય છે | ૨૬ | ૨૦૧ |
| દેશવ્રતોદ્યોતન જયવંત હો | ૨૭ | ૨૦૨ |
| **૮. સિદ્ધ સ્તુતિ** | **૧–૨૯** | **૨૦૩–૨૧૬** |
| અવધિજ્ઞાનીઓને પણ અવિષયભૂત સિદ્ધોનું વર્ણન અશક્ય છે | ૧ | ૨૦૩ |
| નમસ્કારપૂર્વક સિદ્ધો પાસે મંગળ યાચના | ૨-૪ | ૨૦૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| આત્માને સર્વવ્યાપક કેમ કહેવામાં આવે છે | ૫ | ૨૦૪ |
| આઠ કર્મોના ક્ષયથી પ્રગટ થનાર ગુણોનો નિર્દેશ | ૬ | ૨૦૫ |
| કર્મોની દુઃખપ્રદતા | ૭ | ૨૦૬ |
| જ્યારે એકેન્દ્રિયાદિ જીવ પણ ઉત્તરોત્તર હીન કર્માવરણથી અધિક સુખ અને જ્ઞાનથી સંયુક્ત છે, તો કર્મથી સર્વથા રહિત સિદ્ધ પૂર્ણ સુખ અને જ્ઞાન સંયુક્ત કેમ ન હોય ? | ૮-૧૦ | ૨૦૬ |
| કર્મજન્ય ક્ષુધા આદિના અભાવમાં સિદ્ધ સદાય તૃપ્ત રહે છે | ૧૧ | ૨૦૮ |
| સિદ્ધજ્યોતિના આરાધનથી યોગી સ્વયં પણ સિદ્ધ થઈ જાય છે | ૧૨ | ૨૦૮ |
| સિદ્ધજ્યોતિની વિવિધરૂપતા | ૧૩ | ૨૦૮ |
| અનેકાન્ત સિદ્ધાન્તનું અવગાહન કરનાર જ સિદ્ધાત્માનું રહસ્ય જાણી શકે છે | ૧૪ | ૨૦૯ |
| તત્ત્વજ્ઞ અને અતત્ત્વજ્ઞની દૃષ્ટિ કઈ રીતે શુદ્ધ અને અશુદ્ધ પદ કરે છે | ૧૫-૧૭ | ૨૧૦ |
| સાંગોપાંગ શ્રુતના અભ્યાસનું ફળ સિદ્ધત્વની પ્રાપ્તિ છે | ૧૮ | ૨૧૧ |
| આ સિદ્ધોનું વર્ણન મારે માટે મોક્ષમહેલ ઉપર ચડવા માટે નિસરણી જેવું છે | ૧૯ | ૨૧૧ |
| મુક્તાત્મરૂપ તેજનું સ્વરૂપ | ૨૦ | ૨૧૨ |
| નય-નિક્ષેપાદિના આશ્રિત વિવરણ રહિત સિદ્ધ જયવંત હો | ૨૧ | ૨૧૨ |
| સિદ્ધસ્વરૂપના જાણકાર સામ્રાજ્યને પણ તૃણ સમાન તુચ્છ સમજે છે | ૨૨ | ૨૧૩ |
| સિદ્ધોનું સ્મરણ કરનાર પણ વંદનીય છે | ૨૩ | ૨૧૩ |
| બુદ્ધિમાનોમાં અગ્રણી કોણ છે, એ માટે બાણનું ઉદાહરણ | ૨૪ | ૨૧૩ |
| સિદ્ધાત્મજ્ઞાનથી શૂન્ય શાસ્ત્રાન્તરોનું જ્ઞાન વ્યર્થ છે | ૨૫ | ૨૧૪ |
| અનંત જ્ઞાન-દર્શનથી સમ્પન્ન સિદ્ધો પાસે શિવસુખની યાચના | ૨૬ | ૨૧૪ |
| આત્માને ગૃહની ઉપમા | ૨૭ | ૨૧૫ |
| સિદ્ધોની જ ગતિ આદિ અભીષ્ટ છે | ૨૮ | ૨૧૫ |
| સિદ્ધોની આ સ્તુતિ કેવળ ભક્તિવશ કરવામાં આવી છે | ૨૯ | ૨૧૬ |
| **૯. આલોચના** | **૧–૩૩** | **૨૧૭–૨૩૦** |
| મનથી પરમાત્મસ્વરૂપનું ચિંતન કરતાં અભીષ્ટની પ્રાપ્તિમાં બાધા આવી શકતી નથી | ૧ | ૨૧૭ |
| સત્પુરુષો જિનચરણોની આરાધના કેમ કરે છે | ૨ | ૨૧૭ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| જિનસેવાથી સંસાર-શત્રુનો ભય રહેતો નથી | ૩ | ૨૧૮ |
| ત્રણે લોકોમાં સારભૂત એક પરમાત્મા જ છે | ૪ | ૨૧૮ |
| અનન્ત ચતુષ્ટય સ્વરૂપ પરમાત્માને જાણી લીધા પછી કાંઈ જાણવાનું બાકી રહેતું નથી | ૫ | ૨૧૮ |
| એક માત્ર પરમાત્માને શરણે જવાથી બધું જ સિદ્ધ થાય છે | ૬ | ૨૧૯ |
| મન, વચન, કાયા અને કૃત, કારિત, અનુમોદનારૂપ નવ સ્થાનો દ્વારા કરવામાં આવેલું પાપ મિથ્યા થાવ | ૭ | ૨૧૯ |
| સર્વજ્ઞ જિન જાણતાં હોવા છતાં પણ દોષોની આલોચના આત્મશુદ્ધિ માટે કરવામાં આવે છે | ૮-૯ | ૨૨૦ |
| આગમાનુસાર અસંખ્યાતનું પ્રાયશ્ચિત્ત સંભવિત નથી | ૧૦ | ૨૨૦ |
| જે નિસ્પૃહતાપૂર્વક ભગવાનને દેખે છે તે ભગવાનની નિકટ પહોંચી જાય છે | ૧૧ | ૨૨૧ |
| મનનું નિયંત્રણ અતિશય કઠણ છે | ૧૨-૧૪ | ૨૨૧ |
| મન ભગવાન સિવાય બાહ્ય પદાર્થો તરફ કેમ જાય છે | ૧૫ | ૨૨૨ |
| સર્વ કર્મોમાં મોહ જ અતિશય બળવાન છે | ૧૬ | ૨૨૩ |
| જગતને ક્ષણભંગુર જોઈને મન પરમાત્મા તરફ લગાડવું જોઈએ | ૧૭ | ૨૨૩ |
| અશુભ, શુભ અને શુદ્ધ ઉપયોગનું કાર્ય | ૧૮ | ૨૨૪ |
| હું જે જ્યોતિસ્વરૂપ છું તે કેવી છે ? | ૧૯ | ૨૨૪ |
| જીવ અને પરમાત્મા વચ્ચે ભેદ કરનાર કર્મ છે | ૨૦ | ૨૨૫ |
| શરીર અને તેનાથી સંબદ્ધ ઈન્દ્રિયો તથા રોગ આદિ પુદ્‌ગલસ્વરૂપ છે જે આત્માથી સર્વથા ભિન્ન છે | ૨૧-૨૪ | ૨૨૫ |
| ધર્માદિ પાંચ દ્રવ્યોમાં એક પુદ્‌ગલ જ રાગ-દ્વેષને વશે કર્મ-નોકર્મરૂપ થઈને જીવનું અહિત કર્યા કરે છે | ૨૫-૨૬ | ૨૨૭ |
| સાચું સુખ બાહ્ય વિકલ્પો છોડીને આત્મસન્મુખ થવાથી થાય છે | ૨૭-૨૮ | ૨૨૮ |
| વાસ્તવમાં દ્વૈતબુદ્ધિ જ સંસાર અને અદ્વૈત જ મોક્ષ છે | ૨૯ | ૨૨૮ |
| આ કળિકાળમાં ચારિત્રનું પરિપાલન ન થઈ શકવાથી આપની ભક્તિ જ સંસારમાંથી મારો ઉદ્ધાર કરે | ૩૦ | ૨૨૯ |
| મુક્તિપ્રદ મોક્ષમાર્ગ પૂર્ણ કરવાની પ્રાર્થના | ૩૧ | ૨૨૯ |
| વીરનન્દી ગુરુના સદુપદેશથી મને ત્રણ લોકનું રાજ્ય પણ અભીષ્ટ નથી | ૩૨ | ૨૩૦ |
| આલોચનાના અભ્યાસનું ફળ | ૩૩ | ૨૩૦ |


T-3

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **૧૦. સદ્બોધચન્દ્રોદય** | **૧—૫૦** | **૨૩૧—૨૪૫** |
| અપરિમિત અને અનિર્વચનીય અનેક ધર્માત્મક ચિત્તત્વ જયવંત હો | ૧-૨ | ૨૩૧ |
| મુક્તિ-હંસીના અભિલાષી હંસને નમસ્કાર | ૩ | ૨૩૨ |
| ચિત્સ્વરૂપનો મહિમા | ૪-૭ | ૨૩૨ |
| મન પોતાના મરણના ભયથી પરમાત્મામાં સ્થિત થતું નથી | ૮ | ૨૩૩ |
| અજ્ઞાની આત્મગત તત્ત્વને અન્યત્ર દેખે છે | ૯-૧૦ | ૨૩૩ |
| પ્રતીતિ રહિત તપસ્વી નાટકના પાત્ર જેવા છે | ૧૧ | ૨૩૪ |
| ભવભ્રમણનું કારણ અનેક ધર્માત્મક ચિતત્ત્વને અંધ-હસ્તિ-ન્યાયથી જાણવું તે છે | ૧૨ | ૨૩૪ |
| આત્માની અનેકધર્માત્મકતા | ૧૩-૧૪ | ૨૩૫ |
| સ્વાભાવિક ચેતનાના આશ્રયે જીવ નિજ સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે | ૧૫ | ૨૩૫ |
| આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય | ૧૬-૨૦ | ૨૩૫ |
| યોગીને સુખ-દુઃખની કલ્પના કેમ નથી થતી | ૨૧ | ૨૩૬ |
| મનની ગતિ નિરાલંબ થતાં અજ્ઞાન બાધક થતું નથી | ૨૨ | ૨૩૭ |
| રોગ અને જરા આદિ શરીરાશ્રિત છે, આત્માશ્રિત નથી | ૨૩-૨૫ | ૨૩૭ |
| યોગનો મહિમા | ૨૬ | ૨૩૮ |
| આત્માનું રમણીય પદ શુદ્ધ બોધ છે | ૨૭ | ૨૩૮ |
| આત્મબોધરૂપ તીર્થમાં સ્નાન કરવાથી અભ્યંતર મળ નષ્ટ થાય છે | ૨૮ | ૨૩૮ |
| ચિત્ સમુદ્રના તટના આરાધનથી રત્નોનો સંચય અવશ્ય થાય છે | ૨૯ | ૨૩૮ |
| સમ્યગ્દર્શનાદિ રૂપ રત્નત્રય નિશ્ચયથી એક જ છે | ૩૦ | ૨૩૯ |
| સમ્યગ્દર્શનાદિરૂપ બાણોનું ફળ | ૩૧ | ૨૩૯ |
| મુનિની વૃત્તિ કેવી હોય છે | ૩૨ | ૨૪૦ |
| સમીચીન સમાધિનું ફળ | ૩૩-૩૪ | ૨૪૦ |
| યોગની કલ્પવૃક્ષ સાથે સમાનતા | ૩૫ | ૨૪૦ |
| જ્યાં સુધી પરમાત્મબોધ થતો નથી ત્યાં સુધી જ શ્રુતનું પરિશીલન હોય છે | ૩૬ | ૨૪૧ |
| ચિત્પ્રદીપ મોહાન્ધકારનો ક્યારે નાશ કરે છે | ૩૭ | ૨૪૧ |
| બાહ્ય શાસ્ત્રોમાં વિચરનારી બુદ્ધિ દુરાચારિણી સ્ત્રી જેવી છે | ૩૮ | ૨૪૧ |
| ગુરુના ઉપદેશનો પ્રભાવ | ૩૯-૪૦ | ૨૪૧ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| યોગસિદ્ધિનું કારણ સામ્યભાવ છે | ૪૧ | ૨૪૧ |
| પરમાત્માનું કેવળ નામસ્મરણ પણ અનેક જન્મોના પાપ નષ્ટ કરે છે | ૪૨ | ૨૪૧ |
| યોગીનાયક કોણ ? | ૪૩ | ૨૪૧ |
| યોગીએ સ્વ પરને સમાન દેખવા જોઈએ | ૪૪ | ૨૪૩ |
| અજ્ઞાનીના વિકારો દેખીને યોગી ક્ષુબ્ધ થતા નથી | ૪૫ | ૨૪૩ |
| આ શાસ્ત્ર ભણવાથી પ્રબોધ પ્રાપ્ત થાય છે | ૪૬ | ૨૪૩ |
| પદ્મનન્દીરૂપ ચન્દ્રથી કરવામાં આવેલી રમણીયતા જયવંત હો | ૪૭ | ૨૪૩ |
| યોગીનું સ્વરૂપ | ૪૮ | ૨૪૪ |
| ગુરુદ્વારા ઉપદિષ્ટ તત્ત્વ હૃદયસ્થ થતાં મને કોઈનો ભય નથી | ૪૯ | ૨૪૪ |
| સદ્બોધચન્દ્રોદય જયવંત હો | ૫૦ | ૨૪૪ |
| **૧૧. નિશ્ચયપંચાશત્** | **૧—૬૨** | **૨૪૬—૨૬૨** |
| ચિન્મયજ્યોતિ જયવંત હો | ૧-૩ | ૨૪૬ |
| મોહાન્ધકારના નાશક ગુરુ જયવંત હો | ૪ | ૨૪૬ |
| સાચું સુખ દુઃસાધ્ય મુક્તિમાં છે | ૫ | ૨૪૭ |
| શુદ્ધ આત્મજ્યોતિની ઉપલબ્ધિ સુલભ નથી | ૬ | ૨૪૭ |
| આત્મબોધની અપેક્ષાએ તેનો અનુભવ વિશેષ દુર્લભ છે | ૭ | ૨૪૭ |
| વ્યવહાર અને શુદ્ધનયનું સ્વરૂપ અને તેમનું પ્રયોજન | ૮-૧૦ | ૨૪૭ |
| મુખ્ય અને ઉપચાર વિવરણોને જાણવાના ઉપાયભૂત હોવાથી જ વ્યવહાર પૂજ્ય છે | ૧૧ | ૨૪૮ |
| રત્નત્રયનું સ્વરૂપ અને તેનું આત્મા સાથે અભિન્નપણું | ૧૨-૧૪ | ૨૪૮ |
| સમ્યગ્દર્શનાદિરૂપ બાણોની સફળતા | ૧૫ | ૨૪૯ |
| સમ્યગ્જ્ઞાન વિના સાધુ વનમાં સ્થિત વૃક્ષની જેમ સિદ્ધ થઈ શકતા નથી | ૧૬ | ૨૪૯ |
| શુદ્ધનયનિષ્ઠ કોણ હોય છે | ૧૭ | ૨૫૦ |
| શુદ્ધ અને અશુદ્ધ નયોનું કાર્ય | ૧૮ | ૨૫૦ |
| રત્નત્રયની પૂર્ણતા થતાં જન્મપરંપરા ચાલુ રહી શકતી નથી | ૧૯ | ૨૫૦ |
| ચિત્તતરુના નાશનો ઉપાય | ૨૦ | ૨૫૦ |
| કર્મરૂપ કીચડ ભેદજ્ઞાનરૂપ કતકફળથી નષ્ટ થાય છે | ૨૧ | ૨૫૦ |
| શરીર, તદાશ્રિત રોગાદિ અને કર્મકૃત ક્રોધાદિ વિકારોની આત્માથી ભિન્નતા | ૨૨-૩૪ | ૨૫૧ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| સર્વ ચિન્તા ત્યાજ્ય છે, આ બુદ્ધિ દ્વારા આવિષ્કૃત તત્ત્વ ચૈતન્ય-સમુદ્રને શીઘ્ર વધારે છે | ૩૫ | ૨૫૪ |
| મારું સ્વરૂપ આવું છે | ૩૬ | ૨૫૪ |
| બન્ધના કારણભૂત મનના નિયંત્રણથી તે, તે બંધનથી મુક્ત કરી દેશે | ૩૭ | ૨૫૪ |
| મનુષ્યરૂપી વૃક્ષને પામીને અમૃત-ફળ ગ્રહણ કરવું યોગ્ય છે | ૩૮ | ૨૫૫ |
| યોગીઓનું નિર્દોષ મન અજ્ઞાનાંધકારને નષ્ટ કરે છે | ૩૯ | ૨૫૫ |
| યોગી ક્યારે સિદ્ધ થાય છે | ૪૦ | ૨૫૫ |
| આત્મસ્વરૂપનો વિચાર | ૪૧-૬૦ | ૨૫૬ |
| નિશ્ચય પંચાશત્ રચવાનો ઉલ્લેખ | ૬૧ | ૨૬૧ |
| ચિત્તમાં આત્મતત્ત્વ સ્થિત હોતાં ઇન્દ્રની સંપદાનું પણ પ્રયોજન રહેતું નથી | ૬૨ | ૨૬૨ |
| **૧૨. બ્રહ્મચર્યરક્ષાવર્તિ** | **૧–૨૨** | **૨૬૩–૨૭૨** |
| કામવિજેતા યતિઓને નમસ્કાર | ૧ | ૨૬૩ |
| બ્રહ્મચર્ય અને બ્રહ્મચારીઓનું સ્વરૂપ | ૨ | ૨૬૩ |
| જો બ્રહ્મચર્યની બાબતમાં સ્વપ્નમાં કોઈ દોષ ઉત્પન્ન હોય તો પણ રાત્રિ વિભાગાનુસાર મુનિએ તેનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ | ૩ | ૨૬૪ |
| બ્રહ્મચર્યની રક્ષા મનના સંયમથી જ થાય છે | ૪ | ૨૬૪ |
| બાહ્ય અને અભ્યંતર બ્રહ્મચર્યનું સ્વરૂપ અને તેમનું કાર્ય | ૫ | ૨૬૫ |
| પોતાના વ્રતોની વિધિના રક્ષણ માટે મુનિએ સ્ત્રી માત્રનો પરિત્યાગ કરવો જોઈએ | ૬ | ૨૬૫ |
| સ્ત્રીની વાર્તા પણ મુનિધર્મને નષ્ટ કરનાર છે | ૭ | ૨૬૫ |
| રાગપૂર્વક સ્ત્રીમુખનું અવલોકન અને સ્મરણ પ્રતિષ્ઠા, યશ અને તપ આદિને નષ્ટ કરનાર છે | ૮-૯ | ૨૬૬ |
| મુનિને કોઈ પણ સ્ત્રીની પ્રાપ્તિની સંભાવના ન રહેવાથી તદ્વિષયક અનુરાગ છોડવો જ જોઈએ | ૧૦ | ૨૬૭ |
| શ્રાવક સ્ત્રીરૂપ ગૃહથી ગૃહસ્થ અને મુનિ તેના પરિત્યાગથી બ્રહ્મચારી (અણગાર) થાય છે | ૧૧ | ૨૬૭ |
| સ્ત્રીનું અસ્થિર સૌન્દર્ય મૂર્ખ મનુષ્યોને જ આનંદજનક થાય છે | ૧૨-૧૪ | ૨૬૭ |
| સ્ત્રીનું શરીર ઘૃણાસ્પદ છે | ૧૫ | ૨૬૯ |
| સ્ત્રીના વિષયમાં અનુરાગવર્ધક કાવ્ય રચનાર કવિ કેવી રીતે પ્રશંસનીય કહેવાય છે | ૧૬-૧૭ | ૨૬૯ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| જો પરધનરૂપ સ્ત્રીની અભિલાષા ન કરનાર ગૃહસ્થ દેવ કહેવાય છે તો મુનિ કેમ દેવોનો દેવ ન હોય? | ૧૮ | ૨૭૦ |
| સુખ અને સુખાભાસ | ૧૯ | ૨૭૦ |
| સ્ત્રીનો પરિત્યાગ કરનાર સાધુઓને પુણ્યાત્મા મનુષ્યો પણ નમસ્કાર કરે છે | ૨૦ | ૨૭૧ |
| તપનું અનુષ્ઠાન મનુષ્ય પર્યાયમાં જ સંભવ છે | ૨૧ | ૨૭૧ |
| ગ્રન્થકાર દ્વારા કામરોગની નાશક વર્તિ (બ્રહ્મચર્યરક્ષાવર્તિ)ના સેવનની પ્રેરણા | ૨૨ | ૨૭૧ |
| **૧૩. ઋષભ સ્તોત્ર** | **૧–૬૧** | **૨૭૩–૨૯૦** |
| નાભિરાજના પુત્ર ઋષભ જિનેન્દ્ર જયવંત હો | ૧ | ૨૭૩ |
| ઋષભ જિનેન્દ્રના દર્શનાદિ પુણ્યાત્મા જીવો દ્વારા જ કરવામાં આવે છે | ૨ | ૨૭૩ |
| જિનદર્શનનું માહાત્મ્ય | ૩ | ૨૭૩ |
| જિનેન્દ્રની સ્તુતિ કરવી અસંભવ છે | ૪ | ૨૭૪ |
| જિનના નામસ્મરણથી પણ અભીષ્ટ લક્ષ્મી પ્રાપ્ત થાય છે | ૫ | ૨૭૪ |
| ઋષભ જિનેન્દ્ર સર્વાર્થસિદ્ધિમાંથી અવતીર્ણ થતાં તેનું સૌભાગ્ય નષ્ટ થઈ ગયું હતું | ૬ | ૨૭૪ |
| પૃથ્વીના ‘વસુમતી’ નામની સાર્થકતા | ૭ | ૨૭૫ |
| પુત્રવતી સ્ત્રીઓમાં મરુદેવીની શ્રેષ્ઠતા | ૮ | ૨૭૫ |
| ઇન્દ્રના નિર્નિમેષ સહસ્ર નેત્રોની સફળતા | ૯ | ૨૭૫ |
| સૂર્ય આદિ જ્યોતિષી મેરુની પ્રદક્ષિણા કર્યા કરે છે | ૧૦ | ૨૭૬ |
| મેરુ ઉપર જિનજન્માભિષેક | ૧૧-૧૨ | ૨૭૬ |
| કલ્પવૃક્ષો નષ્ટ થઈ જતાં તેમનું કાર્ય એક ઋષભજિનેન્દ્રે જ પૂર્ણ કર્યું | ૧૩ | ૨૭૬ |
| પૃથ્વીની રોમાંચકતા | ૧૪ | ૨૭૭ |
| ઋષભજિનેન્દ્રની વિરક્તતા અને પૃથ્વીનો પરિત્યાગ | ૧૫-૧૬ | ૨૭૭ |
| ધ્યાનમાં અવસ્થિત ઋષભ જિનેન્દ્રની શોભા | ૧૭-૧૮ | ૨૭૮ |
| ઘાતિચતુષ્કનો ક્ષય અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ | ૧૯ | ૨૭૮ |
| ઘાતુચતુષ્કના અભાવમાં અઘાતિ ચતુષ્કની અવસ્થા | ૨૦ | ૨૭૯ |
| સમવસરણ અને ત્યાં સ્થિત જિનેન્દ્રની શોભા | ૨૧-૨૨ | ૨૭૯ |
| આઠ પ્રાતિહાર્યોની શોભા | ૨૩-૩૦ | ૨૭૯ |
| જિનવાણીનો મહિમા | ૩૧-૩૪ | ૨૮૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| નયોનો પ્રભાવ | ૩૫ | ૨૮૩ |
| જિનેન્દ્રની સ્તુતિમાં બૃહસ્પતિ આદિ પણ અસમર્થ છે | ૩૬ | ૨૮૪ |
| પ્રભુદ્વારા પ્રકાશિત પથના પથિક નિરુપદ્રવ મોક્ષનો લાભ કરે છે | ૩૭ | ૨૮૪ |
| મોક્ષનિધિ સામે અન્ય સર્વ નિધિઓ તુચ્છ છે | ૩૮ | ૨૮૪ |
| જિનેન્દ્રોક્ત ધર્મની અન્ય ધર્મ કરતાં વિશેષતા | ૩૯-૪૦ | ૨૮૫ |
| જિનના નખ-કેશ ન વધવામાં ગ્રન્થકારની કલ્પના | ૪૧ | ૨૮૫ |
| ત્રણે લોકના જનો અને ઈન્દ્રનું નેત્રો દ્વારા જિનેન્દ્રદર્શન | ૪૨-૪૩ | ૨૮૫ |
| દેવો દ્વારા પ્રભુચરણોની નીચે સુવર્ણકમળોની રચના | ૪૪ | ૨૮૬ |
| મૃગે ચન્દ્ર (મૃગાંક)નો આશ્રય કેમ લીધો ? | ૪૫ | ૨૮૬ |
| કમળા કમળમાં નહિ પણ જિનચરણોમાં રહે છે | ૪૬ | ૨૮૬ |
| જિનેન્દ્રના દ્વેષીઓનો અપરાધ પોતાનો છે | ૪૭ | ૨૮૭ |
| જિનેન્દ્રની સ્તુતિ અને નમસ્કારનો પ્રભાવ | ૪૮-૫૦ | ૨૮૭ |
| બ્રહ્મા વિષ્ણુ આદિ નામ આપના જ છે | ૫૧ | ૨૮૮ |
| જિનેન્દ્રનો મહિમા | ૫૨-૫૭ | ૨૮૮ |
| જિનેન્દ્રની સ્તુતિ શક્ય નથી | ૫૮-૫૯ | ૨૮૯ |
| સ્તુતિના અંતે જિનચરણોના પ્રસાદની પ્રાર્થના | ૬૦ | ૨૯૦ |
| **૧૪. જિનદર્શનસ્તવન** | **૧–૩૪** | **૨૯૧–૨૯૮** |
| જિનદર્શનનો મહિમા | ૧-૩૪ | ૨૯૧ |
| **૧૫. શ્રુતદેવતા સ્તુતિ** | **૧–૩૧** | **૨૯૯–૩૦૯** |
| સરસ્વતીના ચરણ કમળ જયવન્ત હો | ૧ | ૨૯૯ |
| સરસ્વતીના પ્રસાદથી તેના સ્તવનની પ્રતિજ્ઞા અને પોતાની અસમર્થતા | ૨-૪ | ૨૯૯ |
| સરસ્વતીની દીપકથી વિશેષતા | ૫ | ૩૦૦ |
| સરસ્વતીના માર્ગની વિશેષતા | ૬ | ૩૦૧ |
| સરસ્વતીના પ્રભાવથી મોક્ષપદ પણ શીઘ્ર પ્રાપ્ત થઈ જાય છે | ૭ | ૩૦૧ |
| સરસ્વતી વિના જ્ઞાનની પ્રાપ્તિ સંભવ નથી | ૮-૯ | ૩૦૨ |
| સરસ્વતી વિના પ્રાપ્ત મનુષ્ય પર્યાય એમને એમ જ નાશ પામે છે | ૧૦ | ૩૦૨ |
| સરસ્વતીની પ્રસન્નતા વિના તત્ત્વનિશ્ચય થતો નથી | ૧૧ | ૩૦૨ |
| મોક્ષપદ સરસ્વતીના આશ્રયથી જ પ્રાપ્ત થાય છે | ૧૨-૧૩ | ૩૦૨ |
| સરસ્વતીનો અન્ય પણ મહિમા | ૧૪-૨૮ | ૩૦૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| કાવ્ય રચનામાં સરસ્વતીનો પ્રસાદ જ કામ કરે છે | ૨૯ | ૩૦૮ |
| સરસ્વતીનું આ સ્તોત્ર ભણવાનું ફળ | ૩૦ | ૩૦૯ |
| સરસ્વતીના સ્તવનમાં અસમર્થ હોવાથી ક્ષમા યાચના | ૩૧ | ૩૦૯ |
| **૧૬. સ્વયંભૂસ્તુતિ** | **૧–૨૪** | **૩૧૦–૩૧૭** |
| ઋષભાદિ મહાવીરાન્ત તીર્થંકરોનું ગુણકીર્તન | ૧-૨૪ | ૩૧૦ |
| **૧૭. સુપ્રભાતાષ્ટક** | **૧–૮** | **૩૧૮–૩૨૨** |
| ઘાતિકર્મનો નાશ કરીને સ્થિર સુપ્રભાતને પ્રાપ્ત કરનાર જિનેન્દ્રોને નમસ્કાર | ૧ | ૩૧૮ |
| જિનેન્દ્રના સુપ્રભાતના સ્તવનની પ્રતિજ્ઞા | ૨ | ૩૧૮ |
| અર્હત્ પરમેષ્ઠીના સુપ્રભાતનું સ્વરૂપ અને તેની સ્તુતિ | ૩-૮ | ૩૧૯ |
| **૧૮. શાન્તિનાથ સ્તોત્ર** | **૧–૯** | **૩૨૩–૩૨૭** |
| ત્રણ છત્રાદિરૂપ આઠ પ્રાતિહાર્યોના આશ્રયથી ભગવાન શાન્તિનાથ તીર્થંકરની સ્તુતિ | ૧-૮ | ૩૨૩ |
| જે સ્તુતિ ઈન્દ્રાદિ પણ કરી શકતા નથી તે મેં ભક્તિવશ કરી છે | ૯ | ૩૨૬ |
| **૧૯. જિનપૂજાષ્ટક** | **૧–૧૦** | **૩૨૮–૩૩૨** |
| જળ, ચંદનાદિ આઠ દ્રવ્યો વડે પૂજા અને તેના ફળનો ઉલ્લેખ | ૧-૮ | ૩૨૮ |
| પુષ્પાંજલિ આપવી | ૯ | ૩૩૧ |
| વીતરાગજિનની પૂજા કેવળ આત્મકલ્યાણ માટે કરવામાં આવે છે | ૧૦ | ૩૩૧ |
| **૨૦. કરુણાષ્ટક** | **૧–૮** | **૩૩૩–૩૩૫** |
| પોતાની ઉપર દયા કરીને જન્મપરંપરાથી મુક્ત કરવાની પ્રાર્થના | ૧-૮ | ૩૩૩ |
| **૨૧. ક્રિયાકાંડચૂલિકા** | **૧–૧૮** | **૩૩૬–૩૪૩** |
| દોષોએ જિનેન્દ્રમાં સ્થાન ન પામીને જાણે ગર્વથી જ તેમને છોડી દીધા છે | ૧ | ૩૩૬ |
| સ્તુતિ કરવાની અસમર્થતા પ્રગટ કરીને ભક્તિની પ્રમુખતા અને તેનું ફળ | ૨-૭ | ૩૩૬ |
| રત્નત્રયની યાચના | ૮ | ૩૩૯ |
| આપના ચરણ-કમળ પામીને હું કૃતાર્થ થઈ ગયો | ૯ | ૩૩૯ |
| અભિમાન કે પ્રમાદવશ થઈને જે રત્નત્રય આદિ વિષયમાં અપરાધ થયો છે તે મિથ્યા હો | ૧૦ | ૩૪૦ |
| મન, વચન, કાયા અને કૃત, કારિત, અનુમોદનથી જે પ્રાણીઓને પીડા થઈ છે તે મિથ્યા હો | ૧૧ | ૩૪૦ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મન, વચન અને કાયા દ્વારા ઉપાર્જિત મારું કર્મ આપના પાદ સ્મરણથી નાશને પ્રાપ્ત થાવ | ૧૨ | ૩૪૦ |
| સર્વજ્ઞનું વચન પ્રમાણ છે | ૧૩ | ૩૪૧ |
| મન, વચન અને કાયાની વિકળતાથી જે સ્તુતિમાં ન્યૂનતા થઈ છે તેને હે વાણી ! તું ક્ષમા કર | ૧૪ | ૩૪૧ |
| આ અભીષ્ટ ફળ આપનાર ક્રિયાકાંડરૂપ કલ્પવૃક્ષનું એક પત્ર છે | ૧૫ | ૩૪૨ |
| ક્રિયાકાંડ સંબંધી આ ચૂલિકા ભણવાથી અપૂર્ણ ક્રિયા પૂર્ણ થાય છે | ૧૬ | ૩૪૨ |
| જિન ભગવાનના શરણમાં જવાથી સંસાર નષ્ટ થાય છે | ૧૭ | ૩૪૨ |
| મેં આપની પાસે આ વાચાળતા કેવળ ભક્તિવશ કરી છે | ૧૮ | ૩૪૨ |
| **૨૨. એકત્વદશક** | **૧—૧૧** | **૩૪૪—૩૪૬** |
| પરમજ્યોતિના કથનની પ્રતિજ્ઞા | ૧ | ૩૪૪ |
| જે આત્મતત્ત્વને જાણે છે તે બીજાઓના સ્વયં આરાધ્ય બની જાય છે | ૨ | ૩૪૪ |
| એકત્વના જ્ઞાતા અનેક કર્મોથી પણ ડરતા નથી | ૩ | ૩૪૪ |
| ચૈતન્યની એકતાનું જ્ઞાન દુર્લભ છે, પણ મુક્તિદાતા તે જ છે | ૪ | ૩૪૪ |
| જે યથાર્થ સુખ મોક્ષમાં છે તે સંસારમાં અસંભવ છે | ૫ | ૩૪૫ |
| ગુરુના ઉપદેશથી અમને મોક્ષપદ જ પ્રિય છે | ૬ | ૩૪૫ |
| અસ્થિર સ્વર્ગસુખ મોહોદયરૂપ વિષથી વ્યાપ્ય છે | ૭ | ૩૪૫ |
| આ લોકમાં જે આત્મોન્મુખ રહે છે તે પરલોકમાં પણ તેવા રહે છે | ૮ | ૩૪૫ |
| વીતરાગ માર્ગે પ્રવૃત્ત યોગીને મોક્ષસુખની પ્રાપ્તિમાં કોઈ પણ બાધક થઈ શકતું નથી | ૯ | ૩૪૫ |
| આ ભાવના પદના ચિન્તનથી મોક્ષ પ્રાપ્ત થાય છે | ૧૦ | ૩૪૬ |
| ધર્મ રહેતાં મૃત્યુનો પણ ભય રહેતો નથી. | ૧૧ | ૩૪૬ |
| **૨૩. પરમાર્થવિંશતિ** | **૧—૨૦** | **૩૪૭—૩૫૬** |
| આત્માનું અદ્વૈત જયવંત હો | ૧ | ૩૪૭ |
| અનન્તચતુષ્ટયસ્વરૂપ સ્વસ્થતાની વંદના | ૨ | ૩૪૭ |
| એકત્વની સ્થિતિ માટે થનારી બુદ્ધિ પણ આનંદજનક હોય છે | ૩ | ૩૪૮ |
| અદ્વૈત તરફ ઝૂકાવ થતાં ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ નષ્ટ થઈ જાય છે | ૪ | ૩૪૮ |
| હું ચેતનસ્વરૂપ છું, કર્મજનિત ક્રોધાદિ ભિન્ન છે | ૫ | ૩૪૮ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| જો એકત્વમાં મન સંલગ્ન હોય તો તીવ્ર તપ ન હોવા છતાં પણ અભીષ્ટસિદ્ધિ થાય છે | ૬ | ૩૪૯ |
| કર્મો સાથે એકમેક હોવા છતાં પણ હું તે પરમજ્યોતિસ્વરૂપ જ છું | ૭ | ૩૪૯ |
| લક્ષ્મીના મદથી ઉન્મત્ત રાજાઓનો સંગ મૃત્યુથી પણ ભયાનક હોય છે | ૮ | ૩૫૦ |
| હૃદયમાં ગુરુવચને જાગૃત રહેતાં આપત્તિમાં ખેદ થતો નથી | ૯ | ૩૫૦ |
| ગુરુ દ્વારા પ્રકાશિત પથ પર ચાલવાથી નિર્વાણપુર પ્રાપ્ત થાય છે | ૧૦ | ૩૫૦ |
| કર્મને આત્માથી ભિન્ન સમજનારાઓને સુખદુઃખનો વિકલ્પ જ થતો નથી | ૧૧ | ૩૫૧ |
| દેવ અને જિનપ્રતિમા આદિનું આરાધન વ્યવહારમાર્ગમાં જ થાય છે | ૧૨ | ૩૫૧ |
| જો મુક્તિ તરફ બુદ્ધિ લાગી ગઈ તો પછી કોઈ ગમે એટલું કષ્ટ દે, તેનો ભય રહેતો નથી | ૧૩ | ૩૫૨ |
| સર્વશક્તિમાન આત્મા પ્રભુ સંસારને નષ્ટ કરીને સમાન દેખે છે | ૧૪ | ૩૫૨ |
| આત્માની એકતાને જાણનાર પાપથી લિપ્ત થતો નથી | ૧૫ | ૩૫૩ |
| ગુરુના પાદપ્રસાદથી નિર્ગ્રન્થતા પ્રાપ્ત કરી લીધા પછી ઇન્દ્રિયસુખ દુઃખરૂપ જ પ્રતીત થાય છે | ૧૬ | ૩૫૪ |
| નિર્ગ્રન્થતાજન્ય આનંદ સામે ઇન્દ્રિયસુખનું સ્મરણ પણ થતું નથી | ૧૭ | ૩૫૪ |
| મોહના નિમિત્તે થનારી મોક્ષની પણ અભિલાષા સિદ્ધિમાં બાધક થાય છે | ૧૮ | ૩૫૪ |
| ચિદ્રૂપના ચિન્તનમાં બીજી તો શું, શરીર સાથે પણ પ્રીતિ રહેલી નથી | ૧૯ | ૩૫૫ |
| શુદ્ધનયથી તત્ત્વ અનિર્વચનીય છે | ૨૦ | ૩૫૫ |
| **૨૪. શરીરાષ્ટક** | **૧–૮** | **૩૫૭–૩૬૧** |
| શરીરના સ્વભાવનું નિરૂપણ | ૧-૮ | ૩૫૭ |
| **૨૫. સ્નાનાષ્ટક** | **૧–૮** | **૩૬૨–૩૬૫** |
| મળ-મૂળાદિથી પરિપૂર્ણ શરીર સદા અશુચિ અને આત્મા સ્વભાવથી પવિત્ર છે, માટે બન્ને પ્રકારે સ્નાન વ્યર્થ છે | ૧-૨ | ૩૬૨ |
| સત્પુરુષોનું સ્નાન વિવેક છે જે મિથ્યાત્વાદિરૂપ અભ્યંતર મળને નષ્ટ કરે છે | ૩ | ૩૬૩ |
| સમીચીન પરમાત્મારૂપ તીર્થમાં સ્નાન કરવું તે જ શ્રેષ્ઠ છે | ૪ | ૩૬૩ |
| જેમણે જ્ઞાનરૂપ સમુદ્ર જોયો નથી તેઓ જ ગંગા આદિ તીર્થાભાસોમાં સ્નાન કરે છે | ૫ | ૩૬૪ |
| મનુષ્ય શરીરને શુદ્ધ કરી શકનાર કોઈપણ તીર્થ સંભવ નથી | ૬ | ૩૬૪ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| કપૂરાદિનો લેપ કરવા છતાં પણ શરીર સ્વભાવથી દુર્ગન્ધ જ છોડે છે | ૭ | ૩૬૪ |
| ભવ્ય જીવ આ સ્નાનાષ્ટક સાંભળીને સુખી થાવ | ૮ | ૩૬૫ |
| **૨૬. બ્રહ્મચર્યાષ્ટક** | **૧—૯** | **૩૬૬-૩૬૮** |
| મૈથુન સંસારવૃદ્ધિનું કારણ છે | ૧ | ૩૬૬ |
| મૈથુનકર્મમાં પશુઓ રત રહેવાથી તેને પશુકર્મ કહેવામાં આવે છે | ૨ | ૩૬૬ |
| જો મૈથુન પોતાની સ્ત્રી સાથે પણ સારું હોય તો તેનો પર્વોમાં ત્યાગ શા માટે કરવામાં આવત ? | ૩ | ૩૬૬ |
| અપવિત્ર મૈથુનસુખમાં વિવેકી જીવને અનુરાગ થતો નથી | ૪ | ૩૬૭ |
| અપવિત્ર મૈથુન અનુરાગનું કારણ મોહ નથી | ૫ | ૩૬૭ |
| મૈથુન સંયમનો ઘાતક છે | ૬ | ૩૬૭ |
| મૈથુનમાં પ્રવૃત્તિ પાપના કારણે થાય છે | ૭ | ૩૬૮ |
| વિષયસુખ વિષ સદશ છે | ૮ | ૩૬૮ |
| આ બ્રહ્મચર્યાષ્ટકનું નિરૂપણ મુમુક્ષુ જીવો માટે કરવામાં આવ્યું છે | ૯ | ૩૬૮ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

શ્રીમદ્ પદ્મનન્દિ વિરચિત

# પદ્મનન્દિ-પંચવિંશતિઃ

## ૧. ધર્મોપદેશામૃતમ્

कायोत्सर्गायताङ्गो जयति जिनपतिर्नाभिसूनुर्महात्मा
मध्याह्ने यस्य भास्वानुपरि परिगतो राजते स्मोग्रमूर्तिः ।
चक्रं कर्मेन्धनानामतिबहु दहतो दूरमौदास्यवात-
स्फूर्जत्सद्ध्यानवह्नेरिव रुचिरतरः प्रोद्गतो विस्फुलिङ्गः ॥१॥

**અનુવાદઃ**—કાયોત્સર્ગના નિમિત્તે જેમનું શરીર લંબાયેલું છે એવા નાભિરાયના પુત્ર મહાત્મા આદિનાથ જિનેન્દ્ર જયવંત હો, જેમના ઉપર પ્રાપ્ત થયેલ મધ્યાહ્નનો તેજસ્વી સૂર્ય એવો શોભે છે જાણે કર્મરૂપી ઇન્ધનના સમૂહને અતિશયપણે બાળનાર અને ઉદાસીનતારૂપ વાયુના નિમિત્તે પ્રગટ થયેલ સમીચીન ધ્યાનરૂપી અગ્નિની તેજસ્વી ચિનગારી જ ઉત્પન્ન થઈ હોય.

**વિશેષાર્થ:**—ભગવાન આદિનાથ જિનેન્દ્રની ધ્યાનાવસ્થામાં તેમની ઉપર જે મધ્યાહ્ન કાળનો તેજસ્વી સૂર્ય આવતો હતો તે વિષયમાં ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે કે તે સૂર્ય ન હતો પણ જાણે કે સમતા ભાવથી આઠ કર્મરૂપી ઇન્ધનને જલાવવા માટે ઇચ્છુક થઈને ભગવાન આદિનાથ જિનેન્દ્ર દ્વારા કરવામાં આવેલ ધ્યાનરૂપી અગ્નિનો તણખો જ ઉત્પન્ન થયો હતો. ૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नो किंचित्करकार्यमस्ति गमनप्राप्यं न किंचिद् दृशो-
दृश्यं यस्य न कर्णयोः किमपि हि श्रोतव्यमप्यस्ति न।
तेनालम्बितपाणिरुज्झितगतिर्नासाग्रदृष्टी रहः
संप्राप्तोऽतिनिराकुलो विजयते ध्यानैकतानो जिनः ॥२॥

**અનુવાદઃ**—હાથથી કરવા યોગ્ય કોઈ પણ કાર્ય બાકી ન રહેવાથી જેમણે પોતાના બન્ને હાથ નીચે લટકાવી દીધા હતા, ગમન કરીને મેળવવા યોગ્ય કાંઈ પણ કાર્ય ન રહેવાથી જે ગમનરહિત થઈ ગયા હતા, આંખો વડે જોવા યોગ્ય કોઈ પણ વસ્તુ ન રહેવાથી જેઓ પોતાની દૃષ્ટિ નાકની અણી ઉપર ઠેરવતા હતા, તથા કાનને સાંભળવા યોગ્ય કાંઈ પણ બાકી ન રહેવાથી જે આકુળતા રહિત થઈને એકાન્ત સ્થાનમાં રહ્યા હતા; એવા તે ધ્યાનમાં એકાગ્રચિત્ત થયેલા જિન ભગવાન જયવંત હો.

**વિશેષાર્થઃ**—અન્ય સમસ્ત પદાર્થો તરફથી ચિંતા ખસેડીને કોઈ એક જ પદાર્થ તરફ તેને નિયમિત કરવી, તેને ધ્યાન કહેવામાં આવે છે. આ ધ્યાન ક્યાંક એકાંત સ્થાનમાં જ કરી શકાય છે. જો ઉક્ત ધ્યાન કાયોત્સર્ગવડે કરવામાં આવે તો તેમાં બન્ન હાથ નીચે લટકતા રાખી દૃષ્ટિ નાકની અણી ઉપર રાખવામાં આવે છે. આ ધ્યાનની અવસ્થા લક્ષમાં રાખીને જ અહીં એમ કહેવામાં આવ્યું છે કે તે વખતે જિન ભગવાનને ન હાથવડે કરવા યોગ્ય કાંઈ કાર્ય બાકી રહ્યું હતું, ન ગમનવડે પ્રાપ્ત કરવા યોગ્ય ધનાદિની અભિલાષા શેષ હતી ન કોઈ પણ દૃશ્ય તેમની આંખોને રુચિકર બાકી રહ્યું હતું અને ન કોઈ ગીત આદિ પણ તેમના કાનોને મુગ્ધ કરે એવું બાકી રહ્યું હતું. ૨.

रागो यस्य न विद्यते क्वचिदपि प्रध्वस्तसंगग्रहा
दस्त्रादेः परिवर्जनान्न च बुधैर्द्वेषोऽपि संभाव्यते।
तस्मात्साम्यमथात्मबोधनमतो जातः क्षयः कर्मणा-
मानन्दादिगुणाश्रयस्तु नियतं सोऽर्हन्सदा पातु वः ॥३॥

**અનુવાદઃ**—જે અરિહંત પરમેષ્ઠીને પરિગ્રહરૂપી પિશાચ રહિત થઈ જવાને લીધે કોઈ પણ ઇન્દ્રિય વિષયમાં રાગ નથી, ત્રિશૂળ આદિ આયુધ રહિત હોવાને લીધે ઉક્ત અરિહંત પરમેષ્ઠીને વિદ્વાનો દ્વારા દ્વેષની પણ સંભાવના કરી શકાતી નથી. તેથી રાગ–દ્વેષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહિત થઈ જવાને લીધે તેમને સમતાભાવ પ્રગટ્યો છે, અને આ સમતાભાવ પ્રગટવાથી તેમને આત્મજ્ઞાન તથા તેનાથી તેમને કર્મોનો વિયોગ થયો છે. માટે કર્મોના ક્ષયથી જે અરહિંત પરમેષ્ઠી અનંત સુખ આદિ ગુણોનો આશ્રય પામ્યા છે. તે અરિહંત પરમેષ્ઠી સર્વદા તમારી રક્ષા કરો. ૩.

इन्द्रस्य प्रणतस्य शेखरशिखारत्नार्कभासानख-
श्रेणीतेक्षणबिम्बशुम्भदलिभृद्दूरोल्लसत्पाटलम् ।
श्रीसद्माङ्घ्रियुगं जिनस्य दधदप्यम्भोजसाम्यं रज-
स्त्यक्तं जाड्यहरं परं भवतु नश्चेतोऽर्पितं शर्मणे ॥४॥

**અનુવાદ:–** જે જિન ભગવાનના શ્રેષ્ઠ બન્ને ચરણ નમસ્કાર કરતી વખતે નમેલા ઇન્દ્રના મુગટની કલગીમાં જડેલા રત્નરૂપી સૂર્યના પ્રકાશથી કાંઈક ધવલતા સહિત લાલ વર્ણના છે તથા જે નખોમાં પડતા ઇન્દ્રના નેત્રોના પ્રતિબિંબરૂપ ભ્રમરોને ધારણ કરે છે, જે શોભાના સ્થાનરૂપ છે તેથી જે કમળની ઉપમા ધારણ કરવા છતાં પણ ધૂળના સંસર્ગ વિનાના હોઈને જડતાને (અજ્ઞાનને) હરનાર છે; તે બન્ને ચરણો અમારા ચિત્તમાં સ્થિર થઈને સુખના કારણ થાવ.

**વિશેષાર્થ:**—અહીં જિન ભગવાનના ચરણોને કમળની ઉપમા આપતાં એમ બતાવ્યું છે કે જેમ કમળ પાટલ (કાંઈક સફેદ સાથે લાલ) વર્ણનું હોય છે તેમ જિન ભગવાનના ચરણોમાં જ્યારે ઇન્દ્ર નમસ્કાર કરતા હતા ત્યારે તેના મુકુટમાં જડેલા રત્નની છાયા તેના ઉપર પડતી હતી તેથી તે પણ કમળની જેમ પાટલ વર્ણના થઈ જતા હતા. જો કમળમાં ભમરા રહે છે તો જિન ભગવાનના પગના નખોમાં પણ નમસ્કાર કરતા ઇન્દ્રના નેત્ર પ્રતિબિંબરૂપ ભમરા વિદ્યમાન હતા. કમળ જો શ્રી (લક્ષ્મી)નું સ્થાન મનાય છે તો તે જિન ચરણ પણ શ્રી (શોભા)નું સ્થાન હતા. આમ કમળની ઉપમા ધારણ કરવા છતાં પણ જિન-ચરણોમાં તેનાથી કાંઈક અધિક વિશેષતા હતી. જેમ કે–કમળ તો રજ અર્થાત્ પરાગ સહિત હોય છે પણ જિનચરણ તે રજ (ધૂળ)ના સંપર્કથી સદા રહિત હતા. એવી જ રીતે કમળ જડતા (અચેતનપણું) ધારણ કરે છે પરંતુ જિનચરણ તે જડતા (અજ્ઞાન)ને નષ્ટ કરનાર હતા. ૪.

जयति जगदधीशः शान्तिनाथो यदीयं
स्मृतमपि हि जनानां पापतापोपशान्त्यै ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विबुधकुलकिरीटप्रस्फुरन्नीलरत्न
द्युति चलमधुपालीचुम्बितंपादपद्मम् ॥५॥

**અનુવાદઃ**—દેવોના સમૂહોના મુકુટોમાં પ્રકાશમાન નીલરત્નોની કાંતિરૂપી ચંચળ ભમરાઓની પંક્તિથી સ્પર્શાયેલા જે શાન્તિનાથ જિનેન્દ્રના ચરણકમળ સ્મરણ કરવા માત્રથી જ લોકોના પાપરૂપ સંતાપને દૂર કરે છે તે લોકના અધિનાયક ભગવાન શાન્તિનાથ જિનેન્દ્ર જયવંત હો. ૫.

स जयति जिनदेवः सर्वविद्विश्वनाथो
वितथवचनहेतुक्रोधलोभाद्विमुक्तः ।
शिवपुरपथपान्थप्राणिपाथेयमुच्चै
र्जनितपरमशर्मा येन धर्मोऽभ्यधायि ॥६॥

**અનુવાદઃ**—જે જિન ભગવાન અસત્ય ભાષણના કારણરૂપ ક્રોધ અને લોભ આદિથી રહિત છે અને જેણે મોક્ષપુરીના માર્ગે ચાલતા મુસાફરોને નાસ્તારૂપ તેમ જ ઉત્તમ સુખ ઉત્પન્ન કરનાર એવા ધર્મનો ઉપદેશ આપ્યો છે તે સમસ્ત પદાર્થોને જાણનાર ત્રણ લોકના અધિપતિ જિનદેવ જયવંત હો. ૬.

धर्मो जीवदया गृहस्थशमिनोर्भेदाद्विधा च त्रयं
रत्नानां परमं तथा दशविधोत्कृष्टक्षमादिस्ततः ।
मोहोद्भूतविकल्पजालरहिता वागङ्गसङ्गोज्झिता
शुद्धानन्दमयात्मनः परिणतिर्धर्माख्यया गीयते ॥७॥

**અનુવાદઃ**—પ્રાણીઓ ઉપર દયાભાવ રાખવો તે ધર્મનું સ્વરૂપ છે. તે ધર્મ ગૃહસ્થ (શ્રાવક) અને મુનિના ભેદથી બે પ્રકારનો છે. તે જ ધર્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ઉત્કૃષ્ટ રત્નત્રયના ભેદથી ત્રણ પ્રકારનો તથા ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ આદિના ભેદથી દસ પ્રકારનો પણ છે. પરંતુ નિશ્ચયથી તો મોહના નિમિત્તે ઉત્પન્ન થતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માનસિક વિકલ્પોથી તથા વચન અને શરીરના સંસર્ગથી પણ રહિત જે શુદ્ધ આનંદરૂપ આત્માની પરિણતિ થાય છે તેને જ 'ધર્મ' નામે કહેવામાં આવે છે.

**વિશેષાર્થ:**—પ્રાણીઓ ઉપર દયાભાવ રાખવો, રત્નત્રય ધારણ કરવા, તથા ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોનું પરિપાલન કરવું; એ બધું વ્યવહારધર્મનું સ્વરૂપ છે. નિશ્ચયધર્મ તો શુદ્ધ આનંદમય આત્માની પરિણતિને જ કહેવામાં આવે છે. ૭.

**आद्या सद्व्रतसंचयस्य जननी सौख्यस्य सत्संपदां**
**मूलं धर्मतरोरनश्वरपदारोहैकनिःश्रेणिका ।**
**कार्या सद्भिरिहाङ्गिषु प्रथमतो नित्यं दया धार्मिकः**
**धिङ्नामाऽप्यदयस्य तस्य च परं सर्वत्र शून्यादिशः ॥८॥**

**અનુવાદ:**—અહીં ધર્માત્મા સજ્જનોએ સૌથી પહેલાં પ્રાણીઓના વિષયમાં સદાય દયા રાખવી જોઈએ, કેમ કે તે દયા સમીચીન વ્રતો, સુખ અને ઉત્કૃષ્ટ સંપદાઓની મુખ્ય જનની અર્થાત્ ઉત્પાદક છે; ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે, તથા અવિનશ્વર પદ અર્થાત્ મોક્ષ મહેલમાં ચડવાની અપૂર્વ નિસરણીનું કામ કરે છે. નિર્દય પુરુષનું નામ લેવું પણ નિન્દ્ય છે, તેના માટે બધે દિશાઓ શૂન્ય જેવી છે.

**વિશેષાર્થ:**—જેવી રીતે મૂળ વિના વૃક્ષની સ્થિતિ ટકતી નથી તેવીજ રીતે પ્રાણીદયા વિના ધર્મની સ્થિતિ પણ રહી શકતી નથી. તેથી તે ધર્મરૂપી વૃક્ષના મૂળ સમાન છે. એ સિવાય પ્રાણીદયા થતાં જ ઉત્તમ વ્રત, સુખ અને સમીચીન સંપદાઓ તથા અંતે મોક્ષ પણ પ્રાપ્ત થાય છે; માટે જ ધર્માત્માઓનું એ પ્રથમ કર્તવ્ય છે કે તે સમસ્ત પ્રાણધારીઓ પ્રત્યે દયાભાવ રાખે. જે પ્રાણી નિર્દયતાથી જીવઘાતની પ્રવૃત્તિ કરે છે તેનું નામ લેવું પણ ખરાબ સમજવામાં આવે છે. તેને ક્યાંય પણ સુખ સામગ્રી પ્રાપ્ત થવાની નથી. તેથી સત્પુરુષોને આ પહેલો ઉપદેશ છે કે તેમણે સમસ્ત પ્રાણીઓ પ્રત્યે દયાયુક્ત આચરણ કરવું. ૮.

**संसारे भ्रमतश्चिरं तनुभृतः के के न पित्रादयो**
**जातास्तद्वधमाश्रितेन खलु ते सर्वे भवन्त्याहताः ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुंसात्मापि हतो यदत्र निहतो जन्मान्तरेषु ध्रुवं
हन्तार प्रतिहन्ति हन्त बहुशः संस्कारतो नु क्रुधः ॥९॥

**અનુવાદઃ**—સંસારમાં ચિરકાળથી પરિભ્રમણ કરનાર પ્રાણીને કયા કયા જીવ પિતા, માતા, ભાઈ આદિ નથી થયા ? તેથી તે જીવોના ઘાતમાં પ્રવર્તતો પ્રાણી નિશ્ચયથી તે બધાને મારે છે. આશ્ચર્ય તો એ છે કે તે પોતે પોતાનો પણ ઘાત કરે છે. આ ભવમાં જે બીજા-દ્વારા મરાયો છે તે નિશ્ચયથી અન્ય ભવમાં ક્રોધની વાસનાથી પોતાના તે ઘાતકનો અનેક વાર ઘાત કરે છે, એ ખેદની વાત છે.

**વિશેષાર્થ:**—જન્મ–મરણનું નામ સંસાર છે. આ સંસારમાં પરિભ્રમણ કરતાં પ્રાણીને ભિન્ન ભિન્ન ભવોમાં ઘણાખરા જીવો માતા–પિતા આદિ સંબંધો પામ્યા છે. તેથી જે પ્રાણી નિર્દય થઈને તે જીવોનો ઘાત કરે છે તે પોતાના માતા–પિતા આદિનો જ ઘાત કરે છે. બીજું તો શું કહીએ, ક્રોધી જીવ આત્મઘાત પણ કરી બેસે છે. આ ક્રોધની વાસનાથી આ જન્મમાં કોઈ અન્ય પ્રાણીદ્વારા મરાયેલો જીવ પોતાના તે ઘાતકનો જન્માંતરોમાં અનેકવાર ઘાત કરે છે. તેથી અહીં એમ ઉપદેશ આપવામાં આવ્યો છે કે જે ક્રોધ અનેક પાપાનો જનક છે તેનો પરિત્યાગ કરીને જીવદયામાં પ્રવૃત્ત થવું જોઈએ. ૯.

त्रैलोक्यप्रभुभावतोऽपि सरुजोऽप्येकं निजं जीवितं
प्रेयस्तेन विना स कस्य भवितेत्याकांक्षतः प्राणिनः ।
निःशेषव्रतशीलनिर्मलगुणाधारात्ततो निश्चितं
जन्तोर्जीवितदानतस्त्रिभुवने सर्वप्रदानं लघु ॥१०॥

**અનુવાદઃ**—રોગી પ્રાણીને પણ ત્રણે લોકની પ્રભુતાની અપેક્ષાએ એક માત્ર પોતાનું જીવન જ પ્રિય હોય છે. કારણ એ છે કે તે વિચારે છે કે જીવન નષ્ટ થઈગયા પછી તે ત્રણે લોકોની પ્રભુતા ભલા કોને પ્રાપ્ત થવાની ? નિશ્ચયથી તે જીવનદાન સમસ્ત વ્રત, શીલ અને અન્ય અન્ય નિર્મળ ગુણોના આધારભૂત છે તેથી જ લોકમાં જીવને જીવનદાનની અપેક્ષાએ અન્ય સમસ્ત સંપત્તિ આદિનું દાન પણ તુચ્છ મનાય છે.

**વિશેષાર્થ**:—પ્રાણોનો ઘાત કરવામાં આવતાં જો કોઈને ત્રણ લોકનું પ્રભુત્વ પણ પ્રાપ્ત થતું હોય તો તે તેને નહિ ચાહે, પરંતુ પોતાના જીવનની જ અપેક્ષા કરશે. કારણ કે તે સમજે છે કે જીવનનો ઘાત થયા પછી છેવટે તેને ભોગવશે કોણ ? તે સિવાય વ્રત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શીલ, સંયમ અને તપ આદિનો આધાર ઉક્ત જીવનદાન જ છે તેથી બીજા બધા દાનોની અપેક્ષાએ જીવનદાન ને જ શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ૧ .

स्वर्गायाव्रतिनाऽपि सार्द्रमनसः श्रेयस्करी केवला
सर्वप्राणिदया तया तु रहितः पापस्तपस्थोऽपि वा ।
तद्दानं बहु दीयतां तपसि वा चेतश्चिरं धीयतां
ध्यानं वा क्रियतां जना न सफलं किंचिद्दयावर्जितम् ॥११॥

**અનુવાદઃ**—જેનું ચિત્ત દયાથી ભિંજાયેલું છે તે જો વ્રતરહિત હોય તોપણ તેની કલ્યાણ કારિણી એક માત્ર સર્વપ્રાણીદયા સ્વર્ગની પ્રાપ્તિનું નિમિત્ત થાય છે. એનાથી ઉલ્ટું ઉક્ત પ્રાણીદયાથી રહિત પ્રાણી તપમાં સ્થિત હોવા છતાં પણ પાપિષ્ઠ મનાય છે. તેથી હે ભવ્ય પ્રાણીઓ ! ભલે તમે ઘણું દાન દ્યો, ભલે લાંબો સમય ચિત્તને તપમાં લગાડો અથવા ભલે ધ્યાન પણ કરો, પરંતુ દયા વિના તે બધું નિષ્ફળ જશે. ૧૧.

सन्तः सर्वसुरासुरेन्द्रमहितं मुक्तेः परं कारणं
रत्नानां दधति त्रयं त्रिभुवनप्रद्योति काये सति ।
वृत्तिस्तस्य यदन्नतः परमया भक्त्यार्पिताज्जायते
तेषां सद्गृहमेधिनां गुणवतां धर्मो न कस्य प्रियः ॥१२॥

**અનુવાદઃ**—જે રત્નત્રય ( સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ) સર્વ સુરેન્દ્રો અને અસુરેન્દ્રો દ્વારા પૂજ્ય છે, મોક્ષનું અદ્વિતીય કારણ છે અને ત્રણે લોકને પ્રકાશિત કરનાર છે તેને મુનિઓ શરીર હોય ત્યારે જ ધારણ કરે છે. તે શરીરની સ્થિતિ ઉત્કૃષ્ટ ભક્તિથી આપવામાં આવેલ જે સદ્‌ગૃહસ્થોના અન્નથી રહે છે તે ગુણવાન સદ્‌ગૃહસ્થો ( શ્રાવકો )નો ધર્મ ભલા કોને પ્રિય ન લાગે? અર્થાત્ સર્વને પ્રિય લાગે. ૧૨.

आराध्यन्ते जिनेन्द्रा गुरुषु च विनतिर्धार्मिकैः प्रीतिरुच्चैः
पात्रेभ्यो दानमापन्निहतजनकृते तच्च कारुण्यबुद्ध्या ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तत्त्वाभ्यासः स्वकीयव्रतरतिरमलं दर्शनं यत्र पूज्यं
तद्गार्हस्थ्यं बुधानामितरदिह पुनर्दुःखदो मोहपाशः ॥१३॥

**અનુવાદઃ**—જે ગૃહસ્થ અવસ્થામાં જિનેન્દ્રોની આરાધના કરાય છે, નિર્ગ્રંથ ગુરુઓના વિષયમાં વિનયયુક્ત વ્યવહાર કરાય છે, ધર્માત્મા પુરુષો પ્રત્યે અતિશય વાત્સલ્ય ભાવ રાખવામાં આવે છે, પાત્રોને દાન આપવામાં આવે છે, તે દાન આપત્તિથી પીડિત પ્રાણીઓને પણ દયાબુદ્ધિથી આપવામાં આવે છે, તત્ત્વોનું પરિશીલન કરવામાં આવે છે, પોતાના વ્રતો પ્રત્યે અર્થાત્ ગૃહસ્થ ધર્મ પ્રત્યે પ્રેમ રાખવામાં આવે છે, તથા નિર્મળ સમ્યગ્દર્શન ધારણ કરવામાં આવે છે તે ગૃહસ્થ અવસ્થા વિદ્વાનોને પૂજ્ય છે. અને તેનાથી વિપરીત ગૃહસ્થ અવસ્થા અહીં લોકમાં દુઃખદાયક મોહજાળ જ છે. ૧૩.

आदौ दर्शनमुन्नतं व्रतमितः सामायिकं प्रोषध-
स्त्यागश्चैव सचित्तवस्तुनि दिवाभुक्तं तथा ब्रह्म च ।
नारम्भो न परिग्रहोऽननुमतिर्नोद्दिष्टमेकादश
स्थानानीति गृहिव्रते व्यसनितात्यागस्तदाद्यः स्मृतः ॥१४॥

**અનુવાદઃ**—સર્વ ઉન્નતિને પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન, ત્યારપછી વ્રત, ત્યાર પછી ક્રમ પ્રમાણે સામાયિક, પ્રોષધોપવાસ, સચિત્ત વસ્તુનો ત્યાગ, દિવસે ભોજન કરવું અર્થાત્ રાત્રિભોજનનો ત્યાગ, ત્યાર પછી બ્રહ્મચર્ય ધારણ કરવું, આરંભ ન કરવો, પરિગ્રહ ન રાખવો, ગૃહસ્થના કાર્યોમાં સંમતિ ન આપવી, ઉદ્દિષ્ટ ભોજન ગ્રહણ ન કરવું; આ રીતે આ શ્રાવકધર્મમાં અગિયાર પ્રતિમાઓ કહેવામાં આવી છે. તે બધાની શરૂઆતમાં જૂગાર વગેરે વ્યસનોનો ત્યાગ કહેવામાં આવ્યો છે.

**વિશેષાર્થઃ**—સકળ ચારિત્ર અને વિકળ ચારિત્રના ભેદથી ચારિત્ર બે પ્રકારનું છે. એમાં સકળ ચારિત્ર મુનિઓને અને વિકળ ચારિત્ર શ્રાવકોને હોય છે. તેમાં શ્રાવકોની નીચે પ્રમાણે અગિયાર શ્રેણીઓ (પ્રતિમાઓ) છે. દર્શન, વ્રત, સામાયિક, પ્રોષધોપવાસ, સચિત્તત્યાગ, દિવાભુક્તિ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ પરિગ્રહ ત્યાગ, અનુમતિ ત્યાગ, અને ઉદ્દિષ્ટ ત્યાગ. (૧) વિશુદ્ધ સમ્યગ્દર્શન સાથે સંસાર, શરીર અને ઇન્દ્રિયના વિષયભોગોથી વિરક્ત થઈને પાક્ષિક શ્રાવકના આચાર સન્મુખ થવું તેનું નામ દર્શન પ્રતિમા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) માયા, મિથ્યાત્વ અને નિદાનરૂપ ત્રણ શલ્યથી રહિત થઈને અતિચાર રહિત પાંચ અણુવ્રત અને સાત શીલવ્રતોને ધારણ કરવા તે વ્રત પ્રતિમા કહેવાય છે. (૩) નિયમિત સમય સુધી હિંસાદિ પાંચે પાપોનો પૂર્ણરીતે ત્યાગ કરીને અનિત્ય, અશરણ આદિ ભાવનાઓનો તથા સંસાર અને મોક્ષના સ્વરૂપ આદિનો વિચાર કરવો, તેને સામાયિક કહે છે. ત્રીજી પ્રતિમાધારી શ્રાવક તે સવારે, બપોરે અને સાંજે નિયમિત રૂપે કરે છે. (૪) પ્રત્યેક આઠમ અને ચૌદશે સોળ પહોર સુધી ચાર પ્રકારના ભોજન (અશન, પાન, ખાદ્ય, અને લેહ્ય)ના પરિત્યાગનું નામ પ્રોષધોપવાસ છે. અહીં પ્રોષધ શબ્દનો અર્થ એકાશન અને ઉપવાસનો અર્થ સર્વ પ્રકારના ભોજનનો પરિત્યાગ છે. જેમ કે-જો આઠમને દિવસે પ્રોષધોપવાસ કરવાનો હોય તો સાતમને દિવસે એકાશન કરીને આઠમે ઉપવાસ કરવો જોઈએ અને ત્યાર પછી નોમે પણ એકાશન જ કરવું જોઈએ. પ્રોષધોપવાસના સમયે હિંસાદિ પાપ સહિત શરીરશ્રૃંગારાદિનો પણ ત્યાગ કરવો અનિવાર્ય હોય છે. (૫) જે વનસ્પતિઓ નિગોદના જીવથી વ્યાપ્ત હોય તેના ત્યાગને સચિત્તત્યાગ કહેવામાં આવે છે. (૬) રાત્રે ભોજનનો પરિત્યાગ કરીને દિવસે જ ભોજન કરવાનો નિયમ કરવો, એ દિવાભુક્તિપ્રતિમા કહેવાય છે. કેટલાક આચાર્યોના અભિપ્રાય પ્રમાણે દિવસે મૈથુનના પરિત્યાગને દિવાભુક્તિ (છઠી પ્રતિમા) કહે છે. (૭) શરીરના સ્વભાવનો વિચાર કરીને કામભોગથી વિરત થવાનું નામ બ્રહ્મચર્ય પ્રતિમા છે. (૮) કૃષિ અને વેપાર આદિ આરંભના પરિત્યાગને આરંભત્યાગ પ્રતિમા કહે છે. (૯) ધન-ધાન્યાદિ રૂપ દસ પ્રકારના બાહ્ય પરિગ્રહમાં મમત્વબુદ્ધિ છોડીને સંતોષનો અનુભવ કરવો, તેને પરિગ્રહત્યાગપ્રતિમા કહે છે. (૧૦) આરંભ પરિગ્રહ અને આ લોક સંબંધી અન્ય કાર્યોના વિષયમાં સંમતિ ન દેવાનું નામ અનુમતિત્યાગ છે. (૧૧) ગૃહવાસ છોડીને ભિક્ષાવૃત્તિથી ભોજન કરતાં ઉદ્દિષ્ટ ભોજનનો ત્યાગ કરવો તેને ઉદ્દિષ્ટત્યાગ કહેવામાં આવે છે. આ પ્રતિમાઓમાં પૂર્વની પ્રતિમાઓનો નિર્વાહ થતાં જ આગળની પ્રતિમામાં પરિપૂર્ણતા થાય છે, અન્યથા નહીં. ૧૪.

(शार्दूलविक्रिडित।)

**यत्प्रोक्तं प्रतिमाभिराभिरभितो विस्तारिभिः सूरिभिः**
**ज्ञातव्यं तदुपासकाध्ययनतो गेहिव्रतं विस्तरात्।**
**तत्रापि व्यसनोज्झनं यदि तदप्यासूत्र्यते ऽत्रैव यत्**
**तन्मूलः सकलः सतां व्रतविधिर्याति प्रतिष्ठां पराम् ॥१५॥**

**અનુવાદઃ**—આ પ્રતિમાઓ દ્વારા જે ગૃહસ્થ વ્રત (વિકળ ચારિત્ર)નું અહીં આચાર્યોએ વિસ્તારપૂર્વક કથન કર્યું છે તેને જો અધિક વિસ્તારથી જાણવું હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપાસકાધ્યયન અંગમાંથી જાણવું જોઈએ. ત્યાં પણ જે વ્યસનનો પરિત્યાગ બતાવવામાં આવ્યો છે તેનો નિર્દેશ અહીં પણ કરી દેવામાં આવ્યો છે. એનું કારણ એ છે કે સાધુઓના સમસ્ત વ્રત વિધાનાદિની ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા વ્યસનોના પરિત્યાગ ઉપર જ આધાર રાખે છે. ૧૫.

( अनुष्टुप )

**द्यूतमांससुरावेश्याखेटचौर्यपराङ्गनाः ।**
**महापापानि सप्तेति व्यसनानि त्यजेद्बुधः ॥१६॥**

**અનુવાદઃ**—જુગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રી; આ રીતે આ સાત મહાપાપરૂપ વ્યસન છે. બુદ્ધિમાન પુરુષે આ બધાનો ત્યાગ કરવો જોઈએ.

**વિશેષાર્થઃ**—ખરાબ ટેવને વ્યસન કહેવામાં આવે છે. આવા વ્યસન સાત છે– ૧ જુગાર રમવો ૨ માંસ ભક્ષણ કરવું ૩ દારૂ પીવો ૪ વેશ્યા સાથે સંબંધ રાખવો ૫ શિકાર કરવો ( મૃગ વગેરે પશુઓના ઘાતમાં આનંદ માનવો ) ૬ ચોરી કરવી અને ૭ અન્યની સ્ત્રી પ્રત્યે અનુરાગ રાખવો. આ સાતે વ્યસન મહાપાપ ઉત્પન્ન કરનાર છે, તેથી વિવેકી જીવે એનો પરિત્યાગ અવશ્ય કરવો જોઈએ. ૧૬.

( मालिनी )

**भवनमिदमकीर्तेश्चौर्यवेश्यादिसर्व-**
**व्यसनपतिरशेषापन्निधिः पापबीजम् ।**
**विषमनरकमार्गेष्वग्रयायीति मत्वा**
**क इह विशदबुद्धिर्द्यूतमङ्गीकरोति ॥१७॥**

**અનુવાદઃ**—આ જુગાર નિંદાનું સ્થાન છે, ચોરી અને વેશ્યા આદિ અન્ય સર્વ વ્યસનોમાં મુખ્ય છે, સમસ્ત આપત્તિઓનું સ્થાન છે, પાપનું કારણ છે તથા દુઃખદાયક નરકના માર્ગોમાં અગ્રગામી છે; આ રીતે જાણીને અહીં લોકમાં કયો નિર્મળ બુદ્ધિનો ધારક મનુષ્ય ઉપર્યુક્ત જુગારનો સ્વીકાર કરે છે? અર્થાત્ નથી કરતો. જે દુર્બુદ્ધિ મનુષ્ય છે તે જ આ અનેક આપત્તિઓના ઉત્પાદક જુગારને અપનાવે છે, વિવેકી મનુષ્ય નહિ. ૧૭.

( शार्दूलविक्रीडित । )

**क्वाकीर्तिः क्व दरिद्रता क्व विपदः क्व क्रोधलोभादयः**
**चौर्यादिव्यसनं क्व च क्व नरके दुःखं मृतानां नृणाम् ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चेतश्चेद्गुरुमोहतो न रमते द्यूते वदन्त्युन्नत-
प्रज्ञा यद्भुवि दुर्णयेषु निखिलेष्वेतद्धुरि स्मर्यते ॥१८॥

**અનુવાદઃ**—જો ચિત્ત મહામોહથી જુગારમાં રમતું ન હોય તો પછી અપયશ અથવા નિંદા ક્યાંથી થઈ શકે? ગરીબાઈ ક્યાં રહે? વિપત્તિઓ ક્યાંથી આવે? ક્રોધ અને લોભ આદિ કષાયો ક્યાંથી ઉત્પન્ન થાય? ચોરી આદિ અન્ય અન્ય વ્યસન ક્યાં રહે? તથા મરીને નરકોમાં ઉત્પન્ન થયેલ મનુષ્યોને દુઃખ ક્યાંથી પ્રાપ્ત થઈ શકે? (અર્થાત્ જુગારથી વિરક્ત થયેલ મનુષ્યને ઉપર્યુક્ત આપત્તિઓમાંથી કોઈ પણ આપત્તિ પ્રાપ્ત થતી નથી.) આમ ઉન્નત બુદ્ધિવાળા વિદ્વાનો કહે છે. તે યોગ્ય જ છે કેમ કે સમસ્ત બુરા વ્યસનોમાં આ જુગાર ગાડાની ધરી (ધોંસરી) સમાન મુખ્ય મનાય છે. ૧૮.

(स्नग्धरा)

बीभत्सु प्राणिघातोद्भवमशुचि कृमिस्थानमश्लाघ्यमूलं
हस्तेनाक्ष्णापि शक्यं यदिह न महतां स्प्रष्टुमालोकितुं च ।
तन्मांसं भक्ष्यमेतद्वचनमपि सतां गर्हितं यस्य साक्षात्
पापं तस्यात्र पुंसो भुवि भवति कियत्का गतिर्वा न विद्मः ।१९।

**અનુવાદઃ**—જે માંસ ઘૃણા ઉત્પન્ન કરે છે, મૃગ આદિ પ્રાણીઓના ઘાતથી ઉત્પન્ન થાય છે, અપવિત્ર છે, કૃમિ આદિ ક્ષુદ્ર જંતુઓનું સ્થાન છે, જેની ઉત્પત્તિ નિંદનીય છે, તથા મહાપુરુષ જેનો હાથથી સ્પર્શ કરતા નથી અને આંખથી જેને દેખતા પણ નથી 'તે માંસ ખાવા યોગ્ય છે' એવું કહેવું પણ સજ્જનોને માટે નિંદા જનક છે. તો પછી એવું અપવિત્ર માંસ જે પુરુષ સાક્ષાત્ ખાય છે તેને અહીં લોકમાં કેટલું પાપ થાય છે તથા તેની કેવી હાલત થાય છે, એ વાત અમે જાણતા નથી.

**વિશેષાર્થઃ**—માંસ પ્રથમ તો મૃગ આદિ મૂંગા પ્રાણીઓના વધથી ઉત્પન્ન થાય છે, બીજું તેમાં અસંખ્ય અન્ય ત્રસ જીવ પણ ઉત્પન્ન થઈ જાય છે જેની હિંસા થવી અનિવાર્ય છે. આ કારણે તેના ભક્ષણમાં હિંસા જનિત પાપનું થવું અવશ્યંભાવી છે. માટે સજ્જન મનુષ્ય તેનો કેવળ પરિત્યાગ જ નથી કરતા, પણ તેનો તેઓ હાથથી સ્પર્શ કરવો અને આંખે દેખવું પણ ખરાબ સમજે છે. માંસભક્ષક જીવોની દુર્ગતિ અનિવાર્ય છે. ૧૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शिखरणी। )

**गतो ज्ञातिः कश्चिद्बहिरपि न यद्येति सहसा**
**शिरो हत्वा हत्वा कलुषितमना रोदिति जनः।**
**परेषामुत्कृत्य प्रकटितमुखं खादति पलं**
**कले रे निर्विण्णा वयमिह भवच्चित्रचरितैः ॥२०॥**

**અનુવાદઃ**—જો કોઈ પોતાનો સંબંધી પોતાના ઠેકાણેથી બહાર જઈને શીઘ્ર આવતો નથી તો મનુષ્ય મનમાં વ્યાકુળ થતો થકો વારંવાર માથું પીટીને રોવે છે. તે જ મનુષ્ય અન્ય મૃગ આદિ પ્રાણીઓનું માંસ કાપીને પોતાનું મુખ પહોળું કરીને ખાય છે. હે કળિ કાળ! અહીં અમે તારી આ વિચિત્ર પ્રવૃત્તિઓથી નિર્વેદ પામ્યા છીએ.

**વિશેષાર્થઃ**—જ્યારે પોતાના કોઈ ઈષ્ટ સગા સંબંધી કાર્યવશ ક્યાંય બહાર જાય છે અને જો તે સમયસર ઘેર પાછા આવતા નથી તો આ માણસ અનિષ્ટની આશંકાથી વ્યાકુળ થઈને માથું દીવાલ વગેરે સાથે પછાડીને રુદન કરે છે. પાછો તે જ માણસ જે અન્ય પશુ–પક્ષીઓને મારીને તેમનો તેમની માતા આદિથી સદા માટે વિયોગ કરાવીને માંસભક્ષણમાં અનુરક્ત થાય છે, એ આ કળિકાળનો જ પ્રભાવ છે. કાળની આવી પ્રવૃત્તિઓથી વિવેકી જનોનું ચિત્ત વિરક્ત થાય તે સ્વાભાવિક છે. ૨૦.

( मालिनी )

**सकलपुरुषधर्मभ्रंशकार्यत्र जन्म-**
**न्यधिकमधिकमग्रे यत्परं दुःख हेतुः।**
**तदपि न यदि मद्यं त्यज्यते बुद्धिमद्भिः**
**स्वहितमिह किमन्यत्कर्म धर्माय कार्यम् ॥२१॥**

**અનુવાદઃ**—જે દારૂ આ જન્મમાં સમસ્ત પુરુષાર્થો (ધર્મ, અર્થ અને કામ)નો નાશ કરનાર છે અને પછીના જન્મમાં અતિ દુઃખનું કારણ છે તે મદ્ય જો બુદ્ધિમાન મનુષ્ય છોડતા નથી તો પછી અહીં લોકમાં ધર્મ માટે પોતાને હિતકારક બીજું કયુ કામ કરવા યોગ્ય છે? કોઈ નહીં. અર્થાત્ મદ્ય પીનાર મનુષ્ય એવું કોઈ પણ પવિત્ર કામ કરી શકતો નથી જે તેને માટે આત્મહિતકારી હોય.

**વિશેષાર્થઃ**—શરાબી મનુષ્ય ન તો ધર્મકાર્ય કરી શકે છે કે ન અર્થ ઉપાર્જન કરી શકે છે અને ન યથેચ્છ ભોગ પણ ભોગવી શકે છે. આવી રીતે તે આ ભવમાં ત્રણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુરુષાર્થથી રહિત થાય છે. પરભવમાં તે મદ્યજનિત દોષોથી નરકાદિ દુર્ગતિઓમાં પડીને અસહ્ય દુઃખ પણ ભોગવે છે. આ જ વિચારથી બુદ્ધિમાન મનુષ્ય તેનો સદાને માટે પરિત્યાગ કરે છે ૨૧.

( मन्दाक्रान्ता )

आस्तामेतद्यदिह जननीं वल्लभां मन्यमाना
निन्द्याश्चेष्टा विदधति जना निस्त्रपाः पीतमद्याः ।
तत्राधिक्यं पथि निपतिता यत्किरत्सारमेयाद्-
वक्त्रे मूत्रं मधुरमधुरं भाषमाणाः पिबन्ति ॥२२॥

**અનુવાદઃ**—દારૂડિયો નિર્લજ્જ થઈને અહીં જે માતાને પત્ની સમજીને નિન્દનીય ચેષ્ટા (સંભોગ આદિ) કરે છે એ તો દૂર રહો. પણ અધિક ખેદની વાત તો એ છે કે માર્ગમાં પડેલા તેમના મુખમાં કૂતરા મૂતરે છે અને તેઓ તેને અતિશય મધુર કહીને પીધા કરે છે. ૨૨.

( शार्दूलविक्रीड़ित । )

या खादन्ति पलं पिबन्ति च सुरां जल्पन्ति मिथ्यावचः
स्निह्यन्ति द्रविणार्थमेव विदधत्यर्थप्रतिष्ठाक्षतिम् ।
नीचानामपि दूरवक्रमनसः पापात्मिकाः कुर्वते
लालापानमहर्निशं न नरकं वेश्या विहायापरम् ॥२३॥

**અનુવાદઃ**—મનમાં અત્યંત કુટિલતા ધારણ કરનારી જે પાપિષ્ઠ વેશ્યાઓ માંસ ખાય છે, શરાબ પીએ છે, અસત્ય વચન બોલે છે, કેવળ ધનપ્રાપ્તિ માટે જ સ્નેહ કરે છે. ધન અને પ્રતિષ્ઠા એ બન્નેનોય નાશ કરે છે તથા જે વેશ્યાઓ નીચ પુરુષોની પણ લાળ પીએ છે. તે વેશ્યાઓ સિવાય બીજું કોઈ નરક નથી, અર્થાત્ તે વેશ્યાઓ નરકગતિની પ્રાપ્તિના કારણ છે. ૨૩.

( आर्या । )

रजकशिलासदृशीभिः कुर्कुरकर्परसमानचरिताभिः ।
गणिकाभिर्यदि संगः कृतमिह परलोकवार्ताभिः ॥२४॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જે વેશ્યાઓ ધોબીના કપડા ધોવાની શિલા સમાન છે તથા જેમનું આચરણ કુતરાના હાડકા સમાન છે એવી વેશ્યાઓનો જો સંગ કરવામાં આવે તો પછી અહીં પરભવની વાતોથી બસ થાવ.

**વિશેષાર્થઃ**—જેવી રીતે ધોબીના પથ્થર ઉપર સારા ખરાબ બધી જાતના કપડા ધોવામાં આવે છે તથા જેમ એક હાડકાના ટૂકડાને અનેક કુતરા ખેંચે છે તેવી જ રીતે જે વેશ્યાઓ સાથે ઊંચ અને નીચ બધી જાતના માણસો સંબંધ રાખે છે તે વેશ્યાઓમાં અનુરક્ત રહેવાથી આ ભવમાં ધન અને પ્રતિષ્ઠાનો નાશ થાય છે તથા પરભવમાં નરકાદિનું મહાન કષ્ટ ભોગવવું પડે છે. તેથી આ ભવ અને પરભવમાં આત્મ-કલ્યાણ ઇચ્છનારા સત્પુરુષોએ વેશ્યા વ્યસનનો પરિત્યાગ કરવો જોઈએ.

( स्रग्धरा )

या दुर्देहैकवित्ता वनमधिवसति त्रातृसंबन्धहीना
भीतिर्यस्यां स्वभावाद्दशनधृततृणा नापराधं करोति।
वध्यालं सापि यस्मिन् ननु मृगवनितामांसपिण्डप्रलोभात्
आखेटेऽस्मिन्रतानामिह किमु न किमन्यत्र नो यद्विरूपम्।२५।

**અનુવાદઃ**—જે હરણી દુઃખદાયક એક માત્ર શરીરરૂપ ધનને ધારણ કરતી વનમાં રહે છે, રક્ષકના સંબંધ વિનાની છે અર્થાત્ જેને કોઈ રક્ષક નથી, જેને સ્વભાવથી જ ભય રહે છે તથા જે દાંતોમાં ઘાસ ધારણ કરતી થકી અર્થાત્ ઘાસ થકી કોઈનો અપરાધ કરતી નથી; આશ્ચર્ય છે કે તે પણ મૃગની સ્ત્રી અર્થાત્ હરણી માંસ પિંડના લોભથી જે મૃગયાના વ્યસનમાં શિકારીઓ દ્વારા મરાય છે તે મૃગયા (શિકાર)માં આસક્ત મનુષ્યોને આ લોકમાં અને પરલોકમાં કયુ પાપ થતું નથી ?

**વિશેષાર્થઃ**—એ એક પ્રાચીન પદ્ધતિ છે કે જે શત્રુ દાંતતળે ઘાસનું તણખલું રાખીને સામે આવે તેને વીર પુરુષો પરાજિત સમજીને છોડી દેતા હતા, પછી તેમની ઉપર તેઓ શસ્ત્ર પ્રહાર કરતા નહિ. પરંતુ ખેદ એ વાતનો છે કે શિકારીઓ એવા નિરપરાધ મૃગ આદિ પ્રાણીઓનો પણ ઘાત કરે છે જે ઘાસનું ભક્ષણ કરતાં મુખમાં તૃણ દબાવી રહે છે. એજ ભાવ '**दशनधृततृणा**' આ પદદ્વારા ગ્રંથકારે અહીં સૂચવ્યો છે. ૨૫.

( मालिनी )

तनुरपि यदि लग्ना कीटिका स्याच्छरीरे
भवति तरलचक्षुर्व्याकुलो यः स लोकः।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथमिह मृगयाप्तानन्दमुत्खातशस्त्रो
मृगमकृतविकारं ज्ञातदुःखोऽपि हन्ति ॥२६॥

**અનુવાદ:**—જ્યારે પોતાના શરીરમાં નાનકડી કીડી કે જંતુ પણ ચડી જાય છે ત્યારે તે મનુષ્ય વ્યાકુળ થઈને ચપળ નેત્રોથી તેને આમતેમ શોધે છે. પાછો તે જ મનુષ્ય પોતાની જેમ બીજા પ્રાણીઓના દુઃખનો અનુભવ કરીને પણ શિકારથી પ્રાપ્ત થનાર આનંદની ખોજમાં ક્રોધાદિ વિકાર રહિત નિરપરાધ મૃગ આદિ પ્રાણીઓ ઉપર શસ્ત્ર ચલાવીને કેવી રીતે તેમનો વધ કરે છે? ૨૬.

( शार्दूलविक्रिड़ित )

यो येनैव हतः स तं हि बहुशो हन्त्येव यैर्वञ्चितो
नूनं वञ्चयते स तानपि भृशं जन्मान्तरेऽप्यत्र च।
स्त्रीबालादिजनादपि स्फुटमिदं शास्त्रादपि श्रूयते
नित्यं वञ्चनहिंसनोज्झनविधौ लोकाः कुतो मुह्यत ॥२७॥

**અનુવાદઃ**-જે મનુષ્ય જેના દ્વારા મરાય છે તે મનુષ્ય પોતાને મારનાર તે મનુષ્યને પણ અનેક વાર મારે જ છે. એવી જ રીતે જે પ્રાણી જે બીજા લોકો દ્વારા છેતરાયો છે તે નિશ્ચયથી તે લોકોને પણ જન્માન્તરમાં અને આ જન્મમાં પણ અવશ્ય ઠગે છે. આ વાત સ્ત્રી અને બાળક આદિ પાસેથી તેમ જ શાસ્ત્ર પાસેથી પણ સ્પષ્ટપણે સાંભળવામાં આવે છે. છતાં લોકો હંમેશાં દગાબાજી અને હિંસાનો ત્યાગ કરવામાં કેમ મોહ પામે છે? અર્થાત્ તેમણે મોહ છોડીને હિંસા અને અન્યને છેતરવાનો પરિત્યાગ સદા માટે અવશ્ય કરી દેવો જોઈએ. ૨૭.

( शार्दूलविक्रीड़ित )

अर्थादौ प्रचुरप्रपञ्चरचनैर्ये वञ्चयन्ते परान्
नूनं ते नरकं व्रजन्ति पुरतः पापव्रजादन्यतः।
प्राणाः प्राणिषु तन्निबन्धनतया तिष्ठन्ति नष्टे धने
यावान् दुःखभरो नरे न मरणे तावानिह प्रायशः ॥२८॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જે મનુષ્ય ધન આદિ કમાવામાં અનેક પ્રપંચો રચીને બીજાઓને છેતર્યા કરે છે તેઓ નિશ્ચયથી તે પાપના પ્રભાવથી બીજાઓની સામે જ નરકમાં જાય છે. કારણ એ છે કે પ્રાણીઓમાં પ્રાણ ધનના નિમિત્ત જ રહે છે, ધન નષ્ટ થઈ જતાં મનુષ્યને જેટલું અધિક દુઃખ થાય છે તેટલું ઘણું કરીને મરતી વખતે પણ થતું નથી. ૨૮.

( शार्दूलविक्रीड़ित )

**चिन्ताव्याकुलताभयारतिमतिभ्रंशातिदाहभ्रम-**
**क्षुत्तृष्णाहतिरोगदुःखमरणान्येतान्यहो आसताम् ।**
**यान्यत्रैव पराङ्गनाहितमतेस्तद्भूरि दुःखं चिरं**
**श्वभ्रे भावि यदग्निदीपितवपुर्लोहाङ्गनालिङ्गनात् ॥२९॥**

**અનુવાદઃ**—પરસ્ત્રીમાં અનુરાગબુદ્ધિ રાખનાર વ્યક્તિને જે આ જન્મમાં ચિંતા, આકુળતા, ભય, દ્વેષભાવ, બુદ્ધિનો વિનાશ, અત્યંત સંતાપ, ભ્રાંતિ, ભૂખ, તરસ, આઘાત, રોગ, વેદના અને મરણરૂપ દુઃખ પ્રાપ્ત થાય છે; એ તો દૂર રહો. પરંતુ પરસ્ત્રી સેવનજનિત પાપના પ્રભાવથી અન્ય જન્મમાં નરકગતિ પ્રાપ્ત થતાં અગ્નિમાં તપાવેલ લોહમય સ્ત્રીઓના આલિંગનથી જે ચિરકાળસુધી ઘણું દુઃખ પ્રાપ્ત થવાનું છે તે તરફ પણ તેનું ધ્યાન જતું નથી, એ કેટલા આશ્ચર્યની વાત છે. ૨૯.

( शार्दूलविक्रीड़ित )

**धिक् तत्पौरुषमासतामनुचितास्ता बुद्धयस्ते गुणाः**
**मा भून्मित्रसहायसंपदपि सा तज्जन्म यातु क्षयम् ।**
**लोकानामिह येषु सत्सु भवति व्यामोहमुद्राङ्कितं**
**स्वप्ने ऽपि स्थितिलङ्घनात्परधनस्त्रीषु प्रसक्तं मनः ॥३०॥**

**અનુવાદઃ**—જે પૌરુષ આદિ હોતાં લોકોનું વ્યામોહ પામેલું મન મર્યાદાનું ઉલ્લંઘન કરીને સ્વપ્નમાં પણ પરધન અને પરસ્ત્રીઓમાં આસક્ત થાય છે તે પૌરુષને ધિક્કાર છે, તે અયોગ્ય વિચાર અને તે અયોગ્ય ગુણ દૂર જ રહો, એવા મિત્રોની સહાયતારૂપ સંપત્તિ પણ પ્રાપ્ત ન થાવ તથા તે જન્મ પણ નાશ પામો. અભિપ્રાય એ છે કે જો ઉપર્યુક્ત સામગ્રી હોતાં લોકોનું મન લોકમર્યાદા છોડીને પરધન અને પરસ્ત્રીમાં આસક્ત થાય છે તો તે બધી સામગ્રી ધિક્કારવા યોગ્ય છે. ૩૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित। )

द्यूताद्धर्मसुतः पलादिह बको मद्याद्यदोर्नन्दनाः
चारुः कामुकया मृगान्तकतया स ब्रह्मदत्तो नृपः।
चौर्यत्वाच्छिवभूतिरन्यवनितादोषाद्दशास्यो हठात्
एकैकव्यसनाहता इति जनाः सर्वैर्न को नश्यति॥३१॥

**અનુવાદઃ**—અહીં જુગારથી યુધિષ્ઠિર, માંસથી બક રાજા, મદ્યથી યાદવો, વેશ્યા-સેવનથી ચારુદત્ત, મૃગોના વિનાશરૂપ શિકારથી બ્રહ્મદત્ત રાજા, ચોરીથી શિવભૂતિ બ્રાહ્મણ તથા પરસ્ત્રીદોષથી રાવણ; આ રીતે એક એક વ્યસનના સેવનથી આ સાતે જણ મહાન કષ્ટ પામ્યા છે. તો પછી જે બધા વ્યસનોનું સેવન કરે છે તેનો વિનાશ કેમ ન થાય ? અવશ્ય થાય.

**વિશેષાર્થઃ**—'**यत पुंसः श्रेयसः व्यस्यति तत् व्यसनम्**' અર્થાત્ જે મનુષ્યોને કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ કરીને દુઃખ પ્રાપ્ત કરાવે છે તેને વ્યસન કહેવામાં આવે છે. આવા વ્યસન મુખ્યપણે સાત છે. તેમનું વર્ણન આગળ થઈ ગયું છે. એમાંથી કેવળ એક એક વ્યસનમાં જ તત્પર રહેવાથી જે યુધિષ્ઠિર આદિ મહાન દુઃખ પામ્યા છે, તેમના નામોનો નિર્દેશ માત્ર અહીં કરવામાં આવ્યો છે. સંક્ષેપમાં તેમની કથા આ રીતે છે.

**૧. યુધિષ્ઠિરઃ**—હસ્તિનાપુરમાં ધૃતરાજ નામના એક પ્રસિદ્ધ રાજા હતા. તેને અંબિકા, અંબાલિકા અને અંબા નામની ત્રણ રાણીઓ હતી. એમાંથી અંબિકાથી ધૃત-રાષ્ટ્ર, અંબાલિકાથી પાંડુ અને અંબાથી વિદુર ઉત્પન્ન થયા હતા. એમાં ધૃતરાષ્ટ્રને દુર્યોધન આદિ સો પુત્ર, તથા પાંડુને યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, નકુલ અને સહદેવ નામના પાંચ પુત્ર હતા. પાંડુ રાજા સ્વર્ગવાસી થયા પછી કૌરવો અને પાંડવોમાં રાજ્ય નિમિત્તે પરસ્પર વિવાદ થવા લાગ્યો હતો. એક વખત યુધિષ્ઠિર દુર્યોધન સાથે દ્યુતક્રીડા કરવા તૈયાર થયા. તેઓ તેમાં બધી સંપત્તિ હારી ગયા. અંતે તેમણે દ્રૌપદી આદિને પણ દાવમાં મૂકી અને દુર્યોધને એને પણ જીતી લીધી. તેથી દ્રૌપદીને અપમાનિત થવું પડયું તથા કુંતી અને દ્રૌપદી સાથે પાંચે ભાઈઓને બાર વર્ષ સુધી વનમાં પણ રહેવું પડયુ. તે સિવાય તેમને જુગારના વ્યસનને કારણે બીજા પણ અનેક દુઃખ સહેવા પડયા.

**૨. બકરાજાઃ**—કુશાગ્રપુરમાં ભૂપાળ નામનો એક રાજા હતો. તેની પત્નીનું નામ લક્ષ્મીમતી હતું. એમને બક નામે એક પુત્ર હતો જે માંસભક્ષણનો બહુ લોલુપી હતો. રાજા દર વર્ષે અષ્ટાહ્નિકા પર્વ આવતાં જીવહિંસા ન કરવાની ઘોષણા કરાવતા હતા. તેણે માંસભક્ષી પોતાના પુત્રની પ્રાર્થનાથી કેવળ એક પ્રાણીની હિંસાની છૂટ આપીને તેને પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજા પ્રાણીની હિંસા ન કરવાનો નિયમ કરાવ્યો હતો. તે પ્રમાણે જ તેણે પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. એક વખતે રસોઇયો માંસ મૂકીને કાર્ય પ્રસંગે ક્યાંક બહાર ચાલ્યો ગયો હતો. એટલામાં એક બિલાડી તે માંસ ખાઈ ગઈ હતી. રસોઇયાને તેથી ખૂબ ચિંતા થઈ. તે વ્યાકુળ થઈને માંસની શોધમાં શહેરની બહાર ગયો. તેણે એક મરેલા બાળકને જમીનમાં દાટતા જોયું. તક મેળવીને તે તેને કાઢી લાવ્યો અને તેનું માંસ રાંધીને બક રાજકુમારને ખવરાવી દીધું તે દિવસનું માંસ તેને ખૂબ સ્વાદિષ્ટ લાગ્યું. બકે કોઈ પણ ઉપાયે રસોઇયા પાસેથી યથાર્થ સ્થિતિ જાણી લીધી. તેણે દરરોજ આ જ પ્રકારનું માંસ ખવરાવવા માટે રસોઇયાને ફરજ પાડી. બિચારો રસોઇયો રોજ ચણા અને લાડુ વગેરે લઈને જતો અને કોઈ એક બાળકને ફોસલાવીને લઈ આવતો. તેથી નગરમાં બાળકો ઘટવા માંડ્યા. નગરજનો તેથી ખૂબ ચિંતાતુર થઈ ગયા હતા. છેવટે એક દિવસે તે રસોઈયાને બાળક સાથે પકડી લેવામાં આવ્યો. લોકોએ તેને ઢીંકા પાટુ મારવાનું શરૂ કરી દીધું. તેથી ગભરાઈને તેણે સાચી વસ્તુ જણાવી દીધી. તે દરમ્યાન પિતા દીક્ષિત થઈ જવાથી બકને રાજ્યની પણ પ્રાપ્તિ થઈ ગઈ હતી. નગરજનોએ મળીને તેને રાજ્યથી ભ્રષ્ટ કર્યો. તે શહેરની બહાર રહીને મરેલા મનુષ્યોના મડદા ખાવા લાગ્યો. જ્યારે કોઈ વાર તેને જો જીવતો માણસ મળી જતો તો તે તેને પણ ખાઈ જતો હતો. લોકો તેને રાક્ષસ કહેવા લાગ્યા હતા. છેવટે તેને કોઈ રીતે વસુદેવે મારી નાખ્યો હતો. તેને માંસ-ભક્ષણના વ્યસનથી આ રીતે દુઃખ સહેવું પડ્યું.

**૩ યાદવ:**—કોઈ વખતે ભગવાન નેમિનાથ જિનેશ્વરનું સમવસરણ ગિરનાર પર્વત ઉપર આવ્યું હતું. તે વખતે અનેક નગરજનો તેમને વંદન કરવા અને તેમનો ઉપદેશ શ્રવણ કરવા માટે ગિરનાર પર્વત ઉપર પહોંચ્યા હતા, ધર્મશ્રવણના અંતે બળદેવે પૂછ્યું કે ભગવાન્! આ દ્વારકાપુરી કુબેરે બનાવી છે. તેનો નાશ ક્યારે અને કેવી રીતે થશે? ઉત્તરમાં ભગવાન નેમિજિન બોલ્યા કે આ નગર મદ્યના નિમિત્તે બાર વર્ષમાં દ્વીપાયન-કુમાર દ્વારા ભસ્મીભૂત થશે. આ સાંભળીને રોહિણીનો ભાઈ દ્વીપાયનકુમાર દીક્ષિત થઈ ગયો અને આ અવધિ પૂરી કરવા માટે પૂર્વદેશમાં જઈને તપ કરવા લાગ્યો. ત્યાર પછી તે દ્વીપાયનકુમાર ભ્રમથી 'હવે બાર વર્ષ વીતી ગયા' એમ સમજીને ફરીથી પાછો આવી ગયો અને દ્વારકાની બહાર પર્વત પાસે ધ્યાન કરવા લાગ્યો. અહીં જિનવચન અનુસાર મદ્યને દ્વારકાદહનનું કારણ સમજીને કૃષ્ણે પ્રજાને મદ્ય અને તેની સાધન સામગ્રીને પણ દૂર ફેંકી દેવાનો આદેશ આપ્યો હતો. તે પ્રમાણે દારૂ પીનારાઓએ મદ્ય અને તેના સાધનો કાદંબ પર્વત પાસે એક ખાડામાં ફેંકી દીધા હતા. એ જ સમયે શંબુ આદિ રાજ-કુમારો વનક્રીડા માટે ત્યાં ગયા હતા. તેમણે તરસથી પીડાઈને પહેલા ફેંકી દીધેલ તે મદ્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાણી સમજી ને પી ગયા. તેથી ઉન્મત્ત થઈને તે નાચતા ગાતા દ્વારકા તરફ પાછા આવી રહ્યા હતા. તેમણે માર્ગમાં દ્વીપાયન મુનિને ઉભેલા જોઈને અને તેમને દ્વારિકાના બાળનાર સમજીને તેમના ઉપર પથ્થર ફેંકવા શરૂ કર્યા. જેથી ક્રોધવશ મરણ પામીને તે અગ્નિકુમાર દેવ થયા. તેણે ચારે બાજુથી દ્વારિકાપુરીને અગ્નિથી પ્રજ્વલિત કરી દીધી. આ દુર્ઘટનામાં કૃષ્ણ અને બળદેવ સિવાય બીજું કોઈ પણ પ્રાણી જીવિત રહી શક્યું નહિ. આ બધું મદ્યપાનના જ દોષથી થયું હતું.

૪. **ચારુદત્ત:**—ચંપાપુરીમાં એક ભાનુદત્ત નામના શેઠ હતા. તેમની પત્નીનું નામ સુભદ્રા હતું. આ બન્નેની યુવાન અવસ્થા પુત્ર વિના જ વીતી ગઈ. ત્યાર પછી તેમને એક પુત્ર ઉત્પન્ન થયો જેનું નામ ચારુદત્ત રાખવામાં આવ્યું. તેને બાળપણમાં જ અણુવ્રતની દીક્ષા આપવામાં આવી હતી. તેનો વિવાહ મામા સર્વાર્થની પુત્રી મિત્રવતી સાથે થયો હતો. ચારુદત્તને શાસ્ત્રનું વ્યસન હતું, તેથી પત્ની પ્રત્યે તેને જરા પણ પ્રેમ નહોતો. ચારુદત્તની માતાએ તેને કામભોગમાં આસક્ત કરવા માટે રુદ્રદત્ત (ચારુદત્તના કાકા)ને પ્રેરણા કરી. તે કોઈ પણ બહાને ચારુદત્તને કલિંગસેના વેશ્યાને ત્યાં લઈ ગયો. તેને એક વસન્તસેના નામની સુંદર પુત્રી હતી. ચારુદત્તને તેના પ્રત્યે પ્રેમ થઈ ગયો. તેનામાં આસક્ત હોવાથી કલિંગસેનાએ વસન્તસેના સાથે ચારુદત્તના લગ્ન કરી દીધા હતા. તે વસન્તસેનાને ત્યાં બાર વર્ષ રહ્યો. તેનામાં અત્યંત આસક્ત હોવાથી જ્યારે ચારુદત્તે કદી માતા, પિતા અને પત્નીને પણ યાદ ન કરી તો પછી બીજા કામની બાબતમાં શું કહેવાય? આ દરમ્યાન કલિંગસેનાને ત્યાં ચારુદત્તના ઘરેથી સોળ કરોડ દીનાર આવી ગઈ હતી. ત્યાર પછી જ્યારે કલિંગસેનાએ મિત્રવતીના આભૂષણો પણ આવતા જોયા ત્યારે તેણે વસન્તસેનાને ધનહીન ચારુદત્તને છોડી દેવાનું કહ્યું. માતાના આ વચનો સાંભળીને વસન્તસેનાને અત્યંત દુઃખ થયું. તેણે કહ્યું હે માતા! ચારુદત્ત સિવાય હું કુબેર જેવા સંપત્તિવાન બીજા પુરુષને ચાહતી નથી. માતાએ પુત્રીનો દુરાગ્રહ જોઈને અન્ય ઉપાય વડે ચારુદત્તને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો. ત્યાર પછી તેણે ઘેર જઈને દુઃખમાં સમય વીતાવતી માતા અને પત્નીને જોઈ. તેમને આશ્વાસન આપીને ચારુદત્ત ધન મેળવવા માટે બીજા દેશમાં ચાલ્યો ગયો. તે અનેક દેશો અને દ્વીપોમાં ગયો, પરંતુ બધે તેને મહાન કષ્ટોનો સામનો કરવો પડ્યો. અંતે તે પૂર્વના ઉપકારી બે દેવોની સહાયથી મહાન વૈભવ સહિત ચંપાપુરીમાં પાછો આવી ગયો. તેણે વસન્તસેનાને પોતાને ઘેર બોલાવી લીધી, પછી મિત્રવતી અને વસન્તસેના આદિ સાથે સુખપૂર્વક કેટલોક કાળ વીતાવીને ચારુદત્ત જિનદીક્ષા લઈ લીધી. આ રીતે તપશ્ચરણ કરતો થકો તે મરણ પામીને સર્વાર્થસિદ્ધિમાં દેવ થયો. જે વેશ્યા વ્યસનને કારણે ચારુદત્તને અનેક કષ્ટ સહન કરવા પડ્યા તેને વિવેકી જીવોએ સદાને માટે છોડી દેવા જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૫. બ્રહ્મદત્ત:**—ઉજ્જયિની નગરીમાં એક બ્રહ્મદત્ત નામનો રાજા હતો. તે મૃગયા (શિકાર)ના વ્યસનમાં અત્યંત આસક્ત હતો. કોઈ વખત તે શિકાર માટે વનમાં ગયો હતો. તેણે ત્યાં એક શિલા ઉપર ધ્યાનમાં સ્થિત મુનિને જોયા. તેથી તેનું શિકારનું કામ નિષ્ફળ થઈ ગયું. તે બીજે દિવસે પણ ઉક્ત વનમાં શિકાર માટે ગયો, પરંતુ મુનિના પ્રભાવથી ફરીથી પણ તેને આ કાર્યમાં સફળતા ન મળી. આ રીતે તે કેટલાય દિવસ ત્યાં ગયો, પરંતુ તેને આ કાર્યમાં સફળતા ન મળી શકી. તેથી તેને મુનિ ઉપર અતિશય ક્રોધ ઉત્પન્ન થયો. કોઇ એક દિવસ જ્યારે મુનિ આહાર માટે નગરમાં ગયા હતા ત્યારે બ્રહ્મદત્તે અવસર જોઈને તે શિલાને અગ્નિથી બાળી નાખી. એ દરમ્યાન મુનિરાજ પણ ત્યાં પાછા આવ્યા અને ઝડપથી તે બળતી શીલા ઉપર બેસી ગયા. તેમણે ધ્યાન છોડયું નહિ, તેથી તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેઓ અંતઃકૃત્ કેવળી થઈને મુક્તિ પામ્યા. અહીં બ્રહ્મદત્ત રાજા શિકારના વ્યસન અને મુનિના તીવ્રદ્વેષના કારણે સાતમી નરકમાં નારકી થયો. ત્યાર પછી વચ્ચે વચ્ચે ક્રૂર હિંસક તિર્યંચ થઈને ક્રમપૂર્વક છઠી અને પાંચમી આદિ બાકીની નરકભૂમિમાં પણ ગયો. શિકારના વ્યસનમાં આસક્ત હોવાથી પ્રાણીઓને આવા જ ભયાનક કષ્ટ સહન કરવા પડે છે.

**૬ શિવભૂતિ:**—બનારસ નગરમાં રાજા જયસિંહ રાજ્ય કરતો હતો. રાણીનું નામ જયાવતી હતું. આ રાજાને એક શિવભૂતિ નામનો પુરોહિત હતો. તે પોતાની સત્યવાદિતાને કારણે પૃથ્વી ઉપર 'સત્યઘોષ' નામે પ્રસિદ્ધ થઈ ગયો હતો. તેણે પોતાના યજ્ઞોપવીતમાં એક છરી બાંધી રાખી હતી. તે કહ્યા કરતો કે જો હું કદાચ જૂઠું બોલું તો આ છરીથી મારી જીભ કાપી નાખીશ. આ વિશ્વાસથી ઘણા માણસો એની પાસે સાચવવા માટે પોતાનું ધન રાખતા હતા. કોઈ એક દિવસે પદ્મપુરથી એક ધનપાળ નામનો શેઠ આવ્યો અને એની પાસે પોતાના અત્યંત કિંમતી ચાર રત્નો રાખીને વ્યાપાર માટે પરદેશમાં ચાલ્યો ગયો. તે બાર વર્ષ વિદેશમાં રહીને અને ઘણું ધન કમાઈને પાછો આવી રહ્યો હતો. રસ્તામાં તેની નાવ ડૂબી ગઈ અને બધું ધન નાશ પામ્યું. આ રીતે તે ધનહીન થઈને બનારસ પાછો પહોંચ્યો. તેણે શિવભૂતિ પુરોહિત પાસે પોતાના ચાર રત્નો પાછા માગ્યાં. પુરોહિતે ગાંડો ગણાવીને તેને ઘરમાંથી બહાર કઢાવી મૂકયો. ગાંડો સમજીને જ તેની વાત રાજા વગેરે કોઈએ પણ ન સાંભળી. એક દિવસ રાણીએ તેની વાત સાંભળવા માટે રાજાને આગ્રહ કર્યો. રાજાએ તેને પાગલ કહ્યો તે સાંભળીને રાણીએ કહ્યું કે પાગલ તે નથી પણ તમે જ છો. ત્યાર પછી રાજાની આજ્ઞા પ્રમાણે રાણીએ તેને માટે કાંઇક ઉપાય વિચાર્યો. તેણે પુરોહિત સાથે જુગાર રમતાં તેની વીંટી અને છરી સહિત યજ્ઞોપવીત પણ જીતી લીધી અને તેને ઓળખાણની નિશાની તરીકે પુરોહિતની સ્ત્રી પાસે મોકલીને તે ચારેય રત્નો મંગાવી લીધા. રાજાને શિવભૂતિના આ વ્યવહારથી ખૂબ દુઃખ થયું. રાજાએ તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છાણનું ભક્ષણ, મુઠીઓનો પ્રહાર અથવા પોતાના દ્રવ્યનું સમર્પણ આ ત્રણમાંથી કોઈ પણ એક દંડ સહન કરવાની ફરજ પાડી. તે પ્રમાણે તે છાણ ખાવા માટે તૈયાર થયો પરંતુ ખાઈ ન શક્યો. તેથી તેણે મુષ્ટિઓના પ્રહારની ઇચ્છા પ્રગટ કરી. તે પ્રમાણે મલ્લોએ મુષ્ટિઓનો પ્રહાર કરતાં તે મરી ગયો અને રાજાના ભંડારમાં સર્પ થયો. આ રીતે તેને ચોરીના વ્યસનના કારણે આ કષ્ટ સહન કરવું પડયું.

૭. **રાવણ:**—કોઈ સમયે અયોધ્યા નગરીમાં રાજા દશરથ રાજ્ય કરતા હતા. તેમને ચાર પત્ની હતી. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી અને સુપ્રભા. એમને ક્રમશઃ આ ચાર પુત્ર ઉત્પન્ન થયા હતા. રામચંદ્ર, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. એક દિવસ રાજા દશરથને પોતાનો વાળ સફેદ દેખાયો. તેથી તેમને ઘણો વૈરાગ્ય થયો. તેમણે રામચંદ્રને રાજ્ય આપીને જિનદીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. પિતાની સાથે ભરતનો પણ દીક્ષા લેવાનો વિચાર જાણીને તેની માતા કૈકેયી બહુ દુઃખી થઈ. તેણીએ એનો એક ઉપાય વિચારીને રાજા દશરથ પાસે પૂર્વે અપાયેલું વરદાન માગ્યું. રાજાનો સ્વીકાર મેળવીને તેણે ભરતને રાજ્ય આપવાની ઇચ્છા પ્રગટ કરી. રાજા વિચારમાં પડી ગયા. તેમને ખેદખિન્ન જોઈને રામચંદ્રે મંત્રીઓને એનું કારણ પૂછયું અને તેમની પાસેથી ઉપર્યુક્ત સમાચાર જાણીને પોતે જ ભરતને પ્રસન્નતાથી રાજ્યતિલક કરી દીધું. ત્યાર પછી 'મારા અહીં રહેવાથી ભરતની પ્રતિષ્ઠા નહિ રહી શકે' આ વિચારથી તે સીતા અને લક્ષ્મણ સાથે અયોધ્યાથી બહાર ચાલ્યા ગયા. આ પ્રમાણે જતાં તેઓ દંડક વનની મધ્યમાં પહોંચીને ત્યાં સ્થિર થયા. અહીં વનની શોભા જોતાં લક્ષ્મણ આમતેમ ઘૂમી રહ્યા હતા. તેમને એક વાંસોના સમૂહમાં લટકતું એક ખડ્ગ (ચન્દ્રહાસ) જોવામાં આવ્યું. તેમણે ઝડપીને તે હાથમાં લઈ લીધું અને પરીક્ષા માટે તે જ વાંસના સમૂહ ઉપર ચલાવ્યું. તેથી વાંસના સમૂહ સાથે તેની અંદર બેઠેલા શંબૂકકુમારનું મસ્તક કપાઇને જુદું થઈ ગયું. આ શંબૂકકુમાર જ તેને અહીં બેસીને બાર વર્ષથી સિદ્ધ કરી રહ્યો હતો. આ ઘટનાના થોડા જ સમય પછી ખરદૂષણની પત્ની અને શમ્બૂકની માતા સૂર્પનખા ત્યાં આવી પહોંચી. પુત્રની આવી દુર્દશા જોઈને તે વિલાપ કરતી આમ તેમ શત્રુની શોધ કરવા લાગી. તે થોડે જ દૂર રામચંદ્ર અને લક્ષ્મણને જોઈને તેમના રૂપ ઉપર મોહિત થઈ ગઈ. તેણીએ એ માટે બન્નેને પ્રાર્થના કરી. પરંતુ જ્યારે બન્નેમાંથી કોઈ એ પણ તેનો સ્વીકાર ન કર્યો ત્યારે તે પોતાનું શરીર વિકૃત કરીને ખરદૂષણ પાસે પહોંચી અને તેને યુદ્ધ માટે ઉત્તેજિત કર્યો. ખરદૂષણ પણ પોતાના સાળા રાવણને એને સૂચના કરાવીને યુદ્ધ માટે નીકળી પડયો. સેના સહિત ખરદૂષણને આવતો જોઈને લક્ષ્મણ પણ યુદ્ધ માટે ચાલી નિકળ્યો. તે જતી વખતે રામચંદ્રને એમ કહેતા ગયા કે હું વિપત્તિગ્રસ્ત થઈને સિંહનાદ કરૂં તો જ તમે મારી સહાય માટે આવજો, નહિ તો અહીં સ્થિત રહીને સીતાની રક્ષા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરજો. એ દરમ્યાન પુષ્પક વિમાનમાં બેસીને રાવણ પણ ખરદૂષણની મદદ માટે લંકાથી અહીં આવી રહ્યો હતો. તે અહીં સીતાને બેઠેલી જોઈને તેના રૂપ ઉપર મોહિત થઈ ગયો અને તેને ઉપાડી જવાનો ઉપાય વિચારવા લાગ્યો, તેણે ખાસ વિદ્યાથી જાણીને થોડે દૂરથી સિંહનાદ કર્યો. તેથી રામચંદ્ર લક્ષ્મણને આપત્તિમાં પડેલા સમજીને તેમને મદદ કરવા માટે ચાલ્યા ગયા. આ રીતે રાવણ તક મેળવીને સીતાને હરીને લઈ ગયો. આ તરફ લક્ષ્મણ ખરદૂષણને મારીને યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી ચૂકયો હતો. તે અકસ્માત્ રામચંદ્રને આ તરફ આવતા જોઈને ખૂબ ચિન્તાતુર થયા. તેણે તરત જ રામચંદ્રને પાછા જવા માટે કહ્યું. તેમને પાછા ફરતાં ત્યાં સીતા જોવામાં આવી નહિ. તેથી તે બહુ વ્યાકુળ થયા. થોડી વારમાં લક્ષ્મણ પણ ત્યાં આવી પહોંચ્યા. તે વખતે તેમને સુગ્રીવ આદિ વિદ્યાધરોનો પરિચય થયો. કોઈ પણ ઉપાયે હનુમાન લંકા પહોંચી ગયા. તેમણે ત્યાં રાવણના બગીચામાં બેઠેલા સીતાને અત્યંત વ્યાકુળ જોઈને આશ્વાસન આપ્યું અને તરત જ પાછા આવીને રામચંદ્રને બધી હકીકત કહી સંભળાવી. અંતે યુદ્ધની તૈયારી કરીને રામચંદ્ર સેના સહિત લંકા જઈ પહોંચ્યા. તેમણે સીતાને પાછી આપવા માટે રાવણને બહુ સમજાવ્યો પણ તે સીતાને પાછી આપવા તૈયાર થયો નહિ. તેને આવી રીતે પરસ્ત્રીમાં આસક્ત જોઈને તેનો પોતાનો ભાઈ વિભીષણ પણ રીસાઈને રામચંદ્રની સેનામાં આવી મળ્યો. છેવટે બન્ને વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું, જેમાં રાવણના અનેક કુટુંબીઓ અને તે પોતે પણ માર્યો ગયો. પરસ્ત્રીના મોહથી રાવણની બુદ્ધિ નાશ પામી હતી, તેથી તેને બીજા હિતેચ્છક માણસોના પ્રિય વચનો પણ અપ્રિય જ લાગ્યા અને અંતે તેને આ જાતનું દુઃખ સહન કરવું પડ્યું. ૩૧.

**न परमियन्ति भवन्ति व्यसनान्यपराण्यपि प्रभूतानि ।**
**त्यक्त्वा सत्पथमपथप्रवृत्तयः क्षुद्रबुद्धीनाम् ॥३२॥**

**અનુવાદ:**—કેવળ આટલા (સાત) જ વ્યસન નથી, પણ બીજા ય ઘણા વ્યસનો છે. કારણ કે અલ્પમતિ મનુષ્ય સમીચીન માર્ગ છોડીને કુત્સિત માર્ગમાં પ્રવૃત્ત થયા કરે છે.

**વિશેષાર્થ:**—જે અસત્ પ્રવૃત્તિઓ મનુષ્યને સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે તેમનું નામ વ્યસન છે. એવા વ્યસન ઘણા હોઈ શકે છે. તેમની આ સાતની સંખ્યા સ્થૂળપણે જ નક્કી કરવામાં આવી છે. કારણ કે મંદબુદ્ધિ મનુષ્ય સન્માર્ગથી ચ્યૂત થઈને વિવિધ રીતે કુમાર્ગમાં પ્રવૃત્ત થાય છે. તેમની આ બધી પ્રવૃત્તિઓ વ્યસનમાં જ સમાયેલી તેથી વ્યસનોની આ સાતની સંખ્યા સ્થૂળ રૂપે જ સમજવી જોઈએ. ૩૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रिडित )

सर्वाणि व्यसनानि दुर्गतिपथाः स्वर्गापवर्गार्गलाः
वज्राणि व्रतपर्वतेषु विषमाः संसारिणां शत्रवः ।
प्रारम्भे मधुरेषु पाककटुकेष्वेतेषु सद्धीधनैः
कर्तव्या न मतिर्मनागपि हितं वाञ्छद्भिरत्रात्मनः ॥३३॥

**અનુવાદઃ**—બધા વ્યસનો નરકાદિ દુર્ગતિઓના કારણ હોઈને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિમાં આગળિયા સમાન છે, એ સિવાય તે વ્રતરૂપી પર્વતોને નષ્ટ કરવા માટે વજ્ર જેવા હોઈને સંસારી જીવો માટે દુર્દમ શત્રુ સમાન જ છે. આ વ્યસનો જો કે શરૂઆતમાં મધુર લાગે છે પરંતુ પરિણામે તે કડવા જ છે. તેથી જ અહીં આત્મહિતની ઇચ્છા રાખનાર બુદ્ધિમાન પુરુષોએ આ વ્યસનોમાં જરા પણ બુદ્ધિ ન લગાવવી જોઈએ. ૩૩.

( वसंततिलका )

मिथ्यादृशां विसदृशां च पथच्युतानां
मायाविनां व्यसनिनां च खलात्मनां च ।
संगं विमुञ्चत बुधाः कुरुतोत्तमानां
गन्तुं मतिर्यदि समुन्नतमार्ग एव ॥३४॥

**અનુવાદઃ**—જો ઉત્તમ માર્ગમાં જ ગમન કરવાની અભિલાષા હોય તો બુદ્ધિમાન પુરુષોનું એ આવશ્યક કર્તવ્ય છે કે તે મિથ્યાદ્રષ્ટિઓ, વિસદ્રશો અર્થાત્ વિરુદ્ધ ધર્મના અનુયાયીઓ, સન્માર્ગથી ભ્રષ્ટ થયેલાઓ, માયાચારીઓ, વ્યસનના પ્રેમીઓ તથા દુષ્ટ જનોનો સંગ છોડીને ઉત્તમ પુરુષોનો સત્સંગ કરે. ૩૪.

( वसंततिलका )

स्निग्धैरपि व्रजत मा सह संगमेभिः
क्षुद्रैः कदाचिदपि पश्यत सर्षपाणाम् ।
स्नेहो ऽपि संगतिकृतः खलताश्रितानां
लोकस्य पातयति निश्चितमश्रु नेत्रात् ॥३५॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—ઉપર્યુક્ત મિથ્યાદૃષ્ટિ આદિ તુચ્છ જીવો જો પોતાના સગા પણ હોય તો પણ તેમનો સંગ કદી પણ ન કરવો જોઈએ. જુઓ, ખલતા (તેલ નીકળી ગયા પછી પ્રાપ્ત થનાર સરસવની ખોળરૂપ અવસ્થા, બીજા પક્ષે દુષ્ટતા)નો આશ્રય કરનાર ક્ષુદ્ર સરસવના દાણાનો સ્નેહ (તેલ) પણ સંગ પામીને નિશ્ચયથી લોકોની આંખમાંથી આંસુ પડાવે છે.

**વિશેષાર્થઃ**—જેમ નાના હોવા છતાં સરસવના દાણામાંથી નીકળેલ સ્નેહ (તેલ)ના સંયોગથી તેની તીક્ષ્ણતાને કારણે માણસની આંખમાંથી આંસુ નીકળવા લાગે છે તેવી જ રીતે ઉપર્યુક્ત ક્ષુદ્ર મિથ્યાદૃષ્ટિ આદિ દુષ્ટ પુરુષોના સ્નેહ (પ્રેમ, સંગ)થી થનાર ઐહિક અને પારલૌકિક દુઃખનો અનુભવ કરનાર પ્રાણીની પણ આંખોમાંથી પશ્ચાત્તાપને કારણે આંસુ નીકળવા લાગે છે. તેથી આત્મહિત ઇચ્છનાર જીવોએ આવા દુષ્ટ મનુષ્યોના સંગનો પરિત્યાગ કરવો જ જોઈએ. ૩૫.

( शिखरिणी )

कलावेकः साधुर्भवति कथमप्यत्र भुवने
स चाघ्रातः क्षुद्रैः कथमकरुणैर्जीवति चिरम् ।
अतिग्रीष्मे शुष्यत्सरसि विचरच्चञ्चुचरतां
बकोटानामग्रे तरलशफरी गच्छति कियत् ॥३६॥

**અનુવાદઃ**—આ લોકમાં કળિકાળના પ્રભાવથી ખૂબ મુશ્કેલીથી એકાદ જ સાધુ હોય છે. તે પણ જ્યાં નિર્દય દુષ્ટ પુરુષો દ્વારા સતાવાય ત્યાં ભલા કેવી રીતે ચિરકાળ જીવિત રહી શકે? અર્થાત્ રહી શકતા નથી. યોગ્ય જ છે-જ્યારે આકરા ઉનાળામાં તળાવનું પાણી સૂકાવા માંડે છે ત્યારે ચાંચ હલાવીને ચાલતા બગલાઓ આગળ ચંચળ માછલી કેટલો સમય સુધી ચાલી શકે? અર્થાત્ બહુ લાંબા સમય સુધી તે ચાલી શકતી નથી, પણ તેના દ્વારા મારીને ખવાઈ જાય છે. ૩૬.

( मालिनी )

इह वरमनुभूतं भूरि दारिद्र्यदुःखं
वरमतिविकराले कालवक्त्रे प्रवेशः ।
भवतु वरमितोऽपि क्लेशजालं विशालं
न च खलजनयोगाज्जीवितं वा धनं वा ॥३७॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—સંસારમાં ગરીબાઇના ભારે દુઃખનો અનુભવ કરવો ક્યાંય સારો છે, એવી જ રીતે અત્યંત ભયાનક મૃત્યુના મુખમાં પ્રવેશ કરવો પણ ક્યાંય સારો છે, એ જો અહીં બીજા પણ અતિશય કષ્ટ પ્રાપ્ત થાય છે તો તે પણ ભલે થાવ; પરંતુ દુષ્ટોના સંબંધથી જીવન અથવા ધન ચાહવું શ્રેષ્ઠ નથી. ૩૭.

( शार्दूलविक्रिड़ित )

आचारो दशधर्मसंयमतपोमूलोत्तराख्या गुणाः
मिथ्यामोहमदोज्झनं शमदमध्यानाप्रमादस्थितिः ।
वैराग्यं समयोपबृंहणगुणा रत्नत्रयं निर्मलं
पर्यन्ते च समाधिरक्षयपदानन्दाय धर्मो यतेः ॥३८॥

**અનુવાદઃ**—જ્ઞાનાચારાદિ સ્વરૂપ પાંચ પ્રકારના આચાર; ઉત્તમ ક્ષમાદિરૂપ દસ પ્રકારના ધર્મ; સંયમ, તપ તથા મૂળગુણ અને ઉત્તમગુણ; મિથ્યાત્વ, મોહ અને મદનો પરિત્યાગ; કષાયોનું શમન, ઇન્દ્રિયોનું દમન, ધ્યાન, પ્રમાદ રહિત અવસ્થાન, સંસાર, શરીર અને ઇંદ્રિયવિષયોથી વિરક્તિ; ધર્મને વધારનાર અનેક ગુણ, નિર્મળ રત્નત્રય, તથા અંતે સમાધિમરણ; આ બધા મુનિના ધર્મ છે જે અવિનશ્વર મોક્ષપદના આનંદ ( અવ્યાબાધ સુખ )નું કારણ છે. ૩૮.

( शार्दूलविक्रीड़ित )

स्वं शुद्धं प्रविहाय चिद्गुणमयं भ्रान्त्याणुमात्रे ऽपि यत्
संबन्धाय मतिः परे भवति तद्बन्धाय मूढात्मनः ।
तस्मात्त्याज्यमशेषमेव महतामेतच्छरीरादिकं
तत्कालादिविनादियुक्तित इदं तत्त्यागकर्म व्रतम् ॥३९॥

**અનુવાદઃ**—ચૈતન્ય ગુણસ્વરૂપ શુદ્ધ આત્માને છોડીને ભ્રાંતિથી જે અજ્ઞાની જીવની બુદ્ધિ પરમાણુ પ્રમાણ પણ બાહ્ય વસ્તુવિષયક સંયોગ માટે હોય છે તે તેના કર્મબંધનું કારણ થાય છે. તેથી મહાન પુરુષોએ આ શરીર આદિ સર્વનો ત્યાગ કાળાદિ વિના પ્રથમ યુક્તિએ કરવો જોઈએ. આ ત્યાગકર્મ વ્રત છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—આનો અભિપ્રાય એ છે કે શરીર આદિ જે કોઈ બાહ્ય પદાર્થ છે તેમાં મમત્વબુદ્ધિ રાખીને તેમના સંયોગ આદિ માટે જે કાંઈ પણ પ્રયત્ન કરવામાં આવે છે તેનાથી કર્મનો બંધ થાય છે અને પછી આનાથી જીવ પરાધીનતાને પ્રાપ્ત થાય છે. આનાથી વિપરીત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને ઉપાદેય સમજીને તેમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તેનાથી કર્મબંધનો અભાવ થઈને જીવને સ્વાધીનતા પ્રાપ્ત થાય છે. તેથી અહીં એ ઉપદેશ આપવામાં આવ્યો છે કે જ્યાં સુધી ઉપર્યુક્ત શરીર આદિ રત્નત્રયની પરિપૂર્ણતામાં સહાય કરે છે ત્યાં સુધી જ મમત્વબુદ્ધિ છોડીને શુદ્ધ આહાર આદિ દ્વારા તેમનું રક્ષણ કરવું જોઈએ. પરંતુ જ્યારે તે અસાધ્ય રોગાદિના કારણે ઉક્ત રત્નત્રયની પૂર્ણતામાં બાધક બની જાય છે ત્યારે તેના નાશ થવાના કાળ આદિની અપેક્ષા ન કરતાં ધર્મની રક્ષા કરતાં સંલ્લેખના વિધિથી તેમનો ત્યાગ કરી દેવો જોઈએ. એજ ત્યાગકર્મની વિશેષતા છે. ૩૯.

(શાર્દૂલવિક્રિડિત)

**मुक्त्वा मूलगुणान् यतेर्विदधतः शेषेषु यत्नं परं**
**दण्डो मूलहरो भवत्यविरतं पूजादिकं वाञ्छतः ।**
**एकं प्राप्तमरेः प्रहारमतुलं हित्वा शिरच्छेदकं**
**रक्षत्यङ्गुलिकोटिखण्डनकरं कोऽन्या रणे बुद्धिमान् ॥४०॥**

**અનુવાદ:**—મૂળગુણો છોડીને કેવળ બાકીના ઉત્તરગુણોના પરિપાલનમાં જ પ્રયત્ન કરનાર તથા નિરંતર પૂજા આદિની ઇચ્છા રાખનાર સાધુનો આ પ્રયત્ન મૂળઘાતક થશે. કારણ કે ઉત્તર ગુણોમાં દ્રઢતા આ મૂળ ગુણોના નિમિત્તે જ પ્રાપ્ત થાય છે તેથી આ તેનો પ્રયત્ન એવો છે કે જેમ યુદ્ધમાં કોઈ મૂર્ખ સુભટ પોતાના મસ્તકનું છેદન કરનાર શત્રુના અનુપમ પ્રહારની પરવા ન કરતાં કેવળ આંગળીના અગ્રભાગના ખંડન કરનાર પ્રહારથી જ પોતાની રક્ષા કરવાનો પ્રયત્ન કરે છે. ૪૦.

(શાર્દૂલવિક્રીડિત)

**म्लाने क्षालनतः कुतः कृतजलाद्यारम्भतः संयमो**
**नष्टे व्याकुलचित्तताथ महतामप्यन्यतः प्रार्थनम् ।**
**कौपीनेऽपि हृते परैश्च झटिति क्रोधः समुत्पद्यते**
**तन्नित्यं शुचि रागहृत् शमवतां वस्त्रं ककुम्मण्डलम् ॥४१॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—વસ્ત્ર મલિન થતાં તેને ધોવા માટે પાણી, સોડા, સાબુ વગેરેનો આરંભ કરવો પડે છે અને આ હાલતમાં સંયમનો ઘાત થવો અવશ્યંભાવી છે. તે સિવાય તે વસ્ત્ર નાશ પામતાં મહાન પુરુષોનું મન પણ વ્યાકુળ થઈ જાય છે તેથી બીજા પાસે તે મેળવવા માટે પ્રાર્થના કરવી પડે છે. જો બીજાઓ દ્વારા કેવળ લંગોટીનું જ અપહરણ કરવામાં આવે તો ઝટ ક્રોધ ઉત્પન્ન થાય છે. આ જ કારણે મુનિઓ સદા પવિત્ર અને રાગભાવને દૂર કરનાર દિશાઓના સમૂહરૂપ અવિનશ્વર વસ્ત્ર (દિગંબરપણા) નો આશ્રય લે છે. ૪૧.

( शार्दूलविक्रीड़ित )

**काकिन्या अपि संग्रहो न विहितः क्षौरं यया कार्यते**
**चित्तक्षेपकृदस्त्रमात्रमपि वा तत्सिद्धये नाश्रितम् ।**
**हिंसाहेतुरहो जटाद्यपि तथा यूकाभिरप्रार्थनैः**
**वैराग्यादिविवर्धनाय यतिभिः केशेषु लोचः कृतः ॥४२॥**

**અનુવાદઃ**—મુનિઓ કોડી માત્ર પણ ધનનો સંગ્રહ કરતા નથી, કે જેથી મુંડન કાર્ય કરાવી શકાય; અથવા ઉક્ત મુંડન કાર્ય સિદ્ધ કરવા માટે તેઓ અસ્તરો, કાતર વગેરે ઓજારનો પણ આશ્રય લેતા નથી કેમ કે તેનાથી ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે. તેથી તેઓ જટા ધારણ કરી લેતા હોય એ પણ શક્ય નથી કેમકે એ અવસ્થામાં તેમાં ઉત્પન્ન થનાર જૂ આદિ જંતુઓની હિંસા ટાળી શકાતી નથી. તેથી અયાચકવૃત્તિ ધારણ કરનાર સાધુઓ વૈરાગ્ય આદિ ગુણ વધારવા માટે વાળનો લોચ કરે છે. ૪૨.

( शार्दूलविक्रीड़ित )

**यावन्मे स्थितिभोजनेऽस्ति दृढता पाण्योश्च संयोजने**
**भुञ्जे तावदहं रहाम्यथ विधावेषा प्रतिज्ञा यतेः ।**
**कायेऽप्यस्पृहचेतसोऽन्त्यविधिषु प्रोल्लासिनः सन्मतेः**
**नह्येतेन दिवि स्थितिर्न नरके संपद्यते तद्विना ॥४३॥**

**અનુવાદઃ**—જ્યાં સુધી મારામાં ઉભા રહીને ભોજન કરવાની દ્રઢતા છે તથા બન્ને હાથ જોડવાની પણ દ્રઢતા છે ત્યાં સુધી હું ભોજન કરીશ, નહિ તો ભોજનનો પરિત્યાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને ભોજન વિના જ રહીશ; આ રીતે જે યતિ પ્રતિજ્ઞાપૂર્વક પોતાના નિયમમાં દઢ રહે છે તેનું ચિત્ત શરીરમાં નિઃસ્પૃહ થઈ જાય છે. તેથી તે સદ્બુદ્ધિમાન સાધુ સમાધિમરણના નિયમોમાં આનંદનો અનુભવ કરે છે. આ રીતે મરીને તે સ્વર્ગમાં સ્થિત થાય છે તથા આનાથી વિપરીત આચરણ કરનાર બીજા સાધુ નરકમાં સ્થિત થાય છે. ૪૩.

( शार्दूलविक्रीड़ित )

एकस्यापि ममत्वमात्मवपुषः स्यात्संसृतेः कारणं
को बाह्यार्थकथा प्रथीयसि तपस्याराध्यमानेऽपि च ।
तद्वास्यां हरिचन्दनेऽपि च समः संश्लिष्टतोऽप्यङ्गतो
भिन्नं स्वं स्वयमेकमात्मनि धृतं पश्यत्यजस्रं मुनिः ॥४४॥

**અનુવાદઃ**—મહાન તપનું આરાધન કરવા છતાં પણ જો એક માત્ર પોતાના શરીરમાં જ રહેવાવાળો મમત્વભાવ સંસારનું કારણ થાય છે તો ભલા પ્રત્યક્ષ જુદા દેખાતા અન્ય બાહ્ય પદાર્થોના વિષયમાં શું કહેવું? અર્થાત્ તેમના મોહથી તો સંસાર પરિભ્રમણ થશે જ. તેથી મુનિઓ નિરંતર કુહાડી અને હરિત ચંદન એ બન્નેમાંય સમભાવ ધારણ કરતાં આત્મા સાથે સંયોગ પામેલ શરીરથી ભિન્ન એક માત્ર આત્માને જ આત્મામાં ધારણ કરીને તેની ભિન્નતાનું સ્વયં અવલોકન કરે છે. ૪૪.

( शिखरिणी )

तृणं वा रत्नं वा रिपुरथ परं मित्रमथवा
सुखं वा दुःखं वा पितृवनमहो सौधमथवा ।
स्तुतिर्वा निन्दा वा मरणमथवा जीवितमथ
स्फुटं निर्ग्रंथानां द्वयमपि समं शान्तमनसाम् ॥४५॥

**અનુવાદઃ**—જેમનું મન શાન્ત થઈ ગયું છે એવા નિર્ગ્રંથ મુનિઓને ઘાસ અને રત્ન, શત્રુ અને ઉત્તમ મિત્ર, સુખ અને દુઃખ, સ્મશાન અને મહેલ, સ્તુતિ અને નિંદા તથા મરણ અને જીવન; આ ઈષ્ટ અને અનિષ્ટ પદાર્થોમાં સ્પષ્ટપણે સમાનબુદ્ધિ હોય છે. અભિપ્રાય એ છે કે તેઓ તૃણ અને શત્રુ આદિ અનિષ્ટ પદાર્થોમાં દ્વેષબુદ્ધિ રાખતા નથી તથા તેમનાથી વિપરીત રત્ન અને મિત્ર આદિ ઈષ્ટ પદાર્થોમાં રાગબુદ્ધિ પણ રાખતા નથી, પરંતુ બન્નેને સમાન સમજે છે. ૪૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मालिनी )

वयमिह निजयूथभ्रष्टसारङ्गकल्पाः
परपरिचयभीताः क्वापि किंचिच्चरामः ।
विजनमिह वसामो न व्रजामः प्रमादं
स्वकृतमनुभवामो यत्र तत्रोपविष्टाः ॥४६॥

**અનુવાદઃ**—મુનિ વિચાર કરે છે કે અહીં અમે પોતાના સમૂહમાંથી જુદા પડી ગયેલા મૃગ જેવા છીએ. તેથી તેની જેમ જ અમે પણ બીજાના પરિચયથી ભયભીત થઈને કયાંય પણ (કોઈ શ્રાવકને ત્યાં) કાંઈક ભોજન કરીએ છીએ, અહીં એકાન્ત સ્થાનમાં નિવાસ કરીએ છીએ, પ્રમાદ કરતા નથી, તથા કોઈ પણ જગ્યાએ રહીને પોતે કરેલા શુભ અથવા અશુભ કર્મનો અનુભવ કરીએ છીએ. ૪૬.

( मालिनी )

कति न कति न वारान्भूपतिर्भूरिभूतिः
कति न कति न वारानत्र जातोऽस्मि कीटः ।
नियतमिति न कस्याप्यस्ति सौख्यं न दुःखं
जगति तरलरूपे किं मुदा किं शुचा वा ॥४७॥

**અનુવાદઃ**—હું કેટકેટલી વાર બહુ સંપત્તિવાન રાજા નથી થયો? અર્થાત્ અનેક વાર અત્યંત વૈભવશાળી રાજા પણ થયો છું. આનાથી ઉલ્ટું કેટલીયે વાર હું તુચ્છ જંતુ પણ નથી થયો? અર્થાત્ અનેક ભવોમાં હું તુચ્છ જંતુ પણ થઈ ચુકયો છું. આ પરિવર્તનશીલ સંસારમાં કોઈને ય ન તો સુખ નિયત છે અને ન દુઃખે ય નિયત છે. એવી દશામાં હર્ષ અથવા વિષાદ કરવાથી શું લાભ છે? કાંઈ પણ નહિ.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે આ પ્રાણી કોઈ વાર તો મહા વૈભવશાળી રાજા થાય છે અને કોઈ વાર અનેક દુઃખ સહનાર તુચ્છ જંતુ પણ થાય છે. આથી એ નિશ્ચિત છે કે કોઈ પણ પ્રાણી સદા સુખી અથવા દુઃખી રહી શકતું નથી. પરંતુ કોઈ વાર તે સુખી પણ થાય છે અને કોઈ વાર દુઃખી પણ એવી અવસ્થામાં વિવેકી મનુષ્ય ન તો સુખમાં રાગ કરે છે અને ન દુઃખમાં દ્વેષ. ૪૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(पृथ्वी)

प्रतिक्षणमिदं हृदि स्थितमतिप्रशान्तात्मनो
मुनेर्भवति संवरः परमशुद्धिहेतुर्ध्रुवम् ।
रजः खलु पुरातनं गलति नो नवं ढौकते
ततो ऽतिनिकटं भवेदमृतधाम दुःखोज्झितम् ॥ ४८ ॥

**અનુવાદ:**—જેમનો આત્મા અત્યંત શાન્ત થઈ ગયો છે એવા મુનિના હૃદયમાં સદાય ઉપર્યુક્ત વિચાર સ્થિત રહે છે. તેથી તેમને અવશ્યમેવ અતિશય વિશુદ્ધિના કારણરૂપ સંવર થાય છે, જેનાથી નિયમથી પૂર્વકર્મની નિર્જરા થાય છે અને નવા કર્મનું આગમન પણ થતું નથી. માટે જ ઉક્ત મુનિને દુઃખોથી રહિત અને ઉત્તમ સુખના સ્થાનભૂત જે મોક્ષપદ છે તે અત્યંત નિકટ થઈ જાય છે. ૪૮.

(शिखरिणी)

प्रबोधो नीरन्ध्रं प्रवहणममन्दं पृथुतपः
सुवायुर्यैः प्राप्तो गुरुगणसहायाः प्रणयिनः ।
कियन्मात्रस्तेषां भवजलधिरेषोऽस्य च परः
कियद्दूरे पारः स्फुरति महतामुद्यमयुताम् ॥४९॥

**અનુવાદ:**—જે મુનિઓને સમ્યગ્જ્ઞાનરૂપી છિદ્ર રહિત અને શીઘ્ર ગતિવાળું જહાજ પ્રાપ્ત થયું છે, જેમણે વિપુલ તપસ્વરૂપ ઉત્તમ વાયુની પણ પ્રાપ્તિ કરી લીધી છે તથા સ્નેહી ગુરુજનો જેમના સહાયક છે; એવા ઉદ્યમશીલ મહા મુનિઓને આ સંસાર-સમુદ્ર કેવડો ક મોટો છે? અર્થાત્ તે તેમને તુચ્છ જ જણાય છે. તથા તેમને માટે તેનો બીજો કિનારો કેટલો દૂર છે? અર્થાત્ કાંઈ પણ દૂર નથી.

**વિશેષાર્થ:**—જેમ અનુભવી ચાલકોથી સંચાલિત, છિદ્રવિનાનું, શીઘ્રગામી અને અનુકૂળ પવનવાળા જહાજમાં ગમન કરનાર મનુષ્યોને અત્યંત ગંભીર અને અપાર સમુદ્ર પણ તુચ્છ જ લાગે છે તેવી જ રીતે મોક્ષમાર્ગમાં પ્રયત્નશીલ જે મહામુનિઓએ નિર્દોષ ઉત્કૃષ્ટ સમ્યગ્જ્ઞાન સાથે વિપુલ તપ પણ પ્રાપ્ત કરી લીધું છે તથા સ્નેહી ગુરુઓ જેમના માર્ગદર્શક છે તેમને માટે આ સંસાર—સમુદ્રથી પાર થવું કાંઈ પણ કઠિન નથી. ૪૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( वसंततिलका )

अभ्यस्यतान्तरदृशं किमु लोकभक्त्या
मोहं कृशीकुरुत किं वपुषा कृशेन ।
एतद्द्वयं यदि न किं बहुभिर्नियोगैः
क्लेशैश्च किं किमपरैः प्रचुरै स्तपोभिः ॥५०॥

**અનુવાદઃ**—હે મુનિઓ! સમ્યગ્જ્ઞાનરૂપ અભ્યંતર નેત્રનો અભ્યાસ કરો, તમારે લોકભક્તિનું કાંઈ પણ પ્રયોજન નથી. તે સિવાય તમે મોહને કૃશ કરો, કેવળ શરીરને કૃશ કરવાથી કાંઈ પણ લાભ નથી. કારણકે જો ઉક્ત બન્ને નહિ હોય તો પછી તેમના વિના ઘણા યમ–નિયમોથી, કાયક્લેશોથી અને બીજા પ્રચુર તપોથી કાંઈ પણ પ્રયોજન સિદ્ધ થઈ શકતું નથી. ૫૦.

( वंशस्थ )

जुगुप्सते संसृतिमत्र मायया
तितिक्षते प्राप्तपरीषहानपि ।
न चेन्मुनिर्दृष्टकषायनिग्रहा-
च्चिकित्सति स्वान्तमघप्रशान्तये ॥५१॥

**અનુવાદઃ**—જો મુનિ પાપની શાંતિ માટે દુષ્ટ કષાયોનો નિગ્રહ કરીને પોતાના મનનો ઉપચાર કરતો નથી અર્થાત્ તેને નિર્મળ કરતો નથી તો એમ સમજવું જોઈએ કે તે જે સંસારની ઘૃણા કરે છે અને પરિષહો પણ સહન કરે છે તે કેવળ માયાચારથી જ એમ કરે છે, નહિ કે અંતરની પ્રેરણાથી. ૫૧.

( शार्दूलविक्रीडित )

हिंसा प्राणिषु कल्मषं भवति सा प्रारम्भतः सोऽर्थतः
तस्मादेव भयादयोऽपि नितरां दीर्घा ततः संसृतिः ।
तत्रासातमशेषमर्थत इदं मत्वेति यस्त्यक्तवान्
मुक्त्यर्थी पुनरर्थमाश्रितवता तेनाहतः सत्पथः ॥५२॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—પ્રાણીઓની હિંસા પાપ ઉત્પન્ન કરે છે, તે હિંસા પ્રકૃષ્ટ આરંભથી થાય છે, તે આરંભ ધનના નિમિત્તે થાય છે, તે ધનથી જ ભયાદિ ઉત્પન્ન થાય છે તથા ઉક્ત ભયાદિથી સંસાર અતિશય દીર્ઘ બને છે. આ રીતે આ સમસ્ત દુઃખનું કારણ ધન જ છે એમ સમજીને જે મોક્ષાભિલાષી મુનિએ ધનનો પરિત્યાગ કરી દીધો છે તે જો ફરીથી ઉક્ત ધનનો આશ્રય લે છે તો સમજવું જોઈએ કે તેણે મોક્ષમાર્ગનો નાશ કર્યો છે. ૫૨.

( शार्दूलविक्रीडित )

दुर्ध्यानार्थमवद्यकारणमहो निर्ग्रन्थताहानये
शय्याहेतु तृणाद्यपि प्रशमिनां लज्जाकरं स्वीकृतम् ।
यत्तत्किं न गृहस्थयोग्यमपरं स्वर्णादिकं सांप्रतं
निर्ग्रन्थेष्वपि चेत्तदस्ति नितरां प्रायः प्रविष्टः कलिः ॥५३॥

**અનુવાદ:**—જો શય્યાના નિમિત્ત સ્વીકારવામાં આવેલ લજ્જાજનક તૃણ આદિ પણ મુનિઓને આર્ત-રૌદ્રસ્વરૂપ દુર્ધ્યાન અને પાપનું કારણ હોઈને તેમનું નિર્ગ્રંથપણું (નિષ્પરિગ્રહપણું) નષ્ટ કરે છે તો પછી ગૃહસ્થને યોગ્ય અન્ય સુવર્ણ આદિ શું તે નિર્ગ્રંથપણાના ઘાતક નહિ થાય? અવશ્ય થશે. વળી જો વર્તમાનમાં નિર્ગ્રંથ કહેવાતા મુનિઓને પણ ઉપર્યુક્ત ગૃહસ્થ યોગ્ય સુવર્ણ આદિ પરિગ્રહ રહે છે તો સમજવું જોઈએ કે ઘણું કરીને કળિકાળનો પ્રવેશ થઈ ગયો છે ૫૩.

( आर्या )

कादाचित्को बन्धः क्रोधादेः कर्मणः सदा संगात् ।
नातः क्वापि कदाचित्परिग्रहग्रहवतां सिद्धिः ॥५४॥

**અનુવાદ:**—ક્રોધાદિ કષાયોના નિમિત્તે જે બંધ થાય છે તે કાદાચિત્ક હોય છે અર્થાત્ કોઈ વાર થાય છે અને કોઈ વાર નથી પણ થતો. પરંતુ પરિગ્રહના નિમિત્તે જે બંધ થાય છે તે સદા કાળ થાય છે તેથી જે સાધુઓ પરિગ્રહરૂપી ગ્રહથી પીડાયેલા છે તેમને ક્યાંય અને કદી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

( इन्द्रवज्रा )

मोक्षेऽपि मोहादभिलाषदोषो
विशेषतो मोक्षनिषेधकारी ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( इन्द्रवज्रा )

यतस्ततो ऽध्यात्मरतो मुमुक्षु-
र्भवेत् किमन्यत्र कृताभिलाषः ॥५५॥

**અનુવાદ**:—જ્યાં અજ્ઞાનથી મોક્ષના વિષયમાં પણ કરવામાં આવતી અભિલાષા દોષરૂપ હોઈને વિશેષરૂપે મોક્ષની નિષેધક હોય છે તો શું પોતાના શુદ્ધ આત્મામાં લીન થયેલ મોક્ષના અભિલાષી સાધુ સ્ત્રી-પુત્ર-મિત્રાદિ રૂપ અન્ય બાહ્ય વસ્તુઓની અભિલાષા કરશે? અર્થાત્ કદી નહિ કરે. ૫૫.

( पृथ्वी )

परिग्रहवतां शिवं यदि तदानलः शीतलो
यदीन्द्रियसुखं सुखं तदिह कालकूटः सुधा ।
स्थिरा यदि तनुस्तदा स्थिरतरं तडिड्म्बरं
भवेऽत्र रमणीयता यदि तदिन्द्रजालेऽपि च ॥५६॥

**અનુવાદ**:—જો પરિગ્રહયુક્ત જીવોનું કલ્યાણ થઈ શકતું હોય તો અગ્નિ પણ શીતળ થઈ શકે, જો ઇન્દ્રિયજન્ય સુખ વાસ્તવિક સુખ હોઈ શકે તો તીવ્ર વિષ પણ અમૃત બની શકે, જો શરીર સ્થિર રહી શકે તો આકાશમાં ઉત્પન્ન થનારી વીજળી તેનાથી પણ અધિક સ્થિર થઈ શકે તથા આ સંસારમાં જો રમણીયતા હોઈ શકે તો તે ઇન્દ્રજાળમાં પણ હોઈ શકે.

**વિશેષાર્થ**:—આનો અભિપ્રાય એ છે કે જેમ અગ્નિનું શીતળ હોવું અસંભવ છે. તેવી જ રીતે પરિગ્રહથી કલ્યાણ થવું પણ અસંભવ જ છે. એવી જ રીતે જેમ વિષ કદી અમૃત થઈ શકતું નથી; આકાશમાં ચંચળ વીજળી કદી સ્થિર રહી શકતી નથી અને ઇન્દ્ર-જાળ કદી રમણીય હોઈ શકતું નથી; તેમ ક્રમશઃ ઇન્દ્રિય સુખ કદી સુખ થઈ શકતું નથી, શરીર કદી સ્થિર રહી શકતું નથી અને આ સંસાર કદી રમણીય હોઈ શકતો નથી. ૫૬.

( मालिनी )

स्मरमपि हृदि येषां ध्यानवह्निप्रदीप्ते
सकलभुवनमल्लं दह्यमानं विलोक्य ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कृतभिय इव नष्टास्ते कषाया न तस्मिन्
पुनरपि हि समीयुः साधवस्ते जयन्ति ॥५७॥

**અનુવાદ**:—જે મુનિઓના ધ્યાનરૂપી અગ્નિથી પ્રજ્વલિત હૃદયમાં ત્રિલોકવિજયી કામદેવને પણ બળતો જોઈને જાણે અતિશય ભયભીત થયેલા કષાયો એવી રીતે નષ્ટ થઈ ગયા કે તેમાં તે ફરીથી પ્રવેશી ન શક્યા, તે મુનિઓ જયવંત વર્તે છે. ૫૭.

( उपेन्द्रवज्रा )

अनर्घ्यरत्नत्रयसंपदोऽपि निर्ग्रन्थतायाः पदमद्वितीयम् ।
अपिप्रशान्ताः स्मरवैरिवध्वा वधव्यदास्ते गुरवो नमस्याः ।५८।

**અનુવાદ**:—જે ગુરુ અમૂલ્ય રત્નત્રયસ્વરૂપ સંપત્તિયુક્ત હોવા છતાં પણ નિર્ગ્રંથ-પણાનું અનુપમ પદ પામ્યા છે તથા જે અત્યંત શાન્ત હોવા છતાં પણ કામદેવરૂપ શત્રુની પત્નીને વૈધવ્ય પ્રાપ્ત કરાવનાર છે, તે ગુરુ નમસ્કાર કરવા યોગ્ય છે.

**વિશેષાર્થ**:—જે અમલ્ય ત્રણ રત્નો સહિત હોય તે નિર્ગ્રન્થ (દરિદ્ર) હોઈ શકે નહિ એવી જ રીતે જે પ્રશાન્ત હોય-ક્રોધાદિ વિકારોથી રહિત હોય-તે શત્રુ પત્નીને વિધવા બનાવી શકે નહિ. આ રીતે અહીં વિરોધાભાસ પ્રગટ કરીને તેનો પરિહાર કરતાં ગ્રંથકાર એમ બતાવે છે કે જે ગુરુ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ અનુપમ રત્નત્રયના ધારક થઈને નિર્ગ્રન્થ-મૂર્છારહિત થયા થકા દિગંબરત્વ-અવસ્થાને પ્રાપ્ત થયા છે; તથા જે અશાન્તિના કારણભૂત ક્રોધાદિ કષાયોને નષ્ટ કરીને કામવાસનાથી રહિત થઈ ગયા છે તે ગુરુઓને નમસ્કાર કરવા જોઈએ. ૫૮.

( शार्दूलविक्रीड़ित )

ये स्वाचारमपारसौख्यसुतरोर्बीजं परं पञ्चधा ।
सद्बोधाः स्वयमाचरन्ति च परानाचारयन्त्येव च ।
ग्रन्थग्रन्थिविमुक्तमुक्तिपदवीं प्राप्ताश्च यैः प्रापिताः
ते रत्नत्रयधारिणः शिवसुखं कुर्वन्तु नः सूरयः ॥५९॥

**અનુવાદ**:—જે વિવેકી આચાર્ય અપરિમિત સુખરૂપી ઉત્તમ વૃક્ષના બીજભૂત પોતાના પાંચ પ્રકારના ( જ્ઞાન, દર્શન, તપ, વીર્ય અને ચારિત્ર ) ઉત્કૃષ્ટ આચારનું સ્વયં પાલન કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તથા અન્ય શિષ્યાદિકોને પણ પાલન કરાવે છે જે પરિગ્રહરૂપી ગાંઠ રહિત એવા મોક્ષમાર્ગને સ્વયં પ્રાપ્ત થઈ ચુકયા છે તથા જેમણે અન્ય આત્મહિતૈષીઓને પણ ઉક્ત મોક્ષમાર્ગ પ્રાપ્ત કરાવ્યો છે, તે રત્નત્રયના ધારક આચાર્ય પરમેષ્ઠી અમને મોક્ષસુખ પ્રદાન કરે. ૫૯.

( वसंततिलका )

भ्रान्तिप्रदेषु बहुवर्त्मसु जन्मकक्षे
पन्थानमेकममृतस्य परं नयन्ति ।
ये लोकमुन्नतधियः प्रणमामि तेभ्यः
तेनाप्यहं जिगमिषुर्गुरुनायकेभ्यः ॥६०॥

**અનુવાદઃ**—જે ઉન્નતબુદ્ધિના ધારક આચાર્ય આ જન્મ-મરણ સ્વરૂપ સંસારરૂપી વનમાં ભ્રાન્તિ ઉત્પન્ન કરનાર અનેક માર્ગ હોવા છતાં પણ બીજા માણસોને કેવળ મોક્ષના માર્ગે જ લઈ જાય છે તે અન્ય મુનિઓને સન્માર્ગે લઈ જનાર આચાર્યોને હું પણ તે જ માર્ગે જવાનો ઇચ્છુક હોઈને નમસ્કાર કરું છું. ૬૦.

( शार्दूलविक्रीड़ित )

शिष्याणामपहाय मोहपटलं कालेन दीर्घेण य-
ज्जातं स्यात्पदलाञ्छितोज्ज्वलवचोदिव्याञ्जनेन स्फुटम्।
ये कुर्वन्ति दृशं परामतितरां सर्वावलोकक्षमां
लोके कारणमन्तरेण भिषजास्ते पान्तु नो ऽध्यापकाः ॥६१॥

**અનુવાદઃ**—જે લોકમાં અકારણ (નિસ્વાર્થ) વૈદ્ય સમાન હોઈને શિષ્યોના ચિરકાળથી ઉત્પન્ન થયેલ અજ્ઞાન સમૂહનો નાશ કરીને 'સ્યાત્' પદથી ચિહ્નિત અર્થાત્ અનેકાન્તમય નિર્મળ વચનરૂપી દિવ્ય અંજનથી તેમની અત્યંત શ્રેષ્ઠ દૃષ્ટિને સ્પષ્ટપણે સમસ્ત પદાર્થોને દેખવામાં સમર્થ કરી દે છે તે ઉપાધ્યાય પરમેષ્ઠી અમારી રક્ષા કરો. ૬૧.

( शार्दूलविक्रीड़ित )

उन्मुच्यालयबन्धनादपि दृढात्काये ऽपि वीतस्पृहा-
श्चित्ते मोहविकल्पजालमपि यद्दुर्भेद्यमन्तस्तमः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भेदायास्य हि साधयन्ति तदहो ज्योतिर्जितार्कप्रभं
ये सद्बोधमयं भवन्तु भवतां ते साधवः श्रेयसे ॥६२॥

**અનુવાદઃ**—જે મજબુત ગૃહરૂપી બંધનથી છૂટીને પોતાના શરીરના વિષયમાં પણ નિસ્પૃહ (મમત્વરહિત) થઈ ચુકયા છે તથા જે મનમાં સ્થિત દુર્ભેદ્ય (મુશ્કેલીથી નષ્ટ કરાય તેવું) મોહજનિત વિકલ્પ સમૂહરૂપી અભ્યંતર અંધકારને નષ્ટ કરવા માટે સૂર્યના તેજને પણ જીતનાર એવી ઉત્તમ જ્ઞાનરૂપી જ્યોતિને સિદ્ધ કરવામાં તત્પર છે તે સાધુઓ આપનું કલ્યાણ કરો ૬૨.

(वसंततिलका)

वज्रे पतत्यपि भयद्रुतविश्वलोक-
मुक्ताध्वनि प्रशमिनो न चलन्ति योगात् ।
बोधप्रदीपहतमोहमहान्धकाराः
सम्यग्दृशः किमुत शेषपरीषहेषु ॥६३॥

**અનુવાદઃ**—ભયથી શીઘ્રતાપૂર્વક ભાગનાર સમસ્ત જનસમૂહ દ્વારા જેનો માર્ગ છોડી દેવામાં આવે છે એવું વજ્ર પડતાં પણ જે મુનિઓ સમાધિથી વિચલિત થતા નથી તે જ્ઞાનરૂપી દીપક દ્વારા અજ્ઞાનરૂપી ઘોર અંધકારનો નાશ કરનાર સમ્યગ્દષ્ટિ મુનિઓ શું બાકીના પરીષહો આવતાં વિચલિત થઇ શકે ? કદી નહિ. ૬૩.

(शार्दूलविक्रीड़ित)

प्रोद्यत्तिग्मकरोग्रतेजसि लसच्चण्डानिलोद्यद्दिशि
स्फारीभूतसुतप्तभूमिरजसि प्रक्षीणनद्यम्भसि ।
ग्रीष्मे ये गुरुमेदिनीध्रशिरसि ज्योतिर्निधायोरसि
ध्वान्तध्वंसकरं वसन्ति मुनयस्ते सन्तु नः श्रेयसे ॥६४॥

**અનુવાદઃ**—જે ગ્રીષ્મકાળ ઉગતા સૂર્યના કિરણોના તીક્ષ્ણ તેજથી સંયુક્ત હોય છે, જેમાં તીક્ષ્ણ પવન (લૂ) થી દિશાઓ પરિપૂર્ણ થઈ જાય છે, જેમાં અત્યંત સંતપ્ત થયેલી પૃથ્વીની ધૂળ અધિક પ્રમાણમાં ઉત્પન્ન થાય છે તથા જેમાં નદીઓના જળ સૂકાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે તે ગ્રીષ્મ કાળમાં જે મુનિઓ હૃદયમાં અજ્ઞાન અંધકારને નષ્ટ કરનાર જ્ઞાનજ્યોતિને ધારણ કરીને મહાપર્વતના શિખર ઉપર નિવાસ કરે છે તે મુનિઓ અમારું કલ્યાણ કરો. ૬૪.

(शार्दूलविक्रीडित)

**ते वः पान्तु मुमुक्षवः कृतरवैरब्दैरतिश्यामलैः**
**शश्वद्वारिवमद्भिरब्धिविषयक्षारत्वदोषादिव ।**
**काले मज्जदिले पतद्गरिकुले धावद्धुनीसंकुले**
**झञ्झावातविसंस्थुले तरुतले तिष्ठन्ति ये साधवः ॥६५॥**

**અનુવાદઃ**—જે વર્ષાકાળમાં ગર્જના કરતાં, અતિશય કાળા તથા સમુદ્રના ક્ષારત્વ (ખારાશ)ના દોષથી જ જાણે હમેશાં પાણી વરસાવનારા એવા વાદળીઓ દ્વારા પૃથ્વી જળમાં ડૂબવા લાગે છે, જેમાં પાણીના પ્રબળ પ્રવાહથી પર્વતોના સમૂહ પડવા લાગે છે, જે વેગથી વહેતી નદીઓથી વ્યાપ્ત હોય છે તથા જે ઝંઝાવાતથી (જળમિશ્રિત તીક્ષ્ણ વાયુથી) સંયુક્ત હોય છે, એવા તે વર્ષાકાળમાં જે મોક્ષની ઇચ્છાવાળા સાધુઓ વૃક્ષની નીચે સ્થિત રહે છે તે તમારી રક્ષા કરો. ૬૫.

(शार्दूलविक्रीडित)

**म्लायत्कोकनदे गलत्कपिमदे भ्रश्यद् द्रुमौघच्छदे**
**हर्षद्रोमदरिद्रके हिमऋतावत्यन्तदुःखप्रदे ।**
**ये तिष्ठन्ति चतुष्पथे पृथुतपः सौधस्थिताः साधवः**
**ध्यानोष्मप्रहतोग्रशैत्यविधुरास्ते मे विदध्युः श्रियम् ॥६६॥**

**અનુવાદઃ**—જે ઋતુમાં કમળ કરમાવા લાગે છે, વાંદરાનું અભિમાન નાશ પામે છે, વૃક્ષો ઉપરથી પાંદડા નાશ પામે છે તથા ઠંડીથી ગરીબોના રુંવાટા કંપી ઉઠે છે; તે અત્યંત દુઃખ આપનારી શિયાળાની ઋતુમાં વિશાળ તપરૂપી મહેલમાં સ્થિત અને ધ્યાનરૂપી ઉષ્ણતાથી નષ્ટ કરવામાં આવેલ તીક્ષ્ણ ઠંડીથી રહિત જે સાધુ ચોકમાં સ્થિત રહે છે તે સાધુઓ મને લક્ષ્મી આપો. ૬૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( वसन्ततिलका )

कालत्रये बहिरवस्थितिजातवर्षा-
शीतातपप्रमुखसंघटितोग्रदुःखे ।
आत्मप्रबोधविकले सकलो ऽपि कायक्लेशो
वृथा वृतिरिवोज्झितशालिवप्रे ॥६७॥

**અનુવાદઃ**—જે સાધુ ત્રણે ઋતુઓમાં ઘર છોડીને બહાર રહેવાથી ઉત્પન્ન થયેલ વર્ષા, ઠંડી અને ગરમી આદિનું તીવ્ર દુઃખ સહન કરે છે તે જો તે ત્રણ ઋતુઓમાં અધ્યાત્મ-જ્ઞાનથી રહિત હોય છે તો તેમનો આ બધો ય કાયકલેશ એવો જ નિષ્ફળ છે જેવું અનાજના છોડ વિનાના ખેતરમાં વાંસ અને કાંટા આદિથી વાડનું રચવું નિષ્ફળ છે. ૬૭.

( शार्दूलविक्रीडित )

संप्रत्यस्ति न केवली किल कलौ त्रैलोक्यचूडामणिः
तद्वाचः परमासते ऽत्र भरतक्षेत्रे जगद्द्योतिकाः ।
सद्रत्नत्रयधारिणो यतिवरास्तासां समालम्बनं
तत्पूजा जिनवाचि पूजनमतः साक्षाज्जिनः पूजितः ॥६८॥

**અનુવાદઃ**—અત્યારે આ કળિકાળ (પંચમ કાળ) માં ભરતક્ષેત્રમાં જો કે ત્રણે લોકમાં શ્રેષ્ઠભૂત કેવળી ભગવાન વિરાજમાન નથી છતાં પણ લોકને પ્રકાશિત કરનાર તેમના વચન તો અહીં વિદ્યમાન છે જ અને તે વચનોના આશ્રયરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ઉત્તમ રત્નત્રયના ધારક શ્રેષ્ઠ મુનિરાજ છે. તેથી ઉક્ત મુનિઓની પૂજા વાસ્તવમાં જિનવચનોની જ પૂજા છે અને એનાથી પ્રત્યક્ષમાં જિન ભગવાનની જ પૂજા કરવામાં આવી છે એમ સમજવું જોઈએ.

**વિશેષાર્થઃ**—આ પંચમ કાળમાં ભરત અને ઐરાવત ક્ષેત્રોમાં સાક્ષાત કેવળી વિદ્યમાન હોતા નથી છતાં પણ જીવોના અજ્ઞાન અંધકારને હરનાર તેમના વચનો (જિનાગમ) પરંપરાથી પ્રાપ્ત છે જ. તે વચનોના જ્ઞાતા શ્રેષ્ઠ મુનિઓ જ છે તેથી તેઓ પૂજનીય છે. આ રીતે કરવામાં આવેલી ઉક્ત મુનિઓની પૂજાથી જિનાગમની પૂજા અને એનાથી સાક્ષાત્ જિન ભગવાનની જ પૂજા કરાઈ છે એમ સમજવું જોઈએ. ૬૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शार्दूलविक्रीड़ित)

स्पृष्टा यत्र मही तदङ्घ्रिकमलैस्तत्रैति सत्तीर्थतां
तेभ्यस्ते ऽपि सुराः कृताञ्जलिपुटा नित्यं नमस्कुर्वते।
तन्नामस्मृतिमात्रतोऽपि जनता निष्कल्मषा जायते
ये जैना यतयश्चिदात्मनि परं स्नेहं समातन्वते ॥६९॥

**અનુવાદ:**—જે જૈન મુનિ જ્ઞાન દર્શન સ્વરૂપ ચૈતન્યમય આત્મામાં ઉત્કૃષ્ટ સ્નેહ કરે છે તેમના ચરણકમળો દ્વારા જ્યાં પૃથ્વીનો સ્પર્શ થાય છે ત્યાંની તે પૃથ્વી ઉત્તમ તીર્થ બની જાય છે, તેમને બન્ને હાથ જોડીને દેવો પણ નિત્ય નમસ્કાર કરે છે તથા તેમના નામના સ્મરણમાત્રથી જ જનસમૂહ પાપ રહિત થઈ જાય છે. ૬૯.

(शार्दूलविक्रीड़ित)

सम्यग्दर्शनबोधवृतनिचितः शान्तः शिवैषी मुनि-
र्मन्दैः स्यादवधीरितो ऽपि विशदः साम्यं यदालम्बते।
आत्मा तैर्विहतो यदत्र विषमध्वान्तश्रिते निश्चितं
संपातो भवितोग्रदुःखनरके तेषामकल्याणिनाम् ॥७०॥

**અનુવાદ:**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી સંપન્ન, શાન્ત અને આત્મકલ્યાણ (મોક્ષ)ના અભિલાષી મુનિ અજ્ઞાનીઓ દ્વારા તિરસ્કૃત થઈને ય સમતા (વીતરાગતા)નો જ આશ્રય લે છે તેથી તે તો નિર્મળ જ રહે છે પણ તેમ કરવાથી તે અજ્ઞાનીઓ જ પોતાના આત્માનો ઘાત કરે છે કારણ કે કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ થયેલા તે અજ્ઞાનીઓનું ગાઢ અંધકારથી વ્યાપ્ત અને તીવ્ર દુઃખોથી સંયુક્ત એવા નરકમાં નિયમથી પતન થશે. ૭૦.

(स्रग्धरा)

मानुष्यं प्राप्य पुण्यात्प्रशममुपगता रोगवद्भोगजातं
मत्वा गत्वा वनान्तं दृशि विदि चरणे ये स्थिताः संगमुक्ताः।
कः स्तोता वाक्पथातिक्रमणपटुगुणैराश्रितानां मुनीनां
स्तोतव्यास्ते महद्भिर्भुवि य इह तदङ्घ्रिद्वये भक्तिभाजः ।७१।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જે મુનિ પુણ્યના પ્રભાવથી મનુષ્ય ભવ પામીને શાન્તિ પામ્યા થકા ઇન્દ્રિયજનિત ભોગોને રોગ સમાન કષ્ટદાયક સમજી લે છે અને તેથી જે ગૃહથી વનની મધ્યમાં જઈને સમસ્ત પરિગ્રહથી રહિત થયા થકા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સ્થિત થઈ જાય છે; વચનઅગોચર એવા ઉત્તમોત્તમ ગુણોના આશ્રયભૂત તે મુનિઓની સ્તુતિ કરવામાં કયો સ્તુતિકાર સમર્થ છે? કોઈ પણ નહિ. જે મનુષ્યો ઉક્ત મુનિઓના બન્ને ચરણોમાં અનુરાગ કરે છે તે અહીં પૃથ્વી ઉપર મહાપુરુષો દ્વારા સ્તુતિ કરવાને યોગ્ય છે. ૭૧.

( शार्दूलविक्रीडित )

**तत्त्वार्थाप्ततपोभृतां यतिवराः श्रद्धानमाहुर्दृशं**
**ज्ञानं जानदनूनमप्रतिहतं स्वार्थावसंदेहवत् ।**
**चारित्रं विरतिः प्रमादविलसत्कर्मास्रवाद्योगिनां**
**एतन्मुक्तिपथस्त्रयं च परमो धर्मो भवच्छेदकः ॥७२॥**

**અનુવાદ:**—આ રીતે મુનિના આચારધર્મનું નિરૂપણ થયું. સાત તત્ત્વ, દેવ અને ગુરુનું શ્રદ્ધાન કરવું; એને મુનિઓમાં શ્રેષ્ઠ ગણધર આદિ સમ્યગ્દર્શન કહે છે. સ્વ અને પર પદાર્થ બન્નેની ન્યૂનતા, બાધા અને સંદેહ રહિત થઈને જે જાણે છે તેને જ્ઞાન કહેવામાં આવે છે. યોગિઓના પ્રમાદથી થતા કર્માસ્રવથી રહિત થઈ જવાનું નામ ચારિત્ર છે. આ ત્રણે મોક્ષના માર્ગ છે. આ જ ત્રણેને ઉત્તમ ધર્મ કહેવામાં આવે છે જે સંસારનો વિનાશક થાય છે. ૭૨.

( मालिनी )

**हृदयभुवि दृगेकं बीजमुप्तं त्वशङ्का-**
**प्रभृतिगुणसदम्भःसारणी सिक्तमुच्चैः ।**
**भवदवगमशाखश्चारुचारित्र पुष्प-**
**स्तरुरमृतफलेन प्रीणयत्याशु भव्यम् ॥७३॥**

**અનુવાદ:**—હૃદયરૂપી પૃથ્વીમાં વાવેલું એક સમ્યગ્દર્શનરૂપી બીજ નિઃશંકિત આદિ આઠ અંગરવરૂપ ઉત્તમ જળથી પરિપૂર્ણ નાની નદીદ્વારા અતિશય સીંચાઈને ઉત્પન્ન થયેલી સમ્યગ્જ્ઞાનરૂપી શાખાઓ અને મનોહર સમ્યક્ચારિત્ર રૂપી પુષ્પોથી સંપન્ન થતું થકું વૃક્ષ-રૂપે પરિણમે છે, જે ભવ્યજીવને તરત જ મોક્ષરૂપી ફળ આપીને પ્રસન્ન કરે છે. ૭૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मालिनी )

दृगवगमचरित्रालंकृतः सिद्धिपात्रं
लघुरपि न गुरुः स्यादन्यथात्वे कदाचित् ।
स्फुटमवगतमार्गो याति मन्दोऽपि गच्छ-
न्नभिमतपदमन्यो नैव तूर्णोऽपि जन्तुः ॥७४॥

**અનુવાદઃ**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી વિભૂષિત પુરુષ જો તપ આદિ અન્ય ગુણોમાં મંદ પણ હોય તોય તે સિદ્ધિને પાત્ર છે અર્થાત્ તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પણ એનાથી વિપરીત જો રત્નત્રય રહિત પુરુષ અન્ય ગુણોમાં મહાન્ પણ હોય તોય તે કદી યે સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. યોગ્ય જ છે–સ્પષ્ટ રીતે માર્ગથી પરિચિત મનુષ્ય જો ચાલવામાં મંદ પણ હોય તોય તે ધીરે ધીરે ચાલીને ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે. પણ એનાથી વિપરીત જે અન્ય મનુષ્ય માર્ગથી અજાણ છે તે ચાલવામાં ખૂબ ઝડપી હોય તો પણ ઇચ્છિત સ્થાને પહોંચી શકતો નથી. ૭૪.

( मालिनी )

वनशिखिनि मृतोऽन्धः संचरन् बाढमङ्घ्रि-
द्वितयविकलमूर्तिर्वीक्षमाणोऽपि खञ्जः ।
अपि सनयनपादोऽश्रद्दधानश्च तस्माद्
दृगवगमचरित्रैः संयुतैरेव सिद्धिः ॥७५॥

**અનુવાદઃ**—દાવાનળથી સળગતા વનમાં શીઘ્ર ગમન કરનાર અંધ મનુષ્ય મરી જાય છે, તેવી જ રીતે બન્ને પગ વિનાનો લંગડો માણસ દાવાનળને જોતો હોવા છતાં પણ ચાલવામાં અસમર્થ હોવાથી બળીને મરી જાય છે. અગ્નિનો વિશ્વાસ ન કરનાર મનુષ્ય નેત્ર અને પગ સંયુક્ત હોવા છતાં પણ ઉક્ત દાવાનળમાં ભસ્મ થઈ જાય છે. તેથી જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેની એકતાને પ્રાપ્ત થતાં જ તેમનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એમ નક્કી સમજવું જોઈએ.

**વિશેષાર્થઃ**—જેવી રીતે ઉક્ત ત્રણે મનુષ્યોમાં એક જણ તો આંખોથી અગ્નિ દેખીને અને ભાગવામાં સમર્થ હોવા છતાં પણ કેવળ અવિશ્વાસને કારણે મરે છે, બીજો ( આંધળો )



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માણસ અગ્નિનું જ્ઞાન ન હોવાથી મૃત્યુ પામે છે, તથા ત્રીજો (લંગડો) માણસ અગ્નિનો વિશ્વાસ કરીને અને તેને જાણીને પણ ચાલવામાં અસમર્થ હોવાથી જ મૃત્યુના મુખમાં પ્રવેશે છે. તેવી જ રીતે જ્ઞાન અને ચારિત્રરહિત જે પ્રાણી તત્ત્વાર્થનું કેવળ શ્રદ્ધાન કરે છે, શ્રદ્ધાન અને ચારિત્રથી રહિત જેને એક માત્ર તત્ત્વાર્થનું પરિજ્ઞાન જ છે અથવા શ્રદ્ધા અને જ્ઞાન રહિત જે જીવ કેવળ ચારિત્રનું જ પરિપાલન કરે છે; એ ત્રણમાંથી કોઈને પણ મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. તે તો આ ત્રણેની એકતામાં જ પ્રાપ્ત થઈ શકે છે. ૭૫.

( मालिनी )

**बहुभिरपि किमन्यैः प्रस्तरै रत्नसंज्ञै-**
**र्वपुषि जनितखेदैर्भारकारित्वयोगात् ।**
**हतदुरिततमोभिश्चारुरत्नैरनर्घ्यै-**
**स्त्रिभिरपि कुरुतात्मालंकृतिं दर्शनाद्यैः ॥७६॥**

**અનુવાદ:**—'રત્ન' સંજ્ઞા ધારણ કરનાર અન્ય ઘણા પત્થરોથી શું લાભ ? કારણ કે ભારયુક્ત હોવાથી તેમના દ્વારા કેવળ શરીરમાં ખેદ જ ઉત્પન્ન થાય છે. તેથી પાપરૂપ અંધકારને નષ્ટ કરનાર સમ્યગ્દર્શનાદિરૂપ અમૂલ્ય ત્રણેય સુંદર રત્નોથી પોતાના આત્માને વિભૂષિત કરવો જોઈએ. ૭૬.

( मालिनी )

**जयति सुखनिधानं मोक्षवृक्षैकबीजं**
**सकलमलविमुक्तं दर्शनं यद्विना स्यात् ।**
**मतिरपि कुमतिर्नु दुश्चरित्रं चरित्रं**
**भवति मनुजजन्म प्राप्तमप्राप्तमेव ॥७७॥**

**અનુવાદ:**—જે સમ્યગ્દર્શન વિના જ્ઞાન મિથ્યાજ્ઞાન અને ચારિત્ર મિથ્યાચારિત્ર રહ્યા કરે છે તે સુખના સ્થાનભૂત, મોક્ષરૂપી વૃક્ષના અદ્વિતીય બીજરૂપ તથા સમસ્ત દોષરહિત સમ્યગ્દર્શન જયવંત વર્તે છે. ઉક્ત સમ્યગ્દર્શન વિના પ્રાપ્ત થયેલો મનુષ્ય જન્મ પણ નહિ પ્રાપ્ત થવા બરાબર જ રહે છે. [ કારણ કે મનુષ્ય જન્મની સફળતા સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં જ હોઈ શકે છે, પણ તેને તો પ્રાપ્ત કર્યું **નથી.** ] ૭૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

भवभुजगनागदमनी दुःखमहादावशमनजलवृष्टिः ।
मुक्तिसुखामृतसरसी जयति दृगादित्रयी सम्यक् ॥७८॥

**અનુવાદ:**—જે સમ્યગ્દર્શન આદિ ત્રણ રત્ન સંસારરૂપી સર્પનું દમન કરવા માટે નાગદમની સમાન છે, દુ:ખરૂપી દાવાનળને શાન્ત કરવા માટે જળવૃષ્ટિ સમાન છે તથા મોક્ષસુખરૂપ અમૃતના તળાવ સમાન છે; તે સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્ન સારી રીતે જયવંત વર્તે છે. ૭૮.

( मालिनी )

वचनविरचितैवोत्पद्यते भेदबुद्धि-
र्दृगवगमचरित्राण्यात्मनः स्वं स्वरूपम् ।
अनुपचरितमेतच्चेतनकस्वभावं
व्रजति विषयभावं योगिनां योगदृष्टेः ॥७९॥

**અનુવાદ:**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણે આત્માના પોતાના સ્વરૂપ છે. આમાં જે ભિન્નતાની બુદ્ધિ થાય છે તે કેવળ શબ્દજનિત જ હોય છે—વાસ્તવમાં તે ત્રણે અભિન્ન જ છે. આત્માનું આ સ્વરૂપ ઉપચારરહિત અર્થાત્ પરમાર્થભૂત અને ચેતના જ છે એક સ્વભાવ જેનો એવું થયું થકું યોગીજનોની યોગરૂપ દૃષ્ટિના વિષયપણાને પામે છે અર્થાત્ તેનું અવલોકન યોગીઓ જ પોતાની યોગદૃષ્ટિથી કરી શકે છે. ૭૯.

( उपेन्द्रवज्रा )

निरूप्य तत्त्वं स्थिरतामुपागता
मतिः सतां शुद्धनयावलम्बिनी ।
अखण्डमेकं विशदं चिदात्मकं
निरन्तरं पश्यति तत्परं महः ॥८०॥

**અનુવાદ:**—શુદ્ધનયનો આશ્રય લેનારી સાધુઓની બુદ્ધિ તત્ત્વનું નિરૂપણ કરીને સ્થિરતાને પામતી થકી નિરંતર અખંડ, એક, નિર્મળ અને ચેતનસ્વરૂપ તે ઉત્કૃષ્ટ જ્યોતિનું જ અવલોકન કરે છે. ૮૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(स्रग्धरा)

दृष्टिर्निर्णीतिरात्माह्वयविशदमहस्यत्र बोधः प्रबोधः
शुद्धं चारित्रमत्र स्थितिरिति युगपद्बन्धविध्वंसकारि ।
बाह्यं बाह्यार्थमेव त्रितयमपि परं स्याच्छुभो वाशुभो वा
बन्धः संसारमेवं श्रुतनिपुणधियः साधवस्तं वदन्ति ॥८१॥

**અનુવાદ:**—આત્મા નામના નિર્મળ તેજનો નિર્ણય કરવો અર્થાત્ પોતાના શુદ્ધ આત્મરૂપમાં રુચિ ઉત્પન્ન થવાનું નામ સમ્યગ્દર્શન છે. તે જ આત્મસ્વરૂપના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. તે જ આત્મસ્વરૂપમાં લીન થવાને સમ્યક્ચારિત્ર કહે છે. આ ત્રણે એક સાથે ઉત્પન્ન થઈને બંધનો વિનાશ કરે છે. બાહ્ય રત્નત્રય કેવળ બાહ્ય પદાર્થો (જીવાજીવાદિ)ને જ વિષય કરે છે અને તેનાથી શુભ અથવા અશુભ કર્મનો બંધ થાય છે જે સંસાર પરિભ્રમણનું જ કારણ છે. આ રીતે આગમના જાણકાર સાધુઓ નિરૂપણ કરે છે.

**વિશેષાર્થ:**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેમાંથી પ્રત્યેક વ્યવહાર અને નિશ્ચયના ભેદથી બબ્બે પ્રકારના છે. એમાં જીવાદિક સાત તત્ત્વોના યથાર્થ સ્વરૂપનું શ્રદ્ધાન કરવું તે વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે. તેમના સ્વરૂપને જાણવાનું નામ વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. અશુભ ક્રિયાઓનો પરિત્યાગ કરીને શુભ ક્રિયાઓમાં પ્રવૃત્ત થવાને વ્યવહાર સમ્યક્ચારિત્ર કહેવાય છે. દેહાદિથી ભિન્ન આત્મામાં રુચિ થવાનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે જ દેહાદિથી ભિન્ન આત્માના સ્વરૂપના અવબોધને નિશ્ચય સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આત્મસ્વરૂપમાં લીન રહેવાને નિશ્ચય સમ્યક્ચારિત્ર કહે છે. એમાં વ્યવહાર રત્નત્રય શુભ અને અશુભ કર્મોના બંધનું કારણ હોવાથી સ્વર્ગાદિ અભ્યુદયનું નિમિત્ત થાય છે. પરંતુ નિશ્ચય રત્નત્રય શુભ અને અશુભ બન્ને પ્રકારના કર્મોના બંધને નષ્ટ કરીને મોક્ષસુખનું કારણ થાય છે. ૮૧.

(मालिनी)

जडजनकृतबाधाक्रोशहासाप्रियादा-
वपि सति न विकारं यन्मनो याति साधोः ।
अमलविपुलचित्ते रुत्तमा सा क्षमादौ
शिवपथपथिकानां सत्सहायत्वमेति ॥८२॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**––આ રીતે રત્નત્રયના સ્વરૂપનું નિરૂપણ થયું. અજ્ઞાની જનોદ્વારા શારીરિક બાધા, અપશબ્દોનો પ્રયોગ, હાસ્ય અને બીજા પણ અપ્રિય કાર્ય કરવા છતાં જે નિર્મળ અને વિપુલ જ્ઞાનના ધારક સાધુનું મન ક્રોધાદિ વિકારને પ્રાપ્ત થતું નથી તેને ઉત્તમ ક્ષમા કહે છે. તે મોક્ષમાર્ગમાં ચાલનાર પથિક જનોને સર્વ પ્રથમ સહાયક થાય છે. ૮૨.

( वसंततिलका )

**श्रामण्यपुण्यतरुरुच्चगुणौघशाखा-**
**पत्रप्रसूननिचितो ऽपि फलान्यदत्त्वा ।**
**याति क्षयं क्षणत एव घनोग्रकोप-**
**दावानलात् त्यजत तं यतयो ऽतिदूरम् ॥८३॥**

**અનુવાદઃ**—મુનિધર્મરૂપી પવિત્ર વૃક્ષ ઉન્નત ગુણોના સમૂહરૂપ ડાળીઓ, પાંદડા અને ફૂલોથી પરિપૂર્ણ થયું થકું પણ ફળો ન આપતાં અતિશય તીવ્ર ક્રોધરૂપી દાવાગ્નિથી ક્ષણમાત્રમાં જ નાશ પામી જાય છે. તેથી હે મુનિજનો, આપ તે ક્રોધને દૂરથી જ છોડી દ્યો. ૮૩.

( शार्दूलविक्रीडित )

**तिष्ठामो वयमुज्ज्वलेन मनसा रागादिदोषोज्झिताः**
**लोकः किंचिदपि स्वकीयहृदये स्वेच्छाचरो मन्यताम् ।**
**साध्या शुद्धिरिहात्मनः शमवतामत्रापरेण द्विषा**
**मित्रेणापि किमु स्वचेष्टितफलं स्वार्थः स्वयं लप्स्यते ॥८४॥**

**અનુવાદઃ**—અમે રાગાદિ દોષોથી રહિત થઈને વિશુદ્ધ મનથી સ્થિર થઈએ છીએ. એને યથેચ્છ આચરણ કરનારા લોકો પોતાના હૃદયમાં ગમે તેમ માને. લોકમાં શાન્તિના અભિલાષી મુનિઓએ પોતાની આત્મશુદ્ધિ સિદ્ધ કરવી જોઈએ. તેમને અહીં બીજા શત્રુ અથવા મિત્રનું પણ શું પ્રયોજન છે? તે (શત્રુ કે મિત્ર) તો પોતાના કરેલા કાર્ય અનુસાર સ્વયં જ ફળ પ્રાપ્ત કરશે. ૮૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( स्रग्धरा )

दोषानाघुष्य लोके मम भवतु सुखी दुर्जनश्चेद्धनार्थी
तत्सर्वस्वं गृहीत्वा रिपुरथ सहसा जीवितं स्थानमन्यः ।
मध्यस्थस्त्वेवमेवाखिलमिह जगज्जायतां सौख्यराशिः
मत्तो माभूदसौख्यं कथमपि भविनः कस्यचित्पूत्करोमि ॥८५॥

**અનુવાદઃ**—જો દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતા હોય તો થાવ અને જે મધ્યસ્થ છે-રાગદ્વેષરહિત છે-તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો. મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ, એમ હું ઊંચા સ્વરે કહું છું. ૮૫.

( शार्दूलविक्रीड़ित )

किं जानासि न वीतरागमखिलत्रैलोक्यचूडामणिं
किं तद्धर्म समाश्रितं न भवता किं वा न लोको जडः ।
मिथ्यादृग्भिरसज्जनैरपटुभिः किंचित्कृतोपद्रवात्
यत्कर्मार्जनहेतुमस्थिरतया बाधां मनो मन्यसे ॥८६॥

**અનુવાદઃ**—હે મન! શું તું સમ્પૂર્ણ ત્રણે લોકમાં ચૂડામણિ સમાન એવા શ્રેષ્ઠ વીતરાગ જિનને નથી જાણતું? શું તેં વીતરાગકથિત ધર્મનો આશ્રય નથી લીધો? શું જનસમૂહ જડ અર્થાત્ અજ્ઞાની નથી? કે જેથી તું મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાની દુષ્ટ પુરુષો-દ્વારા કરવામાં આવેલા થોડાક ઉપદ્રવોથી પણ વિચલિત થઈને બાધા સમજે છે કે જે કર્માસ્રવનું કારણ છે. ૮૬.

( वसंततिलका )

धर्माङ्गमेतदिह मार्दवनामधेयं
जात्यादिगर्वपरिहारमुशन्ति सन्तः ।
तद्धार्यते किमु न बोधदृशा समस्तं
स्वप्नेन्द्रजालसदृशं जगदीक्षमाणैः ॥८७॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**--જાતિ અને કુળ આદિનો ગર્વ ન કરવો, એને સજ્જન પુરુષો માર્દવ નામનો ધર્મ બતાવે છે. એ ધર્મનું અંગ છે. જ્ઞાનમય ચક્ષુથી સમસ્ત જગતને સ્વપ્ન અથવા ઇન્દ્રજાળ સમાન દેખનાર સાધુઓ શું તે માર્દવ ધર્મ ધારણ નથી કરતા? અવશ્ય ધારણ કરે છે. ૮૭.

( शार्दूलविक्रीड़ित )

**कास्था सद्मनि सुन्दरेऽपि परितो दन्दह्यमानाग्निभिः**
**कायादौ तु जरादिभिः प्रतिदिनं गच्छत्यवस्थान्तरम् ।**
**इत्यालोचयतो हृदि प्रशमिनः शश्वद्विवेकोज्ज्वले**
**गर्वस्यावसरः कुतो ऽत्र घटते भावेषु सर्वेष्वपि ॥८८॥**

**અનુવાદ:**—સર્વ તરફથી અતિશય સળગતી અગ્નિઓથી ખંડેરરૂપ બીજી અવસ્થાને પ્રાપ્ત થનાર સુન્દર ગૃહ સમાન પ્રતિદિન વૃદ્ધત્વ આદિ દ્વારા બીજી ( જીર્ણ ) અવસ્થાને પ્રાપ્ત થનાર શરીરાદિ બાહ્ય પદાર્થોમાં નિત્યતાનો વિશ્વાસ કેવી રીતે કરી શકાય? અર્થાત્ કરી શકાતો નથી. આ રીતે સર્વદા વિચારનાર સાધુનાં વિવેકયુક્ત નિર્મળ હૃદયમાં જાતિ, કુળ અને જ્ઞાન આદિ સર્વ પદાર્થોના વિષયમાં અભિમાન કરવાનો અવસર ક્યાંથી પ્રાપ્ત થઈ શકે? અર્થાત્ પ્રાપ્ત થઈ શકતો નથી. ૮૮.

( आर्या )

**हृदि यत्तद्वाचि बहिः फलति तदेवार्जवं भवत्येतत् ।**
**धर्मो निकृतिरधर्मो द्वाविह सुरसद्मनरकपथौ ॥८९॥**

**અનુવાદ:**—જે વિચાર હૃદયમાં રહ્યો હોય તે જ વચનમાં રહે તથા તે જ બહાર પરિણમે અર્થાત્ શરીરવડે પણ તે પ્રમાણે જ કાર્ય કરવામાં આવે, તે આર્જવ ધર્મ છે. એનાથી વિપરીત બીજાને દગો દેવો, એ અધર્મ છે. આ બન્ને અહીં ક્રમશઃ દેવગતિ અને નરકગતિના કારણ છે. ૮૯.

( शार्दूलविक्रीड़ित )

**मायित्वं कुरुते कृतं सकृदपि च्छायाविघातं गुणे-**
**ष्वाजातेर्यमिनोऽर्जितेष्विह गुरुक्लेशैः समादिष्वलम् ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वे तत्र यदासते ऽतिनिभृताः क्रोधादयस्तत्त्वत-
स्तत्पापं बत येन दुर्गतिपथे जीवश्चिरं भ्राम्यति ॥९०॥

**અનુવાદ:**—અહીં લોકમાં એક વાર પણ કરવામાં આવેલો કપટ વ્યવહાર જન્મથી માંડીને ભારે કષ્ટોથી ઉપાર્જિત મુનિના સમ (રાગ-દ્વેષની નિવૃત્તિ) આદિ ગુણોનો અતિશય છાયાવિઘાત કરે છે, અર્થાત્ ઉક્ત માયાચારથી સમ આદિ ગુણોની છાયા પણ બાકી રહેતી નથી- તે મૂળમાંથી નષ્ટ થઈ જાય છે. કારણ કે તે કપટપૂર્ણ વ્યવહારમાં વાસ્તવમાં ક્રોધાદિ બધા જ દુર્ગુણ પરિપૂર્ણ થઈને રહે છે. ખેદ છે કે તે કપટવ્યવહાર એવું પાપ છે કે જેના કારણે આ જીવ નરકાદિ દુર્ગતિઓના માર્ગમાં ચિર કાળ સુધી પરિભ્રમણ કરે છે. ૯૦.

( आर्या )

स्वपरहितमेव मुनिभिर्मितममृतसमं सदैव सत्यं च ।
वक्तव्यं वचनमथ प्रविधेयं धीधनैर्मौनम् ॥९१॥

**અનુવાદ:**—મુનિઓએ સદાય એવું સત્ય વચન બોલવું જોઈએ જે પોતાને અને પરને પણ હિતકારી હોય, પરિમિત હોય, તથા અમૃત સમાન મધુર હોય. જો કદાચ આવું સત્ય વચન બોલવામાં બાધા જણાય તો એવી હાલતમાં બુદ્ધિરૂપ ધનને ધારણ કરનાર તે મુનિઓએ મૌનનું જ અવલંબન લેવું જોઈએ. ૯૧.

सति सन्ति व्रतान्येव सूनृते वचसि स्थिते ।
भवत्याराधिता सद्भिर्जगत्पूज्या च भारती ॥९२॥

**અનુવાદ:**—સત્ય વચનની સ્થિતિ થતાં જ વ્રત થાય છે તેથી સજ્જન પુરુષ જગત્‌પૂજ્ય તે સત્ય વચનની આરાધના કરે છે. ૯૨.

( शार्दूलविक्रीड़ित )

आस्तामेतदमुत्र सूनृतवचाः कालेन यल्लप्स्यते
सद्भूपत्वसुरत्व संसृतिसरित्पाराप्तिमुख्यं फलम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यत्प्राप्नोति यशः शशाङ्कविशदं शिष्टेसु यन्मान्यतां
तत्साधुत्वमिहैव जन्मनि परं तत्केन संवर्ण्यते ॥९३॥

**અનુવાદઃ**—સત્ય વચન બોલનાર પ્રાણી સમયાનુસાર પરલોકમાં ઉત્તમ રાજ્ય, દેવ પર્યાય અને સંસારરૂપી નદીના પારની પ્રાપ્તિ અર્થાત્ મોક્ષપદરૂપ પ્રમુખ ફળ પામશે એ તો દૂર રહો. પણ તે આ જ ભવમાં જે ચંદ્ર સમાન નિર્મળ યશ, સજ્જન પુરુષોમાં પ્રતિષ્ઠા અને સાધુતા પ્રાપ્ત કરે છે; તેનું વર્ણન કોણ કરી શકે છે? અર્થાત્ કોઈ નહીં. ૯૩.

( आर्या )

यत्परदारार्थादिषु जन्तुषु निःस्पृहमहिंसकं चेतः ।
दुश्छेद्यान्तर्मलहृत्तदेव शौचं परं नान्यत् ॥९४॥

**અનુવાદઃ**—જે ચિત્ત પરસ્ત્રી અને પરધનની અભિલાષા ન કરતું થકું ષટ્કાય જીવોની હિંસાથી રહિત થઈ જાય છે, તેને જ દુર્ભેદ્ય અભ્યંતર કલુષતાને દૂર કરનાર ઉત્તમ શૌચધર્મ કહેવામાં આવે છે. એનાથી ભિન્ન બીજો કોઈ શૌચ ધર્મ હોઈ શકતો નથી. ૯૪.

( शार्दूलविक्रीडित )

गङ्गासागरपुष्करादिषु सदा तीर्थेषु सर्वेष्वपि
स्नातस्यापि न जायते तनुभृतः प्रायो विशुद्धिः परा ।
मिथ्यात्वादिमलीमसं यदि मनो बाह्ये ऽतिशुद्धोदकै-
र्धौतः किं बहुशो ऽपि शुद्धयति सुरापूरप्रपूर्णो घटः ॥९५॥

**અનુવાદઃ**—જો પ્રાણીનું મન મિથ્યાત્વ આદિ દોષોથી મલિન થઈ રહ્યું હોય તો ગંગા, સમુદ્ર અને પુષ્કર આદિ બધા તીર્થોમાં સદા સ્નાન કરવા છતાં પણ ઘણું કરીને તે અતિશય વિશુદ્ધ થઈ શકતું નથી. તે યોગ્ય જ છે-મદ્યના પ્રવાહથી પરિપૂર્ણ ઘટ જો બહારથી અતિશય વિશુદ્ધ પાણીથી અનેક વાર ધોવામાં આવે તો પણ શું તે શુદ્ધ થઈ શકે છે? અર્થાત્ થઈ શકતો નથી.

**વિશેષાર્થઃ**—આનો અભિપ્રાય એ છે કે જો મન શુદ્ધ હોય તો સ્નાનાદિ વિના ય ઉત્તમ શૌચ હોઈ શકે છે. પણ એનાથી વિપરીત જો મન અપવિત્ર હોય તો ગંગા આદિ અનેક તીર્થોમાં વારંવાર સ્નાન કરવા છતાં પણ શૌચધર્મ કદી ય હોઈ શકતો નથી. ૯૫.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

**जन्तुकृपार्दितमनसः समितिषु साधोः प्रवर्तमानस्य ।
प्राणेन्द्रियपरिहारं संयममाहुर्महामुनयः ॥९६॥**

**અનુવાદઃ**—જેમનું મન જીવોની અનુકંપાથી ભીંજાયેલું છે તથા જે ઈર્યાભાષા આદિ પાંચ સમિતિઓમાં પ્રવર્તમાન છે એવા સાધુ દ્વારા જે છકાય જીવોની રક્ષા અને પોતાની ઇન્દ્રિયોનું દમન કરવામાં આવે છે તેને ગણધરદેવ આદિ મહામુનિઓ સંયમ કહે છે. ૯૬.

( शार्दूलविक्रीड़ित )

**मानुष्यं किल दुर्लभं भवभृतस्तत्रापि जात्यादय-
स्तेष्वेवाप्तवचःश्रुतिः स्थितिरतस्तस्याश्च दृग्बोधने ।
प्राप्ते ते अतिनिर्मले अपि परं स्यातां न येनोज्झिते
स्वर्मोक्षैक फलप्रदे स च कथं न श्लाघ्यते संयमः ॥९७॥**

**અનુવાદઃ**—આ સંસારી પ્રાણીને મનુષ્ય ભવ પ્રાપ્ત થવો અત્યંત કઠણ છે, જો મનુષ્ય ભવ પ્રાપ્ત પણ થઈ જાય તો તેમાં ય ઉત્તમ જાતિ આદિ મળવાં કઠણ છે, ઉત્તમ જાતિ આદિ પ્રાપ્ત થાય તો જિનવાણીનું શ્રવણ દુર્લભ છે, જિનવાણીનું શ્રવણ મળવા છતાં પણ લાંબુ આયુષ્ય મળવું દુર્લભ છે અને એનાથી પણ દુર્લભ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. જો અત્યંત નિર્મળ તે બન્ને પણ પ્રાપ્ત થઈ જાય તો જે સંયમ વિના તે સ્વર્ગ અને મોક્ષરૂપ અદ્વિતીય ફળ આપી શકતા નથી એવો તે સંયમ કેમ પ્રશંસનીય ન હોય? અર્થાત્ તે અવશ્યમેવ પ્રશંસાને યોગ્ય છે. ૯૭.

(आर्या)

**कर्ममलविलयहेतोर्बोधदृशा तप्यते तपः प्रोक्तम् ।
तद् द्वेधा द्वादशधा जन्माम्बुधियानपात्रमिदम् ॥९८॥**

**અનુવાદઃ**—સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રને ધારણ કરનાર સાધુદ્વારા જે કર્મરૂપી મેલ દૂર કરવા માટે તપવામાં આવે છે તેને તપ કહેલ છે. તે બાહ્ય અને અભ્યંતરના ભેદથી બે પ્રકારનું તથા અનશનાદિ ભેદથી બાર પ્રકારનું છે. આ તપ જન્મરૂપી સમુદ્ર પાર કરવાને માટે જહાજ સમાન છે.

**વિશેષાર્થઃ**—જે કર્મોનો ક્ષય કરવાના ઉદ્દેશથી તપવામાં આવે છે તેને તપ કહે છે. તે બાહ્ય અને અભ્યંતરના ભેદથી બે પ્રકારનું છે. જે તપ બાહ્ય દ્રવ્યની અપેક્ષા રાખે છે તથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજાદ્વારા પ્રત્યક્ષરૂપે દેખી શકાય છે તે બાહ્ય તપ કહેવાય છે. તેના નીચે પ્રમાણે છ ભેદ છે.

૧ અનશન-સંયમ આદિની સિદ્ધિ માટે ચાર પ્રકારના ( અન્ન, પેય, ખાદ્ય અને લેહ્ય ) આહારનો પરિત્યાગ કરવો. ૨ અવમૌદર્ય-બત્રીસ કોળિયા પ્રમાણ સ્વાભાવિક આહારમાંથી એક-બે-ત્રણ આદિ કોળિયા ઓછા કરીને એક કોળિયા સુધી ગ્રહણ કરવો. ૩ વૃત્તિપરિ-સંખ્યાન:-ગૃહપ્રમાણ તથા દાતા અને ભાજન આદિનો નિયમ કરવો. ગૃહ-પ્રમાણ-જેમ કે આજે હું બે ઘેર જ જઈશ. જો એમાં આહાર પ્રાપ્ત થશે તો લઈશ, નહિ તો ( બે કરતાં વધારે ઘેર જઈને ) નહિ. એજ રીતે દાતા આદિના વિષયમાં પણ સમજવું જોઈએ. ૪ રસપરિ-ત્યાગ-દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને મીઠું આ છ રસોમાંથી એક બે વગેરે રસોનો ત્યાગ કરવો અથવા તીખા, કડવા, કષાયલા, ખાટા અને મધુર રસોમાંથી એક બે વગેરે રસોનો પરિત્યાગ કરવો. ૫. વિવિક્ત શય્યાસન-જંતુઓની પીડાથી રહિત નિર્જન શૂન્ય ગૃહ આદિમાં શય્યા કે આસન માંડવું (સુવું કે બેસવું). ૬ કાય-ક્લેશ-તડકામાં, વૃક્ષના મૂળમાં અથવા ખુલ્લા મેદાનમાં સ્થિત રહીને ધ્યાન કરવું.

જે તપ મનને નિયમમાં રાખે છે તેને અભ્યંતર તપ કહે છે. તેના પણ નીચે પ્રમાણે છ ભેદ છે.

૧ પ્રાયશ્ચિત્ત-પ્રમાદથી ઉત્પન્ન થયેલા દોષો દૂર કરવા. ૨ વિનય-પૂજ્ય પુરુષોમાં આદરભાવ રાખવો. ૩ વૈયાવૃત્ય-શરીરની ચેષ્ટાથી અથવા અન્ય દ્રવ્યથી રોગી અને વૃદ્ધ આદિ સાધુઓની સેવા કરવી. ૪ સ્વાધ્યાય-આળસ છોડીને જ્ઞાનનો અભ્યાસ કરવો. તે વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશના ભેદથી પાંચ પ્રકારે છે.-૧ નિર્દોષ ગ્રન્થ, અર્થ અને બન્નેયનું પ્રદાન કરવું તેને વાચના કહેવામાં આવે છે. ૨ સંશય દૂર કરવા માટે વિશિષ્ટ વિદ્વાનોને પૂછવું તેને પૃચ્છના કહે છે. ૩ જાણેલા પદાર્થનો મનથી વિચાર કરવો તેનું નામ અનુપ્રેક્ષા છે. ૪ શુદ્ધ ઉચ્ચારણ સાથે પાઠનું પરિશીલન કરવું તેનું નામ આમ્નાય છે. ૫ ધર્મકથા વગેરે અનુષ્ઠાનને ધર્મોપદેશ કહેવામાં આવે છે. ૫ વ્યુત્સર્ગ-અહંકાર અને મમકારનો ત્યાગ કરવો. ૬ ધ્યાન-ચિત્તને આમ તેમથી ખસેડીને કોઈ એક પદાર્થના ચિન્તનમાં લગાવવું. ૯૮.

( પૃથ્વી )

कषायविषयोद्भटप्रचुरतस्करौघो हठात्
तपःसुभटताडितो विघटते यतो दुर्जयः ।
अतो हि निरुपद्रवश्चरति तेन धर्मश्रिया
यतिः समुपलक्षितः पथि विमुक्तिपुर्याः सुखम् ॥९९॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જે ક્રોધાદિ કષાયો અને પંચેન્દ્રિય વિષયોરૂપ ઉદ્ભટ અને અનેક ચોરોનો સમુદાય ઘણી મુશ્કેલીથી જીતી શકાય છે તે તપરૂપી સુભટ દ્વારા બળપૂર્વક માર ખાઈને નાશ પામે છે તેથી જ તપ અને ધર્મરૂપ લક્ષ્મીથી સંયુક્ત સાધુ મોક્ષ નગરીના માર્ગે સર્વ પ્રકારના વિઘ્ન-બાધાઓથી રહિત થઈને સુખેથી ગમન કરે છે.

**વિશેષાર્થઃ**—જેમ ચોરોનો સમુદાય માર્ગમાં ચાલતા પથિક જનોના ધનનું અપહરણ કરીને તેમને આગળ જવામાં બાધા પહોંચાડે છે તેવી જ રીતે ક્રોધાદિ કષાયો અને પંચેન્દ્રિય વિષય-ભોગ મોક્ષમાર્ગે ચાલનાર સત્પુરુષોના સમ્યગ્દર્શનાદિરૂપ ધનનું અપહરણ કરીને તેમને આગળ જવામાં બાધક થાય છે. ઉપર્યુક્ત ચોરોનો સમુદાય જેમ કોઈ શક્તિશાળી સુભટથી પીડિત થઈને જ્યાં ત્યાં નાસી જાય છે તેવી જ રીતે તપ દ્વારા તે વિષય કષાયો પણ નષ્ટ કરાય છે. તેથી ચોર ન રહેવાથી જેમ પથિક જન નિરુપદ્રવ થઈને માર્ગમાં ગમન કરે છે તેવી જ રીતે વિષય કષાયોનો નાશ થવાથી સમ્યગ્દર્શનાદિ ગુણોથી સંપન્ન સાધુઓ પણ નિર્બાધપણે મોક્ષમાર્ગે ગમન કરે છે. ૯૯.

( मन्दाक्रान्ता )

मिथ्यात्वादेर्यदिह भविता दुःखमुग्रं तपोभ्यो
जातं तस्मादुदककणिकैकेव सर्वाब्धिनीरात् ।
स्तोकं तेन प्रभवमखिलं कृच्छ्रलब्धे नरत्वे
यद्येतर्हि स्खलति तदहो का क्षतिर्जीव ते स्यात् ॥१००॥

**અનુવાદઃ**—લોકમાં મિથ્યાત્વ આદિના નિમિત્તે જે તીવ્ર દુઃખ પ્રાપ્ત થવાનું છે તેની અપેક્ષાએ તપથી ઉત્પન્ન થતું દુઃખ એટલું અલ્પ હોય છે જેટલું સમુદ્રના સંપૂર્ણ જળની અપેક્ષાએ તેનું એક ટીપું હોય છે. તે તપથી બધું જ (સમતા આદિ) પ્રગટે છે. તેથી હે જીવ! કઠિનાઈથી પ્રાપ્ત થતી મનુષ્ય પર્યાય પ્રાપ્ત થતા છતાં પણ જો તું આ વખતે તપથી ભ્રષ્ટ થશે તો પછી તને કેટલી હાનિ થશે એ જાણે છે? અર્થાત્ તે અવસ્થામાં તારું સર્વસ્વ નષ્ટ થઈ જશે. ૧૦૦.

( शार्दूलविक्रीडित )

व्याख्या यत् क्रियते श्रुतस्य यतये यद्दीयते पुस्तकं
स्थानं संयमसाधनादिकमपि प्रीत्या सदाचारिणा ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स त्यागो वपुरादिनिर्ममतया नो किंचनास्ते यते-
रार्किचन्यमिदं च संसृतिहरो धर्मः सतां संमतः ॥१०१॥

**અનુવાદઃ**—સદાચારી પુરુષદ્વારા મુનિને જે પ્રેમપૂર્વક આગમનું વ્યાખ્યાન કરવામાં આવે છે, પુસ્તક આપવામાં આવે છે તથા સંયમના સાધનભૂત પીંછી આદિ પણ આપવામાં આવે છે તેને ઉત્તમ ત્યાગ ધર્મ કહેવામાં આવે છે. શરીર આદિમાં મમત્વબુદ્ધિ ન રહેવાથી મુનિની પાસે જે કિંચિત્ માત્ર પણ પરિગ્રહ રહેતો નથી તેનું નામ ઉત્તમ આકિંચન્ય ધર્મ છે. સજ્જન પુરુષોને ઇચ્છિત તે ધર્મ સંસારનો નાશ કરનાર છે. ૧૦૧.

( शिखरिणी )

विमोहा मोक्षाय स्वहितनिरताश्चारुचरिताः
गृहादि त्यक्त्वा ये विदधति तपस्तेऽपि विरलाः ।
तपस्यन्तोऽन्यस्मिन्नपि यमिनि शास्त्रादि ददतः
सहायाः स्युर्ये ते जगति यतयो दुर्लभतराः ॥१०२॥

**અનુવાદઃ**—મોહ રહિત, પોતાના આત્મહિતમાં લવલીન અને ઉત્તમ ચારિત્રથી સંયુક્ત જે મુનિઓ મોક્ષપ્રાપ્તિ માટે ઘર આદિ છોડીને તપ કરે છે તે પણ વિરલ છે અર્થાત્ બહુ થોડા છે. વળી જે મુનિ સ્વયં તપશ્ચરણ કરતાં થકાં અન્ય મુનિને પણ શાસ્ત્રાદિ આપીને તેમને મદદ કરે છે તે તો આ સંસારમાં પૂર્વોક્ત મુનિઓની અપેક્ષાએ વિશેષપણે દુર્લભ છે. ૧૦૨.

परं मत्वा सर्वं परिहृतमशेषं श्रुतविदा
वपुःपुस्ताद्यास्ते तदपि निकटं चेदिति मतिः ।
ममत्वाभावे तत्सदपि न सदन्यत्र घटते
जिनेन्द्राज्ञाभङ्गो भवति च हठात्कल्मषमृषेः ॥१०३॥

**અનુવાદઃ**—આગમના જાણકાર મુનિએ સમસ્ત બાહ્ય વસ્તુઓને પર અર્થાત્ આત્માથી ભિન્ન જાણીને તે બધાનો ત્યાગ કરી દીધો છે. છતાં પણ જ્યારે શરીર અને પુસ્તકાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમની પાસે રહે છે તો એવી અવસ્થામાં તે નિષ્પરિગ્રહી કેવી રીતે કહી શકાય. જો એવી અહીં આશંકા કરવામાં આવે તો તેનો ઉત્તર એ છે કે તેમને જોકે ઉક્ત શરીર અને પુસ્તકાદિ પ્રત્યે કોઈ મમત્વભાવ રહેતો નથી તેથી જ તેઓ વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન સમાન જ છે. હા, જો ઉક્ત મુનિને તેમના પ્રત્યે મમત્વભાવ હોય તો પછી તે નિષ્પરિગ્રહી કહી શકાતા નથી. અને એવી અવસ્થામાં તેને સમસ્ત પરિગ્રહના ત્યાગરૂપ જિનેન્દ્ર આજ્ઞાનો ભંગ કરવાનો દોષ પ્રાપ્ત થાય છે કે જેથી તેને બળપૂર્વક પાપબંધ થાય છે. ૧૦૩.

( स्रग्धरा )

**यत्संगाधारमेतश्चलति लघु च यत्तीक्ष्णदुःखौघधारं**
**मृत्पिण्डीभूतभूतं कृतबहुविकृतिभ्रान्ति संसारचक्रम् ।**
**ता नित्यं यन्मुमुक्षुर्यतिरमलमतिः शान्तमोहः प्रपश्ये-**
**ज्जामीः पुत्रीःसवित्रीरिव हरिणदृशस्तत्परं ब्रह्मचर्यम् ॥१०४॥**

**અનુવાદ :—** જે તીવ્ર દુઃખોના સમૂહરૂપ ધારાસહિત છે, જેના પ્રભાવથી પ્રાણી માટીના પિંડાની જેમ ઘૂમે છે અને જે અનેક વિકાર રૂપ ભ્રમ કરનાર છે એવું આ સંસાર-રૂપી ચક્ર જે સ્ત્રીઓના આધારે શીઘ્રતાથી ફરે છે તે મૃગ સમાન નેત્રવાળી સ્ત્રીઓને, મોહને ઉપશાન્ત કરનાર, મોક્ષના અભિલાષી, નિર્મળ બુદ્ધિવાળા મુનિ સદા બહેન, દીકરી અને માતા સમાન જુઓ. એ જ ઉત્તમ બ્રહ્મચર્યનું સ્વરૂપ છે.

**વિશેષાર્થ :—** અહીં સંસારમાં ચક્રનો આરોપ મૂકવામાં આવ્યો છે. તે આ કારણે—જેમ ચક્ર (કુંભારનો ચાકડો) ખીલીના આધારે ચાલે છે તેવી જ રીતે આ સંસારચક્ર (સંસાર પરિભ્રમણ) સ્ત્રીઓના આધારે ચાલે છે. ચક્રમાં જો તીક્ષ્ણ ધાર હોય તો આ સંસાર ચક્રમાં જે અનેક દુઃખોનો સમુહ રહે છે તે જ તેની તીક્ષ્ણ ધાર છે, કુંભારના ચાકડા ઉપર જેમ માટીનો પિંડો પરિભ્રમણ કરે છે તેમ આ સંસારચક્ર ઉપર સમસ્ત દેહધારી પ્રાણીઓ પરિભ્રમણ કરે છે. જેમ કુંભારનો ચાકડો ઘૂમતા ઘૂમતા માટીના પિંડામાંથી અનેક વિકારો—શકોરૂ, ઘડો, કુંડુ વગેરેને—ઉત્પન્ન કરે છે તેવી જ રીતે આ સંસારચક્ર પણ અનેક વિકારો—જીવની નરનારકાદિરૂપ પર્યાયોને—ઉત્પન્ન કરીને તેમને ઘૂમાવે છે. તાત્પર્ય એ છે કે સંસારપરિભ્રમણના કારણભૂત સ્ત્રીઓ છે-તેમના વિષયનો અનુરાગ છે. તે સ્ત્રીઓને અવસ્થાવિશેષ પ્રમાણે માતા, બહેન અને દીકરી સમાન સમજીને તેમના પ્રત્યે અનુરાગ ન કરવો એ બ્રહ્મચર્ય છે જે તે સંસારચક્રથી જીવોની રક્ષા કરે છે. ૧૦૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मालिनी )

अविरतमिह तावत्पुण्यभाजो मनुष्याः
हृदि विरचितरागाः कामिनीनां वसन्ति ।
कथमपि न पुनस्ता जातु येषां तदङ्घ्री
प्रतिदिनमतिनम्रास्ते ऽपि नित्यं स्तुवन्ति ॥१०५॥

**અનુવાદ:**—લોકમાં પુણ્યવાન પુરુષો રાગ ઉત્પન્ન કરીને નિરંતર સ્ત્રીઓના હૃદયમાં નિવાસ કરે છે. એ પુણ્યવાન પુરુષો પણ, જે મુનિઓના હૃદયમાં તે સ્ત્રીઓ કદી અને કોઈ પ્રકારે પણ રહેતી નથી તે મુનિઓના ચરણની પ્રતિદિન અત્યંત નમ્ર બનીને નિત્ય સ્તુતિ કરે છે. ૧૦૫.

( स्रग्धरा )

वैराग्यत्यागदारुद्वयकृतरचना चारुनिश्रेणिका यैः
पादस्थानैरुदारैर्दशभिरनुगता निश्चलैर्ज्ञानदृष्टेः ।
योग्या स्यादारुरुक्षोः शिवपदसदनं गन्तुमित्येषु केषां
नो धर्मेषु त्रिलोकीपतिभिरपि सदा स्तूयमानेषु हृष्टिः ॥१०६॥

**અનુવાદઃ**—વૈરાગ્ય અને ત્યાગરૂપ બે લાકડાથી બનાવેલી સુન્દર નિસરણી જે દસ મહાન સ્થિર પગથિયાવાળી હોઇને મોક્ષ–મહેલમાં જવા માટે ચડવાની અભિલાષા રાખનાર મુનિઓને માટે યોગ્ય છે. ત્રણ લોકના અધિપતિઓ (ઇન્દ્ર, ધરનેન્દ્ર અને ચક્રવર્તી) દ્વારા સ્તૂયમાન તે દસ ધર્મોના વિષયમાં કયા પુરુષોને હર્ષ ન થાય? ૧૦૬.

( शार्दूलविक्रीड़ित )

निःशेषामलशीलसद्गुणमयीमत्यन्तसाम्यस्थितां
वन्दे तां परमात्मनः प्रणयिनीं कृत्यान्तगां स्वस्थताम् ।
यत्रानन्तचतुष्टयामृतसरित्यात्मानमन्तर्गतं
न प्राप्नोति जरादिदुःसहशिखः संसारदावानलः ॥१०७॥

**અનુવાદઃ**—જે સ્વસ્થતા નિર્મળ સમસ્ત શીલ અને સમીચીન ગુણોથી રચાયેલી છે, અત્યંત સમતાભાવ ઉપર સ્થિત છે તથા કાર્યના અંતને પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઈ ચુકી છે;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પરમાત્માની પ્રિયાસ્વરૂપ સ્વસ્થતાને હું નમસ્કાર કરૂં છું. અનંત ચતુષ્ટયરૂપ અમૃતની નદી સમાન તે સ્વસ્થતામાં સ્થિત આત્માને વૃદ્ધત્વ આદિરૂપ દુઃસહ જ્વાળાઓથી સંયુક્ત એવા સંસારરૂપી દાવાનલ ( જંગલની આગ ) પ્રાપ્ત થતો નથી. ૧૦૭.

आयाते ऽनुभवं भवारिमथने निर्मुक्तमूर्त्याश्रये
शुद्धे ऽन्यादृशि सोमसूर्यहुतभुक्कान्तेरनन्तप्रभे ।
यस्मिन्नस्तमुपैति चित्रमचिरान्निःशेषवस्त्वन्तरं
तद्वन्दे विपुलप्रमोदसदनं चिद्रूपमेकं महः ॥१०८॥

**અનુવાદઃ**—જે ચૈતન્યરૂપ તેજ સંસારરૂપી શત્રુને મથનાર છે, રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ મૂર્તિના આશ્રય રહિત અર્થાત્ અમૂર્તિક છે, શુદ્ધ છે, અનુપમ છે તથા ચન્દ્ર, સૂર્ય અને અગ્નિની પ્રભાની અપેક્ષાએ અનંતગુણી પ્રભાથી યુક્ત છે; તે ચૈતન્યરૂપ તેજનો અનુભવ થઈ જતાં આશ્ચર્ય છે કે અન્ય સમસ્ત પર પદાર્થ શીઘ્ર જ નષ્ટ થઈ જાય છે અર્થાત્ તેમનો પછી વિકલ્પ જ રહેતો નથી. અતિશય આનંદ ઉત્પન્ન કરનાર તે એક ચૈતન્યરૂપ તેજને હું નમસ્કાર કરૂં છું. ૧૦૮.

जातिर्याति न यत्र यत्र च मृतो मृत्युर्जरा जर्जरा
जाता यत्र न कर्मकायघटना नो वाग् न च व्याधयः ।
यत्रात्मैव परं चकास्ति विशदज्ञानैकमूर्तिः प्रभु-
र्नित्यं तत्पदमाश्रिता निरुपमाः सिद्धाः सदा पान्तु वः ॥१०९॥

**અનુવાદઃ**—જે મોક્ષપદમાં જન્મ થતો નથી, મૃત્યુ મરી ગયું છે, જરા જીર્ણ થઈ ગઈ છે, કર્મ અને શરીરનો સંબંધ રહ્યો નથી, વચન નથી, વ્યાધિઓ પણ બાકી રહી નથી, જ્યાં કેવળ નિર્મળજ્ઞાનરૂપ અદ્વિતીય શરીરને ધારણ કરનાર પ્રભાવશાળી આત્મા જ સદા પ્રકાશમાન છે; તે મોક્ષપદ પામેલા અનુપમ સિદ્ધ પરમેષ્ઠી સર્વદા આપની રક્ષા કરો. ૧૦૯

दुर्लक्ष्ये ऽपि चिदात्मनि श्रुतबलात् किंचित्स्वसंवेदनात्
ब्रूमः किंचिदिह प्रबोधनिधिभिर्ग्राह्यं न किंचिच्छलम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मोहे राजनि कर्मणामतितरां प्रौढान्तराये रिपौ**
**दृग्बोधावरणद्वये सति मतिस्तादृक्कुतो मादृशाम् ॥११०॥**

**અનુવાદઃ**—જોકે ચૈતન્યસ્વરૂપ આત્મા અદૃશ્ય છે છતાં પણ શાસ્ત્રના બળથી થતા કાંઈક સ્વાનુભવથી પણ અહીં તેના સંબંધમાં કાંઇક નિરૂપણ કરીએ છીએ. સમ્યગ્જ્ઞાનરૂપ નિધિને ધારણ કરનાર વિદ્વાનોએ આમાં કાંઈ છળ નહીં સમજવું જોઇએ. કારણ કે સર્વ કર્મોના અધિપતિસ્વરૂપ મોહ, શક્તિશાળી અંતરાયરૂપ શત્રુ તથા દર્શનાવરણ અને જ્ઞાના-વરણ આ ચાર ઘાતિ કર્મો વિદ્યમાન હોય ત્યારે મારા જેવા અલ્પજ્ઞાનીઓને તેવી ઉત્કૃષ્ટ બુદ્ધિ ક્યાંથી હોઈ શકે? ૧૧૦.

( शार्दूलविक्रीड़ित )

**विद्वन्मन्यतया सदस्यतितरामुद्दण्डवाग्डम्बराः**
**शृङ्गारादिरसैः प्रमोदजनकं व्याख्यानमातन्वते ।**
**ये ते च प्रतिसद्म सन्ति बहवो व्यामोहविस्तारिणो**
**येभ्यस्तत्परमात्मतत्त्वविषयं ज्ञानं तु ते दुर्लभाः ॥१११॥**

**અનુવાદઃ**—વિદ્વતાના અભિમાનથી સભામાં અત્યંત ઉદ્દંડ વચનોનો આડંબર કરનારા જે કવિઓ શૃંગારાદિ રસો દ્વારા બીજાઓને આનંદ ઉત્પન્ન કરનાર વ્યાખ્યાનનો વિસ્તાર કરીને તેમને મુગ્ધ કરે છે તે કવિઓ તો અહીં ઘરે ઘરે અનેક છે. પણ જેમની પાસેથી પરમાત્મતત્ત્વ સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય છે તે તો દુર્લભ જ છે. ૧૧૧.

( शार्दूलविक्रीड़ित )

**आपद्धेतुषु रागरोषनिकृतिप्रायेषु दोषेष्वलं**
**मोहात्सर्वजनस्य चेतसि सदा सत्सु स्वभावादपि ।**
**तन्नाशाय च संविदे च फलवत्काव्यं कवेर्जायते**
**शृङ्गारादिरसं तु सर्वजगतो मोहाय दुःखाय च ॥११२॥**

**અનુવાદઃ**—જે રાગ, ક્રોધ અને માયા આદિ દોષ અત્યંત દુઃખના કારણભૂત છે તે તો મોહને વશ થયેલા સ્વભાવથી જ સર્વદા સર્વ જીવોના ચિત્તમાં નિવાસ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉક્ત દોષોનો નાશ કરવા તથા સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી રચવામાં આવેલું કવિનું કાવ્ય સફળ થાય છે. એનાથી વિપરીત શૃંગારાદિ રસપ્રધાન કાવ્ય તો સર્વ જીવોને મોહ અને દુઃખ જ ઉત્પન્ન કરનાર થાય છે. ૧૧૨.

( वसंततिलका )

**कालादपि प्रसृतमोहमहान्धकारे**
**मार्गं न पश्यति जनो जगति प्रशस्तम् ।**
**क्षुद्राः क्षिपन्ति दृशि दुःश्रुतिधूलिमस्य**
**न स्यात्कथं गतिरनिश्चितदुःपथेषु ॥११३॥**

**અનુવાદઃ**—કાળના પ્રભાવથી જ્યાં મોહરૂપ મહાન અંધકાર ફેલાયેલો છે એવા આ લોકમાં મનુષ્ય ઉત્તમ માર્ગ જોઈ શકતો નથી. તે સિવાય નીચ મિથ્યાદષ્ટિ જીવો તેની આંખમાં મિથ્યા ઉપદેશરૂપ ધૂળ પણ ફેંકે છે. તો પછી એવી હાલતમાં તેનું ગમન અનિશ્ચિત ખોટા માર્ગે કેમ ન થાય? અર્થાત્ અવશ્ય થાય. ૧૧૩.

( शार्दूलविक्रीड़ित )

**विण्मूत्रक्रिमिसंकुले कृतघृणैरन्त्रादिभिः पूरिते**
**शुक्रासृग्वरयोषितामपि तनुर्मातुः कुगर्भेऽजनि ।**
**सापि क्लिष्टरसादिधातुकलिता पूर्णा मलाद्यैरहो**
**चित्रं चन्द्रमुखीति जातमतिभिर्विद्वद्भिरावर्ण्यते ॥११४॥**

**અનુવાદઃ**—જે માતાની કુત્સિત કુક્ષિ વિષ્ટા, મૂત્ર અને તુચ્છ જંતુઓથી વ્યાપ્ત તથા ઘૃણાજનક આંતરડા આદિથી પરિપૂર્ણ છે એવી તે કૂખમાં ઉત્તમ સ્ત્રીઓનું પણ વીર્ય અને રજથી નિર્મિત શરીર ઉત્પન્ન થયું છે. તે ઉત્તમ સ્ત્રી પણ ક્લેશજનક રસ આદિ ધાતુઓથી યુક્ત અને મળ આદિથી પરિપૂર્ણ છે. છતાં પણ આશ્ચર્ય છે કે તેને પ્રતિભાશાળી વિદ્વાન્ ચન્દ્રમુખી (ચન્દ્ર જેવા મુખવાળી) બતાવે છે. ૧૧૪.

( शिखरणी )

**कचा यूकावासा मुखमजिनबद्धास्थिनिचयः**
**कुचौ मांसोच्छ्रायौ जठरमपि विष्ठादि घटिका ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मलोत्सर्गे यन्त्रं जघनमबलायाः क्रमयुगं
तदाधारस्थूणे किमिह किल रागाय महताम् ॥११५॥

**અનુવાદઃ**—જે સ્ત્રીના વાળ જૂંના સ્થાનરૂપ છે, મુખ ચામડાથી સમ્બદ્ધ હાડકાના સમૂહથી સંયુક્ત છે. સ્તન માંસથી ઉન્નત છે, ઉદર પણ વિષ્ટા આદિના તુચ્છ ઘડા સમાન છે, જઘન મળ છોડવાના યંત્ર સમાન છે અને બન્ને પગ તે યંત્રના આધારભૂત સ્તંભો સમાન છે; આવી તે સ્ત્રી શું મહાન પુરુષો માટે રાગનું કારણ થઈ શકે? અર્થાત્ થઈ શકતી નથી. ૧૧૫.

( द्रुतविलम्बित )

परमधर्मनदाज्जनमीनकान् शशिमुखीबडिशेन समुद्धृतान् ।
अतिसमुल्लसिते रतिमुर्मुरे पचति हा हतकः स्मरधीवरः ।।१२६।

**અનુવાદઃ**—હત્યારો કામદેવરૂપી માછીમાર ઉત્તમ ધર્મરૂપી નદીમાંથી મનુષ્યોરૂપી માછલીઓને સ્ત્રી રૂપ કાંટા દ્વારા કાઢીને તેમને અત્યંત બળનારી અનુરાગરૂપી અગ્નિમાં રાંધે છે, એ ઘણા ખેદની વાત છે.

**વિશેષાર્થ:**—જેમ માછીમાર કાંટા દ્વારા નદીમાંથી માછલીઓ કાઢીને તેમને અગ્નિમાં રાંધે છે તે જ પ્રમાણે કામદેવ (ભોગાભિલાષા) પણ મનુષ્યોને સ્ત્રીઓ દ્વારા ધર્મથી ભ્રષ્ટ કરીને તેમને વિષયભોગોથી સંતપ્ત કરે છે. ૧૧૬.

( शार्दूलविक्रीड़ित )

येनेदं जगदापदम्बुधिगतं कुर्वीत मोहो हठात्
येनैते प्रतिजन्तु हन्तुमनसः क्रोधादयो दुर्जयाः ।
येन भ्रातरियं च संसृति सरित्संजायते दुस्तरा
तज्जानीहि समस्तदोषविषमं स्त्रीरूपमेतद्ध्रुवम् ॥११७॥

**અનુવાદઃ**—જે સ્ત્રીના સૌન્દર્યના પ્રભાવથી આ મોહ જગતના પ્રાણીઓને બળપૂર્વક આપત્તિરૂપ સમુદ્રમાં પ્રવેશ કરાવે છે, જેના દ્વારા આ દુર્જય ક્રોધ આદિ શત્રુ પ્રત્યેક પ્રાણીના ઘાતમાં તત્પર રહે છે તથા જેના દ્વારા આ સંસારરૂપી નદી પાર કરવી અશક્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બની જાય છે. હે ભાઈ! તું તે સ્ત્રીના સૌન્દર્યને નિશ્ચયથી સમસ્ત દોષોવાળું હોવાને કારણે કષ્ટદાયક સમજ. ૧૧૭.

( શાર્દૂલવિક્રીડિત )

मोहव्याधभटेन संसृतिवने मुग्धैणबन्धापदे
पाशाः पङ्कजलोचनादिविषयाः सर्वत्र सज्जीकृताः ।
मुग्धास्तत्र पतन्ति तानपि वरानास्थाय वाञ्छन्त्यहो
हा कष्टं परजन्मनेऽपि न विदः क्वापीति धिङ्मूर्खताम् ।।११८।

**અનુવાદઃ**—સુભટ મોહરૂપી પારધીએ સંસારરૂપી વનમાં મૂર્ખજનરૂપી મૃગોને બન્ધનજનિત આપત્તિમાં ધકેલવા માટે સર્વત્ર કમળ સમાન નેત્રોવાળી સ્ત્રી આદિ વિષય-રૂપી જાળો તૈયાર કરી લીધી છે. આ મૂર્ખ પ્રાણી તે ઇન્દ્રિય વિષયરૂપી જાળમાં ફસાઈ જાય છે અને તે વિષય ભોગોને ઉત્તમ અને સ્થાયી સમજીને પરલોકમાં પણ તેમની ઇચ્છા કરે છે, એ ઘણા ખેદની વાત છે. પરંતુ વિદ્વાન્ પુરુષ તેમની અભિલાષા આ લોક અને પરલોકમાંથી ક્યાંય પણ કરતા નથી. તે મૂર્ખતાને ધિક્કાર છે. ૧૧૮.

( શાર્દૂલવિક્રીડિત )

एतन्मोहठकप्रयोगविहितभ्रान्तिभ्रमच्चक्षुषा
पश्यत्येष जनोऽसमञ्जसमसद्बुधिर्ध्रुवं व्यापदे ।
अप्येतान् विषयाननन्तनरकक्लेशप्रदानस्थिरान्
यत् शश्वत्सुखसागरानिव सतश्चेतःप्रियान् मन्यते ।।११९।।

**અનુવાદઃ**—આ દુર્બુદ્ધિ મનુષ્ય મોહરૂપી ઠગના પ્રયોગથી કરવામાં આવેલી ભ્રાન્તિથી ભ્રમિત થયેલી આંખો દ્વારા આ વિષયસુખને વિપરીત દેખે છે અર્થાત્ તે દુઃખ-દાયક વિષયસુખને સુખદાયક માને છે. પરંતુ વાસ્તવમાં તે નિશ્ચયથી આપત્તિજનક જ છે. જે આ વિષયભોગ નરકમાં અનંત દુઃખ આપનાર અને અસ્થિર છે તેમને તે સર્વદા ચિત્તને પ્રિય લાગનારા સુખના સમુદ્ર સમાન માને છે. ૧૧૯.

( શાર્દૂલવિક્રીડિત )

संसारेऽत्र घनाटवीपरिसरे मोहष्ठकः कामिनी-
क्रोधाद्याश्च तदीयपेटकमिदं तत्संनिधौ जायते ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्राणी तद्विहितप्रयोगविकलस्तद्वश्यतामागतो
न स्वं चेतयते लभेत विपदं ज्ञातुः प्रभोः कथ्यताम् ।।१२०।।

**અનુવાદઃ**—સઘન વનની અંત્ય ભૂમિ સમાન આ સંસારમાં મોહરૂપ ઠગ વિદ્યમાન છે. સ્ત્રી અને ક્રોધાદિ કષાયો તેની પેટી સમાન છે અર્થાત્ તેઓ તેના પ્રબળ સહાયક છે. કારણ કે એ તેના (મોહના) રહેવાથી જ રહે છે. ઉક્ત મોહદ્વારા કરવામાં આવેલા પ્રયોગથી વ્યાકુળ થયેલ પ્રાણી તેને વશ થઈને પોતાના આત્મસ્વરૂપનો વિચાર કરતા નથી, તેથી તે વિપત્તિને પ્રાપ્ત થાય છે. તે મોહરૂપ ઠગથી પ્રાણીની રક્ષા કરનાર જ્ઞાતા પ્રભુ (સર્વજ્ઞ) છે તેથી જ તે જ્ઞાતા પ્રભુની જ પ્રાર્થના કરવી. ૧૨૦.

( शार्दूलविक्रीड़ित )

ऐश्वर्यादिगुणप्रकाशनतया मूढा हि ये कुर्वते
सर्वेषां टिरिटिल्लितानि पुरतः पश्यन्ति नो व्यापदः ।
विद्युल्लोलमपि स्थिरं परमपि स्वं पुत्रदारादिकं
मन्यन्ते यदहो तदत्र विषमं मोहप्रभोः शासनम् ।।१२१।।

**અનુવાદઃ**—જે મૂર્ખજનો પોતાના ઐશ્વર્ય આદિ ગુણો પ્રકટ કરવાના વિચારથી અન્ય સર્વ મનુષ્યોની ઠેકડી ઉડાડયા કરે છે તેઓ ભવિષ્યમાં આવનારી આપત્તિઓને જોતા નથી. આશ્ચર્ય છે કે જે પુત્ર અને પત્ની આદિ વીજળી સમાન ચંચળ (અસ્થિર) છે તેમને તે લોકો સ્થિર માને છે તથા પ્રત્યક્ષ પર (ભિન્ન) દેખાવા છતાં તેમને સ્વકીય સમજે છે. આ મોહરૂપી રાજાનું વિષમ શાસન છે ૧૨૧.

( शिखरणी )

क यामः किं कुर्मः कथमिह सुखं किं च भविता
कुतो लभ्या लक्ष्मीः क इह नृपतिः सेव्यत इति ।
विकल्पानां जालं जडयति मनः पश्यत सतां
अपि ज्ञातार्थानामिह महदहो मोहचरितम् ।।१२२।।

**અનુવાદઃ**—અમે ક્યાં જઇએ, શું કરીએ, અહીં સુખ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે? અને શું થશે? લક્ષ્મી ક્યાંથી પ્રાપ્ત થઈ શકે? એના માટે કયા રાજાની સેવા કરવી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇત્યાદિ વિકલ્પોનો સમૂહ અહીં તત્ત્વજ્ઞ સજ્જન પુરુષોના મનને પણ જડ બનાવી દે છે, એ શોચનીય છે. આ બધી મોહની મહાલીલા છે. ૧૨૨.

( शिखरिणी )

**विहाय व्यामोहं धनसदनतन्वादिविषये**
**कुरुध्वं तत्तूर्णं किमपि निजकार्यं बत बुधाः ।**
**न येनेदं जन्म प्रभवति सुनृत्वादिघटना**
**पुनः स्यान्न स्याद्वा किमपरवचोडम्बरशतैः ॥१२३॥**

**અનુવાદઃ**—હે વિદ્વદ્જનો! ધન, મહેલ અને શરીર આદિના વિષયમાં મમત્વબુદ્ધિ છોડીને શીઘ્રતાથી કાંઈ પણ પોતાનું એવું કાર્ય કરો કે જેથી આ જન્મ ફરીથી પ્રાપ્ત ન કરવો પડે. બીજા સેંકડો વચનોના બાહ્ય ડોળથી તમારૂં કાંઈ પણ ઇષ્ટ સિદ્ધ થવાનું નથી. આ જે તમને ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ સ્વહિત સાધક સામગ્રી પ્રાપ્ત થઈ છે તે ફરીથી પ્રાપ્ત થશે અથવા નહિ થાય એ કાંઈ નક્કી નથી. અર્થાત્ તેનું ફરી પ્રાપ્ત થવું બહુ જ કઠણ છે. ૧૨૩.

( स्रग्धरा )

**वाचस्तस्य प्रमाणं य इह जिनपतिः सर्वविद्वीतरागो**
**रागद्वेषादिदोषैरुपहतमनसो नेतरस्यानृतत्वात् ।**
**एतन्निश्चित्य चित्ते श्रयत बत बुधा विश्वतत्त्वोपलब्धौ**
**मुक्तेर्मूलं तमेकं भ्रमत किमु बहुष्वन्धवद्दुःपथेषु ॥१२४॥**

**અનુવાદઃ**—અહીં જે જિનેન્દ્રદેવ સર્વજ્ઞ થયા થકા રાગ–દ્વેષરહિત છે તેનું વચન પ્રમાણ (સત્ય) છે. એનાથી વિપરીત જેનું અંતઃકરણ રાગ–દ્વેષાદિથી દુષિત છે એવા અન્ય કોઈનું વચન પ્રમાણ હોઈ શકતું નથી કારણ કે તે સત્યથી રહિત છે. એવો મનમાં નિશ્ચય કરીને હે બુદ્ધિમાન્ સજ્જનો! જે સર્વજ્ઞ થઈ જવાથી મુક્તિનું મૂળ કારણ છે તે જ એક જિનેન્દ્રદેવનો તમે સમસ્ત તત્ત્વોના પરિજ્ઞાન માટે આશ્રય કરો, આંધળાની જેમ અનેક કુમાર્ગોમાં પરિભ્રમણ કરવું યોગ્ય નથી. ૧૨૪.

( वसंततिलका )

**यः कल्पयेत् किमपि सर्वविदोऽपि वाचि**
**संदिह्य तत्त्वमसमञ्जसमात्मबुद्धया ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



खे पत्रिणां विचरतां सुदृशेक्षितानां
संख्यां प्रति प्रविदधाति स वादमन्धः ॥१२५॥

**અનુવાદઃ**—જે સર્વજ્ઞના પણ વચનમાં સંદેહ કરીને પોતાની બુદ્ધિથી તત્ત્વના વિષયમાં અન્યથા કાંઈક કલ્પના કરે છે તે અજ્ઞાની પુરુષ નિર્મળ નેત્રોવાળા પુરુષદ્વારા જોવામાં આવેલ આકાશમાં વિહરતા પક્ષીઓની સંખ્યાની બાબતમાં વિવાદ કરનાર આંધળા સમાન આચરણ કરે છે. ૧૨૫.

( इन्द्रवज्रा )

उक्तं जिनैर्द्वादशभेदमङ्गं श्रुतं, ततो बाह्यमनन्तभेदम् ।
तस्मिन्नुपादेयतया चिदात्मा, ततः परं हेयतयाभ्यधायि ॥१२६॥

**અનુવાદઃ**—જિનદેવે અંગશ્રુતના બાર તથા અંગબાહ્યના અનંત ભેદ બતાવ્યા છે. આ બન્નેય પ્રકારના શ્રુતમાં ચેતન આત્માને ગ્રાહ્યરૂપે અને તેનાથી ભિન્ન પર પદાર્થોને હેયરૂપે બતાવેલ છે.

**વિશેષાર્થઃ**—મતિજ્ઞાનના નિમિત્તે જે જ્ઞાન થાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે. આ શ્રુતના મૂળમાં બે ભેદ છે–અંગપ્રવિષ્ટ અને અંગ બાહ્ય. આમાં અંગપ્રવિષ્ટના નીચે પ્રમાણે બાર ભેદ છે—૧ આચારાંગ ૨ સૂત્રકૃતાંગ ૩ સ્થાનાંગ ૪ સમવાયાંગ ૫ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિઅંગ ૬ જ્ઞાતૃધર્મકથાંગ ૭ ઉપાસકાધ્યયનાંગ ૮ અંતકૃતદશાંગ ૯ અનુત્તરૌપપાદિકદશાંગ ૧૦ પ્રશ્નવ્યાકરણાંગ ૧૧ વિપાકસૂત્રાંગ અને ૧૨ દૃષ્ટિવાદાંગ. આમાં દૃષ્ટિવાદ પણ પાંચ પ્રકારના છે—૧ પરિકર્મ ૨ સૂત્ર ૩ પ્રથમાનુયોગ ૪ પૂર્વગત અને ૫ ચૂલિકા. આમાં પૂર્વગતના પણ નીચેના ચૌદ ભેદ છે—૧ ઉત્પાદ પૂર્વ ૨ અગ્રાયણી પૂર્વ ૩ વીર્યાનુપ્રવાદ ૪ અસ્તિનાસ્તિપ્રવાદ ૫ જ્ઞાનપ્રવાદ ૬ સત્યપ્રવાદ ૭ આત્મપ્રવાદ ૮ કર્મપ્રવાદ ૯ પ્રત્યાખ્યાનનામધેય ૧૦ વિદ્યાનુપ્રવાદ ૧૧ કલ્યાણનામધેય ૧૨ પ્રાણાવાય ૧૩ ક્રિયાવિશાળ અને ૧૪ લોકબિન્દુસાર. અંગબાહ્ય દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન આદિ ભેદથી અનેક પ્રકારના છે. છતાં પણ તેના મુખ્યપણે નીચેના ચૌદ ભેદ બતાવ્યા છે—૧ સામાયિક ૨ ચતુર્વિંશતિસ્તવ ૩ વંદના ૪ પ્રતિક્રમણ ૫ વૈનયિક ૬ કૃતિકર્મ ૭ દશવૈકાલિક ૮ ઉત્તરાધ્યયન ૯ કલ્પવ્યવહાર ૧૦ કલ્પાકલ્પ્ય ૧૧ મહાકલ્પ્ય ૧૨ પુંડરીક ૧૩ મહાપુંડરીક અને ૧૪ નિષિદ્ધિકા ( વિશેષ જાણકારી માટે ષટ્ખંડાગમ–કૃતિઅનુયોગદ્વાર ( પુ. ૯ ) પૃ. ૧૮૭–૨૨૪ જુઓ ). આ બધા જ શ્રુતમાં એક માત્ર આત્માને ઉપાદેય બતાવીને બીજા બધા પદાર્થોને હેય બતાવ્યા છે. શ્રુતના અભ્યા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સનું પ્રયોજન પણ એ જ છે, અન્યથા અગિયાર અંગ નવ પૂર્વોનો અભ્યાસ કરીને પણ દ્રવ્યલિંગી મુનિ સંસારમાં જ પરિભ્રમણ કર્યા કરે છે. ૧૨૬.

( उपजाति )

**अल्पायुषामल्पधियामिदानीं कुतः समस्तश्रुतपाठशक्तिः ।**
**तदत्र मुक्तिं प्रति बीजमात्रमभ्यस्यतामात्महितं प्रयत्नात् ॥१२७॥**

**અનુવાદ:**—વર્તમાન કાળમાં મનુષ્યોનું આયુષ્ય અલ્પ અને બુદ્ધિ અતિશય મંદ થઈ ગઈ છે. તેથી તેમનામાં ઉપર્યુક્ત સમસ્ત શ્રુતના પાઠની શક્તિ રહી નથી. આ કારણે તેમણે અહીં એટલા જ શ્રુતનો પ્રયત્નપૂર્વક અભ્યાસ કરવો જોઈએ જે મોક્ષનું બીજભૂત થઈને આત્માનું હિત કરનાર હોય. ૧૨૭.

( स्रग्धरा )

**निश्चेतव्यो जिनेन्द्रस्तदतुलवचसां गोचरेऽर्थे परोक्षे**
**कार्यः सोऽपि प्रमाणं वदत किमपरेणालकोलाहलेन ।**
**सत्यां छद्मस्थतायामिह समयपथस्वानुभूतिप्रबुद्धा**
**भो भो भव्या यतध्वं दृगवगमनिधावात्मनि प्रीतिभाजः ।१२८।**

**અનુવાદ:**—હે ભવ્ય જીવો ! આપે જિનેન્દ્ર દેવના વિષયમાં નિશ્ચય કરવો જોઈએ અને તેમના અનુપમ વચનોના વિષયભૂત પરોક્ષ પદાર્થના વિષયમાં તેને જ પ્રમાણ માનવા જોઈએ. બીજા વ્યર્થ કોલાહલથી શું પ્રયોજન સિદ્ધ થશે, એ આપ જ બતાવો. તેથી છદ્મસ્થ ( અલ્પજ્ઞ ) અવસ્થા વિદ્યમાન હોવા છતાં સિદ્ધાંતના માર્ગે પ્રાપ્ત થયેલ આત્માનુભવવડે પ્રબોધને પામીને આપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની નિધિસ્વરૂપ આત્માના વિષયમાં પ્રીતિયુક્ત થઈને પ્રયત્ન કરો-તેની જ આરાધના કરો.

**વિશેષાર્થ:**—અલ્પજ્ઞતાને કારણે આપણે જે પરોક્ષ પદાર્થોના વિષયમાં કાંઈ પણ નિશ્ચય કરી શકતા નથી તેમના વિષયમાં આપણે જિનેન્દ્ર દેવને, કે જે રાગ-દ્વેષ રહિત હોઈને સર્વજ્ઞ પણ છે, પ્રમાણ માનવા જોઈએ. જોકે વર્તમાનમાં તે અહીં વિદ્યમાન નથી તોપણ પરંપરાપ્રાપ્ત તેમના વચન (જિનાગમ) તો વિદ્યમાન છે જ. તેના દ્વારા પ્રબોધ પ્રાપ્ત કરીને ભવ્ય જીવ આત્મકલ્યાણ કરવામાં પ્રયત્નશીલ થઈ શકે છે. ૧૨૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

**तद्ध्यायत तात्पर्याज्ज्योतिः सच्चिन्मयं विना यस्मात् ।**
**सदपि न सत् सति यस्मिन् निश्चितमाभासते विश्वम् ।।१२९।।**

**અનુવાદઃ**—ચૈતન્યમય તે ઉત્કૃષ્ટ જ્યોતિનું તત્પરતાથી ધ્યાન કરો, જેના વિના વિદ્યમાન વિશ્વ પણ અવિદ્યમાન સમાન પ્રતિભાસે છે તથા જે ઉપસ્થિત હોતાં તે વિશ્વ નિશ્ચિતપણે યથાર્થસ્વરૂપે પ્રતિભાસે છે. ૧૨૯.

( शार्दूलविक्रीड़ित )

**अज्ञो यद्भवकोटिभिः क्षपयति वं कर्म तस्माद्बहु**
**स्वीकुर्वन् कृतसंवरः स्थिरमना ज्ञानी तु तत्तत्क्षणात् ।**
**तीक्ष्णक्लेशहयाश्रितोऽपि हि पदं नेष्टं तपःस्यन्दनो**
**नेयं तन्नयति प्रभुं स्फुटतरज्ञानैकसूतोज्झितः ।।१३०।।**

**અનુવાદઃ**—અજ્ઞાની જીવ પોતાના જે કર્મ કરોડો જન્મોમાં નષ્ટ કરે છે તથા તેનાથી અનેક ગણા ગ્રહણ કરે છે તેને જ્ઞાની જીવ સ્થિરચિત્ત થઈને સંવરને પ્રાપ્ત થતા થકા તત્ક્ષણ અર્થાત્ ક્ષણમાત્રમાં નષ્ટ કરી દે છે. તે યોગ્ય જ છે–તીક્ષ્ણ કલેશરૂપી ઘોડાનો આશ્રય લેવા છતાં પણ તપરૂપી રથ જો અતિશય નિર્મળ જ્ઞાનરૂપી અદ્વિતીય સારથી વિનાનો હોય તો તે પોતાના લઈ જવા યોગ્ય પ્રભુ ( આત્મા અને રાજા ) ને ઇષ્ટ સ્થાને લઈ જઈ શકતો નથી.

**વિશેષાર્થઃ**—જેમ અનુભવી સારથી ( ચલાવનાર ) વિના શીઘ્રગામી ઘોડાદ્વારા ખેંચાતો રથ પણ તેમાં બેઠેલા રાજા આદિને પોતાના ઇષ્ટ સ્થાને પહોંચાડી શકતો નથી તેવી જ રીતે સમ્યગ્જ્ઞાન વિના કરવામાં આવેલું તપ દુઃસહ કાયકલેશોથી સંયુક્ત હોવા છતાં પણ આત્માને મોક્ષપદમાં પહોંચાડી શકતું નથી. એ જ કારણે જે કર્મો અજ્ઞાની જીવ કરોડો ભવોમાં પણ નષ્ટ કરી શકતો નથી તેમનો સમ્યક્જ્ઞાની જીવ ક્ષણમાત્રમાં જ નાશ કરી નાખે છે. એનું પણ કારણ એ છે કે અજ્ઞાની જીવને નિર્જરાની સાથે સાથ નવા કર્મોનો આસ્રવ પણ થયા કરે છે, તેથી તે કર્મરહિત થઈ શકતો નથી. પરંતુ એનાથી ઉલ્ટું જ્ઞાની જીવને જ્યાં નવા કર્મનો આસ્રવ અટકી જાય છે ત્યાં પૂર્વસંચિત કર્મની નિર્જરા પણ થાય છે. તેથી જ તે શીઘ્ર કર્મોથી રહિત થઈ જાય છે. ૧૩૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( स्रग्धरा )

**कर्माब्धौ तद्विचित्रोदयलहरिभरव्याकुले व्यापदुग्र-**
**भ्राम्यन्नक्रादिकीर्णे मृतिजननलसद्वाडवावर्तगर्ते ।**
**मुक्तः शक्त्या हताङ्गः प्रतिगति स पुमान् मज्जनोन्मज्जनाभ्या-**
**मप्राप्य ज्ञानपोतं तदनुगतजडः पारगामी कथं स्यात् ॥१३१॥**

**અનુવાદઃ**—જે કર્મરૂપી સમુદ્ર પોતાના વિવિધ પ્રકારના ઉદયરૂપી લહરીઓના ભારથી વ્યાપ્ત છે, આપત્તિઓ રૂપ આમ તેમ ઘૂમતા મહાન્ મગર આદિ જળજંતુઓથી પરિપૂર્ણ છે, તથા મૃત્યુ અને જન્મરૂપી વડવાગ્નિ અને વમળના ખાડારૂપ છે; તેમાં પડેલો તે અજ્ઞાની મનુષ્ય-જેનું શરીર પ્રત્યેક ગતિમાં (ડગલે પગલે) વારંવાર ડૂબવા અને ઉપર આવવાના કારણે પિડાઈ રહ્યું છે તથા જે (સમુદ્રને) ઓળંગવાની શક્તિરહિત છે-જ્ઞાનરૂપી જહાજને પ્રાપ્ત કર્યા વિના કેવી રીતે પારગામી થઈ શકે? અર્થાત્ જ્યાં સુધી તેને જ્ઞાનરૂપી જહાજ પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી તે કર્મરૂપી સમુદ્રનો પાર કોઈ પણ રીતે પામી શકતો નથી. ૧૩૧.

( शार्दूलविक्रीडित )

**शश्वन्मोहमहान्धकारकलिते त्रैलोक्यसद्मन्यसौ**
**जैनी वागमलप्रदीपकलिका न स्याद्यदि द्योतिका ।**
**भावानामुपलब्धिरेव न भवेत् सम्यक्तदिष्टेतर-**
**प्राप्तित्यागकृते पुनस्तनुभृतां दूरे मतिस्तादृशी ॥१३२॥**

**અનુવાદઃ**—જે ત્રણે લોકરૂપ ભવન સર્વદા મોહરૂપ સઘન અંધકારથી વ્યાપ્ત થઈ રહ્યું છે તેને પ્રકાશિત કરનાર જો જિનવાણી રૂપી નિર્મળ દીપકની જ્યોત ન હોય તો પદાર્થોનું સા રીતે જ્ઞાન જ થઈ શકતું નથી તો પછી એવી અવસ્થામાં ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિત્યાગ માટે પ્રાણીઓને તે પ્રકારની બુદ્ધિ કેવી રીતે થઈ શકે? થઈ શકે નહિ. ૧૩૨.

( मन्दाक्रान्ता )

**शान्ते कर्मण्युचितसकलक्षेत्रकालादिहेतौ**
**लब्ध्वा स्वास्थ्यं कथमपि लसद्योगमुद्रावशेषम् ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**आत्मा धर्मो यदयमसुखस्फीतसंसारगर्ता-**
**दुद्धृत्य स्वं सुखमयपदे धारयत्यात्मनैव ॥१३३॥**

**અનુવાદઃ**—કર્મના ઉપશાન્ત થવા સાથે યોગ્ય સમસ્ત ક્ષેત્ર–કાળાદિરૂપ સામગ્રી પ્રાપ્ત થઈ જતાં કેવળ ધ્યાનમુદ્રાથી સંયુક્ત સ્વાસ્થ્ય (આત્મસ્વરૂપસ્થતા) કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરીને આ આત્મા દુઃખોથી પરિપૂર્ણ સંસારરૂપ ખાડામાંથી પોતાને કાઢીને પોતાની જાતે જ સુખમય પદ અર્થાત્ મોક્ષમાં ધારણ કરે છે તેથી તે આત્મા જ ધર્મ કહેવાય છે.

**વિશેષાર્થઃ**—'इष्टस्थाने धरति इति धर्मः' આ વ્યાખ્યા પ્રમાણે જે જીવને સંસારના દુઃખમાંથી કાઢીને ઇષ્ટ પદ (મોક્ષ) માં પ્રાપ્ત કરાવે છે તેને ધર્મ કહેવામાં આવે છે. કર્મો ઉપશાન્ત થવાથી પ્રાપ્ત થયેલી દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ સામગ્રી દ્વારા અનંત-ચતુષ્ટયસ્વરૂપ સ્વાસ્થ્યનો લાભ થાય છે. આ અવસ્થામાં એક માત્ર ધ્યાનમુદ્રા જ બાકી રહે છે, બાકીના બધા સંકલ્પ–વિકલ્પ છૂટી જાય છે. હવે આત્મા પોતાને પોતા દ્વારા જ સંસાર-રૂપ ખાડામાંથી કાઢીને મોક્ષમાં પહોંચાડી દે છે. તેથી ઉપર્યુક્ત વ્યાખ્યા પ્રમાણે વાસ્તવમાં આત્માનું નામ જ ધર્મ છે–તે સિવાય બીજો કોઈ ધર્મ હોઈ શકે નહિ. ૧૩૩.

(शार्दूलविक्रीडित)

**नो शून्यो न जडो न भूतजनितो नो कर्तृभावं गतो**
**नैको न क्षणिको न विश्वविततो नित्यो न चैकान्ततः ।**
**आत्मा कायमितश्चिदेकनिलयः कर्ता च भोक्ता स्वयं**
**संयुक्तः स्थिरताविनाशजननैः प्रत्येकमेकक्षणे ॥१३४॥**

**અનુવાદઃ**—આ આત્મા એકાન્તરૂપે ન તો શૂન્ય છે, ન જડ છે, ન પૃથ્વી આદિ ભૂતોથી ઉત્પન્ન થયો છે, ન કર્તા છે, ન એક છે, ન ક્ષણિક છે, ન વિશ્વવ્યાપક છે અને ન નિત્ય પણ છે. પરંતુ ચૈતન્ય ગુણના આશ્રયભૂત તે આત્મા પ્રાપ્ત થયેલ શરીર પ્રમાણે થતો થકો સ્વયં જ કર્તા અને ભોક્તા પણ છે. તે આત્મા પ્રત્યેક ક્ષણે સ્થિરતા (ધ્રૌવ્ય), વિનાશ (વ્યય) અને જનન (ઉત્પાદ) થી યુક્ત રહે છે.

**વિશેષાર્થ**—ભિન્ન ભિન્ન મતવાદીઓ દ્વારા આત્માના સ્વરૂપની જે વિવિધ પ્રકારે કલ્પના કરવામાં આવી છે તેનું અહીં નિરાકરણ કરવામાં આવ્યું છે. જેમ કે-શૂન્યૈકાન્ત-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાદી ( માધ્યમિક ) કેવળ આત્માને જ નહિ પણ સમસ્ત વિશ્વને ય શૂન્ય માને છે. તેમના મતનું નિરાકરણ કરવા માટે અહીં 'एकान्ततः नो शून्यः' અર્થાત્ આત્મા સર્વથા શૂન્ય નથી, એમ કહેવામાં આવ્યું છે. વૈશેષિક મુક્તિ અવસ્થામાં બુદ્ધિ આદિ નવ વિશેષ ગુણોનો ઉચ્છેદ માનીને તેને જડ જેવો માને છે. સંસાર અવસ્થામાં પણ તેઓ તેને સ્વયં ચેતન નથી માનતા પણ ચેતન જ્ઞાનના સમવાયથી તેને ચેતન સ્વીકારે છે. જે ઔપચારિક છે. આવી અવસ્થામાં તે સ્વરૂપથી જડ જ કહેવાશે. તેમના આ અભિપ્રાયનું નિરાકરણ કરવા માટે અહીં 'न जडः' અર્થાત્ તે જડ નથી, એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. ચાર્વાક-મતાનુયાયી આત્માને પૃથ્વી આદિ પાંચ ભૂતોથી ઉત્પન્ન થયેલો માને છે. તેમના અભિપ્રાય પ્રમાણે તેનું અસ્તિત્વ ગર્ભથી મરણ પર્યન્ત જ રહે છે–ગર્ભના પહેલાં અને મરણ પછી તેનું અસ્તિત્વ રહેતું નથી. તેમના આ અભિપ્રાયને દોષવાળું બતાવીને અહીં 'नभूतजनितः' અર્થાત્ તે પાંચ ભૂતોથી ઉત્પન્ન થયો નથી, એમ કહેવામાં આવ્યું છે. નૈયાયિક આત્માને સર્વથા કર્તા માને છે. તેમના અભિપ્રાયનું લક્ષ્ય કરીને અહીં 'नो कर्मभावं गतः' અર્થાત્ તે સર્વથા કર્તૃત્વ અવસ્થાને પ્રાપ્ત નથી, એમ કહેવામાં આવ્યું છે. પુરુષાદ્વૈતવાદી કેવળ પરંબ્રહ્મનો જ સ્વીકાર કરીને તેના સિવાય સમસ્ત પદાર્થોનો નિષેધ કરે છે. લોકમાં જે વિવિધ પ્રકારના પદાર્થ જોવામાં આવે છે તેનું કારણ અવિદ્યાજનિત સંસ્કાર છે. એમના ઉપર્યુક્ત મતનું નિરાકરણ કરતાં અહીં 'नैकः' અર્થાત્ આત્મા એક જ નથી, એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. બૌદ્ધ ( સૌત્રાન્તિક ) તેને સર્વથા ક્ષણિક માને છે. તેમનો અભિપ્રાય સદોષ બતાવતાં અહીં 'न क्षणिकः' અર્થાત્ આત્મા સર્વથા ક્ષણમાં નાશ પામનાર નથી, એમ કહ્યું છે. વૈશેષિક આદિ આત્માને વિશ્વવ્યાપક માને છે. તેમના મતને દોષપૂર્ણ બતાવીને અહીં 'न विश्ववितत:' અર્થાત્ તે સમસ્ત લોકમાં વ્યાપ્ત નથી, એવો નિર્દેશ કર્યો છે. સાંખ્યમતાનુયાયી આત્માને સર્વથા નિત્ય સ્વીકારે છે. તેમના આ અભિમતને દુષિત ઠરાવીને અહીં 'न नित्यः' અર્થાત્ તે સર્વથા નિત્ય નથી, એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. અહીં 'एकान्ततः' આ પદનો સંબંધ સર્વત્ર સમજવો જોઈએ. જેમ કે–'एकान्ततः નો शून्यः, एकान्ततः नः जडः' ઇત્યાદિ. જૈનમતાનુસાર આત્માનું સ્વરૂપ કેવું છે, એનો નિર્દેશ કરતાં આગળ એમ બતાવ્યું છે કે નયવિવક્ષા પ્રમાણે તે આત્મા પ્રાપ્ત શરીરની બરાબર અને ચેતન છે. તે વ્યવહારથી સ્વયં કર્મોનો કર્તા અને તેમના ફળનો ભોક્તા પણ છે. પ્રકૃતિ કર્તા અને પુરુષ ભોક્તા છે, આ સાંખ્ય સિદ્ધાંત અનુસાર કર્તા એક ( પ્રકૃતિ ) અને ફળનો ભોક્તા બીજો ( પુરુષ ) હોય; એમ સંભવતું નથી. જીવાદિ છ દ્રવ્યોમાંથી પ્રત્યેક ક્ષણે ક્ષણે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી સંયુક્ત રહે છે. કોઈ પણ દ્રવ્ય સર્વથા ક્ષણિક અથવા નિત્ય નથી. ૧૩૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

**क्वात्मा तिष्ठति कीदृशः स कलितः केनात्र यस्येदृशी**
**भ्रान्तिस्तत्र विकल्पसंभृतमना यः कोऽपि स ज्ञायताम् ।**
**किंचान्यस्य कुतो मतिः परमियं भ्रान्ताशुभात्कर्मणो**
**नित्वा नाशमुपायतस्तदखिलं जानाति ज्ञाता प्रभुः ॥१३५॥**

**અનુવાદ**:—આત્મા ક્યાં રહે છે, તે કેવો છે તથા અહીં કોણે તેને જાણ્યો છે; આ જાતની ભ્રાંતિ જેને થઈ રહી છે ત્યાં ઉપર્યુક્ત વિકલ્પોથી પરિપૂર્ણ ચિત્તવાળો જે કોઈ પણ છે તેણે આત્મા જાણવો જોઈએ. કારણ કે આ પ્રકારની બુદ્ધિ અન્ય ( જડ ) ને થઈ શકતી નથી. વિશેષતા કેવળ એટલી છે કે આત્માને ઉત્પન્ન થયેલો ઉપર્યુક્ત વિચાર અશુભ કર્મના ઉદયથી ભ્રાંતિયુક્ત છે. આ ભ્રાંતિનો પ્રયત્નપૂર્વક નાશ કરીને જ્ઞાતા સમસ્ત વિશ્વને જાણે છે.

**વિશેષાર્થ**:—આત્મા અતીન્દ્રિય છે. તેથી તેને અલ્પજ્ઞાની આ ચર્મચક્ષુઓથી જોઈ શકતા નથી. અદૃશ્ય હોવાથી જ અનેક પ્રાણીઓને 'આત્મા ક્યાં રહે છે, કેવો છે અને કોના દ્વારા જોવામાં આવ્યો છે' ઇત્યાદિ પ્રકારનો સંદેહ ઘણું કરીને આત્માના વિષયમાં થયા કરે છે. આ સંદેહ દૂર કરતાં અહીં એમ બતાવ્યું છે કે જે કોઇનેય ઉપર્યુક્ત સંદેહ થાય છે, વાસ્તવમાં તે જ આત્મા છે કારણ કે એવો વિકલ્પ શરીર આદિ જડ પદાર્થને થઈ શકતો નથી. તે તો 'अहम् अहम्' અર્થાત્ હું જાણું છું, હું અમુક કાર્ય કરૂં છું; એ રીતે 'હું હું' એ ઉલ્લેખથી પ્રતીતિમાં આવતા ચેતન આત્માને જ થઈ શકે છે. એટલું અવશ્ય છે કે જ્યાં સુધી મિથ્યાત્વ આદિ અશુભ કર્મોનો ઉદય રહે છે ત્યાં સુધી જીવને ઉપર્યુક્ત ભ્રાંતિ રહી શકે છે. ત્યારપછી તે તપશ્ચરણાદિ દ્વારા જ્ઞાનાવરણાદિને નષ્ટ કરીને પોતાના સ્વભાવાનુસાર અખિલ પદાર્થોનો જ્ઞાતા (સર્વજ્ઞ) બની જાય છે. ૧૩૫.

( शार्दूलविक्रीड़ित )

**आत्मा मूर्तिविवर्जितोऽपि वपुषि स्थित्वापि दुर्लक्षतां**
**प्राप्तोऽपि स्फुरति स्फुटं यदहमित्युल्लेखतः संततम् ।**
**तत्किं मुह्यत शासनादपि गुरोर्भ्रान्तिः समुत्सृज्यता-**
**मन्तः पश्यत निश्चलेन मनसा तं तन्मुखाक्षव्रजाः ॥१३६॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—આત્મા મૂર્તિ (રૂપ, રસ, ગંધ, સ્પર્શ) રહિત હોવા છતાં પણ, શરીરમાં સ્થિતિ હોવા છતાં પણ તથા અદૃશ્ય અવસ્થાને પ્રાપ્ત હોવા છતાં પણ નિરંતર 'अहम्' અર્થાત્ 'હું' આ ઉલ્લેખથી સ્પષ્ટપણે પ્રતીતિમાં આવે છે. એવી અવસ્થામાં હે ભવ્ય જીવો! તમે આત્મોન્મુખ ઇન્દ્રિય સમૂહથી સંયુક્ત થઈને કેમ મોહને પ્રાપ્ત થાવ છો? ગુરુની આજ્ઞાથી પણ ભ્રમ છોડો અને અભ્યંતરમાં નિશ્ચય મનથી તે આત્માનું અવલોકન કરો. ૧૩૬.

( शार्दूलविक्रीड़ित )

**व्यापी नैव शरीर एव यदसावात्मा स्फुरत्यन्वहं**
**भूतानन्वयतो न भूतजनितो ज्ञानी प्रकृत्या यतः ।**
**नित्ये वा क्षणिकेऽथवा न कथमप्यर्थक्रिया युज्यते**
**तत्रैकत्वमपि प्रमाणदृढया भेदप्रतीत्याहतम् ॥१३७॥**

**અનુવાદ:**—આત્મા વ્યાપક નથી જ કારણ કે તે નિરંતર શરીરમાં જ પ્રતિભાસિત થાય છે. તે ભૂતોથી ઉત્પન્ન પણ નથી કેમ કે તેની સાથે ભૂતોનો અન્વય જોવામાં આવતો નથી તથા તે સ્વભાવથી જ્ઞાતા પણ છે. તેને સર્વથા નિત્ય અથવા ક્ષણિક સ્વીકારવાથી તેમાં કોઈ પ્રકારે અર્થક્રિયા બની શકતી નથી. તેમાં એકત્વ પણ નથી કેમ કે તે પ્રમાણથી દૃઢતાને પામેલી ભેદ પ્રતીતિ દ્વારા બાધિત છે.

**વિશેષાર્થ:**—જે વૈશેષિક આદિ આત્માને વ્યાપક માને છે તેમનું લક્ષ્ય કરીને અહીં એમ કહેવામાં આવ્યું છે કે 'આત્મા વ્યાપક નથી' કેમ કે તે શરીરમાં જ પ્રતિભાસિત થાય છે. જો આત્મા વ્યાપક હોય તો તેની પ્રતીતિ કેવળ શરીરમાં જ કેમ થાય? બીજે પણ થવી જોઈતી હતી. પરંતુ શરીર સિવાય બીજે ક્યાંય પણ તેની પ્રાપ્તિ થતી નથી. તેથી નિશ્ચિત છે કે આત્મા શરીર પ્રમાણ જ છે, નહિ કે સર્વવ્યાપક. 'આત્મા પાંચ ભૂતોથી ઉત્પન્ન થયો છે' આ ચાર્વાક મતને દૂષિત બતાવતાં અહીં એમ કહ્યું છે કે આત્મા સ્વભાવથી જ જ્ઞાતા દૃષ્ટા છે તેથી તે ભૂતજનિત નથી. જો એમ હોય તો આત્મામાં સ્વભાવથી ચૈતન્ય ગુણ પ્રાપ્ત થવો જોઈતો નહતો. એનું પણ કારણ એ છે કે કાર્ય પ્રાયઃ પોતાના ઉપાદાન કારણ અનુસાર જ ઉત્પન્ન થાય છે, જેમ માટીમાંથી ઉત્પન્ન થનાર ઘડામાં માટીના જ ગુણ (મૂર્તિકપણું અને અચેતનપણું આદિ) પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે જો આત્મા પંચભૂતથી ઉત્પન્ન થયો હોત તો તેમાં ભૂતના ગુણ અચેતનપણું આદિ જ પ્રાપ્ત થવા જોઈતા હતા, નહિ કે સ્વાભાવિક ચેતનત્વ આદિ. પરંતુ તેમાં અચેતનપણાની વિરૂદ્ધ ચેતનપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ પ્રાપ્ત થાય છે. માટે સિદ્ધ છે કે તે આત્મા પૃથ્વી આદિ ભૂતોથી ઉત્પન્ન થયો નથી. આત્માને સર્વથા નિત્ય અથવા ક્ષણિક માનતાં તેમાં ઘટની જળધારણ આદિ અર્થક્રિયાની જેમ કાંઈ પણ અર્થક્રિયા ન થઈ શકેત. જેમ—જો આત્માને કૂટસ્થ નિત્ય (ત્રણે કાળે એકજ સ્વરૂપે રહેનાર) સ્વીકારવામાં આવે તો તેમાં કોઈ પણ ક્રિયા (પરિણામ કે પરિસ્પંદરૂપ) થઈ શકે નહિ. એવી અવસ્થામાં કાર્યની ઉત્પત્તિ પહેલાં કારણનો અભાવ કેવી રીતે કહી શકાશે? કારણ કે જ્યાં આત્મામાં કદી કોઈ પ્રકારનો વિકાર સંભવિત જ નથી ત્યાં તે આત્મા જેવો ભોગરૂપ કાર્ય કરતી વખતે હતો તેવો જ તે તેના પહેલાં પણ હતો. તો પછી શું કારણ છે કે પહેલાં પણ ભોગરૂપ કાર્ય ન હોય? કારણ હોવાથી તે હોવું જ જોઈતું હતું. અને જો તે પહેલાં ન હોય તો પછી પાછળથી પણ ઉત્પન્ન ન થવું જોઇએ. કેમ કે ભોગરૂપ ક્રિયાનો કર્તા આત્મા સદા એકરૂપ જ રહે છે. નહિ તો તેની કૂટસ્થ નિત્યતાનો વિઘાત અવશ્ય થાય. કારણ કે પહેલાં જે તેની અકર્તાપણારૂપ અવસ્થા હતી તેનો વિનાશ થઈને કર્તાપણા રૂપ નવી અવસ્થાનો ઉત્પાદ થયો છે. આ જ કૂટસ્થ નિત્યતાનો વિઘાત છે. એ જ રીતે જો આત્માને સર્વથા ક્ષણિક જ માનવામાં આવે તો પણ કોઈ પ્રકારની અર્થક્રિયા થઈ શકશે નહિ કારણ કે કોઈ પણ કાર્ય કરવા માટે સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, અને ઇચ્છા આદિનું રહેવું આવશ્યક હોય છે. તે આ ક્ષણિક એકાન્ત પક્ષમાં સંભવ નથી. એનું પણ કારણ એ છે કે જેણે પહેલાં કોઈ પદાર્થને પ્રત્યક્ષ કરી લીધો હોય તેને જ પાછળથી તેનું સ્મરણ થાય છે અને ત્યારપછી તેના જ ઉક્ત અનુભૂત પદાર્થના સ્મરણપૂર્વક ફરીથી પ્રત્યક્ષ થતાં પ્રત્યભિજ્ઞાન પણ થાય છે. પરંતુ જો આત્મા સર્વથા ક્ષણિક જ હોય તો જે ચિત્તક્ષણને પ્રત્યક્ષ થયું હતું તે તો તે જ ક્ષણે નષ્ટ થઈ ગયું છે. એવી હાલતમાં તેના સ્મરણ અને પ્રત્યભિજ્ઞાનની સંભાવના કેવી રીતે કરી શકાય? તથા ઉક્ત સ્મરણ અને પ્રત્યભિજ્ઞાન વિના કોઈ પણ કાર્ય કરવું અસંભવ છે. આ રીતે ક્ષણિક એકાન્ત પક્ષમાં બંધ મોક્ષાદિની પણ વ્યવસ્થા થઈ શકતી નથી. તેથી આત્મા આદિને સર્વથા નિત્ય અથવા સર્વથા ક્ષણિક ન માનતાં કથંચિત્ (દ્રવ્યદષ્ટિએ) નિત્ય અને કથંચિત્ (પર્યાયદષ્ટિએ) અનિત્ય સ્વીકારવા જોઇએ. જે પુરુષાદ્વૈતવાદી આત્માને પરબ્રહ્મસ્વરૂપમાં સર્વથા એક સ્વીકારીને વિભિન્ન આત્માઓ અને અન્ય સર્વ પદાર્થોનો નિષેધ કરે છે તેમના મતનું નિરાકરણ કરતાં અહીં એમ બતાવ્યું છે કે સર્વથા એકત્વની કલ્પના પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધિત છે. જ્યાં વિવિધ પ્રાણીઓ અને ઘટ-પટાદિ પદાર્થોની જુદી જુદી સત્તા પ્રત્યક્ષ જ સ્પષ્ટપણે દેખવામાં આવે છે ત્યાં ઉપર્યુક્ત સર્વથા એકત્વની કલ્પના ભલા કેવી રીતે યોગ્ય કહી શકાય છે? કદાપિ નહિ. એજ રીતે શબ્દાદ્વૈત, વિજ્ઞાનાદ્વૈત અને ચિત્રાદ્વૈત આદિની કલ્પના પણ પ્રત્યક્ષાદિથી બાધિત હોવાના કારણે ગ્રાહ્ય નથી; એવો નિશ્ચય કરવો જોઇએ. ૧૩૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

कुर्यात्कर्म शुभाशुभं स्वयमसौ भुङ्क्ते स्वयं तत्फलं
सातासातगतानुभूतिकलनादात्मा न चान्यादृशः ।
चिद्रुपः स्थितिजन्मभङ्गकलितः कर्मावृतः संसृतौ
मुक्तौ ज्ञानदृगेकमूर्तिरमलस्त्रैलोक्यचूडामणिः ॥१३८॥

**અનુવાદઃ**—તે આત્મા સ્વયં શુભ અને અશુભ કાર્ય કરે છે અને સ્વયં તેનું ફળ પણ ભોગવે છે, કારણ કે શુભાશુભ કર્મના ફળ સ્વરૂપ સુખદુઃખનો અનુભવ પણ તેને જ થાય છે. આનાથી ભિન્ન આત્માનું બીજું સ્વરૂપ હોઈ જ શકે નહિ. સ્થિતિ (ધ્રૌવ્ય), જન્મ (ઉત્પાદ) અને ભંગ (વ્યય) સહિત જે ચેતન આત્મા સંસાર અવસ્થામાં કર્મોના આવરણ સહિત હોય છે તે જ મુક્તિ અવસ્થામાં કર્મમળ રહિત થઈને જ્ઞાન-દર્શનરૂપ અદ્વિતીય શરીર સંયુક્ત થયો થકો ત્રણે લોકમાં ચૂડામણિ રત્ન સમાન શ્રેષ્ઠ થઈ જાય છે.

**વિશેષાર્થઃ**—સાંખ્ય પ્રકૃતિને કર્તા અને પુરુષને ભોક્તા માને છે. આ જ અભિપ્રાય લક્ષમાં રાખીને અહીં એમ બતાવ્યું છે કે જે આત્મા કર્મોનો છે તે જ તેમના કર્તા ફળનો ભોક્તા પણ થાય છે. કર્તા એક અને ફળનો ભોક્તા અન્ય જ હોય, એ કલ્પના યુક્તિ સંગત નથી. એ સિવાય અહીં જે બે વાર 'स्वयम्' પદનો પ્રયોગ થયો છે તેથી એ પણ જણાય છે કે જેવી રીતે ઈશ્વર કર્તૃત્વ વાદીઓના મતમાં કર્મોનું કરવું અને તેમના ફળનું ભોગવવું ઈશ્વર પ્રેરણાથી થાય છે તેવું જૈન સિદ્ધાંત અનુસાર સંભવિત નથી. જૈનમત પ્રમાણે આત્મા સ્વયં કર્તા અને પોતે જ તેમના ફળનો ભોક્તા પણ છે. તથા તે જ પુરુષાર્થ પ્રગટ કરીને કર્મમળ રહિત થયો થકો સ્વયં પરમાત્મા પણ બની જાય છે. અહીં સર્વથા નિત્યપણું અથવા અનિત્યત્વની કલ્પનાને દોષયુક્ત પ્રગટ કરતાં એ પણ બતાવ્યું છે કે આત્મા આદિ પ્રત્યેક પદાર્થ સદા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી સંયુક્ત રહે છે. જેમ-માટીમાંથી ઉત્પન્ન થનાર ઘટમાં માટીરૂપ પૂર્વપર્યાયનો વ્યય, ઘટરૂપ નવીન પર્યાયનો ઉત્પાદ તથા પુદ્ગલ દ્રવ્ય ઉક્ત બન્નેય અવસ્થામાં ધ્રુવ સ્વરૂપે સ્થિત રહે છે. ૧૩૮.

( वसंततिलका )

आत्मानमेवमधिगम्य नयप्रमाण-
निक्षेपकादिभिरभिश्रयतैकचित्ताः ।
भव्या यदीच्छत भवार्णवमुत्तरीतु-
मुत्तुङ्गमोहमकरोग्रतरं गभीरम् ॥१३९॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—આ રીતે નય, પ્રમાણ અને નિક્ષેપ આદિ દ્વારા આત્માનું સ્વરૂપ જાણીને હે ભવ્ય જીવો! જો તમે ઉન્નત મોહરૂપી મગરોથી અતિશય ભયાનક અને ગંભીર આ સંસારરૂપ સમુદ્રથી પાર થવાની ઇચ્છા રાખતા હો તો પછી એકાગ્રચિત્ત થઇને ઉપર્યુક્ત આત્માનો આશ્રય કરો.

**વિશેષાર્થ:**—જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે. તાત્પર્ય એ છે કે પ્રમાણ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ વસ્તુના એકદેશ (દ્રવ્ય અથવા પર્યાય આદિમાં) માં વસ્તુનો નિશ્ચય કરવો તેને નય કહેવામાં આવે છે. તે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના ભેદથી બે પ્રકારના છે. જે દ્રવ્યની મુખ્યતાથી વસ્તુને ગ્રહણ કરે છે તે દ્રવ્યાર્થિક તથા જે પર્યાયની પ્રધાનતાથી વસ્તુને ગ્રહણ કરે છે તે પર્યાયાર્થિક નય કહેવાય છે. એમાં દ્રવ્યાર્થિક નયના ત્રણ ભેદ છે-નૈગમ, સંગ્રહ અને વ્યવહાર. જે પર્યાયકલંકથી રહિત સત્તા આદિ સામાન્યની વિવક્ષાથી સર્વમાં અભેદ (એકત્વ)ને ગ્રહણ કરે છે તે શુદ્ધ દ્રવ્યાર્થિક સંગ્રહનય કહેવાય છે. એનાથી વિપરીત જે પર્યાયની પ્રધાનતાથી બે આદિ અનંત ભેદરૂપ વસ્તુને ગ્રહણ કરે છે તેને અશુદ્ધ દ્રવ્યાર્થિક વ્યવહારનય કહેવામાં આવે છે. જે સંગ્રહ અને વ્યવહાર આ બન્ને ય નયોના પરસ્પર ભિન્ન બન્ને (અભેદ અને ભેદ) વિષયોને ગ્રહણ કરે છે તેનું નામ નૈગમનય છે. પર્યાયાર્થિક નય ચાર પ્રકારનો છે-ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. એમાં જે ત્રણ કાળ વિષયક પર્યાયોને છોડીને કેવળ વર્તમાનકાળ વિષયક પર્યાયને ગ્રહણ કરે છે તે ઋજુસૂત્રનય છે. જે લિંગ, સંખ્યા (વચન), કાળ, કારક અને પુરુષ (ઉત્તમાદિ) આદિનો વ્યભિચાર દૂર કરીને વસ્તુનું ગ્રહણ કરે છે તેને શબ્દનય કહે છે. લિંગવ્યભિચાર—જેમ સ્ત્રીલિંગમાં પુલ્લિંગનો પ્રયોગ કરવો. જેમ કે તારાને માટે સ્વાતિ શબ્દનો પ્રયોગ કરવો. ઇત્યાદિ વ્યભિચાર શબ્દનયની દૃષ્ટિએ અગ્રાહ્ય નથી. જે એક જ અર્થ શબ્દભેદથી અનેક રૂપે ગ્રહે છે તેને શબ્દનય કહે છે. જેમ એક જ વ્યક્તિ ઇન્દન (શાસન) ક્રિયાના નિમિત્તે ઇન્દ્ર, શકન (સામર્થ્યરૂપ) ક્રિયાથી શક્ર તથા પુરોના (નગરોના) વિદારણ કરવાથી પુરંદર કહેવાય છે. આ નયની દૃષ્ટિમાં પર્યાય શબ્દોનો પ્રયોગ અગ્રાહ્ય છે કેમ કે એક અર્થનો બોધક એક જ શબ્દ હોય છે.—સમાનાર્થક અન્ય શબ્દ તેનો બોધ કરાવી શકતો નથી. પદાર્થ જે ક્ષણે જે ક્રિયામાં પરિણત હોય તેને જે તે જ ક્ષણે તે જ સ્વરૂપે ગ્રહે છે તેને એવંભૂતનય કહે છે. આ નયની અપેક્ષાએ ઇન્દ્ર જ્યારે શાસનક્રિયામાં પરિણત હોય ત્યારે જ તે ઇન્દ્ર શબ્દનું વાચ્ય થાય, નહિ કે અન્ય સમયમાં પણ. પ્રમાણ સમ્યગ્જ્ઞાનને કહેવામાં આવે છે. તે પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારનું છે. જે જ્ઞાન ઇન્દ્રિય, મન, પ્રકાશ અને ઉપ-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેશાદિ બાહ્ય નિમિત્તની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે તે પરોક્ષ કહેવાય છે. તેના બે ભેદ છે– મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. જે જ્ઞાન ઇન્દ્રિયો અને મનની સહાયથી ઉત્પન્ન થાય છે તેને મતિ· જ્ઞાન કહે છે. તે મતિજ્ઞાનથી જાણેલી વસ્તુના વિષયમાં જે વિશેષ વિચાર ઉત્પન્ન થાય છે તે શ્રુતજ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ પ્રમાણ ત્રણ પ્રકારનું છે–અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળ- જ્ઞાન. એમાં જે ઇન્દ્રિય આદિની અપેક્ષા ન કરતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા- પૂર્વક રૂપી (પુદ્ગલ અને તેનાથી સંબદ્ધ સંસારી પ્રાણી) પદાર્થનું ગ્રહણ કરે છે તેને અવધિજ્ઞાન કહે છે. જે જીવોના મનોગત પદાર્થને જાણે છે તે મનઃપર્યયજ્ઞાન કહેવાય છે. સમસ્ત વિશ્વને યુગપત્ ગ્રહણ કરનાર જ્ઞાન કેવળજ્ઞાન કહેવાય છે. આ ત્રણેય જ્ઞાન અતીન્દ્રિય છે. નિક્ષેપ શબ્દનો અર્થ મૂકવું થાય છે. પ્રત્યેક શબ્દનો પ્રયોગ અનેક અર્થોમાં થયા કરે છે. તેમાંથી કયા વખતે કયો અર્થ ઇષ્ટ છે, એ બતાવવું તે નિક્ષેપ વિધિનું કાર્ય છે. તે નિક્ષેપ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારના છે. વસ્તુમાં વિવક્ષિત ગુણ અને ક્રિયા આદિ ન હોવા છતાં પણ કેવળ લોકવ્યવહાર માટે તેનું નામ રાખવાને નામનિક્ષેપ કહેવાય છે.–જેમ કોઈ વ્યક્તિનું નામ લોકવ્યવહાર માટે દેવદત્ત (દેવ દ્વારા ન અપાવા છતાં) રાખવું. કાષ્ટકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્મ અને પાસાઓના નિક્ષેપ આદિમાં 'તે આ છે' એ પ્રકારની જે કલ્પના કરવામાં આવે છે તેને સ્થાપના નિક્ષેપ કહે છે. તે બે પ્રકારનો છે–સદ્ભાવ સ્થાપના નિક્ષેપ અને અસદ્ભાવ સ્થાપના નિક્ષેપ. સ્થાપ્યમાન વસ્તુના આકારવાળી કોઈ અન્ય વસ્તુમાં જે તેની સ્થાપના કરવામાં આવે છે તેને સદ્ભાવ સ્થાપના નિક્ષેપ કહેવામાં આવે છે–જેમ ઋષભ જિનેન્દ્રના આકારભૂત પાષાણમાં ઋષભ જિનેન્દ્રની સ્થાપના કરવી. જે વસ્તુ સ્થાપ્યમાન પદાર્થના આકારની નથી છતાં પણ તેમાં તે વસ્તુની કલ્પના કરવી તેને અસદ્ભાવ સ્થાપના નિક્ષેપ કહેવાય છે,–જેમ શેતરંજની ગોટીમાં હાથી, ઘોડા આદિની કલ્પના કરવી. ભવિષ્યમાં થનારી પર્યાયની મુખ્યતાથી વસ્તુનુ કથન કરવું તે દ્રવ્ય નિક્ષેપ કહેવાય છે. વર્તમાન પર્યાયથી લક્ષિત વસ્તુના કથનને ભાવ- નિક્ષેપ કહેવામાં આવે છે. આ રીતે આ નિક્ષેપોના વિધાનથી અપ્રકૃતનું નિરાકરણ અને પ્રકૃતનું ગ્રહણ થાય છે. ૧૩૯.

( मालिनी )

भवरिपुरिह तावद्दुःखदो यावदात्मन्<br>
तव विनिहितधामा कर्मसंश्लेषदोषः ।<br>
स भवति किल रागद्वेषहेतोस्तदादौ<br>
झटिति शिवसुखार्थी यत्नतस्तौ जहीहि ॥१४०॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—હે આત્મન્! અહીં સંસારરૂપ શત્રુ ત્યાં સુધી જ દુઃખ દઈ શકે છે જ્યાં સુધી તારામાં જ્ઞાનરૂપ જ્યોતિને નષ્ટ કરનાર કર્મબંધરૂપ દોષે સ્થાન પ્રાપ્ત કરેલું છે. તે કર્મબંધરૂપ દોષ નિશ્ચયથી રાગ અને દ્વેષના નિમિત્તે થાય છે. તેથી મોક્ષસુખનો અભિલાષી થઈને તું સર્વપ્રથમ શીઘ્રતાથી પ્રયત્નપૂર્વક તે બન્નેને છોડી દે. ૧૪૦.

( स्रग्धरा )

**लोकस्य त्वं न कश्चिन्न स तव यदिह स्वार्जितं भुज्यते कः**
**संबन्धस्तेन सार्धं तदसति सति वा तत्र कौ रोषतोषौ।**
**काये ऽप्येवं जडत्वात्तदनुगतसुखादावपि ध्वंसभावा-**
**देवंनिश्चित्य हंस स्वबलमनुसर स्थायि मा पश्य पार्श्वम् ॥१४१॥**

**અનુવાદ:**—હે આત્મન્! ન તો તમે લોક ( કુટુંબી જન આદિ )ના કોઈ છો અને ન તે પણ તમારું કોઈ હોઈ શકે. અહીં તમે જે કાંઈ કમાયા છો તે જ (તમારે) ભોગવવું પડે છે. તમારો તે લોક સાથે ભલા શું સંબંધ છે? અર્થાત્ કાંઈ પણ નથી. તો પછી તે લોક ન હોય તો વિષાદ અને તે હોય તો હર્ષ શા માટે કરો છો? એવી જ રીતે શરીરમાં રાગદ્વેષ ન કરવો જોઈએ, કેમ કે તે જડ (અચેતન) છે. તથા શરીર સાથે સંબંધવાળા ઇન્દ્રિયવિષય ભોગજનિત સુખાદિકમાં પણ તમારે રાગદ્વેષ કરવો ઉચિત નથી, કેમ કે તે વિનશ્વર છે. આ રીતે નિશ્ચય કરીને તમે તમારી સ્થિર આત્મશક્તિનું અનુસરણ કરો. તે નિકટવર્તી લોકને સ્થાયી ન સમજો.

**વિશેષાર્થ:**—કુટુંબ અને ધન-ધાન્યાદિ બાહ્ય સર્વ પદાર્થોનો આત્મા સાથે કાંઈ પણ સંબંધ નથી. તે પ્રત્યક્ષ જ પોતાનાથી જુદા દેખાય છે. તેથી તેમના સંયોગમાં હર્ષિત અને વિયોગમાં ખેદખિન્ન થવું યોગ્ય નથી. બીજું તો શું કહીએ? જે શરીર સદા આત્માની સાથે જ રહે છે તેનો પણ સંબંધ આત્મા સાથે કાંઈ પણ નથી; કારણ કે આત્મા ચેતન છે અને શરીર અચેતન છે. સ્પર્શનાદિ ઇન્દ્રિયોનો સંબંધ પણ તે જ શરીર સાથે છે, નહિ કે તે ચેતન આત્મા સાથે. ઇન્દ્રિયવિષયભોગોથી ઉત્પન્ન થનારૂં સુખ વિનશ્વર છે-સ્થાયી નથી. તેથી હે આત્મન્! શરીર અને તેની સાથે સંબંધવાળા સુખ-દુઃખાદિમાં રાગ-દ્વેષ ન કરતાં પોતાના સ્થાયી આત્મરૂપનું અવલોકન કર. ૧૪૧.

( शार्दूलविक्रीडित )

**आस्तामन्यगतौ प्रतिक्षणलसद्दुःखाश्रितायामहो**
**देवत्वेऽपि न शान्तिरस्ति भवतो रम्ये ऽणिमादिश्रिया।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यत्तस्मादपि मृत्युकालकलयाधस्ताद्धठात्पात्यसे
तत्तन्नित्यपदं प्रति प्रतिदिनं रे जीव यत्नं कुरु ॥१४२॥

**અનુવાદ**:—હે આત્મન્! ક્ષણે ક્ષણે થતાં દુઃખના સ્થાનભૂત અન્ય નરક, તિર્યંચ અને મનુષ્ય ગતિ તો દૂર રહે; પરંતુ આશ્ચર્ય તો એ છે કે અણિમા આદિરૂપ લક્ષ્મીથી રમણીય દેવગતિમાં પણ તને શાન્તિ નથી. કારણ કે ત્યાંથી પણ તું મૃત્યુ કાળ દ્વારા બળજોરીથી નીચે પડાય છે. તેથી તું પ્રતિદિન તે નિત્યપદ અર્થાત્ અવિનશ્વર મોક્ષ પ્રત્યે પ્રયત્ન કર. ૧૪૨.

यद् दृष्टं बहिरङ्गनादिषु चिरं तत्रानुरागो ऽभवत्
भ्रान्त्या भूरि तथापि ताम्यसि ततो मुक्त्वा तदन्तर्विश ।
चेतस्तत्र गुरोः प्रबोधवसतेः किंचित्तदाकर्ण्यते
प्राप्ते यत्र समस्तदुःखविरमाल्लभ्येत नित्यं सुखम् ॥१४३॥

**અનુવાદ**:—હે ચિત્ત! તે બાહ્ય સ્ત્રી આદિ પદાર્થોમાં જે સુખ જોયું છે તેમાં તને ભ્રાંતિથી ચિરકાળસુધી અનુરાગ થયો છે. છતાં પણ તું તેનાથી અધિક સંતપ્ત થઈ રહ્યો છે. તેથી તેને છોડીને પોતાના અંતરાત્મામાં પ્રવેશ કર. તેના વિષયમાં સમ્યગ્જ્ઞાનના આધારભૂત ગુરુ પાસેથી એવું કાંઈક સાંભળવામાં આવે છે કે જે પ્રાપ્ત થતાં સમસ્ત દુઃખોથી છૂટકારો પામીને અવિનશ્વર (મોક્ષ) સુખ પ્રાપ્ત કરી શકાય છે. ૧૪૩.

( पृथ्वी )

किमालकोलाहलैरमलबोधसंपन्निधेः
समस्ति यदि कौतुकं किल तवात्मनो दर्शने ।
निरुद्धसकलेन्द्रियो रहसि मुक्तसंगग्रहः
कियन्त्यपि दिनान्यतः स्थिरमना भवान् पश्यतु ॥१४४॥

**અનુવાદ**:—હે જીવ! જો તને નિર્મળ જ્ઞાનરૂપ સંપત્તિના આશ્રયભૂત આત્માના દર્શનનું કૌતુહલ હોય તો નકામા કોલાહલ (બકવાદ) થી શું? પોતાની સમસ્ત ઇન્દ્રિયોનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરોધ કરીને તું પરિગ્રહ પિશાચને છોડી દે. એનાથી સ્થિરચિત્ત થઈને તું કેટલાક દિવસોમાં એકાન્તમાં તે અંતરાત્માનું અવલોકન કરી શકીશ. ૧૪૪.

( शार्दूलविक्रीड़ित )

**हे चेतः किमु जीव तिष्ठसि कथं चिन्तास्थितं सा कुतो**
**रागद्वेषवशात्तयोः परिचयः कस्माच्च जातस्तव ।**
**इष्टानिष्टसमागमादिति यदि श्वभ्रं तदावां गतौ**
**नोचेन्मुञ्च समस्तमेतदचिरादिष्टादिसंकल्पनम् ॥१४५॥**

**અનુવાદ:**—અહીં જીવ પોતાના ચિત્તને કેટલાક પ્રશ્ન કરે છે અને તે પ્રમાણે ચિત્ત તેમનો ઉત્તર આપે છે–હે ચિત્ત! એવું સંબોધન કરતાં ચિત્ત કહે છે કે હે જીવ શું છે? ત્યારે જીવ તેને પૂછે કે તું કેવી રીતે રહે છે? હું ચિન્તામાં સ્થિત રહું છું. તે ચિન્તા કોનાથી ઉત્પન્ન થઈ છે? તે રાગદ્વેષના વશે ઉત્પન્ન થઈ છે. તે રાગ–દ્વેષનો પરિચય તને કયા કારણે થયો? તેમની સાથે મારો પરિચય ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુઓના સમાગમથી થયો. અંતે જીવ કહે છે કે હે ચિત્ત! જો એમ હોય તો આપણે બન્નેય નરક પ્રાપ્ત કરીશું. તે જો તને ઇષ્ટ ન હોય તો આ સમસ્ત ઇષ્ટ-અનિષ્ટની કલ્પના શીઘ્રતાથી છોડી દે. ૧૪૫.

( शार्दूलविक्रीड़ित )

**ज्ञानज्योतिरुदेति मोहतमसो भेदः समुत्पद्यते**
**सानन्दा कृतकृत्यता च सहसा स्वान्ते समुन्मीलति ।**
**यस्यैकस्मृतिमात्रतो ऽपि भगवानत्रैव देहान्तरे**
**देवस्तिष्ठति मृग्यतां सरभसादन्यत्र किं धावत ॥१४६॥**

**અનુવાદ:**—જે ભગવાન આત્માના કેવળ સ્મરણમાત્રથી પણ જ્ઞાનરૂપી તેજ પ્રગટ થાય છે, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશ થાય છે તથા કૃતકૃત્યતા અકસ્માત્ જ આનંદપૂર્વક પોતાના મનમાં પ્રગટ થઈ જાય છે; તે ભગવાન આત્મા આ જ શરીરમાં બિરાજમાન છે. તેનું શીઘ્ર અન્વેષણ કરો. બીજી જગ્યાએ (બાહ્ય પદાર્થો તરફ) કેમ દોડી રહ્યા છો. ૧૪૬.

( शार्दूलविक्रीड़ित )

**जीवाजीवविचित्रवस्तुविविधाकारर्द्धिरूपादयो**
**रागद्वेषकृतो ऽत्र मोहवशतो दृष्टाः श्रुताः सेविताः ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जातास्ते दृढबन्धनं चिरमतो दुःखं तवात्मन्निदं**
**नूनं जानत एव किं बहिरसावद्यापि धीर्धावति ॥१४७॥**

**અનુવાદ:**—હે આત્મન્ અહીં જે જીવ અને અજીવરૂપ વિચિત્ર વસ્તુઓ, અનેક પ્રકારના આકાર, ઋદ્ધિઓ અને રૂપ આદિ રાગ દ્વેષ ઉત્પન્ન કરનાર છે. તેં તેમને મોહને વશ થઈને જોયા છે, સાંભળ્યા છે તથા તેમનું સેવન પણ કર્યું છે. તેથી તેઓ તારા માટે ચિરકાળથી દૃઢ બંધનરૂપ થયા છે કે જેથી તને દુઃખ ભોગવવું પડે છે. આ બધું જાણવા છતાં પણ તારી તે બુદ્ધિ આજે ય કેમ બાહ્ય પદાર્થો તરફ દોડી રહી છે? ૧૪૭.

( शार्दूलविक्रीड़ित )

**भिन्नोऽहं वपुषो बहिर्मलंकृतान्नानाविकल्पौघतः**
**शब्दादेश्च चिदेकमूर्तिरमलः शान्तः सदानन्दभाक् ।**
**इत्यास्था स्थिरचेतसो दृढतरं साम्यादनारम्भिणः**
**संसाराद्भयमस्ति किं यदि तदप्यन्यत्र कः प्रत्ययः ॥१४८॥**

**અનુવાદ:**—હું બાહ્ય મળથી (રજ–વીર્યથી) ઉત્પન્ન થયેલા આ શરીરથી, અનેક પ્રકારના વિકલ્પોના સમુદાયથી તથા શબ્દાદિકથી પણ ભિન્ન છું. સ્વભાવથી હું ચૈતન્યરૂપ અદ્વિતીય શરીરથી સંપન્ન, કર્મમળ રહિત, શાન્ત અને સદા આનંદનો ઉપભોક્તા છું. આ પ્રકારના શ્રદ્ધાનથી જેનું ચિત્ત સ્થિરતા પામી ગયું છે તથા જે સમતાભાવ ધારણ કરીને આરંભ રહિત થઈ ગયું છે તેને સંસારનો શો ભય છે? કાંઈ પણ નહિ. અને જો ઉપર્યુક્ત દૃઢ શ્રદ્ધાન હોવા છતાં પણ સંસારનો ભય છે તો પછી બીજે ક્યાં વિશ્વાસ કરી શકાય? ક્યાંય નહિ. ૧૪૮.

( शार्दूलविक्रीड़ित )

**किं लोकेन किमाश्रयेण किमथ द्रव्येण कायेन किं**
**किं वाग्भिः किमुतेन्द्रियैः किमसुभिः किं तैर्विकल्पैरपि ।**
**सर्वे पुद्गलपर्यया बत परे त्वत्तः प्रमत्तो भवन्-**
**नात्मन्नेभिरभिश्रयस्यति तरामालेन किं बन्धनम् ॥१४९॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—હે આત્મન્! તારે લોકનું શું પ્રયોજન છે? આશ્રયનું શું પ્રયોજન છે? દ્રવ્યનું શું પ્રયોજન છે? શરીરનું શું પ્રયોજન છે? વચનોનું શું પ્રયોજન છે? ઇન્દ્રિયોનું શું પ્રયોજન છે? પ્રાણોનું શું પ્રયોજન છે? તથા તે વિકલ્પોનું પણ તારે શું પ્રયોજન છે? અર્થાત્ આ બધાનું તારે કાંઈ પણ પ્રયોજન નથી કારણ કે તે બધી પુદ્‌ગલની પર્યાયો છે અને તેથી તારાથી ભિન્ન છે. તું પ્રમાદને વશ થઈને વ્યર્થ જ આ વિકલ્પો દ્વારા કેમ અતિશય બંધનનો આશ્રય કરે છે? ૧૪૯.

( अनुष्टुप् )

**सतताभ्यस्तभोगानामप्यसत्सुखमात्मजम् ।**
**अप्यपूर्वं सदित्यास्था चित्ते यस्य स तत्त्ववित् ॥१५०॥**

**અનુવાદઃ**—જે જીવોએ નિરંતર ભોગોનો અનુભવ કર્યો છે તેમનું તે ભોગોથી ઉત્પન્ન થયેલું સુખ અવાસ્તવિક (કલ્પિત) છે પરંતુ આત્માથી ઉત્પન્ન સુખ અપૂર્વ અને સમીચીન છે; એવો જેના હૃદયમાં દ્રઢ વિશ્વાસ થઈ ગયો છે તે તત્ત્વજ્ઞ છે. ૧૫૦.

( पृथ्वी )

**प्रतिक्षणमयं जनो नियतमुग्रदुःखातुरः**
**क्षुधादिभिरभिश्रयंस्तदुपशान्तये ऽन्नादिकम् ।**
**तदेव मनुते सुखं भ्रमवशाद्यदेवासुखं**
**समुल्लसति कच्छुकारुजि यथा शिखिस्वेदनम् ॥१५१॥**

**અનુવાદઃ**—આ પ્રાણી સમયે સમયે ક્ષુધા-તૃષા આદિ દ્વારા અત્યંત તીવ્ર દુઃખથી વ્યાકુળ થઈને તેમને શાન્ત કરવા માટે અન્ન અને પાણી આદિનો આશ્રય લે છે અને તેને જ ભ્રમ વશે સુખ માને છે. પરંતુ વાસ્તવમાં તે દુઃખ જ છે. આ સુખની કલ્પના આ જાતની છે જેમ કે ખુજલીના રોગમાં અગ્નિના શેકથી થતું સુખ. ૧૫૧.

( शार्दूलविक्रीड़ित )

**आत्मा स्वं परमीक्षते यदि समं तेनैव संचेष्टते**
**तस्मायेव हितस्ततो ऽपि च सुखी तस्यैव संबन्धभाक् ।**
**तस्मिन्नेव गतो भवत्यविरतानन्दामृताम्भोनिधिः**
**किंचान्यत्सकलोपदेशनिवहस्यैतद्रहस्यं परम् ॥१५२॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જો આત્મા પોતાની જાતને ઉત્કૃષ્ટ દેખે, તેની સાથે ક્રીડા કરે, તેના જ માટે હિતસ્વરૂપ રહે, તેનાથી જ તે સુખી થાય, તેનો જ સંબંધ તે પામે અને તેમાં જ તે સ્થિત થાય; તો તે આનંદરૂપ અમૃતનો સમુદ્ર બની જાય છે. અધિક શું કહેવું ? સમસ્ત ઉપદેશોનું કેવળ આ જ રહસ્ય છે.

**વિશેષાર્થઃ**—આનો અભિપ્રાય એ છે કે બાહ્ય સર્વ પદાર્થોથી મમત્વ બુદ્ધિ છોડીને એક માત્ર પોતાના આત્મામાં લીન થવાથી અપૂર્વ સુખ પ્રાપ્ત થાય છે. તે અવસ્થામાં કર્તા કર્મ આદિ કારકોનો કાંઈ પણ ભેદ રહેતો નથી-તે જ આત્મા કર્તા અને તે જ કર્મ આદિ સ્વરૂપ હોય છે. એ જ કારણે ગ્રન્થકર્તાએ આ શ્લોકમાં ક્રમશઃ તેના માટે સાતે વિભક્તિઓ ( आत्मा,, स्त्रम्, तेन, तस्मै, ततः, तस्य, तस्मिन् ) નો ઉપયોગ કર્યો છે. ૧૫૨.

( आर्या )

**परमानन्दाब्जरसं सकलविकल्पान्यसुमनसस्त्यक्त्वा ।**
**योगी स यस्य भजते स्तिमितान्तःकरणषट्चरणः ॥१५३॥**

**અનુવાદઃ**—જેનો શાન્ત અંતઃકરણરૂપી ભ્રમર સમસ્ત વિકલ્પોરૂપ અન્ય પુષ્પોને છોડીને કેવળ ઉત્કૃષ્ટ આનંદરૂપ કમળના રસનું સેવન કરે છે તે યોગી કહેવાય છે. ૧૫૩.

( शार्दूलविक्रीड़ित )

**जायन्ते विरसा रसा विघटते गोष्ठीकथाकौतुकं**
**शीर्यन्ते विषयास्तथा विरमति प्रीतिः शरीरेऽपि च ।**
**जोषं वागपि धारयत्यविरतानन्दात्मशुद्धात्मनः**
**चिन्तायामपि यातुमिच्छति समं दोषैर्मनः पञ्चताम् ॥१५४॥**

**અનુવાદઃ**—નિત્ય આનંદ સ્વરૂપ શુદ્ધ આત્માનો વિચાર કરતાં રસ નીરસ થઈ જાય છે, પરસ્પરના સંલાપરૂપ કથાનું કુતૂહલ નષ્ટ થઈ જાય છે, વિષય નષ્ટ થઈ જાય છે, શરીરના વિષયમાં પણ પ્રેમ રહેતો નથી, વચન પણ મૌન ધારણ કરી લે છે તથા મન દોષો સાથે મૃત્યુ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. ૧૫૪.

( स्रग्धरा )

**आत्मैकः सोपयोगो मम किमपि ततो नान्यदस्तीति चिन्ता-**
**भ्यासास्ताशेषवस्तोः स्थितपरममुदा यद्गतिर्नो विकल्पे ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ग्रामे वा कानने वा जनजनितसुखे निःसुखे वा प्रदेशे**
**साक्षादाराधना सा श्रुतविशदमतेर्बाह्यमन्यत्समस्तम् ॥१५५॥**

**અનુવાદ:**—ઉપયોગ (જ્ઞાન–દર્શન) યુક્ત એક આત્મા જ મારો છે, તેના સિવાય બીજું કાંઈ પણ મારૂં નથી; આ જાતના વિચારના અભ્યાસથી સમસ્ત બાહ્ય પદાર્થો તરફથી જેનો મોહ હટી ગયો છે તથા જેની બુદ્ધિ આગમના અભ્યાસથી નિર્મળ થઈ ગઈ છે એવા સાધુ પુરુષના મનની પ્રવૃત્તિ વિકલ્પોમાં હોતી નથી. તે ગ્રામ અને વનમાં તથા પ્રાણી માટે સુખ ઉત્પન્ન કરનારા સ્થાનમાં અને તે સુખ રહિત સ્થાનમાં પણ સમબુદ્ધિ રહે છે અર્થાત્ ગ્રામ અને સુખયુક્ત સ્થાનમાં તે હર્ષિત થતો નથી તથા એનાથી વિપરીત વન અને દુઃખ-યુક્ત સ્થાનમાં તે ખેદ પણ પામતો નથી. આને જ સાક્ષાત્ આરાધના કહેવામાં આવે છે, બીજું બધું બાહ્ય છે. ૧૫૫.

( शार्दूलविक्रीड़ित )

**यद्यन्तर्निहितानि खानि तपसा बाह्येन किं फल्गुना**
**नैवान्तर्निहितानि खानि तपसा बाह्येन किं फल्गुना ।**
**यद्यन्तर्बहिरन्यवस्तु तपसा बाह्येन किं फल्गुना**
**नैवान्तर्बहिरन्यवस्तु तपसा बाह्येन किं फल्गुना ॥१५६॥**

**અનુવાદ:**—જો ઇન્દ્રિયો અંતરાત્માની સન્મુખ હોય તો પછી વ્યર્થના બાહ્ય તપથી કાંઈ પણ પ્રયોજન નથી અને જો તે ઇન્દ્રિયો અંતરાત્માની સન્મુખ ન હોય તો પણ બાહ્ય તપ કરવું વ્યર્થ જ છે–તેનાથી કાંઈ પણ પ્રયોજન સિદ્ધ થતું નથી. જો અંતરંગ અને બાહ્યમાં અન્ય વસ્તુ પ્રત્યે અનુરાગ હોય તો બાહ્યમાં તપથી શું પ્રયોજન છે? તે વ્યર્થ જ છે. એનાથી ઉલ્ટું જો અંતરંગ અને બાહ્યમાં પણ અન્ય વસ્તુ પ્રત્યે અનુરાગ ન હોય તો પણ વ્યર્થ બાહ્ય તપથી શું પ્રયોજન? અર્થાત્ કાંઈ પણ નથી.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે જો ઇન્દ્રિયોની પ્રવૃત્તિ આત્મસન્મુખ હોય તો ઈષ્ટ પ્રયોજન એટલા માત્રથી જ સિદ્ધ થઈ જાય છે, પછી તેને માટે બાહ્ય તપશ્ચરણની કાંઈ પણ આવશ્યકતા નથી રહેતી. પરંતુ ઉક્ત ઇન્દ્રિયોની પ્રવૃત્તિ આત્મોન્મુખ ન હોતાં જો બાહ્ય પદાર્થો તરફ થઈ રહી હોય તો બાહ્ય તપ કરવા છતાં પણ યથાર્થ સુખની પ્રાપ્તિ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ શકતી નથી. તેથી આ અવસ્થામાં પણ બાહ્ય તપ વ્યર્થ જ ઠરે છે. એ જ રીતે જો અંતરંગમાં અને બાહ્યમાં પર વસ્તુ પ્રત્યે અનુરાગ રહ્યો ન હોય તો બાહ્ય તપનું પ્રયોજન આ સમતાભાવથી જ પ્રાપ્ત થઈ જાય છે, તેથી તેની આવશ્યકતા રહેતી નથી. અને જો અંતરંગ અને બાહ્યમાં પરપદાર્થો પ્રત્યેનો અનુરાગ હટયો ન હોય તો ચિત્ત રાગ–દ્વેષથી દુષિત રહેવાને કારણે બાહ્ય તપનું આચરણ કરવા છતાં પણ તેનાથી કાંઈ પ્રયોજન સિદ્ધ નહિ થાય. તેથી આ અવસ્થામાં પણ બાહ્ય તપની આવશ્યકતા રહેતી નથી. તાત્પર્ય એ છે કે બાહ્ય તપશ્ચરણ પહેલાં ઇન્દ્રિયદમન, રાગ-દ્વેષનું શમન અને મન, વચન તથા કાયાની સરળ પ્રવૃત્તિ થવી અત્યાવશ્યક છે. એ થતાં જ તે બાહ્ય તપશ્ચરણ સાર્થક થઈ શકશે, અન્યથા તેની નિરર્થકતા અનિવાર્ય છે. ૧૫૬.

( शार्दूलविक्रीड़ित )

शुद्धं वागतिवर्तितत्त्वमितरद्वाच्यं च तद्वाचकं
शुद्धादेश इति प्रभेदजनकं शुद्धेतरत्कल्पित ।
तत्राद्यं श्रवणीयमेव सुदृशा शेषद्वयोपायतः
सापेक्षा नयसंहतिः फलवती संजायते नान्यथा ॥१५७॥

**અનુવાદ:**—શુદ્ધ તત્ત્વ વચન અગોચર છે, એનાથી વિપરીત અશુદ્ધ તત્ત્વ વચન-ગોચર છે અર્થાત્ શબ્દદ્વારા કહી શકાય છે. શુદ્ધ તત્ત્વને જે ગ્રહણ કરે છે તે શુદ્ધાદેશ કહેવાય છે અને જે ભેદને પ્રગટ કરે છે તે શુદ્ધથી ઇતર અર્થાત્ અશુદ્ધનય કલ્પિત કરાયો છે. સમ્યગ્દૃષ્ટિએ શેષ બે ઉપાયોમાંથી પ્રથમ શુદ્ધ તત્ત્વનો આશ્રય લેવો જોઈએ. બરાબર છે–નયોનો સમુદાય પરસ્પર સાપેક્ષ હોવાથી જ પ્રયોજનભૂત થાય છે. પરસ્પરની અપેક્ષા ન કરવાથી તે નિષ્ફળ જ રહે છે. ૧૫૭.

( शार्दूलविक्रीड़ित )

ज्ञानं दर्शनमप्यशेषविषयं जीवस्य नार्थान्तरं
शुद्धादेशविवक्षया स हि ततश्चिद्रूप इत्युच्यते ।
पर्यायैश्च गुणैश्च साधु विदिते तस्मिन् गिरा सद्गुरो-
र्ज्ञातं किं न विलोकितं न किमथ प्राप्तं न किं योगिभिः ।१५८।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—શુદ્ધનયની અપેક્ષાએ સમસ્ત પદાર્થોનો વિષય કરનાર જ્ઞાન અને દર્શન જ જીવનું સ્વરૂપ છે જે તે જીવથી પૃથક્ નથી. આથી ભિન્ન બીજું કોઈ જીવનું સ્વરૂપ હોઈ શકતું નથી. માટે તે 'ચિદ્રૂપ' અર્થાત્ ચેતનસ્વરૂપ એમ કહેવાય છે. ઉત્તમ ગુરુના ઉપદેશથી પોતાના ગુણો અને પર્યાયો સાથે તે જ્ઞાન–દર્શન સ્વરૂપ જીવને સારી રીતે જાણી લેતાં યોગીઓએ શું નથી જાણ્યું, શું નથી દેખ્યું અને શું નથી પ્રાપ્ત કર્યું? અર્થાત્ ઉપર્યુક્ત જીવનું સ્વરૂપ જાણી લેતાં બીજું બધું જ જાણી લીધું, જોઈ લીધું અને પ્રાપ્ત કરી લીધું છે એમ સમજવું જોઇએ. ૧૫૮.

( शार्दूलविक्रीडित )

**यन्नान्तर्न बहिः स्थितं न च दिशि स्थूलं न सूक्ष्मं पुमान्**
**नैव स्त्री न नपुंसकं न गुरुतां प्राप्तं न यल्लाघवम् ।**
**कर्मस्पर्शशरीरगन्धगणनाव्याहारवर्णोज्झितं**
**स्वच्छं ज्ञानदृगेकमूर्ति तदहं ज्योतिः परं नापरम् ॥१५९॥**

**અનુવાદ:**—હું તે ઉત્કૃષ્ટ જ્યોતિ સ્વરૂપ છું જે ન અંદર સ્થિત છે, ન બહાર સ્થિત છે, ન દિશામાં સ્થિત છે, ન સ્થૂળ છે, ન સૂક્ષ્મ છે, ન પુરુષ છે, ન સ્ત્રી છે, ન નપુંસક છે, ન ગુરુ છે, ન લઘુ છે; તથા જે કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, ગણના, શબ્દ અને વર્ણ રહિત થઇને નિર્મળ અને જ્ઞાન–દર્શનરૂપ અદ્વિતીય શરીર ધારણ કરે છે. એનાથી ભિન્ન બીજું કોઈ મારૂં સ્વરૂપ નથી. ૧૫૯.

( शार्दूलविक्रीडित )

**जानन्ति स्वयमेव यद्विमनसश्चिद्रूपमानन्दवत्**
**प्रोच्छिन्ने यदनाद्यमन्दममकृन्मोहान्धकारे हठात् ।**
**सूर्याचन्द्रमसावतीत्य यदहो विश्वप्रकाशात्मकं**
**तज्जीयात्सहजं सुनिष्कलमहं शब्दाभिधेयं महः ॥१६०॥**

**અનુવાદ:**—જેને અનાદિકાલીન પ્રચુર મોહરૂપ અંધકાર બળપૂર્વક નષ્ટ થઈ જવાથી મનરહિત થયેલા સર્વજ્ઞ સ્વયં જ જાણે છે, જે ચેતન સ્વરૂપ છે, આનંદ–સંયુક્ત છે, અનાદિ છે, તીવ્ર છે, નિરંતર રહેનાર છે અને જે આશ્ચર્યની વાત છે કે સૂર્ય તથા ચંદ્રમાને પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તિરસ્કૃત કરીને સમસ્ત જગતને પ્રકાશિત કરનાર છે; તે 'અહમ્' શબ્દથી કહેવાતું શરીર રહિત સ્વાભાવિક તેજ જયવંત હો. ૧૬૦.

( वसंततिलका )

**यज्जायते किमपि कर्मवशादसातं**
**सातं च यत्तदनुयायि विकल्पजालम् ।**
**जातं मनागपि न यत्र पदं तदेव**
**देवेन्द्रवन्दितमहं शरणं गतो ऽस्मि ॥१६१॥**

**અનુવાદઃ**—કર્મના ઉદયથી જે કાંઈ પણ દુઃખ અને સુખ થાય છે તથા તેમનું અનુસરણ કરનાર જે વિકલ્પ સમૂહ પણ થાય છે તે જે પદમાં જરાય રહેતો નથી, હું, દેવેન્દ્રોથી વંદિત તે જ (મોક્ષ) પદના શરણે જાઉં છું. ૧૬૧.

( शार्दूलविक्रीडित )

**धिक्कान्तास्तनमण्डलं धिगमलप्रालेयरोचिः करान्**
**धिक्कर्पूरविमिश्रचन्दनरसं धिक् ताञ्जलादीनपि ।**
**यत्प्राप्तं न कदाचिदत्र तदिदं संसारसंतापहृत्**
**लग्नं चेदतिशीतलं गुरुवचोदिव्यामृतं मे हृदि ॥१६२॥**

**અનુવાદઃ**—જે પૂર્વે કદી પ્રાપ્ત થયું નથી એવું સંસારનો સંતાપ નષ્ટ કરનાર અત્યંત શીતળ ગુરુના ઉપદેશરૂપ દિવ્ય અમૃત જો મારા હૃદયમાં સંલગ્ન છે તો પછી પત્નીના સ્તનમંડળને ધિક્કાર છે, નિર્મળ ચંદ્રમાના કિરણોને ધિક્કાર છે, કપૂર મિશ્રિત ચંદનરસને ધિક્કાર છે તથા અન્ય જળ આદિ શીતળ વસ્તુઓને પણ ધિક્કાર છે.

**વિશેષાર્થ:**—સ્ત્રીનું સ્તનમંડળ, ચંદ્રકિરણ, કપૂર સાથે મળેલો ચંદનરસ, અને બીજા પણ જે જળ આદિ શીતળ પદાર્થો લોકમાં દેખવામાં આવે છે તે બધા પ્રાણીના બાહ્ય શારીરિક સંતાપને જ થોડા સમય માટે દૂર કરી શકે છે, નહિ કે અભ્યંતર સંસાર સંતાપને. તે સંસાર સંતાપને જો કોઈ દૂર કરી શકે તો તે સદ્ગુરુના વચન જ દૂર કરી શકે છે. અમૃત સમાન અતિશય શીતળતા ઉત્પન્ન કરનાર જો તે ગુરુનો દિવ્ય ઉપદેશ પ્રાણીને પ્રાપ્ત થઈ ગયો હોય તો પછી લોકમાં શીતળ ગણાતા તે સ્ત્રીના સ્તનમંડળ આદિને ધિક્કાર છે, કારણ એ કે આ બધા પદાર્થ તે સંતાપ નષ્ટ કરવામાં સર્વથા અસમર્થ છે. ૧૬૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मन्दाक्रान्ता )

जित्वा मोहमहाभटं भवपथे दत्तोग्रदुःखश्रमे
विश्रान्ता विजनेषु योगिपथिका दीर्घे चरन्तः क्रमात् ।
प्राप्ता ज्ञान धनाश्चिरादभिमतस्वात्मोपलम्भालयं
नित्यानन्दकलत्रसंगसुखिनो ये तत्र तेभ्यो नमः ॥१६३॥

**અનુવાદઃ**—અત્યંત તીવ્ર દુઃખ અને પરિશ્રમ ઉત્પન્ન કરનાર લાંબા સંસારના માર્ગમાં ક્રમશઃ ગમન કરનાર જે યોગીરૂપ પથિક મોહરૂપી મહાન યોદ્ધાને જીતીને એકાન્ત સ્થાનમાં વિશ્રામ પામે છે. ત્યારપછી જે જ્ઞાનરૂપી ધનથી સંપન્ન થયા થકા સ્વાત્મોપલબ્ધિના સ્થાનભૂત પોતાના ઇષ્ટ સ્થાન (મોક્ષ) ને પ્રાપ્ત થઈને ત્યાં અવિનશ્વર સુખ (મુક્તિ) રૂપી સ્ત્રીના સંગથી સુખી થઈ જાય છે તેમને નમસ્કાર હો. ૧૬૩.

( स्रग्धरा )

इत्यादिर्धर्म एषः क्षितिपसुरसुखानर्घ्यमाणिक्यकोशः
पाथो दुःखानलानां परमपदलसत्सौधसोपानराजिः ।
एतन्माहात्म्यमीशः कथयति जगतां केवली साध्वधीता
सर्वस्मिन् वाङ्मये ऽथ स्मरति परमहो मादृशस्तस्य नाम ॥१६४॥

**અનુવાદઃ**—ઇત્યાદિ (ઉપર્યુક્ત) આ ધર્મ, રાજા અને દેવોના સુખરૂપ અમૂલ્ય રત્નોનો ખજાનો છે, દુઃખરૂપ અગ્નિને શાંત કરવા માટે જળ સમાન છે તથા ઉત્તમ પદ અર્થાત્ મોક્ષરૂપ મહેલની સીડીઓની પંક્તિ સમાન છે. તેના મહિમાનું વર્ણન તે કેવળી જ કરી શકે છે જે ત્રણે લોકના અધિપતિ હોવાથી સમસ્ત આગમમાં નિષ્ણાત છે. મારા જેવો અલ્પજ્ઞ મનુષ્ય તો કેવળ તેનું નામસ્મરણ કરે છે. ૧૬૪.

( शार्दूलविक्रीडित )

शश्वज्जन्मजरान्तकालविलसद्दुःखौघसारीभवत्-
संसारोग्रमहारुजोपहृतये ऽनन्तप्रमोदाय च ।
एतद्धर्मरसायनं ननु बुधाः कर्तुं मतिश्चेत्तदा
मिथ्यात्वाविरतिप्रमादनिकरक्रोधादि संत्यज्यताम् ॥१६५॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—હે વિદ્વાનો! નિરંતર જન્મ, જરા અને મરણરૂપ દુઃખોના સમૂહમાં સારભૂત એવા સંસારરૂપ તીવ્ર મહારોગને દૂર કરીને અનંત સુખ પ્રાપ્ત કરવા માટે જો આપની આ ધર્મરૂપી રસાયણ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે તો મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદના સમૂહનો તથા ક્રોધાદિ કષાયોનો પરિત્યાગ કરો. ૧૬૫.

( शार्दूलविक्रीड़ित )

**नष्टं रत्नमिवाम्बुधौ निधिरिव प्रभ्रष्टदृष्टेर्यथा**
**योगो यूपशलाकयोश्च गतयोः पूर्वापरौ तोयधी ।**
**संसारेऽत्र तथा नरत्वमसकृद्दुःखप्रदे दुर्लभं**
**लब्धे तत्र च जन्म निर्मलकुले तत्रापि धर्मे मतिः ॥१६६॥**

**અનુવાદઃ**—જેમ સમુદ્રમાં વિલીન થયેલા રત્નનું ફરીથી પ્રાપ્ત થવું દુર્લભ છે. આંધળાને નિધિ મળવાનું દુર્લભ છે તથા જુદી જુદી પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને પ્રાપ્ત થયેલ યૂપ (યજ્ઞમાં પશુને બાંધવાનું લાકડું) અને શલાકા (યજ્ઞમાં ખોડવામાં આવેલી ખીલી)નો ફરી સંયોગ થવો દુર્લભ છે; તેવી જ રીતે નિરંતર દુઃખ આપનાર આ સંસારમાં મનુષ્ય પર્યાયને પ્રાપ્ત કરવી પણ અતિશય દુર્લભ છે. જો કદાચિત્ આ મનુષ્ય પર્યાય પ્રાપ્ત થઈ પણ જાય તોય નિર્મળ કુળમાં જન્મ લેવો અને ત્યાં પણ ધર્મમાં બુદ્ધિ લાગવી, એ ઘણું જ દુર્લભ છે. ૧૬૬.

( शार्दूलविक्रीड़ित )

**न्यायादन्धकवर्तकीयकजनाख्यानस्य संसारिणां**
**प्राप्तं वा बहुकल्पकोटिभिरिदं कृच्छ्रान्नरत्वं यदि ।**
**मिथ्यादेवगुरूपदेशविषयव्यामोहनीचान्वय-**
**प्रायैः प्राणभृतां तदेव सहसा वैफल्यमागच्छति ॥१६७॥**

**અનુવાદઃ**—સંસારી પ્રાણીઓને આ મનુષ્ય પર્યાય 'अन्धकवर्तकीयक' રૂપ જન આખ્યાનના ન્યાયે કરોડો કલ્પ કાળોમાં મહા કષ્ટે પ્રાપ્ત થઈ છે, અર્થાત્ જેવી રીતે આંધળા મનુષ્યના હાથમાં બટેર પક્ષીનું આવવું દુર્લભ છે તેવી જ રીતે આ મનુષ્ય પર્યાય પ્રાપ્ત થવી પણ અત્યંત દુર્લભ છે. વળી જો તે કરોડો કલ્પકાળમાં કોઈ પ્રકારે પ્રાપ્ત પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ ગઈ તો તે મિથ્યા દેવ અને મિથ્યા ગુરુના ઉપદેશ, વિષય અનુરાગ અને નીચ કુળમાં ઉત્પત્તિ આદિ દ્વારા સહસા નિષ્ફળ જાય છે. ૧૬૭.

( वसंततिलका )

**लब्धे कथं कथमपीह मनुष्यजन्म-**
**न्यङ्ग प्रसंगवशतो हि कुरु स्वकार्यम् ।**
**प्राप्तं तु कामपि गतिं कुमते तिरश्चां**
**कस्त्वां भविष्यति विबोधयितुं समर्थः ॥१६८॥**

**અનુવાદઃ**—હે દુર્બુદ્ધિ પ્રાણી! જો અહીં તને કોઈ પણ પ્રકારે મનુષ્ય જન્મ પ્રાપ્ત થઈ ગયો છે તો પછી પ્રસંગ પામીને પોતાનું કાર્ય (આત્મહિત) કરી લે. નહિ તો જો તું મરીને કોઈ તિર્યંચ પર્યાય પામીશ તો પછી તને સમજાવવા માટે કોણ સમર્થ થશે? અર્થાત્ કોઈ સમર્થ થઈ શકશે નહિ.

( शार्दूलविक्रीड़ित )

**जन्म प्राप्य नरेषु निर्मलकुले क्लेशान्मतेः पाटवं**
**भक्तिं जैनमते कथं कथमपि प्रागर्जितश्रेयसः ।**
**संसारार्णवतारकं सुखकरं धर्मं न ये कुर्वते**
**हस्तप्राप्तमनर्घ्यरत्नमपि ते मुञ्चन्ति दुर्बुद्धयः ॥१६९॥**

**અનુવાદઃ**—જે મનુષ્યો મનુષ્ય પર્યાયમાં ઉત્તમ કુળમાં જન્મ લઈને કષ્ટપૂર્વક બુદ્ધિ-ચાતુર્યને પામ્યા છે તથા જેમણે પૂર્વોપાર્જિત પુણ્યકર્મના ઉદયથી કોઈ પણ પ્રકારે જૈન-મતમાં ભક્તિ પણ પ્રાપ્ત કરી લીધી છે છતાં પણ જો તેઓ સંસાર-સમુદ્રનો પાર કરાવીને સુખ ઉત્પન્ન કરનાર ધર્મ કરતા નથી તો સમજવું જોઈએ કે તે દુર્બુદ્ધિજનો હાથમાં પ્રાપ્ત થવા છતાં પણ અમૂલ્ય રત્ન છોડી દે છે. ૧૬૯.

( शार्दूलविक्रीड़ित )

**तिष्ठत्यायुरतीव दीर्घमखिलान्यङ्गानि दूरं दृढा-**
**न्येषा श्रीरपि मे वशं गतवती किं व्याकुलत्वं मुधा ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**आयत्यां निरवग्रहो गतवया धर्मं करिष्ये भरा-**
**दित्येवं बत चिन्तयन्नपि जडो यात्यन्तकग्रासताम् ॥१७०॥**

**અનુવાદ:**—મારું આયુષ્ય ઘણું લાંબુ છે, હાથ-પગ વગેરે બધા અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં ? ઉત્તર કાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિંત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતાં કરતાં આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે. ૧૭૦.

( आर्या )

**पलितैकदर्शनादपि सरति सतश्चित्तमाशु वैराग्यम् ।**
**प्रतिदिनमितरस्य पुनः सह जरया वर्धते तृष्णा ॥१७१॥**

**અનુવાદ:**—સાધુ પુરુષનું ચિત્ત એક પાકો (શ્વેત) વાળ દેખવાથી જ શીઘ્ર વૈરાગ્ય પામી જાય છે. પરંતુ એનાથી વિપરીત અવિવેકી મનુષ્યની તૃષ્ણા પ્રતિદિન વૃદ્ધત્વ સાથે વધતી જાય છે અર્થાત્ જેમ જેમ તેની વૃદ્ધાવસ્થા વધતી જાય છે તેમ તેમ ઉત્તરોત્તર તેની તૃષ્ણા પણ વધતી જાય છે. ૧૭૧.

( मन्दाक्रान्ता )

**आजातेर्नस्त्वमसि दयिता नित्यमासन्नगासि**
**प्रौढास्याशे किमथ बहुना स्त्रीत्वमालम्बितासि ।**
**अस्मत्केशग्रहणमकरोदग्रतस्ते जरेयं**
**मर्षस्येतन्मम च हतके स्नेहलाद्यापि चित्रम् ॥१७२॥**

**અનુવાદ:**—હે તૃષ્ણા ! તું અમને જન્મથી માંડીને જ પ્રિય છો, સદા પાસે રહેનારી છો, અને વૃદ્ધિ પામેલી છો. ઘણું શું કહીએ ? તું અમારી પત્નીની અવસ્થાને પામી છો. આ જરા (ઘડપણ) રૂપ બીજી સ્ત્રી તારી સામે જ અમારા વાળ પકડી ચૂકી છે. હે ઘાતક તૃષ્ણા ! તું મારા આ વાળ ગ્રહણરૂપ અપમાનને સહન કરતી થકી આજે પણ સ્નેહ રાખનાર બની રહી છો એ આશ્ચર્યની વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થઃ**—લોકમાં જોવામાં આવે છે કે જો કોઈ પુરુષ કોઈ અન્ય સ્ત્રી સાથે પ્રેમ કરે છે તો ચિરકાળથી પ્રેમ કરનારી પણ તેની સ્ત્રી તેના તરફ વિરક્ત થઈ જાય છે—તેને છોડી દે છે. પણ ખેદની વાત છે કે તે તૃષ્ણારૂપ સ્ત્રી પોતાના પ્રિયતમને અન્ય જરારૂપ નારીમાં આસક્ત જોવા છતાં પણ તેને છોડતી નથી અને તેના પ્રત્યે અનુરાગ જ કરે છે. તાત્પર્ય એ છે કે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં પુરુષનું શરીર શિથિલ થઈ જાય છે અને સ્મૃતિ પણ ક્ષીણ થઈ જાય છે. છતાં પણ તે વિષયતૃષ્ણા છોડીને આત્મહિતમાં પ્રવૃત્ત થતો નથી, એ કેટલા ખેદની વાત છે. ૧૭૨.

( वसंततिलका )

**रङ्कायते परिदृढोऽपि दृढोऽपि मृत्यु-**
**मभ्येति दैववशतः क्षणतोऽत्र लोके ।**
**तत्कः करोति मदमम्बुजपत्रवारि-**
**बिन्दूपमैर्धनकलेवरजीवितार्द्यैः ॥१७३॥**

**અનુવાદઃ**—અહીં સંસારમાં રાજા પણ દૈવવશ થઈને રંક જેવો બની જાય છે તથા પુષ્ટ શરીરવાળો મનુષ્ય પણ કર્મોદયથી ક્ષણ વારમાં જ મૃત્યુ પામી જાય છે. એવી અવસ્થામાં કયો બુદ્ધિમાન પુરુષ કમળપત્ર ઉપર રહેલા જળબિંદુ સમાન વિનાશ પામનાર ધન, શરીર અને જીવન આદિ વિષયમાં અભિમાન કરે? અર્થાત્ ક્ષણમાં ક્ષીણ થનાર આ પદાર્થોના વિષયમાં વિવેકી જન કદી પણ અભિમાન કરતા નથી. ૧૭૩.

( शार्दूलविक्रीडित )

**प्रातर्दर्भदलाग्रकोटिघटितावश्यायबिन्दूत्कर-**
**प्रायाः प्राणधनाङ्गजप्रणयिनीमित्रादयो देहिनाम् ।**
**अक्षाणां सुखमेतदुग्रविषवद्धर्मं विहाय स्फुटं**
**सर्वं भङ्गुरमत्र दुःखदमहो मोहः करोत्यन्यथा ॥१७४॥**

**અનુવાદઃ**—પ્રાણીઓના પ્રાણ, ધન, પુત્ર, સ્ત્રી અને મિત્ર આદિ પ્રાતઃકાળમાં દર્ભ ઘાસના પાંદડાની અણી ઉપર રહેલ ઝાકળના ટીપાઓ સમાન અસ્થિર છે. આ ઇન્દ્રિયજન્ય સુખ તીક્ષ્ણ વિષ સમાન પરિણામે દુઃખદાયક છે. તેથી એ સ્પષ્ટ છે કે અહીં ધર્મ સિવાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્ય સર્વ પદાર્થો વિનશ્વર અને કષ્ટદાયક છે પરંતુ આશ્ચર્ય છે કે આ સંસારી પ્રાણી મોહવશ થઈને આ વિનશ્વર પદાર્થોને સ્થિર માનીને તેમાં અનુરાગ કરે છે અને સ્થાયી ધર્મને ભૂલી જાય છે. ૧૭૪.

( शार्दूलविक्रीड़ित )

तावद्वल्गति वैरिणां प्रति चमूस्तावत्परं पौरुषं
तीक्ष्णस्तावदसिर्भुजौ दृढतरौ तावच्च कोपोद्गमः ।
भूपस्यापि यमो न यावददयः क्षुत्पीडितः सन्मुखं
धावत्यन्तरिदं विचिन्त्य विदुषा तद्रोधको मृग्यते ॥१७५॥

**અનુવાદઃ**—જ્યાં સુધી ભૂખથી પિડાયેલ નિર્દય યમરાજ (મૃત્યુ) સામે આવતા નથી ત્યાં સુધી રાજાની પણ સેના શત્રુઓ ઉપર આક્રમણ કરવા પ્રસ્થાન કરે છે, ત્યાં સુધી ઉત્કૃષ્ટ પુરુષાર્થ પણ રહે છે, ત્યાં સુધી તીક્ષ્ણ તરવાર પણ સ્થિર રહે છે, ત્યાં સુધી બન્ને હાથ પણ અતિશય દ્રઢ રહે છે અને ત્યાં સુધી ક્રોધ પણ ઉદય પામે છે. આમ વિચાર કરીને વિદ્વાન્ પુરુષ ઉક્ત યમરાજનો નિગ્રહ કરનાર તપ આદિની ખોજ કરે છે. ૧૭૫.

( मालिनी )

रतिजलरममाणो मृत्युकैवर्तहस्त-
प्रसृतघनजरोरुप्रोल्लसज्जालमध्ये ।
निकटमपि न पश्यत्यापदां चक्रमुग्रं
भवसरसि वराको लोकमीनौघ एषः ॥१७६॥

**અનુવાદઃ**—જેની મધ્યમાં મૃત્યુરૂપી નાવિકે પોતાને હાથે સઘન જરારૂપી વિસ્તૃત જાળ ફેલાવી દીધી છે એવા સંસારરૂપી સરોવરમાં રાગરૂપી જળમાં રમણ કરનાર આ બિચારા જનરૂપી માછલીઓનો સમુદાય સમીપમાં આવેલી મહાન આપત્તિઓનો સમૂહ દેખતો નથી. ૧૭૬.

( शार्दूलविक्रीड़ित )

क्षुद्भुक्तेस्तृडपीह शीतलजलाद्भूतादिका मन्त्रतः
सामादे रहितो गदाद्गदगणः शान्तिं नृभिर्नीयते ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**नो मृत्युस्तु सुरैरपीति हि मृते मित्रे ऽपि पुत्रे ऽपि वा**
**शोको न क्रियते बुधैः परमहो धर्मस्ततस्तज्जयः ।।१७७।।**

**અનુવાદઃ**—સંસારમાં મનુષ્ય ભોજનથી ક્ષુધાને, શીતળ જળથી તરસને, મંત્રથી ભૂત-પિશાચાદિને, સામ, દામ, દંડ અને ભેદથી શત્રુને તથા ઔષધથી રોગોના સમૂહને શાન્ત કર્યા કરે છે. પરંતુ મૃત્યુને દેવ પણ શાન્ત કરી શકતા નથી. આ રીતે વિચાર કરીને વિદ્વાન્ મનુષ્યો મિત્ર અથવા પુત્ર મરવા છતાં શોક કરતા નથી, પણ એક માત્ર ધર્મનું જ આચરણ કરે છે અને તેનાથી જ તે મૃત્યુ ઉપર વિજય મેળવે છે. ૧૭૭.

( मन्दाक्रान्ता )

**त्यक्त्वा दूरं विधुरपयसो दुर्गतिक्लिष्टकृच्छ्रान्**
**लब्ध्वानन्दं सुचिरममरश्रीसरस्यां रमन्ते ।**
**एत्यैतस्या नृपपदसरस्यक्षयं धर्मपक्षा**
**यान्त्येतस्मादपि शिवपदं मानसं भव्यहंसाः ।।१७८।।**

**અનુવાદઃ**—ધર્મરૂપી પાંખો ધારણ કરનાર ભવ્ય જીવરૂપ હંસ નરકાદિક દુર્ગતિઓના કલેશયુક્ત દુઃખોરૂપ પાણી વિનાના જળાશયોને દૂરથી જ છોડીને આનંદપૂર્વક દેવોની લક્ષ્મીરૂપ સરોવરમાં ચિરકાળ સુધી રમણ કરે છે. ત્યાંથી આવીને તેઓ રાજ્યપદ રૂપ સરોવરમાં રમણ કરે છે. અંતે તેઓ ત્યાંથી પણ નીકળીને અવિનશ્વર મોક્ષપદરૂપી માનસ સરોવરને પ્રાપ્ત કરે છે.

**વિશેષાર્થઃ**—જેમ ઉત્તમ, પુષ્ટ પાંખોવાળા હંસ પક્ષી જળથી ખાલી થયેલા જળાશયો છોડી દઈને કોઈ અન્ય સરોવરમાં ચાલ્યા જાય છે અને પછી અંતે તેને પણ છોડીને માનસ સરોવરમાં જઈ પહોંચે છે તેવી જ રીતે ધર્માત્મા ભવ્યજીવ તે ધર્મના પ્રભાવથી નરકાદિક દુર્ગતિઓના કષ્ટથી બચીને ક્રમશઃ દેવપદ અને રાજપદના સુખ ભોગવતા થકા અંતે મોક્ષપદ પણ પ્રાપ્ત કરી લે છે. ૧૭૮.

( शार्दूलविक्रीड़ित )

**जायन्ते जिनचक्रवर्तिबलभृद्भोगीन्द्रकृष्णादयो**
**धर्मादेव दिगङ्गनाङ्गविलसच्छश्वद्यशश्चन्दनाः ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तद्धीना नरकादियोनिषु नरा दुःखं सहन्ते ध्रुवं**
**पापेनेति विजानता किमिति नो धर्मः सता सेव्यते ॥१७९॥**

**અનુવાદઃ**—જેમનું યશરૂપી ચંદન સદા દિશાઓરૂપ સ્ત્રીઓના શરીરમાં સુશોભિત રહે છે અર્થાત્ જેમની કીર્તિ સમસ્ત દિશાઓમાં ફેલાયેલી છે એવા તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, નાગેન્દ્ર અને કૃષ્ણ (નારાયણ) આદિ પદ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. ધર્મ રહિત મનુષ્ય નિશ્ચયથી પાપના પ્રભાવથી નરકાદિક દુર્ગતિઓમાં દુઃખ સહન કરે છે. આ વાતને જાણતા થકા સજ્જન પુરુષ ધર્મની આરાધના કેમ નથી કરતા? ૧૭૯.

(शार्दूलविक्रीड़ित)

**स स्वर्गः सुखरामणीयकपदं ते ते प्रदेशाः पराः**
**सारा सा च विमानराजिरतुलप्रेङ्खत्पताकापटा ।**
**ते देवाश्च पदातयः परिलसत्तन्नन्दनं ताः स्त्रियः**
**शक्रत्वं तदनिन्द्यमेतदखिलं धर्मस्य विस्फूर्जितम् ॥१८०॥**

**અનુવાદઃ**—સુખ વડે રમણીયપણું પામેલ તે સ્વર્ગનું પદ, તે તે ઉત્કૃષ્ટ સ્થાન, લહેરાતા અનુપમ ધ્વજવસ્ત્રોથી સુશોભિત તે શ્રેષ્ઠ વિમાનપંક્તિ, તે દેવ, તે પાયદળ સૈનિકો, શોભાયમાન તે નંદનવન, તે સ્ત્રીઓ તથા તે અનિન્દ્ય ઇન્દ્રપદ; આ બધું ધર્મના પ્રકાશમાં પ્રાપ્ત થાય છે. ૧૮૦.

(शार्दूलविक्रीड़ित)

**यत्षट्खण्डमही नवोरुनिधयो द्विःसप्तरत्नानि यत्**
**तुङ्गा यद्द्विरदा रथाश्च चतुराशीतिश्च लक्षाणि यत् ।**
**यच्चाष्टादशकोटयश्च तुरगा योषित्सहस्राणि यत् ।**
**षड्युक्ता नवतिर्यदेकविभुता तद्भाति धर्मप्रभोः ॥१८१॥**

**અનુવાદઃ**—છ ખંડ (પૂર્ણ ભરત, ઐરાવત અથવા કચ્છા આદિ ક્ષેત્રે) રૂપ પૃથ્વીનો ઉપભોગ; મહાન્ નવ નિધિ, બે વાર સાત (૭×૨) અર્થાત્ ચૌદ રત્ન, ઉન્નત ચોરાસી લાખ હાથી અને એટલા જ રથ, અઢાર કરોડ ઘોડા, છન્નુ હજાર સ્ત્રીઓ અને એકછત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજ્ય; આ જે ચક્રવર્તીપણાની સંપત્તિ પ્રાપ્ત થાય છે તે બધી ધર્મપ્રભુના જ પ્રતાપે પ્રાપ્ત થાય છે. ૧૮૧.

( शार्दूलविक्रीड़ित )

**धर्मो रक्षति रक्षितो ननु हतो हन्ति ध्रुवं देहिनां**
**हन्तव्यो न ततः स एव शरणं संसारिणां सर्वथा ।**
**धर्मः प्रापयतीह तत्पदमपि ध्यायन्ति यद्योगिनो**
**नो धर्मात्सुहृदस्ति नैव च सुखी नो पण्डितो धार्मिकात् ॥१८२॥**

**અનુવાદઃ**—જો ધર્મની રક્ષા કરવામાં આવે તો તે પણ ધર્માત્મા પ્રાણીની નરકાદિથી રક્ષા કરે છે. એનાથી વિપરીત જો તે ધર્મનો ઘાત કરવામાં આવે તો તે પણ નિશ્ચયથી પ્રાણીઓનો ઘાત કરે છે અર્થાત્ તેમને નરકાદિ યોનિઓમાં પહોંચાડે છે. તેથી ધર્મનો ઘાત ન કરવો જોઈએ કારણ કે સંસારી પ્રાણીઓનું સર્વ પ્રકારે રક્ષણ કરનાર તે જ છે. ધર્મ અહીં તે ( મોક્ષ ) પદને પણ પ્રાપ્ત કરાવે છે કે જેનું ધ્યાન યોગીઓ કરતા રહે છે. ધર્મ સિવાય બીજો કોઈ મિત્ર ( હિતેચ્છક ) નથી તથા ધાર્મિક પુરુષની અપેક્ષાએ બીજો કોઈ ન તો સુખી હોઈ શકે અને ન પંડિત. ૧૮૨.

( शार्दूलविक्रीड़ित )

**नानायोनिजलौघलङ्घितदिशि क्लेशोर्मिजालाकुले**
**प्रोद्भुताद्भुतभूरिकर्ममकरग्रासीकृतप्राणिनि ।**
**दुःपर्यन्तगभीरभीषणतरे जन्माम्बुधौ मज्जतां**
**नो धर्मादपरोऽस्ति तारक इहाश्रान्तं यतध्वं बुधाः ॥१८३॥**

**અનુવાદઃ**—જેણે અનેક યોનિરૂપ જળના સમૂહથી દિશાઓનું અતિક્રમણ કરી નાખ્યું છે, જે ક્લેશરૂપી લહેરોના સમુહથી વ્યાપ્ત થઈ રહ્યો છે, જ્યાં પ્રાણી પ્રગટ થયેલ આશ્ચર્ય-જનક અનેક કર્મરૂપી મગરોના કોળિયા બની જાય છે, જેનો પાર ઘણી કઠિનતાથી પ્રાપ્ત કરી શકાય છે તથા જે ગંભીર અને અતિશય ભયાનક છે; એવા જન્મરૂપી સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓનો ઉદ્ધાર કરનાર ધર્મ સિવાય બીજો કોઈ નથી. તેથી હે વિદ્વાનો ! આપ નિરંતર ધર્મના વિષયમાં પ્રયત્ન કરો. ૧૮૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

जन्मोच्चैः कुल एव संपदधिके लावण्यवारांनिधि-
नीरोगं वपुरादिरायुरखिलं धर्माद्ध्रुवं जायते ।
सा न श्रीरथवा जगत्सु न सुखं तत्ते न शुभ्रा गुणाः
यैरुत्कण्ठितमानसैरिव नरो नाश्रीयते धार्मिकः ॥१८४॥

**અનુવાદ:**—નિશ્ચયથી ધર્મના પ્રભાવે અધિક સંપત્તિશાળી ઊંચ કુળમાં જ જન્મ થાય છે, સૌન્દર્યરૂપી સમુદ્ર પ્રાપ્ત થાય છે, નીરોગ શરીર આદિ પ્રાપ્ત થાય છે તથા આયુષ્ય પરિપૂર્ણ થાય છે અર્થાત્ અકાળ મરણ થતું નથી. અથવા સંસારમાં એવી કોઈ લક્ષ્મી નથી, એવું કોઈ સુખ નથી અને એવો કોઈ નિર્મળ ગુણ નથી કે જે ઉત્કંઠાપૂર્વક ધાર્મિક પુરુષનો આશ્રય લેતા ન હોય. અભિપ્રાય એ છે કે ઉપર્યુક્ત સમસ્ત સુખની સામગ્રી એક માત્ર ધર્મથી જ પ્રાપ્ત થાય છે માટે વિવેકી જીવોએ સદાય તે ધર્મનું આચરણ કરવું જોઈએ. ૧૮૪.

( शार्दूलविक्रीडित )

भृङ्गाः पुष्पितकेतकीमिव मृगा वन्यामिव स्वस्थलीं
नद्यः सिन्धुमिवाम्बुजाकरमिव श्वेतच्छदाः पक्षिणः ।
शौर्यत्यागविवेकविक्रमयशःसंपत्सहायादयः
सर्वे धार्मिकमाश्रयन्ति न हितं धर्मं विना किंचन ॥१८५॥

**અનુવાદ:**—જેવી રીતે ભમરા ફૂલેલા કેતકી વૃક્ષનો આશ્રય લે છે, મૃગ જેવી રીતે પોતાના જંગલી સ્થાનનો આશ્રય લે છે, નદીઓ જેવી રીતે સમુદ્રનો સહારો લે છે અને જેવી રીતે હંસ પક્ષી સરોવરનું આલંબન લે છે; તેવી જ રીતે વીરતા, ત્યાગ, વિવેક, પરાક્રમ, કીર્તિ, સંપત્તિ અને સહાયક આદિ બધું ધાર્મિક પુરુષનો આશ્રય લે છે. બરાબર છે–ધર્મ સિવાય બીજું કોઈ પ્રાણીને હિતકારક નથી. ૧૮૫.

( शार्दूलविक्रीडित )

सौभागीयसि कामिनीयसि सुतश्रेणीयसि श्रीयसि
प्रासादीयसि यत्सुखीयसि सदा रूपीयसि प्रीयसि ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यद्यानन्तसुखामृताम्बुधिपरस्थानीयसीह ध्रुवं
निर्धूताखिलदुःखदापदि सुहृद्धर्मे मतिर्धार्यताम् ॥१८६॥

**અનુવાદઃ**—હે મિત્ર! જો તમે અહીં સૌભાગ્યની ઇચ્છા રાખતા હો, સુંદર સ્ત્રીની ઇચ્છા રાખતા હો, પુત્રોની ઇચ્છા કરતા હો, લક્ષ્મીની ઇચ્છા કરતા હો, મહેલની ઇચ્છા કરતા હો, સુખની ઇચ્છા કરતા હો, સુંદર રૂપની ઇચ્છા કરતા હો, પ્રીતિની ઇચ્છા કરતા હો અથવા જો અનંત સુખરૂપ અમૃતના સમુદ્ર જેવા ઉત્તમ સ્થાન (મોક્ષ)ની ઇચ્છા રાખતા હો તો નિશ્ચયથી સમસ્ત દુઃખદાયક આપત્તિઓનો નાશ કરનાર ધર્મમાં તમારી બુદ્ધિ જોડો. ૧૮૬.

( शार्दूलविक्रीड़ित )

संछन्नं कमलैर्मरावपि सरः सौधं वनेऽप्युन्नतं
कामिन्यो गिरिमस्तकेऽपि सरसाः साराणि रत्नानि च ।
जायन्तेऽपि च लेप [प्य] काष्ठ घटिताः सिद्धिप्रदा देवताः
धर्मश्चेदिह वाञ्छितं तनुभृतां किं किं न संपद्यते ॥१८७॥

**અનુવાદઃ**—ધર્મના પ્રભાવથી મરુભૂમિમાં પણ કમળોથી વ્યાપ્ત સરોવર પ્રાપ્ત થઈ જાય છે, જંગલમાં પણ ઉન્નત મહેલ બની જાય છે, પર્વતના શિખર પર પણ આનંદોત્પાદક સ્ત્રીઓ અને શ્રેષ્ઠ રત્ન પણ પ્રાપ્ત થઈ જાય છે. એ સિવાય ઉક્ત ધર્મના જ પ્રભાવથી ભીંત ઉપર અથવા લાકડામાંથી બનાવેલ દેવતા પણ સિદ્ધિદાયક થાય છે. બરાબર છે–ધર્મ અહીં પ્રાણીઓને ક્યા ક્યા ઇષ્ટ પદાર્થ પ્રાપ્ત કરાવતો નથી? બધું જ પ્રાપ્ત કરાવે છે. ૧૮૭.

( वसंततिलका )

दूरादभीष्टमभिगच्छति पुण्ययोगात्
पुण्याद्विना करतलस्थमपि प्रयाति ।
अन्यत्परं प्रभवतीह निमित्तमात्रं
पात्रं बुधा भवत निर्मलपुण्यराशेः ॥१८८॥

**અનુવાદઃ**—પુણ્યના યોગથી અહીં દૂરવર્તી ઇષ્ટ પદાર્થ પણ પ્રાપ્ત થઈ જાય છે અને પુણ્ય વિના હાથમાં રહેલા પદાર્થ પણ ચાલ્યા જાય છે. બીજા પદાર્થ તો કેવળ નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર થાય છે. તેથી હે પંડિતજનો! નિર્મળ પુણ્ય રાશિના ભાજન થાવ, અર્થાત્ પુણ્યનું ઉપાર્જન કરો. ૧૮૮.

( शार्दूलविक्रीडित )

कोप्यन्धोऽपि सुलोचनोऽपि जरसा ग्रस्तोऽपि लावण्यवान्
निःप्राणोऽपि हरिर्विरूपतनुरप्याघुष्यते मन्मथः ।
उद्योगोज्झित चेष्टितोऽपि नितरामालिङ्ग्यते च श्रिया
पुण्यादन्यमपि प्रशस्तमखिलं जायेत यद्दुर्घटम् ॥१८९॥

**અનુવાદઃ**—પુણ્યના પ્રભાવથી કોઈ આંધળું પ્રાણી પણ નિર્મળ નેત્રોનું ધારક થઈ જાય છે, વૃદ્ધાવસ્થા યુક્ત મનુષ્ય પણ લાવણ્યયુક્ત ( સુંદર ) થઈ જાય છે, નિર્બળ પ્રાણી પણ સિંહ જેવું બળવાન બની જાય છે, વિકૃત શરીરવાળો પણ કામદેવ સમાન સુંદર ગણવામાં આવે છે તથા ઉદ્યોગહીન ચેષ્ટાવાળો જીવ પણ લક્ષ્મીદ્વારા ગાઢપણે આલિંગાય છે અર્થાત્ ઉદ્યોગ રહિત મનુષ્ય પણ અત્યંત સંપત્તિવાન્ બની જાય છે. જે કોઈ પ્રશંસનીય અન્ય સમસ્ત પદાર્થ અહીં દુર્લભ ગણાય છે તે બધા પુણ્યના ઉદયથી પ્રાપ્ત થઈ જાય છે. ૧૮૯.

( शार्दूलविक्रीडित )

बन्धस्कन्धसमाश्रितां सृणिभृतामारोहकाणामलं
पृष्ठे भारसमर्पणं कृतवतां संचालनं ताडनम् ।
दुर्वाचं वदतामपि प्रतिदिनं सर्वं सहन्ते गजा
निःस्थाम्नां बलिनोऽपि यत्तदखिलं दुष्टो विधिश्चेष्टते ॥१९०॥

**અનુવાદઃ**—જે મહાવત હાથીને બાંધીને તેના સ્કંધ ( કાંધ ) ઉપર બેસે છે, અંકુશ ધારણ કરે છે, પીઠ ઉપર ભારે બોજો લાદે છે, સંચાલન અને તાડન કરે છે, તથા દુષ્ટ વચનો પણ બોલે છે, એવા તે પરાક્રમહીન મહાવતોના સમસ્ત દુર્વ્યવહારને પણ જે હાથી બળવાન હોવા છતાં પણ પ્રતિદિન સહન કરે છે એ બધી દુર્દૈવની લીલા છે, અર્થાત્ એને પાપ-કર્મનું જ ફળ સમજવું જોઈએ. ૧૯૦.

( शार्दूलविक्रीडित )

सर्पो हारलता भवत्यसिलता सत्पुष्पदामायते
संपद्येत रसायनं विषमपि प्रीतिं विधत्ते रिपुः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देवा यान्ति वशं प्रसन्नमनसः किं वा बहु ब्रूमहे
धर्मो यस्य नभोऽपि तस्य सततं रत्नैः परैर्वर्षति ॥१९१॥

**અનુવાદઃ**—ધર્માત્મા પ્રાણીને ઝેરી સાપ હાર બની જાય છે, તરવાર સુંદર ફૂલોની માળા બની જાય છે, ઝેર પણ ઉત્તમ ઔષધિ બની જાય છે, શત્રુ પ્રેમ કરવા માંડે છે અને દેવ પ્રસન્નચિત્ત થઈને આજ્ઞાકારી થઈ જાય છે. ઘણું શું કહેવું? જેની પાસે ધર્મ હોય તેની ઉપર આકાશ પણ નિરંતર રત્નોની વર્ષા કરે છે. ૧૯૧.

( शार्दूलविक्रीड़ित )

उग्रग्रीष्मरविप्रतापदहनज्वालाभितप्तश्चिरं
यः पित्तप्रकृतिर्मरौ मृदुतरः पान्थः पथा पीडितः ।
तद् द्राग्लब्धहिमाद्रिकुञ्जरचितप्रोद्दामयन्त्रोल्लसद्
धारावेश्मसमो हि संसृतिपथे धर्मो भवेद्देहिनः ॥१९२॥

**અનુવાદઃ**—મરુભૂમિ ( મારવાડ )માં ચાલનાર જે પિત્તપ્રકૃતિવાળો સુકુમાર મુસાફર ગ્રીષ્મ ઋતુના તીક્ષ્ણ સૂર્યના પ્રકૃષ્ટ તાપરૂપ અગ્નિની જ્વાળાથી સંતપ્ત થઈને લાંબા સમયથી માર્ગના શ્રમથી પીડા પામ્યો છે તેને જેમ તરત જ હિમાલયની લત્તાઓથી બનેલ અને ઉત્કૃષ્ટ ફુવારાઓથી શોભાયમાન ધારાગૃહ પ્રાપ્ત થતાં અપૂર્વ સુખનો અનુભવ થાય છે તેવી જ રીતે સંસારમાર્ગમાં ચાલતા પ્રાણીને ધર્મથી અભૂતપૂર્વ સુખનો અનુભવ થાય છે. ૧૯૨.

( शार्दूलविक्रीड़ित )

संहारोग्रसमीरसंहतिहतप्रोद्भूतनीरोल्लसत्-
तुङ्गोर्मिभ्रमितोरुनक्रमकरग्राहादिभिर्भीषणे ।
अम्भोधौ विधुतोग्रवाडवशिखिज्वालाकराले पत-
ज्जन्तोः खेऽपि विमानमाशु कुरुते धर्मः समालम्बनम् ॥१९३॥

**અનુવાદઃ**—જે સમુદ્ર ઘાતક તીક્ષ્ણ વાયુ ( પ્રલય પવન )ના સમૂહથી આઘાત પામીને જળમાં ઉત્પન્ન થનાર ઉન્નત લહરીઓથી આમતેમ ઉછળતા નક્ર, મગર અને ગ્રાહ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આદિ હિંસક જળજંતુઓથી ભય ઉત્પન્ન કરનાર છે તથા કંપિત તીક્ષ્ણ વાડવાગ્નિની જ્વાળાથી ભયાનક છે એવા તે સમુદ્રમાં પડતા જીવોને ધર્મ શીઘ્રતાથી આકાશમાં પણ આલંબનભૂત વિમાન કરી દે છે. ૧૯૩.

( स्रग्धरा )

उह्यन्ते ते शिरोभिः सुरपतिभिरपि स्तूयमानाः सुरौघै-
र्गीयन्ते किन्नरीभिर्ललितपदलसद्गीतिभिर्भक्तिरागात् ।
बम्भ्रम्यन्ते च तेषां दिशि दिशि विशदाः कीर्तयः का न वा स्यात्
लक्ष्मीस्तेषु प्रशस्ता विदधति मनुजा ये सदा धर्ममेकम् ॥१९४॥

**અનુવાદ:**--જે મનુષ્ય સદા અદ્વિતીય ધર્મનો આશ્રય લે છે તેમને ઇન્દ્રો પણ મસ્તક ઉપર ધારણ કરે છે, દેવોનો સમૂહ તેમની સ્તુતિ કરે છે, કિન્નરીઓ લલિત પદોથી શોભાયમાન ગીતો દ્વારા તેમના ભક્તિપૂર્વક ગુણગાન કરે છે તથા તેમનો યશ પ્રત્યેક દિશામાં વારંવાર ભ્રમણ કરે છે અર્થાત્ તેમની કીર્તિ બધી જ દિશામાં ફેલાઈ જાય છે. અથવા તેમને કઈ પ્રશસ્ત લક્ષ્મી પ્રાપ્ત થતી નથી? અર્થાત્ તેમને બધા જ પ્રકારની શ્રેષ્ઠ લક્ષ્મી પ્રાપ્ત થઈ જાય છે. ૧૯૪.

( शार्दूलविक्रीड़ित )

धर्मः श्रीवशमन्त्र एष परमो धर्मश्च कल्पद्रुमो
धर्मः कामगवीप्सितप्रदमणिर्धर्मः परं दैवतम् ।
धर्मः सौख्यपरंपरामृतनदीसंभूतिसत्पर्वतो
धर्मो भ्रातरुपास्यतां किमपरैः क्षुद्रैरसत्कल्पनैः ॥१९५॥

**અનુવાદ:**--આ ઉત્કૃષ્ટ ધર્મ લક્ષ્મીને વશ કરવા માટે વશીકરણ મંત્ર સમાન છે, આ ધર્મ કલ્પવૃક્ષ સમાન ઇચ્છિત પદાર્થ આપનાર છે, તે કામધેનુ અથવા ચિન્તામણિ સમાન ઇષ્ટ વસ્તુઓનું પ્રદાન કરનાર છે, તે ધર્મ ઉત્તમ દેવ સમાન છે તથા તે ધર્મ સુખ-પરંપરારૂપ અમૃતની નદી ઉત્પન્ન કરનાર ઉત્તમ પર્વત સમાન છે. તેથી હે ભાઈ! તમે બીજી તુચ્છ મિથ્યા કલ્પનાઓ છોડીને તે ધર્મની આરાધના કરો. ૧૯૫.

( शार्दूलविक्रीडित )

आस्तामस्य विधानतः पथि गतिर्धर्मस्य वार्तापि यैः
श्रुत्वा चेतसि धार्यते त्रिभुवने तेषां न काः संपदः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दूरे सज्जलपानमज्जनसुखं शीतैः सरोमारुतैः
प्राप्तं पद्मरजः सुगन्धिभिरपि श्रान्तं जनं मोदयेत् ॥१९६॥

**અનુવાદઃ**—આ ધર્મના અનુષ્ઠાનથી જે મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે તે તો દૂર રહો, પરંતુ જે મનુષ્ય તે ધર્મની વાત પણ સાંભળીને ચિત્તમાં ધારણ કરે છે તેમને ત્રણ લોકમાં કઈ સંપત્તિઓ પ્રાપ્ત થતી નથી? યોગ્ય જ છે. ઉત્તમ જળ પીવા અને તેમાં સ્નાન કરવાથી પ્રાપ્ત થનારૂં સુખ તો દૂર રહો, પરંતુ તળાવના શીતળ અને સુગંધી વાયુ દ્વારા પ્રાપ્ત થતી કમળની રજ પણ થાકેલા મનુષ્યને આનંદિત બનાવી દે છે. ૧૯૬.

( वसंततिलका )

यत्पादपङ्कजरजोभिरपि प्रणामात्
लग्नैः शिरस्यमलबोधकलावतारः ।
भव्यात्मनां भवति तत्क्षणमेव मोक्षं
स श्रीगुरुर्दिशतु मे मुनि वीरनन्दी ॥१९७॥

**અનુવાદઃ**—નમસ્કાર કરતી વખતે મસ્તકમાં લાગેલ જેમના ચરણ–કમળોની ધૂળથી ભવ્ય જીવોને તત્કાળ જ નિર્મળ સમ્યગ્જ્ઞાનરૂપ કળાની પ્રાપ્તિ થાય છે તે શ્રીમુનિ વીરનન્દી ગુરુ મને મોક્ષ પ્રદાન કરો. ૧૯૭.

( वसंततिलका )

दत्तानन्दपारसंसृतिपथश्रान्तश्रमच्छेदकृत्
प्रायो दुर्लभमत्र कर्णपुटकैर्भव्यात्मभिः पीयताम् ।
निर्यातं मुनिपद्मनन्दिवदनप्रालेयरश्मेः परं
स्तोकं यद्यपि सारताधिकमिदं धर्मोपदेशामृतम् ॥१९८॥

इति धर्मोपदेशामृतं समाप्तम् ॥२॥

**અનુવાદઃ**—જે ધર્મોપદેશરૂપ અમૃત આનંદ આપનાર છે, અપાર સંસારના માર્ગમાં થાકેલા મુસાફરનો પરિશ્રમ દૂર કરનાર છે તથા ઘણું દુર્લભ છે, તેને ભવ્ય જીવ કાનો-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રૂપ અંજલિથી પીઓ અર્થાત્ કાનો દ્વારા તેનું શ્રવણ કરો. મુનિ પદ્મનન્દીના મુખરૂપ ચંદ્ર-માંથી નીકળેલ આ ઉપદેશામૃત જો કે અલ્પ છે તોપણ શ્રેષ્ઠતાની અપેક્ષાએ તે અધિક છે.

**વિશેષાર્થ:**—જેમ અમૃતનું પાન કરવાથી પથિકનો માર્ગનો થાક દૂર થઈ જાય છે અને તેને અતિશય આનંદ પ્રાપ્ત થાય છે તેવી જ રીતે આ ધર્મોપદેશ સાંભળવાથી ભવ્ય જીવોના સંસાર પરિભ્રમણનું દુઃખ દૂર થઈ જાય છે અને તેમને અનંત સુખનો લાભ થાય છે. જેવી રીતે અમૃત દુર્લભ છે તેવી જ રીતે આ ઉપદેશ પણ દુર્લભ છે. અમૃત જો ચંદ્રમાંથી ઉત્પન્ન થાય છે તો આ ઉપદેશ તે ચન્દ્રમા સમાન મુનિ પદ્મનન્દીના મુખમાંથી ઉત્પન્ન થયો છે તથા જેમ અમૃત થોડું હોય તોપણ તે અધિક લાભકારી થાય છે તેવી જ રીતે ગ્રંથપ્રમાણની અપેક્ષાએ આ ઉપદેશ જો કે થોડો છે છતાં પણ તે લાભપ્રદ અધિક છે. આ રીતે આ ઉપદેશને અમૃત સમાન હિતકારી જાણીને ભવ્ય જીવોએ તેનું નિરંતર મનન કરવું જોઈએ. ૧૯૮.

આ રીતે ધર્મોપદેશામૃત સમાપ્ત થયું. ૧.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨. દાનનો ઉપદેશ.

## [२. दानोपदेशनम्]

( वसंततिलका )

जीयाज्जिनो जगति नाभिनरेन्द्रसूनुः
श्रेयो नृपश्च कुरुगोत्रगृहप्रदीपः ।
याभ्यां बभूवतुरिह व्रतदानतीर्थे
सारक्रमे परमधर्मरथस्य चक्रे ॥१॥

**અનુવાદઃ**—જેમના દ્વારા ઉત્તમ રીતે ચાલનારા શ્રેષ્ઠ ધર્મરૂપી રથના ચક્ર સમાન વ્રત અને દાનરૂપ બે તીર્થ અહીં પ્રગટ થયા છે તે નાભિરાજાના પુત્ર આદિ જિનેન્દ્ર અને કુરુવંશરૂપ ગૃહના દીપક સમાન રાજા શ્રેયાંસ પણ જયવંત હો.

**વિશેષાર્થઃ**—આ ભરત ક્ષેત્રમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય કાળમાં ભોગભૂમિની અવસ્થા હોય છે. તે સમયે આર્ય કહેવાતા પુરુષો અને સ્ત્રીઓમાં ન તો વિવાહાદિ સંસ્કાર હતા કે ન વ્રતાદિક. તેઓ દસ પ્રકારના કલ્પવૃક્ષોમાંથી પ્રાપ્ત થયેલી સામગ્રીદ્વારા યથેચ્છ ભોગ ભોગવતા થકા કાળ નિર્ગમન કરતા હતા, કાળક્રમે જ્યારે તૃતીય કાળમાં પલ્યનો આઠમો ભાગ ($\frac{1}{8}$) બાકી રહ્યો ત્યારે તે કલ્પવૃક્ષોની દાનશક્તિ ક્રમશઃ ક્ષીણ થવા લાગી હતી. તેથી જે સમયે સમયે તે આર્યોને મુશ્કેલીઓનો અનુભવ થયો તેને યથાક્રમે ઉત્પન્ન થનાર પ્રતિશ્રુતિ આદિ ચૌદ કુલકરોએ દૂર કર્યો હતો. તેમાં અંતિમ કુલકર નાભિરાજ હતા. પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ તેમના જ પુત્ર હતા. અત્યાર સુધી જે વ્રતોનો પ્રચાર નહોતો તેને ભગવાન આદિનાથે પોતે જ પાંચ મહાવ્રતોનું ગ્રહણ કરીને પ્રચલિત કર્યો. એ જ પ્રમાણે અત્યાર સુધી કોઈને દાનવિધિનું પણ પરિજ્ઞાન નહોતું. એ જ કારણે છ માસના ઉપવાસ પરિપૂર્ણ કરીને ભગવાન આદિ જિનેન્દ્રને પારણાના નિમિત્તે બીજા પણ ૭ માસ પર્યંત ઘૂમવું પડ્યું. અંતે રાજા શ્રેયાંસને જાતિસ્મરણ દ્વારા આહાર–દાનની વિધિનું પરિજ્ઞાન થયું. તે પ્રમાણે ત્યારે તેણે ભક્તિપૂર્વક ભગવાન આદિનાથને શેરડીના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રસનો આહાર આપ્યો. બસ અહીંથી આહારાદિ દાનોની વિધિનો પણ પ્રચાર શરૂ થઈ ગયો. આ રીતે ભગવાન આદિનાથે વ્રતોનો પ્રચાર કરીને તથા શ્રેયાંસ રાજાએ દાનવિધિનો પણ પ્રચાર કરીને જગતનું કલ્યાણ કર્યું છે. તેથી ગ્રંથકાર શ્રી પદ્મનન્દી મુનિએ અહીં વ્રત-તીર્થના પ્રવર્તક સ્વરૂપે ભગવાન આદિ જિનેન્દ્રનું તથા દાનતીર્થના પ્રવર્તક સ્વરૂપે શ્રેયાંસ રાજાનું પણ સ્મરણ કર્યું છે. ૧.

( शार्दूलविक्रीड़ित )

**श्रेयोभिधस्य नृपतेः शरदभ्रशुभ्र**
**भ्राम्यद्यशोभृतजगत्त्रितयस्य तस्य ।**
**किं वर्णयामि ननु सद्मनि यस्य भुक्तं**
**त्रैलोक्यवन्दितपदेन जिनेश्वरेण ॥२॥**

**અનુવાદ:**—જે શ્રેયાંસ રાજાને ઘેર ત્રણે લોકોથી વન્દિત ચરણોવાળા ભગવાન ઋષભદેવ જિનેન્દ્રે આહાર ગ્રહણ કર્યો અને તેથી જેનો શરદઋતુના વાદળા સમાન ધવળ યશ ત્રણે લોકોમાં ફેલાયો તે શ્રેયાંસ રાજાનું કેટલું વર્ણન કરવું? ૨.

( शार्दूलविक्रीड़ित )

**श्रेयान् नृपो जयति यस्य गृहे तदा खादेकाद्यमुनिपुंगवपारणायाम् ।**
**सा रत्नवृष्टिरभवज्जगदेकचित्रहेतुर्यया वसुमतीत्वमिता धरित्री ॥३॥**

**અનુવાદ:**—જે શ્રેયાંસ રાજાને ઘેર ઇન્દ્રાદિકો દ્વારા વન્દનીય એક પ્રથમ મુનિપુંગવ (તીર્થંકર)ના આહાર લેવાના સમયે લોકોને અભૂતપૂર્વ આશ્ચર્યમાં નાખનારી આકાશ-માંથી તે રત્નવૃષ્ટિ થઈ કે જેના દ્વારા આ પૃથ્વી 'વસુમતી (ધનવાળી)' એવી સાર્થક સંજ્ઞા પામી હતી; તે શ્રેયાંસ રાજા જયવંત હો.

**વિશેષાર્થ:**—આ આગમમાં સારી રીતે પ્રસિદ્ધ છે કે જેના ઘેર કોઈ તીર્થંકરનું પ્રથમ પારણું થાય છે તેમને ત્યાં પાંચ આશ્ચર્ય થાય છે. (૧) રત્નવર્ષા (૨) દુંદુભીવાદન (૩) જય જય શબ્દનો પ્રસાર (૪) સુગંધી વાયુનો સંચાર અને (૫) પુષ્પોની વર્ષા. (જુઓ તિ. ૫. ગાથા ૪, ૬૭૧ થી ૬૭૪). તે પ્રમાણે ભગવાન આદિનાથે જ્યારે રાજા શ્રેયાંસને ઘેર પ્રથમ પારણું કર્યું હતું. ત્યારે તેના ઘરમાં પણ રત્નોનો વરસાદ વરસ્યો હતો. તેનો જ નિર્દેશ અહીં શ્રી પદ્મનન્દી મુનિએ કર્યો છે. ૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

प्राप्तेऽपि दुर्लभतरेऽपि मनुष्यभावे
स्वप्नेन्द्रजालसदृशेऽपि हि जीवितादौ ।
ये लोभकूपकुहरे पतिताः प्रवक्ष्ये
कारुण्यतः खलु तदुद्धरणाय किंचित् ॥४॥

**અનુવાદ:**—જે મનુષ્ય પર્યાય અતિશય દુર્લભ છે તે પ્રાપ્ત થવા છતાં પણ તથા જીવન આદિ સ્વપ્ન અને ઈન્દ્રજાળ સમાન વિનશ્વર હોવા છતાં પણ જે પ્રાણી લોભરૂપ અંધકારયુક્ત કૂવામાં પડેલા છે તેમના ઉદ્ધાર માટે દયાળુ બુદ્ધિથી અહીં કેટલુંક દાનનું વર્ણન કર્યું છે. ૪.

( शार्दूलविक्रीड़ित )

कान्तात्मजद्रविणमुख्यपदार्थसार्थप्रोत्थातिघोरघनमोहमहासमुद्रे ।
पोतायते गृहिणि सर्वगुणाधिकत्वाद्दानं परं परमसात्त्विकभावयुक्तम् ।५।

**અનુવાદ:**—જે ગૃહસ્થ જીવન સ્ત્રી, પુત્ર, અને ધન આદિ પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલ અત્યંત ભયાનક અને વિસ્તૃત મોહના વિશાળ સમુદ્ર સમાન છે તે ગૃહસ્થ જીવનમાં ઉત્તમ સાત્ત્વિક ભાવથી આપવામાં આવેલું ઉત્કૃષ્ટ દાન સમસ્ત ગુણોમાં શ્રેષ્ઠ હોવાથી નૌકાનું કામ કરે છે.

**વિશેષાર્થ:**—આ ગૃહસ્થ જીવનમાં પ્રાણીને, સ્ત્રી, પુત્ર અને ધન આદિથી સદા મોહ રહ્યા કરે છે; કે જેથી તે અનેક પ્રકારના આરંભોમાં પ્રવૃત્ત થઈને પાપનો સંચય કર્યા કરે છે. આ પાપને નષ્ટ કરવાનો જો તેની પાસે કોઈ ઉપાય હોય તો તે દાન જ છે. આ દાન સંસારરૂપી સમુદ્રથી પાર થવાને માટે જહાજ સમાન છે. ૫.

( शार्दूलविक्रीड़ित )

नानाजनाश्रितपरिग्रहसंभृतायाः
सत्पात्रदानविधिरेव गृहस्थतायाः ।
हेतुः परः शुभगतेर्विषमे भवेऽस्मिन्
नावः समुद्र इव कर्मठकर्णधारः ॥६॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—આ વિષમ સંસારમાં જુદા જુદા કુટુંબી આદિ જનોના આશ્રયે પરિગ્રહથી પરિપૂર્ણ એવી ગૃહસ્થ અવસ્થાના શુભ પ્રવર્તનનું કારણ એક માત્ર સત્પાત્રદાનની વિધિ જ છે જેમ સમુદ્રથી પાર થવા માટે ચતુર નાવિકથી સંચાલિત નાવ કારણ છે.

**વિશેષાર્થ:**—જે દાન દેવાને યોગ્ય છે તેને પાત્ર કહેવાય છે. તે ઉત્તમ, મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારના છે. એમાં સકળ ચારિત્ર (મહાવ્રત) ધારણ કરનાર મુનિને ઉત્તમ પાત્ર, વિકળ ચારિત્ર (દેશવ્રત) ધારણ કરનાર શ્રાવકને મધ્યમ પાત્ર અને વ્રતરહિત સમ્યગ્દૃષ્ટિને જઘન્ય પાત્ર સમજવા જોઈએ. આ પાત્રોને જો મિથ્યાદૃષ્ટિ જીવ આહારાદિ આપે છે તો તે યથાક્રમે (ઉત્તમ પાત્ર આદિ અનુસાર) ઉત્તમ, મધ્યમ અને જઘન્ય ભોગભૂમિના સુખ ભોગવીને ત્યારપછી યથા સંભવ દેવપર્યાયને પ્રાપ્ત કરે છે. પણ જો ઉપર્યુક્ત પાત્રોને જ સમ્યગ્દૃષ્ટિ જીવ આહાર આદિ આપે છે તો તે નિયમથી ઉત્તમ દેવોમાં જ ઉત્પન્ન થાય છે. કારણ એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને એક માત્ર દેવાયુનો જ બંધ થાય છે. આમના સિવાય જે જીવ સમ્યગ્દર્શનથી રહિત હોવા છતાં પણ વ્રતોનું પરિપાલન કરે છે તે કુપાત્ર કહેવાય છે. કુપાત્રદાનના પ્રભાવથી પ્રાણી કુભોગભૂમિઓ (અંતરદ્વીપો) માં કુમનુષ્ય તરીકે ઉત્પન્ન થાય છે. જે પ્રાણી ન તો સમ્યગ્દૃષ્ટિ છે, અને ન વ્રતોનું પણ પાલન કરે છે તે અપાત્ર કહેવાય છે અને એવા અપાત્રને આપવામાં આવેલું દાન વ્યર્થ જાય છે—તેનું કોઈ ફળ પ્રાપ્ત થતું નથી જેમ કે ઉજ્જડ ભૂમિમાં વાવેલું બીજ. એટલું અવશ્ય છે કે અપાત્ર હોવા છતાં પણ જે પ્રાણી વિકલાંગ (લંગડા, આંધળા વગેરે) અથવા અસહાય છે તેમને દયાપૂર્વક આપવામાં આવેલું દાન (દયાદત્તિ) વ્યર્થ નથી જતું. પરંતુ તેનાથી ય યથાયોગ્ય પુણ્ય કર્મનો બંધ અવશ્ય થાય છે. ૬.

( शार्दूलविक्रीडित )

आयासकोटिभिरुपार्जितमङ्गजेभ्यो
यज्जीवितादपि निजाद्दयितं जनानाम् ।
वित्तस्य तस्य सुगतिः खलु दानमेक
मन्या विपत्तय इति प्रवदन्ति सन्तः ॥७॥

**અનુવાદ:**—કરોડો પરિશ્રમોથી સંચિત કરેલું જે ધન પ્રાણીઓને પુત્રો અને પોતના પ્રાણોથી પણ અધિક પ્રિય લાગે છે તેનો સદુપયોગ કેવળ દાન દેવામાં જ થાય છે, એનાથી વિરૂદ્ધ દુર્વ્યસનાદિમાં તેનો ઉપયોગ કરવાથી પ્રાણીને કષ્ટ જ ભોગવવા પડે છે; એવું સાધુ-જનોનું કહેવું છે. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( वसंततिलका )

भुक्त्यादिभिः प्रतिदिनं गृहिणो न सम्यङ्-
नष्टा रमापि पुनरेति कदाचिदत्र ।
सत्पात्रदानविधिना तु गताप्युदेति
क्षेत्रस्थबीजमिव कोटिगुणं वटस्य ॥८॥

**અનુવાદ:**—લોકમાં પ્રતિદિન ભોજન આદિ દ્વારા નાશ પામેલી ગૃહસ્થની લક્ષ્મી (સંપત્તિ) અહીં ફરીથી કદી પણ પ્રાપ્ત થતી નથી. પરંતુ ઉત્તમ પાત્રોને આપવામાં આવેલ દાનની વિધિથી વ્યય પામેલી સંપત્તિ ફરીથી પણ પ્રાપ્ત થઈ જાય છે. જેમ ઉત્તમ ભૂમિમાં વાવેલું વડવૃક્ષનું બીજ કરોડગણું ફળ આપે છે. ૮.

( वसंततिलका )

यो दत्तवानिह मुमुक्षुजनाय भुक्तिं
भक्त्याश्रितः शिवपथे न धृतः स एव ।
आत्मापि तेन विदधत्सुरसद्म नून-
मुच्चैः पदं व्रजति तत्सहितोऽपि शिल्पी ॥९॥

**અનુવાદ:**—જે શ્રાવકે અહીં મોક્ષાભિલાષી મુનિને ભક્તિપૂર્વક આહાર આપ્યો છે તેણે કેવળ તે મુનિને જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત નથી કર્યા પણ પોતાની જાતને પણ તેણે મોક્ષમાર્ગમાં લગાવી છે. બરાબર જ છે–મંદિર બનાવનાર કારીગર પણ નિશ્ચયથી તે મંદિરની સાથે જ ઊંચા સ્થાન ઉપર ચાલ્યો જાય છે.

**વિશેષાર્થ:**—જેમ દેવાલયને બનાવનાર કારીગર જેમ જેમ દેવાલય ઊંચુ થતું જાય છે તેમ તેમ તે પણ ઊંચા સ્થાને ચઢતો જાય છે. બરાબર એવી જ રીતે મુનિને ભક્તિપૂર્વક આહાર આપનાર ગૃહસ્થ પણ ઉક્ત મુનિની સાથે જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થઈ જાય છે. ૯.

( वसंततिलका )

यः शाकपिण्डमपि भक्तिरसानुविद्ध-
बुद्धिः प्रयच्छति जनो मुनिपुंगवाय ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

स स्यादनन्तफलभागथ बीजमुप्तं
क्षेत्रे न किं भवति भूरि कृषीवलस्य ॥१०॥

**અનુવાદ:**—ભક્તિરસથી અનુરંજિત બુદ્ધિવાળો જે ગૃહસ્થ શ્રેષ્ઠ મુનિને શાકનો આહાર પણ આપે છે તે અનંત ફળ ભોગવનાર થાય છે. યોગ્ય છે–ઉત્તમ ખેતરમાં વાવેલું બીજ શું ખેડૂતને ઘણું ફળ નથી આપતું? અવશ્ય આપે છે. ૧૦.

( वसंततिलका )

साक्षान्मनोवचनकायविशुद्धिशुद्धः
पात्राय यच्छति जनो ननु भुक्तिमात्रम् ।
यस्तस्य संसृतिसमुत्तरणैकबीजे
पुण्ये हरिर्भवति सोऽपि कृताभिलाषः ॥११॥

**અનુવાદ:**—મન, વચન અને કાયાની શુદ્ધિથી વિશુદ્ધ થયેલ જે મનુષ્ય સાક્ષાત્ પાત્ર ( મુનિ આદિ ) ને કેવળ આહાર જ આપે છે તેના સંસારથી પાર ઉતારવામાં અદ્વિતીય કારણસ્વરૂપ પુણ્યના વિષયમાં તે ઇન્દ્ર પણ અભિલાષા યુક્ત હોય છે. અભિપ્રાય એમ છે કે એનાથી જે તેને પુણ્યની પ્રાપ્તિ થવાની છે તેને ઇન્દ્ર પણ ઇચ્છે છે. ૧૧.

( वसंततिलका )

मोक्षस्य कारणमभिष्टुतमत्र लोके
तद्धार्यते मुनिभिरङ्गबलात्तदन्नात् ।
तद्दीयते च गृहिणा गुरुभक्तिभाजा
तस्माद्धृतो गृहिजनेन विमुक्तिमार्गः ॥१२॥

**અનુવાદ:**—લોકમાં મોક્ષના કારણભૂત જે રત્નત્રયની સ્તુતિ કરવામાં આવે છે તે મુનિઓ દ્વારા શરીરની શક્તિથી ધારણ કરવામાં આવે છે, તે શરીરની શક્તિ ભોજનથી પ્રાપ્ત થાય છે અને તે ભોજન અતિશય ભક્તિપૂર્વક ગૃહસ્થ દ્વારા આપવામાં આવે છે. એજ કારણે વાસ્તવમાં તે મોક્ષમાર્ગ ગૃહસ્થોએ જ ધારણ કર્યો છે. ૧૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( वसंततिलका )

नानागृहव्यतिकरार्जितपापपुञ्जैः
खञ्जीकृतानि गृहिणो न तथा व्रतानि ।
उच्चैः फलं विदधतीह यथैकदापि
प्रीत्यातिशुद्धमनसा कृतपात्रदानम् ॥१३॥

**અનુવાદઃ**—લોકમાં અત્યંત વિશુદ્ધ મનવાળા ગૃહસ્થદ્વારા પ્રીતિપૂર્વક પાત્રને એક વાર પણ આપવામાં આવેલું દાન જેવું ઉન્નત ફળ આપે છે તેવું ફળ ગૃહની અનેક ઝંઝટોથી ઉત્પન્ન થયેલ પાપ સમૂહો દ્વારા કૂબડા અર્થાત્ શક્તિહીન કરવામાં આવેલા ગૃહસ્થના વ્રત કરતા નથી. ૧૩.

( वसंततिलका )

मूले तनुस्तदनु धावति वर्धमाना
यावच्छिवं सरिदिवानिशमासमुद्रम् ।
लक्ष्मीः सद्दृष्टिपुरुषस्य यतीन्द्रदान-
पुण्यात्पुरः सह यशोभिरतीद्धफेनैः ॥१४॥

**અનુવાદઃ**—સમ્યગ્દૃષ્ટિ પુરુષની લક્ષ્મી મૂળમાં અલ્પ હોવા છતાં પણ ત્યાર પછી મુનિરાજને આપવામાં આવેલ દાનથી ઉત્પન્ન થયેલ પુણ્યના પ્રભાવથી કીર્તિ સાથે નિરંતર ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી થકી મોક્ષપર્યંત જાય છે—જેમ–નદી મૂળમાં કૃશ હોવા છતાં પણ અતિશય તેજસ્વી ફીણ સાથે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સમુદ્ર સુધી જાય છે.

**વિશેષાર્થઃ**—જેમ નદીના ઉદ્ગમસ્થાનમાં તેનો વિસ્તાર જો કે બહુ જ થોડો હોય છે, છતાં પણ તે સમુદ્રપર્યન્ત પહોંચતા ઉત્તરોત્તર વધતો જ જાય છે. એની સાથે નદીના ફીણ પણ તે જ ક્રમે વધતા જાય છે. તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવની ધન–સંપત્તિ પણ જો કે શરૂઆતમાં બહુ થોડી હોય છે તોપણ તે આગળ ભક્તિપૂર્વક કરવામાં આવેલા પાત્ર-દાનથી જે પુણ્યબંધ થાય છે તેના પ્રભાવથી મુક્તિ પ્રાપ્ત થવા સુધી ઉત્તરોત્તર વૃદ્ધિ જ પામતી જાય છે. તેની સાથે જ ઉક્ત દાતા શ્રાવકની કીર્તિનો પ્રસાર પણ વધતો જાય છે. ૧૪.

( वसंततिलका )

प्रायः कुतो गृहगते परमात्मबोधः
शुद्धात्मनो भुवि यतः पुरुषार्थसिद्धिः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दानात्पुनर्ननु चतुर्विधतः करस्था
सा लीलयैव कृतपात्रजनानुषंगात् ॥१५॥

**અનુવાદઃ**—જગતમાં જે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપના જ્ઞાનથી શુદ્ધ આત્માના પુરુષાર્થની સિદ્ધિ થાય છે તે આત્મજ્ઞાન ગૃહમાં સ્થિત મનુષ્યને પ્રાયઃ ક્યાંથી થઈ શકે ? અર્થાત્ થઈ શકતું નથી. પણ તે પુરુષાર્થની સિદ્ધિ પાત્ર જનોને આપવામાં આવેલ ચાર પ્રકારના દાનથી અનાયાસે જ પ્રાપ્ત થઈ જાય છે. ૧૫.

( वसंततिलका )

नामापि यः स्मरति मोक्षपथस्य साधो-
राशु क्षयं व्रजति तद्दुरितं समस्तम् ।
यो भक्तभेषजमठादिकृतोपकारः
संसारमुत्तरति सोऽत्र नरो न चित्तम् ॥१६॥

**અનુવાદઃ**—જે મનુષ્ય મોક્ષમાર્ગમાં સ્થિત સાધુનું કેવળ નામસ્મરણ પણ કરે છે તેના સમસ્ત પાપ શીઘ્ર જ નાશ પામી જાય છે. વળી જે મનુષ્ય ઉક્ત સાધુને ભોજન, ઔષધ અને મઠ (ઉપાશ્રય) આદિ દ્વારા ઉપકાર કરે છે તે જો સંસારથી પાર થઈ જાય છે તો તેમાં ભલા આશ્ચર્ય જ શું છે? કાંઈ પણ નહિ. ૧૬.

( वसंततिलका )

किं ते गृहाः किमिह ते गृहिणो नु येषा-
मन्तर्मनस्सु मुनयो न हि संचरन्ति ।
साक्षादथ स्मृतिवशाच्चरणोदकेन
नित्यं पवित्रित धराग्रशिरः प्रदेशाः ॥१७॥

**અનુવાદઃ**—જે મુનિઓ સાક્ષાત્ પોતાના પાદોદકથી ગૃહગત પૃથ્વીના અગ્રભાગને સદા પવિત્ર કરતા રહે છે એવા મુનિઓ જે ગૃહોમાં સાક્ષાત્ સંચાર કરતા નથી તે ઘર શું છે? અર્થાત્ એવા ગૃહોનું કાંઈ પણ મહત્ત્વ નથી. એજ રીતે સ્મરણ વશે પોતાના ચરણ જળ દ્વારા શ્રાવકોના શિર પ્રદેશોને પવિત્ર કરનાર તે મુનિઓ જે શ્રાવકોના મનમાં સંચાર કરતા નથી તે શ્રાવક પણ શું છે? અર્થાત્ તેમનું કાંઈ પણ મહત્ત્વ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—અભિપ્રાય એવો છે કે જે ઘરોમાં આહારાદિના નિમિત્તે મુનિઓનું આવાગમન થતું રહે છે તે જ ઘર વાસ્તવમાં સફળ છે. એ જ રીતે જે ગૃહસ્થ તે મુનિઓનું મનથી ચિંતન કરે તથા તેમને આહારાદિ આપવામાં સદા ઉત્સુક રહે છે તે જ ગૃહસ્થ પ્રશંસાને યોગ્ય છે. ૧૭.

( वसंततिलका )

**देवः स किं भवति यत्र विकारभावो**
**धर्मः स किं न करुणाङ्गिषु यत्र मुख्या ।**
**तत् किं तपो गुरुरथास्ति न यत्र बोधः**
**सा किं विभूतिरिह यत्र न पात्रदानम् ॥१८॥**

**અનુવાદ:**—જેમને ક્રોધાદિ વિકારભાવ વિદ્યમાન છે તે શું દેવ હોઈ શકે? અર્થાત્ તે કદાપિ દેવ હોઈ શકે નહિ. જ્યાં પ્રાણીઓની બાબતમાં દયા મુખ્ય નથી તેને શું ધર્મ કહી શકાય? કહી શકાય નહિ. જેમાં સમ્યગ્જ્ઞાન નથી તે શું તપ અને ગુરુ હોઈ શકે છે? હોઈ શકે નહિ. જે સંપત્તિમાંથી પાત્રોને દાન આપવામાં આવતું નથી તે સંપત્તિ શું સફળ હોઈ શકે? અર્થાત્ ન હોઈ શકે. ૧૮.

( वसंततिलका )

**किं ते गुणाः किमिह तत्सुखमस्ति लोके**
**सा किं विभूतिरथ या न वशं प्रयाति ।**
**दानव्रतादिजनितो यदि मानवस्य**
**धर्मो जगत्त्रयवशीकरणैकमन्त्रः ॥१९॥**

**અનુવાદ:**—જો મનુષ્યની પાસે ત્રણે લોકને વશીભૂત કરવા માટે અદ્વિતીય વશીકરણમંત્ર સમાન દાન અને વ્રત આદિથી ઉત્પન્ન થયેલ ધર્મ વિદ્યમાન હોય તો એવા કયા ગુણ છે જે તેના વશ ન થઈ શકે? તે કયું સુખ છે જે તેને પ્રાપ્ત ન થઈ શકે? અને એવી કઈ વિભૂતિ છે જે તેને આધીન ન થતી હોય? અર્થાત્ ધર્માત્મા મનુષ્યને સર્વ પ્રકારના ગુણ, ઉત્તમ સુખ અને અનુપમ વિભૂતિ પણ સ્વયમેવ પ્રાપ્ત થઈ જાય છે. ૧૯.

( वसंततिलका )

**सत्पात्रदानजनितोन्नतपुण्यराशि-**
**रेकत्र वा परजने नरनाथलक्ष्मीः ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आद्यात्परस्तदपि दुर्गत एव यस्मा-
दागामिकालफलदायि न तस्य किंचित् ॥२०॥

**અનુવાદ:**—એક મનુષ્ય પાસે ઉત્તમ પાત્રને આપેલ દાનથી ઉત્પન્ન પુણ્યનો સમૂહ છે અને બીજા મનુષ્ય પાસે રાજ્યલક્ષ્મી વિદ્યમાન છે. છતાં પણ પ્રથમ મનુષ્યની અપેક્ષાએ દ્વિતીય મનુષ્ય દરિદ્ર જ છે કારણ કે તેની પાસે આગામી કાળમાં ફળ આપનાર કાંઈપણ બાકી નથી.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે સુખનું કારણ એક માત્ર પુણ્યનો સંચય જ હોય છે. એ જ કારણે જે વ્યક્તિએ પાત્રદાનાદિ દ્વારા એવા પુણ્યનો સંચય કરી લીધો છે તે આગામી કાળમાં સુખી રહેશે. પણ જે વ્યક્તિએ એવા પુણ્યનો સંચય કર્યો નથી તે વર્તમાનમાં રાજ્યલક્ષ્મીથી સંપન્ન હોવા છતાં પણ ભવિષ્યમાં દુઃખી જ રહેશે. ૨૦.

( वसंततिलका )

दानाय यस्य न धनं न वपुर्व्रताय
नैवं श्रुतं च परमोपशमाय नित्यम् ।
तज्जन्म केवलमलं मरणाय भूरि-
संसारदुःखमृतिजातिनिबन्धनाय ॥२१॥

**અનુવાદ:**—જેનું ધન દાન માટે નથી, શરીર વ્રત માટે નથી એ જ રીતે શાસ્ત્રાભ્યાસ કષાયોના ઉત્કૃષ્ટ ઉપશમ માટે નથી; તેનો જન્મ કેવળ સાંસારિક દુઃખ, મરણ અને જન્મના કારણભૂત મરણ માટે જ હોય છે.

**વિશેષાર્થ:**—જે મનુષ્ય પોતાના ધનનો સદુપયોગ દાનમાં કરતો નથી, શરીરનો સદુપયોગ વ્રત ધારણમાં કરતો નથી તથા આગમમાં નિપુણ હોવા છતાં પણ કષાયોનું દમન કરતો નથી તે વારંવાર જન્મ-મરણ ધારણ કરતો સાંસારિક દુઃખ જ સહન કર્યા કરે છે. ૨૧.

( वसंततिलका )

प्राप्ते नृजन्मनि तपः परमस्तु जन्तोः
संसारसागरसमुत्तरणैकसेतुः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मा भूद्विभूतिरिह बन्धनहेतुरेव
देवे गुरौ शमिनि पूजनदानहीना ॥२२॥

**અનુવાદઃ**—મનુષ્યજન્મ પ્રાપ્ત થતાં જીવે ઉત્તમ તપ ગ્રહણ કરવું જોઈએ કેમ કે તે સંસારરૂપી સમુદ્રથી પાર થવા માટે અપૂર્વ પુલ સમાન છે. તેની પાસે દેવ, ગુરુ અને મુનિની પૂજા અને દાનથી રહિત વૈભવ ન હોવો જોઈએ, કેમ કે એવો વૈભવ એક માત્ર બંધનું જ કારણ થાય છે. ૨૨.

( वसंततिलका )

भिक्षा वरं परिहृताखिलपापकारि-
कार्यानुबन्धविधुराश्रितचित्तवृत्तिः ।
सत्पात्रदानरहिता विततोग्रदुःख-
दुर्लङ्घ्यदुर्गतिकरी न पुनर्विभूतिः ॥२३॥

**અનુવાદઃ**—પાપ ઉત્પન્ન કરનાર સમસ્ત કાર્યોના સંબંધ રહિત એવી ચિત્તવૃત્તિનો આશ્રય કરનારી ભિક્ષા ક્યાંય શ્રેષ્ઠ છે પણ સત્પાત્રદાન રહિત થઈને વિપુલ અને તીવ્ર દુઃખોથી પરિપૂર્ણ દુર્લંઘ્ય નરકાદિરૂપ દુર્ગતિ કરનારી વિભૂતિ શ્રેષ્ઠ નથી. ૨૩.

( वसंततिलका )

पूजा न चेज्जिनपतेः पदपङ्कजेषु
दानं न संयतजनाय च भक्तिपूर्वम् ।
नो दीयते किमु ततः सदनस्थितायाः
शीघ्रं जलाञ्जलिरगाधजले प्रविश्य ॥२४॥

**અનુવાદઃ**—જે ગૃહસ્થાવસ્થામાં જિનેન્દ્ર ભગવાનના ચરણ-કમળોની પૂજા કરવામાં આવતી નથી તથા ભક્તિપૂર્વક સંયમીજનોને દાન આપવામાં આવતું નથી તે ગૃહસ્થ અવસ્થાને અગાધ જળમાં પ્રવેશીને શું શીઘ્ર ડૂબાડી ન દેવી જોઈએ? અર્થાત્ અવશ્ય ડૂબાડી દેવી જોઈએ. ૨૪.

( वसंततिलका )

कार्यं तपः परमिह भ्रमता भवाब्धौ
मानुष्यजन्मनि चिरादतिदुःखलब्धे ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संपद्यते न तदणुव्रतिनापि भाव्यं
जायेत चेदहरहः किल पात्रदानम् ॥२५॥

**અનુવાદ:**—અહીં સંસારરૂપ સમુદ્રમાં પરિભ્રમણ કરતાં જો ઘણા કાળે મહાન દુઃખથી મનુષ્ય પર્યાય પ્રાપ્ત થઈ ગઈ છે તો તેને પામીને ઉત્કૃષ્ટ તપ કરવું જોઈએ. જો કદાચ તે તપ ન કરી શકાય તો અણુવ્રતી જ થઈ જવું જોઈએ કે જેથી પ્રતિદિન પાત્રદાન થઈ શકે. ૨૫

( वसंततिलका )

ग्रामान्तरं व्रजति यः स्वगृहाद्गृहीत्वा
पाथेयमुन्नततरं स सुखी मनुष्यः ।
जन्मान्तरं प्रविशतोऽस्य तथा व्रतेन
दानेन चार्जितशुभं सुखहेतुरेकम् ॥२६॥

**અનુવાદ:**—જે મનુષ્ય પોતાના ઘેરથી ઘણો નાસ્તો (માર્ગમાં ખાવા યોગ્ય પકવાન્ન વગેરે) લઈને બીજા કોઈ ગામ જાય છે તે જેમ સુખી રહે છે તેવી જ રીતે બીજા જન્મમાં પ્રવેશવાને માટે પ્રવાસ કરનાર આ જીવને વ્રત અને દાનથી કમાયેલું એક માત્ર પુણ્ય જ સુખનું કારણ થાય છે. ૨૬.

( वसंततिलका )

यत्नः कृतोऽपि मदनार्थयशोनिमित्तं
दैवादिहव्रजति निष्फलतां कदाचित् ।
संकल्पमात्रमपि दानविधौ तु पुण्यं
कुर्यादसत्यपि हि पात्रजने प्रमोदात् ॥२७॥

**અનુવાદ:**—અહીં કામ, અર્થ અને યશ માટે કરવામાં આવેલો પ્રયત્ન ભાગ્યવશ કદાચ નિષ્ફળ પણ થઈ જાય છે. પરંતુ પાત્રજનના અભાવમાં પણ હર્ષપૂર્વક દાનના અનુષ્ઠાનમાં કરવામાં આવેલો કેવળ સંકલ્પ પણ પુણ્ય કરે છે. ૨૭.

( वसंततिलका )

सद्मागते किल विपक्षजनेऽपि सन्तः
कुर्वन्ति मानमतुलं वचनासनाद्यैः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यत्तत्र चारुगुणरत्ननिधानभूते
पात्रे मुदा महति किं क्रियते न शिष्टैः ॥२८॥

**અનુવાદઃ**—પોતાના ઘેર શત્રુઓ આવે તો પણ સજ્જન મનુષ્ય વચન અને આસન દાન વગેરે દ્વારા તેનો અનુપમ આદર-સત્કાર કરે છે. તો પછી શું ઉત્તમ ગુણોરૂપ રત્નોના આશ્રયભૂત ઉત્કૃષ્ટ પાત્ર ત્યાં પહોંચતા સજ્જન હર્ષથી આદર-સત્કાર નથી કરતા? અર્થાત્ તેઓ અવશ્યમેવ દાનાદિ દ્વારા તેનું યથાયોગ્ય સન્માન કરે છે. ૨૮.

( वसंततिलका )

सूनोर्मृतेरपि दिनं न सतस्तथा स्याद्
बाधाकरं बत यथा मुनिदानशून्यम् ।
दुर्वारदुष्टविधिना न कृते ह्यकार्ये
पुंसा कृते तु मनुते मतिमाननिष्टम् ॥२९॥

**અનુવાદઃ**—સજ્જન મનુષ્યને માટે પોતાના પુત્રના મૃત્યુનો દિવસ પણ એટલો બાધક નથી હોતો જેટલો મુનિદાનથી રહિત દિવસ તેમને માટે બાધક હોય છે. બરાબર છે-દુર્નિવાર દુષ્ટ દૈવ દ્વારા કુત્સિત કાર્ય કરવામાં આવતા બુદ્ધિમાન મનુષ્ય તેને અનિષ્ટ નથી માનતા પરંતુ મનુષ્યદ્વારા એવું કોઈ કામ કરવામાં વિવેકી પ્રાણી તેને અનિષ્ટ માને છે.

**વિશેષાર્થઃ**—જો કોઈ વિવેકી મનુષ્યના ઘરમાં પુત્રનું મરણ થઈ જાય તો તે શોકાકુળ થતા નથી કારણ કે તે જાણે છે કે આ પુત્રવિયોગ પોતાના પૂર્વોપાર્જિત કર્મના ઉદયથી થયો છે કે જે કોઈ પણ પ્રકારે ટાળી શકાતો નથી. પરંતુ તેને ત્યાં જો કોઈ દિવસ સાધુ-પુરુષને આહારદાન આપવામાં આવતું નથી તો તે એના માટે પશ્ચાત્તાપ કરે છે. એનુ કારણ એ છે કે તે તેની અસાવધાનીથી થયું છે, એમાં દૈવ કાંઈ બાધક થયું નથી. જો તેણે સાવધાન રહીને દ્વાર પાસે પ્રતીક્ષા આદિ કરી હોત તો મુનિદાનનો સુયોગ તેને પ્રાપ્ત થઈ શકતો હોત. ૨૯.

( वसंततिलका )

ये धर्मकारणसमुल्लसिता विकल्पा-
स्त्यागेन ते धनयुतस्य भवन्ति सत्याः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**स्पृष्टाः शशाङ्ककिरणैरमृतं क्षरन्त-**
**श्चन्द्रोपलाः किल लभन्त इह प्रतिष्ठाम् ॥३०॥**

**અનુવાદ:**—ધર્મના સાધન માટે જે વિકલ્પો ઉત્પન્ન થાય છે તે ધનવાન મનુષ્યના દાન દ્વારા સત્ય બને છે. બરાબર છે–ચન્દ્રકાન્ત મણિ ચન્દ્રના કિરણોનો સ્પર્શ પામીને અમૃત વહેવરાવીને જ અહીં પ્રતિષ્ઠા પામે છે.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે પાત્રને દાન આપનાર શ્રાવક આ ભવમાં ઉક્ત દાન દ્વારા લોકમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. જેમ કે–ચન્દ્રકાન્ત મણિથી બનાવેલ ભવનને જોવા છતાં પણ સાધારણ મનુષ્ય ઉક્ત ચન્દ્રકાન્ત મણિનો પરિચય પામતો નથી. પણ ચન્દ્રમાનો ઉદય થતાં જ્યારે ઉક્ત ભવનમાંથી પાણીનો પ્રવાહ વહેવા લાગે છે ત્યારે સામાન્યમાં સામાન્ય માણસ પણ એમ સમજી લે છે કે ઉક્ત ભવન ચન્દ્રકાન્ત મણિથી બનાવેલ છે, તેથી તે તેમની પ્રશંસા કરે છે. બરાબર એજ રીતે વિવેકી દાતા જિનમંદિર આદિનું નિર્માણ કરાવીને પોતાની સંપત્તિનો સદુપયોગ કરે છે. તે જો કે પોતે પોતાની પ્રતિષ્ઠા ઇચ્છતા નથી છતાં પણ ઉક્ત જિનમંદિર આદિનું અવલોકન કરનાર અન્ય મનુષ્યો તેની પ્રશંસા કરે છે. આ તો થઈ આ જન્મની વાત. આની સાથે જ પાત્રદાનાદિ ધર્મકાર્યો દ્વારા જે તેને પુણ્યલાભ થાય છે તેનાથી તે પર જન્મમાં પણ સંપન્ન અને સુખી થાય છે. ૩૦.

( वसंततिलका )

**मन्दायते य इह दानविधौ धने ऽपि**
**सत्यात्मनो वदति धार्मिकतां च यत्तत् ।**
**माया हृदि स्फुरति सा मनुजस्य तस्य**
**या जायते तडिदमुत्र सुखाचलेषु ॥३१॥**

**અનુવાદ:**—જે મનુષ્ય ધન હોવા છતાં પણ દાન દેવામાં ઉત્સુક તો થતો નથી પરંતુ પોતાની ધાર્મિકતા પ્રગટ કરે છે તેના હૃદયમાં જે કુટિલતા રહે છે તે પરલોકમાં તેના સુખરૂપી પર્વતોના વિનાશ માટે વીજળીનું કામ કરે છે. ૩૧.

( वसंततिलका )

**ग्रासस्तदर्धमपि देयमथार्धमेव**
**तस्यापि संततमणुव्रतिना यथर्द्धि ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इच्छानुरूपमिह कस्य कदात्र लोके**
**द्रव्यं भविष्यति सदुत्तमदानहेतुः ॥३२॥**

**અનુવાદઃ**—અણુવ્રતી ગૃહસ્થે નિરંતર પોતાની સંપત્તિ પ્રમાણે એક ગ્રાસ, અડધો ગ્રાસ અથવા તેનો પણ અડધો ભાગ અર્થાત્ ગ્રાસનો એક ચતુર્થાંશ પણ દેવો જોઈએ. કારણ એ કે અહીં લોકમાં પોતાની ઇચ્છાનુસાર દ્રવ્ય કોને ક્યારે મળશે કે જે ઉત્તમ-પાત્રદાનનું કારણ થઈ શકે, એ કાંઈ પણ કહી શકાતું નથી.

**વિશેષાર્થઃ**—જેમની પાસે અધિક દ્રવ્ય હોતું નથી તેઓ ઘણું કરીને વિચાર કર્યા કરે છે કે જ્યારે પૂરતું ધન મળશે ત્યારે આપણે દાન કરીશું. એવા જ મનુષ્યોને લક્ષમાં રાખીને અહીં એમ કહેવામાં આવ્યું છે કે ઘણું કરીને ઇચ્છાનુસાર દ્રવ્ય કદી કોઈને પણ પ્રાપ્ત થતું નથી માટે પોતાની પાસે જે કાંઈ દ્રવ્ય છે તે પ્રમાણે પ્રત્યેક મનુષ્યે પ્રતિદિન થોડું ઘણું દાન આપવું જ જોઈએ. ૩૨.

( वसंततिलका )

**मिथ्यादृशो ऽपि रुचिरेव मुनीन्द्रदाने**
**दद्यात् पशोरपि हि जन्म सुभोगभूमौ ।**
**कल्पाङ्घ्रिपा ददति यत्र सदेप्सितानि**
**सर्वाणि तत्र विदधाति न किं सुदृष्टेः ॥३३॥**

**અનુવાદઃ**—મિથ્યાદૃષ્ટિ પશુને પણ મુનિરાજને દાન આપવામાં જે કેવળ રુચિ હોય છે તેનાથી જ તે, તે ઉત્તમ ભોગભૂમિમાં જન્મ લે છે કે જ્યાં કલ્પવૃક્ષ સદા તેને સર્વ પ્રકારના ઇચ્છિત પદાર્થો આપે છે. તો પછી જો સમ્યગ્દૃષ્ટિ તે પાત્રદાનમાં રુચિ રાખે તો તેને શું પ્રાપ્ત ન થાય? અર્થાત્ તેને તો નિશ્ચિતપણેજ વાંછિત ફળ પ્રાપ્ત થાય છે.

( वसंततिलका )

**दानाय यस्य न समुत्सहते मनीषा**
**तद्योग्य संपदि गृहाभिमुखे च पात्रे ।**
**प्राप्तं खनावतिमहार्घ्यतरं विलाय**
**रत्नं करोति विमतिस्तलभूमिभेदम् ॥३४॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—દાન યોગ્ય સંપત્તિ હોવા છતાં અને પાત્ર પણ પોતાના ઘર સમીપે આવવા છતાં જે મનુષ્યની બુદ્ધિ દાન માટે ઉત્સાહિત થતી નથી તે દુર્બુદ્ધિ ખાણમાંથી પ્રાપ્ત થયેલ અતિશય મૂલ્યવાન રત્ન છોડી દઇને પૃથ્વીનું તળિયું વ્યર્થ ખોદે છે. ૩૪.

( वसंततिलका )

**नष्टा मणीरिव चिराज्जलधौ भवे ऽस्मि-**
**न्नासाद्य चारुनरतार्थजिनेश्वराज्ञाः ।**
**दानं न यस्य स जडः प्रविशेत् समुद्रं**
**सच्छिद्रनावमधिरुह्य गृहीतरत्नः ॥३५॥**

**અનુવાદઃ**—ઘણા લાંબા સમયથી સમુદ્રમાં નષ્ટ થયેલ મણિ સમાન આ ભવમાં ઉત્તમ મનુષ્ય પર્યાય, ધન અને જિનવાણી પામીને જે દાન કરતો નથી તે મૂર્ખ રત્નો લઈને છિદ્રવાળી નૌકામાં બેસીને સમુદ્રમાં પ્રવેશ કરે છે.

**વિશેષાર્થ**:—જેવી રીતે સમુદ્રમાં પડેલ મણિનું ફરીથી પ્રાપ્ત થવું અતિશય કઠણ છે તેવી જ રીતે મનુષ્ય પર્યાય આદિનું પણ ફરીથી પ્રાપ્ત થવું અતિશય કઠણ છે તે જો ભાગ્યવશે કોઇને પ્રાપ્ત થઈ જાય અને છતાં પણ જો તે દાનાદિ શુભ કાર્યોમાં પ્રવૃત્ત થતો નથી તો સમજવું જોઇએ કે જેવી રીતે કોઈ મનુષ્ય ખૂબ મૂલ્યવાન રત્નો સાથે લઇને છિદ્ર વાળી નાવમાં બેસે છે અને તેથી તે તે રત્નો સાથે પોતે પણ સમુદ્રમાં ડૂબી જાય છે, આવી જ અવસ્થા ઉક્ત મનુષ્યની પણ થાય છે. કારણ કે ભવિષ્યમાં સુખી થવાનું સાધન જે દાનાદિ કાર્યોથી ઉત્પન્ન થનારૂં પુણ્ય હતું તેને તેણે મનુષ્ય પર્યાયની સાથે તેને યોગ્ય સંપત્તિ મેળવીને પણ કર્યું જ નહિ. ૩૫.

( वसंततिलका )

**यस्यास्ति नो धनवतः किल पात्रदान-**
**मस्मिन् परत्र च भवे यशसे सुखाय ।**
**अन्येन केनचिदनूनसुपुण्यभाजा**
**क्षिप्तः स सेवकनरो धनरक्षणाय ॥३६॥**

**અનુવાઃ**—જે પાત્રદાન આ ભવમાં યશનું કારણ તથા પરભવમાં સુખનું કારણ છે તેને જે ધનવાન મનુષ્ય કરતો નથી તે મનુષ્ય જાણે કોઈ બીજા અતિશય પુણ્યશાળી મનુષ્ય દ્વારા ધનના રક્ષણ માટે સેવકના રૂપમાં જ રાખવામાં આવ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—જો ભાગ્યવશ ધન-સંપત્તિની પ્રાપ્તિ થઇ તો તેનો સદુપયોગ પોતાની યોગ્ય આવશ્યકતાની પૂર્તિ કરતા થકા પાત્રદાનમાં કરવો જોઇએ. પરંતુ જે મનુષ્ય પ્રાપ્ત સંપત્તિનો ન તો સ્વયં ઉપભોગ કરે છે અને ન પાત્રદાન પણ કરે છે તે મનુષ્ય અન્ય ધનવાન મનુષ્ય દ્વારા પોતાના ધનની રક્ષા માટે રાખવામાં આવેલ નોકર સમાન જ છે. કારણ કે જેવી રીતે ધનની રક્ષા માટે રાખવામાં આવેલ દાસ (મુનીમ આદિ) સ્વયં તે ધનનો ઉપયોગ કરી શકતો નથી પણ કેવળ તેનું રક્ષણ જ કરે છે. બરાબર એ જ રીતે તે ધનવાન મનુષ્ય પણ જ્યારે તે ધન પોતાના ઉપભોગમાં ખરચતો નથી અને પાત્રદાનાદિ પણ કરતો નથી ત્યારે ભલા તે નોકરની અપેક્ષાએ આનામાં શું વિશેષતા રહે છે? કાંઈ પણ નહિ. ૩૬.

( वसंततिलका )

**चैत्यालये च जिनसूरिबुधार्चने च**
**दाने च संयतजनस्य सुदुःखिते च ।**
**यच्चात्मनि स्वमुपयोगि तदेव नून-**
**मात्मीयमन्यदिह कस्यचिदन्यपुंसः ॥३७॥**

**અનુવાદ:**—લોકમાં જે ધન જિનાલયનું નિર્માણ કરાવવામાં, જિનદેવ, આચાર્ય અને પંડિત અર્થાત્ ઉપાધ્યાયની પૂજામાં, સંયમી જનોને દાન આપવામાં, અતિશય દુઃખી પ્રાણીઓને પણ દયાપૂર્વક દાન આપવામાં તથા પોતાના ઉપભોગમાં પણ કામ આવે છે. તેને જ નિશ્ચયથી પોતાનું ધન સમજવું જોઇએ. તેનાથી વિપરીત જે ધન આ ઉપર્યુક્ત કામોમાં ખરચવામાં આવતું નથી તેને કોઈ બીજા જ મનુષ્યનું ધન સમજવું જોઇએ. ૩૭.

( वसंततिलका )

**पुण्यक्षयात्क्षयमुपैति न दीयमाना**
**लक्ष्मीरतः कुरुत संततपात्रदानम् ।**
**कूपे न पश्यत जलं गृहिणः समन्ता-**
**दाकृष्यमाणमपि वर्धत एव नित्यम् ॥३८॥**

**અનુવાદ:**—સંપત્તિ પુણ્યનો ક્ષય થવાથી ક્ષય પામે છે, નહિં કે દાન કરવાથી. માટે હે શ્રાવકો! તમે નિરંતર પાત્રદાન કરો. શું તમે એ નથી જોતા કે કૂવામાંથી ચારે તરફથી કાઢવામાં આવતું હોવા છતાં પણ પાણી હંમેશાં વધતું જ રહે છે. ૩૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( वसंततिलका )

सर्वान् गुणानिह परत्र च हन्ति लोभः
सर्वस्य पूज्यजनपूजनहानिहेतुः ।
अन्यत्र तत्र विहिते ऽपि हि दोषमात्र-
मेकत्र जन्मनि परं प्रथयन्ति लोकाः ॥३९॥

**અનુવાદઃ**—પૂજ્ય પુરુષોની પૂજામાં બાધા પહોંચાડનાર લોભ આ લોકમાં અને પરલોકમાં પણ બધાના બધા ગુણો નષ્ટ કરી દે છે. તે લોભ જો ગૃહસંબંધી કોઈ વિવાહાદિ કાર્યોમાં કરવામાં આવે તો લોકો કેવળ એક જન્મમાં જ તેના દોષમાત્રને પ્રસિદ્ધ કરે છે.

**વિશેષાર્થઃ**—જો કોઈ મનુષ્ય જિનપૂજન અને પાત્રદાનાદિના વિષયમાં લોભ કરે છે તો એનાથી તેને આ જન્મમાં કીર્તિ આદિનો લાભ થતો નથી અને અન્ય ભવમાં પૂજન–દાનાદિથી ઉત્પન્ન થનાર પુણ્ય રહિત હોવાના કારણે સુખ પણ પ્રાપ્ત થતું નથી. આ રીતે જે વ્યક્તિ ધાર્મિક–કાર્યોમાં લોભ કરે છે તે બન્નેય લોકમાં પોતાનું અહિત કરે છે. એનાથી વિપરીત જે મનુષ્ય કેવળ વિવાહાદિરૂપ ગૃહસ્થના કાર્યોમાં લોભ કરે છે તેવો માણસ કૃપણ આદિ શબ્દો દ્વારા ફક્ત આ જન્મમાં જ તિરસ્કાર કરી શકે છે પરંતુ પરલોક તેનો સુખમય જ વીતે છે. તેથી જ ગૃહસ્થના કાર્યોમાં કરવામાં આવતો લોભ એટલો નિન્દ્ય નથી જેટલો ધાર્મિક કાર્યોમાં કરવામાં આવતો લોભ નિંદનીય છે. ૩૯.

( वसंततिलका )

जातो ऽप्यजात इव स श्रियमाश्रितो ऽपि
रङ्कः कलङ्करहितो ऽप्यगृहीतनामा ।
कम्बोरिवाश्रितमृतेरपि यस्य पुंसः
शब्दः समुच्चलति नो जगति प्रकामम् ॥४०॥

**અનુવાદઃ**—મૃત્યુ પામતાં શંખ સમાન જે પુરુષનું નામ સંસારમાં અતિશય પ્રચલિત થતું નથી તે મનુષ્ય જન્મ લઈને પણ નહિ જન્મ્યા બરાબર થાય છે અર્થાત્ તેનો મનુષ્ય જન્મ લેવો જ વ્યર્થ થાય છે. કારણ કે તે લક્ષ્મી પ્રાપ્ત કરીને પણ દરિદ્રી જેવો રહે છે તથા દોષોથી રહિત હોવા છતાં પણ યશસ્વી થઈ શકતો નથી. ૪૦.

( वसंततिलका )

श्वापि क्षितेरपि विभुर्जठरं स्वकीयं
कर्मोपनीतविधिना विदधाति पूर्णम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



किंतु प्रशस्यनृभवार्थविवेकीताना-
मेतत्फलं यदिह संततपात्रदानम् ॥४१॥

**અનુવાદઃ**—પોતના કર્મ પ્રમાણે કુતરો પણ પોતાનું પેટ ભરે છે અને રાજા પણ પોતાનું પેટ ભરે છે. પણ પ્રશંસનીય મનુષ્યભવ, ધન અને વિવેકબુદ્ધિ પ્રાપ્ત કરવાનું અહીં એ જ પ્રયોજન છે કે નિરંતર પાત્રદાન આપવામાં આવે. ૪૧.

( वसंततिलका )

आयासकोटिभिरुपार्जितमङ्गजेभ्यो
यज्जीवितादपि निजाद्दयितं जनानाम् ।
वित्तस्य तस्य नियतं प्रविहाय दान-
मन्या विपत्तय इति प्रवदन्ति सन्तः ॥४२॥

**અનુવાદઃ**—કરોડો પરિશ્રમો દ્વારા કમાયેલું જે ધન પુત્રો અને પોતાના જીવનથી પણ લોકોને અધિક પ્રિય હોય છે નિશ્ચયથી તે ધન માટે દાન સિવાયની બીજી બધી વિપત્તિઓ જ છે એમ સાધુપુરુષો કહે છે.

**વિશેષાર્થઃ**—મનુષ્ય ધન ઘણા કઠોર પરિશ્રમદ્વારા પ્રાપ્ત કરે છે. તેથી તે તેમને પોતાના પ્રાણોથી પણ અધિક પ્રિય જણાય છે. જો તેઓ તેનો સદુપયોગ પાત્રદાનાદિમાં કરે તો તે તેમને ફરીથી પણ પ્રાપ્ત થઈ જાય છે. પણ એનાથી ઉલ્ટું જો તેનો દુરુપયોગ ખોટા વ્યસનાદિમાં કરવામાં આવે અથવા દાન અને ભોગરહિત કેવળ તેનો સંચય જ કરવામાં આવે તો તે મનુષ્યોને વિપત્તિજનક જ થાય છે. એનું કારણ એ છે કે સુખનું કારણ જે પુણ્ય છે તેનો સંચય તેમણે પાત્રદાનાદિરૂપ સત્કાર્યો દ્વારા કદી કર્યો જ નથી. ૪૨.

( वसंततिलका )

नार्थः पदात्पदमपि व्रजति त्वदीयो
व्यावर्तते पितृवनान्ननु बन्धुवर्गः ।
दीर्घे पथि प्रवसतो भवतः सखैकं
पुण्यं भविष्यति ततः क्रियतां तदेव ॥४३॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—તમારું ધન પોતાના સ્થાનથી એક ડગલું પણ (તમારી સાથે) જતું નથી, એ જ રીતે તમારા સગાસંબંધી સ્મશાન સુધી તમારી સાથે જઇને ત્યાંથી પાછા આવી જાય છે. લાંબા માર્ગે પ્રવાસ કરતાં તમારા માટે એક પુણ્ય જ મિત્ર છે. તેથી હે ભવ્ય જીવો! તમે તે જ પુણ્યનું ઉપાર્જન કરો. ૪૩.

(वसंततिलका)

**सौभाग्यशौर्यसुखरूपविवेकिताद्या**
**विद्यावपुर्धनगृहाणि कुले च जन्म ।**
**संपद्यते ऽखिलमिदं किल पात्रदानात्**
**तस्मात् किमत्र सततं क्रियते न यत्नः ॥४४॥**

**અનુવાદઃ**—સૌભાગ્ય, શૂરવીરપણું, સુખ, સુંદરતા, વિવેકબુદ્ધિ આદિ વિદ્યા, શરીર, ધન અને મહેલ તથા ઉત્તમકુળમાં જન્મ થવો, આ બધું નિશ્ચયથી પાત્રદાન દ્વારા જ પ્રાપ્ત થાય છે. તો પછી હે ભવ્ય જન! તમે તે પાત્રદાનની બાબતમાં નિરંતર પ્રયત્ન કેમ નથી કરતા? ૪૪.

(वसंततिलका)

**न्यासश्च सद्म च करग्रहणं च सूनो-**
**रर्थेन तावदिह कारयितव्यमास्ते ।**
**धर्माय दानमधिकाग्रतया करिष्ये**
**संचिन्तयन्नपि गृही मृतिमेति मूढः ॥४५॥**

**અનુવાદઃ**—પહેલાં તો અહીં ધનમાંથી કાંઈક થાપણ મુકવી છે (જમીનમાં દાટવા વગેરે), મકાન બનાવવું છે અને પુત્રના લગ્ન કરવા છે, ત્યાર પછી જો વધારે ધન થશે તો ધર્મના નિમિત્તે દાન કરીશ. આમ વિચાર કરતા કરતા જ તે મૂર્ખ ગૃહસ્થ મરણ પામી જાય છે. ૪૫.

(वसंततिलका)

**किं जीवितेन कृपणस्य नरस्य लोके**
**निर्भोगदानधनबन्धनबद्धमूर्तेः ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तस्माद्वरं बलिभुगुन्नतभूरिवाग्मि-**
**व्याहूतकाककुल एव बलिं स भुङ्क्ते ॥४६॥**

**અનુવાદઃ**—લોકમાં જે કંજૂસ મનુષ્યનું શરીર ભોગ અને દાન રહિત એવા ધનરૂપી બંધનથી બંધાયેલું છે તેના જીવનનું શું પ્રયોજન છે? અર્થાત્ તેના જીવવાથી કાંઈ પણ લાભ નથી. તેની અપેક્ષાએ તો તે કાગડો જ સારો છે જે ઊંચા અનેક વચનો (કા, કા) દ્વારા બીજા કાગડાઓને બોલાવીને જ બલિ (શ્રાદ્ધમાં અપાયેલું દ્રવ્ય) ખાય છે. ૪૬.

( वसंततिलका )

**औदार्ययुक्तजनहस्तपरम्पराप्त-**
**व्यावर्तनप्रसृतखेदभरातिखिन्नाः ।**
**अर्था गताः कृपणगेहमनन्तसौख्य-**
**पूर्णा इवानिशमबाधमतिस्वपन्ति ॥४७॥**

**અનુવાદઃ**—દાની પુરુષોના હાથોદ્વારા પરંપરાથી પ્રાપ્ત થયેલ જવા-આવવાના વિપુલ ખેદના ભારથી જાણે અત્યંત વ્યાકુળ થઈને જ તે ધન કંજૂસ મનુષ્યના ઘરને પ્રાપ્ત કરીને અનંત-સુખથી પરિપૂર્ણ થયું થકું નિરંતર નિર્બાધપણે સુવે છે.

**વિશેષાર્થઃ**—દાની પુરુષ પ્રાપ્ત ધનનો ઉપયોગ પાત્રદાનમાં કર્યા કરે છે. તેથી પાત્રદાનજનિત પુણ્યના નિમિત્તે તે તેમને વારંવાર મળ્યા કરે છે. એનાથી ઉલ્ટું કંજૂસ મનુષ્ય પૂર્વના પુણ્યથી પ્રાપ્ત થયેલ તે ધનનો ઉપયોગ ન તો પાત્રદાનમાં કરે છે અને ન પોતાના ઉપયોગમાં ય. તે કેવળ તેનું સંરક્ષણ જ કરે છે. આ બાબતમાં ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે કે તે ધન એમ વિચારીને જ જાણે કે 'મને દાની પુરુષોને ત્યાં વારંવાર જવા-આવવાનું અસીમ કષ્ટ સહન કરવું પડે છે' કંજૂસ મનુષ્યના ઘરમાં આવી ગયું છે. અહીં આવીને તે વારંવાર થતા ગમનાગમનના કષ્ટથી બચીને નિશ્ચિન્ત રીતે સુવે છે. ૪૭.

( वसंततिलका )

**उत्कृष्टपात्रमनगारमणुव्रताढ्यं**
**मध्यं व्रतेन रहितं सुदृशं जघन्यम् ।**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निर्दर्शनं व्रतनिकाययुतं कुपात्रं
युग्मोज्झितं नरमपात्रमिदं च विद्धि ॥४८॥

**અનુવાદ:**—ગૃહ રહિત મુનિને ઉત્તમ પાત્ર, અણુવ્રતોથી યુક્ત શ્રાવકને મધ્યમ પાત્ર, અવિરત સમ્યગ્દ્રષ્ટિને જઘન્ય પાત્ર, સમ્યગ્દર્શન રહિત હોવા છતાં વ્રતોનું પાલન કરનાર મનુષ્યોને કુપાત્ર અને બન્ને ( સમ્યગ્દર્શન તથા વ્રત ) થી રહિત મનુષ્યને અપાત્ર સમજો. ૪૮.

( वसंततिलका )

तेभ्यः प्रदत्तमिह दानफलं जनाना-
मेतद्विशेषणविशिष्टमदुष्टभावात् ।
अन्यादृशे ऽथ हृदये तदपि स्वभावा-
दुच्चावचं भवति किं बहुभिर्वचोभिः ॥४९॥

**અનુવાદ:**—તે ઉપર્યુક્ત પાત્રોને આપવામાં આવેલ દાનનું ફળ મનુષ્યોને આ જ ( ઉત્તમ, મધ્યમ, જઘન્ય, કુત્સિત અને અપાત્ર ) વિશેષણોથી વિશિષ્ટ પ્રકારનું પ્રાપ્ત થાય છે ( જુઓ પાછળના શ્લોક ૨૦૪ નો વિશેષાર્થ ). અથવા ઘણું કહેવાથી શું ? અન્ય પ્રકારના અર્થાત્ દૂષિત હૃદયમાં પણ તે દાનનું ફળ સ્વભાવથી અનેક પ્રકારનું પ્રાપ્ત થાય છે. ૪૯.

( वसंततिलका )

चत्वारि यान्यभयभेषजभुक्तिशास्त्र-
दानानि तानि कथितानि महाफलानि ।
नान्यानि गोकनकभूमिरथाङ्गनादि-
दानानि निश्चितमवद्यकराणि यस्मात् ॥५०॥

**અનુવાદ:**—અભયદાન, ઔષધદાન, આહારદાન અને શાસ્ત્રદાન ( જ્ઞાનદાન ) આ જે ચાર દાન કહેવામાં આવ્યા છે તે મહાન ફળ આપનારા છે. એનાથી ભિન્ન ગાય, સોનું, પૃથ્વી, રથ અને સ્ત્રી આદિનાં દાન મહાન ફળ આપનાર નથી; કેમ કે તે નિશ્ચયથી પાપ ઉત્પાદક છે. ૫૦.

( वसंततिलका )

यद्दीयते जिनगृहाय धरादि किंचित्
तत्तत्र संस्कृतिनिमित्तमिह प्ररूढम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आस्ते ततस्तदतिदीर्घतरं हि कालं
जैनं च शासनमतः कृतमस्ति दातुः ॥५१॥

**અનુવાદઃ**—જિનાલયના નિમિત્તે જે કાંઈ પૃથ્વી આદિનું દાન કરવામાં આવે છે તે અહીં ધાર્મિક સંસ્કૃતિનું કારણ હોઈને અંકુરિત થતું થકું અતિશય દીર્ઘ કાળ સુધી રહે છે. તેથી તે દાતા દ્વારા જૈન શાસન જ કરવામાં આવ્યું છે. ૫૧.

( वसंततिलका )

दानप्रकाशनमशोभनकर्मकार्य-
कार्पण्यपूर्णहृदयाय न रोचते ऽदः ।
दोषोज्झितं सकललोकसुखप्रदायि
तेजो रवेरिव सदा हतकौशिकाय ॥५२॥

**અનુવાદઃ**—જે નિર્દોષ દાનનો પ્રકાશ સમસ્ત જનોને સુખ આપે છે તે પાપકર્મની કાર્યભૂત કૃપણતા (કંજૂસાઈ)થી પરિપૂર્ણ હૃદયવાળા પ્રાણી (કંજૂસ મનુષ્ય)ને કદી રુચતો નથી. જેમ દોષા અર્થાત્ રાત્રિના સંસર્ગ રહિત હોવાને લીધે સમસ્ત પ્રાણીઓને સુખ આપનાર સૂર્યનું તેજ નિન્દનીય ઘુવડને રુચિકર લાગતું નથી. ૫૨.

( वसंततिलका )

दानोपदेशनमिदं कुरुते प्रमोद-
मासन्नभव्यपुरुषस्य न चेतरस्य ।
जातिः समुल्लसति दारु न भृङ्गसंगा-
दिन्दीवरं हसति चन्द्रकरैर्न चाश्मा ॥५३॥

**અનુવાદઃ**—આ દાનનો ઉપદેશ આસન્નભવ્ય પુરુષોને આનંદ આપનાર છે, નહિ કે અન્ય (દૂરભવ્ય અને અભવ્ય) પુરુષોને. બરાબર છે–ભમરાઓના સંસર્ગથી માલતી પુષ્પ શોભા પામે છે, પરંતુ તેમના સંસર્ગથી લાકડું શોભા પામતું નથી. તેવી જ રીતે ચન્દ્રકિરણો દ્વારા શ્વેત કમળ પ્રફુલ્લિત થાય છે, પરંતુ પથ્થર પ્રફુલ્લિત થતું નથી. ૫૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( वसंततिलका )

रत्नत्रयाभरणवीरमुनीन्द्रपाद-
पद्मद्वयस्मरणसंजनितप्रभावः ।
श्रीपद्मनन्दिमुनिराश्रितयुग्मदान-
पञ्चाशतं ललितवर्णचयं चकार ॥५४॥

**અનુવાદ:**—રત્નત્રયરૂપ આભરણથી વિભૂષિત શ્રી વીરનન્દી મુનિરાજના ઉભય ચરણ-કમળના સ્મરણથી ઉત્પન્ન થયેલ પ્રભાવને ધારણ કરનાર શ્રી પદ્મનન્દી મુનિએ લલિત વર્ણોના સમૂહથી સંયુક્ત આ બે અધિક દાનપંચાશત્ અર્થાત્ બાવન પદ્યોવાળા દાનપ્રકરણની રચના કરી છે. ૫૪.

આ રીતે દાનપંચાશત્ પ્રકરણ સમાપ્ત થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૩. અનિત્ય પંચાશત્

## [ ३. अनित्यपञ्चाशत् ]

( आर्या )

जयति जिनो धृतिधनुषामिषुमाला भवति योगियोधानाम् ।
यद्वाक्करुणामय्यपि मोहरिपुप्रहतये तीक्ष्णा ॥१॥

**અનુવાદઃ**—જે જિન ભગવાનની વાણી ધૈર્યરૂપી ધનુષ ધારણ કરનાર યોગીજનો રૂપી યોદ્ધાઓને બાણપંક્તિ સમાન હોય છે તથા જેની તે વાણી દયામય હોવા છતાં પણ મોહ રૂપી શત્રુનો ઘાત કરવા માટે તીક્ષ્ણ તલવારનું કામ કરે છે તે જિન ભગવાન જયવંત હો. ૧.

( शार्दूलविक्रीड़ित )

यद्येकत्र दिने विमुक्तिरथ वा निंद्रा न रात्रौ भवेत्
विद्रात्यम्बुजपत्रवद्दहनतो ऽभ्यासस्थिताद्यद्ध्रुवम् ।
अस्त्रव्याधिजलादितो ऽपि सहसा यच्च क्षयं गच्छति
भ्रातः कात्र शरीरके स्थितिमतिर्नाशेऽस्य को विस्मयः ॥२॥

**અનુવાદઃ**—જો કોઈ વાર એક દિવસ ભોજન પ્રાપ્ત થતું નથી કે રાત્ર ઊંઘ આવતી નથી તો જે શરીર નિશ્ચયથી નિકટવર્તી અગ્નિથી સંતપ્ત થયેલા કમળના પાંદડાની જેમ મ્લાનતા પામે છે તથા જે અસ્ત્ર, રોગ અને જળ આદિ દ્વારા અકસ્માત્ નાશ પામે છે; હે ભાઈ! તે શરીરના વિષયમાં સ્થિરતાની બુદ્ધિ કયાંથી થઈ શકે? અને તેનો નાશ થઈ જાય તેમાં આશ્ચર્ય જ શું છે? અર્થાત્ તેને ન તો સ્થિર સમજવું જોઈએ અને ને તે નષ્ટ થતાં કાંઈ આશ્ચર્ય પણ થવું જોઈએ. ૨.

( शार्दूलविक्रीड़ित )

दुर्गन्धाशुचिधातुभित्तिकलितं संछादितं चर्मणा
विण्मूत्रादिभृतं क्षुधादिविलसद्दुःखाखुभिश्छिद्रितम् ।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्लिष्टं कायकुटीरकं स्वयमपि प्राप्तं जरावह्निना
चेदेतत्तदपि स्थिरं शुचितरं मूढो जनो मन्यते ॥३॥

**અનુવાદઃ**—જે શરીરરૂપી ઝૂંપડી દુર્ગન્ધયુક્ત અપવિત્ર ધાતુઓ રૂપી દિવાલો સહિત છે, ચામડાથી ઢાંકેલી છે, વિષ્ટા અને મૂત્ર આદિથી પરિપૂર્ણ છે, તથા ભૂખ-તરસ આદિના દુઃખોરૂપ ઉંદરડાઓ દ્વારા કરવામાં આવેલા છિદ્રોથી સંયુક્ત છે, તે કલેશ યુક્ત શરીરરૂપી ઝૂંપડી જ્યારે પોતે જ ઘડપણરૂપી અગ્નિથી ઘેરાઈ જાય છે ત્યારે પણ આ મૂર્ખ પ્રાણી તેને સ્થિર અને અતિશય પવિત્ર માને છે. ૩.

( शार्दूलविक्रीड़ित )

अम्भोबुद्बुदसंनिभा तनुरियं श्रीरिन्द्रजालोपमा
दुर्वाताहतवारिवाहसदृशाः कान्तार्थपुत्रादयः ।
सौख्यं वैषयिकं सदैव तरलं मत्ताङ्गनापाङ्गवत्
तस्मादेतदुपप्लवाप्तिविषये शोकेन किं किं मुदा ॥४॥

**અનુવાદઃ**—આ શરીર પાણીના પરપોટા સમાન ક્ષણમાં નાશ પામનાર છે, લક્ષ્મી ઇન્દ્રજાળ સમાન વિનશ્વર છે; સ્ત્રી, ધન અને પુત્ર આદિ દુષ્ટ વાયુથી તાડિત વાદળાઓ સમાન જોત જોતામાં જ વિલીન થઈ જાય છે; તથા ઇન્દ્રિયવિષયજન્ય સુખ સદાય કામોન્મત્ત સ્ત્રીના કટાક્ષો સમાન ચંચળ છે. આ કારણે આ બધાના નાશમાં શોકથી અને તેમની પ્રાપ્તિના વિષયમાં હર્ષથી શું પ્રયોજન છે? કાંઈ પણ નહિ. અભિપ્રાય એ છે કે જો શરીર, ધન-સંપત્તિ, સ્ત્રી અને પુત્ર આદિ સમસ્ત ચેતન-અચેતન પદાર્થ સ્વભાવથી જ અસ્થિર છે તો વિવેકી મનુષ્યોએ તેમના સંયોગમાં હર્ષ અને વિયોગમાં શોક ન કરવો જોઈએ. ૪.

( वसंततिलका )

दुःखे वा समुपस्थितेऽथ मरणे शोको न कार्यो बुधैः
संबन्धो यदि विग्रहेण यदयं संभूतिधात्र्येतयोः ।
तस्मात्तत्परिचिन्तनीयमनिशं संसारदुःखप्रदो
येनास्य प्रभवः पुरः पुनरपि प्रायो न संभाव्यते ॥५॥

**અનુવાદઃ**—જો શરીર સાથે સંબંધ હોય તો દુઃખ અથવા મરણ ઉપસ્થિત થતાં વિદ્વાન પુરુષોએ શોક ન કરવો જોઈએ. કારણ એ કે તે શરીર આ બન્ને ( દુઃખ અને મરણ )ની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જન્મભૂમિ છે અર્થાત્ આ બન્નેનો શરીર સાથે અવિનાભાવ છે. માટે જ નિરંતર તે આત્મસ્વરૂપનો વિચાર કરવો જોઈએ જેના દ્વારા આગળ પ્રાયઃ (ઘણું કરીને) સંસારના દુઃખ આપનાર આ શરીરની ઉત્પત્તિની ફરીથી સંભાવના જ ન રહે. ૫.

(शार्दूलविक्रीड़ित)

दुर्वारार्जितकर्मकारणवशादिष्टे प्रणष्टे नरे
यच्छोकं कुरुते तदत्र नितरामुन्मत्तलीलायितम् ।
यस्मात्तत्र कृते न सिध्यति किमप्येतत्परं जायते
नश्यन्त्येव नरस्य मूढमनसो धर्मार्थकामादयः ॥६॥

**અનુવાદઃ**—પૂર્વોપાર્જિત દુર્નિવાર કર્મના ઉદયવશે કોઈ ઈષ્ટ મનુષ્યનું મરણ થતાં જે અહીં શોક કરવામાં આવે છે તે અતિશય પાગલ મનુષ્યની ચેષ્ટા સમાન છે. કારણ કે તે શોક કરવાથી કાંઈ પણ સિદ્ધ થતું નથી પરંતુ તેનાથી કેવળ એ થાય છે કે તે મૂઢ બુદ્ધિવાળા મનુષ્યના ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થ આદિ જ નષ્ટ થાય છે. ૬.

(उपेन्द्रवज्रा)

उदेति पाताय रविर्यथा तथा
शरीरमेतन्ननु सर्वदेहिनाम् ।
स्वकालमासाद्य निजेऽपि संस्थिते
करोति कः शोकमतः प्रबुद्धधीः ॥७॥

**અનુવાદઃ**—જેમ સૂર્યનો ઉદય અસ્ત થવા માટે થાય છે તેવી જ રીતે નિશ્ચયથી સમસ્ત પ્રાણીઓનું આ શરીર પણ નષ્ટ થવાને માટે ઉત્પન્ન થાય છે. તો પછી કાળ પામીને પોતાના કોઈ બંધુ વગેરેનું મરણ થતાં કયો બુદ્ધિમાન મનુષ્ય તેને માટે શોક કરે? અર્થાત્ તેને માટે કોઈ પણ બુદ્ધિમાન શોક કરતો નથી.

**વિશેષાર્થઃ**—જેવી રીતે સૂર્યનો ઉદય અસ્તનો અવિનાભાવી છે તેવી જ રીતે શરીરની ઉત્પત્તિ પણ વિનાશની અવિનાભાવી છે. આવી સ્થિતિમાં તે વિનશ્વર શરીરનો નાશ થતાં તેના વિષયમાં શોક કરવો વિવેકહીનતાનું દ્યોતક છે. ૭

(वसंततिलका)

भवन्ति वृक्षेषु पतन्ति नूनं, पत्राणि पुष्पाणि फलानि यद्वत् ।
कुलेषु तद्वत्पुरुषाः किमत्र, हर्षेण शोकेन च सन्मतीनाम् ॥८॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જેવી રીતે વૃક્ષોમાં પત્ર, પુષ્પ અને ફળ ઉત્પન્ન થાય છે અને તેઓ સમયાનુસાર નિશ્ચયથી પડે પણ છે, તેવી જ રીતે કુળો (કુટુંબ)માં જે પુરુષ ઉત્પન્ન થાય છે તેઓ મરે પણ છે. તો પછી બુદ્ધિમાન મનુષ્યોને તે ઉત્પન્ન થતાં હર્ષ અને મરતાં શોક શા માટે થવો જોઇએ? ન થવો જોઇએ. ૮.

( शार्दूलविक्रीड़ित )

**दुर्लङ्घयाद्भवितव्यताव्यतिकरान्नष्टे प्रिये मानुषे**
**यच्छोकः क्रियते तदत्र तमसि प्रारभ्यते नर्तनम् ।**
**सर्वं नश्वरमेव वस्तु भुवने मत्वा महत्या धिया**
**निर्धूताखिलदुःखसंततिरहो धर्मः सदा सेव्यताम् ॥९॥**

**અનુવાદ:**—દુર્નિવાર દૈવના પ્રભાવથી કોઈ પ્રિય મનુષ્યનું મરણ થઈ જાય તો અહીં શોક કરવામાં આવે છે તે અંધારામાં નૃત્ય શરૂ કરવા બરાબર છે. સંસારમાં બધી વસ્તુઓ નાશ પામે છે, એમ ઉત્તમ બુદ્ધિદ્વારા જાણીને સમસ્ત દુઃખોની પરંપરાનો નાશ કરનાર ધર્મનું સદા આરાધન કરો.

**વિશેષાર્થ:**—જેમ અંધારામાં નૃત્યનો આરંભ કરવો નિષ્ફળ છે તેવી રીતે કોઈ પ્રિયજનનો વિયોગ થતાં તેના માટે શોક કરવો પણ નિષ્ફળ જ છે. કારણ કે સંસારના બધા જ પદાર્થ સ્વભાવથી નાશ પામે છે, એમ વિવેકબુદ્ધિથી નિશ્ચિત છે. તેથી જે ધર્મ સમસ્ત દુઃખોનો નાશ કરીને અનંત સુખ (મોક્ષ)ને પ્રાપ્ત કરાવે છે તેનું જ આરાધન કરવું જોઇએ. ૯.

( शार्दूलविक्रीड़ित )

**पूर्वोपार्जितकर्मणा विलिखितं यस्यावसानं यदा**
**तज्जायेत तदैव तस्य भविनो ज्ञात्वा तदेतद्ध्रुवम् ।**
**शोकं मुञ्च मृते प्रियेऽपि सुखदं धर्मं कुरुष्वादरात्**
**सर्पे दूरमुपागते किमिति भोस्तद्धृष्टिराहन्यते ॥१०॥**

**અનુવાદ:**—પૂર્વે કમાયેલ કર્મદ્વારા જે પ્રાણીનો અંત જે સમયે લખવામાં આવ્યો છે તેનો તે જ સમયે અંત થાય છે એમ નિશ્ચિત જાણીને કોઈ પ્રિય મનુષ્યનું મરણ થવા છતાં પણ શોક છોડો અને વિનયપૂર્વક સુખદાયક ધર્મનું આરાધન કરો. ઠીક છે—જ્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાપ દૂર ચાલ્યો જાય છે ત્યારે તેના લીસોટાને કયો બુદ્ધિમાન પુરુષ લાઠી આદિ દ્વારા પીટે છે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન તેમ કરતો નથી. ૧૦.

( शार्दूलविक्रीड़ित )

ये मूर्खा भुवि ते ऽपि दुःखहतये व्यापारमातन्वते
सा माभूदथवा स्वकर्मवशतस्तस्मान्न ते तादृशाः ।
मूर्खान् मूर्खशिरोमणीन् ननु वयं तानेव मन्यामहे
ये कुर्वन्ति शुचं मृते सति निजे पापाय दुःखाय च ॥११॥

**અનુવાદઃ**—આ પૃથ્વી ઉપર જે મૂર્ખ મનુષ્યો છે તેઓ પણ દુઃખનો નાશ કરવા માટે પ્રયત્ન કરે છે. છતાં પણ જો પોતાના કર્મના પ્રભાવથી તે દુઃખનો વિનાશ ન થાય તોપણ તેઓ એટલા મૂર્ખ નથી. અમે તો તે જ મૂર્ખોને મૂર્ખોમાં શ્રેષ્ઠ અર્થાત્ અતિશય મૂર્ખ માનીએ છીએ જે કોઈ ઇષ્ટ મનુષ્યનું મરણ થતાં પાપ અને દુઃખના નિમિત્તભૂત શોકને કરે છે.

**વિશેષાર્થઃ**—લોકમાં જે પ્રાણીને મૂર્ખ સમજવામાં આવે છે તેઓ પણ દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરે છે. જો કદાચ દૈવવશે તેમને પોતાના આ પ્રયત્નમાં સફળતા ન મળે તોપણ તેમને એટલા બધા જડ ( મૂર્ખ ) ગણવામાં આવતા નથી. પરંતુ જે મનુષ્ય કોઈ ઇષ્ટ જનનો વિયોગ થતાં શોક કરે છે તેમને મૂર્ખ જ નહીં પણ મૂર્ખશિરોમણિ ( અતિશય જડ ) ગણવામાં આવે છે. કારણ એ છે કે મૂર્ખ સમજવામાં આવતા તે પ્રાણીઓ તો આવેલું દુઃખ દૂર કરવા માટે જ કાંઈ ને કાંઈ પ્રયત્ન કરે છે, પરંતુ આ મૂર્ખશિરોમણિ ઇષ્ટવિયોગમાં શોકાકુળ થઈને અને નવીન દુઃખને પણ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે છે. એનું પણ કારણ એ છે કે તે શોકથી "दुःख–शोक–तापाक्रन्दन–वध–परिदेवनान्यात्म–परोभयस्थान्यसद्वेद्यस्य" આ સૂત્ર ( ત. સૂ. ૬–૧૧ ) અનુસાર અશાતાવેદનીય કર્મનો જ બંધ થાય છે, કે જેથી ભવિષ્યમાં પણ તેમને તે દુઃખની પ્રાપ્તિ અનિવાર્ય બની જાય છે. ૧૧.

( शार्दूलविक्रीड़ित )

किं जानासि न किं शृणोषि न न किं प्रत्यक्षमेवेक्षसे
निःशेषं जगदिन्द्रजालसदृशं रम्भेव सारोज्झितम् ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



किं शोकं कुरुषे ऽत्र मानुषपशो लोकान्तरस्थे निजे
तत्किंचित्कुरु येन नित्यपरमानन्दास्पदं गच्छसि ॥१२॥

**અનુવાદ:**—હે અજ્ઞાની મનુષ્ય ! આ સમસ્ત જગત્ ઇન્દ્રજાળ સમાન વિનશ્વર અને કેળના થડ સમાન નિઃસાર છે; આ વાત શું તું નથી જાણતો ? શું શાસ્ત્રમાં સાંભળ્યું નથી ? અને શું પ્રત્યક્ષ નથી દેખતો ? અર્થાત્ તમે એને અવશ્ય જાણો છો, સાંભળો છો અને પ્રત્યક્ષપણે પણ દેખો છો. તો પછી ભલા અહીં પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મરણ થતાં શોક કેમ કરો છો ? અર્થાત્ શોક છોડીને એવો કાંઈક પ્રયત્ન કરો કે જેથી શાશ્વત, ઉત્તમ સુખના સ્થાનભૂત મોક્ષને પામી શકો. ૧૨.

( वसंततिलका )

जातो जनो म्रियत एव दिने च मृत्योः
प्राप्ते पुनस्त्रिभुवने ऽपि न रक्षकोऽस्ति ।
तद्यो मृते सति निजे ऽपि शुचं करोति
पूत्कृत्य रोदिति वने विजने स मूढः ॥ १३ ॥

**અનુવાદ:**—જે મનુષ્ય ઉત્પન્ન થયો છે તે મૃત્યુનો દિવસ આવતાં મરે જ છે, તે વખતે તેની રક્ષા કરનાર ત્રણે લોકમાં કોઈ પણ નથી. તેથી જે પોતાનું ઈષ્ટ જન મૃત્યુ પામે ત્યારે શોક કરે છે તે મૂર્ખ નિર્જન વનમાં બૂમો પાડીને રુદન કરે છે. અભિપ્રાય એ છે કે જેવી રીતે જનશૂન્ય ( મનુષ્ય વિનાના ) વનમાં રુદન કરનારના રોવાથી કાંઈ પણ પ્રયોજન સિદ્ધ થતું નથી તેવી રીતે કોઈ ઇષ્ટ જન મૃત્યુ પામતાં, તેના માટે શોક કરવાવાળાને પણ કાંઈ પ્રયોજન સિદ્ધ થતું નથી, પરંતુ તેથી દુઃખદાયક નવીન કર્મોનો જ બંધ થાય છે. ૧૩.

( वसंततिलका )

इष्टक्षयो यदिह ते यदनिष्टयोगः
पापेन तद्भवति जीव पुराकृतेन ।
शोकं करोषि किमु तस्य कुरु प्रणाशं
पापस्य तौ न भवतः पुरतोऽपि येन ॥ १४ ॥

**અનુવાદ:**—હે જીવ ! અહીં જે તને ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ થાય છે તે તારા પૂર્વકૃત પાપના ઉદયથી થાય છે. તેથી તું શોક શા માટે કરે છે ? તે પાપનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ નાશ કરવાનો પ્રયત્ન કર કે જેથી આગળ પણ તે બન્ને ( ઇષ્ટ વિયોગ અને અનિષ્ટસંયોગ ) ન થઈ શકે. ૧૪.

( शार्दूलविक्रीड़ित )

नष्टे वस्तुनि शोभनेऽपि हि तदा शोकः समारभ्यते
तल्लाभोऽथ यशोऽथ सौख्यमथ वा धर्मोऽथ वा स्याद्यदि ।
यद्येकोऽपि न जायते कथमपि स्फारैः प्रयत्नैरपि
प्रायस्तत्र सुधीर्मुधा भवति कः शोकोग्ररक्षोवशः ॥१५॥

**અનુવાદ**:—મનોહર વસ્તુનો નાશ થતાં જો શોક કરવાથી તેની પ્રાપ્તિ થતી હોય, કીર્તિ મળતી હોય, સુખ થતું હોય અથવા ધર્મ થતો હોય; તો તો શોકનો પ્રારંભ કરવો બરાબર છે. પરંતુ જો અનેક પ્રયત્નો દ્વારા પણ તે ચારેમાંથી ઘણું કરીને કોઈ એક પણ ઉત્પન્ન ન થતું હોય તો પછી કયો બુદ્ધિમાન મનુષ્ય વ્યર્થ તે શોકરૂપી મહારાક્ષસને આધીન થાય ? અર્થાત્ કોઈ નહીં. ૧૫.

( वसंततिलका )

एकद्रुमे निशि वसन्ति यथा शकुन्ताः
प्रातः प्रयान्ति सहसा सकलासु दिक्षु ।
स्थित्वा कुले बत तथान्यकुलानि मृत्वा
लोकाः श्रयन्ति विदुषा खलु शोच्यते कः ॥१६॥

**અનુવાદ**:—જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે, ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યુ પામીને અન્ય કુળોનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ પણ શોક કરતા નથી. ૧૬.

( शार्दूलविक्रीड़ित )

दुःखव्यालसमाकुलं भववनं जाड्यान्धकाराश्रितं
तस्मिन् दुर्गतिपल्लिपातिकुपथैर्भ्राम्यन्ति सर्वेऽङ्गिनः ।
तन्मध्ये गुरुवाक्प्रदीपममलं ज्ञानप्रभाभासुरं
प्राप्यालोक्य च सत्पथं सुखपदं याति प्रबुद्धो ध्रुवम् ॥१७॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જે સંસારરૂપી વન દુઃખોરૂપી સર્પોથી વ્યાપ્ત અને અજ્ઞાનરૂપી અંધકારથી પરિપૂર્ણ છે તેમાં સર્વે પ્રાણી દુર્ગતિરૂપ ભીલોની વસ્તી તરફ લઈ જતા ખોટા માર્ગે પરિભ્રમણ કરે છે. તે ( સંસાર-વન ) ની વચ્ચે વિવેકી પુરુષ જ્ઞાનરૂપી જ્યોતિથી દેદીપ્યમાન નિર્મળ ગુરુના વચન ( ઉપદેશ ) રૂપી દીપક પામીને અને તેનાથી સમીચીન માર્ગ જોઈને નિશ્ચયથી સુખના સ્થાનભૂત મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

**વિશેષાર્થ:**—જેવી રીતે કોઈ મુસાફર સર્પોથી ભરેલા અંધકારયુક્ત વનમાં ભૂલીને ખોટા માર્ગે ભીલોની વસ્તીમાં જઈ પહોંચે છે અને ક  સહન કરે છે. જો તેને ઉક્ત વનમાં કોઈ પ્રકારે દીવો પ્રાપ્ત થઈ જાય છે તો તે તેના સહારે યોગ્ય માર્ગની ખોજ કરીને તેના દ્વારા ઇષ્ટ સ્થાનમાં પહોંચી જાય છે. બરાબર એવી જ રીતે આ સંસારી પ્રાણી પણ દુઃખોથી ભરેલા આ અજ્ઞાનમય સંસારમાં મિથ્યાદર્શનાદિને વશીભૂત થઈને નરકાદિ દુર્ગતિઓમાં પહોંચે છે અને ત્યાં અનેક પ્રકારના કષ્ટો સહે છે. તેને જ્યારે નિર્મળ સદ્ગુરુનો ઉપદેશ મળે છે ત્યારે તે તેનાથી પ્રબુદ્ધ થઈને મોક્ષમાર્ગનો આશ્રય કરે છે અને તેના દ્વારા મુક્તિપુરીમાં જઈ પહોંચે છે. ૧૭.

( वसंततिलका )

यैव स्वकर्मकृतकालकलात्र जन्तु
स्तत्रैव याति मरणं न पुरो न पश्चात् ।
मूढास्तथापि हि मृते स्वजने विधाय
शोकं परं प्रचुरदुःखभुजो भवन्ति ॥ १८ ॥

**અનુવાદ:**—આ સંસારમાં પોતાના કર્મદ્વારા જે મરણનો સમય નક્કી કરવામાં આવ્યો છે તે જ સમયે પ્રાણી મરણ પામે છે, તે તેનાથી ન તો પહેલાં મરે છે અને ન પછી પણ. છતાં ય મૂર્ખ મનુષ્યો પોતાના કોઈ સંબંધીનું મૃત્યુ થતાં અતિશય શોક કરીને બહુ જ દુઃખ ભોગવે છે. ૧૮.

( शार्दूलविक्रीड़ित )

वृक्षाद्वृक्षमिवाण्डजा मधुलिहः पुष्पाच्च पुष्पं यथा
जीवा यान्ति भवाद्भवान्तरमिहाश्रोऽन्तं तथा संसृतौ ।
तज्जातेऽथ मृतेऽथ वा न हि मुदं शोकं न कस्मिन्नपि
प्रायः प्रारभतेऽधिगम्य मतिमानस्थैर्यमित्यङ्गिनाम् ॥१९॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જેવી રીતે પક્ષી એક વૃક્ષથી બીજા વૃક્ષ ઉપર તથા ભમરો એક ફૂલથી બીજા ફૂલ ઉપર જાય છે તેવી જ રીતે અહીં સંસારમાં જીવ નિરંતર એક પર્યાયમાંથી બીજી પર્યાયમાં જાય છે. તેથી બુદ્ધિમાન મનુષ્ય ઉપર્યુક્ત પ્રકારે પ્રાણીઓની અસ્થિરતા જાણીને ઘણું કરીને કોઈ ઈષ્ટ સંબંધીનો જન્મ થતાં હર્ષ પામતાં નથી અને તેનું મૃત્યુ થતાં શોક પામતાં નથી. ૧૯.

( शार्दूलविक्रीड़ित )

**भ्राम्यन् कालमनन्तमत्र जनने प्राप्नोति जीवो न वा**
**मानुष्यं यदि दुष्कुले तदघतः प्राप्तं पुनर्नश्यति ।**
**सञ्जातावथ तत्र याति विलयं गर्भेऽपि जन्मन्यपि**
**द्राग्बाल्येऽपि ततोऽपि नो वृष इति प्राप्ते प्रयत्नो वरः ॥२०॥**

**અનુવાદઃ**—આ જન્મ-મરણરૂપ સંસારમાં અનંતકાળથી પરિભ્રમણ કરતો જીવ મનુષ્ય પર્યાય પામે છે અથવા નથી પણ પામતો અર્થાત્ તેને તે મનુષ્ય પર્યાય ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. જો કદાચ તે મનુષ્યભવ પ્રાપ્ત પણ કરી લે છે તો પણ નીચ કુળમાં ઉત્પન્ન થવાથી તેનો તે મનુષ્યભવ પાપાચરણપૂર્વક જ નષ્ટ થઈ જાય છે. જો કોઈ પ્રકારે ઉત્તમ કુળમાં ય ઉત્પન્ન થયો તોપણ ત્યાં તે કાં તો ગર્ભમાં જ મરી જાય છે અથવા જન્મ લેતી વખતે મરી જાય છે અથવા બાલ્યાવસ્થામાં પણ શીઘ્ર મરણ પામી જાય છે. તેથી પણ ધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. પછી જો આયુષ્યની અધિકતામાં તે ધર્મ પ્રાપ્ત થઈ જાય તો તેના વિષયમાં ઉત્કૃષ્ટ પ્રયત્ન કરવો જોઈએ. ૨૦.

**स्थिरं सदपि सर्वदा भृशमुदेत्यवस्थान्तरैः**
**प्रतिक्षणमिदं जगज्जलदकूटवन्नश्यति ।**
**तदत्र भवमाश्रिते मृतिमुपागते वा जने**
**प्रियेऽपि किमहो मुदा किमु शुचा प्रबुद्धात्मनः ॥२१॥**

**અનુવાદઃ**—આ વિશ્વ દ્રવ્ય અપેક્ષાએ સ્થિર (ધ્રુવ) હોવા છતાં પણ પર્યાય અપેક્ષાએ પ્રત્યેક ક્ષણે મેઘપટલ સમાન અન્ય અન્ય અવસ્થાઓથી ઉત્પન્ન પણ થાય છે અને નષ્ટ પણ અવશ્ય થાય છે. આ કારણે અહીં જ્ઞાની જીવને કોઈ પ્રિયજનનો જન્મ થતાં હર્ષ અને તેનું મરણ થતાં શોક કેમ થવો જોઈએ ? અર્થાત્ ન થવો જોઈએ. ૨૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

लङ्घयन्ते जलराशयः शिखरिणो देशास्तटिन्यो जनैः
सा बेला तु मृतेर्नृपक्ष्मचलनस्तोकापि देवैरपि ।
तत्कस्मिन्नपि संस्थिते सुखकरं श्रेयो विहाय ध्रुवं
कः सर्वत्र दुरन्तदुःखजनकं शोकं विदध्यात् सुधीः ॥२२॥

**અનુવાદઃ—**મનુષ્ય સમુદ્રો, પર્વતો, દેશો અને નદીઓને ઓળંગી શકે છે; પરંતુ મૃત્યુના નિશ્ચિત સમયને દેવ પણ નિમેષ માત્ર (આંખના પલકારા બરાબર) જરા પણ ઓળંગી શકતો નથી. આ કારણે કોઈ પણ ઇષ્ટ જનનું મૃત્યુ થતાં કયો બુદ્ધિમાન્ મનુષ્ય સુખદાયક કલ્યાણમાર્ગ છોડીને સર્વત્ર અપાર દુઃખ ઉત્પન્ન કરનાર શોક કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન્ શોક કરતો નથી. ૨૨.

( शार्दूलविक्रीड़ित )

आक्रन्दं कुरुते यदत्र जनता नष्टे निजे मानुषे
जाते यच्च मुदं तदुन्नतधियो जल्पन्ति वातूलताम् ।
यज्जाड्यात्कृतदुष्ट चेष्टितभवत्कर्मप्रबन्धोदयात्
मृत्यूत्पत्तिपरम्परामयमिदं सर्वं जगत्सर्वदा ॥२३॥

**અનુવાદઃ—**સંસારમાં લોકો પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મૃત્યુ થતાં જે વિલાપપૂર્વક ચીસો પાડીને રુદન કરે છે તથા તેનો જન્મ થતાં જે હર્ષ કરે છે તેને ઉન્નત બુદ્ધિના ધારક ગણધર આદિ પાગલપણું કહે છે. કારણ કે મુર્ખતાવશ જે ખોટી પ્રવૃત્તિઓ કરવામાં આવી હોય તેનાથી થતા કર્મના પ્રકૃષ્ટ બંધ અને તેના ઉદયથી સદા આ આખુંય વિશ્વ મૃત્યુ અને ઉત્પત્તિની પરંપરાસ્વરૂપ છે. ૨૩

( शार्दूलविक्रीड़ित )

गुर्वी भ्रान्तिरियं जडत्वमथ वा लोकस्य यस्माद्वसन्
संसारे बहुदुःखजालजटिले शोकीभवत्यापदि ।
भूतप्रेतपिशाचफेरवचितापूर्णे श्मशाने गृहं
कः कृत्वा भयदादमङ्गल कृते भावाद्भवेच्छङ्कितः ॥२४॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—અનેક દુઃખોના સમૂહથી પરિપૂર્ણ એવા સંસારમાં રહેનાર મનુષ્ય આપત્તિ આવતાં જે શોકાકુળ થાય છે એ તેની ઘણી મોટી ભ્રાન્તિ અથવા અજ્ઞાનતા છે. બરાબર છે-જે વ્યક્તિ ભૂત, પ્રેત, પિશાચ, શિયાળ અને ચિત્તાઓથી ભરેલા એવા અમંગળકારી સ્મશાનમાં મકાન બનાવીને રહે છે તે શું ભય ઉત્પન્ન કરનાર પદાર્થોથી કદી શંકિત થાય ? અર્થાત્ ન થાય.

**વિશેષાર્થ:**—જેવી રીતે ભૂત–પ્રેતાદિથી વ્યાપ્ત સ્મશાનમાં ઘર બનાવીને રહેનાર મનુષ્ય કદી અન્ય પદાર્થોથી ભયભીત થતો નથી તેવી જ રીતે અનેક દુઃખોથી પરિપૂર્ણ આ જન્મ–મરણરૂપ સંસારમાં પરિભ્રમણ કરનાર જીવે પણ કોઈ ઇષ્ટવિયોગાદિરૂપ આપત્તિ આવતાં વ્યાકુળ ન થવું જોઇએ. છતાં જો એવી આપત્તિઓ આવતાં પ્રાણી શોકાદિથી સંતપ્ત થાય છે તો એમાં તેની અજ્ઞાનતા જ કારણ છે કેમ કે જ્યારે સંસાર સ્વભાવથી જ દુઃખમય છે તો આપત્તિઓનું આવવું જવું તો રહેવાનું જ. તો પછી એમાં રહેતા થકા ભલા હર્ષ અને વિષાદ કરવાથી કયું પ્રયોજન સિદ્ધ થવાનું ? ૨૪.

( मालिनी )

**भ्रमति नभसि चन्द्रः संसृतौ शश्वदङ्गी**
**लभत उदयमस्तं पूर्णतां हीनतां च ।**
**कलुषितहृदयः सन् याति राशिं च राशे-**
**स्तनुमिह तनुतस्तत्कात्र मुत्कश्च शोकः ॥२५॥**

**અનુવાદઃ**—જેવી રીતે ચન્દ્રમા આકાશમાં નિરંતર ચક્કર લગાવ્યા કરે છે તેવી જ રીતે આ પ્રાણી સદા સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે; જેમ ચન્દ્રમા ઉદય, અસ્ત, અને કળાઓની હાનિ–વૃદ્ધિને પામ્યા કરે છે તેવી જ રીતે સંસારી પ્રાણી પણ જન્મ–મરણ અને સંપત્તિની હાનિ-વૃદ્ધિને પામ્યા કરે છે; જેમ ચંદ્ર મધ્યમાં કલુષિત ( કાળો ) રહે છે તેવી જ રીતે સંસારી પ્રાણીનું હૃદય પણ પાપથી કલુષિત રહે છે તથા જેમ ચંદ્ર એક રાશિ ( મીન–મેષ વગેરે )થી બીજી રાશિને પ્રાપ્ત થાય છે તેવી જ રીતે સંસારી પ્રાણી પણ એક શરીર છોડીને બીજા શરીરનું ગ્રહણ કર્યા કરે છે. આવી સ્થિતિ હોતાં સંપત્તિ અને વિપત્તિની પ્રાપ્તિમાં જીવે હર્ષ અને વિષાદ શા માટે કરવા જોઈએ ? અર્થાત્ ન કરવા જોઈએ. ૨૫.

( मालिनी )

**तडिदिव चलमेतत्पुत्रदारादि सर्वं**
**किमिति तदभिघाते खिद्यते बुद्धिमद्भिः ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्थितिजननविनाशं नोष्णतेवानलस्य
व्यभिचरति कदाचित्सर्वभावेषु नूनम् ॥२६॥

**અનુવાદઃ**—આ બધા પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થ જો વીજળી સમાન ચંચળ અર્થાત્ ક્ષણિક છે તો પછી તેમનો વિનાશ થતાં બુદ્ધિમાન્ મનુષ્ય ખેદખિન્ન કેમ થાય છે? અર્થાત્ તેમનો નશ્વર સ્વભાવ જાણીને તેમણે ખેદખિન્ન ન થવું જોઈએ. જેવી રીતે ઉષ્ણતા અગ્નિનો વ્યભિચાર કરતી નથી અર્થાત્ તે સદા અગ્નિ હોય ત્યાં હોય છે અને તેના અભાવમાં કદી પણ નથી હોતી; બરાબર એવી જ રીતે સ્થિતિ (ધ્રૌવ્ય), ઉત્પાદ અને વ્યય પણ નિશ્ચયથી પદાર્થો હોય ત્યાં અવશ્ય હોય છે અને તેમના અભાવમાં કદી પણ હોતા નથી. ૨૬.

( मालिनी )

प्रियजनमृतिशोकः सेव्यमानो ऽतिमात्रं
जनयति तदसातं कर्म यच्चाग्रतो ऽपि ।
प्रसरति शतशाखं देहिनि क्षेत्र उप्तं
वट इव तनुबीजं त्यज्यतां स प्रयत्नात् ॥२७॥

**અનુવાદઃ**—પ્રિયજનનું મૃત્યુ થતાં જે શોક કરવામાં આવે છે તે તીવ્ર અશાતા-વેદનીય કર્મ ઉત્પન્ન કરે છે જે આગળ (ભવિષ્યમાં) પણ વિસ્તાર પામીને પ્રાણીને સેંકડો પ્રકારે દુઃખ આપે છે. જેમ યોગ્ય ભૂમિમાં વાવવામાં આવેલું નાનકડું વડનું બીજ પણ સેંકડો શાખાઓ સંયુક્ત વડવૃક્ષ રૂપે વિસ્તાર પામે છે તેથી જ આવો અહિતકારી તે શોક પ્રયત્નપૂર્વક છોડી દેવો જોઇએ. ૨૭.

( आर्या )

आयुःक्षतिः प्रतिक्षणमेतन्मुखमन्तकस्य तत्र गताः ।
सर्वे जनाः किमेकः शोचयत्यन्यं मृतं मूढः ॥२८॥

**અનુવાદઃ**—પ્રત્યેક ક્ષણે જે આયુષ્યની હાનિ થઈ રહી છે એ યમરાજનું મુખ છે. તેમાં (યમરાજના મુખમાં) બધા જ પ્રાણી પહોંચે છે અર્થાત્ બધા પ્રાણીઓનું મરણ અનિવાર્ય છે. છતાં એક પ્રાણી બીજા પ્રાણીનું મૃત્યુ થતાં શોક કેમ કરે છે? અર્થાત્ જો બધા સંસારી પ્રાણીઓનું મરણ અવશ્ય થનાર છે તો એક બીજા મરનાં શોક કરવો ઉચિત નથી. ૨૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनुष्टुप )

**यो नात्र गोचरं मृत्योर्गतो याति न यास्यति ।**
**स हि शोकं मृते कुर्वन् शोभते नेतरः पुमान् ॥२९॥**

**અનુવાદઃ**—જે મનુષ્ય અહીં મૃત્યુના વિષયને ન તો ભૂતકાળમાં પ્રાપ્ત થયો હોય, ન વર્તમાનમાં પ્રાપ્ત થતો હોય અને ન ભવિષ્યમાં પ્રાપ્ત થવાનો હોય; અર્થાત્ જેનું મરણ ત્રણે કાળે સંભવ ન હોય તે જો કોઈ પ્રિયજનનું મરણ થતાં શોક કરે તો એમાં તેની શોભા છે. પરંતુ જે મનુષ્ય સમયાનુસાર પોતે જ મરણને પ્રાપ્ત થાય છે તેનું બીજા કોઈ પ્રાણીનું મરણ થતાં શોકાકુળ થવું અશોભનીય છે. અભિપ્રાય એ છે કે જો બધા સંસારી પ્રાણી સમય અનુસાર મૃત્યુને પ્રાપ્ત થાય છે તો એકે બીજાનું મૃત્યુ થતાં શોક કરવો ઉચિત નથી. ૨૯.

( मालिनी )

**प्रथममुदयमुच्चैर्दूरमारोहलक्ष्मी-**
**मनुभवति च पातं सोऽपि देवो दिनेशः ।**
**यदि किल दिनमध्ये तत्र केषां नराणां**
**वसति हृदि विषादः सत्स्ववस्थान्तरेषु ॥३०॥**

**અનુવાદઃ**—જે સૂર્યદેવ એક જ દિવસમાં પ્રાતઃકાળે ઉદયનો અનુભવ કરે છે અને ત્યાર પછી મધ્યાહ્નમાં ખૂબ ઊંચે ચઢીને લક્ષ્મીનો અનુભવ કરે છે તે પણ જ્યારે સાયંકાળમાં નિશ્ચયથી અસ્ત પામે છે ત્યારે જન્મમરણાદિ–સ્વરૂપ ભિન્ન ભિન્ન અવસ્થાઓ થતાં કયા મનુષ્યના હૃદયમાં વિષાદ રહે છે ? અર્થાત્ એવી દશામાં કોઈએ પણ વિષાદ ન કરવો જોઈએ. ૩૦.

( वसंततिलका )

**आकाश एव शशिसूर्यमरुत्खगाद्याः**
**भूपृष्ठ एव शकटप्रमुखाश्चरन्ति ।**
**मीनादयश्च जल एव यमस्तु याति**
**सर्वत्र कुत्र भविनां भवति प्रयत्नः ॥३१॥**

**અનુવાદઃ**—ચંદ્ર, સૂર્ય, વાયુ અને પક્ષી આદિ આકાશમાં જ ગમન કરે છે; ગાડી આદિનું આવાગમન પૃથ્વી ઉપર જ થાય છે તથા મત્સ્યાદિ જળમાં જ સંચાર કરે છે. પરંતુ યમ ( મૃત્યુ ) આકાશ, પૃથ્વી અને જળમાં બધા સ્થળે પહોંચે છે. તેથી સંસારી પ્રાણી-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનો પ્રયત્ન કયાં થઈ શકે? અર્થાત્ કાળ જો બધા સંસારી પ્રાણીઓનો કોળિયો કરી જતો હોય તો તેનાથી બચવા માટે કરવામાં આવતો કોઈ પણ પ્રાણીનો પ્રયત્ન સફળ થઈ શકતો નથી. ૩૧.

( शार्दूलविक्रीड़ित )

किं देवः किमु देवता किमगदो विद्यास्ति किं किं मणिः
किं मन्त्रं किमुताश्रयः किमु सुहृत् किं वा स गन्धोऽस्ति सः।
अन्ये वा किमु भूपतिप्रभृतयः सन्त्यत्र लोकत्रये
यैः सर्वैरपि देहिनः स्वसमये कर्मोदितं वार्यते ॥३२॥

**અનુવાદઃ**—અહીં ત્રણે લોકમાં શું દેવ, શું દેવી, શું ઔષધિ, શું વિદ્યા, શું મણિ, શું મંત્ર, શું આશ્રય, શું મિત્ર, શું તે સુગંધ અથવા શું અન્ય રાજા આદિ પણ એવા શક્તિશાળી છે જે બધાય પોતાના ઉદય પામેલા કર્મને રોકી શકે? અર્થાત્ ઉદયમાં આવેલા કર્મનું નિવારણ કરવા માટે ઉપર્યુક્ત દેવાદિમાંથી કોઈ પણ સમર્થ નથી. ૩૨.

( शार्दूलविक्रीड़ित )

गीर्वाणा अणिमादिस्वस्थमनसः शक्ताः किमत्रोच्यते
ध्वस्तास्तेऽपि परम्परेण स परस्तेभ्यः कियान् राक्षसः।
रामाख्येन च मानुषेण निहतः प्रोल्लङ्घ्य सोऽप्यम्बुधिं
रामोऽप्यन्तकगोचरः समभवत् कोऽन्यो बलीयान् विधेः।३३।

**અનુવાદઃ**—અહીં અધિક શું કહેવું? અણિમા-મહિમા આદિ ઋદ્ધિઓથી સ્વસ્થ મનવાળા જે શક્તિશાળી ઇન્દ્રાદિ દેવ હતા તે પણ કેવળ એક શત્રુદ્વારા નાશ પામ્યા છે. તે શત્રુ પણ રાવણ રાક્ષસ હતો જે તે ઇન્દ્રાદિની અપેક્ષાએ કાંઈ પણ નહોતો. વળી તે રાવણ રાક્ષસ પણ રામ નામના મનુષ્ય દ્વારા સમુદ્ર ઓળંગીને માર્યો ગયો. અંતે તે રામ પણ યમરાજનો વિષય બની ગયા અર્થાત્ તેને પણ મૃત્યુએ ન છોડયા. બરાબર છે–દૈવથી અધિક બળવાન બીજું કોણ છે? અર્થાત્ કોઈ પણ નથી. ૩૩.

( शार्दूलविक्रीड़ित )

सर्वत्रोद्गतशोकदावदहनव्याप्तं जगत्काननं
मुग्धास्तत्र वधूमृगीगतधियस्तिष्ठन्ति लोकैषकाः।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कालव्याध इमान् निहन्ति पुरतः प्राप्तान् सदा निर्दयः
तस्माज्जीवति नो शिशुर्न च युवा वृद्धोऽपि नो कश्चन ॥३४॥

**અનુવાદઃ**—આ સંસારરૂપી વન સર્વત્ર ઉત્પન્ન થયેલ શોકરૂપી દાવાનળ (જંગલની અગ્નિ) થી વ્યાપ્ત છે. તેમાં મૂઢ મનુષ્યરૂપી હરણ સ્ત્રીરૂપી હરણીમાં આસક્ત થઈને રહે છે. નિર્દય કાળા (મૃત્યુ) રૂપી વ્યાધ (શિકારી) સામે આવેલ આ મનુષ્યોરૂપી હરણોનો સદાય નાશ કર્યા કરે છે. તેનાથી ન કોઈ બાળક બચે છે, ન કોઈ યુવક બચે છે અને ન કોઈ વૃદ્ધ પણ જીવતો રહે છે. ૩૪.

संपच्चारुलतः प्रियापरिलसद्वल्लीभिरालिङ्गितः
पुत्रादिप्रियपल्लवो रतिसुखप्रायैः फलैराश्रितः ।
जातः संसृतिकानने जनतरुः कालोग्रदावानल–
व्याप्तश्चेन्न भवेत्तदा बत बुधैरन्यत्किमालोक्यते ॥३५॥

**અનુવાદઃ**—સંસારરૂપી વનમાં ઉત્પન્ન થયેલ જે મનુષ્યરૂપી વૃક્ષ સંપત્તિરૂપી સુંદર લત્તા સહિત સ્ત્રીરૂપી શોભાયમાન વેલોથી વીંટળાયેલ પુત્ર-પૌત્રાદિરૂપી મનોહર પર્ણોથી રમણીય તથા વિષયભોગજનિત સુખ જેવા ફળોથી પરિપૂર્ણ હોય છે; તે જો મૃત્યુરૂપી તીવ્ર દાવાનળથી વ્યાપ્ત ન હોત તો વિદ્વાનો બીજું શું દેખે ? અર્થાત્ તે મનુષ્યરૂપી વૃક્ષ તે કાળરૂપી દાવાનળથી નષ્ટ થાય જ છે. આ જોવા છતાં પણ વિદ્વાનો આત્મહિતમાં પ્રવૃત્ત થતા નથી એ ખેદની વાત છે. ૩૫.

वाञ्छन्त्येव सुखं तदत्र विधिना दत्तं परं प्राप्यते
नूनं मृत्युमुपाश्रयन्ति मनुजास्तत्राप्यतो बिभ्यति ।
इत्थं कामभयप्रसक्तहृदया मोहान्मुधैव ध्रुवं
दुःखोर्मिप्रचुरे पतन्ति कुधियः संसारघोरार्णवे ॥३६॥

**અનુવાદઃ**—સંસારમાં મનુષ્ય સુખની ઇચ્છા કરે જ છે, પરંતુ તે તેમને ફક્ત કર્મદ્વારા અપાયેલ પ્રાપ્ત થાય છે. તે મનુષ્ય નિશ્ચયથી મૃત્યુ તો પામે છે પરંતુ તેનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે. આ રીતે તે દુર્બુદ્ધિ મનુષ્યો હૃદયમાં ઇચ્છા (સુખની અભિલાષા) અને ભય (મૃત્યુનો ભય) ધારણ કરતાં થકાં અજ્ઞાનથી અનેક દુઃખોરૂપી લહેરોવાળા સંસારરૂપી ભયાનક સમુદ્રમા નકામા જ પડે છે. ૩૬.

( मालिनी )

**स्वसुखपयसि दीव्यन्मृत्युकैवर्तहस्त**
**प्रसृतघनजरोरुप्रोल्लसज्जालमध्ये ।**
**निकटमपि न पश्यत्यापदां चक्रमुग्रं**
**भवसरसि वराको लोकमीनौघ एषः ॥३७॥**

**અનુવાદઃ**—આ બિચારો મનુષ્યોરૂપી માછલીઓનો સમૂહ સંસારરૂપી સરોવરમાં પોતાના સુખરૂપ જળમાં ક્રીડા કરતો થકો મૃત્યુરૂપી માછીમારના હાથે ફેલાવવામાં આવેલ વૃદ્ધત્વરૂપી વિસ્તૃત જાળની વચ્ચે ફસાઇને નિકટવર્તી તીવ્ર આપત્તિઓના સમૂહને પણ દેખતો નથી.

**વિશેષાર્થઃ**—જેવી રીતે માછલીઓ સરોવરમાં પાણીમાં ક્રીડા કરતી થકી તેમાં એટલી આસક્ત થઈ જાય છે કે તેમને માછીમારદ્વારા પોતાને પકડવા માટે ફેલાવવામાં આવેલી જાળનું પણ ધ્યાન રહેતું નથી તેથી તેમને તેમાં ફસાઈને મરણનું કષ્ટ સહન કરવું પડે છે. બરાબર એવી જ રીતે બિચારા આ પ્રાણીઓ પણ સંસારમાં શાતાવેદનીયજનિત અલ્પ સુખમાં એટલા અધિક મગ્ન થઈ જાય છે કે તેને મૃત્યુ પ્રાપ્ત કરાવનાર વૃદ્ધત્વની પ્રાપ્તિ થઈ જવા છતાં પણ તેનું ભાન નથી રહેતું અને તેથી અંતે તે કાળનો કોળિયો બનીને અસહ્ય દુઃખ સહે છે. ૩૭.

( शार्दूलविक्रीड़ित )

**शृण्वन्नन्तकगोचरं गतवतः पश्यन्बहून् गच्छतो**
**मोहादेव जनस्तथापि मनुते स्थैर्यं परं ह्यात्मनः ।**
**संप्राप्ते ऽपि च वार्धके स्पृहयति प्रायो न धर्माय यत्**
**तद्बध्नात्यधिकाधिकं स्वमसकृत्पुत्रादिभिर्बन्धनैः ॥३८॥**

**અનુવાદઃ**—મનુષ્ય મરણ પામેલા જીવોના વિષયમાં સાંભળે છે તથા વર્તમાનમાં તે મરણ પામનાર ઘણા જીવોને સ્વયં દેખે પણ છે; તો પણ તે કેવળ મોહના કારણે પોતાને અતિશય સ્થિર માને છે. તેથી વૃદ્ધત્વને પ્રાપ્ત થવા છતાં પણ તે ઘણું કરીને ધર્મની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભિલાષા કરતો નથી અને તેથી જ પોતાને નિરંતર પુત્રાદિરૂપ બંધનોથી અત્યંતપણે બાંધે છે. ૩૮.

( शार्दूलविक्रीड़ित )

दुश्चेष्टाकृतकर्मशिल्पिरचितं दुःसन्धि दुर्बन्धनं
सापायस्थिति दोषधातुमलवत्सर्वत्र यन्नश्वरम् ।
आधिव्याधिजरामृतिप्रभृतयो यच्चात्र चित्रं न तत्
तच्चित्रं स्थिरता बुधैरपि वपुष्यत्रापि यन्मृग्यते ॥३९॥

**અનુવાદ**:—જે શરીર દુષ્ટ આચરણથી ઉપાર્જિત કર્મરૂપી કારીગર દ્વારા રચવામાં આવ્યું છે, જેના સાંધા અને બંધનો નિંદ્ય છે, જેની સ્થિતિ વિનાશ સહિત છે અર્થાત્ જે વિનશ્વર છે; જે રોગાદિ દોષો, સાત ધાતુઓ અને મળથી પરિપૂર્ણ છે; અને જે નષ્ટ થવાનું છે, તેની સાથે જો આધિ (માનસિક ચિંતા), રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ આદિ રહેતા હોય તો એમાં કોઈ આશ્ચર્ય નથી. પરંતુ આશ્ચર્ય તો કેવળ એમાં છે કે વિદ્વાન મનુષ્ય પણ તે શરીરમાં સ્થિરતા શોધે છે. ૩૯.

( शार्दूलविक्रीड़ित )

लब्धा श्रीरिह वाञ्छिता वसुमती भुक्ता समुद्रावधिः
प्राप्तास्ते विषया मनोहरतराः स्वर्गेऽपि ये दुर्लभाः ।
पश्चाच्चेन्मृतिरागमिष्यति ततस्तत्सर्वमेतद्विषा-
श्लिष्टं भोज्यमिवातिरम्यमपि धिग्मुक्तिः परं मृग्यताम् ॥४०॥

**અનુવાદ**:—હે આત્મા! તેં ઇચ્છિત લક્ષ્મી પ્રાપ્ત કરી લીધી છે, સમુદ્ર પર્યંત પૃથ્વી પણ ભોગવી લીધી છે અને જે વિષયો સ્વર્ગમાં પણ દુર્લભ છે તે અતિશય મનોહર વિષયો પણ પ્રાપ્ત કરી લીધા છે. છતાં પણ જો પાછળ મૃત્યુ આવવાનું હોય તો આ બધું વિષયુક્ત આહાર સમાન અત્યંત રમણીય હોવા છતાં પણ ધિક્કારવા યોગ્ય છે. તેથી તું એક માત્ર મુક્તિની ખોજ કર. ૪ .

( शार्दूलविक्रीड़ित )

युद्धे तावदलं रथेभतुरगा वाराश्च दृप्ता भृशं
मन्त्रः शौर्यमसिश्च तावदतुलाः कार्यस्य संसाधकाः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



राज्ञो ऽपि क्षुधितोऽपि निर्दयमना यावज्जिघत्सुर्यमः
क्रुद्धो धावति नैव सन्मुखमितो यत्नो विधेयो बुधैः ॥४१॥

**અનુવાદ:**—યુદ્ધમાં રાજાના રથ, હાથી, ઘોડા, અભિમાની સુભટો, મંત્ર, શૌર્ય અને તરવાર; આ બધી અનુપમ સામગ્રી દુષ્ટ, ભૂખ્યો યમરાજ (મૃત્યુ) ક્રોધિત થઈને મારવાની ઇચ્છાથી સામે દોડતો નથી ત્યાંસુધી જ કાર્ય સિદ્ધ કરી શકે છે. તેથી વિદ્વાન્ પુરુષોએ તે યમથી પોતાની રક્ષા કરવા માટે અર્થાત્ મોક્ષ પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરવો જોઈએ ૪૧.

( शार्दूलविक्रीड़ित )

राजापि क्षणमात्रतो विधिवशाद्रङ्कायते निश्चितं
सर्वव्याधिविवर्जितो ऽपि तरुणो ऽप्याशु क्षयं गच्छति ।
अन्यैः किं किल सारतामुपगते श्रीजीविते द्वे तयोः
संसारे स्थितिरीदृशीति विदुषा कान्यत्र कार्यो मदः ॥४२॥

**અનુવાદ:**—ભાગ્યવશે રાજા પણ ક્ષણવારમાં નિશ્ચયે રંક સમાન થઈ જાય છે તથા સમસ્ત રોગ રહિત યુવાન પુરુષ પણ તરત જ મરણ પામે છે. આ રીતે અન્ય પદાર્થોના વિષયમાં તો શું કહેવું ? પણ જે લક્ષ્મી અને જીવન બન્ને ય સંસારમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે તેમની પણ જો આવી (ઉપર્યુક્ત) સ્થિતિ છે તો વિદ્વાન્ મનુષ્યે બીજા કોના વિષયમાં અભિમાન કરવું જોઈએ ? અર્થાત્ અભિમાન કરવા યોગ્ય કોઈ પણ પદાર્થ અહીં સ્થાયી નથી. ૪૨.

( शार्दूलविक्रीड़ित )

हन्ति व्योम स मुष्टिनाथ सरितं शुष्कां तरत्याकुलः
तृष्णार्तो ऽथ मरीचिकाः पिबति च प्रायः प्रमत्तो भवन् ।
प्रोत्तुङ्गाचलचूलिकागतमरुत्प्रेङ्खत्प्रदीपोपमैः
यः सम्पत्सुतकामिनीप्रभृतिभिः कुर्यान्मदं मानवः ॥४३॥

**અનુવાદ:**—સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થો ઊંચા પર્વતના શિખર પર સ્થિત અને વાયુથી ચલાયમાન દીપક સમાન શીઘ્ર જ નાશ પામનારા છે. છતાં પણ જે મનુષ્ય તેમના વિષયમાં સ્થિરતાનું અભિમાન કરે છે તે જાણે મુઠ્ઠીથી આકાશનો નાશ કરે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અથવા વ્યાકુળ થઇને સૂકી (જળ રહિત) નદી તરે છે અથવા તરસથી પીડાઇને પ્રમાદયુક્ત થયો થકો રેતીને પીવે છે.

**વિશેષાર્થ:**—જેમ મુઠ્ઠીથી આકાશને પ્રહાર કરવો, જળરહિત નદીમાં તરવું અને તરસથી પીડાઇને રેતીનું પાન કરવું; આ બધા કાર્ય અસંભવ હોવાથી મનુષ્યના અજ્ઞાનના દ્યોતક છે તેવી જ રીતે જે સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થો દેખતા દેખતા જ નષ્ટ થનારા છે તેમના વિષયમાં અભિમાન કરવું એ પણ મનુષ્યનું અજ્ઞાન પ્રગટ કરે છે. કારણ કે જો ઉક્ત પદાર્થો ચિરસ્થાયી હોત તો તેમના વિષયમાં અભિમાન કરવું ઉચિત કહી શકાતું હતું, પણ તેમ તો છે નહિ ૪૩.

( शार्दूलविक्रीड़ित )

**लक्ष्मीं व्याधमृगीमतीव चपलामाश्रित्य भूपा मृगाः**
**पुत्रादीनपरान् मृगानतिरुषा निघ्नन्ति सेर्ष्यं किल।**
**सज्जीभूतघनापदुन्नतधनुःसंलग्नसंहृच्छरं**
**नो पश्यन्ति समीपमागतमपि क्रुद्धं यमं लुन्धकम् ॥४४॥**

**અનુવાદ:**—રાજા રૂપી મૃગ અત્યંત ચંચળ એવી લક્ષ્મી રૂપી શિકારીની હરણીનો આશ્રય લઇને ઇર્ષ્યાયુક્ત થતો થકો અતિશય ક્રોધથી પુત્રાદિ રૂપી બીજા મૃગોનો ઘાત કરે છે. તેઓ જે યમરૂપી શિકા૨ એ ઘણી આપત્તિઓ રૂપી ધનુષ્યને સુસજ્જ કરીને તેની ઉપર સંહાર કરનાર બાણ રાખી મૂક્યું છે તથા જે પોતાની સમીપે આવી ગયો છે એવા તે ક્રોધે ભરાયેલા યમરૂપી શિકારીને પણ દેખતા નથી.

**વિશેષાર્થ:**—જેવી રીતે હરણ શિકારી દ્વારા પકડવામાં આવેલી ( મરણોન્મુખ ) હરણીના નિમિત્તે ઇર્ષ્યા યુક્ત થઇને બીજા હરણોનો તો ઘાત કરે છે પરંતુ તેઓ તે શિકારી તરફ જોતા નથી કે જે તેમનો વધ કરવા માટે ધનુંષ્ય–બાણથી સુસજ્જ થઇને સમીપમાં આવી પહોંચ્યો છે. બરાબર એવી જ રીતે રાજાઓ ચંચળ રાજ્યલક્ષ્મીના નિમિત્તે ક્રુદ્ધ બનીને બીજાઓની તો શું વાત પણ પુત્રાદિનો પણ ઘાત કરે છે, પરંતુ તેઓ તે યમ-રાજ ( મૃત્યુ ) ને જોતા નથી કે જે અનેક આપત્તિઓમાં નાખીને તેમને ગ્રહણ કરવા માટે સમીપમાં આવી ગયો છે. તાત્પર્ય એ છે કે જે ધન–સંપત્તિ થોડો જ સમય રહીને નિયમથી નષ્ટ થઈ જવાની છે તેના નિમિત્તે મનુષ્યોએ બીજા પ્રાણીઓને કષ્ટ ન પહોંચાડવું જોઇએ. પણ પોતાની જાતને ય નશ્વર સમજીને કલ્યાણના માર્ગમાં લાગી જવું જોઇએ. ૪૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

मृत्योर्गोचरमागते निजजने मोहेन यः शोककृत्
नो गन्धोऽपि गुणस्य तस्य बहवो दोषाः पुनर्निश्चितम् ।
दुःखं वर्धत एव नश्यति चतुर्वर्गो मतेर्विभ्रमः
पापं रुक् च मृतिश्च दुर्गतिरथ स्याद्दीर्घसंसारिता ।।४५।।

**અનુવાદ:**—પોતાના કોઈ સંબંધી પુરુષનું મૃત્યુ થતાં જે અજ્ઞાન વશે શોક કરે છે તેની પાસે ગુણની ગંધ (લેશ માત્ર) પણ નથી, પરંતુ દોષ તેની પાસે ઘણા છે; એ નક્કી છે. આ શોકથી તેનું દુઃખ અધિક વધે છે; ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થ નષ્ટ થાય છે; બુદ્ધિમાં વિપરીતતા આવે છે તથા પાપ (અશાતાવેદનીય) કર્મનો બંધ પણ થાય છે, રોગ ઉત્પન્ન થાય છે અને અંતે મરણ પામીને તે નરકાદિ દુર્ગતિ પામે છે. આ રીતે તેનું સંસાર પરિભ્રમણ લાંબુ થઈ જાય છે. ૪૫.

( आर्या )

आपन्मयसंसारे क्रियते विदुषा किमापदि विषादः ।
कस्त्रस्यति लङ्घनतः प्रविधाय चतुष्पथे सदनम् ।।४६।।

**અનુવાદ:**—આ આપત્તિ સ્વરૂપ સંસારમાં કોઈ વિશેષ આપત્તિ પ્રાપ્ત થતાં વિદ્વાન્ મનુષ્ય શું ખેદ કરે છે? અર્થાત્ નથી કરતો. બરાબર છે-ચોકમાં (જ્યાં ચારે તરફ રસ્તા જાય છે) મકાન બનાવીને કયો મનુષ્ય ઓળંગી જવાના ભયથી દુઃખી થશે? અર્થાત્ કોઈ નહિ થાય.

**વિશેષાર્થ:**—જેવી રીતે ચોકમાં સ્થિત રહીને જો કોઈ મનુષ્ય ગાડી આદિ દ્વારા કચરાઈ જવાની આશંકા કરે તો એ તેનું અજ્ઞાન જ કહેવાય છે. બરાબર એ જ રીતે જ્યાં સંસારનું સ્વરૂપ જ આપત્તિમય છે ત્યાં ભલા એવા સંસારમાં રહીને કોઈ આપત્તિ આવતાં ખેદખિન્ન થવું, એ પણ અતિશય અજ્ઞાનપણાનું જ દ્યોતક છે. ૪૬.

( वसंततिलका )

वातूल एष किमु किं ग्रहसंगृहीतो
भ्रान्तोऽथ वा किमु जनः किमथ प्रमत्तः ।
जानाति पश्यति शृणोति च जीवितादि
विद्युच्चलं तदपि नो कुरुते स्वकार्यम् ।।४७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—આ મનુષ્ય શું વાનો રોગી છે, શું ભૂત–પિશાચ આદિથી ગ્રહાયો છે, શું ભ્રાન્તિ પામ્યો છે અથવા શું પાગલ છે? કારણ કે તે 'જીવન આદિ વીજળી સમાન ચંચળ છે' આ વાત જાણે છે, દેખે છે અને સાંભળે પણ છે; તો પણ પોતાનું કાર્ય (આત્મહિત) કરતો નથી. ૪૭.

( शार्दूलविक्रीड़ित )

**दत्तं नौषधमस्य नैव कथितः कस्याप्ययं मन्त्रिणो**
**नो कुर्याच्छुचमेवमुन्नतमतिर्लोकान्तरस्थे निजे।**
**यत्ना यान्ति यतो ऽङ्गिनः शिथिलतां सर्वे मृतेः संनिधौ**
**बन्धाश्चर्मविनिर्मिताः परिलसद्वर्षाम्बुसिक्ता इव ॥४८॥**

**અનુવાદઃ**—કોઈ પ્રિય જન મરણ પામતાં વિવેકી મનુષ્ય 'આને દવા આપવામાં ન આવી અથવા આના વિષયમાં કોઈ મંત્ર જાણનારને કહેવામાં ન આવ્યું' એ પ્રકારે શોક કરતા નથી. કારણ કે મૃત્યુ પાસે આવતાં પ્રાણીઓના બધા પ્રયત્નો એવી રીતે શિથિલ થઈ જાય છે જેમ ચામડાના બનાવેલા બંધન વરસાદના પાણીમાં ભીંજાઈને શિથિલ થઈ જાય છે. અર્થાત્ મૃત્યુથી બચવા માટે કરવામાં આવતો પ્રયત્ન કદી કોઈનો સફળ થતો નથી. ૪૮.

( शिखरणी )

**स्वकर्मव्याघ्रेण स्फुरितनिजकालादिमहसा**
**समाघ्रातः साक्षाच्छरणरहिते संसृतिवने।**
**प्रिया मे पुत्रा मे द्रविणमपि मे मे गृहमिदं**
**वदन्नेवं मे मे पशुरिव जनो याति मरणम् ॥४९॥**

**અનુવાદ:**—જે સંસારરૂપી વન રક્ષકો રહિત છે તેમાં પોતાના ઉદયકાળ આદિરૂપ પરાક્રમથી સંયુક્ત એવા કર્મરૂપી વાઘ દ્વારા ગ્રહાયેલ આ મનુષ્યરૂપી પશુ 'આ પ્રિયા મારી છે, આ પુત્ર મારા છે. આ દ્રવ્ય મારું છે, અને આ ઘર પણ મારું છે' આમ 'મારૂં મારૂં' કહેતો મરણ પામી જાય છે.

**વિશેષાર્થ:**—જેવી રીતે વનમાં ગંધ પામીને ચિત્તા દ્વારા પકડાયેલ બકરા વગેરે પશુનું રક્ષણ કરનાર ત્યાં કોઈ નથી–તે 'મેં મેં' શબ્દ કરતા થકા ત્યાં જ મરણ પામે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે-તેવી જ રીતે આ સંસારમાં કર્મને આધીન થયેલ પ્રાણીનું પણ મૃત્યુથી રક્ષણ કરનાર કોઈ નથી. છતાં પણ મોહને વશીભૂત થઈને આ મનુષ્ય તે મૃત્યુ તરફ ધ્યાન ન દેતાં જે સ્ત્રી-પુત્રાદિ બાહ્ય પદાર્થ કદી પોતાના થઈ શકતા નથી તેમનામાં મમત્વ બુદ્ધિ રાખીને 'મારા મારા' (આ મારી સ્ત્રી છે, આ પુત્ર મારા છે આદિ) કરતો થકો નકામો સંક્લેશ પામે છે. ૪૯.

दिनानि खण्डानि गुरूणि मृत्युना
विहन्यमानस्य निजायुषो भृशम् ।
पतन्ति पश्यन्नपि नित्यमग्रतः स्थिर-
त्वमात्मन्यभिमन्यते जडः ।।५०।।

**અનુવાદઃ**—આ અજ્ઞાની પ્રાણી મૃત્યુ દ્વારા ખંડિત કરાતા પોતાના આયુષ્યના દિવસો રૂપી દીર્ઘ ટૂકડાઓને સદા પોતાની સામે પડતા જોવા છતાં પણ પોતાને સ્થિર માને છે. ૫૦.

( शार्दूलविक्रीड़ित )

कालेन प्रलयं व्रजन्ति नियतं ते ऽपीन्द्रचन्द्रादयः
का वार्तान्यजनस्य कीटसदृशो ऽशक्तेरदीर्घायुषः ।
तस्मान्मृत्युमुपागते प्रियतमे मोहं मुधा मा कृथाः
कालः क्रीडति नात्र येन सहसा तत्किंचिदन्विष्यताम् ।।५१।।

**અનુવાદઃ**—જો તે ઇન્દ્ર અને ચંદ્ર આદિ પણ સમય પામીને નિશ્ચયથી મરણ પામે છે તો ભલા કીડા જેવા નિર્બળ અને અલ્પ આયુવાળા અન્ય મનુષ્યોની તો વાત જ શી? અર્થાત્ તે તો નિઃસંદેહ મરણ પામશે જ તેથી હે ભવ્ય જીવ! કોઈ અત્યંત પ્રિય મનુષ્ય મરણ પામતાં વ્યર્થ મોહ ન કર. પરંતુ કોઈ એવો ઉપાય શોધ કે જેથી તે કાળ (મૃત્યુ) સહસા અહીં ક્રીડા ન કરી શકે. ૫૧.

( शार्दूलविक्रीड़ित )

संयोगो यदि विप्रयोगविधिना चेज्जन्म तन्मृत्युना
सम्पच्चेद्विपदा सुखं यदि तदा दुःखेन भाव्यं ध्रुवम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संसारेऽत्र मुहुर्मुहुर्बहुविधावस्थान्तरप्रोल्लसद्-
वेषान्यत्वनटीकृताङ्गिनि सतः शोको न हर्षः क्वचित् ॥५२॥

**અનુવાદઃ**—જ્યાં પ્રાણી વારંવાર અનેક પ્રકારની અવસ્થાઓરૂપ વેશોની ભિન્નતાથી નટ સમાન આચરણ કરે છે એવા તે સંસારમાં જો ઇષ્ટનો સંયોગ થાય છે તો વિયોગ પણ તેનો અવશ્ય થવો જોઇએ, જો જન્મ છે તો મૃત્યુ પણ અવશ્ય હોવું જોઇએ, જો સંપત્તિ છે તો વિપત્તિ પણ અવશ્ય હોવી જોઇએ, તથા જો સુખ છે તો દુઃખ પણ અવશ્ય હોવું જોઇએ. તેથી સજ્જન મનુષ્યે ઇષ્ટસંયોગાદિ થતાં તો હર્ષ અને ઇષ્ટવિયોગાદિ થતાં શોક પણ ન કરવો જોઇએ.

**વિશેષાર્થઃ**—જેમ નટ (નાટકનું પાત્ર) આવશ્યકતા પ્રમાણે રાજા અને રંક આદિ અનેક પ્રકારના વેશોનું તો ગ્રહણ કરે છે; પરંતુ તે સંયોગ અને વિયોગ, જન્મ અને મરણ, સંપત્તિ અને વિપત્તિ તથા સુખ અને દુઃખ આદિમાં અંતઃકરણપૂર્વક હર્ષ અને વિષાદ પામતો નથી. કારણ કે તે પોતાની યથાર્થ અવસ્થા અને ગ્રહણ કરેલા તે કૃત્રિમ વેશોમાં તફાવત સમજે છે. તેવી જ રીતે વિવેકી મનુષ્ય પણ ઉપર્યુક્ત સંયોગ–વિયોગ અને નર–નારકાદિ અવસ્થાઓમાં કદી હર્ષ અને વિષાદ પામતો નથી. કારણ કે તે સમજે છે કે સંસારનું સ્વરૂપ જ જન્મ–મરણ છે. એમાં પૂર્વોપાર્જિત કર્મ અનુસાર પ્રાણીઓને કદી ઇષ્ટનો સંયોગ અને કદી તેનો વિયોગ પણ અવશ્ય થાય છે. સંપત્તિ અને વિપત્તિ કદી કોઇના નિયત નથી. જો મનુષ્ય કોઈ વાર સંપત્તિશાળી થાય છે તો કોઈ વાર તે અશુભ કર્મના ઉદયથી વિપત્તિગ્રસ્ત પણ જોવામાં આવે છે. તેથી તેમાં હર્ષ અને વિષાદ પામવો બુદ્ધિમત્તા નથી. ૫૨.

( शार्दूलविक्रीड़ित )

लोकाश्चेतसि चिन्तयन्त्यनुदिनं कल्याणमेवात्मनः
कुर्यात्सा भवितव्यतागतवती तत्तत्र यद्रोचते ।
मोहोल्लासवशादतिप्रसरतो हित्वा विकल्पान् बहून्
रागद्वेषविषोज्झितैरिति सदा सद्भिः सुखं स्थीयताम् ॥५३॥

**અનુવાદઃ**—મનુષ્ય મનમાં પ્રતિદિન પોતાના કલ્યાણનો જ વિચાર કરે છે, પરંતુ આવેલી ભવિતવ્યતા (દૈવ) તે જ કરે છે કે જે તેને રુચે છે. તેથી સજ્જન પુરુષ રાગ–દ્વેષરૂપી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષ રહિત થઈને મોહના પ્રભાવથી અતિશય વિસ્તાર પામતા અનેક વિકલ્પોનો ત્યાગ કરીને સદા સુખપૂર્વક સ્થિતિ કરો. ૫૩.

( वसंततिलका )

लोका गृहप्रियतमासुतजीवितादि
वाताहतध्वजपटाग्रचलं समस्तम् ।
व्यामोहमत्र परिहृत्य धनादिमित्र
धर्मे मतिं कुरुत किं बहुभिर्वचोभिः ॥५४॥

**અનુવાદઃ**— હે ભવ્ય જનો! અધિક કહેવાથી શું લાભ? જે ગૃહ, સ્ત્રી, પુત્ર અને જીવનાદિ સર્વ પવનથી પ્રતાડિત ધજાના વસ્ત્રના છેડા સમાન ચંચળ છે તેમના વિષયમાં તથા ધન અને મિત્ર આદિના વિષયમાં મોહ છોડીને ધર્મમાં બુદ્ધિ જોડો. ૫૪.

( वसंततिलका )

पुत्रादिशोकशिखिशान्तिकरी यतीन्द्र
श्रीपद्मनन्दिवदनाम्बुधरप्रसूतिः ।
सद्बोधसस्यजननी जयतादनित्य
पञ्चाशदुन्नतधियाममृतैक वृष्टिः ॥५५॥

इति अनित्यपञ्चाशत् ॥ ३ ॥

**અનુવાદઃ**—શ્રી પદ્મનન્દિ મુનીંદ્રના મુખરૂપી મેઘથી ઉત્પન્ન થયેલ જે અનિત્યપંચાશત્ (પચાસ શ્લોકમય અનિત્યતાનું પ્રકરણ) રૂપ અદ્વિતીય અમૃતની વર્ષા વિદ્વાનોને માટે પુત્રાદિના શોકરૂપી અગ્નિને શાન્ત કરીને સમ્યગ્જ્ઞાનરૂપ ધાન્ય ઉત્પન્ન કરે છે તે જયવંત હો. ૫૫.

આ રીતે અનિત્યપંચાશત્ સમાપ્ત થયું. ૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૪. એકત્વસપ્તતિ

## [ ४. एकत्वसप्तति ]

( अनुष्टुप )

चिदानन्दैकसद्भावं परमात्मानमव्ययम् ।
प्रणमामि सदा शान्तं शान्तये सर्वकर्मणाम् ॥१॥

**અનુવાદ:**—જે પરમાત્મામાં ચેતનસ્વરૂપ અનુપમ આનંદનો સદ્ભાવ છે તથા જે અવિનશ્વર અને શાન્ત છે તેમને હું (પદ્મનન્દીમુનિ) પોતાના સમસ્ત કર્મો શાન્ત કરવા માટે સદા નમસ્કાર કરૂં છું. ૧.

( अनुष्टुप )

खादिपञ्चकनिर्मुक्तं कर्माष्टकविवर्जितम् ।
चिदात्मकं परं ज्योतिर्वन्दे देवेन्द्रपूजितम् ॥२॥

**અનુવાદ:**—જે આકાશાદિ પાંચ (આકાશ, વાયુ, અગ્નિ, જળ, અને પૃથ્વી) દ્રવ્યોથી અર્થાત્ શરીરથી તથા જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી પણ રહિત થયેલ છે અને દેવોના ઇન્દ્રોથી પૂજ્ય છે એવી તે ચૈતન્યસ્વરૂપ ઉત્કૃષ્ટ જ્યોતિને હું નમસ્કાર કરૂં છું. ૨.

( अनुष्टुप )

यदव्यक्तमबोधानां व्यक्तं सद्बोधचक्षुषाम् ।
सारं यत्सर्ववस्तूनां नमस्तस्मै चिदात्मने ॥३॥

**અનુવાદ:**—જે ચેતન આત્મા અજ્ઞાની પ્રાણીઓને અસ્પષ્ટ તથા સમ્યગ્જ્ઞાનીઓને સ્પષ્ટ છે અને સમસ્ત વસ્તુઓમાં શ્રેષ્ઠ છે તે ચેતન આત્માને નમસ્કાર હો. ૩

( अनुष्टुप )

चित्तत्वं तत्प्रतिप्राणिदेह एव व्यवस्थितम् ।
तमश्छन्ना न जानन्ति भ्रमन्ति च बहिर्बहिः ॥४॥

**અનુવાદ:**—તે ચૈતન્ય તત્ત્વ પ્રત્યેક પ્રાણીના શરીરમાં જ સ્થિત છે. પરંતુ અજ્ઞાનરૂપ અંધકારથી વ્યાપ્ત જીવ તેને જાણતા નથી, તેથી તેઓ બહારને બહાર ઘૂમે છે અર્થાત્

વિષયભોગજનિત સુખને જ વાસ્તવિક સુખ માનીને તેને પ્રાપ્ત કરવા માટે જ પ્રયત્નશીલ રહે છે. ૪.

( अनुष्टुप )

**भ्रमन्तो ऽपि सदा शास्त्रजाले महति केचन ।**
**न विदन्ति परं तत्त्वं दारुणीव हुताशनम् ॥५॥**

**અનુવાદ:**—કેટલાય મનુષ્યો સદા મહાન્ શાસ્ત્રસમૂહમાં પરિભ્રમણ કરતાં હોવા છતાં પણ, અર્થાત્ અનેક શાસ્ત્રોનું પરિશીલન કરતા હોવા છતાં તે ઉત્કૃષ્ટ આત્મતત્ત્વને લાકડામાં શક્તિરૂપે વિદ્યમાન અગ્નિ સમાન જાણતા નથી. ૫.

( अनुष्टुप )

**केचित्केनापि कारुण्यात्कथ्यमानमपि स्फुटम् ।**
**न मन्यन्ते न शृण्वन्ति महामोहमलीमसाः ॥६॥**

**અનુવાદ:**—જો કોઈ દયાથી પ્રેરાઈને તે ઉત્કૃષ્ટ તત્ત્વનું સ્પષ્ટપણે કથન કરે છે તો પણ કેટલાય પ્રાણીઓ મહામોહથી મલીન થઈને તેને માનતા ય નથી અને સાંભળતા ય નથી. ૬.

( अनुष्टुप )

**भूरिधर्मात्मकं तत्त्वं दुःश्रुतेर्मन्दबुद्धयः ।**
**जात्यन्धहस्तिरूपेण ज्ञात्वा नश्यन्ति केचन ॥७॥**

**અનુવાદ:**—જેમ જન્માંધ મનુષ્ય હાથીનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ કરી શકતો નથી, પરંતુ તેના કોઈ એક જ અંગને પકડીને તેને જ હાથી માની લે છે બરાબર એવી જ રીતે કેટલાય મંદબુદ્ધિ મનુષ્યો એકાંતવાદીઓ દ્વારા પ્રકાશિત ખોટા શાસ્ત્રોના અભ્યાસથી પદાર્થને સર્વથા એકરૂપ જ માનીને તેના અનેક ધર્માત્મક (અનેકાન્તાત્મક) સ્વરૂપને જાણતા નથી અને તેથી તે વિનાશ પામે છે.

**વિશેષાર્થ:**—જેવી રીતે એક જ પુરુષમાં પિતૃત્વ, પુત્રત્વ, ફુવાપણું, મામાપણું વગેરે અનેક ધર્મ ભિન્ન ભિન્ન અપેક્ષાએ રહે છે તથા અપેક્ષાકૃત હોવાથી તેમનામાં પરસ્પર કોઈ પ્રકારનો વિરોધ પણ આવતો નથી. એવી જ રીતે પ્રત્યેક પદાર્થમાં અનેક ધર્મ રહે છે. પરંતુ કેટલાય એકાન્તવાદી તેમની અપેક્ષાકૃત સત્યતા ન સમજતાં તેમનામાં પરસ્પર વિરોધ બતાવે છે. તેમનું કહેવું એમ છે કે જેવી રીતે કોઈ એક જ પદાર્થમાં એક સાથે શીત-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણું અને ઉષ્ણપણું આ બન્ને ધર્મ રહી શકતા નથી તેવી જ રીતે એક જ પદાર્થમાં નિત્ય-પણું-અનિત્યપણું, પૃથકત્વ-અપૃથકત્વ તથા એકત્વ-અનેકત્વ આદિ પરસ્પર વિરોધી ધર્મ પણ એક સાથે રહી શકતા નથી. પરંતુ જો આના ઉપર ગંભીર દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો ઉક્ત ધર્મો રહેવામાં કોઈ પ્રકારનો વિરોધ પ્રતિભાસતો નથી. જેમ-કોઈ એક જ પુરુષમાં પોતાના પુત્રની અપેક્ષાએ પિતાપણું અને પિતાની અપેક્ષાએ પુત્રપણું આ બન્ને વિરોધી ધર્મ રહેવામાં, એક જ વસ્તુમાં શીતપણું અને ઉષ્ણપણું રહેવામાં જે વિરોધ બતાવવામાં આવે છે તેમાં પ્રત્યક્ષરૂપે બાધા આવે છે કેમકે ચિંપિયા આદિમાં એક સાથે તે બન્ને (આગલા ભાગની અપેક્ષાએ ઉષ્ણપણું અને પાછલા ભાગની અપેક્ષાએ શીત-પણું) ધર્મ પ્રત્યક્ષપણે જોવામાં આવે છે. એ જ રીતે ઘટ-પટાદિ બધા પદાર્થોમાં દ્રવ્યની અપેક્ષાએ નિત્યપણું અને પર્યાયની અપેક્ષાએ અનિત્યપણું આદિ પરસ્પર વિરોધી દેખાતા ધર્મ પણ પ્રાપ્ત થાય છે. કારણ કે જ્યારે ઘડાનો નાશ થાય છે ત્યારે તે કાંઈ નિરન્વય નાશ થતો નથી. પરંતુ જે પુદ્‌ગલ દ્રવ્ય ઘટ પર્યાયમાં હતું તેનું પુદ્‌ગલપણું તે નષ્ટ થઈ જતાં ઉત્પન્ન થયેલ ઠીકરાઓમાં પણ ટકી રહે છે. તેથી પર્યાયની અપેક્ષાએ જ તેનો નાશ કહે-વાશે નહિ કે પુદ્‌ગલ દ્રવ્યની અપેક્ષાએ પણ. એવી જ રીતે અન્ય ધર્મોના સંબંધમાં પણ સમજવું જોઈએ. આ રીતે જે જડબુદ્ધિ પદાર્થમાં અનેક ધર્મો પ્રતીતિસિદ્ધ હોવા છતાં પણ તેમનામાંથી કોઈ એક જ ધર્મનો દુરાગ્રહ વશ થઈને સ્વીકાર કરે છે તેઓ પોતે જ પોતાનું અહિત કરે છે. ૭.

( अनुष्टुप )

**केचित् किंचित्परिज्ञाय कुतश्चिद्गर्विताशयाः ।**
**जगन्मन्दं प्रपश्यन्तो नाश्रयन्ति मनीषिणः ॥८॥**

**અનુવાદઃ**—કેટલાય જીવ કોઈ શાસ્ત્ર આદિના નિમિત્તે કાંઈક થોડું એક જ્ઞાન મેળ-વીને એટલા બધા અભિમાની થઈ જાય છે કે તે બધા લોકોને મૂર્ખ સમજીને અન્ય કોઈ પણ વિશિષ્ટ વિદ્વાનોનો આશ્રય લેતા નથી. ૮.

( अनुष्टुप )

**जन्तुमुद्धरते धर्मः पतन्तं दुःखसंकटे ।**
**अन्यथा स कृतो भ्रान्त्या लोकैर्ग्राह्यः परीक्षितः ॥९॥**

**અનુવાદઃ**—દુઃખરૂપ સંકુચિત માર્ગમાં (ખાડામાં) પડતા પ્રાણીનું રક્ષણ ધર્મ જ કરે છે. પરંતુ બીજાઓએ એનું સ્વરૂપ ભ્રાંતિવશ થઈને વિપરીત કરી દીધું છે. તેથી મનુષ્યોએ તેનું (ધર્મનું) પરીક્ષાપૂર્વક ગ્રહણ કરવું જોઈએ. ૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनुष्टुप )

**सर्वविद्वीतरागोक्तो धर्मः सूनृततां व्रजेत् ।**
**प्रामाण्यतो यतः पुंसो वाचः प्रामाण्यमिष्यते ॥१०॥**

**અનુવાદઃ**—જે ધર્મ સર્વજ્ઞ અને વીતરાગ દ્વારા કહેવામાં આવ્યો હોય તે જ યથાર્થપણાને પ્રાપ્ત થઈ શકે છે, કેમ કે પુરુષની પ્રમાણતાથી જ વચનમાં પ્રમાણતા માનવામાં આવે છે.

**વિશેષાર્થઃ**—વચનમાં અસત્યપણું કાં તો અલ્પજ્ઞતાને કારણે હોય છે અથવા તો પછી હૃદય રાગ-દ્વેષથી દૂષિત હોવાના કારણે. તેથી જે પુરુષ અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ સહિત છે તેનો કહેલો ધર્મ પ્રમાણ હોઈ શકે નહિ. પરંતુ જે પુરુષ સર્વજ્ઞ હોવાની સાથોસાથ રાગ-દ્વેષથી રહિત પણ થઈ ગયા છે તેમનો જ કહેલો ધર્મ પ્રમાણ માની શકાય છે. ૧૦.

( अनुष्टुप )

**बहिर्विषयसंबंधः सर्वः सर्वस्य सर्वदा ।**
**अतस्तद्भिन्नचैतन्यबोधयोगौ तु दुर्लभौ ॥११॥**

**અનુવાદઃ**—બધા બાહ્ય વિષયોનો સંબંધ બધા પ્રાણીઓને અને તે પણ સદા કાળ રહે છે. પરંતુ તેનાથી ભિન્ન ચૈતન્ય અને સમ્યગ્જ્ઞાનનો સંબંધ એ બન્ને દુર્લભ છે. ૧૧.

( अनुष्टुप )

**लब्धिपञ्चकसामग्रीविशेषात्पात्रतां गतः ।**
**भव्यः सम्यग्दृगादीनां यः स मुक्तिपथे स्थितः ॥१२॥**

**અનુવાદઃ**—જે ભવ્યજીવ ક્ષયોપશમ, વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય અને કરણ આ પંચ લબ્ધિઓ રૂપ વિશેષ સામગ્રીથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય ધારણ કરવાને યોગ્ય બની ગયો છે તે મોક્ષમાર્ગમાં સ્થિત થઈ ગયો છે.

**વિશેષાર્થઃ**—પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ જે પાંચ લબ્ધિઓ દ્વારા થાય છે તેમનું સ્વરૂપ આ રીતે છે.

**૧. ક્ષયોપશમ લબ્ધિ**-જ્યારે પૂર્વસંચિત કર્મોના અનુભાગ સ્પર્ધકો વિશુદ્ધિ દ્વારા પ્રત્યેક સમયે ઉત્તરોત્તર અનંતગુણા હીન થતા થકા ઉદીરણાને પ્રાપ્ત થાય છે ત્યારે ક્ષયોપશમ લબ્ધિ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૨. વિશુદ્ધિલબ્ધિ**–પ્રતિસમય અનંતગુણી હીનતાના ક્રમથી ઉદીરણાને પ્રાપ્ત કરાવવામાં આવેલા અનુભાગ સ્પર્ધકોથી ઉત્પન્ન થયેલ જે જીવના પરિણામ શાતા વેદનીય આદિ પુણ્ય પ્રકૃતિઓના બંધનું કારણ તથા અશાતા વેદનીય આદિ પાપ પ્રકૃતિઓના અબંધનું કારણ થાય છે તેને વિશુદ્ધિ કહે છે. આ વિશુદ્ધિની પ્રાપ્તિનું નામ વિશુદ્ધિલબ્ધિ છે.

**૩. દેશનાલબ્ધિ**–જીવાદિ છ દ્રવ્ય તથા નવ પદાર્થોના ઉપદેશને દેશના કહેવામાં આવે છે. તે દેશનામાં લીન થયેલ આચાર્ય આદિની પ્રાપ્તિને તથા તેમના દ્વારા ઉપદિષ્ટ પદાર્થના ગ્રહણ, ધારણ અને વિચાર કરવાની શક્તિની પ્રાપ્તિને પણ દેશનાલબ્ધિ કહે છે.

**૪. પ્રાયોગ્ય લબ્ધિ**–બધા કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો ઘાત કરીને તેને અંતઃકોડાકોડી માત્ર સ્થિતિમાં સ્થાપિત કરવાને તથા ઉક્ત સર્વ કર્મોના ઉત્કૃષ્ટ અનુભાગનો ઘાત કરીને તેને દ્વિસ્થાનીય (ઘાતિયા કર્મોને લતા અને લાકડારૂપ તથા અન્ય પાપ પ્રકૃતિઓને લીંબડા અને કાંજી રૂપ) અનુભાગમાં સ્થાપિત કરવાને પ્રાયોગ્યલબ્ધિ કહેવામાં આવે છે.

**૫.** અધઃપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ ત્રણ પ્રકારના પરિણામોની પ્રાપ્તિને **કરણલબ્ધિ** કહે છે. જે પરિણામોમાં ઉપરિતનસમયવર્તી પરિણામ અધસ્તનસમયવર્તી પરિણામોના સમાન હોય છે તેમને અધઃપ્રવૃત્તકરણ કહેવામાં આવે છે. (વિશેષ જાણવા માટે જુઓ ષટ્ખણ્ડાગમ પુ. ૬, પૃ. ૨૧૪ વગેરે). પ્રત્યેક સમયે ઉત્તરોત્તર જે અપૂર્વ અપૂર્વ પરિણામ થાય છે તે અપૂર્વકરણ પરિણામ કહેવાય છે. આમાં ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ સર્વથા વિસદૃશ અને એક સમયવર્તી જીવોના પરિણામ સદૃશ અને વિસદૃશ પણ હોય છે. જે પરિણામ એક સમયવર્તી જીવોના સર્વથા સદૃશ તથા ભિન્ન સમયવર્તી જીવોના સર્વથા વિસદૃશ જ હોય છે તેમને અનિવૃત્તિકરણ પરિણામ કહેવામાં આવે છે. પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ આ ત્રણ પ્રકારના પરિણામોના અંતિમ સમયે થાય છે. ઉપર્યુક્ત પાંચ લબ્ધિઓમાં પૂર્વની ચાર લબ્ધિઓ ભવ્ય અને અભવ્ય બન્નેને ય સમાનરૂપે થાય છે. પરંતુ પાંચમી કરણલબ્ધિ સમ્યક્ત્વ સન્મુખ થયેલા ભવ્ય જીવને જ હોય છે. ૧૨.

(अनुष्टुप)

**सम्यग्दृग्बोधचारित्रत्रितयं मुक्तिकारणम् ।**
**मुक्तावेव सुखं तेन तत्र यत्नो विधीयताम् ॥१३॥**

**અનુવાદઃ**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણે એકત્રિત રૂપે મોક્ષનાં કારણ છે. અને વાસ્તવિક સુખ તે મોક્ષમાં જ છે. તેથી તે મોક્ષના વિષયમાં પ્રયત્ન કરવો જોઈએ. ૧૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनुष्टुप )

**दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते ।**
**स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ॥१४॥**

**અનુવાદ:**—આત્માના વિષયમાં જે નિશ્ચય થઈ જાય છે તેને સમ્યગ્દર્શન, તે આત્માનું જે જ્ઞાન થાય છે તેને સમ્યગ્જ્ઞાન તથા તે જ આત્મામાં સ્થિર થવાને સમ્યક્‌ચારિત્ર કહેવામાં આવે છે. આ ત્રણેનો સંયોગ મોક્ષનું કારણ થાય છે. ૧૪.

( अनुष्टुप )

**एकमेव हि चैतन्यं शुद्धनिश्चयतोऽथवा ।**
**को ऽवकाशो विकल्पानां तत्राखण्डैकवस्तुनि ॥१५॥**

**અનુવાદ:**—અથવા શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ આ (સમ્યગ્દર્શનાદિ) ત્રણે એક ચૈતન્યસ્વરૂપ જ છે. કારણ કે તે અખંડ એક વસ્તુ (આત્મા)માં ભેદોને સ્થાન જ ક્યાં છે?

**વિશેષાર્થ:**—ઉપર જે સમ્યગ્દર્શન આદિનું પૃથક્ પૃથક્ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે તે વ્યવહારનયની અપેક્ષાએ છે. શુદ્ધ નિશ્ચયનયથી તે ત્રણેમાં કોઈ ભેદ નથી કારણ કે તે ત્રણેય અખંડ આત્માથી અભિન્ન છે. તેથી તેમનામાં ભેદની કલ્પના પણ થઈ શકતી નથી. ૧૫.

( अनुष्टुप )

**प्रमाणनयनिक्षेपा अर्वाचीने पदे स्थिताः ।**
**केवले च पुनस्तस्मिंस्तदेकं प्रतिभासते ॥१६॥**

**અનુવાદ:**—પ્રમાણ, નય અને નિક્ષેપ એ અર્વાચીન પદમાં સ્થિત છે અર્થાત્ જ્યારે વ્યવહારનયની મુખ્યતાથી વસ્તુનું વિવેચન કરવામાં આવે છે ત્યારે જ તેમનો ઉપયોગ થાય છે. પરંતુ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિમાં કેવળ એક શુદ્ધ આત્મા જ પ્રતિભાસિત થાય છે. ત્યાં તે ઉપર્યુક્ત સમ્યગ્દર્શનાદિ ત્રણે પણ અભેદરૂપમાં એક જ પ્રતિભાસિત થાય છે. ૧૬.

( अनुष्टुप )

**निश्चयैकदृशा नित्यं तदेवैकं चिदात्मकम् ।**
**प्रपश्यामि गतभ्रान्तिर्व्यवहारदृशा परम् ॥१७॥**

**અનુવાદ:**—હું નિશ્ચયનય રૂપ અનુપમ નેત્રથી સદા ભ્રાંતિથી રહિત થઈને તે જ એક ચૈતન્ય સ્વરૂપને દેખું છું. પરંતુ વ્યવહારનયરૂપ નેત્રથી ઉક્ત સમ્યગ્દર્શનાદિ પૃથક્ પૃથક્ સ્વરૂપે દેખું છું. ૧૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनुष्टुप)

अजमेकं परं शान्तं सर्वोपाधिविवर्जितम् ।
आत्मानमात्मना ज्ञात्वा तिष्ठेदात्मनि यः स्थिरः ॥१८॥

( अनुष्टुप )

स एवामृतमार्गस्थः स एवामृतमश्नुते ।
स एवार्हन् जगन्नाथः स एव प्रभुरीश्वरः ॥१९॥

**અનુવાદ:**—જે મહાત્મા જન્મ-મરણ રહિત, એક, ઉત્કૃષ્ટ, શાન્ત અને સર્વ પ્રકારના વિશેષણો રહિત આત્માને આત્મા દ્વારા જાણીને તે જ આત્મામાં સ્થિર રહે છે, તે જ અમૃત અર્થાત્ મોક્ષના માર્ગે સ્થિત થાય છે, તે જ મોક્ષપદને પ્રાપ્ત કરે છે તથા તે જ અર્હંત, ત્રણે લોકના સ્વામી, પ્રભુ અને ઈશ્વર કહેવાય છે. ૧૮-૧૯.

( अनुष्टुप )

केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः ।
तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम् ॥२०॥

**અનુવાદ:**—કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત સુખસ્વરૂપ જે તે ઉત્કૃષ્ટ તેજ છે તેને જાણતાં બીજું શું ન જણાયું ? તેને દેખી લેતાં બીજું શું ન દેખવામાં આવ્યું અને તેને સાંભળતાં બીજું શું ન સાંભળવામાં આવ્યું ? અર્થાત્ એક માત્ર તેને જાણી લેતાં બધું જ જણાઈ ગયું છે, તેને દેખી લેતાં બધું જ દેખવામાં આવી ગયું છે અને તેને સાંભળી લેતાં બધું જ સાંભળી લીધું છે. ૨૦.

( अनुष्टुप )

इति ज्ञेयं तदेवैकं श्रवणीयं तदेव हि ।
द्रष्टव्यं च तदेवैकं नान्यन्निश्चयतो बुधैः ॥२१॥

**અનુવાદ:**—આ કારણે વિદ્વાન્ મનુષ્યોએ નિશ્ચયથી તે જ એક ઉત્કૃષ્ટ આત્મતેજ જાણવા યોગ્ય છે, તે જ એક સાંભળવા યોગ્ય છે તથા તે જ એક દેખવા યોગ્ય છે; તેનાથી ભિન્ન અન્ય કાંઈ પણ ન જાણવા યોગ્ય છે, ન સાંભળવા યોગ્ય છે અને ન દેખવા યોગ્ય છે. ૨૧.

( अनुष्टुप )

गुरूपदेशतोऽभ्यासाद्वैराग्यादुपलभ्य यत् ।
कृतकृत्यो भवेद्योगी तदेवैकं न चापरम् ॥२२॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—યોગીઓ ગુરુના ઉપદેશથી, અભ્યાસથી અને વૈરાગ્યથી તે જ એક આત્મતેજ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય (મુક્ત) થાય છે, નહિ કે તેનાથી ભિન્ન કોઈ અન્યને પ્રાપ્ત કરીને. ૨૨.

( अनुष्टुप )

**तत्प्रतिप्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।**
**निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ॥२३॥**

**અનુવાદઃ**—તે આત્મતેજ પ્રત્યે મનમાં પ્રેમ ધારણ કરીને જેણે તેની વાત પણ સાંભળી છે તે નિશ્ચયથી ભવ્ય છે અને ભવિષ્યમાં પ્રાપ્ત થનારી મુક્તિનું પાત્ર છે. ૨૩.

( अनुष्टुप )

**जानीते यः परं ब्रह्म कर्मणः पृथगेकताम् ।**
**गतं तद्गतबोधात्मा तत्स्वरूपं स गच्छति ॥२४॥**

**અનુવાદઃ**—જે જ્ઞાનસ્વરૂપ જીવ કર્મથી પૃથક્ થઈને અભેદ અવસ્થાને પ્રાપ્ત થઈ તે ઉત્કૃષ્ટ આત્માને જાણે છે અને તેમાં લીન થાય છે તે પોતે જ તેના સ્વરૂપને પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ પરમાત્મા બની જાય છે. ૨૪.

( अनुष्टुप )

**केनापि हि परेण स्यात्संबन्धो बन्धकारणम् ।**
**परैकत्वपदे शान्ते मुक्तये स्थितिरात्मनः ॥२५॥**

**અનુવાદઃ**—કોઈ પણ પરપદાર્થ સાથે જે સંબંધ થાય છે તે બંધનું કારણ થાય છે, પરંતુ શાન્ત અને ઉત્કૃષ્ટ એકત્વપદમાં જે આત્માની સ્થિતિ થાય છે તે મુક્તિનું કારણ થાય છે. ૨૫.

( अनुष्टुप )

**विकल्पोर्मिभरत्यक्तः शान्तः कैवल्यमाश्रितः ।**
**कर्माभावे भवेदात्मा वाताभावे समुद्रवत् ॥२६॥**

**અનુવાદઃ**—કર્મના અભાવમાં આ આત્મા વાયુના અભાવમાં સમુદ્રસમાન વિકલ્પો રૂપ લહેરોના ભારથી રહિત અને શાન્ત થઈને કૈવલ્ય અવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે.

**વિશેષાર્થઃ**—જેવી રીતે વાયુનો સંચાર ન થતાં સમુદ્ર લહરિયોથી રહિત, શાન્ત અને એકત્વ અવસ્થા યુક્ત થાય છે તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મોનો અભાવ થઈ જતાં આ આત્મા સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત, શાન્ત (ક્રોધાદિ વિકારો રહિત) અને કેવળી અવસ્થાથી યુક્ત થઈ જાય છે. ૨૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनुष्टुप )

**संयोगेन यदायातं मत्तस्तत्सकलं परम् ।**
**तत्परित्यागयोगेन मुक्तो ऽहमिति मे मतिः ॥२७॥**

**અનુવાદઃ**—સંયોગથી જે કાંઈ પણ પ્રાપ્ત થયું છે તે સર્વ મારાથી ભિન્ન છે. તેનો પરિત્યાગ કરી દેવાના સંબંધથી હું મુક્ત થઈ ગયો છું એવો મારો નિશ્ચય છે.

**વિશેષાર્થઃ**—આ પ્રાણી સ્ત્રી, પુત્ર, મિત્ર અને ધન સંપત્તિ આદિ પર પદાર્થોના સંયોગથી જ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે, તેથી ઉક્ત સંયોગનો જ પરિત્યાગ કરવો જોઇએ. એમ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે ૨૭.

( अनुष्टुप )

**किं मे करिष्यतः क्रूरौ शुभाशुभनिशाचरौ ।**
**रागद्वेषपरित्यागमहामन्त्रेण कीलितौ ॥२८॥**

**અનુવાદઃ**—જે પુણ્ય અને પાપરૂપ બન્ને દુષ્ટ રાક્ષસોને રાગ-દ્વેષના પરિત્યાગરૂપ મહામંત્ર દ્વારા કીલિત કરી દેવામાં આવ્યા છે તેઓ હવે મારું (આત્માનું) શું કરી શકશે? અર્થાત્ તેઓ કાંઇ પણ હાનિ કરી શકશે નહિ.

**વિશેષાર્થઃ**—જે પુણ્ય અને પાપરૂપ કર્મ પ્રાણીને અનેક પ્રકારનું કષ્ટ (પરતંત્રતા આદિ) આપ્યા કરે છે તેમનો બંધ રાગ અને દ્વેષના નિમિત્તે જ થાય છે. તેથી ઉક્ત રાગ-દ્વેષનો પરિત્યાગ કરી દેવાથી તેમનો બંધ સ્વયમેવ અટકી જાય છે અને આ રીતે આત્મા સ્વતંત્ર થઈ જાય છે. ૨૮.

( अनुष्टुप )

**संबन्धेऽपि सति त्याज्यौ रागद्वेषौ महात्मभिः ।**
**विना तेनापि ये कुर्युस्ते कुर्युः किं न वातुलाः ॥२९॥**

**અનુવાદઃ**—મહાત્માઓએ સંબંધ (નિમિત્ત) હોવા છતાં પણ તે રાગ-દ્વેષનો પરિત્યાગ કરવો જોઈએ. જે જીવ તે (સંબંધ) ના વિના પણ રાગ-દ્વેષ કરે છે તેઓ વાતરોગથી પિડાયેલા રોગી સમાન પોતાનું કયું અહિત નથી કરતા? અર્થાત્ તેઓ તેઓ પોતાનું સર્વ પ્રકારે અહિત કરે છે. ૨૯.

( अनुष्टुप )

**मनोवाक्कायचेष्टाभिस्तद्विधं कर्म जृम्भते ।**
**उपास्यते तदेवैकं ताभ्यो भिन्नं मुमुक्षुभिः ॥३०॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી તે પ્રકારનું અર્થાત્ તદનુસાર પુણ્ય-પાપરૂપ કર્મ વૃદ્ધિ પામે છે. માટે મુમુક્ષુઓ ઉક્ત મન-વચન-કાયાની પ્રવૃત્તિથી ભિન્ન તે જ એક આત્મતત્ત્વની ઉપાસના કર્યા કરે છે. ૩૦.

( अनुष्टुप )

**द्वैततो द्वैतमद्वैताद्द्वैतं खलु जायते।**
**लोहाल्लोहमयं पात्रं हेम्नो हेममयं यथा ॥३१॥**

**અનુવાદ:**—દ્વૈત ભાવથી નિયમથી દ્વૈત અને અદ્વૈતભાવથી અદ્વૈત ઉત્પન્ન થાય છે. જેમ લોઢામાંથી લોઢાનું અને સોનામાંથી સોનાનું જ વાસણ ઉત્પન્ન થાય છે.

**વિશેષાર્થ:**—આત્મા અને કર્મ તથા બંધ અને મોક્ષ ઇત્યાદિ પ્રકારની બુદ્ધિ તે દ્વૈતબુદ્ધિ કહેવાય છે. એવી બુદ્ધિથી દ્વૈતભાવ જ બની રહે છે કે જેથી સંસાર પરિભ્રમણ અનિવાર્ય થઈ જાય છે. પરંતુ હું એક જ છું, અન્ય બાહ્ય પદાર્થો ન મારા છે અને ન હું તેમનો છું, આ જાતની બુદ્ધિ અદ્વૈતબુદ્ધિ કહેવાય છે. આ પ્રકારના વિચારથી તે અદ્વૈતભાવ સદા જાગૃત રહે છે કે જેથી અંતે મોક્ષ પણ પ્રાપ્ત થઈ જાય છે. એના માટે અહીં એ ઉદાહરણ આપવામાં આવ્યું છે કે જેવી રીતે લોઢાની ધાતુમાંથી લોહમય અને સુવર્ણમાંથી સુવર્ણમય જ પાત્ર બને છે તેવી જ રીતે દ્વૈતબુદ્ધિથી દ્વૈતભાવ તથા અદ્વૈતબુદ્ધિથી અદ્વૈતભાવ જ થાય છે. ૩૧.

( अनुष्टुप )

**निश्चयेन तदेकत्वमद्वैतममृतं परम्।**
**द्वितीयेन कृतं द्वैतं संसृतिर्व्यवहारतः ॥३२॥**

**અનુવાદ:**—નિશ્ચયથી જે એકત્વ છે તે જ અદ્વૈત છે કે જે ઉત્કૃષ્ટ અમૃત અર્થાત્ મોક્ષસ્વરૂપ છે. પરંતુ બીજા (કર્મ કે શરીર આદિ) ના નિમિત્તે જે દ્વૈતભાવ ઉત્પન્ન થાય છે તે વ્યવહારની અપેક્ષા રાખવાથી સંસારનું કારણ થાય છે. ૩૨.

( अनुष्टुप )

**बन्धमोक्षौ रतिद्वेषौ कर्मात्मानौ शुभाशुभौ।**
**इति द्वैताश्रिता बुद्धिरसिद्धिरभिधीयते ॥३३॥**

**અનુવાદ:**—બંધ અને મોક્ષ, રાગ અને દ્વેષ, કર્મ અને આત્મા તથા શુભ અને અશુભ; આ જાતની બુદ્ધિ દ્વૈતના આશ્રયે થાય છે જે સંસારનું કારણ કહેવાય છે. ૩૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुप)

**उदयोदीरणा सत्ता प्रबन्धः खलु कर्मणः ।**
**बोधात्मधाम सर्वेभ्यस्तदेवैकं परं परम् ॥ ३४ ॥**

**અનુવાદઃ**--ઉદય, ઉદીરણા અને સત્ત્વ આ બધો નિશ્ચયથી કર્મનો વિસ્તાર છે. પરંતુ જ્ઞાનરૂપ જે આત્માનું તેજ છે તે તે બધાથી ભિન્ન, એક અને ઉત્કૃષ્ટ છે.

**વિશેષાર્થ**:--સ્થિતિ પૂર્ણ થતાં જીર્ણ થયેલું કર્મ જે ફળદાનની સન્મુખ થાય છે તેને ઉદય કહેવામાં આવે છે. ઉદયકાળ પ્રાપ્ત ન થવા છતાં પણ અપકર્ષણ દ્વારા જે કર્મ-નિષેક ઉદયમાં સ્થાપિત કરાવવામાં આવે છે, તેને ઉદીરણા કહે છે. જ્ઞાનાવરણાદિ કર્મપ્રકૃતિ-ઓના કર્મસ્વરૂપે અવસ્થિત રહેવાને સત્ત્વ કહેવામાં આવે છે. ૩૪.

(अनुष्टुप)

**क्रोधादिकर्मयोगेऽपि निर्विकारं परं महः ।**
**विकारकारिभिर्मेघैर्न विकारि नभो भवेत् ॥ ३५ ॥**

**અનુવાદઃ**--ક્રોધાદિ કર્મોનો સંયોગ થવા છતાં પણ તે ઉત્કૃષ્ટ આત્મતેજ વિકાર રહિત જ હોય છે. બરાબર પણ છે--વિકાર કરનારા વાદળાઓથી કદી આકાશ વિકારયુક્ત નથી થતું.

**વિશેષાર્થ**:--જેમ આકાશમાં વિકાર ઉત્પન્ન કરનાર વાદળાઓ રહેવા છતાં પણ તે આકાશ વિકારી થતું નથી, પરંતુ સ્વભાવથી સ્વચ્છ જ રહે છે. તેવી જ રીતે આત્મા સાથે ક્રોધાદિ કર્મોનો સંયોગ રહેવા છતાં પણ આત્મામાં વિકાર ઉત્પન્ન નથી થતો, પરંતુ તે સ્વભાવથી નિર્વિકાર જ રહે છે. ૩૫.

(अनुष्टुप)

**नामापि हि परं तस्मान्निश्चयात्तदनामकम् ।**
**जन्ममृत्यादि चाशेषं वपुर्धर्मं विदुर्बुधाः ॥३६॥**

**અનુવાદઃ**--આત્માનો વાચક શબ્દ પણ નિશ્ચયથી તેનાથી ભિન્ન છે, કેમ કે નિશ્ચય-નયની અપેક્ષાએ તે આત્મા સંજ્ઞા રહિત (અનિર્વચનીય) છે. અર્થાત્ વાચ્ય-વાચકભાવ વ્યવહારનયને આશ્રિત છે, નહિ કે નિશ્ચયનયને. વિદ્વાનો જન્મ અને મરણ આદિ બધાને શરીરનો ધર્મ સમજે છે. ૩૬.

(अनुष्टुप)

**बोधेनापि युतिस्तस्य चैतन्यस्य तु कल्पना ।**
**स च तच्च तयोरैक्यं निश्चयेन विभाव्यते ॥ ३७ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—તે ચૈતન્યનો જ્ઞાન સાથે પણ જે સંયોગ છે તે કેવળ કલ્પના છે, કેમ કે જ્ઞાન અને ચૈતન્ય આ બન્નેમાં નિશ્ચયથી અભેદ માનવામાં આવે છે. ૩૭.

(अनुष्टुप)

**क्रियाकारकसंबन्धप्रबन्धोज्झितमूर्ति यत् ।**
**एवं ज्योतिस्तदेवैकं शरण्यं मोक्षकाङ्क्षिणाम् ॥३८॥**

**અનુવાદ:**—જે આત્મજ્યોતિ ગમનાદિરૂપ ક્રિયા, કર્તા આદિ કારક અને તેમના સંબંધના વિસ્તાર રહિત છે તે જ એક માત્ર જ્યોતિ મોક્ષાભિલાષી સાધુજનોને શરણભૂત છે. ૩૮

(अनुष्टुप)

**तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम् ।**
**चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः ॥३९॥**

**અનુવાદ:**—તે જ એક આત્મજ્યોતિ ઉત્કૃષ્ટ જ્ઞાન છે, તે જ એક આત્મજ્યોતિ નિર્મળ સમ્યગ્દર્શન છે, તે જ એક આત્મજ્યોતિ ચારિત્ર છે તથા તે જ એક આત્મજ્યોતિ નિર્મળ તપ છે.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે જ્યારે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થઈ જાય છે ત્યારે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એક માત્ર આત્માનો જ અનુભવ થાય છે. તે વખતે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને તપ આદિમાં કાંઇ પણ ભેદ નથી રહેતો. એ જ રીતે જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયનો પણ કાંઇ ભેદ રહેતો નથી; કેમ કે તે વખતે તે જ એક માત્ર આત્મા જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા બની જાય છે. તેથી આ અવસ્થામાં કર્તા અને કરણ આદિ કારકોનો પણ બધો ભેદ સમાપ્ત થઇ જાય છે. ૩૯.

**नमस्यं च तदेवैकं तदेवैकं च मङ्गलम् ।**
**उत्तमं च तदेवैकं तदेव शरणं सताम् ॥४०॥**

**અનુવાદ:**—તે જ એક આત્મજ્યોતિ નમસ્કાર કરવા યોગ્ય છે, તે જ એક આત્મજ્યોતિ મંગળસ્વરૂપ છે, તે જ એક આત્મજ્યોતિ ઉત્તમ છે તથા તે જ એક આત્મજ્યોતિ સાધુઓને શરણભૂત છે.

**વિશેષાર્થ:**—"ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં. ચત્તારિ લોગુત્તમા...." ઇત્યાદિ પ્રકારે જે અરહંત, સિદ્ધ, સાધુ અને કેવળીકથિત ધર્મ આ ચારને મંગળ, લોકોત્તમ તથા શરણભૂત બતાવવામાં આવ્યા છે તે વ્યવહારનયની પ્રધાનતાથી છે. શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ તો કેવળ એક તે આત્મજ્યોતિ જ મંગળ, લોકોત્તમ અને શરણભૂત છે. ૪૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया ।
स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः ॥४१॥

**અનુવાદઃ**—પ્રમાદ રહિત થયેલ મુનિને તે જ એક આત્મજ્યોતિ–આચાર છે, તે જ એક આત્મજ્યોતિ આવશ્યક ક્રિયા છે તથા તે જ એક આત્મજ્યોતિ સ્વાધ્યાય પણ છે. ૪૧.

गुणाः शिलानि सर्वाणि धर्मश्चात्यन्तनिर्मलः ।
संभाव्यन्ते परं ज्योतिस्तदेकमनुतिष्ठतः ॥४२॥

**અનુવાદઃ**—કેવળ એ જ એક ઉત્કૃષ્ટ આત્મજ્યોતિનું અનુષ્ઠાન કરનાર સાધુને ગુણોની, સમસ્ત શીલોની અને અત્યન્ત નિર્મળ ધર્મની પણ સંભાવના છે. ૪૨.

तदेवैकं परं रत्नं सर्वशास्त्रमहोदधेः ।
रमणीयेषु सर्वेषु तदेकं पुरतः स्थितम् ॥४३॥

**અનુવાદઃ**—સમસ્ત શાસ્ત્રરૂપી મહાસમુદ્રનું ઉત્કૃષ્ટ રત્ન તે જ એક આત્મજ્યોતિ છે તથા તે જ એક આત્મજ્યોતિ સર્વ રમણીય પદાર્થોમાં આગળ સ્થિત અર્થાત્ શ્રેષ્ઠ છે. ૪૩.

तदेवैकं परं तत्त्वं तदेवैकं परं पदम् ।
भव्याराध्यं तदेवैकं तदेवैकं परं महः ॥४४॥

**અનુવાદઃ**—તે જ એક આત્મજ્યોતિ ઉત્કૃષ્ટ તત્ત્વ છે, તે જ એક આત્મજ્યોતિ ઉત્કૃષ્ટ પદ છે, તે જ એક આત્મજ્યોતિ ભવ્ય જીવો દ્વારા આરાધવા યોગ્ય છે, તથા તે જ એક આત્મજ્યોતિ ઉત્કૃષ્ટ તેજ છે. ૪૪.

शास्त्रं जन्मतरुच्छेदि तदेवैकं सतां मतम् ।
योगिनां योगनिष्ठानां तदेवैकं प्रयोजनम् ॥४५॥

**અનુવાદઃ**—તે જ એક આત્મજ્યોતિ સાધુઓને જન્મરૂપી વૃક્ષ નષ્ટ કરનાર શાસ્ત્ર માનવામાં આવે છે તથા સમાધિમાં સ્થિત યોગીજનોનું ઈષ્ટ પ્રયોજન તે જ એક આત્મજ્યોતિની પ્રાપ્તિ છે. ૪૫.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मुमुक्षूणां तदेवैकं मुक्तेः पन्था न चापरः ।
आनन्दोऽपि न चान्यत्र तद्विहाय विभाव्यते ॥४६॥

**અનુવાદ:**—મોક્ષાભિલાષી જનોને મોક્ષનો માર્ગ તે જ એક આત્મજ્યોતિ છે, બીજો નહિ. તેના સિવાય બીજા સ્થાનમાં આનંદની પણ સંભાવના નથી. ૪૬.

संसारघोरधर्मेण सदा तप्तस्य देहिनः ।
यन्त्रधारागृहं शान्तं तदेव हिमशीतलम् ॥४७॥

**અનુવાદ:**—શાન્ત અને બરફ સમાન શીતળ તે જ આત્મજ્યોતિ સંસારરૂપી ભયાનક તાપથી નિરંતર સંતાપ પામેલા પ્રાણીને યંત્રધારાગૃહ (ફુવારાઓ સહિતનું ઘર) સમાન આનંદદાયક છે. ૪૭.

तदेवैकं परं दुर्गमगम्यं कर्मविद्विषाम् ।
तदेवैत्ततिरस्कारकारि सारं निजं बलम् ॥४८॥

**અનુવાદ:**—તે જ એક આત્મજ્યોતિ કર્મરૂપી શત્રુઓને દુર્ગમ એવો ઉત્કૃષ્ટ દુર્ગ (કિલ્લો) છે તથા તે જ આ આત્મજ્યોતિ આ કર્મરૂપી શત્રુઓનો તિરસ્કાર કરનારી પોતાની શ્રેષ્ઠ સેના છે. ૪૮.

तदेव महती विद्या स्फुरन्मन्त्रस्तदेव हि ।
औषधं तदपि श्रेष्ठं जन्मव्याधिविनाशनम् ॥४९॥

**અનુવાદ:**—તે જ આત્મજ્યોતિ વિપુલ બોધ છે, તે જ પ્રકાશમાન મંત્ર છે, તથા તે જ જન્મરૂપી રોગનો નાશ કરનારી શ્રેષ્ઠ ઔષધિ છે. ૪૯.

अक्षयस्याक्षयानन्दमहाफलभरश्रियः ।
तदेवैकं परं बीजं निःश्रेयसलसत्तरोः ॥५०॥

**અનુવાદ:**—તે જ આત્મજ્યોતિ શાશ્વત સુખરૂપી મહાફળોના ભારથી સુશોભિત એવા અવિનશ્વર મોક્ષરૂપી સુંદર વૃક્ષનું એક ઉત્કૃષ્ટ બીજ છે. ૫૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तदेवैकं परं विद्धि त्रैलोक्यगृहनायकम् ।
येनैकेन विना शङ्के वसदप्येतदुद्वसम् ॥५१॥

**અનુવાદઃ**—તે જ એક ઉત્કૃષ્ટ આત્મજ્યોતિને ત્રણે લોકરૂપી ગૃહનો નાયક સમજવો જોઈએ, જે એક વિના આ ત્રણ લોકરૂપી ગૃહ નિવાસ સહિત હોવા છતાં પણ તેના વિનાનું નિર્જન વન સમાન જણાય છે. અભિપ્રાય એ છે કે અન્ય દ્રવ્યો હોવા છતાં પણ લોકની શોભા તે એક આત્મજ્યોતિથી જ છે. ૫૧.

शुद्धं यदेव चैतन्यं तदेवाहं न संशयः ।
कल्पनयानयाप्येतद्धीनमानन्दमन्दिरम् ॥५२॥

**અનુવાદઃ**—આનંદના સ્થાનભૂત જે આ આત્મજ્યોતિ છે તે "જે શુદ્ધ ચૈતન્ય છે તે જ હું છું, એમાં સંદેહ નથી" આવી કલ્પનાથી પણ રહિત છે. ૫૨.

स्पृहा मोक्षे ऽपि मोहोत्था तन्निषेधाय जायते ।
अन्यस्मै तत्कथं शान्ताः स्पृहयन्ति मुमुक्षवः ॥५३॥

**અનુવાદઃ**—મોહના ઉદયથી ઉત્પન્ન થયેલી મોક્ષપ્રાપ્તિની પણ અભિલાષા તે મોક્ષની પ્રાપ્તિમાં વિઘ્ન નાખનાર બને છે, તો પછી ભલા, શાન્ત મોક્ષાભિલાષી જીવ બીજી કઈ વસ્તુની ઇચ્છા કરે? અર્થાત્ કોઈની પણ નહિ. ૫૩.

अहं चैतन्यमेवैकं नान्यत्किमपि जातुचित् ।
संबन्धो ऽपि न केनापि दृढपक्षो ममेदृशः ॥५४॥

**અનુવાદઃ**—હું એક ચૈતન્યસ્વરૂપ જ છું, તેનાથી ભિન્ન બીજું કોઈ પણ સ્વરૂપ મારૂં કદી પણ હોઈ શકે નહિ. કોઈ પરપદાર્થ સાથે મારો સંબંધ પણ નથી, એવો મારો દૃઢ નિશ્ચય છે. ૫૪.

शरीरादि बहिश्चिन्ताचक्रसंपर्कवर्जितम् ।
विशुद्धात्मस्थितं चित्तं कुर्वन्नास्ते निरन्तरम् ॥५५॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જ્ઞાની સાધુ શરીરાદિ બાહ્ય પદાર્થ વિષયક ચિન્તા સમૂહના સંયોગ રહિત પોતાના ચિત્તને નિરંતર શુદ્ધ આત્મામાં સ્થિર કરીને રહે છે. ૫૫.

**एवं सति यदेवास्ति तदस्तु किमिहापरैः ।**
**आसाद्यात्मन्निदं तत्त्वं शान्तो भव सुखी भव ॥५६॥**

**અનુવાદઃ**—હે આત્મા, આવી સ્થિતિ હોવાથી જે કાંઈ છે તે ભલે હોય. અહીં અન્ય પદાર્થોથી ભલા શું પ્રયોજન છે? અર્થાત્ કાંઈ પણ નહિ. આ ચૈતન્ય સ્વરૂપને પામીને તું શાન્ત અને સુખી રહે ૫૬.

**अपारजन्मसन्तानपथभ्रान्तिकृतश्रमम् ।**
**तत्त्वामृतमिदं पीत्वा नाशयन्तु मनीषिणः ॥५७॥**

**અનુવાદઃ**—બુદ્ધિમાન પુરુષ આ તત્ત્વરૂપી અમૃત પીને અપરિમિત જન્મપરંપરા (સંસાર) ના માર્ગમાં પરિભ્રમણ કરવાથી ઉત્પન્ન થયેલ થાક દૂર કરો. ૫૭.

**अतिसूक्ष्ममतिस्थूलमेकं चानेकमेव यत् ।**
**स्वसंवेद्यमवेद्यं च यदक्षरमनक्षरम् ॥५८॥**
**अनौपम्यमनिर्देश्यमप्रमेयमनाकुलम् ।**
**शून्यं पूर्णं च यन्नित्यमनित्यं च प्रचक्ष्यते ॥५९॥**

**અનુવાદ:**—તે આત્મજ્યોતિ અતિશય સૂક્ષ્મ પણ છે અને સ્થૂળ પણ છે, એક પણ છે અને અનેક પણ છે, સ્વસંવેદ્ય પણ છે અને અવેદ્ય પણ છે તથા અક્ષર પણ છે અને અનક્ષર પણ છે. તે જ્યોતિ અનુપમ, અનિર્દેશ્ય, અપ્રમેય અને અનાકૂળ હોવાથી શૂન્ય પણ કહેવાય છે અને પૂર્ણ પણ, નિત્ય પણ કહેવાય છે અને અનિત્ય પણ.

**વિશેષાર્થ:**—તે આત્મજ્યોતિ નિશ્ચયનયની અપેક્ષાએ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રહિત હોવાના કારણે સૂક્ષ્મ તથા વ્યવહારનયની અપેક્ષાએ શરીરાશ્રિત હોવાથી સ્થૂળ પણ કહેવાય છે. એ જ રીતે તે શુદ્ધ ચૈતન્યરૂપ સામાન્ય સ્વભાવની અપેક્ષાએ એક અને વ્યવહારનયની અપેક્ષાએ ભિન્ન ભિન્ન શરીર આદિને આશ્રિત રહેવાથી અનેક પણ કહેવાય છે. તે સ્વસંવેદન પ્રત્યક્ષદ્વારા જાણવા યોગ્ય હોવાથી સ્વસંવેદ્ય તથા ઇન્દ્રિયજનિત જ્ઞાનનો અવિષય હોવાથી અવેદ્ય પણ કહેવાય છે. તે નિશ્ચયથી વિનાશરહિત હોવાથી અક્ષર તથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અકારાદિ અક્ષરોથી રહિત હોવાને કારણે અથવા વ્યવહારની અપેક્ષાએ વિનષ્ટ હોવાથી અનક્ષર પણ કહેવાય છે. તે જ આત્મજ્યોતિ ઉપમા રહિત હોવાથી અનુપમ, નિશ્ચયનયથી શબ્દનો અવિષય હોવાથી અનિર્દેશ્ય (અવાચ્ય), સાંવ્યવહારિક પ્રત્યક્ષાદિ પ્રમાણોનો વિષય ન હોવાથી અપ્રમેય તથા આકુળતા રહિત હોવાને કારણે અનાકુળ પણ છે. એ સિવાય તે મૂર્તિક સમસ્ત બાહ્ય પદાર્થોના સંયોગથી રહિત છે માટે શૂન્ય અને પોતાના જ્ઞાનાદિ ગુણોથી પરિપૂર્ણ હોવાથી પૂર્ણ પણ મનાય છે. તે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વિનાશરહિત હોવાથી નિત્ય તથા પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય પણ કહેવાય છે. ૫૮–૫૯.

**निःशरीरं निरालम्बं निःशब्दं निरुपाधि यत् ।**
**चिदात्मकं परंज्योतिरवाङ्मानसगोचरम् ॥ ६० ॥**

**અનુવાદઃ**—તે ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વરૂપ જ્યોતિ શરીર, આલંબન, શબ્દ અને બીજા પણ અન્ય અન્ય વિશેષણોથી રહિત છે; તેથી તે વચન અને મનને પણ અગોચર છે. ૬૦.

**इत्यत्र गहने ऽत्यन्तदुर्लक्ष्ये परमात्मनि ।**
**उच्यते यत्तदाकाशं प्रत्यालेख्यं विलिख्यते ॥ ६१ ॥**

**અનુવાદઃ**—આ રીતે તે પરમાત્મા દુરધિગમ્ય અને અત્યંત દુર્લક્ષ્ય (અદૃશ્ય) હોવાથી તેના વિષયમાં જે કાંઈ પણ કહેવામાં આવે છે તે આકાશમાં ચિત્રલેખન સમાન છે.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે જેવી રીતે અમૂર્ત આકાશમાં ચિત્રનું નિર્માણ કરવું અસંભવ છે તેવી જ રીતે અતીન્દ્રિય આત્માના વિષયમાં કાંઈ વર્ણન કરવું પણ અસંભવ જ છે. તે તો કેવળ સ્વાનુભવ ગોચર છે. ૬૧.

**आस्तां तत्र स्थितो यस्तु चिन्तामात्रपरिग्रहः ।**
**तस्यात्र जीवितं श्लाघ्यं देवैरपि स पूज्यते ॥६२॥**

**અનુવાદઃ**—જે તે આત્મામાં લીન છે તે તો દૂર રહો. પણ જે તેનું ચિન્તન માત્ર કરે છે તેનું જીવન પ્રશંસાયોગ્ય છે, તે દેવો દ્વારા પણ પૂજાય છે. ૬૨.

**सर्वविद्भिरसंसारैः सम्यग्ज्ञानविलोचनैः ।**
**एतस्योपासनोपायः साम्यमेकमुदाहृतम् ॥ ६३ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જે સર્વજ્ઞ દેવ સંસારથી રહિત અર્થાત્ જીવનમુક્ત થઈને સમ્યગ્જ્ઞાનરૂપ નેત્ર ધારણ કરે છે તેમણે આ આત્માના આરાધનનો ઉપાય એક માત્ર સમતા ભાવ બતાવ્યો છે. ૬૩.

**साम्यं स्वास्थ्यं समाधिश्च योगश्चेतोनिरोधनम् ।**
**शुद्धोपयोग इत्येते भवन्त्येकार्थवाचकाः ॥ ६४ ॥**

**અનુવાદઃ**—સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ, યોગ, ચિત્તનિરોધ અને શુદ્ધોપયોગ; આ બધા શબ્દ એક જ અર્થના વાચક છે. ૬૪.

**नाकृतिर्नाक्षरं वर्णो नो विकल्पश्च कश्चन ।**
**शुद्धं चैतन्यमेवैकं यत्र तत्साम्यमुच्यते ॥ ६५ ॥**

**અનુવાદઃ**—જ્યાં ન કોઈ આકાર છે, ન અકારાદિ અક્ષર છે, ન કૃષ્ણ–નીલાદિ વર્ણ છે અને ન કોઈ વિકલ્પેય છે; પરંતુ જ્યાં કેવળ એક ચૈતન્યસ્વરૂપ જ પ્રતિભાસિત થાય છે તેને જ સામ્ય કહેવામાં આવે છે. ૬૫.

**साम्यमेकं परं कार्यं साम्यं तत्त्वं परं स्मृतम् ।**
**साम्यं सर्वोपदेशानामुपदेशो विमुक्तये ॥ ६६ ॥**

**અનુવાદઃ**—તે સમતાભાવ એક ઉત્કૃષ્ટ કાર્ય છે. તે સમતાભાવ ઉત્કૃષ્ટ તત્ત્વ માનવામાં આવ્યું છે. તે જ સમતાભાવ સર્વ ઉપદેશોનો ઉપદેશ છે જે મુક્તિનું કારણ છે, અર્થાત્ સમતાભાવનો ઉપદેશ સમસ્ત ઉપદેશોનો સાર છે કેમ કે તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૬૬.

**साम्यं सद्बोधनिर्माणं शश्वदानन्दमन्दिरम् ।**
**साम्यं शुद्धात्मनो रूपं द्वारं मोक्षैकसद्मनः ॥ ६७ ॥**

**અનુવાદઃ**—સમતાભાવ સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન કરનાર છે, તે શાશ્વતિક (નિત્ય) સુખનું સ્થાન છે. તે સમતાભાવ શુદ્ધ આત્માનું સ્વરૂપ તથા મોક્ષરૂપી અનુપમ મહેલનું દ્વાર છે ૬૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



साम्यं निःशेषशास्त्राणां सारमाहुर्विपश्चितः ।
साम्यं कर्ममहाकक्षदाहे दावानलायते ॥ ६८ ॥

**અનુવાદઃ**—પંડિતો સમતા ભાવને સમસ્ત શાસ્ત્રોનો સાર બતાવે છે. તે સમતાભાવ કર્મરૂપી મહાવનને ભસ્મ કરવા માટે દાવાનળ સમાન છે. ૬૮.

साम्यं शरण्यमित्याहुर्योगिनां योगगोचरम् ।
उपाधिरचिताशेषदोषक्षपणकारणम ॥ ६९ ॥

**અનુવાદઃ**—જે સમતા ભાવ યોગીઓને યોગનો વિષય થયો થકો બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના નિમિત્તે ઉત્પન્ન થયેલ સમસ્ત દોષોનો નાશ કરનાર છે તે શરણભૂત કહેવાય છે. ૬૯.

निःस्पृहायाणिमाद्यब्जखण्डे साम्यसरोजुषे ।
हंसाय शुचये मुक्तिहंसीदत्तदृशे नमः ॥ ७० ॥

**અનુવાદઃ**—જે આત્મારૂપી હંસ અણિમાદિ ઋદ્ધિરૂપી કમળખંડ (સ્વર્ગ)ની અભિલાષા રહિત છે, સમતારૂપી સરોવરનો આરાધક છે, પવિત્ર છે તથા મુક્તિરૂપી હંસી તરફ દૃષ્ટિ રાખે છે તેને નમસ્કાર હો. ૭૦.

ज्ञानिनोऽमृतसंगाय मृत्युस्तापकरोऽपि सन् ।
आमकुम्भस्य लोकेऽस्मिन् भवेत्पाकविधिर्यथा ॥ ७१ ॥

**અનુવાદઃ**—જેમ આ લોકમાં કાચા ઘડાનો પરિપાક અમૃતસંગ અર્થાત્ પાણીના સંયોગને કારણે થાય છે તેવી જ રીતે અવિવેકી મનુષ્યને સંતાપ કરનાર તે મૃત્યુ પણ જ્ઞાની મનુષ્યને અમૃતસંગ અર્થાત્ શાશ્વત સુખ (મોક્ષ) નું કારણ થાય છે. ૭૧.

मानुष्यं सत्कुले जन्म लक्ष्मीर्बुद्धिः कृतज्ञता ।
विवेकेन विना सर्वं सदप्येतन्न किंचन ॥ ७२ ॥

**અનુવાદઃ**—મનુષ્ય પર્યાય, ઉત્તમકુળમાં જન્મ, સંપત્તિ, બુદ્ધિ અને કૃતજ્ઞતા (ઉપકારનું સ્મરણ); આ બધી સામગ્રી હોવા છતાં પણ વિવેક વિના કાંઈ પણ કાર્યકારી નથી. ૭૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चिदचिद् द्वे परे तत्त्वे विवेकस्तद्विवेचनम ।
उपादेयमुपादेयं हेयं हेयं च कुर्वतः ॥ ७३ ॥

**અનુવાદઃ**—ચેતન અને અચેતન એ બન્ને ભિન્ન તત્ત્વ છે. તેમના ભિન્ન સ્વરૂપનો વિચાર કરવો તેને વિવેક કહેવામાં આવે છે. તેથી હે આત્મા! તું આ વિવેકથી ગ્રહણ કરવા યોગ્ય જે ચૈતન્યસ્વરૂપ છે તેનું ગ્રહણ કર અને છોડવા યોગ્ય જડતાને છોડી દે. ૭૩.

दुःखं किंचित्सुखं किंचिच्चित्ते भाति जडात्मनः ।
संसारे ऽत्र पुनर्नित्यं सर्वं दुखं विवेकिनः ॥ ७४ ॥

**અનુવાદઃ**—અહીં સંસારમાં મૂર્ખ પ્રાણીના ચિત્તમાં કાંઇક તો સુખ અને કાંઈક દુઃખરૂપ પ્રતિભાસે છે. પરંતુ વિવેકી જીવના ચિત્તમાં સદા સર્વ દુઃખદાયક જ પ્રતિભાસે છે.

**વિશેષાર્થઃ**—આનો અભિપ્રાય એ છે કે અવિવેકી પ્રાણી કદી ઇષ્ટ સામગ્રી પ્રાપ્ત થતાં સુખ અને તેનો વિયોગ થઈ જતાં કદી દુઃખનો અનુભવ કરે છે. પરંતુ વિવેકી પ્રાણી ઇષ્ટ સામગ્રીની પ્રાપ્તિ અને તેના વિયોગ બન્નેને દુઃખપ્રદ સમજે છે. તેથી તે ઉક્ત બન્ને અવસ્થાઓમાં સમભાવ રાખે છે. ૭૪.

हेयं हि कर्म रागादि तत्कार्यं च विवेकिनः ।
उपादेयं परं ज्योतिरुपयोगैकलक्षणम् ॥ ७५ ॥

**અનુવાદઃ**—વિવેકી મનુષ્યે કર્મ અને તેના કાર્યભૂત રાગાદિ પણ છોડવા યોગ્ય છે અને ઉપયોગરૂપ એક લક્ષણવાળી ઉત્કૃષ્ટ જ્યોતિ ગ્રહણ કરવા યોગ્ય છે. ૭૫.

( इंद्रवज्रा )

यदेव चैतन्यमहं तदेव तदेव जानाति तदेव पश्यति ।
तदेव चैकं परमस्ति निश्चयाद् गतोऽस्मि भावेन तदेकतां परम ॥७६॥

**અનુવાદઃ**—જે ચૈતન્ય છે તે જ હું છું. તે જ ચૈતન્ય જાણે છે અને તે જ ચૈતન્ય દેખે પણ છે. નિશ્ચયથી તે જ એક ચૈતન્ય ઉત્કૃષ્ટ છે. હું સ્વભાવથી કેવળ તેની સાથે એકતા પામ્યો છું. ૭૬.

( वसंततिलका )

एकत्वसप्ततिरियं सुरसिन्धुरुच्चैः
श्रीपद्मनन्दिहिमभूधरतः प्रसूता ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यो गाहते शिवपदाम्बुनिधिं प्रविष्टा-
मेतां लभेत स नरः परमां विशुद्धिम् ॥७७॥

**અનુવાદઃ**—જે આ એકત્વસપ્તતિ (સીત્તેર પદ્યમય એકત્વવિષયક પ્રકરણ) રૂપી ગંગા ઉન્નત શ્રી પદ્મનન્દિરૂપી હિમાલય પર્વતથી ઉત્પન્ન થઈને મોક્ષપદરૂપી સમુદ્રમાં પ્રવેશી છે તેમાં જે મનુષ્ય સ્નાન કરે છે (એકત્વસપ્તતિના પક્ષે–અભ્યાસ કરે છે) તે મનુષ્ય અતિશય વિશુદ્ધિ પામે છે. ૭૭.

( वसंततिलका )

संसारसागरसमुत्तरणैकसेतु-
मेनं सतां सदुपदेशमुपाश्रितानाम् ।
कुर्यात्पदं मललवोऽपि किमन्तरङ्गे
सम्यक्समाधिविधिसंनिधिनिस्तरङ्गे ॥७८॥

**અનુવાદઃ**—જે સાધુ જનોએ સંસારરૂપી સમુદ્ર પાર થવામાં અદ્વિતીય પુલસ્વરૂપ આ ઉપદેશનો આશ્રય લીધો છે તેમના ઉત્તમ સમાધિવિધિની સમીપતાથી નિશ્ચલ બનેલ અંતઃકરણમાં શું મળને લેશ પણ સ્થાન પ્રાપ્ત થઈ શકે છે? અર્થાત્ પ્રાપ્ત થઈ શકતું નથી. ૭૮.

( मंदाक्रान्ता )

आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या
प्रत्यासत्तेर्भवति विकृतिः सापि भिन्ना तथैव ।
कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे
भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत् ॥७९॥

**અનુવાદઃ**—આત્મા ભિન્ન છે, તેને અનુસરનાર કર્મ મારાથી ભિન્ન છે, આ બન્નેના સંબંધથી જે વિકારભાવ ઉત્પન્ન થાય છે તે પણ તે જ પ્રકારે ભિન્ન છે, તથા અન્ય પણ જે કાળ અને ક્ષેત્ર આદિ છે તેમને પણ ભિન્ન માનવામાં આવ્યા છે. અભિપ્રાય એ છે કે પોતાના ગુણો અને કળાઓથી પણ વિભૂષિત આ સર્વ ભિન્ન ભિન્ન જ છે. ૭૯.

૨૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( वसंततिलका )

येऽभ्यासयन्ति कथयन्ति विचारयन्ति
संभावयन्ति च मुहुर्मुहुरात्मतत्त्वम् ।
ते मोक्षमक्षयमनूनमनन्तसौख्यं
क्षिप्रं प्रयान्ति नवकेवललब्धिरूपम् ॥८०॥

**અનુવાદઃ**—જે ભવ્યજીવ આ આત્મતત્ત્વનો વારંવાર અભ્યાસ કરે છે, વ્યાખ્યાન કરે છે, વિચાર કરે છે તથા સન્માન કરે છે; તે શીઘ્રજ અવિનશ્વર, સંપૂર્ણ, અનંત સુખ સંયુક્ત અને નવ કેવળલબ્ધિ ( કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિકદાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, ક્ષાયિક સમ્યકત્વ અને ક્ષાયિક ચારિત્ર ) સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. ૮૦.

આ રીતે આ એકત્વસપ્તતિ પ્રકરણ સમાપ્ત થયું. ૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૫. યતિભાવનાષ્ટક

## [ ५. यतिभावनाष्टकम् ]

( शार्दूलविक्रीड़ित )

आदाय व्रतमात्मतत्त्वममलं ज्ञात्वाथ गत्वा वनं
निःशेषामपि मोहकर्मजनितां हित्वा विकल्पावलिम् ।
ये तिष्ठन्ति मनोमरुच्चिदचलैकत्वप्रमोदं गता
निष्कम्पा गिरिवज्जयन्ति मुनयस्ते सर्वसंगोज्झिताः ॥१॥

**અનુવાદઃ**—જે મુનિ વ્રત ગ્રહણ કરીને, નિર્મળ આત્મતત્ત્વને જાણીને, વનમાં જઈને, તથા મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતા સર્વ વિકલ્પોનો સમૂહ છોડીને મનરૂપી વાયુથી વિચલિત ન થનાર સ્થિર ચૈતન્યમાં એકત્વના આનંદને પામતા થકા પર્વત સમાન નિશ્ચળ રહે છે તે સંપૂર્ણ પરિગ્રહ રહિત મુનિ જયવંત હો. ૧.

चेतोवृत्तिनिरोधनेन करणग्रामं विधायोद्वसं
तत्संहृत्य गतागतं च मरुतो धैर्यं समाश्रित्य च ।
पर्यङ्केन मया शिवाय विधिवच्छून्यैकभूभृद्दरी-
मध्यस्थेन कदा चिदर्पितदृशा स्थातव्यमन्तर्मुखम् ॥२॥

**અનુવાદઃ**—મુનિ વિચાર કરે છે કે હું મનનો વ્યાપાર રોકીને, ઇન્દ્રિયસમૂહને ઉજ્જડ કરીને (જીતીને), વાયુના ગમન-આગમનને સંકોચીને, ધૈર્યનું અવલંબન લઈ ને, તથા મોક્ષપ્રાપ્તિના નિમિત્તે વિધિપૂર્વક પર્વતની એક નિર્જન ગુફાની વચ્ચે પદ્માસનમાં સ્થિત થઈને પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ રાખતો થકો ક્યારે ચેતન આત્મામાં લીન થઈને સ્થિત થઈશ ? ૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

धूलीधूसरितं विमुक्तवसनं पर्यङ्कमुद्रागतं
शान्तं निर्वचनं निमीलितदृशं तत्त्वोपलम्भे सति ।
उत्कीर्णं दृषदीव मां वनभुवि भ्रान्तो मृगाणां गणः
पश्यत्युद्गतविस्मयो यदि तदा मादृग्जनः पुण्यवान् ॥३॥

**અનુવાદઃ**—તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થતાં ધૂળથી મલિન ( સ્નાન કર્યા વગરના ), વસ્ત્ર રહિત, પદ્માસનમાં સ્થિત, શાન્ત, વચન રહિત અને આંખો બંધ હોય એવી અવસ્થાને પામેલા મને જો જંગલના પ્રદેશમાં ભ્રમ પ્રાપ્ત થયેલ મૃગોનો સમૂહ આશ્ચર્યચકિત થઈ ને પથ્થરમાં કોતરેલી મૂર્તિ સમજવા લાગે તો મારા જેવો મનુષ્ય પુણ્યશાળી હશે. ૩.

( शार्दूलविक्रीडित )

वासः शून्यमठे क्वचिन्निवसनं ककुम्मण्डलं
संतोषो धनमुन्नतं प्रियतमा क्षान्तिस्तपो वर्तनम् ।
मैत्री सर्वशरीरिभिः सह सदा तत्त्वैकचिन्तासुखं
चेदास्ते न किमस्ति मे शमवतः कार्यं न किंचित् परैः ॥४॥

**અનુવાદઃ**—જો કોઈ નિર્જન ઉપાશ્રયમાં મારો નિવાસ હોય, સદા દિશા સમૂહજ મારૂં વસ્ત્ર બની જાય, અર્થાત્ જો મારી પાસે કાંઈ પણ પરિગ્રહ ન રહે, સંતોષ જ મારૂં ઉન્નત ધન થઈ જાય, ક્ષમા જ મારી પ્યારી સ્ત્રી બની જાય, એક માત્ર તપ જ મારો વ્યાપાર થઈ જાય, બધા જ પ્રાણીઓ સાથે મૈત્રીભાવ થઈ જાય તથા જો હું સદાય એક માત્ર તત્ત્વ-વિચારથી ઉત્પન્ન થનાર સુખનો અનુભવ કરવા લાગું; તો પછી અતિશય શાન્તિને પ્રાપ્ત થયેલ મારી પાસે શું નથી ? બધું જ છે. એવી અવસ્થામાં મને બીજાઓનું કાંઈ પણ પ્રયોજન નથી રહેતું. ૪.

( शार्दूवविक्रीड़त )

लब्ध्वा जन्म कुले शुचौ वरवपुर्बुद्ध्वा श्रुतं पुण्यतो
वैराग्यं च करोति यः शुचि तपो लोके स एकः कृती ।
तेनैवोज्झितगौरवेण यदि वा ध्यानामृतं पीयते
प्रासाद कलशस्तदा मणिमयो हैमे समारोपितः ॥५॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ**—લોકમાં જે મનુષ્ય પુણ્યના પ્રભાવથી ઉત્તમ કુળમાં જન્મ લઈને, ઉત્તમ શરીર પામીને અને આગમ જાણીને વૈરાગ્ય પામ્યા થકા નિર્મળ તપ કરે છે તે અનુપમ પુણ્યશાળી છે. તે જ મનુષ્ય જો પ્રતિષ્ઠાનો મોહ ( આદર સત્કારનો ભાવ ) છોડીને ધ્યાનરૂપ અમૃતનું પાન કરે છે તો સમજવું જોઈએ કે તેણે સુવર્ણમય મહેલ ઉપર મણિમય કળશની સ્થાપના કરી છે. ૫.

( शार्दूलविक्रीड़ित )

**ग्रीष्मे भूधरमस्तकाश्रितशिलां मूलं तरोः प्रावृषि**
**प्रोद्भूते शिशिरे चतुष्पथपदं प्राप्ताः स्थितिं कुर्वते ।**
**ये तेषां यमिनां यथोक्ततपसां ध्यानप्रशान्तात्मनां**
**मार्गे संचरतो मम प्रशमिनः कालः कदा यास्यति ॥६॥**

**અનુવાદ**:—જે સાધુ ગ્રીષ્મ ઋતુમાં પર્વતના શિખર ઉપર સ્થિત શિલા ઉપર, વર્ષા ઋતુનાં વૃક્ષના મૂળમાં તથા શિયાળો આવતાં ચોકમાં સ્થાન પ્રાપ્ત કરીને ધ્યાનમાં સ્થિત થાય છે; જે આગમોકત અનશનાદિ તપનું આચરણ કરે છે અને જેમણે ધ્યાનદ્વારા પોતાના આત્માને અતિશય શાન્ત કરી લીધો છે; તેમના માર્ગે પ્રવર્તતા મારો સમય અત્યંત શાન્તિથી કયારે વીતશે ? ૬.

( शार्दूलविक्रीड़ित )

**भेदज्ञानविशेषसंहृतमनोवृत्तिः समाधिः परो**
**जायेताद्भुतधामधन्यशमिनां केषांचिदत्राचलः ।**
**वज्रे मुध्नि पतत्यपि त्रिभुवने वह्निप्रदीप्ते ऽपि वा**
**येषां नो विकृतिर्मनागपि भवेत् प्राणेषु नश्यत्स्वपि ॥७॥**

**અનુવાદ**:—મસ્તક ઉપર વજ્ર પડવા છતાં અથવા ત્રણે લોક અગ્નિથી પ્રજ્વલિત થઈ જવા છતાં અથવા પ્રાણોનો નાશ થવા છતાં પણ જેમના ચિત્તમાં થોડોય વિકારભાવ ઉત્પન્ન થતો નથી; એવા આશ્ચર્યજનક આત્મતેજને ધારણ કરનાર કોઈ વીરલા જ શ્રેષ્ઠ મુનિઓને તે ઉત્કૃષ્ટ નિશ્ચળ સમાધિ હોય છે જેમાં ભેદજ્ઞાન વિશેષદ્વારા મનનો વ્યાપાર ( દુષ્ટ પ્રવૃત્તિ ) અટકી જાય છે. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

अन्तस्तत्त्वमुपाधिवर्जितमहंव्याहारवाच्यं परं
ज्योतिर्यैः कलितं श्रितं च यतिभिस्ते सन्तु नः शान्तये ।
येषां तत्सदनं तदेव शयनं तत्संपदस्तत्सुखं
तद्वृत्तिस्तदपि प्रियं तदखिलश्रेष्ठार्थसंसाधकम् ॥८॥

**અનુવાદ:**—જે મુનિઓએ બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહિત અને 'અર્હં' શબ્દ દ્વારા કહેવાતા ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ અંતસ્તત્ત્વ અર્થાત્ અંતરાત્માનું સ્વરૂપ જાણી લીધું છે તથા તેનો જ આશ્રય પણ લીધો છે અને જે મુનિઓને તે જ આત્મતત્ત્વ ભવન છે, તે જ શય્યા છે, તે જ સંપત્તિ છે, તે જ સુખ છે, તે જ વ્યાપાર છે, તે જ પ્યારૂં છે અને તે જ સમસ્ત શ્રેષ્ઠ પદાર્થોને સિદ્ધ કરનાર છે; તે મુનિઓ આપણને શાન્તિ આપે. ૮.

( शार्दूलविक्रीडित )

पापारिक्षयकारि दातृ नृपतिस्वर्गापवर्गश्रियं
श्रीमत्पङ्कजनन्दिभिर्विरचितं चिच्चेतनानन्दिभिः ।
भक्त्या यो यतिभावनाष्टकमिदं भव्यस्त्रिसंध्यं पठेत्
किं किं सिध्यति वाञ्छितं न भुवने तस्यात्र पुण्यात्मनः ॥९॥

**અનુવાદ:**—આત્મચૈતન્યમાં આનંદનો અનુભવ કરનાર શ્રીમાન્ પદ્મનંદી ( ભવ્ય જીવોને પ્રફુલ્લિત કરનાર ગણધરાદિ અથવા પદ્મપંદી મુનિ ) દ્વારા રચવામાં આવેલું આ આઠ શ્લોકમય 'યતિભાવના' પ્રકરણ પાપરૂપ શત્રુનો નાશ કરીને રાજ્યલક્ષ્મી, સ્વર્ગ-લક્ષ્મી અને મોક્ષલક્ષ્મી પણ આપનાર છે. જે ભવ્ય જીવ ત્રણે સંધ્યાકાળે ( પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાળે ) ભક્તિપૂર્વક તે યતિભાવનાષ્ટક વાંચે છે તે પુણ્યાત્મા જીવને અહીં લોકમાં કયા કયા ઈષ્ટ પદાર્થ સિદ્ધ નથી થતા ? અર્થાત્ તેને બધા ઇષ્ટ પદાર્થ સિદ્ધ થાય છે. ૯

આ રીતે યતિભાવનાષ્ટક સમાપ્ત થયું. ૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૬. ઉપાસક સંસ્કાર

## [ ६. उपासक संस्कार ]

( अनुष्टुप )

आद्यो जिनो नृपः श्रेयान् व्रतदानादिपुरुषौ ।
एतदन्योन्यसंबन्धे धर्मस्थितिरभूदिह ॥१॥

**અનુવાદઃ**—આદિ જિન અર્થાત્ ઋષભ જિનેન્દ્ર અને શ્રેયાંસ રાજા આ બન્ને ક્રમપૂર્વક વ્રતવિધિ અને દાનવિધિના આદિ પ્રવર્તક પુરુષ છે અર્થાત્ વ્રતોનો પ્રચાર 'સર્વ પ્રથમ ઋષભ જિનેન્દ્ર દ્વારા શરૂ થયો અને દાનવિધિનો પ્રચાર રાજા શ્રેયાંસથી શરૂ થયો. એમનો પરસ્પર સંબંધ થતાં અહીં ભરત ક્ષેત્રમાં ધર્મની સ્થિતિ થઈ. ૧.

( अनुष्टुप )

सम्यग्दृग्बोधचारित्रयत्रितयं धर्म उच्यते ।
मुक्तेः पन्थाः स एव स्यात् प्रमाणपरिनिष्ठितः ॥२॥

**અનુવાદઃ**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેને ધર્મ કહેવામાં આવે છે તથા તે જ મુક્તિનો માર્ગ છે જે પ્રમાણથી સિદ્ધ છે. ૨.

( अनुष्टुप )

रत्नत्रयात्मके मार्गे संचरन्ति न ये जनाः ।
तेषां मोक्षपदं दूरं भवेद्दीर्घतरो भवः ॥३॥

**અનુવાદઃ**—જે જીવ રત્નત્રયસ્વરૂપ આ મોક્ષમાર્ગમાં સંચાર કરતા નથી તેમને મોક્ષસ્થાન તો દૂર અને સંસાર અતિશય દીર્ઘ થઈ જાય છે. ૩.

( अनुष्टुप )

सम्पूर्णदेशभेदाभ्यां स च धर्मो द्विधा भवेत् ।
आद्ये भेदे च निर्ग्रन्थाः द्वितीये गृहिणः स्थिताः ॥४॥

**અનુવાદઃ**—તે ધર્મ સંપૂર્ણ ધર્મ અને દેશધર્મના ભેદથી બે પ્રકારનો છે. આમાંથી પ્રથમ ભેદમાં દિગંબર મુનિ અને બીજા ભેદમાં ગૃહસ્થ સ્થિત હોય છે. ૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनुष्टुप )

**संप्रत्यपि प्रवर्तेत धर्मस्तेनैव वर्त्मना ।**
**तेने तेऽपि च गण्यन्ते गृहस्था धर्महेतवः ॥५॥**

**અનુવાદઃ**—વર્તમાનમાં પણ તે રત્નત્રયસ્વરૂપ ધર્મની પ્રવૃત્તિ તે જ માર્ગે અર્થાત્ પૂર્ણધર્મ અને દેશધર્મ સ્વરૂપે થઇ રહી છે. તેથી તે ગૃહસ્થ પણ ધર્મનું કારણ ગણાય છે. ૫.

( अनुष्टुप )

**संप्रत्यत्र कलौ काले जिनगेहे मुनिस्थितिः ।**
**धर्मश्च दानमित्येषां श्रावका मूलकारणम् ॥६॥**

**અનુવાદઃ**—અત્યારે અહીં આ કળિકાળ અર્થાત્ પંચમકાળમાં મુનિઓનો નિવાસ જિનાલયોમાં થઈ રહ્યો છે અને તેમના જ નિમિત્તે ધર્મ અને દાનની પ્રવૃત્તિ છે. આ રીતે મુનિઓની સ્થિતિ, ધર્મ અને દાન આ ત્રણેયનું મૂળકારણ ગૃહસ્થ શ્રાવક છે. ૬.

( अनुष्टुप )

**देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः ।**
**दानं चेतिगृहस्थानां षट्कर्माणि दिने दिने ॥७॥**

**અનુવાદ:**—જિનપૂજા, ગુરુની સેવા, સ્વાધ્યાય, સંયમ અને તપ આ છ કર્મ ગૃહસ્થોએ પ્રતિદિન કરવા યોગ્ય છે અર્થાત્ તે તેમના આવશ્યક કાર્ય છે. ૭.

( अनुष्टुप )

**समता सर्वभूतेषु संयमे शुभभावना ।**
**आर्तरौद्रपरित्यागस्तद्धिसामायिकं व्रतम् ॥८॥**

**અનુવાદ:**—સર્વ પ્રાણીઓ પ્રત્યે સમતાભાવ ધારણ કરવો, સંયમના વિષયમાં શુભ વિચાર રાખવો અને આર્ત તથા રૌદ્ર ધ્યાનોનો ત્યાગ કરવો, એને સામાયિકવ્રત માનવામાં આવે છે. ૮.

( अनुष्टुप )

**सामायिकं न जायेत व्यसनम्लानचेतसः ।**
**श्रावकेन ततः साक्षात्याज्यं व्यसनसप्तकम् ॥९॥**

**અનુવાદ:**—જેમનું ચિત્ત જુગાર વગેરે વ્યસનોથી મલિન થઈ રહ્યું હોય તેને ઉપર્યુક્ત સામાયિકની સંભાવના નથી. તેથી શ્રાવકે સાક્ષાત્ તે સાત વ્યસનોનો પરિત્યાગ અવશ્ય કરવો જોઈએ. ૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**द्यूतमांससुरावेश्याखेटचौर्यपराङ्गनाः ।**
**महापापानि सप्तैव व्यसनानि त्यजेद् बुधः ॥१०॥**

**અનુવાદ:**—જૂગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રી આ સાતે ય વ્યસન મહાપાપસ્વરૂપ છે. વિવેકી મનુષ્યે એમનો ત્યાગ કરવો જોઈએ. ૧૦.

( अनुष्टुप )

**धर्मार्थिनोऽपि लोकस्य चेदस्ति व्यसनाश्रयः ।**
**जायते न ततः सापि धर्मान्वेषणयोग्यता ॥११॥**

**અનુવાદ:**—ધર્માભિલાષી મનુષ્ય પણ જો તે વ્યસનોનો આશ્રય લે છે તો એનાથી તેને તે ધર્મ શોધવાની યોગ્યતા પણ ઉત્પન્ન થતી નથી. ૧૧.

**सप्तैव नरकाणि स्युस्तैरेकैकं निरूपितम् ।**
**आकर्षयन्नृणामेतद्व्यसनं स्वसमृद्धये ॥१२॥**

**અનુવાદ:**—નરક સાત જ છે. તેમણે જાણે પોતાની સમૃદ્ધિ માટે મનુષ્યોને આકર્ષિત કરનાર આ એક એક વ્યસનને નિયુક્ત કર્યું છે. ૧૨.

**धर्मशत्रुविनाशार्थं पापाख्यकुपतेरिह ।**
**सप्ताङ्गं बलवद्राज्यं सप्तभिर्व्यसनैः कृतम् ॥१३॥**

**અનુવાદ:**—આ સાત વ્યસનોએ જાણે ધર્મરૂપી શત્રુનો નાશ કરવા માટે પાપ નામથી પ્રસિદ્ધ નિકૃષ્ટ (હલકા) રાજાના સાત રાજ્યાંગો (રાજા, મંત્રી, મિત્ર, ખજાનો, દેશ, દુર્ગ અને સૈન્ય)થી યુક્ત રાજ્યને બળવાન કર્યું છે.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એનો એ છે કે આ વ્યસનોના નિમિત્તે ધર્મનો તો હ્રાસ (નાશ) થાય છે અને પાપ વધે છે. અહીં ગ્રન્થકર્તાએ આ ઉત્પ્રેક્ષા કરી છે કે જાણે પાપરૂપી રાજાએ પોતાના ધર્મરૂપી શત્રુનો નાશ કરવા માટે પોતાના રાજ્યને આ સાત વ્યસનોરૂપ સાત રાજ્યાંગોથી જ સુસજ્જ કરી લીધું છે. ૧૩.

**प्रपश्यन्ति जिनं भक्त्या पूजयन्ति स्तुवन्ति ये ।**
**ते च दृश्याश्च पूज्याश्च स्तुत्याश्च भुवनत्रये ॥१४॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જે ભવ્ય પ્રાણી ભક્તિથી જિન ભગવાનના દર્શન, પૂજન અને સ્તુતિ કરતા રહે છે તે ત્રણે લોકમાં પોતે જ દર્શન, પૂજન અને સ્તુતિ યોગ્ય બની જાય છે. અભિપ્રાય એ છે કે તે પોતે પણ પરમાત્મા બની જાય છે. ૧૪.

ये जिनेन्द्रं न पश्यन्ति पूजयन्ति स्तुवन्ति न।
निष्फलं जीवितं तेषां तेषां धिक्च गृहाश्रमम् ॥१५॥

**અનુવાદ:**—જે જીવ ભક્તિથી જિનેન્દ્ર ભગવાનના ન દર્શન કરે છે, ન પૂજન કરે છે અને ન સ્તુતિ પણ કરે છે તેમનું જીવન નિષ્ફળ છે; તથા તેમના ગૃહસ્થાશ્રમને ધિક્કાર છે. ૧૫.

प्रातरुत्थाय कर्तव्यं देवतागुरुदर्शनम्।
भक्त्या तद्वन्दना कार्या धर्मश्रुतिरुपासकैः ॥१६॥

**અનુવાદ:**—શ્રાવકોએ પ્રાતઃકાળે ઉઠીને ભક્તિથી જિનેન્દ્રદેવ તથા નિર્ગ્રન્થ ગુરુના દર્શન અને તેમની વંદના કરીને ધર્મશ્રવણ કરવું જોઈએ. ૧૬.

पश्चादन्यानि कार्याणि कर्तव्यानि यतो :।
धर्मार्थकाममोक्षाणामादौ धर्मः प्रकीर्तितः ॥१७॥

**અનુવાદ:**—ત્યારપછી અન્ય કાર્ય કરવા જોઈએ, કેમ કે વિદ્વાન પુરુષોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં ધર્મને પ્રથમ બતાવ્યો છે. ૧૭.

गुरोरेव प्रसादेन लभ्यते ज्ञानलोचनम्।
समस्तं दृश्यते येन हस्तरेखेव निस्तुषम् ॥१८॥

**અનુવાદ:**—ગુરુની જ પ્રસન્નતાથી તે જ્ઞાન (કેવળજ્ઞાન) રૂપી નેત્ર પ્રાપ્ત થાય છે કે જેના દ્વારા સમસ્ત જગત્ હાથની રેખા સમાન સ્પષ્ટપણે દેખાય છે. ૧૮.

ये गुरुं नैव मन्यन्ते तदुपास्तिं न कुर्वते।
अन्धकारो भवेत्तेषामुदितेऽपि दिवाकरे ॥१९॥

**અનુવાદ:**—જે અજ્ઞાની જન ન તો ગુરુને માને છે અને ન તેની ઉપાસના ય કરે છે તેમને માટે સૂર્યનો ઉદય હોવા છતાં પણ અંધકાર જેવું જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—એ ઉપર કહેવામાં આવી ગયું છે કે જ્ઞાનની પ્રાપ્તિ ગુરુના જ પ્રસાદથી થાય છે. તેથી જે મનુષ્ય આદરપૂર્વક ગુરુની સેવા–શુશ્રૂષા નથી કરતા તે અલ્પજ્ઞાની જ રહે છે. તેમનું અજ્ઞાન સૂર્યનો પ્રકાશ પણ દૂર નથી કરી શકતો. કારણ કે તે તો કેવળ સીમિત બાહ્ય પદાર્થોના અવલોકનમાં સહાયક થઈ શકે છે, નહિ કે આત્માવલોકનમાં. આત્માવલોકનમાં તો કેવળ ગુરુના નિમિત્તે પ્રાપ્ત થયેલું અધ્યાત્મજ્ઞાન જ સહાયક થાય છે. ૧૯.

**ये पठन्ति न सच्छास्त्रं सद्गुरुप्रकटीकृतम् ।**
**तेऽन्धाः सचक्षुषोऽपीह संभाव्यन्ते मनीषिभिः ॥२०॥**

**અનુવાદ:**—જે મનુષ્યો ઉત્તમ ગુરુ દ્વારા પ્રરૂપિત સમીચીન શાસ્ત્ર વાંચતા નથી તેમને બુદ્ધિમાન મનુષ્ય બન્ને આંખોવાળા હોવા છતાં આંધળા સમજે છે. ૨૦.

**मन्ये न प्रायशस्तेषां कर्णाश्च हृदयानि च ।**
**यैरभ्यासे गुरोः शास्त्रं न श्रुतं नावधारितम् ॥२१॥**

**અનુવાદ:**—જેમણે ગુરુની સમીપે ન શાસ્ત્ર સાંભળ્યું છે અને ન તેને હૃદયમાં ધારણ પણ કર્યું છે તેમને ઘણું કરીને ન તો કાન છે અને ન હૃદય પણ છે, એમ હું સમજું છું.

**વિશેષાર્થ:**—કાનનો સદુપયોગ એમાં જ છે કે તેમના દ્વારા શાસ્ત્રોનું શ્રવણ કરવામાં આવે–તેનાથી સદુપદેશ સાંભળવામાં આવે. તથા મનના લાભનો પણ એ જ સદુપયોગ છે કે તેના દ્વારા સાંભળેલા શાસ્ત્રનું ચિન્તન કરાય–તેનું રહસ્ય ધારણ કરાય. તેથી જે પ્રાણી કાન અને મન મેળવીને પણ તેમને શાસ્ત્રના વિષયમાં જોડતા નથી તેમના તે કાન અને મન નિષ્ફળ જ છે. ૨૧

**देशव्रतानुसारेण संयमो ऽपि निषेव्यते ।**
**गृहस्थैर्येन तेनैव जायते फलवद्व्रतम् ॥२२॥**

**અનુવાદ:**—શ્રાવક જો દેશવ્રત અનુસાર ઇન્દ્રિયોના નિગ્રહ અને પ્રાણીદયારૂપ સંયમનું પણ સેવન કરે છે તો તેનાથી તેમનું તે વ્રત (દેશવ્રત) સફળ થઈ જાય છે. અભિપ્રાય એ છે કે દેશવ્રતના પરિપાલનની સફળતા એમાં જ છે કે તેના પછી પૂર્ણ સંયમ પણ ધારણ કરવામાં આવે. ૨૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्याज्यं मांसं च मद्यं च मधूदुम्बरपञ्चकम् ।
अष्टौ मूलगुणाः प्रोक्ताः गृहिणो दृष्टिपूर्वकाः ॥२३॥

**અનુવાદ:**—માંસ, મદ્ય, મધ અને પાંચ ઉદુમ્બર ફળ (ઉમરડો, કઠુમર, પાકર, વડ અને પીપળો) નો ત્યાગ કરવો જોઈએ. સમ્યગ્દર્શન સાથે આ આઠ શ્રાવકના મૂળ-ગુણ કહેવામાં આવે છે.

**વિશેષાર્થ:**—મૂળ શબ્દનો અર્થ જડ થાય છે. જે વૃક્ષના મૂળિયાં ખૂબ ઊંડા અને બળવાન હોય છે તેમની સ્થિતિ ઘણા સમય સુધી રહે છે. પરંતુ જેનાં મૂળિયાં વધારે ઊંડા અને બળવાન હોતા નથી તેમની સ્થિતિ લાંબા સમય સુધી રહી શકતી નથી.-તે આંધી આદિ દ્વારા તરત જ ઉખાડી નખાય છે. બરાબર એ જ રીતે આ ગુણો વિના શ્રાવકના ઉત્તર ગુણો (અણુવ્રતાદિ) ની સ્થિતિ પણ દૃઢ રહેતી નથી તેથી આ શ્રાવકના મૂળગુણ કહેવાય છે. એમની શરૂઆતમાં સમ્યગ્દર્શન અવશ્ય હોવું જોઈએ, કેમ કે તેના વિના ઘણું કરીને વ્રત આદિ બધું નિષ્ફળ જ રહે છે. ૨૩.

अणुव्रतानि पञ्चैव त्रिप्रकारं गुणव्रतम् ।
शिक्षाव्रतानि चत्वारि द्वारशेति गृहिव्रते ॥२४॥

**અનુવાદ:**—ગૃહિવ્રત અર્થાત્ દેશવ્રતમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત; આ રીતે આ બાર વ્રત હોય છે.

**વિશેષાર્થ:**—હિંસા, અસત્ય વચન, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચ સ્થૂળ પાપોનો પરિત્યાગ કરવો; તેને અણુવ્રત કહેવામાં આવે છે. તે પાંચ પ્રકારના છે. અહિંસાણુ-વ્રત, સત્યાણુવ્રત, અચૌર્યાણુવ્રત, બ્રહ્મચર્યાણુવ્રત અને પરિગ્રહપરિમાણાણુવ્રત. મન, વચન અને કાયાદ્વારા કૃત, કારિત અને અનુમોદના રૂપે (નવ પ્રકારે) જે સંકલ્પપૂર્વક ત્રસ જીવોની હિંસાનો પરિત્યાગ કરવામાં આવે છે તેને અહિંસાણુવ્રત કહે છે. સ્થૂળ અસત્ય વચન સ્વયં ન બોલવું, બીજાને એ માટે પ્રેરિત ન કરવા તથા જે સત્ય વચનથી બીજા વિપત્તિમાં પડતા હોય એવા સત્ય વચન પણ ન બોલવા, તેને સત્યાણુવ્રત કહે છે. મૂકેલું, પડેલું અથવા ભૂલાઈ ગયેલું પરધન આપ્યા વિના લેવું નહિ તે અચૌર્યાણુવ્રત કહેવાય છે. પરસ્ત્રી સાથે ન તો પોતે સંબંધ રાખવો અને ન બીજાને પણ એ માટે પ્રેરિત કરવા, તેને બ્રહ્મચર્યાણુવ્રત અથવા સ્વદારસંતોષ વ્રત કહેવાય છે. ધન-ધાન્યાદિ પરિગ્રહનું પ્રમાણ કરીને તેનાથી અધિકની ઇચ્છા ન કરવી, તેને પરિગ્રહપરિમાણાણુવ્રત કહે છે. ગુણવ્રત ત્રણ છે-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દિગ્વ્રત, અનર્થદંડવ્રત અને ભોગોપભોગપરિમાણ. વ્રત પૂર્વાદિ દશ દિશાઓમાં પ્રસિદ્ધ કોઈ સમુદ્ર, નદી, વન અને પર્વત આદિની મર્યાદા કરીને તેની બહાર ન જવાનો મરણ પર્યન્ત નિયમ કરી લેવો તેને દિગ્વ્રત કહેવાય છે. જે કામોથી કોઈ પ્રકારનો લાભ ન થતાં કેવળ પાપ જ ઉત્પન્ન થાય છે તે અનર્થદંડ કહેવાય છે. અને તેના ત્યાગને અનર્થદંડવ્રત કહેવાય છે. જે વસ્તુ એક જ વાર ભોગવવામાં આવે છે તે ભોગ કહેવાય છે-જેમ કે, ભોજનાદિ. તથા જે વસ્તુ એકવાર ભોગવીને ફરીવાર પણ ભોગવવામાં આવે છે તેને ઉપભોગ કહેવાય છે-જેમ કે વસ્ત્રાદિ. આ ભોગ અને ઉપભોગરૂપ ઇન્દ્રિયવિષયોનું પ્રમાણ કરીને અધિકની ઇચ્છા ન કરવી, તેને ભોગોપભોગપરિમાણ વ્રત કહે છે. આ ત્રણે વ્રત મૂળગુણોની વૃદ્ધિનાં કારણ છે, તેથી એમને ગુણવ્રત કહેવામાં આવે છે. દેશાવકાશિક, સામાયિક, પ્રોષધોપવાસ અને વૈયાવૃત્ય એ ચાર શિક્ષાવ્રત છે. દિગ્વ્રતમાં કરેલી મર્યાદાની અંદર પણ કેટલાક સમય માટે કોઈ ઘર, ગામ અને નગર આદિની મર્યાદા કરીને તેની અંદર જ રહેવાનો નિયમ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. નિશ્ચિત સમય સુધી પાંચે પાપોનો પૂર્ણરૂપે ત્યાગ કરવો તેને સામાયિક કહે છે. આ સામાયિક જિનચૈત્યાલયાદિ રૂપ કોઈ નિર્બાધ એકાન્ત સ્થાનમાં કરવામાં આવે છે. સામાયિકમાં સ્થિર થઈને એમ વિચાર કરવો જોઈએ કે જે સંસારમાં રહું છું તે અશરણ છે, અશુભ છે, અનિત્ય છે, દુઃખ સ્વરૂપ છે તથા આત્મસ્વરૂપથી ભિન્ન છે. પરંતુ એનાથી વિપરીત મોક્ષ શરણ છે, નિત્ય છે, નિરાકુળ સુખસ્વરૂપ છે અને આત્મસ્વરૂપથી અભિન્ન છે; ઈત્યાદિ. અષ્ટમી અને ચતુર્દશીના દિવસે અન્ન, પાન (દૂધ આદિ), ખાદ્ય (લાડુ-પેડા આદિ) અને લેહ્ય (ચાટવા યોગ્ય રાબડી આદિ) આ ચાર પ્રકારના આહારોનો પરિત્યાગ કરવો; તેને પ્રોષધોપવાસ કહેવાય છે. પ્રોષધોપવાસ એ પદ પ્રોષધ અને ઉપવાસ આ બે શબ્દોના સમાસથી નિષ્પન્ન થયું છે. એમાં પ્રોષધ શબ્દનો અર્થ એકવાર ભોજન (એકાશન) તથા ઉપવાસ શબ્દનો અર્થ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો એવો છે. અભિપ્રાય એ છે કે એકાશનપૂર્વક જે ઉપવાસ કરવામાં આવે છે તે પ્રોષધોપવાસ કહેવાય છે. જેમ કે-જો અષ્ટમીનો પ્રોષધોપવાસ કરવો હોય તો સપ્તમી અને નવમીના દિવસે એકાશન તથા અષ્ટમીના દિવસે ઉપવાસ કરવો જોઇએ. આ રીતે પ્રોષધોપવાસમાં સોળ પહોર માટે આહારનો ત્યાગ કરવામાં આવે છે. પ્રોષધોપવાસના દિવસે પાંચ પાપ, સ્નાન, અલંકાર તથા સર્વ પ્રકારનો આરંભ છોડીને ધ્યાન અધ્યયનાદિમાં જ સમય વીતાવવો જોઇએ. કોઈ પ્રત્યુપકાર આદિની અભિલાષા ન રાખતાં જે મુનિ આદિ સત્પાત્રોને દાન આપવામાં આવે છે, તેને વૈયાવૃત્ય કહે છે. આ વૈયાવૃત્યમાં દાન સિવાય સંયમી જનોની યથાયોગ્ય સેવા-શુશ્રુષા કરીને તેમનું કષ્ટ પણ દૂર કરવું જોઇએ. કોઈ આચાર્યોના મત પ્રમાણે દેશાવકાશિક વ્રતનો ગુણવ્રતમાં તથા ભોગોપભોગપરિમાણવ્રતનો શિક્ષાવ્રતમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पर्वस्वथ यथाशक्ति भुक्तित्यागादिकं तपः।
वस्त्रपूतं पिबेत्तोयं रात्रिभोजनवर्जनम् ॥२५॥

**અનુવાદઃ**—શ્રાવકે પર્વના દિવસો (આઠમ અને ચૌદશ આદિ)માં પોતાની શક્તિ અનુસાર ભોજનના પરિત્યાગ આદિરૂપ (અનશનાદિ) તપ કરવા જોઇએ. એની સાથેસાથ તેમણે રાત્રિભોજન છોડીને પાણી પણ વસ્ત્રથી ગાળેલુ પીવું જોઇએ. ૨૫.

तं देशं तं नरं तत्स्वं तत्कर्माणि च नाश्रयेत्।
मलिनं दर्शनं येन येन च व्रतखण्डनम् ॥२६॥

**અનુવાદઃ**—જે દેશાદિના નિમિત્તે સમ્યગ્દર્શન મલિન થતું હોય અને વ્રતોનો નાશ થતો હોય એવા તે દેશ, તે મનુષ્ય, તે દ્રવ્ય તથા તે ક્રિયાઓનો પણ પરિત્યાગ કરી દેવો જોઇએ. ૨૬.

भोगापभोगसंख्यानं विधेयं विधिवत्सदा।
व्रतशून्या न कर्तव्या काचित् कालकला बुधैः ॥२७॥

**અનુવાદઃ**—વિદ્વાન મનુષ્યોએ નિયમાનુસાર સદા ભોગ અને ઉપભોગરૂપ વસ્તુઓનું પ્રમાણ કરી લેવું જોઇએ. તેમનો થોડોક સમય પણ વ્રત રહિત ન જવો જોઇએ.

**વિશેષાર્થઃ**—જે વસ્તુ એક જ વાર ઉપયોગમાં આવતી હોય તેને ભોગ કહેવાય છે-જેમ કે ભોજ્ય પદાર્થ અને માળા વગેરે. એનાથી ઉલ્ટું જે વસ્તુ અનેક વાર ઉપયોગમાં આવતી હોય તે ઉપભોગ કહેવાય છે-જેમ કે વસ્ત્ર આદિ. આ બન્નેય પ્રકારના પદાર્થોનું પ્રમાણ કરીને શ્રાવકે તેનાથી અધિકની ઇચ્છા ન કરવી જોઇએ. ૨૭.

रत्नत्रयाश्रयः कार्यस्तथा भव्यैरतन्द्रितैः।
जन्मान्तरे ऽपि तच्छ्रद्धा यथा संवर्धते तराम् ॥२८॥

**અનુવાદઃ**—ભવ્ય જીવોએ આળસ છોડીને રત્નત્રયનો આશ્રય એ રીતે કરવો જોઇએ કે જે રીતે તેમનું ઉક્ત રત્નત્રયવિષયક શ્રદ્ધાન (દઢતા) બીજા જન્મમાં પણ અતિશય વૃદ્ધિ પામતું રહે. ૨૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**विनयश्च यथायोग्यं कर्तव्यः परमेष्ठिषु ।**
**दृष्टिबोधचरित्रेषु तद्वत्सु समयाश्रितैः ॥२९॥**

**અનુવાદ:**—એ ઉપરાંત શ્રાવકોએ જિનાગમના આશ્રિત થઈને અર્હદાદિ પાંચ પરમેષ્ઠી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર તથા આ સમ્યગ્દર્શનાદિ ધારણ કરનાર જીવોનો પણ યથાયોગ્ય વિનય કરવો જોઈએ. ૨૯.

**दर्शनज्ञानचारित्रतपःप्रभृति सिध्यति ।**
**विनयेनेति तं तेन मोक्षद्वारं प्रचक्षते ॥३०॥**

**અનુવાદ:**—તે વિનયદ્વારા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને તપ આદિની સિદ્ધિ થાય છે તેથી જ તેને મોક્ષનું દ્વાર કહેવાય છે. ૩૦.

**सत्पात्रेषु यथाशक्ति दानं देयं गृहस्थितैः ।**
**दानहीना भवेत्तेषां निष्फलैव गृहस्थता ॥३१॥**

**અનુવાદ:**—ગૃહમાં સ્થિત રહેનાર શ્રાવકોએ શક્તિ પ્રમાણે ઉત્તમ પાત્રોને દાન આપવું જોઈએ કેમ કે દાન વિના તેમનો ગૃહસ્થાશ્રમ (શ્રાવકપણું) નિષ્ફળ જ થાય છે. ૩૧.

**दानं ये न प्रयच्छन्ति निर्ग्रन्थेषु चतुर्विधम् ।**
**पाशा एव गृहास्तेषां बन्धनायैव निर्मिताः ॥३२॥**

**અનુવાદ:**—જે ગૃહસ્થ દિગંબર મુનિઓને ચાર પ્રકારનું દાન આપતા નથી તેમને બંધનમાં રાખવા માટે તે ઘર જાણે જાળ જ બનાવવામાં આવી છે.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે શ્રાવક ઘરમાં રહીને જે અસિ–મષી આદિ રૂપ કર્મો કરે છે તેમનાથી તેને અનેક પ્રકારના પાપકર્મનો સંચય થાય છે. તેનાથી છૂટકારો મેળવવાનો ઉપાય કેવળ દાન છે. તેથી જો તે પાત્રદાન કરે નહિ તો પછી તે ઉક્ત સંચિત પાપદ્વારા સંસારમાં જ પરિભ્રમણ કરવાનો છે. આ રીતે ઉક્ત દાનહીન શ્રાવકને માટે તે ઘર બંધનના જ કારણ બની જાય છે. ૩૨.

**अभयाहारभैषज्यशास्त्रदाने हि यत्कृते ।**
**ऋषीणां जायते सौख्यं गृही श्लाध्यः कथं न सः ॥३३॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જેના દ્વારા અભય, આહાર. ઔષધ અને શાસ્ત્રનું દાન આપવાથી મુનિઓને સુખ ઉત્પન્ન થાય છે તે ગૃહસ્થ કેમ પ્રશંસાને યોગ્ય ન હોય? અવશ્ય હોય. ૩૩.

**समर्थोऽपि न यो दद्याद्यतीनां दानमादरात्।**
**छिनत्ति स स्वयं मूढः परत्र सुखमात्मनः ॥३४॥**

**અનુવાદઃ**—જે મનુષ્ય દાન દેવા યોગ્ય હોવા છતાં પણ મુનિઓને ભક્તિપૂર્વક દાન દેતો નથી તે મૂર્ખ પરલોકમાં પોતાના સુખને પોતે જ નષ્ટ કરે છે. ૩૪.

**दृषन्नावसमो ज्ञेयो दानहीनो गृहाश्रमः।**
**तदारूढो भवाम्भोधौ मज्जत्येव न संशयः ॥३५॥**

**અનુવાદઃ**—દાનરહિત ગૃહસ્થાશ્રમને પથ્થરની નાવ સમાન સમજવો જોઈએ. તે ગૃહસ્થાશ્રમરૂપી પથ્થરની નાવ ઉપર બેઠેલો મનુષ્ય સંસારરૂપી સમુદ્રમાં ડૂબે જ છે, એમાં સંદેહ નથી. ૩૫.

**समयस्थेषु वात्सल्यं स्वशक्त्या ये न कुर्वते।**
**बहुपापावृतात्मानस्ते धर्मस्य पराङ्मुखाः ॥३६॥**

**અનુવાદઃ**—જે ગૃહસ્થ પોતાની શક્તિ અનુસાર સાધર્મી જનો પ્રત્યે પ્રેમ રાખતા નથી તે ધર્મથી વિમુખ થઈને પોતાને ઘણા પાપથી આચ્છાદિત કરે છે. ૩૬.

**येषां जिनोपदेशेन कारुण्यामृतपूरिते।**
**चित्ते जीवदया नास्ति तेषां धर्मः कुतो भवेत् ॥३७॥**

**અનુવાદઃ**—જિન ભગવાનના ઉપદેશથી દયાળુતા રૂપ અમૃતથી પરિપૂર્ણ જે શ્રાવકોના હૃદયમાં પ્રાણીદયા ઉત્પન્ન થતી નથી તેમને ધર્મ ક્યાંથી હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ.

**વિશેષાર્થઃ**—આનો અભિપ્રાય એ છે કે જે ગૃહસ્થોનું હૃદય જિનાગમનો અભ્યાસ કરવાને કારણે દયાથી ભીંજાઈ ગયું છે તે જ ગૃહસ્થ વાસ્તવમાં ધર્માત્મા છે. પરંતુ એનાથી વિપરીત જેમનું ચિત્ત દયાથી ભીંજાયું નથી તેઓ કદી પણ ધર્માત્મા હોઈ શકે નહિ. કારણ કે ધર્મનું મૂળ તો તે દયા જ છે. ૩૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मूलं धर्मतरोराद्या व्रतानां धाम संपदाम् ।**
**गुणानां निधिरित्यङ्गिदया कार्या विवेकिभिः ॥३८॥**

**અનુવાદઃ**—પ્રાણીદયા ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે, વ્રતોમાં મુખ્ય છે. સંપત્તિઓનું સ્થાન છે અને ગુણોનો ભંડાર છે. તેથી વિવેકીજનોએ તે અવશ્ય કરવી જોઇએ. ૩૮.

**सर्वे जीवदयाधारा गुणास्तिष्ठन्ति मानुषे ।**
**सूत्राधाराः प्रसूनानां हाराणां च सरा इव ॥३९॥**

**અનુવાદઃ**—મનુષ્યમાં બધા જ ગુણ જેમ પુષ્પોની હાર દોરાના આધારે રહે છે તેમ જીવદયાના આશ્રયે રહે છે.

**વિશેષાર્થઃ**—જેમ ફૂલના હારની પંક્તિઓ દોરાના આશ્રયે સ્થિર રહે છે તેવી જ રીતે બધા ગુણોનો સમુહ પ્રાણીદયાના આશ્રયે સ્થિર રહે છે જો માળાની વચ્ચેનો દોરો તૂટી જાય છે તો જેમ તેના બધા ફૂલ વિખરાઈ જાય છે તેવી જ રીતે નિર્દય મનુષ્યના તે બધા ગુણ પણ દયાના અભાવમાં વિખરાઈ જાય છે–નષ્ટ થઈ જાય છે. માટે સમ્યગ્દર્શનાદિ ગુણોના અભિલાષી શ્રાવકે પ્રાણીઓના વિષયમાં દયાળુ અવશ્ય થવું જોઈએ. ૩૯.

**यतीनां श्रावकाणां च व्रतानि सकलान्यपि ।**
**एकाहिंसाप्रसिद्ध्यर्थं कथितानि जिनेश्वरैः ॥४०॥**

**અનુવાદઃ**—જિનેન્દ્રદેવે મુનિઓ અને શ્રાવકોના બધા જ વ્રત એક માત્ર અહિંસા ધર્મની જ સિદ્ધિ માટે બતાવ્યા છે. ૪૦.

**जीवहिंसादिसंकल्पैरात्मन्यपि हि दूषिते ।**
**पापं भवति जीवस्य न परं परपीडनात् ॥४१॥**

**અનુવાદઃ**—જીવને કેવળ બીજા પ્રાણીઓને કષ્ટ દેવાથી જ પાપ નથી થતું, પણ પ્રાણીની હિંસા આદિના વિચાર માત્રથી પણ આત્મા દુષિત થતાં તે પાપ થાય છે. ૪૧.

**द्वादशापि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभिः ।**
**तद्भावना भवत्येव कर्मणः क्षयकारणम् ॥४२॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—મહાત્મા પુરુષોએ નિરંતર બારેય અનુપ્રેક્ષાઓનું ચિન્તન કરવું જોઈએ. કારણ એ છે કે તેમની ભાવના (ચિન્તન) કર્મના ક્ષયનું કારણ થાય છે. ૪૨.

**अध्रुवाशरणे चैव भव एकत्वमेव च ।**
**अन्यत्वमशुचित्वं च तथैवास्रवसंवरौ ॥४३॥**

**निर्जरा च तथा लोको बोधि दुर्लभधर्मता ।**
**द्वादशैता अनुप्रेक्षा भाषिता जिनपुङ्गवः ॥४४॥**

**અનુવાદઃ**—અધ્રુવ અર્થાત્ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, તેવી જ રીતે આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ આ જિનેન્દ્ર ભગવાન દ્વારા બાર અનુપ્રેક્ષાઓ કહેવામાં આવી છે. ૪૩–૪૪.

**अध्रुवाणि समस्तानि शरीरादीनि देहिनाम् ।**
**तन्नाशे ऽपि म कर्तव्यः शोको दुष्कर्मकारणम् ॥४५॥**

**અનુવાદઃ**—પ્રાણીઓનાં શરીર આદિ બધું જ નશ્વર છે. તેથી ઉક્ત શરીર આદિનો નાશ થવા છતાં પણ શોક ન કરવો જોઈએ કારણ કે શોક પાપબંધનું કારણ છે. આ રીતે વારંવાર વિચાર કરવાનું નામ અનિત્ય ભાવના છે. ૪૫.

**व्याघ्रेणाघ्रातकायस्य मृगशावस्य निर्जने ।**
**यथा न शरणं जन्तोः संसारे न तथापदि ॥४६॥**

**અનુવાદઃ**—જેમ નિર્જન વનમાં સિંહદ્વારા પકડવામાં આવેલ મૃગના બચ્ચાની રક્ષા કરનાર કોઈ નથી, તેવી જ રીતે આપત્તિ (મરણ આદિ) પ્રાપ્ત થતાં તેનાથી જીવનું રક્ષણ કરનાર પણ સંસારમાં કોઈ નથી. આ રીતે વિચાર કરવો તેને અશરણભાવના કહેવામાં આવે છે. ૪૬.

**यत्सुखं तत्सुखाभासं यद्दुःखं तत्सदाञ्जसा ।**
**भवे लोकाः सुख सत्यं मोक्ष एव स साध्यताम् ॥४७॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—સંસારમાં જે સુખ છે તે સુખનો આભાસ છે–યથાર્થ સુખ નથી, પરંતુ જે દુઃખ છે તે વાસ્તવિક છે અને સદા રહેનાર છે. સાચું સુખ મોક્ષમાં જ છે. તેથી હે ભવ્યજનો! તેને જ સિદ્ધ કરવું જોઈએ. આ રીતે સંસારના સ્વરૂપનું ચિંતન કરવું, એ સંસારભાવના છે. ૪૭.

**स्वजनो वा परो वापि नो कश्चित्परमार्थतः ।**
**केवलं स्वार्जितं कर्म जीवेनैकेन भुज्यते ॥४८॥**

**અનુવાદઃ**—કોઈ પણ પ્રાણી વાસ્તવમાં ન તો સ્વજન (સ્વકીય માતા–પિતા આદિ) છે અને ન પર પણ છે. જીવદ્વારા જે કર્મ બાંધવામાં આવ્યું છે તેને જ કેવળ તે એકલો ભોગવે છે. આ રીતે વારંવાર વિચાર કરવો, તેને એકત્વભાવના કહે છે. ૪૮.

**क्षीरनीरवदेकत्र स्थितयोर्देहदेहिनोः ।**
**भेदो यदि ततोऽन्येषु कलत्रादिषु का कथा ॥४९॥**

**અનુવાદઃ**—જો દૂધ અને પાણીની સમાન એક જ સ્થાનમાં રહેનાર શરીર અને જીવમાં પણ ભેદ હોય તો પ્રત્યક્ષ જ પોતાનાથી ભિન્ન દેખાતા સ્ત્રી–પુત્ર આદિના વિષયમાં ભલા શું કહેવું? અર્થાત્ તેઓ તો જીવથી ભિન્ન છે જ. આ રીતે વિચાર કરવો તેનું નામ અન્યત્વભાવના છે. ૪૯.

**तथाशुचिरयं कायः कृमिधातुमलान्वितः ।**
**यथा तस्यैव संपर्कादन्यत्राप्यपवित्रता ॥५०॥**

**અનુવાદઃ**—ક્ષુદ્ર જંતુ, રસ–રુધિરાદિ ધાતુઓ તથા મળસંયુક્ત આ શરીર એવું અપવિત્ર છે કે તેના જ સંબંધથી બીજી (પુષ્પમાળા આદિ) વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે. આ રીતે શરીરના સ્વરૂપનો વિચાર કરવો, એ અશુચિભાવના છે. ૫૦.

**जीवपोतो भवाम्भोधौ मिथ्यात्वादिकरन्ध्रवान् ।**
**आस्रवति विनाशार्थं कर्माम्भः सुचिरं भ्रमात् ॥५१॥**

**અનુવાદઃ**—સંસારરૂપી સમુદ્રમાં મિથ્યાત્વાદિરૂપ છેદોથી સંયુક્ત જીવરૂપી નાવ ભ્રમ (અજ્ઞાન અને પરિભ્રમણ)ના કારણે ઘણા કાળથી આત્મવિનાશ માટે કર્મરૂપી જળનું ગ્રહણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—જેમ છિદ્રયુક્ત નાવ પરિભ્રમણ કરીને છિદ્રદ્વારા જળનું ગ્રહણ કરતી થકી અંતે સમુદ્રમાં ડૂબીને પોતાને નષ્ટ કરે છે તેવી જ રીતે આ જીવ પણ સંસારમાં પરિભ્રમણ કરતો થકો મિથ્યાત્વાદિ દ્વારા કર્મોનો આસ્રવ કરીને આ જ દુ:ખમય સંસારમાં ફર્યા કરે છે. તાત્પર્ય એ છે કે દુ:ખનું કારણ આ કર્મોનો આસ્રવ જ છે, તેથી તેનો ત્યાગ કરવો જોઇએ. આ જાતના વિચારનું નામ આસ્રવભાવના છે. ૫૧.

**कर्मास्रवनिरोधोऽत्र संवरो भवति ध्रुवम् ।**
**साक्षादेतदनुष्ठानं मनोवाक्कायसंवृतिः ॥५२॥**

**અનુવાદ:**—કર્મોના આસ્રવને રોકવો, તે નિશ્ચયથી સંવર કહેવાય છે. આ સંવરનું સાચું અનુષ્ઠાન મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિ રોકવી તે જ છે.

**વિશેષાર્થ:**—જે મિથ્યાત્વ અને અવિરતિ આદિ પરિણામો દ્વારા કર્મ આવે છે તેમને આસ્રવ તથા તેમના નિરોધને સંવર કહેવામાં આવે છે. આસ્રવ જો સંસારનું કારણ છે તો સંવર મોક્ષનું કારણ છે. તેથી આસ્રવ હેય અને સંવર ઉપાદેય છે. આ રીતે સંવરના સ્વરૂપનો વિચાર કરવો, એ સંવરભાવના કહેવાય છે. ૫૨.

**निर्जरा शातनं प्रोक्ता पूर्वोपार्जितकर्मणाम्ः ।**
**तपोभिर्बहुभिः सा स्याद्वैराग्याश्रित चेष्टितैः ॥५३॥**

**અનુવાદ:**—પૂર્વોપાર્જિત કર્મો ધીરેધીરે નષ્ટ કરવા, તે નિર્જરા કહેવાય છે, તે વૈરાગ્યના આલંબનથી પ્રવર્તતા ઘણા તપદ્વારા થાય છે. આ રીતે નિર્જરાના સ્વરૂપનો વિચાર કરવો, એ નિર્જરા ભાવના છે. ૫૩.

**लोकः सर्वोऽपि सर्वत्र सापायस्थितिरध्रुवः ।**
**दुःखकारीति कर्तव्या मोक्ष एव मतिः सताम् ॥५४॥**

**અનુવાદ:**—આ બધો લોક સર્વત્ર વિનાશયુક્ત સ્થિતિ સહિત, અનિત્ય અને દુ:ખદાયી છે. તેથી વિવેકી જીવોએ પોતાની બુદ્ધિ મોક્ષના વિષયમાં જ લગાવવી જોઈએ.

**વિશેષાર્થ:**—આ ચૌદ રાજુ ઊંચો લોક અનાદિનિધન છે, એનો કોઈ કર્તા હર્તા નથી. જીવ પોતાના કર્મ અનુસાર આ લોકમાં પરિભ્રમણ કરતો થકો કોઈવાર નારકી, કોઈ વાર તિર્યંચ, કોઈ વાર દેવ અને કોઈ વાર મનુષ્ય થાય છે. આમાં પરિભ્રમણ કરતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવને કદી નિરાકુળ સુખ પ્રાપ્ત થતું નથી. તે નિરાકુળ સુખ મોક્ષ પ્રાપ્ત થતાં જ ઉત્પન્ન થાય છે તેથી વિવેકી જીવે ઉક્ત મોક્ષની પ્રાપ્તિનો જ પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે લોકના સ્વભાવનો વિચાર કરવો, એ લોકભાવના કહેવાય છે. ૫૪.

**रत्नत्रयपरिप्राप्तिर्बोधिः सातीव दुर्लभा ।**
**लब्धा कथं कथंचिच्चेत् कार्यो यत्नो महानिह ॥५५॥**

**અનુવાદઃ**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ રત્નત્રયની પ્રાપ્તિનું નામ બોધિ છે. તે અત્યંત દુર્લભ છે. જો તે કોઈ પણ ઉપાયે પ્રાપ્ત થઈ જાય તો પછી તેના વિષયમાં મહાન પ્રયત્ન કરવો જોઈએ આ રીતે રત્નત્રયસ્વરૂપ બોધિની પ્રાપ્તિની દુર્લભતાનો વિચાર કરવો, એ બોધિદુર્લભભાવના છે. ૫૫.

**जिनधर्मोऽयमत्यन्तं दुर्लभो भविनां मतः ।**
**तथा ग्राह्यो यथा साक्षादामोक्षं सह गच्छति ॥५६॥**

**અનુવાદઃ**—સંસારી પ્રાણીઓને માટે આ જૈનધર્મ અત્યંત દુર્લભ માનવામાં આવ્યો છે. ઉક્ત ધર્મને એ રીતે ગ્રહણ કરવો જોઈએ. કે જેથી તે સાક્ષાત્ મોક્ષ પ્રાપ્ત થતાં સુધી સાથે જ આવે. ૫૬.

**दुःखग्राहगणाकीर्णे संसारक्षारसागरे ।**
**धर्मपोतं परं प्राहुस्तारणार्थं मनीषिणः ॥५७॥**

**અનુવાદઃ**—વિદ્વાન્ પુરુષો દુઃખરૂપી હિંસક જળજંતુઓના સમૂહથી વ્યાપ્ત આ સંસારરૂપી ખારા સમુદ્રમાં તેનાથી પાર થવા માટે ધર્મરૂપી નૌકાને ઉત્કૃષ્ટ બતાવે છે. આ રીતે ધર્મના સ્વરૂપનો વિચાર કરવો તેને ધર્મભાવના કહેવામાં આવે છે. ૫૭.

**अनुप्रेक्षा इमाः सद्भिः सर्वदा हृदये धृताः ।**
**कुर्वते तत्परं पुण्यं हेतुर्यत्स्वर्गमोक्षयोः ॥५८॥**

**અનુવાદઃ**—સજ્જનો દ્વારા સદા હૃદયમાં ધારણ કરવામાં આવતી આ બાર અનુપ્રેક્ષાઓ તે ઉત્કૃષ્ટ પુણ્ય ઉત્પન્ન કરે છે કે જે સ્વર્ગ અને મોક્ષનું કારણ થાય છે. ૫૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आद्योत्तमक्षमा यत्र यो धर्मो दशभेदभाक् ।
श्रावकैरपि सेव्योऽसौ यथाशक्ति यथागमम् ॥५९॥

અનુવાદઃ—જે ધર્મમાં ઉત્તમ ક્ષમા સૌથી પહેલા છે તથા જે દસ ભેદોથી સંયુક્ત છે, તે ધર્મનું સેવન શ્રાવકોએ પણ પોતાની શક્તિ અને આગમ અનુસાર કરવું જોઈએ. ૫૯

अन्तस्तत्त्वं विशुद्धात्मा बहिस्तत्त्वं दयाङ्गिषु ।
द्वयोः सन्मीलने मोक्षस्तस्माद् द्वितयमाश्रयेत् ॥६०॥

અનુવાદઃ—અભ્યંતર તત્ત્વ કર્મકલંક રહિત વિશુદ્ધ આત્મા અને બાહ્યતત્ત્વ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ છે. આ બન્ને મળતાં મોક્ષ થાય છે. તેથી તે બન્નેનો આશ્રય કરવો જોઈએ. ૬૦.

कर्मभ्यः कर्मकार्येभ्यः पृथग्भूतं चिदात्मकम् ।
आत्मानं भावयेन्नित्यं नित्यानन्दपदप्रदम् ॥६१॥

અનુવાદઃ—જે ચૈતન્યસ્વરૂપ આત્મા કર્મો તથા તેના કાર્યભૂત રાગાદિ વિભાવો અને શરીર આદિથી ભિન્ન છે તે શાશ્વતિક આનંદસ્વરૂપ પદનો અર્થાત્ મોક્ષને આપનાર આત્માનો સદા વિચાર કરવો જોઈએ. ૬૧.

इत्युपासकसंस्कारः कृतः श्रीपद्मनन्दिना ।
येषामेतदनुष्ठानं तेषां धर्मोऽतिनिर्मलः ॥६२॥

અનુવાદઃ—આ રીતે આ ઉપાસક સંસ્કાર અર્થાત્ શ્રાવકનું ચારિત્ર શ્રી પદ્મનંદી મુનિદ્વારા રચવામાં આવ્યું છે. જે મનુષ્ય આનું આચરણ કરે છે તેમને અત્યંત નિર્મળ ધર્મ થાય છે. ૬૨.

આ રીતે શ્રાવકાચાર સમાપ્ત થયું. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૭. દેશવ્રતઉદ્યોતન

## [ ७. देशव्रतोद्द्योतनम् ]

( शार्दूलविक्रीड़ित )

बाह्याभ्यन्तरसंगवर्जनतया ध्यानेन शुक्लेन यः
कृत्वा कर्मचतुष्टयक्षयमगात् सर्वज्ञतां निश्चितम् ।
तेनोक्तानि वचांसि धर्मकथने सत्यानि नान्यानि तत्
भ्राम्यत्यत्र मतिस्तु यस्य स महापापी न भव्योऽथवा ।।१।।

**અનુવાદઃ—**જે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ છોડીને તથા શુક્લ ધ્યાન દ્વારા ચાર ઘાતી કર્મોનો નાશ કરીને નિશ્ચયથી સર્વજ્ઞતાને પ્રાપ્ત થયા છે તેમના દ્વારા ધર્મના વ્યાખ્યાનમાં કહેવામાં આવેલા વચનો સત્ય છે, એનાથી ભિન્ન રાગ–દ્વેષથી દુષિત હૃદયવાળા કોઈ અલ્પજ્ઞના વચનો સત્ય નથી. તેથી જે જીવની બુદ્ધિ ઉક્ત સર્વજ્ઞના વચનોમાં ભ્રમને પ્રાપ્ત થાય છે તે અતિશય પાપી છે, અથવા તે ભવ્ય જ નથી. ૧.

( शार्दूलविक्रीड़ित )

एको ऽप्यत्र करोति यः स्थितिमतिप्रीतः शुचौ दर्शने
स श्लाघ्यः खलु दुःखितो ऽप्युदयतो दुष्कर्मणः प्राणभृत् ।
अन्यैः किं प्रचुरैरपि प्रमुदितैरत्यन्तदूरीकृत-
स्फीतानन्दभरप्रदामृतपथैर्मिथ्यापथे प्रस्थितैः ।।२।।

**અનુવાદઃ—**જે એક પણ ભવ્ય પ્રાણી અત્યંત પ્રસન્નતાથી અહીં નિર્મળ સમ્યગ્દર્શનના વિષયમાં સ્થિતિ કરે છે તે પાપકર્મના ઉદયથી દુઃખી હોવા છતાં પણ નિશ્ચયથી પ્રશંસનીય છે. એનાથી ઉલ્ટું જે મિથ્યામાર્ગમાં પ્રવૃત્ત થઇને મહાન સુખનું પ્રદાન કરનાર મોક્ષના માર્ગથી બહુ દૂર છે તે જો સંખ્યામાં અધિક અને સુખી પણ હોય તો પણ તેમનાથી કાંઈ પ્રયોજન નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે જો નિર્મળ સમ્યગ્દષ્ટિ જીવ એક પણ હોય તો તે પ્રશંસા યોગ્ય છે. પરંતુ મિથ્યામાર્ગમાં પ્રવૃત્ત થયેલા પ્રાણી સંખ્યામાં જો અધિક હોય તો પણ તે પ્રશંસનીય નથી–નિન્દનીય જ છે. નિર્મળ સમ્યગ્દષ્ટિ જીવનું પાપકર્મના ઉદયથી વર્તમાનમાં દુઃખી રહેવું એટલું હાનિકારક નથી જેટલું મિથ્યાદષ્કિ જીવનું પુણ્યકર્મના ઉદયથી વર્તમાનમાં સુખમાં સ્થિત રહેવાનું હાનિકારક છે. ૨.

( शार्दूलविक्रीड़ित )

बीजं मोक्षतरोर्दृशं भवतरोर्मिथ्यात्वमाहुर्जिनाः
प्राप्तायां दृशि तन्मुमुक्षुभिरलं यत्नो विधेयो बुधैः ।
संसारे बहुयोनिजालजटिले भ्राम्यन् कुकर्मावृत्तः
क्व प्राणी लभते महत्यपि गते काले हितां तामिह ॥३॥

**અનુવાદ:**—જિન ભગવાન્ સમ્યગ્દર્શનને મોક્ષરૂપી વૃક્ષનું બીજ તથા મિથ્યાદર્શનને સંસારરૂપી વૃક્ષનું બીજ બતાવે છે. તેથી તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં મોક્ષાભિલાષી વિદ્વાનોએ તેના સંરક્ષણ આદિના વિષયમાં મહાન્ પ્રયત્ન કરવો જોઈએ. કારણ એ છે કે પાપકર્મથી આચ્છન્ન થઈને ઘણી (ચોરાસી લાખ) યોનિઓના સમૂહથી જટિલ આ સંસારમાં પરિભ્રમણ કરનાર પ્રાણી દીર્ઘ કાળ વીતવા છતાં પણ હિતકારક તે સમ્યગ્દર્શન ક્યાં પ્રાપ્ત કરી શકે છે? અર્થાત્ પ્રાપ્ત કરી શકતો નથી. ૩.

( शार्दूलविक्रीड़ित )

संप्राप्ते ऽत्र भवे कथं कथमपि द्राघीयसानेहसा
मानुष्ये शुचिदर्शने च महता कार्यं तपो मोक्षदम् ।
नो चेल्लोकनिषेधतो ऽथ महतो मोहादशक्तेरथो
संपद्येत न तत्तदा गृहवतां षट्कर्मयोग्यं व्रतम् ॥४॥

**અનુવાદ:**—અહીં સંસારમાં જો કોઈ પ્રકારે અતિશય દીર્ઘકાળમાં મનુષ્યભવ અને નિર્મળ સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયુ હોય તો પછી મહાપુરુષે મોક્ષદાયક તપનું આચરણ કરવું જોઈએ. પરંતુ જો કુટુંબીજન વગેરેના રોકવાથી, મહામોહથી અથવા અશક્તિના કારણે તે તપશ્ચરણ કરી ન શકાય તો પછી ગૃહસ્થ શ્રાવકોના છ આવશ્યક (દેવપૂજા વગેરે) ક્રિયાઓ ને યોગ્ય વ્રતનું પરિપાલન તો કરવું જ જોઈએ. ૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

दृङ्मूलव्रतमष्टधा तदनु च स्यात्पञ्चधाणुव्रतं
शीलाख्यं च गुणव्रतत्रयमतः शिक्षाश्चतस्रः पराः ।
रात्रौ भोजनवर्जनं शुचिपटात् पेयं पयः शक्तितो
मौनादिव्रतमप्यनुष्ठितमिदं पुण्याय भव्यात्मनाम् ॥५॥

**અનુવાદ :**—સમ્યગ્દર્શનની સાથે આઠ મૂળગુણ, ત્યાર પછી પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત એ રીતે આ સાત શીલવ્રત, રાત્રે ભોજનનો પરિત્યાગ, પવિત્ર વસ્ત્રથી ગાળેલા પાણીનું પીવું, તથા શક્તિ અનુસાર મૌનવ્રત આદિ; આ બધું આચરણ ભવ્ય જીવોને પુણ્યનું કારણ થાય છે. ૫.

( शार्दूलविक्रीड़ित )

हन्ति स्थावरदेहिनः स्वविषये सर्वांस्त्रसान् रक्षति
ब्रूते सत्यमचौर्यवृत्तिमबलां शुद्धां निजां सेवते ।
दिग्देशव्रतदण्डवर्जनमतः सामायिकं प्रोषधं
दानं भोगयुगप्रमाणमुररीकुर्याद्गृहीति व्रती ॥६॥

**અનુવાદ :**—વ્રતી શ્રાવક પોતાના પ્રયોજનના વશે સ્થાવર પ્રાણીઓનો ઘાત કરતો હોવા છતાં પણ સર્વ ત્રસ જીવોની રક્ષા કરે છે, સત્ય વચન બોલે છે, ચૌર્યવૃત્તિ (ચોરી) નો પરિત્યાગ કરે છે, શુદ્ધ પોતાની જ સ્ત્રીનું સેવન કરે છે, દિગ્વ્રત અને દેશવ્રતનું પાલન કરે છે, અનર્થદંડ (પાપોપદેશ, હિંસાદાન, અપધ્યાન, દુઃશ્રુતિ અને પ્રમાદચર્યા)નો પરિત્યાગ કરે છે; તથા સામાયિક, પ્રોષધોપવાસ, દાન (અતિથિ સંવિભાગ) અને ભોગોપભોગ પરિમાણનો સ્વીકાર કરે છે. ૬.

( शार्दूलविक्रीड़ित )

देवाराधनपूजनादिबहुषु व्यापारकार्येषु सत्-
पुण्योपार्जनहेतुषु प्रतिदिनं संजायमानेष्वपि ।
संसारार्णवतारणे प्रवहणं सत्पात्रमुद्दिश्य यत्
तद्देशव्रतधारिणो धनवतो दानं प्रकृष्टो गुणः ॥७॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ :**—દેશવ્રતી ધનવાન શ્રાવકને પ્રતિદિન ઉત્તમ પુણ્યોપાર્જનના કારણભૂત દેવારાધના અને જિનપૂજનાદિરૂપ અનેક કાર્યો હોવા છતાં પણ સંસારરૂપી સમુદ્ર પાર થવામાં નૌકાનું કામ કરનાર જે સત્પાત્રદાન છે તે તેનો મહાન્ ગુણ છે. અભિપ્રાય એ છે કે શ્રાવકના સમસ્ત કાર્યોમાં મુખ્ય કાર્ય સત્પાત્રદાન છે. ૭.

( शार्दूलविक्रीड़ित )

**सर्वो वाञ्छनि सौख्यमेव तनुभृत्तन्मोक्ष एव स्फुटं**
**दृष्ट्यादित्रय एव सिध्यति स तन्निर्ग्रन्थ एव स्थितम् ।**
**तद्वृत्तिर्वपुषो ऽस्य वृत्तिरशनात्तद्दीयते श्रावकैः**
**काले क्लिष्टतरे ऽपि मोक्षपदवी प्रायस्ततो वर्तते ॥८॥**

**અનુવાદ :**—સર્વ પ્રાણી સુખની જ ઇચ્છા કરે છે, તે સુખ સ્પષ્ટપણે મોક્ષમાં જ છે, તે મોક્ષ સમ્યગ્દર્શનાદિસ્વરૂપ રત્નત્રય થતાં જ સિદ્ધ થાય છે, તે રત્નત્રય દિગંબર સાધુને જ હોય છે, ઉક્ત સાધુની સ્થિતિ શરીરના નિમિત્તે હોય છે, તે શરીરની સ્થિતિ ભોજનના નિમિત્તે હોય છે અને તે ભોજન શ્રાવકો દ્વારા આપવામાં આવે છે. આ રીતે આ અતિશય ક્લેશયુક્ત કાળમાં પણ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ ઘણું કરીને તે શ્રાવકોના નિમિત્તે જ થઈ રહી છે. ૮.

( शार्दूलविक्रीड़ित )

**स्वेच्छाहारविहारजल्पनतया नीरुग्वपुर्जायते**
**साधूनां तु न सा ततस्तदपटु प्रायेण संभाव्यते ।**
**कुर्यादौषधपथ्यवारिभिरिदं चारित्रभारक्षमं**
**यत्तस्मादिह वर्तते प्रशमिनां धर्मो गृहस्थोत्तमात् ॥९॥**

**અનુવાદ :**—શરીર ઇચ્છાનુસાર ભોજન, ગમન અને સંભાષણથી નીરોગ રહે છે. પરંતુ આ પ્રકારની ઇચ્છાનુસાર પ્રવૃત્તિ સાધુઓને સંભવ નથી. તેથી તેમનું શરીર ઘણું કરીને અસ્વસ્થ થઈ જાય છે. આવી દશામાં શ્રાવક તે શરીરને ઔષધ, પથ્ય ભોજન અને જળદ્વારા વ્રત પરિપાલનને યોગ્ય કરે છે તેથી જ અહીં તે મુનિઓનો ધર્મ ઉત્તમ શ્રાવકના નિમિત્તે જ ચાલે છે. ૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

व्याख्या पुस्तकदानमुन्नतधियां पाठाय भव्यात्मनां
भक्त्या यत्क्रियते श्रुताश्रयमिदं दानं तदाहुर्बुधाः।
सिद्धे ऽस्मिन् जननान्तरेषु कतिषु त्रैलोक्यलोकोत्सव
श्रीकारिप्रकटीकृताखिलजगत्कैवल्यभाजो जनाः ॥१०॥

**અનુવાદઃ**—ઉન્નત બુદ્ધિના ધારક ભવ્ય જીવોને વાંચવા માટે ભક્તિથી જે પુસ્તકનું દાન આપવામાં આવે છે અથવા તેમને તત્ત્વનું વ્યાખ્યાન આપવામાં આવે છે, તેને વિદ્વાનો શ્રુતદાન (જ્ઞાનદાન) કહે છે. આ જ્ઞાનદાન સિદ્ધ થતાં થોડા જ ભવોમાં મનુષ્ય તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે જેના વડે સમસ્ત વિશ્વ સાક્ષાત્ દેખાય છે અને જે પ્રગટ થતાં ત્રણે લોકના પ્રાણી ઉત્સવની શોભા કરે છે. ૧૦.

( शार्दूलविक्रीड़ित )

सर्वेषामभयं प्रवृद्धकरुणैर्यद्दीयते प्राणिनां
दानं स्यादभयादि तेन रहितं दानत्रयं निष्फलम्।
आहारौषधशास्त्रदानविधिभिः क्षुद्रोगजाड्याद्भयं
यत्तत्पात्रजने विनश्यति ततो दानं तदेकं परम् ॥११॥

**અનુવાદઃ**—દયાળુ પુરુષો દ્વારા જે સર્વ પ્રાણીઓને અભય આપવામાં આવે છે અર્થાત્ તેમનો ભય દૂર કરવામાં આવે છે તે અભયદાન કહેવાય છે. તેનાથી રહિત બાકીના ત્રણ પ્રકારના દાન વ્યર્થ જાય છે. આહાર, ઔષધ અને શાસ્ત્રદાનની વિધિથી પાત્રજીવોનો ક્રમે ક્ષુધાનો ભય, રોગનો ભય અને અજ્ઞાનપણાનો ભય નષ્ટ થાય છે માટે જ તે એક અભયદાન જ શ્રેષ્ઠ છે.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે ઉપર્યુક્ત ચાર દાનોમાં આ અભયદાન મુખ્ય છે. કારણ કે શેષ આહારાદિ દાનોની સફળતા આ અભયદાન ઉપર જ અવલંબે છે. એ સિવાય જો વિચાર કરવામાં આવે તો તે આહારાદિના દાનસ્વરૂપ બાકીના ત્રણ પણ આ અભયદાનની જ અંદર આવી જાય છે. એનું કારણ એ છે કે અભયદાનનો અર્થ છે પ્રાણીના સર્વ પ્રકારના ભય દૂર કરીને તેને નિર્ભય કરવા. આહારદાન દ્વારા પ્રાણીની ક્ષુધાનો ભય, ઔષધદાન દ્વારા રોગનો ભય અને શાસ્ત્રજ્ઞાન દ્વારા તેના અજ્ઞાનપણાનો ભય જ દૂર કરવામાં આવે છે. ૧૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

( शार्दूलविक्रीड़ित )

आहारात् सुखितौषधादतितरां नीरोगता जायते
शास्त्रात् पात्रनिवेदितात् परभवे पाण्डित्यमत्यद्भुतम् ।
एतत्सर्वगुणप्रभापरिकरः पुंसोऽभयाद्दानतः
पर्यन्ते पुनरुन्नतोन्नतपदप्राप्तिर्विमुक्तिस्ततः ॥१२॥

**અનુવાદઃ**—પાત્રને આપવામાં આવેલા આહારના નિમિત્તે બીજા જન્મમાં સુખ, ઔષધના નિમિત્તે અતિશય નીરોગતા, અને શાસ્ત્રના નિમિત્તે આશ્ચર્યજનક વિદ્વતા પ્રાપ્ત થાય છે. અભયદાનથી પુરુષને આ બધા જ ગુણોનો સમૂહ પ્રાપ્ત થાય છે તથા અંતે ઉન્નત ઉન્નત પદો (ઇન્દ્ર અને ચક્રવર્તી આદિ)ની પ્રાપ્તિપૂર્વક મુક્તિ પણ પ્રાપ્ત થઈ જાય છે. ૧૨.

( शार्दूलविक्रीड़ित )

कृत्वा कार्यशतानि पापबहुलान्याश्रित्य खेदं परं
भ्रान्त्वा वारिधिमेखलां वसुमतीं दुःखेन यच्चार्जितम् ।
तत्पुत्रादपि जीवितादपि धनं प्रेयोऽस्य पन्थाः शुभो
दानं तेन च दीयतामिदमहो नान्येन तत्संगतिः ॥१३॥

**અનુવાદઃ**—જે ધન અતિશય ખેદના અનુભવપૂર્વક પાપપ્રચુર સેંકડો ખોટા કાર્યો કરીને તથા સમુદ્રરૂપ મેખલા સહિત અર્થાત્ સમુદ્રપર્યંત પૃથ્વીનું પરિભ્રમણ કરીને ઘણા દુઃખથી મેળવાય છે તે ધન મનુષ્યને પોતાના પુત્ર અને પ્રાણોથી પણ અધિક પ્યારૂં હોય છે તેને ખરચવાનો ઉત્તમ માર્ગ દાન છે. તેથી કષ્ટથી મેળવેલા તે ધનનું દાન કરવું જોઈએ. એનાથી વિપરીત બીજા માર્ગે (દુર્વ્યસનાદિ) અપવ્યય કરવામાં આવે તો તેનો સંયોગ ફરીથી પ્રાપ્ત થઈ શકતો નથી. ૧૩.

( शार्दूलविक्रीड़ित )

दानेनैव गृहस्थता गुणवती लोकद्वयोद्द्योतिका
सैव स्यान्ननु तद्विना धनवतो लोकद्वयध्वंसकृत् ।
दुर्व्यापारशतेषु सत्सु गृहिणः पापं यदुत्पद्यते
तन्नाशाय शशाङ्कशुभ्रयशसे दानं च नान्यत्परम् ॥१४॥

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—દાન દ્વારા જ ગુણયુક્ત ગૃહસ્થાશ્રમ બન્ને લોકોને પ્રકાશિત કરે છે અર્થાત્ જીવને દાનના નિમિત્તે જ આ ભવ અને પરભવ બન્નેમાં સુખ પ્રાપ્ત થાય છે. એનાથી ઉલ્ટું ઉક્ત દાન વિના ધનવાન મનુષ્યનો તે ગૃહસ્થાશ્રમ બન્ને લોકને નષ્ટ કરી નાખે છે. સેંકડો દુષ્ટ વ્યાપારોમાં પ્રવૃત્ત થતાં ગૃહસ્થને જે પાપ ઉત્પન્ન થાય છે તેને નષ્ટ કરવાનું તથા ચંદ્રમા સમાન ધવળ યશની પ્રાપ્તિનું કારણ તે દાન જ. છે, તે સિવાય પાપનાશ અને યશની પ્રાપ્તિનું બીજું કોઈ કારણ હોઈ શકે નહિ. ૧૪.

( शार्दूलविक्रीड़ित )

**पात्राणामुपयोगि यत्किल धनं तद्धीमतां मन्यते**
**येनानन्तगुणं परत्र सुखदं व्यावर्तते तत्पुनः ।**
**यद्भोगाय गतं पुनर्धनवतस्तन्नष्टमेव ध्रुवं**
**सर्वासामिति संपदां गृहवतां दाने प्रधानं फलम् ॥१५॥**

**અનુવાદઃ**—જે ધન પાત્રોના ઉપયોગમાં આવે છે તેને જ બુદ્ધિમાન મનુષ્ય શ્રેષ્ઠ માને છે કારણ કે તે અનંતગુણા સુખનું આપનાર થઈને પરલોકમાં ફરીથી પણ પ્રાપ્ત થઈ જાય છે. પરંતુ એનાથી વિપરીત જે ધનવાનનું ધન ભોગના નિમિત્તે નષ્ટ થાય છે તે નિશ્ચયથી નષ્ટ જ થઈ જાય છે અર્થાત્ દાનજનિત પુણ્યના અભાવમાં તે ફરી કદી પ્રાપ્ત થતું નથી. તેથી જ ગૃહસ્થોને સમસ્ત સંપત્તિઓના લાભનું ઉત્કૃષ્ટ ફળ દાનમાં જ પ્રાપ્ત થાય છે. ૧૫.

( शार्दूलविक्रीड़ित )

**पुत्रे राज्यमशेषमर्थिषु धनं दत्त्वाभयं प्राणिषु**
**प्राप्ता नित्यसुखास्पदं सुतपसा मोक्षं पुरा पार्थिवाः ।**
**मोक्षस्यापि भवेत्ततः प्रथमतो दानं निदानं बुधैः**
**शक्त्या देयमिदं सदातिचपले द्रव्ये तथा जीविते ॥१६॥**

**અનુવાદઃ**–પૂર્વકાળમાં અનેક રાજાઓ પુત્રને સમસ્ત રાજ્ય આપી દઈને, યાચક જનોને ધન આપીને તથા પ્રાણીઓને અભય આપીને ઉત્કૃષ્ટ તપશ્ચરણ દ્વારા અવિનશ્વર સુખના સ્થાનભૂત મોક્ષને પ્રાપ્ત થયા છે. આ રીતે તે દાન મોક્ષનું પણ પ્રધાન કારણ છે. તેથી સંપત્તિ અને જીવન અતિશય ચપળ અર્થાત્ નશ્વર હોવાથી વિદ્વાન પુરુષોએ શક્તિ પ્રમાણે સર્વદા તે દાન અવશ્ય આપવું જોઈએ. ૧૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

ये मोक्षं प्रति नोद्यताः सुनृभवे लब्धेऽपि दुर्बुद्धयः
ते तिष्ठन्ति गृहे न दानमिह चेत्तन्मोह पाशो दृढः ।
मत्वेदं गृहिणा यथर्द्धि विविधं दानं सदा दीयतां
तत्संसारसरित्पतिप्रतरणे पोतायते निश्चितम् ॥१७॥

**અનુવાદઃ**—ઉત્તમ મનુષ્યભવ પામીને પણ જે દુર્બુદ્ધિ મનુષ્ય મોક્ષના વિષયમાં ઉદ્યમ કરતા નથી તેઓ જો ઘરમાં રહેવા છતાં પણ દાન આપતા નથી તો તેમના માટે તે ઘર મોહદ્વારા નિર્મિત દૃઢ જાળ જેવું જ છે એમ સમજીને ગૃહસ્થ શ્રાવકે પોતાની સંપત્તિ અનુસાર સર્વદા અનેક પ્રકારનું દાન આપવું જોઈએ. કારણ એ છે કે તે દાન નિશ્ચયથી સંસારરૂપી સમુદ્ર પાર થવામાં નાવનું કામ કરે છે. ૧૭.

( शार्दूलविक्रीडित )

यैर्नित्यं न विलोक्यते जिनपतिर्न स्मर्यते नार्च्यते
न स्तूयेत न दीयते मुनिजने दानं च भक्त्या परम् ।
सामर्थ्ये सति तद्गृहाश्रमपदं पाषाणनावा समं
तत्रस्था भवसागरेऽतिविषमे मज्जन्ति नश्यन्ति च ॥१८॥

**અનુવાદઃ**—જે મનુષ્ય પ્રતિદિન જિનેન્દ્રદેવનું ન તો દર્શન કરે છે, ન સ્મરણ કરે છે, ન પૂજન કરે છે, ન સ્તુતિ કરે છે અને સમર્થ હોવા છતાં પણ ભક્તિથી મુનિજનોને ઉત્તમ દાન પણ દેતા નથી; તેમનું ગૃહસ્થાશ્રમ પદ પથ્થરની નાવ સમાન છે. તેના ઉપર બેસીને તે મનુષ્યો અત્યંત ભયાનક સંસારરૂપી સમુદ્રમાં ગોથા ખાતા થકા નાશ જ પામવાના છે. ૧૮.

( शार्दूलविक्रीडित )

चिन्तारत्नसुरद्रुकामसुरभिस्पर्शोपलाद्या भुवि
ख्याता एव परोपकारकरणे दृष्टा न ते केनचित् ।
तैरत्रोपकृतं न केषुचिदपि प्रायो न संभाव्यते
तत्कार्याणि पुनः सदैव विदधद्दाता परं दृश्यते ॥१९॥

**અનુવાદઃ**—ચિન્તામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ અને પારસ પથ્થર આદિ પૃથ્વીપર પરોપકાર કરવામાં કેવળ પ્રસિદ્ધ જ છે. તેમને ન તો કોઈએ પરોપકાર કરતા જોયા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને ન તેમણે અહીં કોઈનો ઉપકાર કર્યો પણ છે તથા એવી સંભાવના પણ ઘણું કરીને નથી. પરંતુ તેમના કાર્યો ( પરોપકારાદિ ) સદાય કરતા કેવળ દાતા શ્રાવક અવશ્ય જોવામાં આવે છે. તાત્પર્ય એ છે કે દાની મનુષ્ય તે પ્રસિદ્ધ ચિન્તામણિ આદિથી પણ અતિશય શ્રેષ્ઠ છે. ૧૯.

( शार्दूलविक्रीड़ित )

**यत्र श्रावकलोक एष वसति स्यात्तत्र चैत्यालयो**
**यस्मिन् सोऽस्ति च तत्र सन्ति यतयो धर्मश्च तैर्वतते।**
**धर्मे सत्यघसंचयो विघटते स्वर्गापवर्गाश्रयं**
**सौख्यं भावि नृणां ततो गुणवतां स्युः श्रावकाः संमताः ॥२०॥**

**અનુવાદ**—જે ગામમાં આ શ્રાવકો રહે છે ત્યાં ચૈત્યાલય થાય છે અને જ્યાં ચૈત્યાલય છે ત્યાં મુનિઓ રહે છે, તે મુનિઓ દ્વારા ધર્મની પ્રવૃત્તિ થાય છે તથા ધર્મ થતાં પાપના સમૂહનો નાશ થઈને સ્વર્ગ–મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે. તેથી ગુણવાન મનુષ્યોને શ્રાવકો ઇષ્ટ છે.

**વિશેષાર્થ**:—અભિપ્રાય એ છે કે જે જિનમંદિરોમાં સ્થિત થઈને મુનિઓ સ્વર્ગ–મોક્ષના સાધનભૂત ધર્મનો પ્રચાર કરે છે તે જિનમંદિર શ્રાવકો દ્વારા જ બનાવાય છે. માટે જો તે શ્રાવકો જ પરંપરાએ તે સુખના સાધન હોય તો ગુણી જનોએ તે શ્રાવકોનું યથાયોગ્ય સન્માન કરવું જ જોઈએ. ૨૦.

( शार्दूलविक्रीड़ित )

**काले दुःखमसंज्ञके जिनपतेर्धर्मे गते क्षीणतां**
**तुच्छे सामयिके जने बहुतरे मिथ्यान्धकारे सति।**
**चैत्ये चैत्यगृहे च भक्तिसहितो यः सोऽपि नो दृश्यते**
**यस्तत्कारयते यथाविधि पुनर्भव्यः स वन्द्यः सताम् ॥२१॥**

**અનુવાદઃ**—આ દુખમા નામના પંચમ કાળમાં જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત ધર્મ ક્ષીણ થઈ ગયો છે. આમાં જૈનાગમ અથવા જૈન ધર્મનો આશ્રય લેનાર માણસો થોડા અને અજ્ઞાનરૂપ અંધકારનો પ્રચાર ઘણો વધારે છે. એવી અવસ્થામાં જે મનુષ્ય જિનપ્રતિમા અને જિનગૃહના વિષયમાં ભક્તિ રાખતા હોય તે પણ જોવામાં આવતા નથી. છતાં પણ જે ભવ્ય વિધિપૂર્વક ઉક્ત જિનપ્રતિમા અને જિનગૃહનું નિર્માણ કરાવે છે તે સજ્જન પુરુષોદ્વારા વંદનીય છે. ૨૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

बिम्बादलोन्नतियवोन्नतिमेव भक्त्या
ये कारयन्ति जिनसद्म जिनाकृतिं च ।
पुण्यं तदीयमिह वागपि नैव शक्ता
स्तोतुं परस्य किमु कारयितुर्द्वयस्य ॥२२॥

**અનુવાદઃ**—જે ભવ્ય જીવ ભક્તિથી કુન્દરૂ વૃક્ષના પાંદડા જેવડા જિનાલય અને જવ (ના દાણા) જેવડી જિનપ્રતિમાનું નિર્માણ કરાવે છે તેમના પુણ્યનું વર્ણન કરવા માટે અહીં વાણી (સરસ્વતી) પણ સમર્થ નથી. તો પછી જે ભવ્ય જીવ તે (જિનાલય અને જિનપ્રતિમા) બન્નેનું ય નિર્માણ કરાવે છે તેમના વિષયમાં શું કહેવું ? અર્થાત્ તે તો અતિશય પુણ્યશાળી છે જ.

**વિશેષાર્થઃ**—એનો અભિપ્રાય એ છે કે ભવ્ય પ્રાણી નાનામાં નાના જિનમંદિર અથવા જિનપ્રતિમાનું પણ નિર્માણ કરાવે છે તે ઘણો જ પુણ્યશાળી થાય છે. તો પછી જે ભવ્ય જીવ વિશાળ જિનભવનનું નિર્માણ કરાવીને તેમાં મનોહર જિનપ્રતિમાને પ્રતિષ્ઠિત કરાવે છે તેને તો નિઃસંદેહ અપરિમિત પુણ્યનો લાભ થવાનો છે. ૨૨.

(शार्दूलविक्रीड़ित)

यात्राभिः स्नपनैर्महोत्सवशतैः पूजाभिरुल्लोचकैः
नैवेद्यैर्बलिभिर्ध्वजश्च कलशैस्तूर्यत्रिकैर्जागरैः ।
घण्टाचामरदर्पणादिभिरपि प्रस्तार्य शोभां परां
भव्याः पुण्यमुपार्जयन्ति सततं सत्यत्र चैत्यालये ॥२३॥

**અનુવાદઃ**—સંસારમાં ચૈત્યાલય થતાં અનેક ભવ્યજીવ યાત્રાઓ, (જળયાત્રાઆદિ) અભિષેકો, સેંકડો મહાન ઉત્સવો અનેક પ્રકારના પૂજા વિધાનો, ચંદરવા, નૈવેદ્ય, અન્ય ભેટો, ધ્વજાઓ, કળશો, તૌર્યત્રિકો (ગીત, નૃત્ય, વાદિત્ર), જાગરણો, ઘંટ, ચામર, દર્પણાદિ દ્વારા ઉત્કૃષ્ટ શોભાનો વિસ્તાર કરીને નિરંતર પુણ્યનું ઉપાર્જન કરે છે. ૨૩.

(शार्दूलविक्रीड़ित)

ते चाणुव्रतधारिणोऽपि नियतं यान्त्येव देवालयं
तिष्ठन्त्येव महर्द्धिकामरपद तत्रैव लब्ध्वा चिरम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्रागत्य पुनः कुले ऽतिमहति प्राप्य प्रकृष्टं शुभा-
न्मानुष्यं च विरागतां च सकलत्यागं च मुक्तास्ततः ॥२४॥

**અનુવાદઃ**—તે ભવ્ય જીવ જો અણુવ્રતોના પણ ધારક હોય તોપણ મરીને પછી સ્વર્ગમાં જ જાય છે અને અણિમા આદિ ઋદ્ધિ સંયુક્ત દેવપદ પ્રાપ્ત કરીને દીર્ઘકાળ સુધી ત્યાં (સ્વર્ગમાં) જ રહે છે. ત્યાર પછી મહાન્ પુણ્યકર્મના ઉદયથી મનુષ્યલોકમાં આવીને અને અતિશય પ્રશંસનીય કુળમાં ઉત્તમ મનુષ્ય થઈને વૈરાગ્ય પ્રાપ્ત થયા થકા તેઓ સમસ્ત પરિગ્રહ છોડીને મુનિ થઈ જાય છે તથા આ ક્રમે તેઓ અંતે મુક્તિ પણ પ્રાપ્ત કરી લે છે. ૨૪

( शार्दूलविक्रीड़ित )

पुंसो ऽर्थेषु चतुर्षु निश्चलतरो मोक्षः परं सत्सुखः
शेषास्तद्विपरीतधर्मकलिता हेया मुमुक्षोरतः ।
तस्मात्तत्पदसाधनत्वधरणो धर्मोऽपि नो संमतः
यो भोगादिनिमित्तमेव स पुनः पापं बुधैर्मन्यते ॥२५॥

**અનુવાદઃ**—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં કેવળ મોક્ષ પુરુષાર્થ જ સમીચીન (બાધા રહિત) સુખ યુક્ત હોઈને સદા સ્થિર રહે છે. બાકીના ત્રણ પુરુષાર્થ તેનાથી વિપરીત (અસ્થિર) સ્વભાવવાળા છે. તેથી તે મુમુક્ષુજનોએ છોડવા યોગ્ય છે. તેથી જે ધર્મ પુરુષાર્થ ઉપર્યુક્ત મોક્ષ પુરુષાર્થનો સાધક થાય છે તે પણ આપણને ઈષ્ટ છે. પરંતુ જે ધર્મ કેવળ ભોગાદિનું જ કારણ થાય છે તેને વિદ્વાનો પાપ જ સમજે છે. ૨૫.

( शार्दूलविक्रीड़ित )

भव्यानामणुभिर्व्रतैरनणुभिः साध्योऽत्र मोक्षः परं
नान्यत्किंचिदिहैव निश्चयनयाज्जीवः सुखी जायते ।
सर्वं तु व्रतजातमीदृशधिया साफल्यमेत्यन्यथा
संसाराश्रयकारणं भवति यत्तद्दुःखमेव स्फुटम् ॥२६॥

**અનુવાદઃ**—ભવ્ય જીવોએ અણુવ્રતો અને મહાવ્રતો દ્વારા અહીં કેવળ મોક્ષ જ સિદ્ધ કરવા યોગ્ય છે, અન્ય કાંઈ પણ સિદ્ધ કરવા યોગ્ય નથી. કારણ એ છે કે નિશ્ચયનયથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ તે મોક્ષમાં જ સ્થિત થઈને સુખી થાય છે. તેથી આ જાતની બુદ્ધિથી જે સર્વ વ્રતોનું પરિપાલન કરવામાં આવે છે તે સફળતા પામે છે તથા આનાથી વિપરીત તેને કેવળ તે સંસારનું કારણ થાય છે જે પ્રત્યક્ષ જ દુઃખ સ્વરૂપ છે. ૨૬.

( शार्दूलविक्रीड़ित )

यत्कल्याणपरंपरार्पणपरं भव्यात्मनां संसृतौ
पर्यन्ते यदनन्तसौख्यसदनं मोक्षं ददाति ध्रुवम् ।
तज्जीयादतिदुर्लभं सुनरतामुख्यैर्गुणैः प्रापितं
श्रीमत्पङ्कजनन्दिभिर्विरचितं देशव्रतोद्द्योतनम् ॥२७॥

**અનુવાદઃ**—શ્રીમાન્ પદ્મનન્દી મુનિ દ્વારા રચવામાં આવેલ જે દેશવ્રતોદ્યોતન નામનું પ્રકરણ સંસારમાં ભવ્ય જીવોને કલ્યાણ પરંપરા આપવામાં તત્પર છે, અંતે જે નિશ્ચયથી અનંત સુખના સ્થાનભૂત મોક્ષ આપે છે તથા જે ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ ગુણો વડે પ્રાપ્ત કરાવાય છે; એવું તે દુર્લભ દેશવ્રતોદ્યોતન જયવંત હો. ૨૭.

આ રીતે દેશવ્રતોદ્યોતન સમાપ્ત થયું. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૮. સિદ્ધસ્તુતિ

## [ ८. सिद्धस्तुतिः ]

( शार्दूलविक्रीड़ित )

सूक्ष्मत्वादणुदर्शिनोऽवधिदृशः पश्यन्ति नो यान् परे
यत्संविन्महिमस्थितं त्रिभुवनं खस्थं भमेकं यथा।
सिद्धानामहमप्रमेयमहसां तेषां लघुर्मानुषो
मूढात्मा किमु वच्मि तत्र यदि वा भक्त्या महत्या वशः ॥१॥

**અનુવાદ:**—સૂક્ષ્મ હોવાથી જે સિદ્ધોને પરમાણુને જોઈ શકનાર બીજા અવધિજ્ઞાની પણ જોઈ શકતા નથી તથા જેમના જ્ઞાનમાં સ્થિત ત્રણે લોક આકાશમાં સ્થિત એક નક્ષત્ર સમાન સ્પષ્ટપણે પ્રતિભાસે છે તે અપરિમિત તેજના ધારક સિદ્ધોનું વર્ણન શું મારા જેવો મૂર્ખ અને હીન મનુષ્ય કરી શકે છે? અર્થાત્ કરી શકતો નથી. છતાં પણ જે હું તેમનું કાંઈક વર્ણન અહીં કરી રહ્યો છું તે અતિશય ભક્તિને વશ થઈને જ કરી રહ્યો છું. ૧.

( शार्दूलविक्रीड़ित )

निःशेषामरशेखराश्रितमणिश्रेण्यर्चिताङ्घ्रिद्वया
देवास्ते ऽपि जिना यदुन्नतपदप्राप्त्यै यतन्ते तराम्।
सर्वेषामुपरि प्रवृद्धपरमज्ञानादिभिः क्षायिकैः
युक्ता न व्यभिचारिभिः प्रतिदिनं सिद्धान् नमामो वयम् ॥२॥

**અનુવાદ:**—જેમના બન્ને ચરણ સમસ્ત દેવોના મુકુટોમાં લાગેલ મણિઓની પંક્તિથી પૂજિત છે અર્થાત્ જેમના ચરણોમાં સમસ્ત દેવ પણ નમસ્કાર કરે છે, એવા તે તીર્થંકર જિનદેવ પણ જે સિદ્ધોના ઉન્નત પદને પ્રાપ્ત કરવા માટે અધિક પ્રયત્ન કરે છે; જે સર્વની ઉપર વૃદ્ધિગત થઇને અન્ય કોઈમાં ન પ્રાપ્ત થનાર એવા અતિશય વૃદ્ધિ પામેલા કેવળ-જ્ઞાનાદિસ્વરૂપ ક્ષાયિક ભાવોથી સંયુક્ત છે; તે સિદ્ધોને અમે પ્રતિદિન નમસ્કાર કરીએ છીએ. ૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

ये लोकाग्रविलम्बिनस्तदधिकं धर्मास्तिकायं विना
नो याताः सहजस्थिरामलसद्दृग्बोधसन्मूर्तयः ।
संप्राप्ताः कृतकृत्यतामसदृशाः सिद्धा जगन्मङ्गलं
नित्यानन्दसुधारसस्य च सदा पात्राणि ते पान्तु वः ।।३।।

**અનુવાદઃ**—જે સિદ્ધ જીવો લોકશિખરને આશ્રિત છે, આગળ ધર્મ દ્રવ્યનો અભાવ હોવાથી જે તેનાથી વધારે ઉપર ગયા નથી, જે અવિનશ્વર સ્વાભાવિક નિર્મળ દર્શન (કેવળ-દર્શન) અને જ્ઞાન (કેવળ જ્ઞાન) રૂપ અનુપમ શરીર ધારણ કરે છે, જે કૃતકૃત્યસ્વરૂપને પ્રાપ્ત થઈ ચૂકયા છે, અનુપમ છે, જગતને માટે મંગળસ્વરૂપ છે, તથા અવિનશ્વર સુખરૂપ અમૃતરસના પાત્ર છે; એવા તે સિદ્ધ સદા તમારી રક્ષા કરો. ૩.

( शार्दूलविक्रीड़ित )

ये जित्वा निजकर्मकर्कशरिपून् प्राप्ताः पदं शाश्वतं
येषां जन्मजरामृतिप्रभृतिभिः सीमापि नोल्लङ्घयते ।
येष्वैश्वर्यमचिन्त्यमेकमसमज्ञानादिसंयोजितं
ते सन्तु त्रिजगच्छिखाग्रमणयः सिद्धा मम श्रेयसे ।।४।।

**અનુવાદઃ**—જે સિદ્ધ પરમેષ્ઠી પોતાના કર્મરૂપી કઠોર શત્રુઓને જીતીને નિત્ય (મોક્ષ) પદને પ્રાપ્ત કરી ચૂકયા છે; જન્મ, જરા અને મરણ આદિ પણ જેમની સીમા ઓળંગી શકતા નથી, અર્થાત્ જે જન્મ, જરા અને મરણથી મુક્ત થઈ ગયા છે; તથા જેમનામાં અસાધારણ જ્ઞાનાદિદ્વારા અચિંત્ય અને અદ્વિતીય અનંતચતુષ્ટયસ્વરૂપ ઐશ્વર્યનો સંયોગ કરાવવામાં આવ્યો છે; એવા તે ત્રણે લોકના ચૂડામણિ સમાન સિદ્ધ પરમેષ્ઠી મારું કલ્યાણ કરો. ૪.

( शार्दूलविक्रीड़ित )

सिद्धो बोधमितिः स बोध उदितो ज्ञेयप्रमाणो भवेत्
ज्ञेयं लोकमलोकमेव च वदन्त्यात्मेति सर्वस्थितः ।
मूषायां मदनोज्झिते हि जठरे यादृग् नभस्तादृशः
प्राक्कायात् किमपि प्रहीण इति वा सिद्धः सदानन्दति ।।५।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—સિદ્ધ જીવ પોતાના જ્ઞાનપ્રમાણ છે અને તે જ્ઞાન જ્ઞેય (જ્ઞાનના વિષય) પ્રમાણ કહેવામાં આવ્યું છે. તે જ્ઞેય પણ લોક અને અલોકસ્વરૂપ છે. તેથી જ આત્મા સર્વવ્યાપક કહેવાય છે. બીબા (જેમાં ઢાળીને પાત્ર અને આભૂષણ વગેરે બનાવવામાં આવે છે) માંથી મીણ જુદું પડી જતાં તેની અંદર જેવું શુદ્ધ આકાશ બાકી રહી જાય છે એવા આકારને ધારણ કરનાર તથા પહેલાના શરીરથી કાંઈક અલ્પ એવા તે સિદ્ધ પરમેષ્ઠી સદા આનંદનો અનુભવ કરે છે.

**વિશેષાર્થ:**—સિદ્ધોનું જ્ઞાન અપરિમિત છે જે સમસ્ત લોક અને અલોકનો વિષય કરે છે. આ રીતે લોક અને અલોકરૂપ અપરિમિત જ્ઞેયનો વિષય કરનાર તે જ્ઞાનથી આત્મા અભિન્ન છે–તે સ્વરૂપ છે; આ જ અપેક્ષાએ આત્માને વ્યાપક કહેવામાં આવે છે. વાસ્તવમાં તો તે પૂર્વ શરીરથી કાંઈક ન્યૂન રહીને પોતાના સીમિત ક્ષેત્રમાં જ રહે છે. પૂર્વના શરીરથી કાંઇક ન્યૂન રહેવાનું કારણ એ છે કે શરીરના ઉપાંગભૂત જે નાસિકા વગેરેના છિદ્રાદિ હોય છે ત્યાં આત્મપ્રદેશોનો અભાવ હોય છે. શરીરનો સંબંધ છૂટતાં અમૂર્તિક સિદ્ધાત્માનો આકાર કેવો રહે છે તે બતાવતાં અહીં આ ઉદાહરણ આપવામાં આવ્યું છે કે જેમ માટી વગેરેથી બનાવેલ પૂતળામાં મીણ ભરી દેવામાં આવ્યું હોય, અને ત્યારપછી તેને અગ્નિના સંયોગ પ્રાપ્ત થતાં જેમ તે મીણ ગળી જાય અને ત્યાં તે આકારમાં શુદ્ધ આકાશ બાકી રહી જાય છે તેવી જ રીતે શરીરનો સંબંધ છૂટી જતાં તેના આકારે શુદ્ધ આત્મપ્રદેશ બાકી રહી જાય છે. ૫.

( शार्दूलविक्रीड़ित )

**दृग्बोधौ परमौ तदावृतिहतेः सौख्यं च मोहक्षयात्**
**वीर्यं विघ्नविघाततोऽप्रतिहतं मूर्तिर्न नामक्षतेः ।**
**आयुर्नाशवशान्न जन्ममरणे गोत्रे न गोत्रं विना**
**सिद्धानां न च वेदनीयविरहाद्दुःखं सुखं चाक्षजम् ।।६।।**

**અનુવાદ:**—સિદ્ધોને દર્શનાવરણના ક્ષયથી ઉત્કૃષ્ટ દર્શન (કેવળદર્શન), જ્ઞાનાવરણના ક્ષયથી ઉત્કૃષ્ટ જ્ઞાન (કેવળજ્ઞાન), મોહનીય કર્મના ક્ષયથી અનંત સુખ, અંતરાયના વિનાશથી અનંતવીર્ય, નામકર્મના ક્ષયથી તેમને મૂર્તિનો અભાવ થઈને અમૂર્તપણું (સૂક્ષ્મત્વ), આયુષ્ય કર્મ નષ્ટ થઈ જવાથી જન્મ–મરણનો અભાવ થઈ અવગાહનત્વ, ગોત્ર કર્મ ક્ષીણ થઈ જવાથી ઉચ્ચ અને નીચ ગોત્રોનો અભાવ થઇને અગુરુલઘુત્વ, તથા વેદનીય કર્મ નષ્ટ થઈ જવાથી ઇન્દ્રિયજન્ય સુખ–દુઃખનો અભાવ થઇને અવ્યાબાધત્વ ગુણ પ્રગટ થાય છે. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

यैर्दुःखानि समाप्नुवन्ति विधिवज्जानन्ति पश्यन्ति नो
वीर्यं नैव निजं भजन्त्यसुभृतो नित्यं स्थिताः संसृतौ ।
कर्माणि प्रहतानि तानि महता योगेन यैस्ते सदा
सिद्धा नित्यचतुष्टयामृतसरिन्नाथा भवेयुर्न किम् ॥७॥

**અનુવાદઃ**—જે કર્મોના નિમિત્તે નિરંતર સંસારમાં સ્થિત પ્રાણી સદા દુઃખો પામ્યા કરે છે, વિધિવત્ આત્મસ્વરૂપને જાણતો નથી, દેખતો નથી અને પોતાના સ્વાભાવિક વીર્ય (સામર્થ્ય)નો પણ અનુભવ કરતો નથી; તે કર્મોને જે સિદ્ધોએ મહાન્ યોગ અર્થાત્ શુકલધ્યાન દ્વારા નષ્ટ કરી દીધા છે તે સિદ્ધ ભગવાન્ અવિનશ્વર અનંતચતુષ્ટયરૂપ અમૃતની નદીના અધિપતિ (સમુદ્ર) શું નહિ થાય? અર્થાત્ અવશ્ય થશે. ૭.

( शार्दूलविक्रीड़ित )

एकाक्षाद्बहुकर्मसंवृतमतेर्द्व्यक्षादिजीवाः सुख-
ज्ञानाधिक्ययुता भवन्ति किमपि क्लेशोपशान्तेरिह ।
ये सिद्धास्तु समस्तकर्मविषमध्वान्तप्रबन्धच्युताः
सद्बोधाः सुखिनश्च ते कथमहो न स्युस्त्रिलोकाधिपाः ॥८॥

**અનુવાદઃ**—સંસારમાં જે એકેન્દ્રિય જીવની બુદ્ધિ કર્મના ઘણા આવરણ સહિત છે તેની અપેક્ષાએ દ્વીન્દ્રિય આદિ જીવ અધિક સુખી અને અધિક જ્ઞાનવાન્ છે કારણ કે એમને તેની અપેક્ષાએ કર્મનું આવરણ ઓછું છે. તો પછી ભાઈ જે સિદ્ધ જીવ સમસ્ત કર્મરૂપી ઘોર અંધકારના વિસ્તાર રહિત થઈ ગયા છે તે ત્રણે લોકના અધિપતિ થઈને ઉત્તમ જ્ઞાન (કેવળ જ્ઞાન) અને અનંત સુખ સંપન્ન કેમ ન હોય? અવશ્ય હોય.

**વિશેષાર્થ**:—એકેન્દ્રિય જીવોને જેટલી અધિક માત્રામાં જ્ઞાનાવરણાદિ કર્મોનું આવરણ છે તેનાથી ઉત્તરોત્તર દ્વીન્દ્રિયાદિ જીવોને તે કાંઇક કમ છે. તેથી એકેન્દ્રિયોની અપેક્ષાએ દ્વીન્દ્રિય અને તેની અપેક્ષાએ ત્રીન્દ્રિયાદિ જીવ ઉત્તરોત્તર અધિક જ્ઞાનવાન્ અને સુખી જોવામાં આવે છે. વળી જો તે જ કર્મોનું આવરણ સિદ્ધોને પૂર્ણપણે નષ્ટ થઈ ગયું છે તો પછી તેમને અનંતજ્ઞાની અને અનંતસુખી થઈ જવામાં કાંઈ પણ સંદેહ રહેતો નથી. ૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शार्दूलविक्रीडित)

यः केनाप्यतिगाढगाढमभितो दुःखप्रदैः प्रग्रहैः
बद्धोऽन्यैश्च नरो रुषा घनतरैरापादमामस्तकम् ।
एकस्मिन् शिथिलेऽपि तत्र मनुते सौख्यं स सिद्धाः पुनः
किं न स्युः सुखिनः सदा विरहिता बाह्यान्तरैर्बन्धनैः ॥९॥

**અનુવાદઃ**—જે મનુષ્ય કોઈ બીજા મનુષ્યદ્વારા ક્રોધને વશ થઈને પગથી માંડીને મસ્તક સુધી ચારે તરફ દુઃખદાયક દ્રઢતર દોરડાઓથી જકડીને બાંધી દેવાયો હોય તે તેમાંથી કોઈ એક પણ દોરડું ઢીલું થતાં સુખનો અનુભવ કરે છે. તો પછી જે સિદ્ધ જીવ બાહ્ય અને અભ્યંતર બન્નેય બંધનોથી રહિત થઈ ગયા છે તેઓ શું સદા સુખી નહિ હોય? અર્થાત્ અવશ્ય હશે. ૯.

सर्वज्ञः कुरुते परं तनुभृतः प्राचुर्यतः कर्मणां
रेणूनां गणनं किलाधिवसतामेकं प्रदेशं घनम् ।
इत्याशास्वखिलासु बद्धमहसो दुःखं न कस्मान्मह-
न्मुक्तस्यास्य तु सर्वतः किमिति नो जायेत सौख्यं परम् ॥१०॥

**અનુવાદઃ**—જીવના એક પ્રદેશમાં સઘનરૂપે સ્થિત કર્મોના પ્રચુર પરમાણુઓની ગણતરી ફક્ત સર્વજ્ઞ જ કરી શકે છે. તો પછી જો બધી દિશાઓમાં અર્થાત્ સર્વ તરફથી આ જીવનું આત્મતેજ કર્મોથી સંબદ્ધ (રોકાયેલું) હોય તો તેને મહાન્ દુઃખ કેમ ન થાય? અવશ્ય થાય. એનાથી વિપરીત જે આ સિદ્ધ જીવ બધી તરફથી જ ઉક્ત કર્મોથી રહિત થઈ ગયા છે તેમને ઉત્કૃષ્ટ સુખ ન હોય શું? અર્થાત્ અવશ્ય હોય.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે આ સંસારી પ્રાણીને એક જ આત્મપ્રદેશે એટલા બધા કર્મ પરમાણુ બંધાયેલા છે કે તેમની ગણતરી કેવળ સર્વજ્ઞ જ કરી શકે છે, આપણા જેવા કોઈ અલ્પજ્ઞ જીવ નહિ. એવી રીતે આ જીવને બધા જ (અસંખ્યાત) આત્મપ્રદેશ તે કર્મ પરમાણુઓથી બંધાયેલા છે. હવે ભલા વિચાર કરો કે આટલા અનંતાનંત કર્મ પરમાણુઓથી બંધાયેલો આ સંસારી જીવ કેટલો બધો દુઃખી અને તે બધાથી રહિત થઈ ગયેલા સિદ્ધ જીવ કેટલા બધા સુખી હશે. ૧૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शार्दूलविक्रीडित)

येषां कर्मनिदानजन्यविविधक्षुत्तृण्मुखा व्याधयः
तेषामन्नजलादिकौषधगणस्तच्छान्तये युज्यते ।
सिद्धानां तु न कर्म तत्कृतरुजो नातः किमन्नादिभिः
नित्यात्मोत्थसुखामृताम्बुधिगतास्तृप्तास्त एव ध्रुवम् ॥११॥

**અનુવાદઃ**—જે જીવોને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલી અનેક પ્રકારની ભૂખ–તરસ વગેરે વ્યાધિઓ થયા કરે છે તેમને આ વ્યાધિઓની શાંતિ માટે અન્ન, જળ અને ઔષધ વગેરે લેવું ઉચિત છે. પરંતુ જે સિદ્ધ જીવોને ન કર્મ છે અને તેથી ન તેનાથી ઉત્પન્ન થતી વ્યાધિઓ પણ છે તેમને આ અન્નાદિ વસ્તુઓથી શું પ્રયોજન છે? અર્થાત્ તેમને આનું કાંઇપણ પ્રયોજન રહ્યું નથી. તેઓ તો નિશ્ચયથી અવિનશ્વર આત્મમાત્રજન્ય (અતીન્દ્રિય) સુખરૂપી અમૃતના સમુદ્રમાં મગ્ન રહીને સદાય તૃપ્ત રહે છે. ૧૧.

सिद्धज्योतिरतीव निर्मलतरज्ञानैकमूर्ति स्फुरद्-
वर्तिर्दीपमिवोपसेव्य लभते योगी स्थिरं तत्पदम् ।
सद्बुध्याथ विकल्पजालरहितस्तद्रूपतामापतं-
स्तादृग्जायत एव देवविनुतस्त्रैलोक्यचूडामणिः ॥१२॥

**અનુવાદઃ**—જેવી રીતે બત્તી દીપકની સેવા કરીને તેનું પદ પ્રાપ્ત કરી લે છે, અર્થાત્ દીપક સ્વરૂપે પરિણમી જાય છે તેવી જ રીતે અત્યંત નિર્મળ જ્ઞાનરૂપ અસાધારણ મૂર્તિસ્વરૂપ સિદ્ધજ્યોતિની આરાધના કરીને યોગી પણ સ્વયં તેના સ્થિર પદ (સિદ્ધપદ) ને પ્રાપ્ત કરી લે છે. અથવા તે સમ્યગ્જ્ઞાન દ્વારા વિકલ્પોથી રહિત થયા થકા સિદ્ધસ્વરૂપને પ્રાપ્ત થઈને એવા થઈ જાય છે કે ત્રણે લોકના ચૂડામણિ રત્ન સમાન તેમને દેવો પણ નમસ્કાર કરે છે. ૧૨.

(शार्दूलविक्रीडित)

यत्सूक्ष्मं च महच्च शून्यमपि यन्नो शून्यमुत्पद्यते
नश्यत्येव च नित्यमेव च तथा नास्त्येव चास्त्येव च ।
एकं यद्यदनेकमेव तदपि प्राप्तं प्रतीतिं दृढां
सिद्धज्योतिरमूर्ति चित्सुखमयं केनापि तल्लक्ष्यते ॥१३॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જે સિદ્ધજ્યોતિ સૂક્ષ્મ પણ છે અને સ્થૂળ પણ છે, શૂન્ય પણ છે અને પરિપૂર્ણ પણ છે, ઉત્પાદ-વિનાશશાળી પણ છે અને નિત્ય પણ છે, સદ્‌ભાવરૂપ પણ છે અને અભાવરૂપ પણ છે તથા એક પણ છે અને અનેક પણ છે; એવી તે દૃઢ પ્રતીતિને પ્રાપ્ત થયેલી અમૂર્તિક, ચેતન અને સુખસ્વરૂપ સિદ્ધજ્યોતિ કોઈ વિરલા જ યોગી પુરુષદ્વારા દેખવામાં આવે છે.

**વિશેષાર્થઃ**—અહીં જે સિદ્ધજ્યોતિને પરસ્પર વિરૂદ્ધ પ્રતીત થતાં અનેક ધર્મોથી સંયુક્ત બતાવવામાં આવેલ છે તે વિવક્ષાભેદથી બતાવેલ છે. જેમ કે-તે સિદ્ધજ્યોતિ અતીન્દ્રિય છે માટે જ સૂક્ષ્મ કહેવાય છે. પરંતુ તેમાં અનંતાનંત પદાર્થ પ્રતિભાસે છે તેથી એ અપેક્ષાએ તે સ્થૂળ પણ કહેવાય છે. તે પર (પુદ્‌ગલાદિ) દ્રવ્યોના ગુણોથી રહિત હોવાના કારણે શૂન્ય તથા અનંતચતુષ્ટય સંયુક્ત હોવાના કારણે પરિપૂર્ણ પણ છે. પર્યાયાર્થિકનયની અપેક્ષાએ તે પરિણમનશીલ હોવાથી ઉત્પાદ-વિનાશશાળી તથા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ વિકાર રહિત હોવાથી નિત્ય પણ મનાય છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તે સદ્‌ભાવ સ્વરૂપ તથા પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અભાવ સ્વરૂપ પણ છે. તે પોતાનો સ્વભાવ છોડીને અન્ય સ્વરૂપે ન થવાને કારણે એક તથા અનેક પદાર્થોનું સ્વરૂપ પ્રતિભાસિત કરવાને કારણે અનેક સ્વરૂપ પણ છે એવી તે સિદ્ધજ્યોતિનું ચિંતન બધા કરી શકતા નથી પણ નિર્મળ જ્ઞાનના ધારક કોઈ વિશેષ યોગીજન જ તેનું ચિંતન કરે છે. ૧૩.

( शार्दूलविक्रीड़ित )

स्याच्छब्दामृतगर्भितागममहारत्नाकरस्नानतो
धौता यस्य मतिः स एव मनुते तत्त्वं विमुक्तात्मनः।
तत्तस्यैव तदेव याति सुमतेः साक्षादुपादेयतां
भेदेन स्वकृतेन तेन च विना स्वं रूपमेकं परम् ॥१४॥

**અનુવાદઃ**—'સ્યાત્' શબ્દરૂપ અમૃતથી ગર્ભિત આગમ (અનેકાન્ત સિદ્ધાંત) રૂપી મહાસમુદ્રમાં સ્નાન કરવાથી જેમની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ છે તે જ સિદ્ધ આત્માનું રહસ્ય જાણી શકે છે. તેથી તે જ સુબુદ્ધિ જીવને જ્યાંસુધી પોતાની જાતે કરવામાં આવેલા ભેદ (સંસારી અને મુક્ત સ્વરૂપ) વિદ્યમાન છે, ત્યાંસુધી તે જ સિદ્ધસ્વરૂપ સાક્ષાત્ ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) થાય છે. ત્યારપછી ઉપર્યુક્ત ભેદબુદ્ધિ નષ્ટ થઈ જતાં કેવળ એક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ જ પ્રતિભાસિત થાય છે-તે વખતે તે ઉપાદાન-ઉપાદેય ભાવ પણ નષ્ટ થઈ જાય છે.

**વિશેષાર્થ:**-આ ભવ્ય જીવ જ્યારે અનેકાન્તમય પરમાગમનો અભ્યાસ કરે છે ત્યારે તે વિવેકબુદ્ધિ પામીને સિદ્ધોનું યથાર્થ સ્વરૂપ જાણી લે છે. તે વખતે તે પોતાની જાતને કર્મકલંકથી લિપ્ત જાણીને તે જ સિદ્ધસ્વરૂપને ઉપાદેય ( ગ્રાહ્ય ) માને છે. પરંતુ જેવું તેને સ્વરૂપાચરણ પ્રગટ થાય છે કે તરત જ તેની સંસારી અને સિદ્ધ વિષયક ભેદ-બુદ્ધિ પણ નષ્ટ થઈ જાય છે-તે વખતે તેને ધ્યાન, ધ્યાતા અને ધ્યેયનો ભેદ જ રહેતો નથી. ત્યારે તેને સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત એકમાત્ર શુદ્ધ આત્મસ્વરૂપ જ પ્રતિભાસિત થાય છે. ૧૪.

( शार्दूलविक्रीड़ित )

दृष्टिस्तत्त्वविदः करोत्यविरतं शुद्धात्मरूपे स्थिता
शुद्धं तत्पदमेकमुल्बणमतेरन्यत्र चान्यादृशम् ।
स्वर्णात्तन्मयमेव वस्तु घटितं लोहाच्च मुक्त्यर्थिना
मुक्त्वा मोहविजृम्भितं ननु पथा शुद्धेन संचर्यताम् ॥१५॥

**અનુવાદ:**-નિર્મળ બુદ્ધિને ધારણ કરનાર તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિ નિરંતર શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને એક માત્ર શુદ્ધ આત્મપદ અર્થાત્ મોક્ષપદને કરે છે. પરંતુ અજ્ઞાની પુરુષની દૃષ્ટિ અશુદ્ધ આત્મસ્વરૂપ અથવા પર પદાર્થોમાં સ્થિત થઈને સંસાર વધારે છે. ઠીક છે-સોનામાંથી બનાવાયેલ વસ્તુ (કટક-કુંડળ આદિ) સુવર્ણમય તથા લોઢામાંથી બનાવાયેલ વસ્તુ (છરી આદિ) લોહમય જ હોય છે. તેથી મુમુક્ષુ જીવે મોહથી વૃદ્ધિ પામેલ વિકલ્પ-સમૂહને છોડીને શુદ્ધ મોક્ષમાર્ગમાં ચાલવું જોઈએ. ૧૫.

( शार्दूलविक्रीड़ित )

निर्दोषश्रुतचक्षुषा षडपि हि द्रव्याणि दृष्ट्वा सुधी-
रादत्ते विशदं स्वमन्यमिलितं स्वर्णं यथा धावकः ।
यः कश्चित् किल निश्चिनोति रहितः शास्त्रेण तत्त्वं परं
सोऽन्धो रूपनिरूपणं हि कुरुते प्राप्तो मनःशून्यताम् ॥१६॥

**અનુવાદ:**-જેવી રીતે સોની તાંબા વગેરેથી મિશ્રિત સોનું જોઈને તેમાંથી તાંબા વગેરેને જુદું કરીને શુદ્ધ સુવર્ણનું ગ્રહણ કરે છે તેવી જ રીતે વિવેકી પુરુષ નિર્દોષ આગમ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રૂપ નેત્રથી છ યે દ્રવ્યોને જોઇને તેમાંથી નિર્મળ આત્મતત્ત્વનું ગ્રહણ કરે છે. જે કોઈ જીવ શાસ્ત્ર રહિત રહીને ઉત્કૃષ્ટ આત્મતત્ત્વનો નિશ્ચય કરે છે તે મૂર્ખ મન (વિવેક) રહિત હોવા છતાં ય રૂપનું અવલોકન કરવા ઇચ્છનાર અંધ સમાન છે. ૧૬.

( शार्दूलविक्रीड़ित )

यो हेयेतरबोधसंभृतमतिर्मुञ्चन् स हेयं परं
तत्त्वं स्वीकुरुते तदेव कथितं सिद्धत्वबीजं जिनैः ।
नान्यो भ्रान्तिगतः स्वतोऽथ परतो हेये परेऽर्थेऽस्य तद्
दुष्प्रापं शुचि वर्त्म येन परमं तद्धाम संप्राप्यते ॥१७॥

**અનુવાદઃ**—જેની બુદ્ધિ હેય અને ઉપાદેય તત્ત્વના જ્ઞાનની પરિપૂર્ણ છે તે ભવ્ય જીવ હેય પદાર્થ છોડીને ઉપાદેયભૂત ઉત્કૃષ્ટ આત્મતત્ત્વનો સ્વીકાર કરે છે કારણ કે જિનેન્દ્રદેવે તેને જ મુક્તિનું બીજ બતાવ્યું છે. એનાથી વિપરીત જે જીવ હેય અને ઉપાદેય તત્ત્વના વિષયમાં સ્વતઃ અથવા પરના ઉપદેશથી ભ્રમને પ્રાપ્ત થાય છે, તે ઉક્ત આત્મતત્ત્વનો સ્વીકાર કરી શકતો નથી. તેથી તેને તે નિર્મળ મોક્ષમાર્ગ દુર્લભ થઈ જાય છે કે જેના દ્વારા તે ઉત્કૃષ્ટ મોક્ષપદ પ્રાપ્ત કરાય છે. ૧૭.

(शार्दूलविक्रीड़ित)

साङ्गोपाङ्गमपि श्रुतं बहुतरं सिद्धत्वनिष्पत्तये
ये ऽन्यार्थं परिकल्पयन्ति खलु ते निर्वाणमार्गच्युताः ।
मार्गं चिन्तयतो ऽन्वयेन तमतिक्रम्यापरेण स्फुटं
निःशेषं श्रुतमेति तत्र विपुले साक्षाद्विचारे सति ॥१८॥

**અનુવાદઃ**—અંગો અને ઉપાંગો સહિત પુષ્કળ શ્રુત (આગમ) મુક્તિની પ્રાપ્તિનું સાધન છે. જે જીવ તે શ્રુતની અન્ય સાંસારિક પ્રયોજનો માટે કલ્પના કરે છે તેઓ ખરેખર મોક્ષમાર્ગથી ભ્રષ્ટ છે. તેનું અતિક્રમણ કરીને (અન્ય સાંસારિક પ્રયોજનો છોડીને) અપર અન્વય વડે સર્વોત્કૃષ્ટ એવા (પરંપરાગત દ્રવ્યશ્રુત વડે) જે જીવ માર્ગનું પ્રગટપણે ચિંતન કરે છે તેને તેનો વિપુલ વિચાર કરતાં, સમસ્ત શ્રુત સાક્ષાત્ પ્રાપ્ત થાય છે. ૧૮.

निःशेषश्रुतसंपदः शमनिधेराराधनायाः फलं
प्राप्तानां विषये सदैव सुखिनामल्पैव मुक्तात्मनाम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उक्ता भक्तिवशान्मयाप्यविदुषा या सापि गीः सांप्रतं
निःश्रेणिर्भवतादनन्तसुखतद्धामारुरुक्षोर्मम ॥१९॥

**અનુવાદ:**—જે સમસ્ત શ્રુતરૂપ સંપત્તિ સહિત અને શાંતિના સ્થાનભૂત એવા આત્મતત્ત્વની આરાધનાના ફળને પ્રાપ્ત થઈને શાશ્વત સુખ પામી ચુકયા છે એવા તે મુક્તાત્માઓના વિષયમાં મારા જેવા અલ્પજ્ઞે જે ભક્તિવશે થોડું કાંઈક કથન કર્યું છે તે અનંત સુખથી પરિપૂર્ણ તે મોક્ષરૂપી મહેલમાં ચડવાની ઇચ્છા કરનાર એવા મારા માટે નિસરણી સમાન થાવ. ૧૯.

( शार्दूलविक्रीड़ित )

विश्वं पश्यति वेत्ति शर्म लभते स्वोत्पन्नमात्यन्तिकं
नाशोत्पत्तियुतं तथाप्यविचलं मुक्त्यर्थिनां मानसे ।
एकीभूतमिदं वसत्यविरतं संसारभारोज्झितं
शान्तं जीवघनं द्वितीयरहितं मुक्तात्मरूपं महः ॥२०॥

**અનુવાદ:**—આ સિદ્ધાત્મારૂપ તેજ વિશ્વને દેખે અને જાણે છે, માત્ર આત્માથી ઉત્પન્ન આત્યંતિક સુખ પ્રાપ્ત કરે છે, નાશ અને ઉત્પાદ યુક્ત હોવા છતાં પણ નિશ્ચળ (ધ્રુવ) છે, મુમુક્ષુઓના હૃદયમાં એકત્રિત થઇને નિરંતર રહે છે, સંસારના ભારરહિત છે, શાન્ત છે, સઘન આત્મપ્રદેશો સ્વરૂપ છે તથા અસાધારણ છે. ૨૦.

( शार्दूलविक्रीड़ित )

त्यक्त्वान्यासनयप्रमाणविवृतीः सर्वं पुनः कारकं
संबन्धं च तथा त्वमित्यहमिति प्रायान् विकल्पानपि ।
सर्वोपाधिविवर्जितात्मनि परं शुद्धैकबोधात्मनि
स्थित्वा सिद्धिमुपाश्रितो विजयते सिद्धः समृद्धो गुणैः ॥२१॥

**અનુવાદ:**—જે નિક્ષેપ, નય અને પ્રમાણની અપેક્ષાએ કરવામાં આવતા વિવરણો, કર્તા આદિ સમસ્ત કારકો, કારક અને ક્રિયા આદિના સંબંધ, તથા 'તમે' અને 'હું' ઇત્યાદિ વિકલ્પોને પણ છોડીને કેવળ શુદ્ધ એક જ્ઞાન સ્વરૂપ તથા સમસ્ત ઉપાધિ રહિત આત્મામાં સ્થિત થઇને સિદ્ધિ પામ્યા છે એવા તે અનંત જ્ઞાનાદિ ગુણોથી સમૃદ્ધ સિદ્ધ પરમેષ્ઠી જયવંત હો. ૨૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

तैरेव प्रतिपद्यतेऽत्र रमणीस्वर्णादिवस्तु प्रियं
तत्सिद्धैकमहः सदन्तरदृशा मन्दैर्न यैर्दृश्यते ।
ये तत्तत्वरसप्रभिन्नहृदयास्तेषामशेषं पुनः
साम्राज्यं तृणवद्वपुश्च परवद्भोगाश्च रोगा इव ॥२२॥

**અનુવાદઃ**—સંસારમાં જે મૂર્ખ જીવો ઉત્તમ અભ્યંતર નેત્ર (જ્ઞાન) થી તે સમીચીન સિદ્ધાત્મારૂપ અદ્વિતીય તેજને દેખતા નથી તેઓ જ અહીં સ્ત્રી અને સુવર્ણ આદિ વસ્તુઓને પ્રિય માને છે. પરંતુ જેમનું હૃદય તે સિદ્ધાત્મારૂપ રસથી પરિપૂર્ણ થઈ ગયું છે તેમને સમસ્ત સામ્રાજ્ય (ચક્રવર્તિપણું) તૃણ સમાન તુચ્છ લાગે છે, શરીર બીજા જેવું (અથવા શત્રુ જેવું) પ્રતિભાસે છે, તથા ભોગ રોગ સમાન જણાય છે. ૨૨.

( शार्दूलविक्रीड़ित )

वन्द्यास्ते गुणिनस्त एव भुवने धन्यास्त एव ध्रुवं
सिद्धानां स्मृतिगोचरं रुचिवशान्नामापि यैर्नीयते ।
ये ध्यायन्ति पुनः प्रशस्तमनसस्तान् दुर्गभूभृद्दरी-
मध्यस्थाः स्थिरनासिकाग्रिमदृशस्तेषां किमु ब्रूमहे ॥२३॥

**અનુવાદઃ**—જે ભવ્ય જીવ ભક્તિપૂર્વક સિદ્ધોના નામ માત્રનું પણ સ્મરણ કરે છે તે સંસારમાં નિશ્ચયથી વંદનીય છે, તેઓ જ ગુણવાન્ છે અને તેઓ જ પ્રશંસા યોગ્ય છે. તો પછી જે સાધુજનો દુર્ગ (દુર્ગમ સ્થાન) અથવા પર્વતની ગુફાની મધ્યમાં સ્થિત રહીને અને નાસિકાના અગ્રભાગ ઉપર પોતાના નેત્રો સ્થિર કરીને પ્રસન્ન મનથી તે સિદ્ધોનું ધ્યાન કરે છે તેમના વિષયમાં અમે શું કહીએ? અર્થાત્ તેઓ તો અતિશય ગુણવાન્ અને વંદનીય છે જ. ૨૩.

( शार्दूलविक्रीड़ित )

यः सिध्दे परमात्मनि प्रविततज्ञानैकमूर्तौ किल
ज्ञानी निश्चयतः स एव सकलप्रज्ञावतामग्रणीः ।
तर्कव्याकरणादिशास्त्रसहितैः किं तत्र शून्यैर्यतो
यद्योगं विदधाति वेध्यविषये तद्बाणमावर्ण्यते ॥२४॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જે ભવ્ય જીવ અતિશય વિસ્તૃત જ્ઞાનરૂપ અદ્વિતીય શરીરના ધારક સિદ્ધ પરમાત્માના વિષયમાં જ્ઞાનવાન્ છે તે જ નિશ્ચયથી સમસ્ત વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે. પરંતુ જે સિદ્ધાત્મવિષયક જ્ઞાનથી શૂન્ય રહીને ન્યાય અને વ્યાકરણ આદિ શાસ્ત્રોના જાણકાર છે તેમનું અહીં કાંઈ પણ પ્રયોજન નથી. કારણ એ કે જે લક્ષ્યના વિષયમાં સંબંધ કરે છે તે જ બાણ કહેવાય છે.

**વિશેષાર્થ:**–જે બાણ પોતાના લક્ષ્યને વીંધે છે તે જ બાણ પ્રશંસનીય મનાય છે, પણ જે બાણ પોતાનું લક્ષ્ય વીંધવામાં અસમર્થ રહે છે તે વાસ્તવમાં બાણ કહેવરાવવાને યોગ્ય નથી. એવી જ રીતે જે ભવ્ય જીવ પ્રયોજનભૂત આત્મતત્ત્વના વિષયમાં જાણકારી રાખે છે તે જ વાસ્તવમાં પ્રશંસનીય છે. એનાથી વિપરીત જે ન્યાય, વ્યાકરણ અને જ્યોતિષ આદિ અનેક વિષયોના પ્રકાંડ વિદ્વાન થઈને પણ જો પ્રયોજનભૂત આત્મતત્ત્વના વિષયમાં અજ્ઞાની છે તો તે નિન્દાને પાત્ર છે. કારણ એ કે આત્મજ્ઞાન વિના જીવનું કદી કલ્યાણ થઈ શકતું નથી. એ જ કારણે દ્રવ્યલિંગી મુનિ બાર અંગના પાઠી હોવા છતાં પણ અ ભવ્યસેનની જેમ સંસારમાં પરિભ્રમણ કરે છે અને એનાથી વિપરીત શિવભૂતિ (ભાવ-પ્રાભૃત-૫૨-૫૩) મુનિ જેવા ભવ્ય પ્રાણી કેવળ તુષ-માષ સમાન આત્મપરના વિવેકથી જ સંસારથી મુક્ત થઈ જાય છે. ૨૪.

( शार्दूलविक्रीड़ित )

सिद्धात्मा परमः परं प्रविलसद्बोधः प्रबुद्धात्मना
येनाज्ञायि स किं करोति बहुभिः शास्त्रैर्बहिर्वाचकैः ।
यस्य प्रोद्गतरोचिरुज्ज्वलतनुर्भानुः करस्थो भवेत्
ध्वान्तध्वंसविधौ स किं मृगयते रत्नप्रदीपादिकान् ॥२५॥

**અનુવાદઃ**—જે વિવેકી પુરુષે સમ્યગ્જ્ઞાનથી વિભૂષિત કેવળ ઉત્કૃષ્ટ સિદ્ધ આત્માનું પરિજ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે તે બાહ્ય પદાર્થોનું વિવેચન કરનાર ઘણા શાસ્ત્રોથી શું કરે? અર્થાત્ તેને આમનું કાંઈ પણ પ્રયોજન રહેતું નથી. બરાબર જ છે-જેના હાથમાં કિરણોના ઉદયથી સંયુક્ત ઉજ્જવળ શરીરવાળો સૂર્ય સ્થિત રહે છે તે શું અંધકારને નષ્ટ કરવા માટે રત્નના દીપક આદિ ગોતે છે? અર્થાત્ ગોતતા નથી. ૨૫.

( शार्दूलविक्रीड़ित )

सर्वत्र च्युतकर्मबन्धनतया सर्वत्र सद्दर्शनाः
सर्वत्राखिलवस्तुजातविषयव्यासक्तबोधत्विषः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वत्र स्फुरदुन्नतोन्नतसदानन्दात्मका निश्चलाः
सर्वत्रैव निराकुलाः शिवसुखं सिद्धाः प्रयच्छन्तु नः ॥२६॥

**અનુવાદ:**—જે સિદ્ધ જીવ સમસ્ત આત્મપ્રદેશોમાં કર્મબંધનથી રહિત થઈ જવાને કારણે સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપ્ત સમીચીન દર્શન સહિત છે, જેમની સમસ્ત વસ્તુઓને વિષય કરનારી જ્ઞાનજ્યોતિનો પ્રસાર સર્વત્ર થઈ રહ્યો છે અર્થાત્ જે સર્વજ્ઞ થઈ ગયા છે, જે સર્વત્ર પ્રકાશમાન શાશ્વત અનંત સુખસ્વરૂપ છે તથા જે સર્વત્ર નિશ્ચળ નિરાકુળ છે; આવા તે સિદ્ધ અમને મોક્ષ સુખ પ્રદાન કરો. ૨૬.

(शार्दूलविक्रीड़ित)

आत्मोत्तुङ्गगृहं प्रसिद्ध बहिराद्यात्मप्रभेदक्षणं
बह्वात्माध्यवसानसंगतलसत्सोपानशोभान्वितम् ।
तत्रात्मा विभुरात्मनात्मसुहृदो हस्तावलम्बी समा-
रुह्यानन्दकलत्रसंगतभुवं सिद्धः सदा मोदते ॥२७॥

**અનુવાદ:**—જે આત્મારૂપી ઉન્નત ભવન પ્રસિદ્ધ બહિરાત્મા આદિ ભેદોરૂપ ખંડો (માળ) થી સહિત તથા આત્માના પરિણામોરૂપ અનેક સુંદર પગથિયાઓની શોભા સંયુક્ત છે તેમાં આત્મારૂપ મિત્રના હાથનો આશ્રય લેનાર આ આત્મારૂપ રાજા આનંદરૂપ સ્ત્રીથી અધિષ્ઠિત પૃથ્વી ઉપર ચઢીને મુક્ત થતો થકો સદા આનંદિત રહે છે.

**વિશેષાર્થ:**—જેમ અનેક સીડીઓથી સુશોભિત પાંચ સાત માળવાળા ભવનમાં મનુષ્ય કોઈ મિત્રના હાથનો સહારો લઈને તે સીડીઓના આશ્રયે અનાયાસે જ ઉપર અભીષ્ટ સ્થાનમાં પહોંચીને આનંદ પામે છે. તેવી જ રીતે આ જીવ અધઃપ્રવૃત્તકરણાદિ પરિણામોરૂપ સીડીયો ઉપરથી બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મારૂપ ત્રણ ખંડવાળા આત્મારૂપ ભવનમાં સ્થિત થયો થકો પોતાના આત્મારૂપી મિત્રનું હસ્તાવલંબન લઈને (આત્મલીન થઈને) શાશ્વત સુખ સંયુક્ત તે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે જ્યાં તે અનંતકાળ સુધી અબાધ સુખ ભોગવે છે. ૨૭.

(शार्दूलविक्रीड़ित)

सैवैका सुगतिस्तदेव च सुखं ते एव दृग्बोधने
सिद्धानामपरं यदस्ति सकलं तन्मे प्रियं नेतरत् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इत्यालोच्य दृढं त एव च मया चित्ते धृताः सर्वदा
तद्रूपं परमं प्रयातुमनसा हित्वा भवं भीषणम् ॥२८॥


**અનુવાદઃ**—સિદ્ધોની જે ગતિ છે તે જ એક ઉત્તમ ગતિ છે. તેમનું જે સુખ છે તે જ એક ઉત્તમ સુખ છે. તેમનાં જે જ્ઞાન-દર્શન છે તે જ યથાર્થ જ્ઞાનદર્શન છે તથા બીજું પણ જે કાંઇ સિદ્ધોનું છે તે બધું મને પ્રિય છે. એના સિવાય બીજું કાંઈ પણ મને પ્રિય નથી. આ રીતે વિચાર કરતાં મેં ભયાનક સંસાર છોડીને અને તે સિદ્ધોના ઉત્કૃષ્ટ સ્વરૂપની પ્રાપ્તિમાં મન જોડીને મારા ચિત્તમાં નિરંતર તે સિદ્ધોને જ દ્રઢતા પૂર્વક ધારણ કર્યા છે. ૨૮.

(शार्दूलविक्रीड़ित)

ते सिद्धाः परमेष्ठिनो न विषया वाचामतस्तान् प्रति
प्रायो वच्मि यदेव तत्खलु नभस्यालेख्यमालिख्यते ।
तन्नामापि मुदे स्मृतं तत इतो भक्त्याथ वाचालित-
स्तेषां स्तोत्रमिदं तथापि कृतवानम्भोजनन्दी मुनिः ॥२९॥

**અનુવાદઃ**—તે સિદ્ધ પરમેષ્ઠી વચનોના વિષય નથી તેથી જ ઘણું કરીને તેમના લક્ષ્યે જે કાંઈ હું કહી રહ્યો છું તે આકાશમાં ચિત્રલેખન બરાબર છે. છતાં પણ તેમના નામમાત્રનું સ્મરણેય આનંદ ઉત્પન્ન કરે છે, તેથી ભક્તિવિશે વાચાળ થઇને મેં-પદ્મનંદી મુનિએ-તેમનું આ સ્તોત્ર કર્યું છે. ૨૯.

આ રીતે સિદ્ધસ્તુતિ સમાપ્ત થઈ. ૮.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૯. આલોચના

## [ ९. आलोचना ]

( शार्दूलविक्रीड़ित )

यद्यानन्दनिधिं भवन्तममलं तत्त्वं मनो गाहते
त्वन्नामस्मृतिलक्षणो यदि महामन्त्रो ऽस्त्यनन्तप्रभः ।
यानं च त्रितयात्मके यदि भवेन्मार्गे भवद्दर्शिते
को लोकेऽत्र सतामभीष्टविषये विघ्नो जिनेश प्रभो ॥१॥

**અનુવાદ:**—હે જિનેન્દ્રદેવ! જો સજ્જનોનું મન આનંદના સ્થાનભૂત આપના નિર્મળ સ્વરૂપનું અવગાહન કરે છે, જો અનંત દીપ્તિ સંપન્ન આપના નામ સ્મરણરૂપ મહામંત્ર પાસે છે અને જો આપના દ્વારા બતાવવામાં આવેલ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગમાં ગમન છે; તો પછી અહીં લોકમાં તે સજ્જનોને પોતાના ઇષ્ટ વિષયમાં વિઘ્ન કર્યું હોઈ શકે? અર્થાત્ તેમને ઇષ્ટ વિષયમાં કોઈ પણ બાધા ઉપસ્થિત થતી નથી. ૧.

( शार्दूलविक्रीड़ित )

निःसंगत्वमरागिताथ समता कर्मक्षयो बोधनं
विश्वव्यापि समं दृशा तदतुलानन्देन वीर्येण च ।
ईदृग्देव तवैव संसृति परित्यागाय जातः क्रमः
शुद्धस्तेन सदा भवच्चरणयोः सेवा सतां संमता ॥२॥

**અનુવાદ:**—હે દેવ! પરિગ્રહત્યાગ, વીતરાગતા, સમતા, કર્મનો ક્ષય, કેવળદર્શન સહિત સમસ્ત પદાર્થોને એક સાથે વિષય કરનારૂં જ્ઞાન (કેવળજ્ઞાન), અનંત સુખ અને અનંતવીર્ય; આ પ્રકારની આ વિશુદ્ધ પ્રવૃત્તિ સંસારથી મુક્ત થવા માટે આપની જ થયેલી છે. તેથી સજ્જનોને સદા આપના ચરણોની આરાધના ઇષ્ટ છે. ૨.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

यद्येतस्य दृढा मम स्थितिरभूत्त्वत्सेवया निश्चितं
त्रैलोक्येश बलीयसोऽपि हि कुतः संसारशत्रोर्भयम् ।
प्राप्तस्यामृतवर्षहर्षजनकं सद्यन्त्रधारागृहं
पुंसः किं कुरुते शुचौ खरतरो मध्याह्नकालातपः ॥३॥

**અનુવાદઃ**—હે ત્રિલોકીનાથ ! જો આપની આરાધનાથી નિશ્ચયથી મારી એવી દૃઢ સ્થિતિ થઈ ગઈ છે તો પછી મને અતિશય બળવાન્ સંસારરૂપ શત્રુથી પણ ભય કેમ હોય ? અર્થાત્ ન હોય. ઠીક છે-અમૃતવર્ષાથી હર્ષ ઉત્પન્ન કરનાર એવા ઉત્તમ ફુવારા યુક્ત ગૃહને પ્રાપ્ત થયેલ પુરુષને શું ગ્રીષ્મ ઋતુમાં મધ્યાહ્નકાલીન સૂર્યનો અત્યંત તીક્ષ્ણ સંતાપ પણ શું દુઃખી કરી શકે છે ? અર્થાત્ કરી શકતો નથી. ૩.

यः कश्चिन्निपुणो जगत्त्रयगतानर्थानशेषांश्चिरं
सारासारविवेचनैकमनसा मीमांसते निस्तुषम् ।
तस्य त्वं परमेक एव भगवन् सारो ह्यसारं परं
सर्वं मे भवदाश्रितस्य महती तेनाभवन्निर्वृतिः ॥४॥

**અનુવાદઃ**—હે ભગવાન્ ! જે કોઈ ચતુર પુરુષ સાર અને અસાર પદાર્થોનું વિવેચન કરનાર અસાધારણ મનદ્વારા નિર્દોષ રીતે ત્રણે લોકોના સમસ્ત પદાર્થોનો ઘણા કાળ સુધી વિચાર કરે છે તેને કેવળ એક આપ જ સારભૂત અને અન્ય સર્વ અસારભૂત છે. તેથી આપના શરણે આવેલા મને મહાન્ આનંદ પ્રાપ્ત થાય છે. ૪.

ज्ञानं दर्शनमप्यशेषविषयं सौख्यं तथात्यन्तिकं
वीर्यं च प्रभुता च निर्मलतरा रूपं स्वकीयं तव ।
सम्यग्योगदृशा जिनेश्वर चिरात्तेनोपलब्धे त्वयि
ज्ञातं किं न विलोकितं न किमथ प्राप्तं न किं योगिभिः ॥५॥

**અનુવાદઃ**—હે જિનેશ્વર ! આપનું જ્ઞાન અને દર્શન સમસ્ત પદાર્થોનો વિષય કરનાર છે, આપનાં સુખ અને વિર્ય અનંત છે, તથા આપનું પ્રભુત્વ અતિશય નિર્મળ છે;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પ્રકારનું આપનું નિજ સ્વરૂપ છે. તેથી જે યોગીજનોએ સમ્યક્ ધ્યાનરૂપ નેત્ર દ્વારા ચિરકાળમાં આપને પ્રાપ્ત કરી લીધા છે તેમણે શું નથી જાણ્યું ? શું નથી જોયું, અને શું નથી પ્રાપ્ત કરી લીધું ? અર્થાત્ એક માત્ર આપને જાણી લેવાથી તેમણે બધું જ જાણી લીધું, દેખી લીધું અને પ્રાપ્ત કરી લીધું છે. ૫.

(शार्दूलविक्रीड़ित)

त्वामेकं त्रिजगत्पतिं परमहं मन्ये जिनं स्वामिनं
त्वामेकं प्रणमामि चेतसि दधे सेवे स्तुवे सर्वदा ।
त्वामेकं शरणं गतोऽस्मि बहुना प्रोक्तेन किंचिद्भवे-
दित्थं तद्भवतु प्रयोजनमतो नान्येन मे केनचित् ॥६॥

**અનુવાદઃ**—હું એક આપને જ ત્રણે લોકના સ્વામી, ઉત્કૃષ્ટ, જિન અને પ્રભુ માનું છું. હું એક આપને જ સર્વદા નમસ્કાર કરૂં છું, આપને જ ચિત્તમાં ધારણ કરૂં છું, આપની જ સેવા કરૂં છું, આપની જ સ્તુતિ કરૂં છું, તથા એક આપના જ શરણને પ્રાપ્ત થયો છું. ઘણું કહેવાથી શું લાભ ? આ રીતે જે કાંઈ પ્રયોજન સિદ્ધ થઈ શકતું હોય તે થાવ. મને આપના સિવાય અન્ય કોઈની સાથે પ્રયોજન નથી. ૬.

(शार्दूलविक्रीड़ित)

पापं कारितवान् यदत्र कृतवानन्यैः कृतं साध्विति
भ्रान्त्याहं प्रतिपन्नवांश्च मनसा वाचा च कायेन च ।
काले संप्रति यच्च भाविनि नवस्थानोद्गतं यत्पुन-
स्तन्मिथ्याखिलमस्तु मे जिनपते स्वं निन्दतस्ते पुरः ॥७॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્રદેવ ! મન, વચન અને કાયાથી મેં અહીં જે કાંઈ પણ અજ્ઞાનવશે પાપ કર્યું હોય, અન્ય દ્વારા કરાવ્યું હોય અને બીજાઓ દ્વારા કરાતાં 'સારું કર્યું' એમ સ્વીકાર કર્યો હોય અર્થાત્ અનુમોદના કરી હોય; એ ઉપરાંત આ જ નવ સ્થાનો (૧ મનકૃત, ૨ મન કારિત, ૩ મન અનુમોદિત, ૪ વચનકૃત, ૫ વચનકારિત, ૬ વચનાનુમોદિત, ૭ કાયકૃત, ૮ કાયકારિત અને ૯ કાયાનુમોદિત) દ્વારા બીજા પણ જે પાપ વર્તમાનકાળમાં કરી રહ્યો છું, અને ભવિષ્યકાળમાં કરીશ તે સર્વ મારા પાપ આપની સામે આત્મનિન્દા કરવાથી મિથ્યા થાવ. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

( शार्दूलविक्रीड़ित )

लोकालोकमनन्तपर्ययुतं कालत्रयीगोचरं
त्वं जानासि जिनेन्द्र पश्यसि तरां शश्वत्समं सर्वतः ।
स्वामिन् वेत्सि ममैक जन्मजनितं दोषं न किंचित्कुतो
हेतोस्ते पुरतः स वाच्य इति मे शुद्धयर्थमालोचितुम् ॥८॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપ ત્રિકાળવર્તી અનંત પર્યાયો સહિત લોક અને અલોકને સદા સર્વ તરફથી યુગપત્ જાણો અને દેખો છો. તો પછી હે સ્વામી! આપ મારા એક જન્મમાં ઉત્પન્ન દોષોને કયા કારણે નથી જાણતા? અર્થાત્ અવશ્ય જાણો છો. છતાં પણ હું આલોચના પૂર્વક આત્મશુદ્ધિ માટે ઉક્ત દોષ આપની સામે પ્રકટ કરૂં છું. ૮.

( शार्दूलविक्रीड़ित )

आश्रित्य व्यवहारमार्गमथवा मूलोत्तराख्यान् गुणान्
साधोर्धारयतो मम स्मृतिपथप्रस्थायि यद्दूषणम् ।
शुद्धयर्थं तदपि प्रभो तव पुरः सज्जोऽहमालोचितुं
निःशल्यं हृदयं विधेयमजडैर्भव्यैर्यतः सर्वथा ॥९॥

**અનુવાદઃ**—વ્યવહાર માર્ગનો આશ્રય કરીને અથવા મૂળ અને ઉત્તર ગુણોને ધારણ કરનાર મારા જેવા સાધુને જે દૂષણ સ્મરણમાં આવી રહ્યું છે તેની પણ શુદ્ધિ માટે હે પ્રભો! હું આપની પાસે આલોચના કરવા માટે ઉદ્યત થયો છું. કારણ એ છે કે વિવેકી ભવ્ય જીવોએ સર્વ પ્રકારે પોતાનું હૃદય શલ્યરહિત કરવું જોઈએ. ૯.

(शार्दूलविक्रीड़ित )

सर्वो ऽप्यत्र मुहुर्मुहुर्जिनपते लोकैरसंख्यैर्मित-
व्यक्ताव्यक्तविकल्पजालकलितः प्राणी भवेत् संसृतौ ।
तत्तावद्भिरयं सदैव निचितो दोषैर्विकल्पानुगैः
प्रायश्चित्तमियत् कुतः श्रुतगतं शुद्धिर्भवत्संनिधेः ॥१०॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્રદેવ! અહીં સંસારમાં સર્વ પ્રાણી વારંવાર અસંખ્યાત લોકપ્રમાણ સ્પષ્ટ અને અસ્પષ્ટ વિકલ્પોના સમૂહથી સંયુક્ત હોય છે. તથા ઉક્ત વિકલ્પો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુસાર આ પ્રાણી નિરંતર એટલા (અસંખ્યાત લોક પ્રમાણ) જ દોષોથી વ્યાપ્ત હોય છે. આટલું પ્રાયશ્ચિત ભલા, આગમપ્રમાણે ક્યાંથી થઈ શકે? અર્થાત્ થઈ શકતું નથી. માટે તે દોષોની શુદ્ધિ આપની નિકટતા અથવા આરાધનથી થાય છે. ૧૦.

(शार्दूलविक्रीड़ित)

भावान्तःकरणेन्द्रियाणि विधिवत्संहृत्य बाह्याश्रया-
देकीकृत्य पुनस्त्वया सह शुचिज्ञानैकसन्मूर्तिना ।
निःसंगः श्रुतसारसंगतमतिः शान्तो रहः प्राप्तवान्
यस्त्वां देव समीक्षते स लभते धन्यो भवत्संनिधिम् ॥११॥

**અનુવાદઃ—**હે દેવ! જે ભવ્ય જીવ ભાવમન અને ભાવેન્દ્રિયોને નિયમાનુસાર બાહ્ય વસ્તુઓ તરફથી ખસેડીને તથા નિર્મળ અને જ્ઞાનરૂપ અદ્વિતીય ઉત્તમ મૂર્તિના ધારક આપની સાથે એકમેક કરીને પરિગ્રહરહિત, આગમના રહસ્યના જ્ઞાતા, શાન્ત અને એકાન્ત સ્થાનને પ્રાપ્ત થતાં થકા આપને દેખે છે તે પ્રશંસનીય છે. તે જ આપની સમીપતા પ્રાપ્ત કરે છે. ૧૧.

(शार्दूलविक्रीड़ित)

त्वामासाद्य पुरा कृतेन महता पुण्येन पूज्यं प्रभुं
ब्रह्माद्यैरपि यत्पदं न सुलभं तल्लभ्यते निश्चितम् ।
अर्हन्नाथ परं करोमि किमहं चेतो भवत्संनिधा-
वद्यापि ध्रियमाणमप्यतितरामेतद्बहिर्धावति ॥१२॥

**અનુવાદઃ—**હે અર્હંત્ દેવ! પૂર્વકૃત મહાન્ પુણ્યના ઉદયથી પૂજવાને યોગ્ય આપ જેવા સ્વામીને પામીને જે પદ બ્રહ્મા આદિને માટે પણ દુર્લભ છે તે નિશ્ચિતપણે પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ હે નાથ! હું શું કરું? આપની સમીપમાં બળપૂર્વક લગાવવા છતાં પણ આ ચિત્ત હજી યે બાહ્ય પદાર્થો તરફ દોડે છે. ૧૨.

(शार्दूलविक्रीड़ित)

संसारो बहुदुःखदः सुखपदं निर्वाणमेतत्कृते
त्यक्त्वार्थादि तपोवनं वयमितास्तत्रोज्झितः संशयः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एतस्मादपि दुष्करव्रतविधेर्नाद्यापि सिद्धिर्यतो
वातालीतरलीकृतं दलमिव भ्राम्यत्यदो मानसम् ॥१३॥

**અનુવાદઃ**—સંસાર બહુ દુઃખદાયક છે, પરંતુ મોક્ષ સુખનું સ્થાન છે. આ મોક્ષ પ્રાપ્ત કરવા માટે અમે ધન-સંપત્તિ આદિ છોડીને તપોવનમાં આવ્યા છીએ અને તેના વિષયમાં અમે સર્વ પ્રકારનો સંદેહ પણ છોડી દીધો છે. પરંતુ આ કઠિન વ્રતવિધાનથી પણ હજી સુધી સિદ્ધિ પ્રાપ્ત ન થઈ. એનું કારણ એ છે કે વાયુસમૂહ દ્વારા ચંચળ કરવામાં આવેલા પાંદડા સમાન આ મન ભ્રમિત થઈ રહ્યું છે. ૧૩.

( शार्दूलविक्रीडित )

झम्पाः कुर्वदितस्ततः परिलसद्बाह्यार्थलाभाद्द-
न्नित्यं व्याकुलतां परां गतवतः कार्यं विनाप्यात्मनः ।
ग्रामं वासयदिन्द्रियं भवकृतो दूरं सुहृत् कर्मणः
क्षेमं तावदिहास्ति कुत्र यमिनो यावन्मनो जीवति ॥१४॥

**અનુવાદ:**—જે મન આમતેમ ભટકયા કરે છે, બાહ્ય પદાર્થોની પ્રાપ્તિથી હર્ષ પામે છે, કોઈ પણ પ્રયોજન વિના નિરંતર જ્ઞાનમય આત્માને અતિશય વ્યાકુળ કરે છે, ઇન્દ્રિય સમૂહને વસાવે છે તથા સંસારના કારણભૂત કર્મનો પરમ મિત્ર છે; એવું તે મન જ્યાં-સુધી જીવિત છે ત્યાંસુધી અહીં સંયમીનું કલ્યાણ કયાંથી થઈ શકે? અર્થાત્ થઈ શકતું નથી.

**વિશેષાર્થ:**—આનો અભિપ્રાય એ છે કે જ્યાંસુધી મન શાન્ત થતું નથી ત્યાંસુધી સંયમનું પરિપાલન કરવા છતાં પણ કદી આત્માનું કલ્યાણ થઇ શકતું નથી. કારણ એ છે કે મનની અસ્થિરતાથી બાહ્ય ઈષ્ટાનિષ્ટ પદાર્થોમાં રાગ-દ્વેષની પ્રવૃત્તિ બની રહે છે અને જ્યાંસુધી રાગ-દ્વેષનું પરિણમન છે ત્યાંસુધી કર્મનો બંધ પણ અનિવાર્ય છે. તથા જ્યાં-સુધી નવા નવા કર્મનો બંધ થતો રહે ત્યાંસુધી દુઃખમય આ જન્મ-મરણરૂપ સંસારની પરંપરા પણ ચાલુ જ રહે છે. આ હાલતમાં આત્માને કદી શાંતિની પ્રાપ્તિ થઈ શકતી નથી. માટે આત્મકલ્યાણની ઇચ્છા કરનાર ભવ્ય જીવોએ સૌથી પહેલાં પોતાનું ચંચળ મન વશ કરવું જોઇએ. મન વશ થતાં તેના ઈશારે ચાલતી ઈન્દ્રિયો સ્વયમેવ વશ થઈ જાય છે. તો એવી અવસ્થામાં બન્ધનો અભાવ થઈ જવાથી મોક્ષ પણ કાંઈ દૂર રહેતો નથી. ૧૪.

( शार्दूलविक्रीडित )

नूनं मृत्युमुपैति यातममलं त्वां शुद्धबोधात्मकं
त्वत्तस्तेन बहिर्भ्रमत्यविरतं चेतो विकल्पाकुलम् ।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वामिन् किं क्रियतेऽत्र मोहवशतो मृत्योर्न भीः कस्य तत्
सर्वानर्थपरंपराकृदहितो मोहः स मे वार्यताम् ॥१५॥

અનુવાદ:—હે સ્વામિન્! આ ચિત્ત નિર્મળ અને શુદ્ધચૈતન્યસ્વરૂપ આપને પ્રાપ્ત થયું થકું નિશ્ચયથી મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે. તેથી તે વિકલ્પોથી વ્યાકુળ થતું થકું આપના તરફથી ખસીને નિરંતર બાહ્ય પદાર્થોમાં પરિભ્રમણ કરે છે. શું કરીએ? મોહના વશે અહીં મૃત્યુનો ભય ભલા કોને નથી હોતો? અર્થાત્ તેનો ભય ઘણું કરીને બધાને હોય છે. તેથી હે પ્રભો! સમસ્ત અનર્થોની પરંપરાના કારણભૂત મારા આ મોહરૂપ શત્રુનું નિવારણ કરો. ૧૫.

( शार्दूलविक्रीड़ित )

सर्वेषामपि कर्मणामतितरां मोहो बलीयानसौ
धत्ते चञ्चलतां बिभेति च मृतेस्तस्य प्रभावान्मनः ।
नो चेज्जीवति को म्रियेत क इह द्रव्यत्वतः सर्वदा
नानात्वं जगतो जिनेन्द्र भवता दृष्टं परं पर्ययैः ॥१६॥

અનુવાદ:—બધા કર્મોમાં તે મોહ અતિશય બળવાન્ છે. તેના જ પ્રભાવથી મન ચપળતા ધારણ કરે છે અને મૃત્યુથી ડરે છે. જો એમ ન હોત તો પછી સંસારમાં દ્રવ્યની અપેક્ષાએ કોણ જીવે છે અને કોણ મરે છે? હે જિનેન્દ્ર! આપે ફક્ત પર્યાયોની અપેક્ષાએ જ સંસારની વિવિધતા જોઈ છે.

વિશેષાર્થ:—જો નિશ્ચયનયથી વિચાર કરવામાં આવે તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આ આત્મા અનાદિ-નિધન છે, તેનો ન કદી જન્મ થાય છે અને ન કદી મરણ. તેના જન્મ-મરણની કલ્પના વ્યવહારી જન પર્યાયની પ્રધાનતાથી કેવળ મોહના નિમિત્તે કરે છે. જેનો તે મોહ નષ્ટ થઈ જાય છે તેનું મન ચપળતા છોડીને સ્થિર થઈ જાય છે. તેને પછી મૃત્યુનો ભય રહેતો નથી. આ રીતે તેને યથાર્થ આત્મસ્વરૂપની પ્રતીતિ થવા લાગે છે અને ત્યારે તે તરત જ પરમાનંદમય અવિનશ્વર પદને પ્રાપ્ત કરી લે છે. ૧૬.

( शार्दूलविक्रीड़ित )

वातव्याप्तसमुद्रवारिलहरीसंघातवत्सर्वदा
सर्वत्र क्षणभङ्गुरं जगदिदं संचिन्त्य चेतो मम ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संप्रत्येतदशेषजन्मजनकव्यापारपारस्थितं
स्थातुं वाञ्छति निर्विकारपरमानन्दे त्वयि ब्रह्मणि ॥१७॥

**અનુવાદઃ**—આ વિશ્વ વાયુથી તાડિત થયેલા સમુદ્રના જળમાં ઉત્પન્ન થતી લહેરોના સમૂહ સમાન સદા અને સર્વત્ર ક્ષણનશ્વર છે, એવો વિચાર કરીને આ મારૂં મન અત્યારે જન્મ-મરણરૂપ સંસારના કારણભૂત આ સમસ્ત પ્રવૃત્તિઓની પાર પહોંચીને અર્થાત્ આવી ક્રિયાઓ છોડીને નિર્વિકાર અને પરમાનંદસ્વરૂપ આપ પરમાત્મામાં સ્થિત થવાની ઇચ્છા કરે છે. ૧૭.

( शार्दूलविक्रीड़ित )

एनः स्यादशुभोपयोगत इतः प्राप्नोति दुःखं जनो
धर्मः स्याच्च शुभोपयोगत इतः सौख्यं किमप्याश्रयेत् ।
द्वन्द्वं द्वन्द्वमिदं भवाश्रयतया शुद्धोपयोगात्पुन-
र्नित्यानन्दपदं तदत्र च भवानर्हन्नहं तत्र च ॥१८॥

**અનુવાદઃ**—અશુભ ઉપયોગથી પાપ ઉત્પન્ન થાય છે અને એનાથી પ્રાણી દુઃખ પ્રાપ્ત કરે છે તથા શુભ ઉપયોગથી ધર્મ થાય છે અને એનાથી પ્રાણી કોઈ વિશેષ સુખ પ્રાપ્ત કરે છે. સુખ અને દુઃખનું આ કલહકારી જોડું સંસારની સહાયથી ચાલે છે. પરંતુ એનાથી વિપરીત શુદ્ધ ઉપયોગથી તે શાશ્વત સુખનું સ્થાન અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે. હે અરહંત જિન ! આ પદ ( મોક્ષ )માં તો આપ સ્થિત છો અને હું તે પદમાં અર્થાત્ શાતા, અશાતા વેદનીયજનિત ક્ષણિક સુખ-દુઃખના સ્થાનભૂત સંસારમાં સ્થિત છું. ૧૮.

(शार्दूलविक्रीड़ित)

यन्नान्तर्न बहिः स्थितं न च दिशि स्थूलं न सूक्ष्मं पुमान्
नैव स्त्री न नपुंसकं न गुरुतां प्राप्तं न यल्लाघवम् ।
कर्मस्पर्शशरीरगन्धगणनाव्याहारवर्णोज्झितं
स्वच्छज्ञानदृगेकमूर्ति तदहं ज्योतिः परं नापरम् ॥१९॥

**અનુવાદઃ**—જે ઉત્કૃષ્ટ જ્યોતિ ( ચૈતન્ય) ન તો અંદર સ્થિત છે અને ન બહાર સ્થિત છે, જે દિશાવિશેષમાં સ્થિત નથી, જે ન સ્થૂળ છે અને ન સૂક્ષ્મ છે; જે ન પુરુષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, ન સ્ત્રી છે અને ન નપુંસક છે; જે ન ગુરુતાને પ્રાપ્ત છે અને ન લઘુતાને પ્રાપ્ત છે; જે કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, ગણના, શબ્દ અને વર્ણરહિત છે; તથા જે નિર્મળ જ્ઞાન અને દર્શનની મૂર્તિ છે; તે જ ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું–એનાથી ભિન્ન બીજું કોઈ પણ સ્વરૂપ મારૂં નથી.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે ભેદબુદ્ધિ રહે ત્યાંસુધી શરીર અને સ્વ અને પરની કલ્પના થાય છે. અંદર–બહાર; સ્થૂળ–સૂક્ષ્મ તથા પુરુષ–સ્ત્રી આદિ ઉપર્યુક્ત બધા વિકલ્પ એક તે શરીરના આશ્રયે જ થયા કરે છે. પણ જ્યારે તે ભેદબુદ્ધિ નષ્ટ થઈ જાય છે અને અભેદબુદ્ધિ પ્રગટ થઈ જાય છે ત્યારે તે સમસ્ત ભેદ વ્યવહાર પણ તેની સાથે જ નષ્ટ થઈ જાય છે. તે વખતે અખંડ ચિત્પિંડસ્વરૂપ એક માત્ર આત્મજ્યોતિનો જ પ્રતિભાસ થાય છે. ત્યાંસુધી કે આ નિર્વિકલ્પ અવસ્થામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આદિનો પણ ભેદ નષ્ટ થઈ જાય છે. ૧૯.

( शार्दूलविक्रीड़ित )

**एतेनैव चिदुन्नतिक्षयकृता कार्यं विना वैरिणा**
**शश्वत्कर्मखलेन तिष्ठति कृतं नाथावयोरन्तरम् ।**
**एषोऽहंसचतेपुरःपरिगतौ दुष्टो ऽत्र निःसार्यतां**
**सद्रक्षेतरनिग्रहो नयवतो धर्मः प्रभोरीदृशः ।।२०।।**

**અનુવાદ:**—હે સ્વામિન્! કોઈ પ્રયોજન વિના જ વૈરભાવ પામીને ઉન્નત ચૈતન્ય-સ્વરૂપનો ઘાત કરનાર આ કર્મરૂપ દુષ્ટ શત્રુ દ્વારા આપણા બન્ને વચ્ચે ઉત્પન્ન કરવામાં આવેલો ભેદ સ્થિત છે. આ હું અને તે કર્મશત્રુ બન્ને ય આપની સામે હાજર છીએ. આમાંથી આપ દુષ્ટને ખેંચીને બહાર ફેંકી દો કારણ કે સજ્જનનું રક્ષણ કરવું અને દુષ્ટને દંડ દેવો એ ન્યાયપ્રિય રાજાનું કર્તવ્ય હોય છે. ૨૦.

( शार्दूलविक्रीड़ित )

**आधिव्याधि जरामृतिप्रभृतयः संबन्धिनो वर्ष्मण-**
**स्तद्भिन्नस्य ममात्मनो भगवतः किं कर्तुमीशा जडाः ।**
**नानाकारविकारकारिण इमे साक्षान्नभोमण्डले**
**तिष्ठन्तो ऽपि न कुर्वते जलमुचस्तत्र स्वरूपान्तरम् ।।२१।।**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—આધિ ( માનસિક કષ્ટ ), વ્યાધિ ( શારીરિક કષ્ટ ), જરા અને મૃત્યુ આદિ શરીર સાથે સંબંધ રાખનાર છે. હું ભગવાન્ આત્મા તે **શરીરથી** ભિન્ન છું, માટે તે શરીર સંબંધી જડ આધિ–વ્યાધિ આદિ મારૂં શું કરી શકે? અર્થાત્ એ આત્માનું કાંઈ પણ નુકશાન કરી શકતા નથી. યોગ્ય પણ છે–પ્રત્યક્ષ અનેક આકારો અને વિકારો કરનારા આ વાદળા આકાશમંડળમાં રહેવા છતાં પણ આકાશના સ્વરૂપમાં કાંઈ પણ અંતર કરતા નથી. ૨૧.

( शार्दूलविक्रीड़ित )

**संसारातपदह्यमानवपुषा दुःखं मया स्थीयते**
**नित्यं नाथ यथा स्थलस्थितिमता मत्स्येन ताम्यन्मनः ।**
**कारुण्यामृतसंगशीतलतरे त्वत्पादपङ्केरुहे**
**यावद्देव समर्पयामि हृदयं तावत्परं सौख्यवान् ॥२२॥**

**અનુવાદઃ**—જેમ પાણી સૂકાઈ જતાં સ્થળ ઉપર રહેલું માછલું મનમાં અતિશય કષ્ટ પામે છે તેવી જ રીતે સંસારરૂપ ગરમીથી જલતા શરીરને ધારણ કરતો થકો અહીં રહીને હું પણ અતિશય કષ્ટ પામી રહ્યો છું. હે દેવ! જ્યાં સુધી હું દયારૂપ અમૃતના સંબંધથી અતિશય શીતળતાને પ્રાપ્ત થયેલ આપના ચરણ–કમળોમાં મારૂં હૃદય સમર્પિત કરૂં છું. ત્યાં સુધી અતિશય સુખનો અનુભવ કરૂં છું. ૨૨.

( शार्दूलविक्रीड़ित )

**साक्षग्राममिदं मनो भवति यद्बाह्यार्थसंबन्धभाक्**
**तत्कर्म प्रविजृम्भते पृथगहं तस्मात्सदा सर्वथा ।**
**चैतन्यात्तव तत्तथेति यदि वा तत्रापि तत्कारणं**
**शुद्धात्मन् मम निश्चयात्पुनरिह त्वय्येव देव स्थितिः ॥२३॥**

**અનુવાદઃ**—હે શુદ્ધ આત્મન્! ઇન્દ્રિયસમૂહ સાથે આ મન બાહ્ય પદાર્થો સાથે સંબંધ રાખે છે, માટે જ તેનાથી કર્મ વધે છે. હું તે કર્મથી સદા અને સર્વ પ્રકારે ભિન્ન છું અથવા આપના ચૈતન્યથી તે કર્મ સર્વથા ભિન્ન છે. અહીં પણ તે જ પૂર્વોક્ત (ચેતના-ચેતનત્વ) કારણ છે. હે દેવ! મારી સ્થિતિ નિશ્ચયથી અહીં આપના વિષયમાં જ છે. ૨૩.

(शार्दूलविक्रीड़ित)

**किं लोकेन किमाश्रयेण किमुत द्रव्येण कायेन किं**
**किं वाग्भिः किमुतेन्द्रियैः किमसुभिः किं तैर्विकल्पैरपि ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वे पुद्गलपर्यया बत परे त्वत्तः प्रमत्तो भव-
न्नात्मन्नेभिरभिश्रयस्यतितरामालेन किं बन्धनम् ॥२४॥

**અનુવાદઃ**—હે આત્મન્! તારે લોકથી, આશ્રયથી, દ્રવ્યથી, શરીરથી, વચનોથી, ઇન્દ્રિયોથી, પ્રાણોથી અને તે વિકલ્પોથી પણ શું પ્રયોજન છે? અર્થાત્ એમનાથી તારે કાંઈ પણ પ્રયોજન નથી. કારણ એ છે કે આ બધી પુદ્ગલની પર્યાયો છે જે તારાથી ભિન્ન છે. ખેદ છે કે તું પ્રમાદી થઈને એમના દ્વારા વ્યર્થ જ શા માટે બંધનને પ્રાપ્ત થાય છે? ૨૪.

(शार्दूलविक्रीड़ित)

धर्माधर्मनभांसि काल इति मे नैवाहितं कुर्वते
चत्वारोऽपि सहायतामुपगतास्तिष्ठन्ति गत्यादिषु ।
एकः पुद्गल एव संनिधिगतो नोकर्मकर्माकृति-
र्वैरी बन्धकृदेष संप्रति मया भेदासिना खण्डितः ॥२५॥

**અનુવાદઃ**—ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચારે દ્રવ્ય મારું કાંઈ પણ અહિત કરતા નથી. તે ચારે તો ગતિ આદિ (સ્થિતિ, અવકાશ અને વર્તના) માં સહાયક થઈને રહ્યા છે. પરંતુ કર્મ અને નોકર્મના સ્વરૂપે પરિણમેલ આ એક પુદ્ગલરૂપ શત્રુ જ મારું સાન્નિધ્ય પામીને બંધનું કારણ થાય છે. તેથી મેં તેને આ વખતે ભેદ (વિવેક) રૂપ તરવારથી ખંડિત કરી દીધું છે. ૨૫.

(शार्दूलविक्रीड़ित)

रागद्वेषकृतैर्यथा परिणमेद्रूपान्तरैः पुद्गलो
नाकाशादिचतुष्टयं विरहितं मूर्त्या तथा प्राणिनाम् ।
ताभ्यां कर्मधनं भवेदविरतं तस्मादियं संसृति-
स्तस्यां दुःखपरंपरेति विदुषा त्याज्यौ प्रयत्नेन तौ ॥२६॥

**અનુવાદઃ**—જેમ રાગ અને દ્વેષ દ્વારા કરવામાં આવેલા પરિણામાન્તરોથી પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે તેવી રીતે તે અમૂર્તિક આકાશાદિ ચાર દ્રવ્ય ઉક્ત પરિણામાન્તરોથી પરિણમતા નથી. ઉક્ત રાગ અને દ્વેષથી નિરંતર પ્રાણીઓને સદા કઠોર કર્મનો બંધ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તેનાથી (કર્મબંધથી) આ સંસાર થાય છે અને તે સંસારમાં દુઃખોની પરંપરા પ્રાપ્ત થાય છે. આ કારણે વિદ્વાન્ પુરુષે પ્રયત્નપૂર્વક ઉક્ત રાગ અને દ્વેષનો પરિત્યાગ કરવો જોઇએ. ૨૬.

(शार्दूलविक्रीड़ित)

किं बाह्येषु परेषु वस्तुषु मनः कृत्वा विकल्पान्बहून्
रागद्वेषमयान् मुधैव कुरुषे दुःखाय कर्माशुभम् ।
आनन्दामृतसागरे यदि वसस्यासाद्य शुद्धात्मनि
स्फीतं तत्सुखमेकतामुपगतं त्वं यासि रे निश्चितम् ।।२७।।

**અનુવાદઃ**—રે મન! તું બાહ્ય પર પદાર્થોમાં ઘણા રાગ-દ્વેષરૂપ વિકલ્પો કરીને વ્યર્થ જ દુઃખના કારણભૂત અશુભ કર્મ શા માટે કરે છે? જો તું એકત્વ (અદ્વૈતભાવ)ને પ્રાપ્ત થઇને આનંદરૂપ અમૃતના સમુદ્રભૂત શુદ્ધ આત્મામાં નિવાસ કરે તો નિશ્ચયથી જ મહાન્ સુખ પામી શકીશ. ૨૭.

(शार्दूलविक्रीड़ित)

इत्यास्थाय हृदि स्थिरं जिन भवत्पादप्रसादात्सती-
मध्यात्मैकतुलामयं जन इतः शुद्धयर्थमारोहति ।
एनं कर्तुममी च दोषिणमितः कर्मारयो दुर्धरा-
स्तिष्ठन्ति प्रसभं तदत्र भगवन् मध्यस्थसाक्षी भवान् ।।२८।।

**અનુવાદઃ**—હે જિન! હૃદયમાં આવો સ્થિર વિચાર કરીને આ મનુષ્ય શુદ્ધિ માટે આપના ચરણોના પ્રસાદથી નિર્દોષ અધ્યાત્મરૂપી અદ્વિતીય ત્રાજવામાં એક તરફ ચડે છે અને બીજી તરફ તેને દોષિત કરવા માટે આ દુર્જય કર્મરૂપી શત્રુ બળપૂર્વક સ્થિત છે. તેથી હે ભગવાન્! આ વિષયમાં આપ મધ્યસ્થ (નિષ્પક્ષ) સાક્ષી છો. ૨૮.

(शार्दूलविक्रीड़ित)

द्वैतं संसृतिरेव निश्चयवशादद्वैतमेवामृतं-
संक्षेपादुभयत्र जल्पितमिदं पर्यन्तकाष्ठागतम् ।
निर्गत्यादिपदाच्छनैः शबलितादन्यत्समालम्बते
यः सोऽसंज्ञ इति स्फुटं व्यवहृतेर्ब्रह्मादिनामेति च ।।२९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—નિશ્ચયથી દ્વૈત (આત્મ-પરનો ભેદ) જ સંસાર અને અદ્વૈત જ મોક્ષ છે. આ એ બન્નેના વિષયમાં સંક્ષેપથી કથન છે જે ચરમ સીમાને પ્રાપ્ત છે. જે ભવ્ય જીવ ધીરે ધીરે આ વિચિત્ર પ્રથમ (દ્વૈત) પદથી નીકળીને બીજા (અદ્વૈત) પદનો આશ્રય કરે છે તે જો કે નિશ્ચયથી વાચ્ય-વાચકભાવનો અભાવ થઈ જવાના કારણે સંજ્ઞા (નામ) રહિત થઈ જાય છે; છતાં પણ વ્યવહારથી તે બ્રહ્મા આદિ (પરબ્રહ્મ, પરમાત્મા) નામને પ્રાપ્ત કરે છે. ૨૯.

(शार्दूलविक्रीड़ित)

**चारित्रं यदभाणि केवलदृशा देव त्वया मुक्तये**
**पुंसा तत्खलु मादृशेन विषमे काले कलौ दुर्धरम्।**
**भक्तिर्या समभूदिह त्वयि दृढा पुण्यैः पुरोपार्जितैः**
**संसारार्णवतारणे जिन ततः सैवास्तु पोतो मम ॥३०॥**

**અનુવાદઃ**—હે જિનદેવ! કેવળજ્ઞાની! આપે જે મુક્તિ માટે ચારિત્ર બતાવ્યું છે તેને નિશ્ચયથી મારા જેવો પુરુષ આ વિષમ પંચમ કાળમાં ધારણ કરી શકતો નથી. તેથી પૂર્વોપાર્જિત મહાન્ પુણ્યથી અહીં જે મારી આપના વિષયમાં દૃઢ ભક્તિ થઈ છે તે જ મને આ સંસારરૂપી સમુદ્રથી પાર થવા માટે જહાજ સમાન થાય. ૩૦.

(शार्दूलविक्रीड़ित)

**इन्द्रत्वं च निगोदतां च बहुधा मध्ये तथा योनयः**
**संसारे भ्रमता चिरं यदखिलाः प्राप्ता मयानन्तशः।**
**तन्नापूर्वमिहास्ति किंचिदपि मे हित्वा विमुक्तिप्रदां**
**सम्यग्दर्शनबोधवृत्तिपदवीं तां देव पूर्णां कुरु ॥३१॥**

**અનુવાદઃ**—હે દેવ! મેં ચિરકાળ સંસારમાં પરિભ્રમણ કરતાં અનેક વાર ઈન્દ્રપદ, નિગોદ પર્યાય તથા વચમાં પણ બીજા જે સમસ્ત અનંત ભવ પ્રાપ્ત કર્યા છે તેમાં મુક્તિ આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ પરિણતિ સિવાય બીજું કોઈ પણ અપૂર્વ નથી. તેથી રત્નત્રયસ્વરૂપ જે પદવી હજી સુધી મેં કદી પ્રાપ્ત કરી નથી તે અપૂર્વ પદવી પૂર્ણ કરો. ૩૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

श्रीवीरेण मम प्रसन्नमनसा तत्किंचिदुच्चैः पद-
प्राप्त्यर्थं परमोपदेशवचनं चित्ते समारोपितम् ।
येनास्तामिदमेकभूतलगतं राज्यं क्षणध्वंसि यत्
त्रैलोक्यस्य च तन्न मे प्रियमिह श्रीमज्जिनेश प्रभो ॥३२॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર પ્રભો ! શ્રી વીર ભગવાને (અથવા શ્રી વીરનન્દી ગુરુએ) પ્રસન્નચિત્ત થઈને ઉચ્ચ પદ (મોક્ષ)ની પ્રાપ્તિ માટે જે મારા ચિત્તમાં થોડા ઉત્તમ ઉપદેશરૂપ વચનોનું આરોપણ કર્યું છે તેના પ્રભાવથી ક્ષણનશ્વર જે એક પૃથ્વીનું રાજ્ય છે તે તો દૂર રહો, પરંતુ મને તે ત્રણ લોકનું રાજ્ય પણ અહીં પ્રિય નથી. ૩૨.

( शार्दूलविक्रीड़ित )

सूरेः पङ्कजनन्दिनः कृतिमिमामालोचनामर्हता-
मग्रे यः पठति त्रिसंध्यममलश्रद्धानताङ्गो नरः ।
योगीन्द्रैश्चिरकालरूढतपसा यत्नेन यन्मृग्यते
तत्प्राप्नोति परं पदं स मतिमानानन्दसद्म ध्रुवम् ॥३३॥

**અનુવાદ:**—જે બુદ્ધિમાન્ મનુષ્ય નિર્મળ શ્રદ્ધાથી પોતાના શરીરને નમ્રીભૂત કરીને ત્રણે સંધ્યાકાળે અર્હંત ભગવાન આગળ શ્રી પદ્મનન્દી સૂરિ દ્વારા વિરચિત આ આલોચના-રૂપ પ્રકરણ ભણે છે તે નિશ્ચયથી આનંદના સ્થાનભૂત તે ઉત્કૃષ્ટ પદ પ્રાપ્ત કરે છે જેને યોગીશ્વર તપશ્ચરણ દ્વારા પ્રયત્નપૂર્વક ચિરકાળથી શોધ્યા કરે છે. ૩૩.

આ રીતે આલોચના અધિકાર સમાપ્ત થયો. ૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# [ ૧૦ સદ્બોધ ચંદ્રોદય ]

## [ १०. सद्बोधचन्द्रोदयः ]

( शार्दूलविक्रीड़ित )

यज्जानन्नपि बुद्धिमानपि गुरुः शक्तो न वक्तुं गिरा
प्रोक्तं चेन्न तथापि चेतसि नृणां संमाति चाकाशवत् ।
यत्र स्वानुभवस्थिते ऽपि विरला लक्ष्यं लभन्ते चिरा-
त्तन्मोक्षैकनिबन्धनं विजयते चित्तत्त्वमत्यद्भुतम् ॥१॥

**અનુવાદઃ**—જે ચેતન તત્ત્વને જાણવા છતાં પણ અને બુદ્ધિમાન્ ગુરુ પણ વાણી દ્વારા કહેવાને સમર્થ નથી તથા જો કહેવામાં આવે તો પણ જે આકાશ સમાન મનુષ્યોના હૃદયમાં સમાતું નથી તથા જેના સ્વાનુભવમાં સ્થિત હોવા છતાં પણ વિરલા મનુષ્યો જ ચિર કાળે લક્ષ્ય (મોક્ષ)ને પ્રાપ્ત કરી શકે છે; તે મોક્ષના અદ્વિતીય કારણભૂત આશ્ચર્ય-જનક ચેતનતત્ત્વ જયવંત હો. ૧

(शार्दूलविक्रीड़ित)

नित्यानित्यतया महत्तनुतयानेकैकरूपत्ववत्
चित्तत्वं सदसत्तया च गहनं पूर्णं च शून्यं च यत् ।
तज्जीयादखिलश्रुताश्रयशुचिज्ञानप्रभाभासुरो
यस्मिन् वस्तुविचारमार्गचतुरो यः सो ऽपि संमुह्यति ॥२॥

**અનુવાદઃ**—જે ચેતન તત્ત્વ નિત્ય અને અનિત્ય સ્વરૂપે, સ્થૂળ અને કૃશ સ્વરૂપે, અનેક અને એક સ્વરૂપે, સત્ અને અસત્ સ્વરૂપે તથા પૂર્ણ અને શૂન્ય સ્વરૂપે ગહન છે; તથા જેના વિષયમાં સમસ્ત શ્રુતનો વિષય કરનારી એવી નિર્મળ જ્ઞાનરૂપ જ્યોતિથી દેદીપ્યમાન અને તત્ત્વના વિચારમાં ચતુર એવો મનુષ્ય પણ મોહ પામે છે તે ચેતન તત્ત્વ જીવિત રહે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—તે ચિદ્રૂપ તત્ત્વ (સમજવું) ઘણું અઘરૂં છે કારણ કે ભિન્ન ભિન્ન અપેક્ષાએ તેનું સ્વરૂપ અનેક પ્રકારનું છે. જેમ કે-ઉક્ત ચિદ્રૂપ તત્ત્વ જો દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે તો પર્યાયાર્થિક નયની અપેક્ષાએ તે અનિત્ય પણ છે. જો તે અનન્ત પદાર્થોનો વિષય કરવાને કારણે સ્થૂળ છે તો મૂર્તિ રહિત હોવાના કારણે સૂક્ષ્મ પણ છે, જો તે સામાન્યસ્વરૂપે એક છે તો વિશેષ સ્વરૂપે અનેક પણ છે, જો તે સ્વકીય દ્રવ્યાદિ-ચતુષ્ટયની અપેક્ષાએ સત્ છે તો પરકીય દ્રવ્યાદિચતુષ્ટયની અપેક્ષાએ અસત્ પણ છે તથા જો તે અનંતચતુષ્ટય આદિ ગુણોથી પરિપૂર્ણ છે તો રૂપ-રસાદિ રહિત હોવાના કારણે શૂન્ય પણ છે. આ રીતે તેનું સ્વરૂપ ગંભીર હોવાથી કદી કદી સમસ્ત શ્રુતના પારગામી પણ તેના વિષયમાં મોહ પામી જાય છે ૨.

(शार्दूलविक्रीडित)

सर्वस्मिन्नणिमादिपङ्कजवने रम्येऽपि हित्वा रतिं
यो दृष्टिं शुचिमुक्तिहंसवनितां प्रत्यादराद्दत्तवान् ।
चेतोवृत्तिनिरोधलब्धपरमब्रह्मप्रमोदाम्बुभृत्-
सम्यक्साम्यसरोवरस्थितिजुषे हंसाय तस्मै नमः ॥३॥

**અનુવાદ:**—અણિમા-મહિમા આદિ આઠ ઋદ્ધિઓરૂપ રમણીય સમસ્ત કમળવન રહેવા છતાં પણ જે આત્મારૂપ હંસ તેના વિષયમાં અનુરક્ત ન થતાં આદરથી મુક્તિરૂપ હંસી ઉપર જ પોતાની દૃષ્ટિ રાખે છે તથા જે ચિત્તવૃત્તિના નિરોધથી પ્રાપ્ત થયેલ પરબ્રહ્મસ્વરૂપ આનંદરૂપી જળથી પરિપૂર્ણ એવા સમીચીન સમતાભાવરૂપ સરોવરમાં નિવાસ કરે છે તે આત્મારૂપ હંસને નમસ્કાર હો. ૩.

(रथोद्धता)

सर्वभावविलये विभाति यत् सत्समाधिभरनिर्भरात्मनः ।
चित्स्वरूपमभितः प्रकाशकं शर्मधाम नमताद्भुतं महः ॥४॥

**અનુવાદ:**—જે આશ્ચર્યજનક ચિત્સ્વરૂપ તેજ રાગ-દ્વેષાદિરૂપ વિભાવ પરિણામો નષ્ટ થતાં સમ્યક્ સમાધિના ભારને ધારણ કરનાર યોગીને શોભાયમાન થાય છે, જે સર્વ પદાર્થોનું પ્રકાશક છે તથા જે સુખનું કારણ છે તે ચિત્સ્વરૂપ તેજને નમસ્કાર કરો. ૪.

(रथोद्धता)

विश्ववस्तुविधृतिक्षमं लसज्जालमन्तपरिवर्जितं गिराम् ।
अस्तमेत्यखिलमेकहेलया यत्र तज्जयति चिन्मयं महः ॥५॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જે ચિદ્રૂપ તેજ સમસ્ત વસ્તુઓને પ્રકાશિત કરવામાં સમર્થ છે, દૈદીપ્યમાન છે, અંત રહિત અર્થાત્ અવિનશ્વર છે તથા જેના વિષયમાં સમસ્ત વચનોનો સમૂહ ક્રીડામાત્રથી જ નાશ પામે છે અર્થાત્ જે વચનનો અવિષય છે; તે ચિદ્રૂપ તેજ જયવંત હો. ૫.

( रथोद्धता )

**नो विकल्परहितं चिदात्मकं वस्तु जातु मनसो ऽपि गोचरम् ।**
**कर्मजाश्रितविकल्परूपिणः का कथा तु वपुषो जडात्मनः ॥६॥**

**અનુવાદ:**—તે ચૈતન્યરૂપ તત્ત્વ સર્વ પ્રકારના વિકલ્પ રહિત છે અને ત્યાં તે મન કર્મજનિત રાગ-દ્વેષના આશ્રયે થનારા વિકલ્પ સ્વરૂપ છે. તેથી જ્યારે તે ચૈતન્ય તત્ત્વ તે મનનો પણ વિષય નથી તો પછી જડસ્વરૂપ (અચેતન) શરીરની તો વાત જ શી છે?–તેનો તો વિષય તે કદી થઈ જ શકતું નથી. ૬.

**चेतसो न वचसोऽपि गोचरस्तर्हि नास्ति भविता खपुष्पवत् ।**
**शङ्कनीयमिदमत्र नो यतः स्वानुभूतिविषयस्ततो ऽस्ति तत् ॥७॥**

**અનુવાદ:**—જો તે ચૈતન્યરૂપ તેજ મન અને વચનનો પણ વિષય ન હોય તો તે આકાશના ફૂલ સમાન અસત્ થઈ જશે એવી પણ અહીં આશંકા ન કરવી જોઈએ કારણ કે તે સ્વાનુભવનો વિષય છે. તેથી તે સત્ જ છે, નહિ કે અસત્. ૭.

**नूनमत्र परमात्मनि स्थितं स्वान्तमन्तमुपयाति तद्बहिः**
**तं विहाय सततं भ्रमत्यदः को बिभेति मरणान्न भूतले ॥८॥**

**અનુવાદ:**—અહીં પરમાત્મામાં સ્થિત થયેલું મન નિશ્ચયથી મરણને પ્રાપ્ત થઈ જાય છે. તેથી તે તેને (પરમાત્માને) છોડીને નિરંતર બાહ્ય પદાર્થોમાં વિચરે છે. બરાબર છે-આ પૃથ્વી ઉપર મૃત્યુથી કોણ ડરતું નથી? અર્થાત્ તેનાથી બધા જ ડરે છે. ૮.

**तत्त्वमात्मगतमेव निश्चितं यो ऽन्यदेशनिहितं समीक्षते ।**
**वस्तु मुष्टिविधृतं प्रयत्नतः कानने मृगयते स मूढधीः ॥९॥**

**અનુવાદ:**—ચૈતન્યતત્ત્વ નિશ્ચયથી પોતામાં જ સ્થિત છે, તે ચૈતન્યરૂપ તત્ત્વને જે અન્ય સ્થાનમાં સ્થિત સમજે છે તે મૂર્ખ મુઠીમાં રાખેલી વસ્તુને જાણે પ્રયત્નપૂર્વક વનમાં શોધે છે. ૯.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( रथोद्धता )

**तत्परः परमयोगसंपदां पात्रमत्र न पुनर्बहिर्गतः ।**
**नापरेण चलि [ल] तो यथेप्सितः स्थानलाभविभवो विभाव्यते ॥१०॥**

**અનુવાદ**:—જે ભવ્ય જીવ આ પરમાત્મતત્ત્વમાં તલ્લીન થાય છે તે સમાધિરૂપ સંપત્તિઓનું પાત્ર થાય છે, પરંતુ જે બાહ્ય પદાર્થોમાં મુગ્ધ રહે છે તે તેમનું પાત્ર થતો નથી. યોગ્ય છે-જે બીજા માર્ગે ચાલી રહ્યો છે તેને ઇચ્છાનુસાર સ્થાનની પ્રાપ્તિરૂપ સંપત્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. ૧૦.

**साधुलक्ष्यमनवाप्य चिन्मये यत्र सुष्ठु गहने तपस्विनः ।**
**अप्रतीतिभुवमाश्रिता जडा भान्ति नाटयगतपात्रसंनिभाः ॥११॥**

**અનુવાદ**:—જે તપસ્વી અતિશય ગહન તે ચૈતન્યસ્વરૂપ તત્ત્વના વિષયમાં લક્ષ્ય (વેધ્ય) ન પામીને અતત્ત્વશ્રદ્ધાન (મિથ્યાત્વ) રૂપ ભૂમિકાનો આશ્રય લે છે તે મૂઢબુદ્ધિ જીવ નાટકના પાત્ર સમાન લાગે છે.

**વિશેષાર્થ**:—જેમ નાટકના પાત્ર રાજા, રંક અને સાધુ આદિનો વેશ લઇને તથા તે પ્રમાણે જ તેમનું ચરિત્ર બતાવીને જોનારાઓને જો કે મુગ્ધ કરી લે છે, છતાં પણ તેઓ યથાર્થ રાજા વગેરે હોતા નથી. બરાબર એ જ રીતે જે બાહ્ય તપશ્ચરણાદિ તો કરે છે, પરંતુ સમ્યગ્દર્શન રહિત હોવાના કારણે તે ચૈતન્ય તત્ત્વનો અનુભવ કરી શકતા નથી. તેઓ યોગીનો વેશ લઇને પણ વાસ્તવિક યોગી થઈ શકતા નથી. ૧૧.

**भूरिधर्मयुतमप्यबुद्धिमानन्धहस्तिविधिनावबुध्य यत् ।**
**भ्राम्यति प्रचुरजन्मसंकटे पातु वस्तदतिशायि चिन्महः ॥१२॥**

**અનુવાદ**:—અજ્ઞાની જીવ અનેક ધર્મોવાળા જે ચેતન તત્ત્વને અંધ-હસ્તી ન્યાયથી જાણીને અનેક જન્મ-મરણથી ભયાનક આ સંસારમાં પરિભ્રમણ કરે છે તે અનુપમ ચેતન તત્ત્વરૂપ તેજ આપ સર્વેનું રક્ષણ કરો.

**વિશેષાર્થ**:—જેવી રીતે આંધળો મનુષ્ય હાથીનો યથાર્થ આકાર ન જાણતાં તેના જે અવયવ (પગ કે સૂંઢ વગેરે) નો સ્પર્શ કરે છે તેને જ હાથી સમજી લે છે, તેવી જ રીતે મિથ્યાદષ્ટિ જીવ અનેક ધર્મયુક્ત તે ચેતન તત્ત્વને યથાર્થ સ્વરૂપે ન જાણતાં એકાંતે કોઈ એક જ ધર્મસ્વરૂપ સમજી લે છે. એ જ કારણે તે જન્મ-મરણસ્વરૂપ આ સંસારમાં જ પરિભ્રમણ કરીને દુઃખ સહન કરે છે. ૧૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(रथोद्धता)

**कर्मबन्धकलितो ऽप्यबन्धनो रागद्वेषमलिनो ऽपि निर्मलः ।**
**देहवानपि च देहवर्जितश्चित्रमेतदखिलं किलात्मनः ॥१३॥**

**અનુવાદ:**—આ આત્મા કર્મબંધ સહિત હોવા છતાં પણ બંધન રહિત છે, રાગ-દ્વેષથી મલિન હોવા છતાં પણ નિર્મળ છે તથા શરીર સાથે સંબંધવાળો હોવા છતાં પણ તે શરીર રહિત છે. આ રીતે આ બધું આત્માનું સ્વરૂપ આશ્ચર્યજનક છે.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે શુદ્ધ નિશ્ચયનયથી આ આત્માને ન રાગ-દ્વેષ પરિણામ છે, ન કર્મોનો બંધ છે અને ન શરીરે ય છે. તે વાસ્તવમાં વીતરાગ, સ્વાધીન અને અશરીર હોઇને સિદ્ધ સમાન છે. પરંતુ પર્યાયસ્વરૂપે તે કર્મબંધ સહિત હોઇને રાગ-દ્વેષથી મલિન અને શરીર સહિત માનવામાં આવે છે. ૧૩.

**निर्विनाशमपि नाशमाश्रितं शून्यमप्यतिशयेन संभृतम् ।**
**एकमेव गतमप्यनेकतां तत्त्वमीदृगपि नो विरुध्यते ॥१४॥**

**અનુવાદ:**—તે આત્મતત્ત્વ વિનાશ રહિત હોવા છતાં પણ નાશને પ્રાપ્ત છે, શૂન્ય હોવા છતાં પણ અતિશયથી પરિપૂર્ણ છે તથા એક હોવા છતાં પણ અનેકતાને પ્રાપ્ત છે. આ રીતે નયવિવક્ષાથી એમ માનવામાં કાંઈ પણ વિરોધ આવતો નથી. ૧૪.

**विस्मृतार्थ परिमार्गणं यथा यस्तथा सहजचेतनाश्रितः ।**
**स क्रमेण परमेकतां गतः स्वस्वरूपपदमाश्रयेद्ध्रुवम् ॥१५॥**

**અનુવાદ:**—જેવી રીતે મૂર્ચ્છિત મનુષ્ય સ્વાભાવિક ચેતના પામીને (હોશમાં આવીને) પોતાની ભૂલાયેલી વસ્તુની શોધ કરવા માંડે છે તેવી જ રીતે જે ભવ્ય પ્રાણી પોતાના સ્વાભાવિક ચૈતન્યનો આશ્રય લે છે તે ક્રમે કરીને એકત્વ પામી પોતાના સ્વાભાવિક ઉત્કૃષ્ટ પદ (મોક્ષ)ને નિશ્ચિતપણે જ પ્રાપ્ત કરી લે છે. ૧૫.

**यद्यदेव मनसि स्थितं भवेत् तत्तदेव सहसा परित्यजेत् ।**
**इत्युपाधिपरिहारपूर्णता सा यदा भवति तत्पदं तदा ॥१६॥**

**અનુવાદ:**—જે જે વિકલ્પ આવીને મનમાં સ્થિત થાય છે તેને શીઘ્ર જ છોડી દેવો જોઇએ. આ રીતે જ્યારે તે વિકલ્પોનો ત્યાગ પરિપૂર્ણ થઈ જાય છે ત્યારે તે મોક્ષ-પદ પણ પ્રાપ્ત થઈ જાય છે. ૧૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(रथोद्धता)

संहृतेषु खमनो ऽनिलेषु यद्भाति तत्त्वममलात्मनः परम् ।
तद्गतं परमनिस्तरङ्गतामग्निरुग्र इह जन्मकानने ॥१७॥

**અનુવાદ:**—ઇન્દ્રિય, મન અને શ્વાસોચ્છવાસ નષ્ટ થઈ ગયા પછી જે નિર્મળ આત્માનું ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રતિભાસિત થાય છે તે અતિશય સ્થિરતા પામીને અહીં જન્મ (સંસાર) રૂપ વનને બાળવા માટે તીક્ષ્ણ અગ્નિ સમાન હોય છે. ૧૭.

मुक्त इत्यपि न कार्यमञ्जसा कर्मजालकलितो ऽहमित्यपि ।
निर्विकल्प पदवीमुपाश्रयन् संयमी हि लभते परं पदम् ॥१८॥

**અનુવાદ:**—વાસ્તવમાં 'હું મુક્ત છું' એ જાતનો વિકલ્પ પણ ન કરવો જોઈએ. તથા 'હું કર્મોના સમૂહથી સંબદ્ધ છું' એવો વિકલ્પ પણ ન કરવો જોઈએ. કારણ એ છે કે સંયમી પુરુષ નિર્વિકલ્પ પદવી પામીને જ નિશ્ચયથી ઉત્કૃષ્ટ મોક્ષપદ પામે છે. ૧૮.

कर्म चाहमिति च द्वये सति द्वैतमेतदिह जन्मकारणम् ।
एक इत्यपि मतिः सती न यत्साप्युपाधिरचिता तदङ्गभृत् ॥१९॥

**અનુવાદ:**—હે પ્રાણી! 'કર્મ અને હું' આવા પ્રકારની બે પદાર્થોની કલ્પના થતાં જે અહીં દ્વૈતબુદ્ધિ થાય છે તે સંસારનું કારણ છે. તથા 'હું એક છું' એ જાતનો વિકલ્પ પણ યોગ્ય નથી કારણ કે તે પણ ઉપાધિથી નિર્મિત હોવાને કારણે સંસારનું જ કારણ થાય છે. ૧૯.

संविशुद्धपरमात्मभावना संविशुद्धपदकारणं भवेत् ।
सेतरेतकृते सुवर्णतो लोहतश्च विकृतीस्तदाश्रिते ॥२०॥

**અનુવાદ:**—અતિશય વિશુદ્ધ પરમાત્મતત્ત્વની જે ભાવના છે તે અતિશય નિર્મળ મોક્ષપદનું કારણ થાય છે. તથા એનાથી વિપરીત જે ભાવના છે તે સંસારનું કારણ થાય છે. બરાબર છે-સુવર્ણથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે સુવર્ણમય અને લોહથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે લોહમય હોય છે. ૨૦.

कर्म भिन्नमनिशं स्वतो ऽखिलं पश्यतो विशदबोधचक्षुषा ।
तत्कृते ऽपि परमार्थवेदिनो योगिनो न सुखदुःखकल्पना ।२१।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—સમસ્ત કર્મ મારાથી ભિન્ન છે, આ રીતે નિરંતર નિર્મળ જ્ઞાનરૂપ નેત્રથી દેખનારા અને યથાર્થ સ્વરૂપના વેત્તા યોગીને કર્મકૃત સુખ-દુઃખ હોવા છતાં પણ તેને ઉક્ત સુખ-દુઃખની કલ્પના હોતી નથી. ૨૧.

(रथोद्धता)

**मानसस्य गतिरस्ति चेन्निरालम्ब एव पथि भास्वतो यथा ।**
**योगिनो दृगवरोधकारकः संनिधिर्न तमसां कदाचन ॥२२॥**

**અનુવાદ:**—જો યોગીના મનની ગતિ સૂર્ય સમાન નિરાધાર માર્ગમાં જ હોય તો તેને જોવામાં બાધા ઉત્પન્ન કરનાર અંધકાર (અજ્ઞાન)ની સમીપતા કદી પણ હોઈ શકે નહિ.

**વિશેષાર્થ.**—જેવી રીતે નિરાધાર આકાશમાર્ગે ગમન કરનાર સૂર્ય રહે ત્યારે અંધકાર કોઈ રીતે બાધા પહોંચાડી શકતો નથી તેવી જ રીતે સમસ્ત માનસિક વિકલ્પોથી રહિત આત્મતત્ત્વમાં સંચાર કરનાર યોગીના તત્ત્વદર્શનમાં અજ્ઞાન-અંધકાર પણ બાધા પહોંચાડી શકતો નથી. ૨૨.

**रुग्जरादिविकृतिर्न मे ऽञ्जसा सा तनोरहमितः सदा पृथक् ।**
**मीलितेऽपि सति खे विकारिता जायते न जलदैर्विकारिभिः ।२३।**

**અનુવાદ:**—રોગ અને જરા આદિ રૂપ વિકાર વાસ્તવમાં મારા નથી, તે તો શરીરના વિકાર છે અને હું તે શરીરથી સંબદ્ધ હોવા છતાં પણ વાસ્તવમાં તેનાથી સર્વદા ભિન્ન છું. ઠીક છે-વિકાર ઉત્પન્ન કરનાર વાદળાઓ સાથે આકાશનો મેળાપ થવા છતાં પણ તેમાં કોઈ પ્રકારનો વિકારભાવ ઉત્પન્ન થતો નથી. ૨૩.

**व्याधिनाङ्गमभिभूयते परं तद्गतो ऽपि न पुनश्चिदात्मकः ।**
**उत्थितेन गृहमेव दह्यते वह्निना न गगनं तदाश्रितम् ॥२४॥**

**અનુવાદ:**—રોગ કેવળ શરીરને પરાધીન કરે છે પણ તે તેમાં સ્થિત હોવા છતાં ચેતન આત્માને પરાધીન કરતો નથી. બરાબર છે-ઉત્પન્ન થયેલી અગ્નિ કેવળ ઘરને જ બાળે છે, પરંતુ તેના આશ્રયભૂત આકાશને બાળતી નથી. ૨૪.

**बोधरूपमखिलैरुपाधिभिर्वर्जितं किमपि यत्तदेव नः ।**
**नान्यदल्पमपि तत्त्वमीदृशं मोक्षहेतुरिति योगनिश्चयः ॥२५॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—સમસ્ત ઉપાધિથી રહિત જે કાંઈ પણ જ્ઞાનરૂપ છે તે જ અમારૂં સ્વરૂપ છે, તેનાથી ભિન્ન જરા ય તત્ત્વ અમારૂં નથી; આ જાતનો યોગનો નિશ્ચય મોક્ષનું કારણ થાય છે. ૨૫.

(रथोद्धता)

**योगतो हि लभते विबन्धनं योगतो ऽपि किल मुच्यते नरः ।**
**योगवर्त्म विषमं गुरोर्गिरा बोध्यमेतदखिलं मुमुक्षुणा ॥२६॥**

**અનુવાદઃ**—મનુષ્ય યોગના નિમિત્તે વિશેષ બંધન પ્રાપ્ત કરે છે તથા યોગના નિમિત્તે જ તે તેનાથી મુક્ત પણ થાય છે. આ રીતે યોગનો માર્ગ વિષમ છે. મોક્ષાભિલાષી ભવ્ય જીવે આ સમસ્ત યોગમાર્ગનું જ્ઞાન ગુરુના ઉપદેશથી પ્રાપ્ત કરવું જોઈએ. ૨૬.

**शुद्धबोधमयमस्ति वस्तु यद् रमणीयकपदं तदेव नः ।**
**स प्रमाद इह मोहजः क्वचित्कल्प्यते वद परो [रे] ऽपि रम्यता ॥**

**અનુવાદઃ**—જે શુદ્ધ જ્ઞાનરૂપ વસ્તુ છે તે જ અમારૂં રમણીય પદ છે. એનાથી ઉલ્ટું જે અન્ય કોઈ બાહ્ય જડ વસ્તુમાં પણ રમણીયતાની કલ્પના કરવામાં આવે છે તે કેવળ મોહજનિત પ્રમાદ છે. ૨૭.

**आत्मबोधशुचितीर्थमद्भुतं स्नानमत्र कुरुत्तोत्तमं बुधाः ।**
**यन्न यात्यपरतीर्थकोटिभिः क्षालयत्यपि मलं तदान्तरम् ॥२८॥**

**અનુવાદઃ**—આત્મજ્ઞાનરૂપ પવિત્ર તીર્થ આશ્ચર્યજનક છે. હે વિદ્વાનો! આપ એમાં ઉત્તમ રીતે સ્નાન કરો. જે અભ્યંતર મળ બીજા કરોડો તીર્થોથી પણ જતો નથી તેને પણ આ તીર્થ ધોઈ નાખે છે. ૨૮.

**चित्समुद्रतटबद्धसेवया जायते किमु न रत्नसंचयः ।**
**दुःखहेतुरमुतस्तु दुर्गतिः किं न विप्लमुपैति योगिनः ॥२९॥**

**અનુવાદઃ**—ચૈતન્યરૂપ સમુદ્રના તટથી સંબંધિત સેવા દ્વારા શું રત્નોનો સંચય નથી થતો? અવશ્ય થાય છે. તથા તેનાથી દુઃખના કારણભૂત યોગીની દુર્ગતિ શું નાશ નથી પામતી? અર્થાત્ તે અવશ્યમેવ નાશ પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—જેવી રીતે સમુદ્રના કિનારે રહેનારા માણસો પાસે કોઈ બહુમૂલ્ય રત્નોનો સંચય થઈ જાય છે તથા એનાથી તેની દુર્ગતિ (નિર્ધનતા) નાશ પામે છે તેવી જ રીતે ચૈતન્યરૂપ સમુદ્રના તટની આરાધના કરનાર યોગીને પણ અમૂલ્ય રત્નો (સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આદિ) નો સંચય થઈ જાય છે અને એનાથી તેની દુર્ગતિ (નારક પર્યાય આદિ) પણ નષ્ટ થઈ જાય છે. આ રીતે તેને નારકાદિ પર્યાય જનિત દુઃખ નષ્ટ થઈ જવાથી અપૂર્વ શાંતિનો લાભ થાય છે. ૨૯.

(रथोद्धता)

**निश्चयावगमनस्थितित्रयं रत्नसंचितिरियं परात्मनि ।**
**योगदृष्टिविषयीभवन्नसौ निश्चयेन पुनरेक एव हि ॥३०॥**

**અનુવાદ:**—પરમાત્માના વિષયમાં જે નિશ્ચય, જ્ઞાન અને સ્થિરતા થાય છે; એ ત્રણેનું નામ જ રત્નસંચય છે. તે પરમાત્મા યોગરૂપ નેત્રનો વિષય છે. નિશ્ચયનયની અપેક્ષાએ તે રત્નત્રયસ્વરૂપ આત્મા એક જ છે, તેમાં સમ્યગ્દર્શનાદિનો ભેદ પણ દૃષ્ટિગોચર થતો નથી.

**વિશેષાર્થ:**—સમ્યગ્દર્શનાદિના સ્વરૂપનો વિચાર નિશ્ચય અને વ્યવહારની અપેક્ષાએ બે પ્રકારે કરવામાં આવે છે. જેમ કે–જીવાદિ સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન કરવું. એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. ઉક્ત જીવાદિ તત્ત્વોનું જે યથાર્થ જ્ઞાન હોય છે, તેને વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહે છે. પાપરૂપ ક્રિયાઓના પરિત્યાગને વ્યવહાર સમ્યક્ ચારિત્ર કહેવામાં આવે છે. આ વ્યવહારની અપેક્ષાએ તેમના સ્વરૂપનો વિચાર થયો. નિશ્ચયનયની અપેક્ષાએ તેમનું સ્વરૂપ આ રીતે છે. શુદ્ધ આત્માના વિષયમાં રુચિ ઉત્પન્ન થવી તે નિશ્ચય સમ્યગ્દર્શન, તે જ આત્માના સ્વરૂપને જાણવું તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને ઉક્ત આત્મામાં જ લીન થવું એ નિશ્ચય ચારિત્ર કહેવાય છે. આમાં વ્યવહાર જ્યાંસુધી નિશ્ચયનો સાધક છે ત્યાંસુધી જ તે ઉપાદેય છે, વાસ્તવમાં તે અસત્યાર્થ હોવાથી હેય જ છે. ઉપાદેય કેવળ નિશ્ચય જ છે, કેમ કે તે યથાર્થ છે. અહીં નિશ્ચય રત્નત્રયના સ્વરૂપનું જ દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. તે નિર્મળ ધ્યાનની અપેક્ષા રાખે છે. ૩૦.

**प्रेरिताः श्रुतगुणेन शेमुषीकार्मुकेण शरवद् दृगादयः ।**
**बाह्यवेध्यविषये कृतश्रमाश्चिद्रणे प्रहतकर्मशत्रवः ॥३१॥**

**અનુવાદ:**—આગમરૂપ દોરીથી સંયુક્ત એવા બુદ્ધિરૂપ ધનુષ્યથી પ્રેરિત સમ્યગ્દર્શનાદિરૂપ બાણ ચૈતન્યરૂપ રણમાં બાહ્ય પદાર્થરૂપ લક્ષ્યના વિષયમાં પરિશ્રમ કરીને કર્મરૂપ શત્રુઓનો નાશ કરી નાખે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે જેવી રીતે રણ ભૂમિમાં દોરીથી સુસજ્જ ધનુષ્ય દ્વારા છોડવામાં આવેલા બાણ લક્ષ્યભૂત શત્રુઓને વીંધીને તેમનો નાશ કરી નાખે છે તેવી જ રીતે અહીં ચૈતન્યરૂપી રણભૂમિમાં આગમાભ્યાસરૂપી દોરીથી બુદ્ધિરૂપી ધનુષ્યને સજ્જ કરી તેની પ્રેરણાથી પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનાદિરૂપી બાણો દ્વારા કર્મરૂપી શત્રુ પણ નષ્ટ કરી દેવામાં આવે છે. ૩૧.

(रथोद्धता)

**चित्तवाच्यकरणीयवर्जिता निश्चयेन मुनिवृत्तिरीदृशी ।**
**अन्यथा भवति कर्मगौरवात् सा प्रमादपदवीमुपेयुषः ।।३२।।**

**અનુવાદ:**—નિશ્ચયથી મુનિની વૃત્તિ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ રહિત એવી હોય છે. તાત્પર્ય એ છે કે તે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સહિત હોય છે. પરંતુ પ્રમાદ અવસ્થા પામેલા મુનિને કર્મની અધિકતાને કારણે તે (મુનિવૃતિ) આનાથી વિપરીત અર્થાત્ ઉપર્યુક્ત ત્રણ ગુપ્તિયોથી રહિત હોય છે. ૩૨.

**सत्समाधिशशलाञ्छनोदयादुल्लसत्यमलबोधवारिधिः ।**
**योगिनो ऽणुसदृशं विभाव्यते यत्र मग्नमखिलं चराचरम् ।३३।**

**અનુવાદ :**—સમીચીન સમાધિરૂપ ચન્દ્રમાના ઉદયથી હર્ષિત થઈને યોગીનો નિર્મળ જ્ઞાનરૂપ સમુદ્ર વૃદ્ધિ પામે છે, જેમાં ડૂબેલું આ સમસ્ત ચરાચર વિશ્વ અણુ–સમાન પ્રતિભાસે છે. ૩૩.

**कर्मशुष्कतृणराशिरुन्नतो ऽप्युद्गते शुचिसमाधिमारुतात् ।**
**भेदबोधदहने हृदि स्थिते योगिनो झटिति भस्मसाद्भवेत् ।३४।**

**અનુવાદ:**—પવિત્ર સમાધિરૂપ વાયુ દ્વારા યોગીના હૃદયમાં સ્થિત ભેદજ્ઞાનરૂપી અગ્નિ પ્રજ્વલિત થતાં તેમાં કર્મરૂપી સૂકા ઘાસનો ઊંચો ઢગલો પણ તરત જ ભસ્મ થઈ જાય છે. ૩૪.

**चित्तमत्तकरिणा न चेद्धतो दुष्टबोधवनह्निनाथवा ।**
**योगकल्पतरुरेष निश्चितं वाञ्छितं फलति मोक्षसत्फलम् ।३५।**

**અનુવાદ:**—જો તે યોગરૂપી કલ્પવૃક્ષ ઉન્મત્ત હાથી દ્વારા અથવા મિથ્યાજ્ઞાનરૂપી અગ્નિ દ્વારા નષ્ટ કરવામાં ન આવે તો તે નિશ્ચયથી ઇષ્ટ મોક્ષરૂપી ઉત્તમ ફળ ઉત્પન્ન કરે છે. ૩૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(रथोद्धता)

तावदेव मतिवाहिनी सदा धावति श्रुतगता पुरः पुरः ।
यावदत्र परमात्मसंविदा भिद्यते न हृदयं मनीषिणः ॥३६॥

**અનુવાદઃ**—અહીં વિદ્વાન્ સાધુની બુદ્ધિરૂપી નદી આગમમાં સ્થિત થઈને નિરંતર ત્યાં સુધી જ આગળ આગળ દોડે છે જ્યાં સુધી તેનું હૃદય ઉત્કૃષ્ટ આત્મતત્ત્વના જ્ઞાનથી ભેદાતું નથી.

**વિશેષાર્થ**:—આનો અભિપ્રાય એ છે કે વિદ્વાન્ સાધુને જ્યારે ઉત્કૃષ્ટ આત્માનું સ્વરૂપ સમજવામાં આવી જાય છે ત્યારે તેને શ્રુતના પરિશીલનની વિશેષ આવશ્યકતા નથી રહેતી. કારણ એ છે કે આત્મતત્ત્વનું પરિજ્ઞાન પ્રાપ્ત કરવું એ જ તો આગમના અભ્યાસનું ફળ છે, અને તે તેને પ્રાપ્ત થઈ જ ગયું છે. હવે તેને મોક્ષપદ કાંઇ દૂર નથી. ૩૬.

(रथोद्धता)

यः कषायपवनैरचुम्बितो बोधवह्निरमलोल्लसद्दशः ।
किं न मोहतिमिरं विखण्डयन् भासते जगति चित्प्रदीपकः ॥३७॥

**અનુવાદઃ**—જે ચૈતન્યરૂપી દીપક કષાયરૂપી વાયુથી સ્પર્શાયો નથી, જ્ઞાનરૂપી અગ્નિ સહિત છે તથા પ્રકાશમાન નિર્મળ દશાઓ (દ્રવ્ય પર્યાયો) રૂપ દશા (બત્તી) થી સુશોભિત છે, તે શું સંસારમાં મોહરૂપી અંધકારને નષ્ટ કરતો પ્રતિભાસિત નથી થતો? અર્થાત્ અવશ્ય જ પ્રતિભાસિત થાય છે. ૩૭.

(रथोद्धता)

बाह्यशास्त्रगहने विहारिणी या मतिर्बहुविकल्पधारिणी ।
चित्स्वरूपकुलसद्मनिर्गता सा सती न सदृशी कुयोषिता ॥३८॥

**અનુવાદઃ**—જે બુદ્ધિરૂપી સ્ત્રી બાહ્ય શાસ્ત્રરૂપી વનમાં ફરનારી છે, અનેક વિકલ્પો ધારણ કરે છે તથા ચૈતન્યરૂપી કુલીન ઘરમાંથી નીકળી ચુકી છે, તે પતિવ્રતા સમાન સમીચીન નથી, પરંતુ દુરાચારિણી સ્ત્રી સમાન છે. ૩૮.

(रथोद्धता)

यस्तु हेयमितरच्च भावयन्नाद्यतो हि परमाप्तुमीहते ।
तस्य बुद्धिरुपदेशतो गुरोराश्रयेत्स्वपदमेव निश्चलम् ॥३९॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુવાદઃ—જે ભવ્ય જીવ હેય અને ઉપાદેયનો વિચાર કરતો થકો પહેલાની (હેયની) અપેક્ષાએ બીજા (ઉપાદેય) ને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તેની બુદ્ધિ ગુરુના ઉપદેશથી સ્થિર આત્મપદ (મોક્ષ) ને જ પ્રાપ્ત કરે છે. ૩૯.

(रथोद्धता)

**सुप्त एष बहुमोहनिद्रया लङ्घितः स्वमबलादि पश्यति ।**
**जाग्रतोच्चवचसा गुरोर्गतं संगतं सकलमेव दृश्यते ॥४०॥**

અનુવાદઃ—મોહરૂપી ગાઢ નિદ્રાને વશીભૂત થઈને સૂતેલો આ જીવ સ્ત્રી–પુત્રાદિ બાહ્ય વસ્તુઓને પોતાની સમજે છે. તે જ્યારે ગુરુના ઊંચા વચન અર્થાત્ ઉપદેશથી જાગી ઉઠે છે ત્યારે સંયોગને પ્રાપ્ત થયેલ તે બધા જ બાહ્ય પદાર્થોને નશ્વર સમજવા માંડે છે. ૪૦.

(रथोद्धता)

**जल्पितेन बहुना किमाश्रयेद् बुद्धिमानमलयोगसिद्धये ।**
**साम्यमेव सकलैरुपाधिभिः कर्मजालजनितैर्विवर्जितम् ॥४१॥**

અનુવાદ :—ઘણું કહેવાથી શું ? બુદ્ધિમાન્ મનુષ્યે નિર્મળ યોગની સિદ્ધિ માટે કર્મસમૂહથી ઉત્પન્ન થયેલ સમસ્ત ઉપાધિ રહિત એક માત્ર સમતાભાવનો જ આશ્રય કરવો જોઈએ. ૪૧.

(रथोद्धता)

**नाममात्रकथया परात्मनो भूरिजन्मकृतपापसंक्षयः ।**
**बोध वृत्तरुचयस्तु तद्गताः कुर्वते हि जगतां पतिं नरम् ॥४२॥**

અનુવાદઃ—પરમાત્માના નામ માત્રની કથાથી જ અનેક જન્મોમાં સંચિત કરેલા પાપોનો નાશ થાય છે. તથા ઉક્ત પરમાત્મામાં સ્થિત જ્ઞાન, ચારિત્ર અને સમ્યગ્દર્શન મનુષ્યને જગતનો અધીશ્વર બનાવી દે છે. ૪૨.

(रथोद्धता)

**चित्स्वरूपपदलीनमानसो यः सदा स किल योगिनायकः ।**
**जीवराशिरखिलश्चिदात्मको दर्शनीय इति चात्मसंनिभिः ।४३।**

અનુવાદઃ—જે મુનિનું મન ચૈતન્ય સ્વરૂપમાં લીન થાય છે તે યોગીઓમાં શ્રેષ્ઠ થઈ જાય છે. સમસ્ત જીવરાશિ ચૈતન્યસ્વરૂપ છે માટે તેમને પોતાના સમાન જ ગણવા જોઈએ. ૪૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(रथोद्धता)

**अन्तरङ्गबहिरङ्गयोगतः कार्यसिद्धिरखिलेति योगिना ।**
**आसितव्यमनिशं प्रयत्नतः स्वं परं सदृशमेव पश्यता ॥४४॥**

**અનુવાદઃ**—સર્વ કાર્યોની સિદ્ધિ અંતરંગ અને બહિરંગ યોગથી થાય છે. તેથી યોગીએ નિરંતર પ્રયત્નપૂર્વક સ્વ અને પરને સમદૃષ્ટિથી દેખતા રહેવું જોઈએ.

**વિશેષાર્થ:**—યોગ શબ્દના બે અર્થ છે-મન, વચન અને કાયાની પ્રવૃત્તિ અને સમાધિ. એમાં મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ જે યોગ છે તે બે પ્રકારનો છે-શુભ અને અશુભ. આમાં શુભ યોગથી પુણ્ય અને અશુભ યોગથી પાપનો આસ્રવ થાય છે અને તે પ્રમાણે જ જીવને સાંસારિક સુખ અને દુઃખની પ્રાપ્તિ થાય છે. આ બન્ને ય પ્રકારના યોગ શરીર સાથે સંબદ્ધ હોવાના કારણે બહિરંગ કહેવાય છે. અંતરંગ યોગ સમાધિ છે. એનાથી જીવને અવિનશ્વર પદની પ્રાપ્તિ થાય છે. અહીં ગ્રન્થકર્તાએ સ્વ અને પરમાં સમબુદ્ધિ રાખતા યોગીને આ અંતરંગ યોગમાં સ્થિત રહેવા તરફ સંકેત કર્યો છે. ૪૪.

(रथोद्धता)

**लोक एष बहुभावभावितः स्वार्जितेन विविधेन कर्मणा ।**
**पश्यतोऽस्य विकृतीर्जडात्मनः क्षोभमेति हृदयं न योगिनः ।४५।**

**અનુવાદઃ**—આ જનસમૂહ પોતાના કમાયેલા અનેક પ્રકારના કર્મ અનુસાર અનેક અવસ્થાઓ પામે છે. તે અજ્ઞાનીના વિકારો જોઈને યોગીનું મન ક્ષોભ પામતું નથી. ૪૫.

(रथोद्धता)

**सुप्त एष बहुमोहनिद्रया दीर्घकालमविरामया जनः ।**
**शास्त्रमेतदधिगम्य सांप्रतं सुप्रबोध इह जायतामिति ॥४६॥**

**અનુવાદઃ**—આ પ્રાણી નિરંતર રહેનારી મોહરૂપ ગાઢ નિદ્રાથી ઘણા કાળ સુધી સૂતો છે. હવે તેણે અહીં આ શાસ્ત્રનો અભ્યાસ કરીને જાગૃત (સમ્યગ્જ્ઞાની) થઈ જવું જોઈએ. ૪૬.

(रथोद्धता)

**चित्स्वरूपगगने जयत्यसावेकदेशविषयापि रम्यता ।**
**ईषदुद्गतवचःकरैः पं ः पद्मनन्दिवदनेन्दुना कृता ॥४७॥**

**અનુવાદઃ**—પદ્મનંદી મુનિના મુખરૂપ ચંદ્રમા દ્વારા કિંચિત્ ઉદય પામેલા ઉત્કૃષ્ટ વચનરૂપ કિરણોથી કરવામાં આવેલી તે રમણીયતા એક દેશનો વિષય કરતી હોવા છતાં પણ ચૈતન્યરૂપ આકાશમાં જયવંત હો. ૪૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीड़ित )

त्यक्ताशेषपरिग्रहः शमधनो गुप्तित्रयालंकृतः
शुद्धात्मानमुपाश्रितो भवति यो योगी निराशस्ततः ।
मोक्षो हस्तगतोऽस्य निर्मलमतेरेतावतैव ध्रुवं
प्रत्यूहं कुरुते स्वभावविषमो मोहो न वैरी यदि ॥४८॥

**અનુવાદઃ**—જે યોગીએ સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ કરી દીધો છે, જે શાંતિરૂપ સંપત્તિ સહિત છે, ત્રણ ગુપ્તિઓથી અલંકૃત છે તથા શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરીને આશા રહિત (ઇચ્છા કે તૃષ્ણા રહિત) થઈ ગયા છે તેના માર્ગમાં સ્વભાવથી દુષ્ટ તે મોહરૂપી શત્રુ જો વિઘ્ન ન કરે તો એટલા માત્રથી જ મોક્ષ આ નિર્મળબુદ્ધિ યોગીના હાથમાં સ્થિત (છે એમ) સમજવું જોઇએ. ૪૮.

( शार्दूलविक्रीड़ित )

त्रैलोक्ये किमिहास्ति कोऽपि स सुरः किं वा नरः किं फणी
यस्माद्भीर्मम यामि कातरतया यस्याश्रयं चापदि ।
उक्तं यत्परमेश्वरेण गुरुणा निःशेषवाञ्छाभयं
भ्रान्तिक्लेशहरं हृदि स्फुरति चेत्तत्त्वमत्यद्भुतम् ॥४९॥

**અનુવાદઃ**—મહાન્ પરમેશ્વર દ્વારા કહેવામાં આવેલું જે ચૈતન્ય તત્ત્વ સમસ્ત ઇચ્છા, ભય, ભ્રાન્તિ અને ક્લેશ દૂર કરે છે તે આશ્ચર્યજનક ચૈતન્યતત્ત્વ જો હૃદયમાં પ્રકાશમાન છે તો પછી ત્રણે લોકમાં અહીં શું એવો કોઈ દેવ છે, એવો કોઈ મનુષ્ય છે અથવા એવો કોઈ સર્પ છે; જેનાથી મને ભય ઉત્પન્ન થાય અથવા આપત્તિ આવતાં હું ડરી જઈને તેના શરણે જાઉં ? અર્થાત્ ઉપર્યુક્ત ચૈતન્ય સ્વરૂપ હૃદયમાં સ્થિત રહેતાં કદી કોઈનો ભય રહેતો નથી અને તેથી કોઈના શરણે જવાની પણ આવશ્યકતા રહેતી નથી. ૪૯.

( शार्दूलविक्रीड़ित )

तत्त्वज्ञानसुधार्णवं लहरिभिर्दूरं समुल्लासयन्
तृष्णापत्रविचित्रचित्तकमले संकोचमुद्रां दधत् ।
सद्विद्याश्रितभव्यकैरवकुले कुर्वन् विकासश्रियं
योगीन्द्रोदयभूधरे विजयते सद्बोधचन्द्रोदयः ॥५०॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જે સદ્દ્બોધચન્દ્રોદય (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રનો ઉદય) તત્ત્વજ્ઞાનરૂપી અમૃતના સમુદ્રને તત્ત્વવિચારરૂપ લહેરો દ્વારા દૂરથી જ પ્રગટ કરે છે, તૃષ્ણારૂપી પાંદડાઓથી વિચિત્ર એવા ચિત્તરૂપી કમળને સંકોચે છે તથા સમ્યગ્જ્ઞાનનો આશ્રય પામેલા ભવ્ય જીવો રૂપ કુમુદોના સમૂહને વિકસિત કરે છે; તે સદ્બોધ ચન્દ્રોદય (આ પ્રકરણ) મુનીન્દ્રરૂપી ઉદયાચળ પર્વત ઉપર જયવંત થાય છે. ૫૦.

આ રીતે સદ્દ્બોધચંદ્રોદય અધિકાર સમાપ્ત થયો. ૧૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૧. નિશ્ચય પંચાશત્

## [ ११. निश्चयपञ्चाशत् ]

( आर्या )

दुर्लक्ष्यं जयति परं ज्योतिर्वाचां गणः कवीन्द्राणाम् ।
जलमिव वज्रे यस्मिन्नलब्धमध्यो बहिर्लुठति ॥१॥

**અનુવાદઃ**—જેવી રીતે જળ વજ્રની મધ્યમાં પ્રવેશ ન પામતાં બહાર જ દડી પડે છે તેવી જ રીતે જે ઉત્કૃષ્ટ જ્યોતિની મધ્યમાં મહાકવિઓના વચનોનો સમૂહ પણ પ્રવેશ ન પામતાં બહાર જ રહી જાય છે, અર્થાત્ જેનું વર્ણન મહાકવિ પણ પોતાની વાણી દ્વારા કરી શકતા નથી તથા જે ઘણી મુશ્કેલીથી દેખી શકાય છે તે ઉત્કૃષ્ટ જ્યોતિ જયવંત હો. ૧.

मनसोऽचिन्त्यं वाचामगोचरं यन्महस्तनोर्भिन्नम् ।
स्वानुभवमात्रगम्यं चिद्रूपममूर्तमव्याद्वः ॥२॥

**અનુવાદઃ**—જે ચૈતન્યરૂપ તેજના વિષયમાં મનથી કાંઈ વિચાર કરી શકાતો નથી, વચનથી કાંઈ કહી શકાતું નથી તથા જે શરીરથી ભિન્ન, અનુભવ માત્રથી ગમ્ય અને અમૂર્ત છે; તે ચૈતન્યરૂપ તેજ આપ લોકોની રક્ષા કરો. ૨.

वपुरादिपरित्यक्ते मज्जत्यानन्दसागरे मनसि ।
प्रतिभाति यत्तदेकं जयति परं चिन्मयं ज्योतिः ॥३॥

**અનુવાદઃ**—મનથી બાહ્ય શરીરાદિ તરફથી ખસીને આનંદરૂપ સમુદ્રમાં ડૂબી જતાં જે જ્યોતિ પ્રતિભાસિત થાય છે તે ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વરૂપ જ્યોતિ જયવંત હો. ૩.

स जयति गुरुर्गरीयान् यस्यामलवचनरश्मिभिर्झगिति ।
नश्यति तन्मोहतमो यदविषयो दिनकरादीनाम् ॥४॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જે અજ્ઞાનરૂપ અંધકાર સૂર્યાદિ દ્વારા નષ્ટ કરી શકાતો નથી તે જે ગુરુના નિર્મળ વચનરૂપ કિરણોદ્વારા શીઘ્ર જ નષ્ટ થઈ જાય છે તે શ્રેષ્ઠ ગુરુ જયવંત હો. ૪.

**आस्तां जरादिदुःखं सुखमपि विषयोद्भवं सतां दुःखम् ।**
**तैर्मन्यते सुखं यत्तन्मुक्तौ सा च दुःसाध्या ॥५॥**

**અનુવાદ:**—વૃદ્ધત્વ આદિના નિમિત્તે ઉત્પન્ન થનારૂં દુઃખ તો દૂર જ રહે, પરંતુ વિષયભોગોથી ઉત્પન્ન થયેલું સુખ પણ સાધુ પુરુષોને દુઃખરૂપ જ પ્રતિભાસિત થાય છે. તેઓ જેને વાસ્તવિક સુખ માને છે તે સુખ મુક્તિમાં છે અને તે ઘણી મુશ્કેલીથી સિદ્ધિ કરી શકાય છે. ૫.

**श्रुतपरिचितानुभूतं सर्वं सर्वस्य जन्मने सुचिरम् ।**
**न तु मुक्तयेऽत्र सुलभा शुद्धात्मज्योतिरुपलब्धिः ॥६॥**

**અનુવાદ:**—લોકમાં સર્વ પ્રાણીઓએ ચિરકાળથી જન્મ–મરણરૂપ સંસારના કારણભૂત વસ્તુઓના વિષયમાં સાંભળ્યું છે, પરિચય પ્રાપ્ત કર્યો છે તથા અનુભવ પણ કર્યો છે. પરંતુ જે શુદ્ધ આત્માની જ્યોતિ મુક્તિના કારણભૂત છે તેની ઉપલબ્ધિ તેમને સુલભ નથી. ૬.

**बोधोऽपि यत्र विरलो वृत्तिर्वाचामगोचरे बाढम् ।**
**अनुभूतिस्तत्र पुनर्दुर्लक्ष्यात्मनि परं गहनम् ॥७॥**

**અનુવાદ:**—જે આત્મા વચનોથી અગોચર છે–વિકલ્પાતીત છે–તે આત્મતત્ત્વના વિષયમાં પ્રાયઃ જ્ઞાન જ થતું નથી. તેના વિષયમાં સ્થિતિ તો વિશેષ કઠિન છે અને તેનો અનુભવ તો દુર્લભ જ છે. તે આત્મતત્ત્વ અત્યંત દુર્ગમ છે. ૭.

**व्यवहृतिरबोधजनबोधनाय कर्मक्षयाय शुद्धनयः ।**
**स्वार्थं मुमुक्षुरहमिति वक्ष्ये तदाश्रितं किंचित् ॥८॥**

**અનુવાદ:**—વ્યવહારનય અજ્ઞાનીજનોને પ્રતિબોધ કરવા માટે છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનય કર્મોના નાશનું કારણ છે. તેથી મોક્ષની અભિલાષા રાખનાર હું (પદ્મનંદી) સ્વના નિમિત્તે શુદ્ધિ નિશ્ચયનયના આશ્રયે પ્રયોજનભૂત આત્મસ્વરૂપનું વર્ણન કરૂં છું. ૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**व्यवहारोऽभूतार्थो भूतार्थो देशितस्तु शुद्धनयः ।**
**शुद्धनयमाश्रिता ये प्राप्नुवन्ति यतयः पदं परमम् ॥९॥**

**અનુવાદઃ**—વ્યવહારનયને અસત્ય પદાર્થનો વિષય કરનાર અને નિશ્ચયનયને યથાર્થ વસ્તુનો વિષય કરનાર કહેવામાં આવેલ છે. જે મુનિ શુદ્ધ નિશ્ચયનયનો આશ્રય લે છે તે ઉત્કૃષ્ટ પદ (મોક્ષ) ને પ્રાપ્ત કરે છે. ૯.

**तत्त्वं वागतिवर्ति व्यवहृतिमासाद्य जायते वाच्यम् ।**
**गुणपर्ययादिविवृतेः प्रसरति तच्चापि शतशाखम् ॥१०॥**

**અનુવાદઃ**—વસ્તુનું યથાર્થ સ્વરૂપ વચન અગોચર છે અર્થાત્ તે વચન દ્વારા કહી શકાતું નથી. તે વ્યવહારનો આશ્રય લઈને જ વચન દ્વારા કહેવાને યોગ્ય બને છે. તે પણ ગુણો અને પર્યાયો આદિના વિવરણથી સેંકડો શાખાઓમાં વિસ્તાર પામે છે. ૧૦.

**मुख्योपचारविवृतिं व्यवहारोपायतो यतः सन्तः ।**
**ज्ञात्वा श्रयन्ति शुद्धं तत्त्वमिति व्यवहृतिः पूज्या ॥११॥**

**અનુવાદઃ**—સજ્જન મનુષ્ય વ્યવહારનયના આશ્રયે જ મુખ્ય અને ઉપચારભૂત કથન જાણીને શુદ્ધ સ્વરૂપનો આશ્રય લે છે તેથી તે વ્યવહાર (પૂજ્ય) ગ્રાહ્ય છે. ૧૧.

**आत्मनि निश्चयबोधस्थितयो रत्नत्रयं भवक्षतये ।**
**भूतार्थपथप्रस्थितबुद्धेरात्मैव तत्त्रितयम् ॥१२॥**

**અનુવાદઃ**—આત્માના વિષયમાં દ્રઢતા (સમ્યગ્દર્શન), જ્ઞાન અને સ્થિતિ (ચારિત્ર) રૂપ રત્નત્રય સંસારના નાશનું કારણ છે. પરંતુ જેની બુદ્ધિ શુદ્ધ નિશ્ચયનયના માર્ગમાં પ્રવૃત્ત થઈ ચુકી છે તેને તે ત્રણે (સમ્યગ્દર્શનાદિ) એક આત્મસ્વરૂપ જ છે–તેનાથી ભિન્ન નથી. ૧૨.

**सम्यक्सुखबोधदृशां त्रितयमखण्डं परात्मनो रूपम ।**
**तत्तत्र तत्परो यः स एव तल्लब्धिकृतकृत्यः ॥१३॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—સમ્યક્ સુખ (ચારિત્ર), જ્ઞાન અને દર્શન આ ત્રણેની એકતા પરમાત્માનું અખંડ સ્વરૂપ છે. તેથી જે જીવ ઉપર્યુક્ત પરમાત્મસ્વરૂપમાં લીન થાય છે તે જ તેમની પ્રાપ્તિથી કૃતકૃત્ય થાય છે. ૧૩.

**अग्नाविवोष्णभावः सम्यग्बोधोऽस्ति दर्शनं शुद्धम्।**
**ज्ञातं प्रतीतमाभ्यां सत्स्वास्थ्यं भवति चारित्रम् ॥१४॥**

**અનુવાદઃ**—જેવી રીતે અભેદ સ્વરૂપે અગ્નિમાં ઉષ્ણતા રહે છે તેવી જ રીતે આત્મામાં જ્ઞાન છે. આ પ્રકારની પ્રતીતિનું નામ શુદ્ધ સમ્યગ્દર્શન અને તે જ પ્રકારે જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. આ બન્નેની સાથે ઉક્ત આત્માના સ્વરૂપમાં સ્થિત થવાનું નામ સમ્યક્ચારિત્ર છે. ૧૪

**विहिताभ्यासा बहिरर्थवेध्यसंबन्धिनो दृगादिशराः।**
**सफलाः शुद्धात्मरणे छिन्दितकर्मारिसंघाताः ॥१५॥**

**અનુવાદઃ**—જે સમ્યગ્દર્શન આદિરૂપ બાણ બાહ્ય વસ્તુરૂપ વેધ્ય (લક્ષ્ય) સાથે સંબંધ રાખે છે તથા જેમણે આ કાર્યનો અભ્યાસ પણ કર્યો છે તે સમ્યગ્દર્શનાદિરૂપ બાણ શુદ્ધ આત્મારૂપ રણમાં કર્મરૂપ શત્રુઓના સમૂહનો નાશ કરીને સફળ થાય છે. ૧૫.

**हिंसोज्झित एकाकी सर्वोपद्रवसहो वनस्थोऽपि।**
**तरुरिव नरो न सिध्यति सम्यग्बोधादृते जातु ॥१६॥**

**અનુવાદઃ**—જે મનુષ્ય વૃક્ષ સમાન હિંસા કર્મ રહિત છે, એકલો છે અર્થાત્ કોઈ સહાયકની અપેક્ષા રાખતો નથી, સમસ્ત ઉપદ્રવો સહન કરે છે તથા વનમાં સ્થિત પણ છે છતાં પણ તે સમ્યગ્જ્ઞાન વિના કદી પણ સિદ્ધ થઈ શકતો નથી.

**વિશેષાર્થઃ**—વનમાં એકલું રહેલ જે વૃક્ષ ઠંડી અને ગરમી આદિના ઉપદ્રવો સહન કરે છે તથા સ્થાવર હોવાના કારણે હિંસાકર્મથી પણ રહિત છે છતાં ય સમ્યગ્જ્ઞાન રહિત હોવાના કારણે જેમ તે કદી મુક્તિ પામી શકતું નથી તે જ રીતે જે મનુષ્ય સાધુ થઈને સર્વ પ્રકારના ઉપદ્રવો અને પરિષહો સહન કરે છે, ઘર છોડીને વનમાં એકાકીપણે રહે છે તથા પ્રાણીઓના ઘાતથી વિરત છે; છતાં પણ જો તેણે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી તો તે પણ કદી મુક્ત થઈ શકતો નથી. ૧૬



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अस्पृष्टमबद्धमनन्यमयुतमविशेषभ्रमोपेतः ।
यः पश्यत्यात्मानं स पुमान् खलु शुद्धनयनिष्ठः ॥१७॥

**અનુવાદ:**—જે ભવ્ય જીવ ભ્રમરહિત થઈને પોતાને કર્મથી અસ્પૃષ્ટ, બંધરહિત, એક, પરના સંયોગ રહિત તથા પર્યાયના સંબંધ રહિત શુદ્ધ દ્રવ્યસ્વરૂપે દેખે છે તેને નિશ્ચયથી શુદ્ધ નયમાં નિષ્ઠા રાખનાર સમજવો જોઈએ. ૧૭.

शुद्धाच्छुद्धमशुद्धं ध्यायन्नाप्नोत्यशुद्धमेव स्वम् ।
जनयति हेम्नो हैमं लोहाल्लो[लौ]हं नरः कटकम् ॥१८॥

**અનુવાદ:**—જીવ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું ધ્યાન કરતો શુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે તથા વ્યવહારનયનું અવલંબન લઈને અશુદ્ધ આત્માનો વિચાર કરતો અશુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. બરાબર છે–મનુષ્ય સોનામાંથી સોનામય કડું અને લોઢામાંથી લોહમય કડું જ ઉત્પન્ન કરે છે. ૧૮.

सानुष्ठानविशुद्धे दृग्बोधे जृम्भिते कुतो जन्म ।
उदिते गभस्तिमालिनि किं न विनश्यति तमो नैशम् ॥१९॥

**અનુવાદ:**—ચારિત્ર સહિત વિશુદ્ધ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વૃદ્ધિ પામતાં ભલા જન્મ–મરણરૂપ સંસાર ક્યાંથી રહી શકે? અર્થાત્ રહી શકતો નથી. ઠીક છે–સૂર્યનો ઉદય થતાં શું રાત્રિનો અંધકાર નષ્ટ નથી થતો? અવશ્ય જ તે નષ્ટ થઈ જાય છે. ૧૯.

आत्मभुवि कर्मबीजाच्चित्ततरुर्यत्फलं फलति जन्म ।
मुक्त्यर्थिना स दाह्यो भेदज्ञानोग्रदावेन ॥ २० ॥

**અનુવાદ:**—આત્મારૂપ પૃથ્વી ઉપર કર્મરૂપ બીજથી ઉત્પન્ન થયેલ આ ચિત્તરૂપ વૃક્ષ જે સંસારરૂપ ફળ ઉત્પન્ન કરે છે તેને મોક્ષાભિલાષી જીવે ભેદજ્ઞાનરૂપ તીક્ષ્ણ તીવ્ર અગ્નિ દ્વારા બાળી નાખવું જોઈએ. ૨૦.

अमलात्मजलं समलं करोति मम कर्मकर्दमस्तदपि ।
का भीतिः सति निश्चितभेदकरज्ञानकतकफले ॥ २१ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જોકે કર્મરૂપી કીચડ મારા નિર્મળ આત્મારૂપ જળને મલિન કરે છે તો પણ નિશ્ચિત ભેદને પ્રગટ કરનાર જ્ઞાન (ભેદજ્ઞાન) રૂપ નિર્મળી ફળ હોતાં મને તેનાથી ભય શાનો? અર્થાત્ કાંઈ પણ ભય નથી.

**વિશેષાર્થઃ**—જેમ કીચડથી મલિન કરવામાં આવેલું પાણી નિર્મળી ફળ (ફટકડી) નાખતાં સ્વચ્છ થઈ જાય છે તેવી જ રીતે કર્મના ઉદયથી ઉત્પન્ન દુષ્ટ ક્રોધાદિ વિકારો દ્વારા મલિન થયેલ આત્મા સ્વ-પરના ભેદજ્ઞાન દ્વારા નિશ્ચયથી નિર્મળ થઈ જાય છે. તેથી વિવેકી (ભેદજ્ઞાની) જીવને કર્મકૃત તે મલિનતાનો કાંઈ પણ ભય રહેતો નથી. ૨૧.

**अन्योऽहमन्यमेतच्छरीरमपि किं पुनर्न बहिरर्थाः ।**
**व्यभिचारी यत्र सुतस्तत्र किमरयः स्वकीयाः स्युः ॥२२॥**

**અનુવાદઃ**—જો હું અન્ય છું અને આ શરીર પણ અન્ય છે તો શું પ્રત્યક્ષ ભિન્ન દેખાતાં બાહ્ય પદાર્થ (સ્ત્રી-પુત્ર આદિ) મારાથી ભિન્ન નથી? અર્થાત્ તેઓ તો અવશ્ય જ ભિન્ન છે. બરાબર છે-જ્યાં પોતાનો પુત્ર જ વ્યભિચારી હોય અર્થાત્ પોતાને અનુકૂળ ન હોય ત્યાં શું શત્રુ પોતાને અનુકૂળ હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ. ૨૨.

**व्याधिस्तुदति शरीरं न माममूर्तं विशुद्धबोधमयम् ।**
**अग्निर्दहति कुटीरं न कुटीरासक्तमाकाशम् ॥२३॥**

**અનુવાદઃ**—રોગ શરીરને પીડા કરે છે, તે અમૂર્ત અને નિર્મળ જ્ઞાનસ્વરૂપ મને (આત્માને) પીડા કરતો નથી. યોગ્ય છે-અગ્નિ ઝુંપડીને જ બાળે છે, નહિ કે ઝુંપડી સાથે આકાશને પણ. ૨૩.

**वपुराश्रितमिदमखिलं क्षुधादिभिर्भवति किमपि यदसातम् ।**
**नो निश्चयेन तन्मे यदहं बाधाविनिर्मुक्तः ॥२४॥**

**અનુવાદઃ**—ભૂખ-તરસ વગેરે દ્વારા જે કાંઈ પણ દુઃખ થાય છે તે બધું શરીરાશ્રિત છે. નિશ્ચયથી તે (દુઃખ) મને નથી કારણ કે હું સ્વભાવે બાધારહિત છું. ૨૪.

**नैवात्मनो विकारः क्रोधादिः किंतु कर्मसंबन्धात् ।**
**स्फटिकमणेरिव रक्तत्वमाश्रितात्पुष्पतो रक्तात् ॥२५॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—ક્રોધ આદિ વિકાર આત્માના નથી, પરંતુ તેઓ કર્મ સાથે સંબંધવાળા હોવાને લીધે તેનાથી ભિન્ન છે. જેમ-લાલ ફૂલના આશ્રયે સ્ફટિકમણિને પ્રાપ્ત થયેલ લાલિમા વાસ્તવમાં તેની નથી હોતી. ૨૫.

कुर्यात्कर्म विकल्पं किं मम तेनातिशुद्धरूपस्य ।
मुखसंयोगजविकृतेर्न विकारी दर्पणो भवति ॥२६॥

**અનુવાદ:**—કર્મ વિકલ્પ ભલે કરે, અતિશય શુદ્ધ સ્વરૂપ યુક્ત એવા મારી તેના દ્વારા શી હાનિ થઈ શકે? કાંઈ પણ નહિ. બરાબર છે-મુખના સંયોગથી ઉત્પન્ન થયેલ વિકારના કારણે કાંઈ દર્પણ વિકારયુક્ત થઈ જતું નથી. ૨૬.

आस्तां बहिरुपधिचयस्तनुवचनविकल्पजालमप्यपरम् ।
कर्मकृतत्वान्मत्तः कुतो विशुद्धस्य मम किंचित् ॥२७॥

**અનુવાદ:**—બાહ્ય ઉપાધિઓનો સમૂહ (સ્ત્રી-પુત્ર-ધનાદિ) તો દૂર જ રહો, પરંતુ શરીર અને વચન સંબંધી વિકલ્પોનો સમૂહ પણ કર્મકૃત હોવાના કારણે મારાથી ભિન્ન છે. હું સ્વભાવે શુદ્ધ છું તેથી કોઇ પણ વિકાર મારો ક્યાંથી હોઈ શકે? ન હોઇ શકે. ૨૭.

कर्म परं तत्कार्यं सुखमसुखं वा तदेव परमेव ।
तस्मिन् हर्षविषादौ मोही विदधाति खलु नान्यः ॥२८॥

**અનુવાદ:**—કર્મ ભિન્ન છે તથા તેના કાર્યભૂત જે સુખ અને દુઃખ છે તે પણ ભિન્ન છે. કર્મના કાર્યભૂત તે સુખ અને દુઃખમાં નિશ્ચયથી અજ્ઞાની જીવ જ હર્ષ અને વિષાદ કરે છે, નહિ કે જ્ઞાની જીવ. ૨૮.

कर्म न यथा स्वरूपं न तथा तत्कार्यकल्पनाजालम् ।
तत्रात्ममतिविहीनो मुमुक्षुरात्मा सुखी भवति ॥२९॥

**અનુવાદ:**—જેવી રીતે કર્મ આત્માનું સ્વરૂપ નથી તેવી જ રીતે તેના કાર્યભૂત વિકલ્પોનો સમૂહ પણ આત્માનું સ્વરૂપ નથી. તેથી તેમનામાં આત્મબુદ્ધિ અર્થાત્ મમત્વ-બુદ્ધિથી રહિત થયેલ મોક્ષાભિલાષી જીવ સુખી થાય છે. ૨૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्मकृतकार्यजाते कर्मैव विधौ तथा निषेधे च ।
नाहमतिशुद्धबोधो विधूतविश्वोपधिर्नित्यम् ॥३०॥

**અનુવાદઃ**—કર્મકૃત કાર્યસમૂહ (રાગ–દ્વેષાદિ) અને તેની વિધિ તથા નિષેધમાં કર્મ જ કારણ છે, હું (આત્મા) નથી. હું તો સદા અતિશય નિર્મળ જ્ઞાનસ્વરૂપ હોઇને સમસ્ત ઉપાધિ રહિત છું. ૩૦.

बाह्यायामपि विकृतौ मोही जागर्ति सर्वदात्मेति ।
किं नोपभुक्तहेमो हेम ग्रावाणमपिं मनुते ॥३१॥

**અનુવાદઃ**—અજ્ઞાની જીવ કર્મકૃત બાહ્ય વિકારમાં પણ નિરંતર 'હું છું'' એમ માને છે. બરાબર છે–જેણે ધતૂરાનું ફળ ખાધું હોય તે શું પથ્થરને પણ સુવર્ણ નથી માનતો? માને જ છે.

**વિશેષાર્થઃ**—જેવી રીતે ધતૂરાનું ફળ ખાઇને મનુષ્ય તેના ઉન્માદથી પથ્થરને પણ સુવર્ણ માને છે તેવી જ રીતે મિથ્યાજ્ઞાની જીવ મિથ્યાત્વના પ્રભાવથી જે બાહ્ય વિકાર (રાગ–દ્વેષ, સ્ત્રી, પુત્ર અને ધન આદિ) કર્મજનિત હોઇને આત્માથી ભિન્ન છે તેમને તે પોતાના માને છે. ૩૧.

सति द्वितीये चिन्ता कर्म ततस्तेन वर्तते जन्म ।
एकोऽस्मि सकलचिन्तारहितोऽस्मि मुमुक्षुरिति नियतम् ॥

**અનુવાદઃ**—આત્માથી ભિન્ન કોઈ બીજો પદાર્થ હોતાં તેને માટે ચિન્તા ઉત્પન્ન થાય છે, તેનાથી કર્મનો બંધ થાય છે તથા તે કર્મબંધથી ફરી જન્મપરંપરા ચાલે છે. પરંતુ હું નિશ્ચયથી એક છું અને તેથી સમસ્ત ચિન્તાઓથી રહિત થયો થકો મોક્ષનો અભિલાષી છું. ૩૨.

याद्दश्यपि ताद्दश्यपि परतश्चिन्ता करोति खलु बन्धम् ।
किं मम तया मुमुक्षोः परेण किं सर्वदैकस्य ॥३३॥

**અનુવાદઃ**—અન્ય પદાર્થના નિમિત્તે જે કોઈ પણ પ્રકારની ચિન્તા થાય છે તે નિશ્ચયથી કર્મબંધ કરે છે. મોક્ષના ઇચ્છુક મારે તે ચિન્તાથી અને પરવસ્તુઓથી પણ શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રયોજન છે? અર્થાત્ એમનાથી મારે કાંઈ પણ પ્રયોજન નથી. કારણ એ છે કે હું એમનાથી ભિન્ન હોઈને સર્વદા એક સ્વરૂપ છું. ૩૩.

**मयि चेतः परजातं तच्च परं कर्म विकृतिहेतुरतः ।**
**किं तेन निर्विकारः केवलमहममलबोधात्मा ॥३४॥**

**અનુવાદઃ**—મારામાં જે ચિત્ત છે તે પરથી ઉત્પન્ન થયેલ છે અને તે પર (જેનાથી ચિત્ત ઉત્પન્ન થયું છે) કર્મ છે કે જે વિકારનું કારણ છે. તેથી મારે તેનાથી શું પ્રયોજન છે? કાંઇ પણ નથી. કારણ કે હું વિકાર રહિત, એક અને નિર્મળ જ્ઞાનસ્વરૂપ છું ૩૪.

**त्याज्या सर्वा चिन्तेति बुद्धिराविष्करोति तत्तत्त्वम् ।**
**चन्द्रोदयायते यच्चैतन्यमहोदधौ झगिति ॥३५॥**

**અનુવાદઃ**—સર્વ ચિન્તા ત્યાગવા યોગ્ય છે, આ જાતની બુદ્ધિ તે તત્ત્વને પ્રગટ કરે છે કે જે ચૈતન્યરૂપ મહાસમુદ્રની વૃદ્ધિમાં શીઘ્ર જ ચન્દ્રમાનું કામ કરે છે.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે જેવી રીતે ચંદ્રમાનો ઉદય થતાં સમુદ્ર વૃદ્ધિ પામે છે તેવી જ રીતે 'સર્વ પ્રકારની ચિન્તા હેય છે' આ ભાવનાથી ચૈતન્ય સ્વરૂપ પણ વૃદ્ધિ પામે છે. ૩૫.

**चैतन्यमसंपृक्तं कर्मविकारेण यत्तदेवाहम् ।**
**तस्य च संसृतिजन्मप्रभृति न किंचित्कुतश्चिन्ता ॥३६॥**

**અનુવાદઃ**—જે ચેતન તત્ત્વ કર્મકૃત વિકારના સંસર્ગ રહિત છે તે જ હું છું. તેને (ચૈતન્યસ્વરૂપ આત્માને) સંસાર અને જન્મ મરણાદિ કાંઈ પણ નથી. તો પછી ભલા મારે (આત્માને) ચિન્તા ક્યાંથી હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ. ૩૬.

**चित्तेन कर्मणा त्वं बद्धो यदि बध्यते त्वया तदतः ।**
**प्रतिबन्दीकृतमात्मन् मोचयति त्वां न संदेहः ॥३७॥**

**અનુવાદઃ**—હે આત્મન્! તું મન દ્વારા કર્મથી બંધાયો છો, જો તું તે મનને બાંધી દે અર્થાત્ તેને વશ કરી લે તો એનાથી તે પ્રતિબંદી સ્વરૂપ થઇને તને છોડાવી દેશે, એમાં શંકા નથી. ૩૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नृत्वतरोर्विषयसुखच्छायालाभेन किं मनःपान्थ ।
भवदुःखक्षुत्पीडित तुष्टोऽसि गृहाण फलममृतम् ॥३८॥

**અનુવાદઃ**—હે સાંસારિક દુઃખરૂપ ક્ષુધાથી પીડિત મનરૂપ પથિક! તું મનુષ્ય પર્યાયરૂપ વૃક્ષની વિષયસુખરૂપ છાયાની પ્રાપ્તિથી જ શા માટે સંતુષ્ટ થાય છે? તેનાથી તું અમૃતરૂપ ફળનું ગ્રહણ કર.

**વિશેષાર્થઃ**—જેમ સૂર્યના તાપથી સંતપ્ત કોઈ મુસાફર માર્ગમાં છાયાયુક્ત વૃક્ષ મેળવીને તેની કેવળ છાયાથી જ સંતુષ્ટ થઈ જાય છે, જો તે તેમાં લાગેલા ફળોનું ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે તો તેને એનાથી પણ ક્યાંય અધિક સુખ પ્રાપ્ત થઈ શકે. બરાબર એજ પ્રમાણે આ જીવ મનુષ્ય પર્યાય પામીને તેનાથી પ્રાપ્ત થતા વિષયસુખનો અનુભવ કરતો થકો એટલા માત્રથી જ સંતુષ્ટ થઈ જાય છે. પરંતુ તે અજ્ઞાનવશ એમ નથી વિચારતો કે આ મનુષ્ય પર્યાયથી તો તે અજર-અમર પદ (મોક્ષ) પ્રાપ્ત કરી શકાય છે કે જે અન્ય દેવાદિ પર્યાયથી (મેળવવું) દુર્લભ છે. તેથી અહીં મનને સંબોધન કરીને એ ઉપદેશ આપવામાં આવ્યો છે કે તું આ દુર્લભ મનુષ્ય પર્યાય પામીને તે અસ્થિર વિષય-સુખમાં જ સંતુષ્ઠ ન થા, પરંતુ સ્થિર મોક્ષસુખ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કર. ૩૮.

स्वान्तं ध्वान्तमशेषं दोषोज्झितकर्मबिम्बमिव मार्गे ।
विनिहन्ति निरालम्बे संचरदनिशं यतीशानाम् ॥३९॥

**અનુવાદઃ**—મુનિઓનું મન સૂર્યબિંબ સમાન આલંબન રહિત માર્ગે નિરંતર સંચાર કરતું થકું દોષ રહિત થઇને સમસ્ત અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે.

**વિશેષાર્થઃ**—જેમ સૂર્યનું બિંબ નિરાધાર આકાશમાર્ગે ગમન કરતું થકું દોષા (રાત્રિ)ના સંબંધ રહિત થઇને સમસ્ત અંધકારનો નાશ કરી નાખે છે તેવી જ રીતે મુનિઓનું મન અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પરૂપ આશ્રય રહિત મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થઇને દોષોના સંસર્ગ રહિત થતું થકું સમસ્ત અજ્ઞાનનો નાશ કરી નાખે છે. ૩૯.

संविच्छिखिना गलिते तनुमूषाकर्ममदनमयवपुषि ।
स्वमिव स्वं चिद्रूपं पश्यन् योगी भवति सिद्धः ॥४०॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—સમ્યગ્જ્ઞાનરૂપ અગ્નિના નિમિત્તે શરીરરૂપ બીબામાંથી કર્મરૂપ મીણનું શરીર ગળી જતાં આકાશ સમાન પોતાના ચૈતન્ય સ્વરૂપને દેખનાર યોગી સિદ્ધ થઈ જાય છે.

**વિશેષાર્થ:**—જેમ અગ્નિના સંબંધથી બીબામાં રહેલું મીણ ગળી જતાં ત્યાં શુદ્ધ આકાશ જ બાકી રહી જાય છે તેવી જ રીતે સમ્યગ્જ્ઞાન દ્વારા શરીરમાંથી કાર્મણ પિંડ નિર્જીર્ણ થઇ જતાં પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પ્રગટ થઈ જાય છે. તેનું અવલોકન કરતા યોગી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે. ૪૦.

**अहमेव चित्स्वरूपश्चिद्रूपस्याश्रयो मम स एव ।**
**नान्यत् किमपि जडत्वात्प्रीतिः सदृशेषु कल्याणी ॥४१॥**

**અનુવાદ:**—હું જ ચિત્સ્વરૂપ છું અને ચિત્સ્વરૂપ જે હું છું તેથી મારો આશ્રય પણ તે જ ચિત્સ્વરૂપ છે. તેના સિવાય જડ હોવાથી બીજો કોઈ મારો આધાર હોઇ શકે નહિ એ યોગ્ય પણ છે કેમ કે સમાન વ્યક્તિઓમાં જે પ્રેમ હોય છે તે જ કલ્યાણકારક થાય છે. ૪૧.

**स्वपरविभागावगमे जाते सम्यक् परे परित्यक्ते ।**
**सहजैकबोधरूपे तिष्ठत्यात्मा स्वयं सिद्धः ॥४२॥**

**અનુવાદ:**—સ્વ અને પરના વિભાગનું (ભેદનું) જ્ઞાન જઈ જતાં આ આત્મા સારી રીતે પરને છોડીને સ્વયં સિદ્ધ થયો થકો એક પોતાના સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપમાં સ્થિત થઈ જાય છે. ૪૨.

**हेयोपादेयविभागभावनाकथ्यमानमपि तत्त्वम् ।**
**हेयोपादेयविभागभावनावर्जितं विद्धि ॥४३॥**

**અનુવાદ:**—હેય અને ઉપાદેયના વિભાગની ભાવનાથી કહેવામાં આવતું તત્ત્વ પણ તે હેય-ઉપાદેયવિભાગની ભાવના રહિત છે એમ જાણવું જોઇએ.

**વિશેષાર્થ:**—પર પદાર્થ હેય છે અને ચૈતન્યમય આત્માનું સ્વરૂપ ઉપાદેય છે, એ રીતે વ્યવહારનયની અપેક્ષાએ હેય-ઉપાદેયવિભાગની ભાવનાથી જોકે આત્મતત્ત્વનું વર્ણન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવામાં આવે છે; છતાં પણ નિશ્ચયનયની અપેક્ષાએ તે સમસ્ત વિકલ્પોથી રહિત હોવાને કારણે ઉક્ત હેય–ઉપાદેયવિભાગની ભાવનાથી પણ રહિત છે. ૪૩.

**प्रतिपद्यमानमपि च श्रुताद्विशुद्धं परात्मनस्तत्त्वम् ।**
**उररीकरोतु चेतस्तदपि न तच्चेतसो गम्यम् ॥४४॥**

**અનુવાદઃ**—જો કે મન આગમની સહાયથી વિશુદ્ધ પરમાત્માનું સ્વરૂપ જાણીને જ તેનો સ્વીકાર કરે છે છતાં પણ તે આત્મતત્ત્વ વાસ્તવમાં તે મનનો વિષય નથી.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે આત્મતત્ત્વનું પરિજ્ઞાન આગમ દ્વારા થાય છે અને તે આગમના વિચારમાં મન કારણ છે કારણ કે મન વિના કોઈ પ્રકારનો ય વિચાર સંભવિત નથી. આ રીતે તે આત્મતત્ત્વનો સ્વીકાર કરવામાં જો કે મન કારણ થાય છે, છતાં પણ નિશ્ચયનયની અપેક્ષાએ તે આત્મતત્ત્વ કેવળ સ્વાનુભવ દ્વારા જ ગમ્ય છે, નહિ કે અન્ય મન આદિ દ્વારા. ૪૪.

**अहमेकाक्यद्वैतं द्वैतमहं कर्मकलित इति बुद्धेः ।**
**आद्यमनपायि मुक्तेरितरविकल्पं भवस्य परम् ॥४५॥**

**અનુવાદઃ**—"હું એકલો છું." આ પ્રકારની બુદ્ધિથી અદ્વૈત તથા "હું કર્મ સંયુક્ત છું" આ પ્રકારની બુદ્ધિથી દ્વૈત થાય છે. આ બન્નેમાંથી પ્રથમ વિકલ્પ (અદ્વૈત) અવિનશ્વર મુક્તિનું કારણ અને દ્વિતીય (દ્વૈત) વિકલ્પ કેવળ સંસારનું કારણ છે. ૪૫.

**बद्धो मुक्तो ऽहमथ द्वते सति जायते ननु द्वैतम् ।**
**मोक्षायेत्युभयमनोविकल्परहितो भवति मुक्तः ॥४६॥**

**અનુવાદઃ**—હું બદ્ધ છું અથવા મુક્ત છું, આ પ્રકારની દ્વૈતબુદ્ધિ થતાં નિશ્ચયથી દ્વૈત થાય છે. તેથી જે યોગી મોક્ષના નિમિત્તે આ બન્ને વિકલ્પોથી રહિત થઈ ગયા છે તે મુક્ત થઈ જાય છે. ૪૬.

**गतभाविभवद्भावाभावप्रतिभावभावितं चित्तम् ।**
**अभ्यासाच्चिद्रूपं परमानन्दान्वितं कुरुते ॥४७॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—ભૂત, ભવિષ્ય અને વર્તમાન પદાર્થોના અભાવની ભાવનાથી પરિપૂર્ણ ચિત્ત અભ્યાસના બળથી ચૈતન્ય સ્વરૂપને ઉત્કૃષ્ટ આનંદથી સહિત કરી દે છે.

**વિશેષાર્થ:**—નિશ્ચયથી હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, તેના સિવાય બીજો કોઈ પણ પદાર્થ મારો ન તો થયો હતો, ન વર્તમાનમાં છે અને ન ભવિષ્યમાં થવાનો; આ પ્રકારે જ્યારે આ મન અદ્વૈતની ભાવનાથી દૃઢતા પામી જાય છે ત્યારે જીવને પરમાનંદસ્વરૂપ પદ પ્રાપ્ત થાય છે. ૪૭.

**बद्धं पश्यन् बद्धो मुक्तं मुक्तो भवेत्सदात्मानम् ।**
**याति यदीयेन पथा तदेव पुरमश्नुते पान्थः ॥४८॥**

**અનુવાદ:**—જે જીવ આત્માને નિરંતર કર્મથી બંધાયેલો દેખે છે તે કર્મથી બંધાયેલો જ રહે છે પરંતુ જે તેને મુક્ત દેખે છે તે મુક્ત થઈ જાય છે. બરાબર છે—મુસાફર જે નગરના માર્ગે ચાલે છે તે જ નગરમાં તે પહોંચે છે. ૪૮.

**मा गा बहिरन्तर्वा साम्यसुधापानवर्धितानन्द ।**
**आस्स्व यथैव तथैव च विकारपरिवर्जितः सततम् ॥४९॥**

**અનુવાદ:**—હે સમતારૂપી અમૃતના પાનથી વૃદ્ધિગત આનંદને પ્રાપ્ત આત્મન્ ! તું બાહ્ય તત્ત્વ અથવા અંતસ્તત્ત્વમાં ન જા. તું જે રીતે નિરંતર વિકાર રહિત થવાય તે જ પ્રકારે સ્થિત થઈ જા. ૪૯.

**तज्जयति यत्र लब्धे श्रुतभुवि मत्यापगातिधावन्ती ।**
**विनिवृत्ता दूरादपि झगिति स्वस्थानमाश्रयति ॥५०॥**

**અનુવાદ:**—જે ચૈતન્યસ્વરૂપ પ્રાપ્ત થતાં આગમરૂપ પૃથ્વી ઉપર વેગથી દોડતી બુદ્ધિરૂપી નદી દૂરથી પાછી વળીને તરત જ પોતાના સ્થાનનો આશ્રય લે છે તે ચૈતન્ય સ્વરૂપ જયવંત રહે.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે જ્યાં સુધી ચૈતન્યસ્વરૂપની ઉપલબ્ધિ નથી થતી ત્યાં સુધી જ બુદ્ધિ આગમના અભ્યાસમાં પ્રવૃત્ત થાય છે, પરંતુ જેવો ઉક્ત ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થાય છે કે તરત જ તે બુદ્ધિ આગમ તરફથી વિમુખ થઈને તે ચૈતન્યસ્વરૂપમાં જ લીન થઈ જાય છે. એનાથી જ જીવને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. ૫૦.

**तन्नमत गृहिताखिलकालत्रयगतजगत्त्रयव्याप्तिं ।**
**यत्रास्तमेति सहसा सकलोऽपि हि वाक्परिस्पन्दः ।।५१।।**

**અનુવાદઃ**—જે આત્મજ્યોતિમાં ત્રણે કાળ અને ત્રણે લોકના બધા જ પદાર્થો પ્રતિભાસિત થાય છે તથા જે પ્રગટ થવાથી બધી જ વચન પ્રવૃત્તિ સહસા નષ્ટ થઈ જાય છે તે આત્મજ્યોતિને નમસ્કાર કરો. ૫૧.

**तन्नमत विनष्टाखिलविकल्पजालद्रुमाणि परिकलिते ।**
**यत्र वहन्ति विदग्धा दग्धवनानीव हृदयानि ।।५२।।**

**અનુવાદઃ**—જે આત્મતેજને જાણી લેતાં ચતુર જનો બળેલા વનસમાન વિનાશ પામેલા સમસ્ત વિકલ્પસમૂહરૂપ વૃક્ષો યુક્ત હૃદયો ધારણ કરે છે તે આત્મતેજને નમસ્કાર કરો.

**વિશેષાર્થઃ**—જેમ વનમાં અગ્નિ લાગતાં સર્વ વૃક્ષો બળીને નાશ પામી જાય છે તેવી જ રીતે વિવેકી મનુષ્યના હૃદયમાં આત્મતેજ પ્રગટ થઈ જતાં સમસ્ત વિકલ્પસમૂહ નષ્ટ થઈ જાય છે. આવા આત્મતેજને નમસ્કાર કરવા જોઈએ. ૫૨.

**बद्धो वा मुक्तो वा चिद्रूपो नयविचारविधिरेषः ।**
**सर्वनयपक्षरहितो भवति हि साक्षात्समयसारः ।।५३।।**

**અનુવાદઃ**—ચૈતન્ય સ્વરૂપ બદ્ધ છે અથવા મુક્ત છે, એ તો નયોને આશ્રિત વિચારનું વિધાન છે. વાસ્તવમાં સમયસાર (આત્મસ્વરૂપ) સાક્ષાત્ આ બધા નયપક્ષોથી રહિત છે. ૫૩.

**नयनिक्षेपप्रमितिप्रभृतिविकल्पोज्झितं परं शान्तम् ।**
**शुद्धात्मानुभूतिगोचरमहमेकं धाम चिद्रूपम् ।।५४।।**

**અનુવાદઃ**—જે ચૈતન્ય સ્વરૂપ તેજ નય, નિક્ષેપ અને પ્રમાણ આદિ વિકલ્પો રહિત, ઉત્કૃષ્ટ, શાન્ત, એક અને શુદ્ધ અનુભવનો વિષય છે તે જ હું છું. ૫૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञाते ज्ञातमशेषं दृष्टे दृष्टं च शुद्धचिद्रूपे।
निःशेषबोध्यविषयौ दृग्ब धौ यन्न तद्भिन्नौ ॥५५॥

**અનુવાદઃ**—શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું જ્ઞાન થઈ જતાં બધું જ જણાઈ જાય છે તથા તેને જોઈ લેતાં બધું જ દેખવામાં આવી જાય છે. કારણ એ કે સમસ્ત જ્ઞેય પદાર્થોનો વિષય કરનાર દર્શન અને જ્ઞાન ઉક્ત ચૈતન્ય સ્વરૂપથી ભિન્ન નથી. ૫૫.

भावे मनोहरेऽपि च काचिन्नियता च जायते प्रीतिः।
अपि सर्वाः परमात्मनि दृष्टे तु स्वयं समाप्यन्ते ॥५६॥

**અનુવાદઃ**—મનોહર પદાર્થના વિષયમાં પણ કાંઈક નિયમિત (મર્યાદિત) જ પ્રીતિ ઉત્પન્ન થાય છે. પરંતુ પરમાત્માના દર્શન થતાં સર્વ પ્રકારની પ્રીતિ સ્વયમેવ નષ્ટ થઈ જાય છે. ૫૬.

सन्नप्यसन्निव विदां जनसामान्यो ऽपि कर्मणो योगः।
तरणपटूनामृद्धः पथिकानामिव सरित्पूरः ॥५७॥

**અનુવાદઃ**—જેમ તરવામાં કુશળ મુસાફરો માટે વૃદ્ધિગત થયેલો નદીનો પ્રવાહ હોવા છતાં પણ ન હોવા બરાબર છે-તેને તેઓ કાંઈ પણ બાધક માનતા નથી–તેવી જ રીતે વિદ્વાનોને જનસાધારણમાં રહેતો કર્મનો સંબંધ વિદ્યમાન હોવા છતાં પણ અવિદ્યમાન જેવો લાગે છે. ૫૭.

मृगयमाणेन सुचिरं रोहणभुवि रत्नमीप्सितं प्राप्य।
हेयाहेयश्रुतिरपि विलोक्यते लब्धतत्त्वेन ॥५८॥

**અનુવાદઃ**—જેમ લાંબા કાળથી રોહણ પર્વતની ભૂમિમાં ઇચ્છિત રત્ન ગોતનાર મનુષ્ય તેને મેળવીને હેય અને ઉપાદેયની શ્રુતિનું પણ અવલોકન કરે છે–આ ગ્રહણ કરવા યોગ્ય છે કે ત્યાગવા યોગ્ય, એ પ્રકારનો વિચાર કરે છે–તેવી જ રીતે તત્ત્વજ્ઞ પુરુષ આત્મારૂપ રોહણભૂમિમાં ચિરકાળથી ઇચ્છિત આત્મતત્ત્વરૂપ રત્નને ગોતતો થકો તેને પ્રાપ્ત કરીને હેય-ઉપાદેય શ્રુતિનું પણ અવલોકન કરે છે. ૫૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्मकलितो ऽपि मुक्तः सश्रीको दुर्गतो ऽप्यहमतीव ।
तपसा दुःख्यपि च सुखी श्रीगुरुपादप्रसादेन ॥५९॥

**અનુવાદ:**—હું કર્મથી સંયુક્ત હોવા છતાં પણ શ્રીગુરુદેવના ચરણોના પ્રસાદથી મુક્ત જેવો જ છું, અત્યંત દરિદ્ર હોવા છતાં પણ ધનવાન છું, તથા તપથી દુઃખી હોવા છતાં પણ સુખી છું.

**વિશેષાર્થ:**—તત્ત્વજ્ઞ જીવ વિચાર કરે છે કે જો કે હું પર્યાયની અપેક્ષાએ કર્મથી બંધાયેલો છું, દરિદ્રી છું અને તપથી દુઃખી પણ છું તો પણ ગુરુએ જે મને શુદ્ધ આત્મસ્વરૂપનો બોધ કરાવ્યો છે તેથી હું એ જાણી ગયો છું કે વાસ્તવમાં ન હું કર્મથી બંધાયો છું, ન દરિદ્રી છું અને ન તપથી દુઃખી પણ છું. કારણ એ છે કે નિશ્ચયથી હું કર્મબંધ રહિત, અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મીસહિત અને પરમાનંદથી પરિપૂર્ણ છું. આ પરપદાર્થ શુદ્ધ આત્મસ્વરૂપ ઉપર કાંઈ પણ પ્રભાવ પાડી શકતા નથી. ૫૯.

बोधादस्ति न किंचित्कार्यं यद्दृश्यते मलात्तन्मे ।
आकृष्टयन्त्रसूत्राद्दारुनरः स्फुरति नटकानाम् ॥६०॥

**અનુવાદ:**—મારે જ્ઞાન સિવાય બીજું કાંઈ પણ કાર્ય નથી. બીજું જે કાંઈ પણ દેખાય છે તે કર્મમળથી દેખાય છે. જેમ–નટોનો કાષ્ટમય પુરુષ ( કઠપુતળી ) યંત્રની દોરી ખેંચવાથી નાચે છે.

**વિશેષાર્થ:**—જેમ નટદ્વારા કઠપુતળીના યંત્રની દોરી ખેંચવામાં આવતાં તે કઠપુતળી નાચ્યા કરે છે તેવી જ રીતે પ્રાણી કર્મરૂપ દોરીથી પ્રેરિત થઈને ચાર ગતિસ્વરૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે, નિશ્ચયથી જોવામાં આવે તો જીવ કર્મબંધ રહિત શુદ્ધ જ્ઞાતા દ્રષ્ટા છે, તેને કોઈ પણ બાહ્ય પર પદાર્થ સાથે પ્રયોજન નથી. ૬૦.

निश्चयपञ्चाशत् पद्मनन्दिनं सूरिमाश्रिभिः कैश्चित् ।
शब्दैः स्वशक्तिसूचितवस्तुगुणैर्विरचितेयमिति ॥६१॥

**અનુવાદ:**—પદ્મનન્દી મુનિનો આશ્રય લઈને પોતાની શક્તિથી ( વાચક શક્તિથી ) વસ્તુના ગુણોને સૂચિત કરનાર કેટલાક શબ્દો દ્વારા આ 'નિશ્ચય પંચાશત્' પ્રકરણ રચવામાં આવ્યું છે. ૬૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




( उपजाति )

**तृणं नृपश्रीः किमु वच्मि तस्यां न कार्यमाखण्डलसंपदोऽपि ।**
**अशेषवाञ्छाविलयैकरूपं तत्त्वं परं चेतसि चेन्ममास्ते ॥६२॥**

**અનુવાદઃ**—જો મારા મનમાં સમસ્ત ઇચ્છાઓના અભાવરૂપ અનુપમ સ્વરૂપવાળું ઉત્કૃષ્ટ આત્મતત્ત્વ સ્થિત હોય તો પછી રાજ્યલક્ષ્મી તૃણ સમાન તુચ્છ છે. તેના વિષયમાં તો શું કહું ? પરંતુ મને તો ત્યારે ઇન્દ્રની સંપત્તિનું ય કાંઈ પ્રયોજન નથી. ૬૨.

આ રીતે નિશ્ચયપંચાશત્ અધિકાર સમાપ્ત થયો. ૧૧.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# १२. બ્રહ્મચર્યરક્ષાવર્તિ

## [ १२. ब्रह्मचर्यरक्षावर्तिः ]

( शार्दूलविक्रीड़ित )

**भ्रूक्षेपेण जयन्ति ये रिपुकुलं लोकाधिपाः केचन**
**द्राक् तेषामपि येन वक्षसि दृढं रोपः समारोपितः।**
**सोऽपि प्रोद्धतविक्रमः स्मरभटः शान्तात्मभिर्लीलया**
**यैः शस्त्रग्रहवर्जितैरपि जितस्तेभ्यो यतिभ्यो नमः ॥१॥**

**અનુવાદઃ**—જે કેટલાય રાજા ભ્રૂકુટિની વક્રતાથી જ શત્રુઓને જીતી લે છે તેમના પણ વક્ષસ્થળમાં જેણે દૃઢતાથી બાણનો આઘાત કર્યો છે એવા તે પરાક્રમી કામદેવરૂપ સુભટને જે શાન્ત મુનિઓએ શસ્ત્ર વિના જ સહેલાઈથી જીતી લીધો છે તે મુનિઓને નમસ્કાર હો. ૧.

**आत्मा ब्रह्म विविक्तबोधनिलयो यत्तत्र चर्यं परं**
**स्वाङ्गासंगविवर्जितैकमनसस्तद्ब्रह्मचर्यं मुनेः।**
**एवं सत्यबलाः स्वमातृभगिनीपुत्रीसमाः प्रेक्षते**
**वृद्धाद्या विजितेन्द्रियो यदि तदा स ब्रह्मचारी भवेत् ॥२॥**

**અનુવાદઃ**—બ્રહ્મ શબ્દનો અર્થ નિર્મળ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તે આત્મામાં લીન થવાનું નામ બ્રહ્મચર્ય છે. જે મુનિનું મન પોતાના શરીર સંબંધે પણ મમત્વ રહિત થઈ ગયું છે તેને જ તે બ્રહ્મચર્ય હોય છે. આમ થતાં જો ઇન્દ્રિયવિજયી થઈને વૃદ્ધા વગેરે (યુવતી, બાળા) સ્ત્રીઓને ક્રમશઃ પોતાની માતા, બહેન અને પુત્રી સમાન સમજે છે તો તે બ્રહ્મચારી થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—વ્યવહાર અને નિશ્ચયની અપેક્ષાએ બ્રહ્મચર્યના બે ભેદ કરી શકાય છે. આમાં મૈથુન ક્રિયાના ત્યાગને વ્યવહાર બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. તે પણ અણુવ્રત અને મહાવ્રતના ભેદથી બે પ્રકારનું છે. પોતાની પત્નીને છોડીને બાકીની બધી સ્ત્રીઓને યથાયોગ્ય માતા, બહેન અને પુત્રી સમાન માનીને તેમના પ્રત્યે રાગપૂર્ણ વ્યવહાર ન કરવો; તેને બ્રહ્મચર્યાણુવ્રત અથવા સ્વદારસંતોષ પણ કહેવામાં આવે છે. તથા અન્ય સ્ત્રીઓની જેમ પોતાની પત્નીના વિષયમાં પણ અનુરાગબુદ્ધિ ન રાખવી, એ બ્રહ્મચર્ય મહાવ્રત કહેવાય છે જે મુનિને હોય છે. પોતાના વિશુદ્ધ આત્મસ્વરૂપમાં જ રમણ કરવાનું નામ નિશ્ચય બ્રહ્મચર્ય છે. આ તે મહામુનિઓને હોય છે જે અન્ય બાહ્ય પદાર્થોના વિષયમાં તો શું, પરંતુ પોતાના શરીરના વિષયમાં પણ નિઃસ્પૃહ થઈ ગયા છે. આ જાતના બ્રહ્મચર્યનું જ સ્વરૂપ પ્રસ્તુત શ્લોકમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે. ૨.

( शार्दूलविक्रीड़ित )

स्वप्ने स्यादतिचारिता यदि तदा तत्रापि शास्त्रोदितं
प्रायश्चित्तविधिं करोति रजनीभागानुगत्या मुनिः ।
रागोद्रेकतया दुराशयतया सा गौरवात् कर्मणः
तस्य स्याद्यदि जाग्रतोऽपि हि पुनस्तस्यां महच्छोधनम् ।।३।।

**અનુવાદ:**—જો સ્વપ્નમાં પણ કદાચ બ્રહ્મચર્યના વિષયમાં અતિચાર (દોષ) ઉત્પન્ન થાય છે તો મુનિ તેના વિષયમાં પણ રાત્રિવિભાગ અનુસાર વિધિપૂર્વક પ્રાયશ્ચિત્ત કરે છે. અને જો કર્મોદયવશ રાગની પ્રબળતાથી અથવા દુષ્ટ અભિપ્રાયથી જાગૃત અવસ્થામાં તેવો અતિચાર થાય તો તેમને મહાન્ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. ૩.

नित्यं खादति हस्तिसूकरपलं सिंहो बली तद्रति-
र्वर्षेणैकदिने शिलाकणचरे पारावते सा सदा ।
न ब्रह्मव्रतमेति नाशमथवा स्यान्नैव भुक्तेर्गुणा-
त्तद्रक्षां दृढ एक एव कुरुते साधोर्मनःसंयमः ।। ।।

**અનુવાદ**—જે બળવાન સિંહ નિરંતર હાથી અને સુઅરનું માંસ ખાય છે તેને અનુરાગ ( સંભોગ ) વર્ષમાં કેવળ એક દિવસને માટે હોય છે. એનાથી ઉલટું જે કબૂતર કાંકરા ખાય છે તેને તે અનુરાગ નિરંતર રહ્યા કરે છે. અથવા, ભોજનના ગુણથી—ગરિષ્ટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભોજન અથવા લૂખું સૂકું ભોજન કરવા અથવા ઉપવાસ કરવાથી–તે બ્રહ્મચર્યનો ન તો નાશ થાય છે અને ન રક્ષા ય થાય છે. તેની રક્ષા તો દ્રઢતાથી નિગ્રહ પ્રાપ્ત કરાવવામાં આવેલ એક સાધુનું મન જ કરે છે. ૪.

( शार्दूल विक्रीड़ित )

चेतः संयमनं यथावदवनं मूलव्रतानां मतं
शेषाणां च यथाबलं प्रभवतां बाह्यं मुनेर्ज्ञानिनः ।
तज्जन्यं पुनरान्तरं समरसीभावेन चिच्चेतसो
नित्यानन्दविधायि कार्यजनकं सर्वत्र हेतुद्वयम् ॥५॥

**અનુવાદઃ–** મૂળગુણોનું તથા શક્તિ અનુસાર ઉત્પન્ન થતાં શેષ (ઉત્તર) ગુણોનું વિધિપૂર્વક રક્ષણ કરવું, એ જ્ઞાની મુનિનો બાહ્ય મનોસંયમ કહેવાય છે. આનાથી ફરી તે અંતરંગ સંયમ ઉત્પન્ન થાય છે જે ચૈતન્ય અને ચિત્તના એકરૂપ થઈ જવાથી શાશ્વત સુખ ઉત્પન્ન કરે છે. બરાબર છે–સર્વ બાહ્ય અને અભ્યંતર આ બન્નેય કારણ કાર્યના જનક થાય છે. ૫.

चेतोभ्रान्तिकरी नरस्य मदिरापीतिर्यथा स्त्री तथा
तत्संगेन कुतो मुनेर्व्रतविधिः स्तोकोऽपि संभाव्यते ।
तस्मात्संसृतिपातभीतमतिभिः प्राप्तैस्तपोभूमिकां
कर्तव्यो व्रतिभिः समस्तयुवतित्यागे प्रयत्नो महान् ॥६॥

**અનુવાદઃ–**જેમ મદ્યપાન મનુષ્યનું ચિત્ત ભ્રાન્તિયુક્ત કરી મૂકે છે તેવી જ રીતે સ્ત્રી પણ તેના ચિત્તને ભ્રાન્તિયુક્ત કરી મૂકે છે. તો પછી ભલા તેના સંગથી મુનિને થોડા ય વ્રતાચરણની સંભાવના કયાંથી હોઈ શકે? ન હોઈ શકે. તેથી જેમની બુદ્ધિ સંસાર પરિભ્રમણથી ભય પામી છે તથા જે તપનું અનુષ્ઠાન કરે છે તે સંયમી મનુષ્યોએ સમસ્ત સ્ત્રીઓના ત્યાગનો મહાન્ પ્રયત્ન કરવો જોઈએ.

मुद्रर्क्षारि दृढार्गला भवतरोः सेकेऽङ्गना सारिणी
मोहव्याधविनिर्मिता नरमृगस्याबन्धने वागुरा ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यत्संगेन सतामपि प्रसरति प्राणातिपातादि तत्
तद्वार्तापि यतेर्यतित्वहतये कुर्यान्न किं सा पुनः ॥७॥

**અનુવાદઃ**-જે સ્ત્રી મોક્ષરૂપી મહેલના દ્વારની મજબુત ભોગળ (બન્ને બારણાંને રોકનાર ખાસ લાકડું-આગળિયા) સમાન છે, જે સંસારરૂપ વૃક્ષને સીંચવા માટે સારિણી (નાની નદી કે ઝારી) સમાન છે, જે પુરુષરૂપ હરણને બાંધવા માટે જાળ સમાન છે તથા જેના સંગથી સજ્જનોને પણ પ્રાણઘાતાદિ (હિંસાદિ) દોષ વધે છે; તે સ્ત્રીનું નામ લેવું પણ જો મુનિવ્રતના નાશનું કારણ થતું હોય તો ભલા તે સ્વયં શું ન કરી શકે? અર્થાત્ તે બધા વ્રત-નિયમાદિનો નાશ કરે છે. ૭.

(शार्दूलविक्रीड़ित)

तावत्पूज्यपदस्थितिः परिलसत्तावद्यशो जृम्भते
तावच्छुभ्रतरा गुणाः शुचिमनस्तावत्तपो निर्मलम् ।
तावद्धर्मकथापि राजति यतेस्तावत्स दृश्यो भवेद्
यावन्न स्मरकारि हारि युवते रागान्मुखं वीक्षते ॥८॥

**અનુવાદઃ**-જ્યાંસુધી કામનું ઉદ્દીપન કરનાર યુવાન સ્ત્રીનું મનોહર મુખ અનુરાગપૂર્ણ દ્રષ્ટિથી દેખતા નથી ત્યાંસુધી જ મુનીની પૂજ્ય પદમાં સ્થિતિ રહી શકે છે. ત્યાં સુધી જ તેમની મનોહર કીર્તિનો વિસ્તાર થાય છે, ત્યાંસુધી જ તેના નિર્મળ ગુણ વિદ્યમાન રહે છે, ત્યાંસુધી જ તેનું મન પવિત્ર રહે છે, ત્યાંસુધી જ નિર્મળ તપ રહે છે, ત્યાંસુધી જ ધર્મકથા સુશોભિત રહે છે અને ત્યાંસુધી જ તે દર્શનને યોગ્ય રહે છે. ૮.

तेजोहानिमपूततां व्रतहतिं पापं प्रपातं पथो
मुक्ते रागितयाङ्गनास्मृतिरपि क्लेशं करोति ध्रुवम् ।
तत्सांनिध्यविलोकनप्रतिवचःस्पर्शादयः कुर्वते
किं नानर्थपरंपरामिति यतेस्त्याज्याबला दूरतः ॥ ९ ॥

**અનુવાદઃ**-રાગબુદ્ધિથી કરવામાં આવેલું સ્ત્રીનું સ્મરણ પણ જો નિશ્ચયથી મુનિના તેજની હાનિ, અપવિત્રતા, વ્રતનો વિનાશ, પાપ, મોક્ષમાર્ગથી પતન અને કલેશ કરે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ભલા તેની સમીપતા, દર્શન, વાર્તાલાપ અને સ્પર્શ આદિ શું અનર્થોની પરંપરા નથી કરતાં? અર્થાત્ અવશ્ય કરે છે. તેથી સાધુએ એવી સ્ત્રીનો દૂરથીજ ત્યાગ કરવો જોઈએ. ૯.

( शार्दूलविक्रीडित )

**वेश्या स्याद्धनतस्तदस्ति न यतेश्चेदस्ति सो स्यात् कुतो**
**नात्मीया युवतिर्यतित्वमभवत्तत्त्यागतो यत्पुरा ।**
**पुंसोऽन्यस्य च योषितो यदि रतिश्छिन्नो नृपात्तत्पतेः**
**स्यादापज्जननद्वयक्षयकरी त्याज्यैव योषा यतेः ॥१०॥**

**અનુવાદઃ**–વેશ્યા ધનથી પ્રાપ્ત થાય છે અને ધન મુનિ પાસે હોતું નથી. કદાચ જો તે ધન પણ તેની પાસે હોય તો ય તે કયાંથી પ્રાપ્ત થાય? અર્થાત્ તેની પ્રાપ્તિ દુર્લભ છે. એ સિવાય જો પોતાની જ સ્ત્રી મુનિ પાસે હોય તો એ પણ સંભવિત નથી; કારણ કે પૂર્વે તેનો ત્યાગ કરીને તો મુનિધર્મનો સ્વીકાર કર્યો છે. જો કોઈ બીજા પુરુષની સ્ત્રી સાથે અનુરાગ કરવામાં આવે તો રાજા દ્વારા તથા તે સ્ત્રીના પતિદ્વારા પણ ઇન્દ્રિય છેદન આદિ કષ્ટને પ્રાપ્ત થાય છે. તેથી સાધુએ બન્ને લોકનો નાશ કરનારી સ્ત્રીનો ત્યાગ જ કરવો જોઈએ. ૧૦.

**दारा एव गृहं न चेष्टकचितं तत्तैर्गृहस्थो भवेत्**
**तत्त्यागे यतिरादधाति नियतं स ब्रह्मचर्यं परम् ।**
**वैकल्यं किल तत्र चेत्तदपरं सर्वं विनष्टं व्रतं**
**पुंसस्तेन विना तदा तदुभयभ्रष्टत्वमापद्यते ॥११॥**

**અનુવાદઃ**–સ્ત્રી જ ઘર છે, ઈંટોથી નિર્મિત ઘર વાસ્તવમાં ઘર નથી. તે સ્ત્રીરૂપ ઘરના સંબંધથી જ શ્રાવક ગૃહસ્થ થાય છે અને તેનો ત્યાગ કરીને સાધુ નિયમિત ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય ધારણ કરે છે. જો તે બ્રહ્મચર્યના વિષયમાં વિકળતા (દોષ) હોય તો પછી અન્ય સર્વ વ્રત નષ્ટ થઈ જાય છે. આ રીતે તે બ્રહ્મચર્ય વિના પુરુષ બન્નેય લોકમાંથી ભ્રષ્ટ થાય છે અર્થાત્ તેનો આ લોક અને પરલોક બન્નેય બગડે છે. ૧૧.

**संपद्येत दिनद्वयं यदि सुखं नो भोजनादेस्तदा**
**स्त्रीणामप्यतिरूपगर्वितधियामङ्गं शवाङ्गायते ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लावण्याद्यपि तत्र चञ्चलमिति श्लिष्टं च तत्तद्गतां
दृष्ट्वा कुङ्कुमकाजलादिरचनां मा गच्छ मोहं मुने ॥१२॥

**અનુવાદ:**–જો બે દિવસ જ ભોજન આદિનું સુખ પ્રાપ્ત ન થાય તો પોતાના સૌન્દર્યનું અત્યંત અભિમાન કરનારી તે સ્ત્રીઓનું શરીર મૃત શરીર સમાન થઈ જાય છે. સ્ત્રીના શરીરમાં સંબદ્ધ લાવણ્ય આદિ પણ વિનશ્વર છે. તેથી હે મુને! તેના શરીર ઉપર લગાડેલ કુમકુમ અને કાજળ આદિની રચના જોઈને તું મોહ ન પામ. ૧૨.

( शार्दूलविक्रीडित )

रम्भास्तम्भमृणालहेमशशभृन्नीलोत्पलाद्यैः पुरा
यस्य स्त्रीवपुषः पुरः परिगतैः प्राप्ता प्रतिष्ठा न हि ।
तत्पर्यन्तदशां गतं विधिवशात्क्षिप्तं क्षतं पक्षिभि-
र्भीतैश्छादितनासिकैः पितृवने दृष्टं लघु त्यज्यते ॥१३॥

**અનુવાદ:**–પૂર્વે જે સ્ત્રી-શરીરની આગળ કેળનું થડ, કમળનાળ, સુવર્ણ, ચંદ્રમા અને નીલકમળ આદિ પ્રતિષ્ઠા પામી શકયા નથી તે શરીર જ્યારે દૈવવશે મરણ અવસ્થાને પ્રાપ્ત થતાં સ્મશાનમાં ફેંકી દેવામાં આવે છે અને પક્ષી તેને આમતેમ ખોતરીને છિન્ન ભિન્ન કરી નાખે છે ત્યારે આવી અવસ્થામાં તેને જોઈને ભય પામેલા લોકો નાક બંધ કરીને તરત જ છોડી દે છે–ત્યારે તેના ઉપર અનુરાગ કરવો તો દૂર રહ્યો પણ તે અવસ્થામાં તેઓ તેને જોઈ પણ શકતા નથી. ૧૩.

अङ्गं यद्यपि योषितां प्रविलसत्तारुण्यलावण्यवद्
भूषावत्तदपि प्रमोदजनकं मूढात्मनां नो सताम् ।
उच्छूनैर्बहुभिः शवरतितरां कीर्णं श्मशानस्थलं
लब्ध्वा तुष्यति कृष्णकाकनिकरो नो राजहंसव्रजः ॥१४॥

**અનુવાદ:**—જો કે શોભાયમાન યૌવન અને સૌન્દર્યથી પરિપૂર્ણ સ્ત્રીઓના શરીર આભૂષણોથી વિભૂષિત છે તો પણ તે મૂર્ખજનોને જ આનંદ ઉત્પન્ન કરે છે, નહિ કે સજ્જન મનુષ્યોને. બરાબર છે-ઘણા સડી–ગળી ગયેલા મૃત શરીરોથી અત્યંત વ્યાપ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્મશાનભૂમિમાં આવીને કાળા કાગડાઓનો સમૂહ જ સંતુષ્ટ થાય છે, નહિ કે રાજહંસોનો સમૂહ. ૧૪.

( शार्दूलविक्रीडित )

यूकाधाम कचाः कपालमजिनाच्छन्नं मुखं योषितां
तच्छिद्रे नयने कुचौ पलभरौ बाहू तते कीकसे ।
तुन्दं मूत्रमलादिसद्म जघनं प्रस्यन्दिवर्चोगृहं
पादस्थूणमिदं किमत्र महतां रागाय संभाव्यते ॥१५॥

**અનુવાદ**—સ્ત્રીઓના વાળ જુઓનું ઘર છે, મસ્તક અને મુખ ચામડાથી ઢંકાયેલું છે, બન્ને આંખ તે મુખના છિદ્ર છે, બન્ને સ્તન માંસથી પરિપૂર્ણ છે, બન્ને ભૂજાઓ લાંબા હાડકાં છે, પેટ મળ-મૂત્રાદિનું સ્થાન છે. યોનિ વહેતા મળનું ઘર છે અને પગ થાંભલા સમાન છે. આવી અવસ્થામાં આ સ્ત્રીનું શરીર અહીં શું મહાન્ પુરુષોને અનુરાગનું કારણ હોઈ શકે? અર્થાત્ તેમને માટે તે અનુરાગનું કારણ પણ હોતું નથી. ૧૫.

कार्याकार्यविचारशून्यमनसो लोकस्य किं ब्रूमहे
यो रागान्धतयादरेण वनितावक्त्रस्य लालां पिबेत् ।
श्लाघ्यास्ते कवयः शशाङ्कवदिति प्रव्यक्तवाग्डम्बरै-
श्चर्मानद्धकपालमेतदपि यैरग्रे सतां वर्ण्यते ॥१६॥

**અનુવાદ**:—જેનું મન કર્તવ્ય અને અકર્તવ્યના વિચાર રહિત છે અને તેથી જે રાગમાં અંધ બનીને ઉત્સુકતાથી સ્ત્રીના મુખની લાળ પીએ છે, તે મનુષ્યના વિષયમાં અમે શું કહીએ? પરંતુ જે કવિઓ પોતાના સ્પષ્ટ વચનોના વિસ્તારથી સજ્જનો આગળ ચામડાથી આચ્છાદિત આ કપાળયુક્ત મુખને ચંદ્રમા સમાન સુંદર બતાવે છે તેઓ પણ પ્રશંસનીય ગણાય છે-જે વાસ્તવમાં નિંદાને પાત્ર છે. ૧૬.

एष स्त्रीविषये विनापि हि परप्रोक्तोपदेशं भृशं
रागान्धो मदनोदयादनुचितं किं किं न कुर्याज्जनः ।
अप्येतत्परमार्थबोधविकलः प्रौढं करोति स्फुरत्-
शृङ्गारं प्रविधाय काव्यमसकृल्लोकस्य कश्चित्कविः ॥१७॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**-આ જનસમૂહ બીજાઓના ઉપદેશ વિના પણ કામ ઉદ્દીપ્ત થવાથી રાગથી અંધ બનીને સ્ત્રીના વિષયમાં કયું કયું નિન્દ્ય કાર્ય નથી કરતા? અર્થાત્ ઉપદેશ વિના જ તે સ્ત્રીની સાથે અનેક પ્રકારની નિન્દનીય ચેષ્ટાઓ કરે છે. વળી હેય-ઉપાદેયના જ્ઞાન રહિત કોઈ કવિ નિરંતર શૃંગાર રસથી પરિપૂર્ણ કાવ્ય રચીને તે લોકોના ચિત્તને વિશેષપણે રાગથી પુષ્ટ કરે છે. ૨૭.

( शार्दूलविक्रीडित )

दारार्थादि परिग्रहः कृतगृहव्यापारसारो ऽपि सन्
देवः सोऽपि गृही नरः परधनस्त्रीनिस्पृहः सर्वदा।
यस्य स्त्री न तु सर्वथा न च धनं रत्नत्रयालङ्कृतो
देवानामपि देव एव स मुनिः केनात्र नो मन्यते ॥१८॥

**અનુવાદ:**-જે ગૃહસ્થ સ્ત્રી અને ધન આદિ પરિગ્રહ સહિત હોઈને ઘરના ઉત્તમ વ્યાપાર આદિ કાર્યો કરતો થકો પણ કદી પરધન અને પરસ્ત્રીની ઇચ્છા કરતો નથી તે ગૃહસ્થ મનુષ્ય (હોવા છતાં) પણ દેવ (પ્રશંસનીય) છે. વળી જેમની પાસે સર્વથા ન તો સ્ત્રી છે અને ન ધન પણ છે તથા જે રત્નત્રયથી વિભૂષિત છે તે મુનિ તો દેવોના પણ દેવ (દેવોથી પણ પૂજ્ય) છે. તેમને ભલા અહીં કોણ માનતું નથી? અર્થાત્ તેમની બધા જ પૂજા કરે છે. ૧૮.

कामिन्यादि विनात्र दुःखहतये स्वीकुर्वते तच्च ये
लोकास्तत्र सुखं पराश्रिततया तद्दुःखमेव ध्रुवम्।
हित्वा तद्विषयोत्थमन्तविरसं स्तोकं यदाध्यात्मिकं
तत्तत्त्वदृशां सुखं निरुपमं नित्यं निजं नीरजम् ॥१९॥

**અનુવાદ:**-અહીં સ્ત્રી આદિ વિના જે દુઃખ થાય છે તેને નષ્ટ કરવા માટે લોકો ઉક્ત સ્ત્રી આદિનો સ્વીકાર કરે છે પરંતુ તે સ્ત્રી આદિના નિમિત્તે જે સુખ થાય છે તે વાસ્તવમાં પરને આધીન હોવાથી દુઃખ જ છે. તેથી વિવેકી જનો પરિણામે અહિતકારક અને પ્રમાણમાં અલ્પ તે વિષયજન્ય સુખ છોડીને તત્ત્વદર્શીઓના તે અનુપમ સુખનો સ્વીકાર કરે છે જે આત્માધીન, નિત્ય, આત્મિક (સ્વાધીન) અને પાપરહિત છે. ૧૯.

सौभाग्यादिगुणप्रमोदसदनैः पुण्यैर्युतास्ते हृदि
स्त्रीणां ये सुचिरं वसन्ति विलसत्तारुण्यपुण्यश्रियाम्।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्योतिर्बोधमयं तदन्तरदृशा कायात्पृथक् पश्यतां
येषां ता न तु जातु ते ऽपि कृतिनस्तेभ्यो नमः कुर्वते ॥२०॥

**અનુવાદઃ**—જે મનુષ્ય શોભાયમાન યૌવનની પવિત્ર શોભાથી સંપન્ન એવી સ્ત્રીઓના હૃદયમાં ચિરકાળ સુધી નિવાસ કરે છે તે સૌભાગ્યાદિ ગુણો અને આનંદના સ્થાનભૂત પુણ્યયુક્ત હોય છે. અર્થાત્ જેમને ઉત્તમ સ્ત્રીઓ ચાહે છે તે પુણ્યાત્મા પુરુષ છે. પરંતુ અભ્યંતર નેત્રથી જ્ઞાનમય જ્યોતિને શરીરથી ભિન્ન દેખનાર જે સાધુઓના હૃદયમાં તે સ્ત્રીઓ કદી પણ નિવાસ કરતી નથી તે પુણ્યશાળી મુનિઓને તે પૂર્વોક્ત (સ્ત્રીઓના હૃદયમાં રહેનાર) પુણ્યાત્મા પુરુષો પણ નમસ્કાર કરે છે. ૨૦.

(શાર્દૂલવિક્રીડિત)

दुष्प्रापं बहुदुःखराशिरशुचि स्तोकायुरल्पज्ञता-
ज्ञातप्रान्तदिनं जराहतमतिः प्रायो नरत्वं भवे ।
अस्मिन्नेव तपस्ततः शिवपदं तत्रैव साक्षात्सुखं
सौख्यार्थीति विचिन्त्य चेतसि तपः कुर्यान्नरो निर्मलम् ॥२१॥

**અનુવાદઃ**—સંસારમાં જે મનુષ્યપર્યાય દુર્લભ છે, ઘણા દુઃખોના સમૂહથી વ્યાપ્ત છે, અપવિત્ર છે, અલ્પ આયુસહિત છે, જેના અંત (મરણ)નો દિવસ અલ્પજ્ઞતાને કારણે જાણી શકાતો નથી, તથા જેમાં વૃદ્ધાવસ્થાને કારણે બુદ્ધિ પ્રાયઃ કુંઠિત થઈ જાય છે; તે મનુષ્ય પર્યાયમાં જ તપ કરી શકાય છે અને મોક્ષપદની પ્રાપ્તિ આ તપથી થાય છે અને વાસ્તવિક સુખ તે મોક્ષમાં જ છે. મનમાં આવો વિચાર કરીને મોક્ષસુખાભિલાષી મનુષ્યે આ દુર્લભ મનુષ્ય પર્યાયમાં નિર્મળ તપ કરવું જોઈએ. ૨૧.

उक्तेयं मुनि पद्मनन्दिभिषजा द्वाभ्यां युतायाः शुभा
सद्वृत्तौषधविंशतेरुचितवागर्थाम्भसा वर्तिता ।
निर्ग्रन्थैः परलोकदर्शनकृते प्रोद्यत्तपोवार्धकै-
श्वेतश्चक्षुरनङ्गरोगशमनी वर्तिः सदा सेव्यताम् ॥२२॥

**અનુવાદઃ**—બાવીશ ઉત્તમ છન્દો (પદ્યો) રૂપ ઔષધિ (બાવીશ શ્લોકમાં રચિત આ બ્રહ્મચર્ય પ્રકરણ) ની જે આ બત્તી પદ્મનન્દી મુનિરૂપ વૈદ્ય દ્વારા બતાવવામાં આવી છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રેષ્ઠ છે, યોગ્ય શબ્દ અને અર્થરૂપ જળથી જેનું ઉદ્‌વર્તન કરવામાં આવ્યું છે તથા જે ચિત્તરૂપ ચક્ષુના કામરૂપ રોગને શાંત કરે છે, તેનું સેવન તપોવૃદ્ધ સાધુઓએ પરલોકદર્શન માટે નિરંતર કરવું જોઈએ.

**વિશેષાર્થ:**—અહીં શ્રી પદ્મનન્દી મુનિએ જે આ બાવીશ શ્લોકમય બ્રહ્મચર્ય પ્રકરણ રચ્યું છે તેને તેમણે ઔષધિની બત્તી (રૂમાં ઔષધ રેડીને આંખમાં નાખવા માટે બનાવેલી વાટ અથવા અંજનશલાકા)ની ઉપમા આપી છે. અભિપ્રાય તેનો એ છે કે જેમ ઉત્તમ વૈદ્યદ્વારા બતાવાયેલ શ્રેષ્ઠ આંજણ સળી દ્વારા આંખોમાં આંજતાં મનુષ્યની આંખોનો રોગ (ફૂલું વગેરે) દૂર થઈ જાય છે અને પછી તે બીજા લોકોને સ્પષ્ટ જોવા લાગે છે, તેવી જ રીતે જે ભવ્ય જીવ પદ્મનન્દી મુનિદ્વારા ઉત્તમોત્તમ શબ્દો અને અર્થનો આશ્રય લઈને રચાયેલ આ બ્રહ્મચર્ય પ્રકરણનું મનન કરે છે તેમના ચિત્તનો કામરોગ (વિષય વાંછા) નષ્ટ થઈ જાય છે અને ત્યારે તે મુનિવ્રત ધારણ કરીને પરલોક (બીજો ભવ) જોવામાં સમર્થ થઈ જાય છે. તાત્પર્ય એ કે આમ કરવાથી દુર્ગતિનું દુઃખ નષ્ટ થઈને તેમને કાં તો મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે અથવા તો બીજા ભવમાં દેવાદિની ઉત્તમ પર્યાય પ્રાપ્ત થાય છે. ૨૨.

આ રીતે બ્રહ્મચર્યરક્ષાવર્તી નામનો અધિકાર સમાપ્ત થયો. ૧૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૩. ઋષભસ્તોત્ર

## [ १३. ऋषभस्त्रोत्रम् ]

आर्या

**जय उसह णाहिणंदण तिहुवणणिलएक्कदीव तित्थयर ।**
**जय सयलजीववच्छल णिम्मलगुणरयणणिहि णाह ॥१॥**

**અનુવાદઃ**—હે ઋષભ જિનેન્દ્ર ! નાભિ રાજાના પુત્ર, આપ ત્રણ લોકરૂપ ગૃહને પ્રકાશિત કરવા માટે અદ્વિતીય દીપક સમાન છો, ધર્મતીર્થના પ્રવર્તક છો, સમસ્ત પ્રાણીઓના વિષયમાં વાત્સલ્યભાવ ધારણ કરો છો તથા નિર્મળ ગુણોરૂપ રત્નોનાં સ્થાન છો. આપ જયવંત હો. ૧.

**सयलसुरासुरमणिमउडकिरणकब्बुरियपायपीढ तुमं ।**
**धण्णा पेच्छंति थुणंति जवंति झायंति जिणणाह ॥२॥**

**અનુવાદઃ**—નમસ્કાર કરતાં સર્વ દેવો અને અસુરોના મણિમય મુગટોના કિરણોથી જેમની પાદપીઠ ( પગ રાખવાનું આસન ) વિચિત્ર વર્ણની થઈ રહી છે, એવા હે ઋષભ જિનેન્દ્ર ! પુણ્યાત્મા જીવ આપના દર્શન કરે છે, સ્તુતિ કરે છે, જપ કરે છે અને ધ્યાન પણ કરે છે. ૨.

**चम्मच्छिणा वि दिट्ठे तइ तइलोए ण माइ महहरिसो ।**
**णाणच्छिणा उणो जिण ण-याणिमो किं परप्फुरइ ॥३॥**

**અનુવાદઃ**—હે જિન ! ચર્મમય નેત્રથી પણ આપના દર્શન થતાં જે મહાન્ હર્ષ ઉત્પન્ન થાય છે તે ત્રણે લોકમાં સમાતો નથી. તો પછી જ્ઞાનરૂપ નેત્રથી આપના દર્શન થતાં કેટલો આનંદ પ્રાપ્ત થાય, એ અમે જાણતાં નથી. ૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आर्या

**तं जिण णाणमणंतं विसईकयसयलवत्थुवित्थारं ।**
**जो थुणइ सो पयासइ समुद्दकहमवडसालूरो ॥४॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! જે જીવ સમસ્ત વસ્તુઓના વિસ્તારનો વિષય કરનાર આપના અનંત જ્ઞાનની સ્તુતિ કરે છે તે પોતાને પેલા કૂપમંડુક (કૂવામાં રહેનાર દેડકા) સમાન પ્રકટ કરે છે જે કૂવામાં રહેવા છતાં પણ સમુદ્રના વિસ્તારાદિ બતાવે છે.

**વિશેષાર્થઃ**—જેમ કૂવામાં રહેનારો તુચ્છ દેડકો કદી સમુદ્રનો વિસ્તાર આદિ બતાવી શકતો નથી તેવી જ રીતે અલ્પજ્ઞ મનુષ્ય આપના તે અનંત જ્ઞાનની સ્તુતિ કરી શકતો નથી કે જેમાં સમસ્ત દ્રવ્યો અને તેમના અનંત ગુણ તથા પર્યાયો યુગપત્ પ્રતિભાસિત થઈ રહ્યા છે. ૪.

**अम्हारिसाण तुह गोत्तकित्तणेण वि जिणेस संचरइ ।**
**आएसं मग्गंती पुरओ हियइच्छिया लच्छी ॥५॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપના નામના કીર્તનથી-કેવળ નામના સ્મરણ માત્રથી પણ અમારા જેવા મનુષ્યોની સામે મનચાહી લક્ષ્મી આજ્ઞા માગતી ઉપસ્થિત થાય છે. ૫.

**जासि सिरी तइ संते तुव अवइण्णम्मि तीए णट्ठाए ।**
**संके जणियाणिट्ठा दिट्ठा सव्वट्ठसिद्धी वि ॥ ६ ॥**

**અનુવાદઃ**—હે ભગવન્! આપ સર્વાર્થસિદ્ધિમાં સ્થિત હતા તે વખતે તેની જે શોભા હતી તે આપનો અહીં અવતાર થતાં નષ્ટ થઈ ગઈ. તેથી મને એવી આશંકા થાય છે કે તે વખતે સર્વાર્થસિદ્ધિ પણ એવી દેખવામાં આવી કે જાણે તેનું અનિષ્ટ જ થઈ ગયું હોય.

**વિશેષાર્થઃ**—જે વખતે ભગવાન્ ઋષભ જિનેન્દ્રનો જીવ સર્વાર્થસિદ્ધિમાં વિદ્યમાન હતો તે વખતે ભાવિતીર્થંકર ત્યાં રહેવાથી તેની શોભા નિરાળી જ હતી. પછી જ્યારે તે ત્યાંથી ચ્યુત થઈને મરુદેવી માતાના ગર્ભમાં અવતર્યા ત્યારે સર્વાર્થસિદ્ધિની તે શોભા નષ્ટ થઈ ગઈ હતી. આ બાબતમાં અહીં એવી ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે ભગવાન્ ઋષભ જિનેન્દ્ર ચ્યુત થતાં તે સર્વાર્થસિદ્ધિ જાણે વિધવા જ થઈ ગઈ હતી તેથી તે વખતે તે સૌભાગ્યશ્રી વિનાની દેખાઈ. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आर्या

**णाहिघरे वसुहारावडणं जं सुइरमिहं तुहोयरणा ।**
**आसि णहाहि जिणेसर तेण धरा वसुमई जाया ॥७॥**

**અનુવાદ:**—હે જિનેશ્વર ! આપે અવતાર લેવાથી નાભિ રાજાના ઘેર આકાશમાંથી જે લાંબા સમયસુધી ( પંદર માસ સુધી ) ધનની ધારાનો વરસાદ થયો-રત્નોની વર્ષા થઈ-તેથી આ પૃથ્વી ' વસુમતી ( ધનવાળી )' એવા સાર્થક નામ વાળી બની ૭

**स च्चिय सुरणवियपया मरुएवी पहु ठिओ सि जंगब्भे ।**
**पुरओ पट्टो बज्झइ मज्झे से पुत्तवंतीणं ॥८॥**

**અનુવાદ:**—હે ભગવાન્ ! જે મરૂદેવીના ગર્ભમાં તમારા જેવા પ્રભુ સ્થિત હતા તેમના જ ચરણોમાં તે વખતે દેવોએ નમસ્કાર કર્યા હતા. તે વખતે પુત્રવતી સ્ત્રીઓમાં તેમની સમક્ષ તેમને પટ્ટ બાંધવામાં આવ્યો હતો અર્થાત્ સમસ્ત પુત્રવતી સ્રીઓની વચ્ચે તીર્થંકર જેવા પુત્રરત્નને જન્મ આપનાર એક તે જ મરુદેવીને પુત્રવતી તરીકે પ્રસિદ્ધ કર-વામાં આવી હતી. ૮.

**अंकत्थे तइ दिट्ठे जंतेण सुरायलं सुरिंदेण ।**
**अणिमेसत्तबहुत्तं सयलं णयणाण पडिवण्णं ॥९॥**

**અનુવાદ:**—હે જિનેન્દ્ર ! સુમેરુ પર્વત ઉપર જતી વખતે ઈન્દ્રને ખોળામાં બેઠેલા આપના દર્શન થતાં તે પોતાના નેત્રોની નિર્નિમેષતા ( પલકારાને અભાવ ) અને અધિકતા (હજારની સંખ્યા )ને સફળ સમજવા લાગ્યાં.

**વિશેષાર્થ:**—એ આગમ પ્રસિદ્ધ વાત છે કે દેવોના નેત્ર નિર્નિમેષ ( પલકારા વિનાના ) હોય છે. તે પ્રમાણે ઇન્દ્રના નેત્ર નિર્નિમેષ તો હતાજ, સાથોસાથ તેમની સંખ્યા પણ એક હજાર હતી. ઈન્દ્રે જ્યારે આ નેત્રોથી પ્રભુના દર્શન કર્યા ત્યારે તેમણે તેને સફળ માન્યા. આ સુયોગ અન્ય મનુષ્ય આદિને પ્રાપ્ત થતો નથી. કારણ કે તેમને બે જ નેત્ર હોય છે અને તે પણ સનિમેષ. તેથી તેઓ જ્યારે ત્રિલોકીનાથના દર્શન કરે છે ત્યારે તેમને વચ્ચે વચ્ચે પલક બીડાઈ જવાથી એકાગ્રતા પણ રહેતી નથી. તેઓ તે દેવોની જેમ ઘણા સમય સુધી એકટક દૃષ્ટિથી ભગવાનના દર્શન કરી શકતા નથી. ૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आर्या

**तित्थत्तणमावण्णो मेरू तुह जम्मण्हाणजलजोए ।**
**तं तस्स सूरपमुहा पयाहिणं जिण कुणंति सया ॥१०॥**

**અનુંવાદઃ**—હે જિન! તે વખતે મેરુ પર્વત આપના જન્માભિષેકના જળના સંબંધથી તીર્થસ્વરૂપ બની ગયો હતો તેથી જ જાણે સૂર્ય–ચન્દ્રાદિ જ્યોતિષી દેવ નિરંતર તેની પ્રદક્ષિણા કર્યા કરે છે. ૧૦.

**मेरुसिरे पडणुच्छलियणीरताडणपणट्ठदेवाणं ।**
**तं वित्तं तुह ण्हाणं तह जह णहमासि संकिण्णं ॥११॥**

**અનુવાદઃ**—જન્માભિષેક વખતે મેરુ પર્વતના શિખર ઉપરથી નીચે પડીને ઊંચે ઊછળતા જળના આઘાતથી કાંઈક ખેદ પામેલા દેવો દ્વારા આપનો તે જન્માભિષેક એવી રીતે સંપન્ન થયો કે જેથી આકાશ તે દેવો અને જળથી ભરાઈ ગયું. ૧૧.

**णाह तुह जम्मण्हाणे हरिणो मेरुम्मि णच्चमाणस्स ।**
**वेल्लिरभुयाहि भग्गा तइ अज्ज वि भंगुरा मेहा ॥१२॥**

**અનુવાદઃ**—હે નાથ! આપના જન્માભિષેક મહોત્સવમાં મેરુ પર્વત ઉપર નૃત્ય કરતા ઇન્દ્રની ચંચળ ભુજાઓથી નાશ પામેલા વાદળા અત્યારે પણ ભંગુર (વિનશ્વર) જોવામાં આવે છે. ૧૨.

**जाण बहुएहिं वित्ती जाया कप्पद्दुमेहिं तेहिं विणा ।**
**एक्केण वि ताण तए पयाण परिकप्पिया णाह ॥१३॥**

**અનુવાદઃ**—હે નાથ! ભોગભૂમિના સમયમાં જે પ્રજાજનોની આજીવિકા ઘણાં કલ્પવૃક્ષો દ્વારા સંપન્ન થઇ હતી તેમની તે આજીવિકા તે કલ્પવૃક્ષોના અભાવમાં એક માત્ર આપના દ્વારા સંપન્ન (પ્રદર્શિત) કરવામાં આવી હતી.

**વિશેષાર્થઃ**—પૂર્વે અહીં (ભરતક્ષેત્રમાં) જ્યારે ભોગભૂમિની પ્રવૃત્તિ હતી ત્યારે પ્રજાજનોની આજીવિકા ઘણા (દસ પ્રકારનાં) કલ્પવૃક્ષો દ્વારા સંપન્ન થતી હતી. પરંતુ જ્યારે ત્રીજા કાળનો અંત આવવામાં પલ્યનો આઠમો ભાગ બાકી રહ્યો હતો ત્યારે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કલ્પવૃક્ષ ધીરેધીરે નષ્ટ થઇ ગયા હતા. તે વખતે ભગવાન્ આદિ જિનેન્દ્રે તેમને કર્મભૂમિને યોગ્ય અસિ–મસિ આદિ આજીવિકાના સાધનોનું શિક્ષણ આપ્યું હતું. જેમ કે શ્રી સમન્ત ભદ્રાચાર્ય સ્વામીએ કહ્યું પણ છે- प्रजापतिर्यो प्रथमं जिजीविषु: शशास कृष्यादिषु कर्मसु प्रजाः। प्रबुद्धतत्व: पुनरद्भुतोदयो ममत्वतो निर्बिविदे विदांवरः ॥ અભિપ્રાય એ છે કે જે ઋષભ જિનેન્દ્ર પહેલાં કલ્પવૃક્ષો નષ્ટ થઈ જતાં આજીવિકા નિમિત્તે વ્યાકુળતા પામેલી પ્રજાને પ્રજાપતિ રૂપે કૃષિ આદિ છ કર્મોનું શિક્ષણ આપ્યું હતું તે જ ઋષભ જિનેન્દ્ર પછી વસ્તુસ્વરૂપ જાણીને સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થતાં થકા આશ્ચર્યજનક અભ્યુદયને પ્રાપ્ત થયા અને સર્વ વિદ્વાનોમાં અગ્રેસર થઈ ગયા. બૃ. સ્વ. સ્તો. ૨. આ રીતે જે પ્રજાજન ભોગભૂમિના સમયમાં અનેક કલ્પવૃક્ષોથી આજીવિકા સમ્પન્ન કરતા હતા તેમણે કર્મભૂમિના પ્રારંભમાં એકમાત્ર ઉક્ત ઋષભ જિનેન્દ્રથી જ તે આજીવિકા સમ્પન્ન કરી હતી. તેઓ ઋષભ જિનેન્દ્ર પાસેથી અસિ, મસિ, અને કૃષિ આદિ કર્મોનું શિક્ષણ મેળવીને આનંદપૂર્વક આજીવિકા મેળવવા લાગ્યા હતા ૧૩.

**पहुणा तए सणाहा धरासि तीए कहण्णहा वूढो ।**
**णवधणसमयसमुल्लसियसासछम्मेण रोमंचो ॥१४॥**

**અનુવાદઃ**—હે ભગવન! તે વખતે પૃથ્વી આપ જેવા પ્રભુને પામીને સનાથ થઈ હતી. જો એમ ન થયું હોય તો પછી તે નવીન વર્ષાકાળના સમયે પ્રગટ થયેલા ધાન્યાંકુરોના બ્હાને રોમાંચ કેવી રીતે ધારણ કરી શકત? ૧૪.

**विज्जु व्व धणे रंगे दिट्ठपणट्ठा पणच्चिरी अमरी ।**
**जइया तइया वि तए रायसिरी तारिसी दिट्ठा ॥१५॥**

**અનુવાદઃ**—હે ભગવન્! જ્યારે આપે વાદળાની વચ્ચે ક્ષણમાં નષ્ટ થનારી વીજળી સમાન રંગભૂમિ ઉપર જોત જોતામાં મૃત્યુ પામાનારી નૃત્ય કરતી નીલાંજના અપ્સરાને જોઈ હતી ત્યારે આપે રાજ્યલક્ષ્મીને પણ એ જ રીતે ક્ષણભંગુર સમજી લીધી હતી.

**વિશેષાર્થઃ**—કોઈ વખતે ભગવાન્ ઋષભ જિનેન્દ્ર અનેક રાજા મહારાજાઓથી વીંટળાઈને સિંહાસન ઉપર બિરાજમાન હતા. તે વખતે તેમની સેવા કરવા માટે ઇન્દ્ર અનેક ગંધર્વો અને અપ્સરાઓ સાથે ત્યાં આવ્યા. તેણે ભક્તિવશે 'ત્યાં અપ્સરાઓનું નૃત્ય શરૂ કરાવ્યું'. તેણે ભગવાનને રાજ્યભોગથી વિરક્ત કરવાની ઈચ્છાથી આ કાર્યમાં એવા પાત્રની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નીલાંજનાની ) નિમણુંક કરી કે જેનું આયુષ્ય તરત જ પૂર્ણ થવાનું હતું. તે પ્રમાણે નીલાંજના રસ, ભાવ અને લય સાથે નૃત્ય કરી રહી હતી કે એટલામાં તેનું આયુષ્ય સમાપ્ત થઈ ગયું. અને તે દેખતાં દેખતાં ક્ષણવારમાં અદૃશ્ય થઇ ગઈ. જો કે ઈન્દ્રે રસ-ભંગના ભયથી ત્યાં બીજી તેવી જ અપ્સરા તત્કાળ ખડી કરી દીધી હતી, છતાં પણ ભગવાન ઋષભ જિનેન્દ્ર એનાથી અજાણ ન રહ્યા. આથી તેમના હૃદયમાં ઘણો વૈરાગ્ય થયો. આ. પુ. ૧૭, ૧-૧૧. ) ૧૫.

आर्या

**वेरग्गदिणे सहसा वसुहा जुण्णं व जं मुक्का ।**
**देव तए सा अज्ज वि विलवइ सरिजलरवा वराई ॥१६॥**

**અનુવાદઃ**—હે દેવ ! આપે વૈરાગ્યના દિવસે પૃથ્વીને જીર્ણ તૃણ સમાન એકાએક જ છોડી દીધી હતી, તેથી તે બિચારી આજ પણ નદીજળના ધ્વનિના બ્હાને વિલાપ કરી રહી છે. ૧૬.

**अइसोहिओ सि तइया काउस्सग्गट्ठिओ तुमं णाह ।**
**धम्मिक्कघरारंभे उब्भीकयमूलखंभो व्व ॥१७॥**

**અનુવાદઃ**—હે નાથ ! આપ કાર્યોત્સર્ગમાં સ્થિત થઈને એવા અત્યંત શોભતા હતા, જાણે ધર્મરૂપી અદ્વિતીય મહેલના નિર્માણમાં ઉપર ખડો કરવામાં આવેલો મૂળ સ્તંભ જ હોય ! ૧૭.

**हिययत्थझाणसिहिडज्झमाण सहसा सरीरधूमो व्व ।**
**सहइ जिण तुज्झ सीसे महुयरकुलसंणिहो केसभरो ॥१८॥**

**અનુવાદઃ**—હે જિન ! આપના શિર ઉપર જે ભમરાઓના સમૂહ સમાન કાળા કેશોનો ભાર છે તે એવો શોભે છે જાણે હૃદયમાં રહેલી ધ્યાનરૂપી અગ્નિથી સહસા બળનાર શરીરનો ધૂમાડો જ હોય ! ૧૮.

**कम्मकलंकचउक्के णट्ठे णिम्मलसमाहिभूईए ।**
**तुह णाणदप्पणे च्चिय लोयालोयं पडिप्फलियं ॥१९॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**— હે ભગવાન્! નિર્મળ ધ્યાનરૂપ સંપત્તિથી ચાર ઘાતી કર્મરૂપ કલંક નષ્ટ થઇ જતાં પ્રગટ થયેલ આપના જ્ઞાન (કેવળજ્ઞાન) રૂપ દર્પણમાં જ લોક અને અલોક પ્રતિબિંબિત થવા લાગ્યા હતા. ૧૯.

(आर्या)

आवरणाईणि तए समूलमुम्मूलियाइ दट्ठूण।
कम्मचउक्केण मुयं व णाह भीएण सेसेण ॥२०॥

**અનુવાદઃ**— હે નાથ! તે વખતે જ્ઞાનાવરણાદિ ચાર ઘાતી કર્મોને મૂળમાંથી નષ્ટ થયેલાં જોઇને શેષ (વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર) ચાર આઘાતી કર્મ ભયથી જ જાણે મરેલા સમાન (અનુભાગથી ક્ષીણ) થઈ ગયા હતા. ૨૦.

णाणामणिणिम्माणे देव ठिओ सहसि समवसरणम्मि।
उवरिं व संणिविट्ठो जियाण जोईण सव्वाणं ॥२१॥

**અનુવાદઃ**— હે દેવ! વિવિધ પ્રકારના મણિઓથી નિર્મિત સમવસરણમાં સ્થિત આપ જીતી લેવામાં આવેલા સર્વ યોગીઓની ઉપર બેઠેલા જેવા સુશોભિત થાવ છો.

**વિશેષાર્થઃ**— જિનેન્દ્ર ભગવાન્ સમવસરણ સભામાં ગંધકૂટીમાં સ્વભાવથી જ સર્વથી ઉપર વિરાજમાન રહે છે. એ બાબત ઉપર અહીં એ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે તેમણે પોતાની અભ્યંતર અને બાહ્ય લક્ષ્મી દ્વારા સર્વ યોગીઓને જીતી લીધા હતા. તેથી તેઓ જાણે તે બધા યોગીઓની ઉપર સ્થિત હતા. ૨૧.

लोउत्तरा वि सा समवसरणसोहा जिणेस तुह पाए।
लहिऊण लहइ महिमं रविणो णलिणि व्व कुसुमट्टा [इढा]।२२।

**અનુવાદઃ**—હે જિનેશ! તે સમવરણની શોભા જો કે અલૌકિક હતી, છતાં પણ તે આપના પાદ (ચરણો) ને પ્રાપ્ત કરીને એવી મહિમા પામી કે જેથી પુષ્પોથી વ્યાપ્ત કમલિની સૂર્યના પાદ (કિરણો) ને પામીને મહિમા પ્રાપ્ત કરે છે. ૨૨.

निद्दोसो अकलंको अजडो चंदो व्व सहसि तं तह वि।
सीहासणायलत्थो जिणिंद कयकुवलयाणंदो ॥ २३ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**— હે જિનેન્દ્ર ! સિંહાસનરૂપ ઉદયાચળ ઉપર સ્થિત આપ ચન્દ્રમા સમાન કુવલય ( પૃથ્વીમંડળ, ચંદ્રપક્ષે કુમુદ ) ને આનંદિત કરો છો; તેથી જ તે ચંદ્રમા સમાન સુશોભિત થાવ છો, તો પણ આપમાં તે ચન્દ્રમાની અપેક્ષાએ વિશેષતા છે–કારણ કે જેવી રીતે આપ અજ્ઞાનાદિ દોષોથી રહિત હોવાને કારણે નિર્દોષ છો તેવી રીતે ચન્દ્રમા નિર્દોષ નથી–તે સદોષ છે કારણ કે તે દોષા ( રાત્રિ ) સાથે સંબંધ રાખે છે. આપ કર્મમળ રહિત હોવાના કારણે અકલંક છો, પરંતુ ચન્દ્રમા કલંક ( કાળા ચિહ્ન ) સહિત જ છે. આપ જડતા ( અજ્ઞાનતા ) રહિત હોવાને કારણે અજડ છો પરંતુ ચન્દ્રમા અજડ નથી, પણ જડ છે–હિમગ્રસ્ત છે. ૨૩.

**अच्छंतु ताव इयरा फुरियविवेया णमंतसिरसिहरा ।**
**होइ असोओ रुक्खो वि णाह तुह संणिहाणत्थो ॥२४॥**

**અનુવાદઃ**—હે નાથ ! જેમને વિવેક પ્રગટ થયો છે તથા જેમનું શિરરૂપ શિખર આપને નમસ્કાર કરવામાં નમ્રીભૂત થાય છે એવા બીજા ભવ્ય જીવ તો દૂર જ રહ્યા પરંતુ આપની સમીપમાં સ્થિત વૃક્ષ પણ અશોક થઇ જાય છે.

**વિશેષાર્થઃ**—અહીં ગ્રન્થકર્તા ભગવાન ઋષભ જિનેન્દ્રની સ્તુતી કરતાં તેમની સમીપે રહેલ આઠ પ્રાતિહાર્યોમાંથી પ્રથમ અશોક વૃક્ષનો ઉલ્લેખ કરે છે. તે વૃક્ષ જો કે નામથી જ ‘ અશોક ’ પ્રસિદ્ધ છે, છતાં પણ તેઓ પોતાના શબ્દચાતુર્યથી એમ વ્યક્ત કરે છે કે જો જિનેન્દ્ર ભગવાનની કેવળ સમીપતા જ પામીને તે સ્થાવર વૃક્ષ પણ અશોક ( શોક રહિત ) થઇ જાય છે તો ભલા જે વિવેકી જીવ તેમની સમીપમાં રહીને તેમને ભક્તિપૂર્વક નમસ્કાર આદિ કરે છે તેઓ શોક રહિત કેમ ન થાય ? અવશ્ય જ તેઓ શોક રહિત થઈને અનુપમ સુખ પ્રાપ્ત કરશે. ૨૪.

**छत्तत्तयमालंबियणिम्मलमुत्ताहलच्छला तुज्झ ।**
**जणलोयणेसु वरिसइ अमयं पि व णाह बिंदूहिं ॥२५॥**

**અનુવાદઃ**—હે નાથ ! આપના ત્રણ છત્ર લટકતા નિર્મળ મોતિઓના બ્હાને જાણે બિંદુઓ દ્વારા ભવ્યજનોના નેત્રોમાં અમૃતની વર્ષા જ કરે છે.

**વિશેષાર્થઃ**—ભગવાન ઋષભ જિનેન્દ્રના શિર ઉપર જે ત્રણ છત્ર અવસ્થિત હતા તેમની ચારે તરફ જે સુન્દર મોતી લટકતા હતા તે લોકોના નેત્રોમાં એવા લાગતા હતા કે જાણે તે ત્રણ છત્ર તે મોતીઓના બ્હાને અમૃતબિન્દુઓની વર્ષા જ કરી રહ્યા હોય. ૨૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

कयलोयलोयणुप्पलहरिसाइ सुरेसहत्थचलियाइं ।
तुह देव सरय हरकिरणकयाइं व चमराइं ॥२६॥

**અનુવાદઃ**—હે દેવ! લોકોનાં નેત્રોરૂપ નીલકમળોને હર્ષિત કરનાર જે ચમર ઇન્દ્રના હાથે આપના ઉપર ઢોળવામાં આવતા હતા તે શરદ કાળના ચન્દ્રમાના કિરણોથી કરવામાં આવ્યા હોય તેવા લાગતા હતા. ૨૬.

विहलीकयपचसरे पंचसरो जिण तुमम्मि काऊण ।
अमरकयपुप्फविट्ठिच्छला बहू मुवइ कुसुमसरे ॥२७॥

**અનુવાદઃ**—હે જિન! આપના વિષયમાં પોતાના પાંચ બાણોને વ્યર્થ જોઈને તે કામદેવ દેવો દ્વારા કરવામાં આવતી પુષ્પવૃષ્ટિનાં બ્હાને જાણે આપના ઉપર ઘણાં પુષ્પમય બાણો છોડી રહ્યા છે.

**વિશેષાર્થ**:—કામદેવનુ એક નામ પંચશર પણ છે જેનો અર્થ થાય છે પાંચ બાણોવાળા. આ બાણ પણ તેમનાં લોહમય ન હોતાં પુષ્પમય માનવામાં આવે છે. તે આ જે બાણો દ્વારા કેટલાય અવિવેકી પ્રાણીઓને જીતીને તેમને વિષયાસક્ત કર્યા કરે છે. મૂળમાં અહીં ભગવાન ઋષભજિનેન્દ્ર ઉપર જે દેવોદ્વારા પુષ્પોની વર્ષા કરવામાં આવી રહી હતી તેની ઉપર આ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે તે પુષ્પવર્ષા નથી પણ જ્યારે ભગવાનને પોતાને વશ કરવા માટે તે કામદેવે તેમની ઉપર પોતાના પાંચે બાણ ચલાવ્યા અને છતા પણ તેઓ તેને વશ ન થયા ત્યારે તેણે જાણે તેમના ઉપર એક સાથે ઘણા બાણો છોડવા જ શરૂ કર્યા હતા. ૨૭.

एस जिणो परमप्पा णाणी अण्णोण सुणह मा वयणं ।
तुह दुंदुही रसंतो कहइ व तिजयस्स मिलियस्स ॥२८॥

**અનુવાદઃ**—હે ભગવન્! શબ્દ કરતી થકી તમારી ભેરી ત્રણે લોકના સર્વ પ્રાણીઓને જાણે એમ કહી રહી હતી કે હે ભવ્ય જીવો! આ જિનદેવ જ જ્ઞાની પરમાત્મા છે, બીજા કોઈ પરમાત્મા નથી; તેથી એક જિનેન્દ્રદેવ સિવાય તમે બીજાઓનો ઉપદેશ ન સાંભળો. ૨૮.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**रविणो संतावयरं ससिणो उण जड्डयायरं देव।**
**संतावजडत्तहरं तुज्झ च्चिय पहु पहावलयं ॥२९॥**

**અનુવાદઃ**—હે દેવ! સૂર્યનું પ્રભામંડળ તો સંતાપ કરનાર છે અને ચંદ્રનું પ્રભામંડળ જડતા ( શીતપણું ) ઉત્પન્ન કરે છે. પરંતુ હે પ્રભો! સંતાપ અને જડતા ( અજ્ઞાનતા ) આ બન્નેને દૂર કરનાર પ્રભામંડળ એક આપનું જ છે. ૨૯.

**मंदरमहिज्जमाणंबुरासिणिग्घोससंणिहा तुज्झ।**
**वाणी सुहा ण अण्णा संसारविसस्स णासयरी ॥३०॥**

**અનુવાદઃ**—મેરુ પર્વત વડે મથવામાં આવતા સમુદ્રની ધ્વનિ સમાન ગંભીર આપની ઉત્તમ વાણી અમૃત સ્વરૂપ હોઈને સંસારરૂપ વિષને નષ્ટ કરનાર છે, એના સિવાય બીજા કોઈની વાણી તે સંસારરૂપ વિષને નષ્ટ કરી શકતી નથી.

**વિશેષાર્થઃ**—જિનેન્દ્ર ભગવાનની જે દિવ્યધ્વનિ ખરે છે તે તાળવું, કંઠ, અને હોઠ આદિના વ્યાપારરહિત નિરક્ષર હોય છે. તેનો અવાજ સમુદ્ર અથવા મેઘગર્જના સમાન ગંભીર હોય છે. તેમાં એક આ વિશેષતા હોય છે કે જેથી શ્રોતાગણને એવું જ લાગે છે કે ભગવાન આપણી ભાષામાં જ ઉપદેશ આપી રહ્યા છે. ક્યાંક એવો પણ ઉલ્લેખ મળે છે કે તે દિવ્યધ્વનિ હોય છે તો નિરક્ષર જ, પણ તેને માગધદેવ અર્ધમાગધી ભાષામાં પરિણમાવે છે. તે દિવ્યધ્વનિ સ્વભાવથી ત્રણે સંધ્યાકાળે નવ મુહૂર્ત સુધી ખરે છે. પરંતુ ગણધર, ઇન્દ્ર અને ચક્રવર્તી આદિના પ્રશ્ન અનુસાર કોઈ વાર તે અન્ય સમયમાં પણ ખરે છે. તે એક યોજન સુધી સંભળાય છે. ભગવાન્ જિનેન્દ્ર વીતરાગ અને સર્વજ્ઞ હોય છે તેથી તેમના દ્વારા નિર્દિષ્ટ તત્ત્વના વિષયમાં કોઈ પ્રકારનો સંદેહ આદિ કરી શકાતો નથી. કારણ એ છે કે વચનમાં અસત્યપણું કાં તો કષાયવશ જોવામાં આવે છે અથવા તો અલ્પજ્ઞતાને કારણે. અને તે જિનેન્દ્ર ભગવાનમાં રહ્યા નથી. માટે તેમની વાણીને અહીં અમૃત સમાન સંસાર-વિષનાશક બતાવવામાં આવી છે. ૩૦.

**पत्ताण सारणि पिव तुज्झ गिरं सा गई जडाणं पि।**
**जा मोक्खतरुट्ठाणे असरिसफलकारणं होइ ॥३१॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર દેવ! ક્યારી સમાન તમારી વાણીને પ્રાપ્ત થયેલ અજ્ઞાની જીવોની પણ તે અવસ્થા થાય છે જે મોક્ષરૂપ વૃક્ષના સ્થાનમાં અનુપમ ફળનું કારણ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષાર્થઃ—જેવી રીતે ઉત્તમ કયારી બનાવીને તેમાં લગાવવામાં આવેલું વૃક્ષ જળસિંચન પામીને ઇચ્છિત ફળ આપે છે તેવી જ રીતે જે ભવ્ય જીવ મોક્ષરૂપ વૃક્ષની કયારી સમાન તે જિનવાણી પામીને ( સાંભળીને ) તે પ્રમાણે મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થાય છે તેમને અવશ્ય જ તેનાથી અનુપમ ફળ ( મોક્ષસુખ ) પ્રાપ્ત થાય છે. ૩૧.

( आर्या )

पोयं पिव तुह वयणं संलीणा फुडमहोकयजडोहं ।
हेलाए च्चिय जीवा तरंति भवसायरमणंत्तं ॥३२॥

**અનુવાદઃ**—જેવી રીતે જલૌઘ અર્થાત્ પાણીના સમૂહને અધઃકૃત ( નીચે કરનારી ) નૌકાનો આશ્રય લઈને પ્રાણી અનાયાસ જ અપાર સમુદ્રનો પાર પામી જાય છે, તેવી જ રીતે જડૌઘ અર્થાત્ અજ્ઞાન સમૂહને અધઃકૃત ( તિરસ્કૃત ) કરનારી આપની વાણીરૂપ નૌકાનો આશ્રય લઈને ભવ્ય જીવ પણ અનાયાસે જ અનંત સંસારરૂપ સમુદ્રને પાર થઈ જાય છે, એ સ્પષ્ટ છે. ૩૨.

तुह वयणं चिय साहइ णूणमणेयंतवादवियडवहं ।
तह हिययपईइअरं सव्वत्तणमप्पणो णाह ॥३३॥

**અનુવાદઃ**—હે નાથ ! હૃદયમાં પ્રતીતિ ઉત્પન્ન કરનારી આપની વાણી જ નિશ્ચયથી અનેકાન્તવાદરૂપ કઠિન માર્ગને તથા આત્માના સર્વજ્ઞત્વને પણ સિદ્ધ કરે છે. ૩૩.

विप्पडिवज्जइ जो तुह गिराए मइसुइबलेण केवलिणो ।
वरदिट्ठिदिट्ठणहजंतपक्खिगणणे वि सो अंधो ॥३४॥

**અનુવાદઃ**—હે ભગવાન ! જે મનુષ્ય પોતાના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના બળ ઉપર આપના જેવા કેવળીની વાણીના વિષયમાં–તેના દ્વારા નિરૂપિત તત્ત્વસ્વરૂપમાં–વિવાદ ( સંદેહાદિ ) પામે છે, તેનું આ આચરણ તે અંધ મનુષ્ય સમાન છે, જે કોઈ નિર્મળ નેત્રોવાળા અન્ય મનુષ્ય દ્વારા દેખવામાં આવેલા એવા આકાશમાં સંચાર કરતાં પક્ષીઓની ગણતરી ( સંખ્યા )માં વિવાદ કરે છે. ૩૪.

भिण्णाण परणयाणं एक्केक्कमसंगया णया तुज्झ ।
पावंति जयम्मि जयं मज्झम्मि रिऊण किं चित्तं ॥३५॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—હે ભગવન્ ! જગતમાં આપના પૃથક્ પૃથક્ એક એક નય શત્રુભૂત ભિન્ન ભિન્ન પરમતોની મધ્યમાં જો જય પામે છે તો એમાં આશ્ચર્ય શું છે ! કાંઈ પણ નહિ. ૩૫.

( आर्या )

**अण्णस्स जए जीहा कस्स सयाणस्स वण्णणे तुज्झ ।**
**जत्थ जिण ते वि जाया सुरगुरुपमुहा कई कुंठा ॥३६॥**

**અનુવાદઃ**—હે જિન ! જગતમાં તમારા વર્ણનમાં જે બૃહસ્પતિ આદિ કવિ પણ કુંઠિત ( અસમર્થ ) થઈ ગયા છે તેમાં ભલા અન્ય કયા બુદ્ધિમાનની જીભ સમર્થ થઈ શકે ? અર્થાત્ આપના ગુણોનું કીર્તન જ્યાં બૃહસ્પતિ આદિ પણ કરી શકયા નથી તો પછી બીજો કયો એવો કવિ છે જે આપના તે ગુણોનું પૂર્ણપણે કીર્તન કરી શકે ? ૩૬.

**सो मोहथेणरहिओ पयासिओ पहु सुपहो तए तइया ।**
**तेणज्ज वि रयणजुया णिव्विग्घ जंति णिव्वाणं ॥३७॥**

**અનુવાદઃ**—હે પ્રભો ! તે વખતે આપે મોહરૂપ ચોર રહિત તે સુમાર્ગ (મોક્ષમાર્ગ) પ્રગટ કર્યો હતો કે જેથી આજે પણ મનુષ્ય રત્નો ( રત્નત્રય ) સહિત થઈને નિર્બાધપણે મોક્ષમાં જાય છે.

**વિશેષાર્થઃ**—જેમ શાસનના સારા પ્રબંધથી ચોર રહિત કરવામાં આવેલા માર્ગે મનુષ્ય ઇચ્છિત ધન લઈને નિર્બાધપણે ગમનાગમન કરે છે, તેવી જ રીતે ઋષભદેવ ભગવાને પોતાના દિવ્ય ઉપદેશ દ્વારા જે મોક્ષમાર્ગને મોહરૂપ ચોરથી રહિત કરી દીધો હતો તેના ઉપર ચાલીને સાધુ પુરુષો અત્યારે પણ સમ્યગ્દર્શનાદિરૂપ અનુપમ રત્નો સાથે નિર્વિઘ્નપણે ઇચ્છિત સ્થાન ( મોક્ષ ) પ્રાપ્ત કરે છે. ૩૭.

**उग्घुडियम्मि तम्मि हु मोक्खणिहाणम्मि गुणणिहाण तए ।**
**केहिं ण जुण्णतिणाइ व इयरणिहाणेहिं भुवणम्मि ॥३८॥**

**અનુવાદઃ**—હે ગુણનિધાન ! આપના દ્વારા તે મોક્ષરૂપ નિધિ ( ખજાનો ) ખોલી નાખવામાં આવતા લોકમાં કયા ભવ્ય જીવોએ રત્ન-સુવર્ણાદિ રૂપ બીજા ખજાના જીર્ણ ઘાસ સમાન છોડયા નહોતા ? અર્થાત્ ઘણાએ તેમનો ત્યાગ કરી જિનદીક્ષાનો સ્વીકાર કર્યો હતો. ૩૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

**मोहमहाफणिडक्को जणो विरायं तुमं पमुत्तूण ।**
**इयराणाए कह पहु विचेयणो चेयणं लहइ ॥३९॥**

**અનુવાદઃ**—હે પ્રભુ! મોહરૂપી મહા સર્પદ્વારા કરડાવાથી મૂર્ચ્છા પામેલો મનુષ્ય આપ વીતરાગને છોડી બીજાની આજ્ઞા (ઉપદેશ)થી કેવી રીતે ચેતના પામી શકે? અર્થાત્ પામી શકે નહિ.

**વિશેષાર્થઃ**—જેમ સર્પ કરડવાથી મૂર્ચ્છા પામેલો મનુષ્ય મંત્ર જાણનારના ઉપદેશથી નિર્વિષ બનીને ચેતનપણું પ્રાપ્ત કરી લે છે તેવી જ રીતે મોહથી ગ્રસાયેલ સંસારી પ્રાણી આપના સદુપદેશથી અવિવેક છોડીને પોતાનું ચૈતન્ય સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે. ૩૯.

**भवसायरम्मि धम्मो धरइ पडंतं जणं च्चेय ।**
**सवरस्स व परमारणकारणमियराण जिणणाह ॥४०॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! સંસારરૂપ સમુદ્રમાં પડતા પ્રાણીનું રક્ષણ આપનો જ ધર્મ કરે છે. બીજાઓનો ધર્મ તો ભીલના ધર્મ (ધનુષ્ય) સમાન અન્ય જીવોને મારવાનું જ કારણ થાય છે ૪૦.

**अण्णो को तुह पुरओ वग्गइ गरुयत्तणं पयासंतो ।**
**जम्मि तइ परमियत्तं केसणहाणं पि जिण जायं ॥४१॥**

**અનુવાદઃ**—હે જિન! જે આપના વાળ અને નખ પણ પરિમિતતા પામ્યા અર્થાત્ વૃદ્ધિરહિત થઈ ગયા હતા તેવા આપની આગળ બીજો કોણ પોતાનો મહિમા પ્રગટ કરતો થકો જઈ શકે? અર્થાત્ કોઈ જઈ શકે નહિ.

**વિશેષાર્થઃ**—કેવળજ્ઞાન પ્રગટતાં નખ અને વાળની વૃદ્ધિ થતી નથી. એ બાબત ઉપર અહીં એમ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે તે નખકેશની વૃદ્ધિનો અભાવ જાણે એમ સૂચના કરતો હતો કે આ જિનેન્દ્ર ભગવાન સર્વશ્રેષ્ઠ છે, એમની આગળ બીજા કોઈ નો પ્રભાવ રહી શકતો નથી. ૪૧.

**सहइ सरीरं तुह पहु तिहुयणजणणयणबिंबविच्छुरियं ।**
**पडिसमयमच्चियं चारुतरलणीलुप्पलेहिं व ॥४२॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—હે પ્રભો! આપના શરીર ઉપર જે ત્રણે લોકના પ્રાણીઓના નેત્રોનું પ્રતિબિંબ પડી રહ્યું હતું તેનાથી વ્યાપ્ત તે શરીર એવું લાગતું હતું જાણે તે નિરંતર સુંદર અને ચંચળ નીલકમળો દ્વારા પૂજા પામી રહ્યું હોય. ૪૨.

( आर्या )

अहमहमियाए णिवडंति णाह छुहियालिणो व्व हरिचक्खू ।
तुज्झ च्चिय णहपहसरमज्झट्ठियचलणककमलेसुं ॥४३॥

**અનુવાદઃ**—હે નાથ! તમારા જ નખોની કાન્તિરૂપ સરોવરની મધ્યમાં સ્થિત ચરણ-રૂપ કમળો ઉપર જે ઇન્દ્રના નેત્રો પડે છે તે એવા દેખાય છે કે જાણે અહમહમિકા અર્થાત્ હું પહેલાં પહોંચું, હું પહેલાં પહોંચું, આ રૂપે ભૂખ્યા ભ્રમર જ તેમની ઉપર પડી રહ્યા હોય. ૪૩.

कणयकमलाणमुवरिं सेवा तुह विबुहकप्पियाण तुहं ।
अहियसिरीणं तत्तो जुत्तं चरणाण संचरणं ॥४४॥

**અનુવાદઃ**—હે ભગવન્! આપની સેવા માટે દેવોદ્વારા રચવામાં આવેલા સુવર્ણ-મય કમળો ઉપર જે આપના ચરણોનો સંચાર થતો હતો તે યોગ્ય જ હતું કેમ કે આપના ચરણોની શોભા તે કમળો કરતાં વધારે હતી. ૪૪.

सइ–हरिकयकण्णसुहो गिज्जइ अमरेहिं तुह जसो सग्गे ।
मण्णे तं सोउमणो हरिणो हरिणंकमल्लीणो ॥४५॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! સ્વર્ગમાં ઇન્દ્રાણી અને ઇન્દ્રના કાનોને સુખ આપનારું જે દેવોદ્વારા આપનું યશોગાન કરવામાં આવે છે તે સાંભળવા માટે ઉત્સુક થઈને જ જાણે હરણે ચંદ્રનો આશ્રય લીધો છે, એમ હું સમજું છું. ૪૫.

अलियं कमले कमला कमकमले तुह जिणिंद सा वसइ ।
णहकिरणणिहेण घडंति णयजणे से कडक्खछडा ॥४६॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! કમળમાં લક્ષ્મી રહે છે એમ કહેવું અસત્ય છે; કારણ કે તે તો આપના ચરણકમળમાં રહે છે, તેથી જ તો નમસ્કાર કરતા જનો ઉપર આપના નખોના કિરણોના બ્હાને તેના નેત્રકટાક્ષોની કાન્તિ સંગ પામી શકે છે. ૪૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

**जे कयकुवलयहरिसे तुमम्मि विद्देसिणो स ताणं पि।**
**दोसो ससिम्मि वा आहयाण जह वाहिआवरणं ॥४७॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! કુવલય અર્થાત્ ભૂમંડળને હર્ષિત કરનાર આપના વિષયમાં જે વિદ્વેષ રાખે છે તે તેમનો જ દોષ છે. જેમ-કુવલય (કુમુદ) ને પ્રફુલ્લિત કરનાર ચન્દ્રના વિષયમાં જે મૂર્ખ બહારનું આવરણ કરે છે તો તે તેમનો જ દોષ હોય છે, નહિ કે ચન્દ્રનો. અભિપ્રાય એમ છે કે જેવી રીતે કોઈ ચન્દ્રનો પ્રકાશ (ચાંદની) રોકવા માટે જો બાહ્ય આવરણ કરે છે તો તે તેનો જ દોષ ગણવામાં આવે છે, નહિ કે તે ચન્દ્રનો. કારણ કે તે તો સ્વભાવે પ્રકાશક અને આહ્લાદજનક જ છે. એવી જ રીતે જો કોઈ અજ્ઞાની જીવ આપને પામીને પણ આત્મહિત કરતો નથી તો એ તેનો જ દોષ છે, નહિ કે આપનો. કારણ કે આપ તો સ્વભાવથી બધા જ પ્રાણીઓના હિતકારક છો. ૪૭.

**को इह हि उव्वरंतो जिण जयसंहरणमरणवणसिहिणो।**
**तुह पयथुइणिज्झरणी वारणमिणमो ण जइ होंति ॥४८॥**

**અનુવાદઃ**—હે જિન! જો આપના ચરણોની સ્તુતિરૂપ આ નદી રોકનારી (ઓલવનારી) ન હોત તો પછી અહીં જગતનો સંહાર કરનારી મૃત્યુરૂપ દાવાગ્નિથી કોણ બચી શકતું હતું? અર્થાત્ કોઈ બાકી ન રહી શકત. ૪૮.

**करजुवलकमलमउले भालत्थे तुह पुरो कए वसइ।**
**सग्गापवग्गकमला कुणंति तं तेण सप्पुरिसा ॥४९॥**

**અનુવાદઃ**—હે ભગવન્! આપની આગળ નમસ્કાર કરતી વખતે મસ્તક ઉપર સ્થિત બન્ને હાથરૂપ કમળની કળીમાં સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી નિવાસ કરે છે, તેથી સજ્જન પુરુષ તેને (બન્ને હાથ કપાળ ઉપર સ્થિત) કર્યા કરે છે. ૪૯.

**वियलइ मोहणधूली तुह पुरओ मोहठगपरिट्ठविया।**
**पणवियसीसाओ तओ पणवियसीसा बुहा होंति ॥५०॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! તમારી આગળ નમ્રીભૂત થયેલા શિરથી મોહરૂપ ઠગ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી મોહનધૂળ (મોહ પમાડનારી ધૂળ) નાશ પામી જાય છે, તેથી વિદ્વાનો શિર નમાવીને આપને નમસ્કાર કરે છે. ૫૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

**बंभप्पमुहा सण्णा सव्वा तुह जे भणंति अण्णस्स।**
**ससिजोण्हा खज्जोए जडेहि जोडिज्जए तेहि ॥५१॥**

**અનુવાદઃ**—હે ભગવન્! જે લોકો આપના બ્રહ્મા આદિ સર્વ નામોને બીજા (વિધાતા આદિ)ના બતાવે છે તે મૂર્ખ જાણે ચન્દ્રની ચાંદનીને આગિયા સાથે જોડે છે

**વિશેષાર્થઃ**—જેમ આગિયાનો પ્રકાશ કદી ચાંદની સમાન થઈ શકતો નથી તેવી જ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ઇત્યાદિ જે આપના સાર્થક નામ છે તે દેવરૂપે મનાતા બીજાઓના કદી થઈ શકતા નથી. તે સર્વ તો આપના જ નામ છે. જેમ કે-त्वामव्ययं विभुमचिन्त्यसंख्यमाद्यं ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम्। योगीश्वरं विदितयोगमनेकमेकं ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः॥ बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात्। धातासि धीर शिवमार्गविधेर्विधानाद् व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि [भक्तामर० २४-२५] ॥ ५१ ॥

**तं चेव मोक्खपयवी तं चिय सरणं जणस्स सव्वस्स।**
**तं णिक्कारणविज्जो जाइजरामरणवाहिहरो ॥५२॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! તમે જ મોક્ષમાર્ગ છો, તમે જ સર્વ પ્રાણીઓને શરણભૂત છો; તથા તમે જ જન્મ, જરા અને મરણરૂપ વ્યાધિને નષ્ટ કરનાર નિસ્વાર્થ વૈદ્ય છો ૫૨.

**किच्छाहिं समुवलद्धे कयकिच्चा जम्मि जोइणो होंति।**
**तं परमकारणं जिण ण तुमाहिंतो परो अत्थि ॥५३॥**

**અનુવાદઃ**—હે અર્હન્! જે આપને કષ્ટપૂર્વક પ્રાપ્ત કરીને (જાણીને) યોગીજન કૃતકૃત્ય થઈ જાય છે તે તમે જ તે કૃતકૃત્યતાના ઉત્કૃષ્ટ કારણ છો, તમારા સિવાય બીજા કોઈ તેનું કારણ થઈ શકતું નથી. ૫૩.

**सुहमो सि तह ण दीससि जह पहु परमाणुपेच्छएहिं पि।**
**गुरुवो तह बोहमए जह तइ सव्वं पि संमायं ॥५४॥**

**અનુવાદઃ**—હે પ્રભો! તમે એવા સૂક્ષ્મ છો કે જેથી પરમાણુને દેખનારા પણ તમને દેખી શકતા નથી તથા તમે એવા સ્થૂળ છો કે જેથી અનંતજ્ઞાનસ્વરૂપ આપમાં આખુંય વિશ્વ સમાઈ જાય છે. ૫૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णीसेसवत्थुसत्थे हेयमहेयं णिरूवमाणस्स ।
तं परमप्पा सारो सेसमसारं पलालं वा ॥ ५५ ॥

**અનુવાદઃ**—હે ભગવન્! સમસ્ત વસ્તુઓના સમૂહમાં આ હેય છે અને આ ઉપાદેય છે, એવું નિરૂપણ કરનાર શાસ્ત્રનો સાર તમે પરમાત્મા જ છો, બાકી બધું પરાળ (પૂળા) સમાન નિઃસાર છે. ૫૫.

धरइ परमाणुलीलं जग्गब्भे तिहुयणं पि तं पि णहं ।
अंतो णाणस्स तुह इयरस्स ण एरिसी महिमा ॥५६॥

**અનુવાદઃ**—હે સર્વજ્ઞ! જે આકાશના ગર્ભમાં ત્રણે ય લોક પરમાણુની લીલા ધારણ કરે છે અર્થાત્ પરમાણુ સમાન જણાય છે, તે આકાશ પણ આપના જ્ઞાનમાં પરમાણુ જેવું લાગે છે. આવો મહિમા બ્રહ્મા-વિષ્ણુ વગેરે કોઈ બીજાનો નથી. ૫૬.

भुवणत्थुय थुणइ जइ जए सरस्सई संतयं तुहं तह वि ।
ण गुणंतं लहइ तहिं को तरइ जडो जणो अण्णो ॥५७॥

**અનુવાદઃ**—હે ભુવનસ્તુત! જો સંસારમાં તમારી સ્તુતિ સરસ્વતી પણ નિરંતર કરે તો પણ તે જો તમારા ગુણોનો અંત પામતી નથી તો પછી બીજો કયો મૂર્ખ મનુષ્ય તે ગુણસમુદ્રમાં તરી શકે? અર્થાત્ આપના સર્વ ગુણોની સ્તુતિ કોઈ પણ કરી શકતું નથી ૫૭.

खयरि व्व संचरंती तिहुयणगुरु तुह गुणाहगयणम्मि ।
दूरं पि गया सुइरं कस्स गिरा पत्तपेरंता ॥ ५८ ॥

**અનુવાદઃ**—હે ત્રિભુવનપતે! આપના ગુણસમૂહરૂપ આકાશમાં પક્ષિણી (અથવા વિદ્યાધરી) સમાન ચિરકાળથી સંચાર કરનારી કોઈની વાણીએ દૂર જઈને પણ શું તેનો (આકાશનો, ગુણસમૂહનો) અંત મેળવ્યો છે? અભિપ્રાય એ છે કે જેમ પક્ષી ચિરકાળ-સુધી ગમન કરીને પણ આકાશનો અંત પામતું નથી તેવી જ રીતે ચિરકાળ સુધી સ્તુતિ કરીને પણ કોઈની વાણી આપના ગુણોનો અંત પામી શકતી નથી. ૫૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जत्थ असक्को सक्को अणीसरो ईसरो फणीसो वि ।
तुह थोत्ते तत्थ कई अहममई तं खमिज्जासु ॥ ५९ ॥


**અનુવાદ:**—હે ભગવન્! તમારા જે સ્તોત્રના વિષયમાં ઇન્દ્ર અશક્ત છે, ઈશ્વર (મહાદેવ) અનીશ્વર (અસમર્થ) છે તથા ધરણેન્દ્ર પણ અસમર્થ છે; તે તારા સ્તોત્રના વિષયમાં હું નિર્બુદ્ધિ કવિ (કેવી રીતે) સમર્થ થઈ શકું? અર્થાત્ થઈ શકું નહિ. તેથી ક્ષમા કરો. ૫૯.

(आर्या)

तं भव्वपोमणंदी तेयणिही णेसरु व्व णिद्दोसो ।
मोहंधयारहरणे तुह पाया मम पसीयंतु ॥ ६० ॥

**અનુવાદ:**—હે જિન! તમે સૂર્ય સમાન પદ્મનન્દી અર્થાત્ ભવ્યજીવોરૂપ કમળોને આનંદિત કરનાર, તેજના ભંડાર અને નિર્દોષ અર્થાત્ અજ્ઞાનાદિ દોષરહિત (સૂર્યના પક્ષે–દોષા રહિત) છો. તમારા પાદ (ચરણ) સૂર્યના પાદ (કિરણો) સમાન મારા મોહરૂપ અંધકારનો નાશ કરવામાં પ્રસન્ન થાવ. ૬૦.

આ રીતે ઋષભસ્તોત્ર સમાપ્ત થયું. ૧૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૪. જિનવર સ્તવન

## [ १४. जिनवरस्तवनम् ]

( आर्या )

दिट्ठे तुमम्मि जिणवर सहलीहूआइं मज्झ णयणाइं ।
चित्तं गत्त च लहुं अमिएण व सिंचिय जायं ॥ १ ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં મારા નેત્ર સફળ થઇ ગયા તથા મન અને શરીર તરત જ અમૃત સિંચાઈ ગયા હોય તેમ શાન્ત થઈ ગયા છે. ૧.

दिट्ठे तुमम्मि जिणवर दिट्ठिहरासेसमोहतिमिरेण ।
तह णट्ठं जइ दिट्ठं जहट्ठियं तं मए तच्चं ॥ २ ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં દર્શનમાં બાધા પહોંચાડનાર સમસ્ત મોહ ( દર્શનમોહ ) રૂપ અંધકાર એવી રીતે નષ્ટ થઈ ગયો છે કે જેથી મેં જેવું છે તેવું તત્ત્વ જોઈ લીધું છે—સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું છે. ૨.

दिट्ठे तुमम्मि जिणवर परमाणंदेण पूरियं हिययं ।
मज्झ तहा जह मण्णे मोक्खं पिव पत्तमप्पाणं ॥ ३ ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારૂં અંતઃકરણ એવા ઉત્કૃષ્ઠ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું. ૩.

दिट्ठे तुमम्मि जिणवर णट्ठं चिय मण्णियं महापावं ।
रविउग्गमे णिसाए ठाइ तमो कित्तियं कालं ॥ ४ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં હું મહાપાપને નષ્ટ થયેલું જ માનું છું. બરાબર છે-સૂર્યનો ઉદય થતાં રાત્રિનો અંધકાર ભલા કેટલો વખત ટકી શકે છે? અર્થાત્ ટકતો નથી, તે સૂર્યનો ઉદય થતાં જ નષ્ટ થઈ જાય છે. ૪.

( आर्या )

**दिट्ठे तुमम्मि जिणवर सिज्झइ सो को वि पुण्णपब्भारो ।**
**होइ जणो जेण पहु इहपरलोयत्थसिद्धीणं ॥ ५ ॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં એવો કોઈ અપૂર્વ પુણ્યનો સમૂહ સિદ્ધ થાય છે કે જેથી પ્રાણી આ લોક અને પરલોક સંબંધી ઇષ્ટ સિદ્ધિઓનો સ્વામી બની જાય છે. ૫.

**दिट्ठे तुमम्मि जिणवर मण्णे तं अप्पणो सुकयलाहं ।**
**होही सो जेणासरिससुहणिही अक्खओ मोक्खो ॥६॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં હું મને એવા પુણ્યલાભવાળો માનું છું કે જેથી મને અનુપમ સુખના ભંડારસ્વરૂપ તે અવિનશ્વર મોક્ષ પ્રાપ્ત થશે. ૬.

**दिट्ठे तुमम्मि जिणवर संतोसो मज्झ तह परो जाओ ।**
**इंद विहवो वि जणइ ण तण्हालेसं पि जह हियए ॥७॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મને એવો ઉત્કૃષ્ટ સંતોષ ઉત્પન્ન થયો છે કે જેથી મારા હૃદયમાં ઇન્દ્રનો વૈભવ પણ લેશમાત્ર તૃષ્ણા ઉત્પન્ન કરતો નથી. ૭.

**दिट्ठे तुमम्मि जिणवर वियारपडिवज्जिए परमसंते ।**
**जस्स ण हिट्ठी दिट्ठी तस्स ण णवजम्मविच्छेओ ॥८॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! રાગાદિ વિકાર રહિત અને અતિશય શાંત એવા આપના દર્શન થતાં જેની દૃષ્ટિ હર્ષ પામતી નથી તેને નવીન જન્મનો નાશ થઈ શકતો નથી અર્થાત્ તેની સંસાર પરંપરા ચાલતી જ રહેશે. ૮.

**दिट्ठे तुमम्मि जिणवर जं मह कज्जंतराउलं हिययं ।**
**कइया वि हवइ पुव्वज्जियस्य कम्मस्स सो दोसो ॥९॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થયા પછી ય જો મારું હૃદય કોઈવાર બીજા કોઈ મહાન્ કાર્યથી વ્યાકુળ થાય છે તો તે પૂર્વોપાર્જિત કર્મના દોષથી થાય છે. ૯.

( आर्या )

दिट्ठे तुमम्मि जिणवर अच्छउ जम्मंतरं ममेहावि ।
सहसा सुहेहिंघडियं दुक्खेहिं पलाइयं दूरं ॥ १० ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં અન્ય જન્મના સુખની ઇચ્છા તો દૂર રહો, પરંતુ તેનાથી આ લોકમાં પણ મને અકસ્માત્ સુખ પ્રાપ્ત થયું છે અને સર્વ દુઃખો દૂર ભાગી ગયા છે. ૧૦.

दिट्ठे तुमम्मि जिणवर बज्झइ पट्टो दिणम्मि अज्जयणे ।
सहलत्तणेण मज्झे सव्वदिणाणं पि सेसाणं ॥ ११ ॥

**અનુવાદઃ**—હે જિનવર! આપના દર્શન થતાં બાકીના બધા જ દિવસોમાં આજના દિવસે સફળતાનો પટ્ટ બાંધવામાં આવ્યો છે. અભિપ્રાય એમ છે કે આટલા દિવસોમાં આજનો આ મારો દિવસ સફળ થયો છે કારણ કે આજ મને ચિરસંચિત પાપનો નાશ કરનારૂં આપનું દર્શન પ્રાપ્ત થયું છે. ૧૧.

दिट्ठे तुमम्मि जिणवर भवणमिणं तुज्झ मह महग्घतरं ।
सव्वाणं पि सिरीणं संकेयघरं व पडिहाइ ॥ १२ ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં આ તમારૂં મહા-મૂલ્યવાન ઘર (જિનમંદિર) મને બધી લક્ષ્મીઓના સંકેતગૃહ સમાન પ્રતિભાસે છે. અભિપ્રાય એ કે અહીં આપના દર્શન કરતાં મને સર્વ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થશે. ૧૨.

दिट्ठे तुमम्मि जिणवर भत्तिजलोल्लं समासियं छेत्तं ।
जं तं पुलयमिसा पुण्णबीयमंकुरियमिव सहइ ॥१३॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં ભક્તિરૂપ જળથી ભીંજાયેલા ખેતર (શરીર)ને જે પુણ્યરૂપ બીજ પ્રાપ્ત થયું હતું તે જાણે રોમાંચના બ્હાને અંકુરિત થઈને જ શોભી રહ્યું છે. ૧૩.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

दिट्ठे तुमम्मि जिणवर समयोमयसायरे गहीरम्मि ।
रायाइदोसकलुसे देवे को मण्णए सयाणो ॥ १४ ॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! સિદ્ધાંતરૂપ અમૃતના સમુદ્ર અને ગંભીર એવા આપના દર્શન થતાં કયો બુદ્ધિમાન્ મનુષ્ય રાગાદિ-દોષોથી મલિનતાને પ્રાપ્ત થયેલ દેવોને માને? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન્ મનુષ્ય તેમને દેવ માનતો નથી. ૧૪.

दिट्ठे तुमम्मि जिणवर मोक्खो अइदुल्लहो वि संपडइ ।
मिच्छत्तमलकलंकी मणो ण जइ होइ पुरिसस्स ॥ १५ ॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! જો પુરુષનું મન મિથ્યાત્વરૂપ મળથી મલિન ન હોય તો આપનું દર્શન થતાં અત્યંત દુર્લભ મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકે છે. ૧૫.

दिट्ठे तुमम्मि जिणवर चम्ममएणच्छिणा वि तं पुण्णं ।
जं जणइ पुरो केवलदंसणणाणाइं णयणाइं ॥ १६ ॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! ચર્મમય નેત્રથી પણ આપનું દર્શન થતાં તે પુણ્ય પ્રાપ્ત થાય છે કે જે ભવિષ્યમાં કેવળદર્શન અને કેવળજ્ઞાનરૂપ નેત્રોને ઉત્પન્ન કરે છે. ૧૬.

दिट्ठे तुमम्मि जिणवर सुकयत्थो मण्णिओ ण जेणप्पा ।
सो बहुयबुड्डणुब्बुड्डणाइं भवसायरे काही ॥ १७ ॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં જે જીવ પોતાને અતિશય કૃતાર્થ (કૃતકૃત્ય) માનતો નથી તે સંસારરૂપ સમુદ્રમાં અનેક વાર ગોથા ખાશે. ૧૭.

दिट्ठे तुमम्मि जिणवर णिच्छयदिट्ठीए होइ जं किं पि ।
ण गिराए गोचरं तं साणुभवत्थं पि किं भणिमो ॥ १८ ॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં જે કાંઈ પણ થાય છે તે નિશ્ચય-દૃષ્ટિએ વચનનો વિષય નથી, તે તો કેવળ સ્વાનુભવનો જ વિષય છે. તેથી તે વિષયમાં ભલા અમે શું કહી શકીએ? અર્થાત્ કાંઈ કહી શકતા નથી–તે અનિર્વચનીય છે. ૧૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

दिट्ठ तुमम्मि जिणवर दट्ठव्वावहिविसेसरूवम्मि ।
दंसण सुद्धीए गयं दाणिं मह णत्थि सव्वत्था ॥ १९ ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! દેખવા યોગ્ય પદાર્થોના સીમાવિશેષ સ્વરૂપ (સર્વથી અધિક દર્શનીય) આપનું દર્શન થતાં જે દર્શનવિશુદ્ધિ થઈ છે તેનાથી આ વખતે એ નિશ્ચય થયો છે કે સર્વ બાહ્ય પદાર્થ મારા નથી. ૧૯.

दिट्ठे तुमम्मि जिणवर अहियं सुहिया समुज्जला होइ ।
जणदिट्ठी को पेच्छइ तद्दंसणसुहयरं सूरं ॥ २० ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં લોકોની દૃષ્ટિ અતિશય સુખયુક્ત અને ઉજ્જવળ થઈ જાય છે. પછી ભલા કયો બુદ્ધિમાન્ મનુષ્ય તે દૃષ્ટિને સુખકારક એવા સૂર્યનું દર્શન કરે? અર્થાત્ કોઇ કરે નહિ. ૨૦.

दिट्ठे तुमम्मि जिणवर बुहम्मि दोसोज्झियम्मि वीरम्मि ।
कस्स किर रमइ दिट्ठी जडम्मि दोसायरे खत्थे ॥ २१ ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! જ્ઞાની, દોષરહિત અને વીર એવા આપને જોઈ લીધા પછી કોની દૃષ્ટિ ચન્દ્રમા તરફ રમે? અર્થાત્ આપનું દર્શન કરીને પછી કોઇને ય ચન્દ્રમાના દર્શનની ઇચ્છા રહેતી નથી. કારણ કે તેનું સ્વરૂપ આપનાથી વિપરીત છે—આપ જ્ઞાની છો, પરંતુ તે જડ (મૂર્ખ, શીતળ) છે. આપ દોષોજ્ઝિત અર્થાત્, અજ્ઞાનાદિ દોષોથી રહિત છો, પરંતુ તે દોષાકર (દોષની ખાણ, રાત્રિ કરનાર) છે. તથા આપ વીર અર્થાત્ કર્મશત્રુઓને જીતનાર સુભટ છો પરંતુ તે ખસ્થ (આકાશમાં સ્થિત) અર્થાત્ ભયભીત થઈને આકાશમાં છૂપાઇને રહેનાર છે. ૨૧.

दिट्ठे तुमम्मि जिणवर चिंतामणिकामधेणुकप्पतरु ।
खज्जोयव्व पहाए मज्झ मणे णिप्पहा जाया ॥ २२ ॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારા મનમાં ચિંતામણી, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ એવી રીતે કાન્તિહીન (ફીક્કા) થઈ ગયા છે જેમ પ્રભાત થઈ જતાં આગિયા કાન્તિહીન થઈ જાય છે. ૨૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( आर्या )

दिट्ठे तुमम्मि जिणवर रहसरसो मह मणम्मि जो जाओ।
आणंदंसुमिसा सो तत्तो णीहरइ बहिरंतो ॥ २३ ॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારા મનમાં જે હર્ષરૂપ જળ ઉત્પન્ન થયું છે તે જાણે હર્ષના કારણે ઉત્પન્ન થયેલ આંસુઓના બહાને અંદરની બહાર જ નીકળી રહ્યું છે. ૨૩.

दिट्ठे तुमम्मि जिणवर कल्लाणपरंपरा पुरो पुरिसे।
संचरइ अणाहूया वि ससहरे किरणमाल व्व ॥२४॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં કલ્યાણની પરંપરા (સમૂહ) બોલાવ્યા વિના જ પુરુષની આગળ એવી રીતે ચાલે છે જેમ ચન્દ્રમાની આગળ તેના કિરણોનો સમૂહ ચાલે છે. ૨૪.

दिट्ठे तुमम्मि जिणवर दिसवल्लीओ फलंति सव्वाओ।
इट्ठं अहुल्लिया वि हु वरिसइ सुण्णं पि रयणेहिं ॥२५॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં સર્વ દિશાઓરૂપ વેલ ફૂલો વિના પણ ઇષ્ટ ફળ આપે છે તથા ખાલી આકાશ પણ રત્નોની વર્ષા કરે છે. ૨૫.

दिट्ठे तुमम्मि जिणवर भव्वो भयवज्जिओ हवे णवरं।
गयणिद्दं चिय जायइ जोण्हापसरे सरे कुमुयं ॥ २६ ॥

**અનુવાદ:**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં ભવ્ય જીવ સહસા ભય અને નિદ્રાથી એ રીતે રહિત (પ્રબુદ્ધ) થઈ જાય છે, જેમ ચાંદનીનો વિસ્તાર થતાં સરોવરમાં કુમુદ (સફેદ કમળ) નિદ્રારહિત (પ્રફુલ્લિત) થઈ જાય છે. ૨૬.

दिट्ठे तुमम्मि जिणवर हियएणं मह सुहं समुल्लसियं।
सरिणाहेणिव सहसा उग्गमिए पुण्णिमाइंदे ॥ २७ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારૂં હૃદય સહસા એવી રીતે સુખપૂર્વક હર્ષ પામ્યું છે જેમ પૂર્ણિમાના ચન્દ્રનો ઉદય થતાં સમુદ્ર આનંદ (વૃદ્ધિ) પામે છે. ૨૭.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर दोहिमि चक्खूहिं तह सुही अहिय।**
**हियए जह सहसच्छोहोमि त्ति मणोरहो जाओ॥२८॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! બે જ આંખો વડે આપના દર્શન થતાં હું એટલો બધો સુખી થયો છું કે જેથી મારા હૃદયમાં એવો મનોરથ ઉત્પન્ન થયો છે કે હું સહસ્રાક્ષ (હજાર નેત્રોવાળો) અર્થાત્ ઇન્દ્ર બનીશ. ૨૮.

**दिट्ठे तुमम्मि जिणवर भवो वि मित्तत्तणं गओ एसो।**
**एयम्मि ठियस्स जओ जायं तुह दंसणं मज्झ॥२९॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં આ સંસાર પણ મિત્રતાને પ્રાપ્ત થયો છે. એનું કારણ એ જ છે કે તેમાં સ્થિત રહેવા છતાં પણ મને આપનું દર્શન પ્રાપ્ત થયું છે. ૨૯.

**दिट्ठे तुमम्मि जिणवर भव्वाणं भूरिभत्तिजुत्ताणं।**
**सव्वाओ सिद्धिओ होंति पुरो एक्कलीलाए॥३०॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં અતિશય ભક્તિ યુક્ત ભવ્ય જીવો પાસે બધી સિદ્ધિઓ એક રમત માત્રમાં જ (અનાયાસે જ) આવીને પ્રાપ્ત થાય છે. ૩૦.

**दिट्ठे तुमम्मि जिणवर सुहगइसंसाहणेक्कबीयम्मि।**
**कंठगयजीवियस्स वि धीरं संपज्जए परमं॥३१॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! શુભ ગતિ સાધવામાં અનુપમ બીજ ભૂત એવા આપનું દર્શન થતાં મરણોન્મુખ પ્રાણીને પણ ઉત્કૃષ્ટ ધૈર્ય પ્રાપ્ત થાય છે. ૩૧.

**दिट्ठे तुमम्मि जिणवर कमम्मि सिद्धे ण किं पुणो सिद्धं।**
**सिद्धियरं को णाणी महइ ण तुह दंसणं तम्हा॥३२॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપના દર્શનથી આપના ચરણ સિદ્ધ થતાં શું ન સિદ્ધ થયું? અર્થાત્ આપના ચરણોના પ્રસાદથી બધું જ સિદ્ધ થઈ જાય છે તેથી કયો જ્ઞાની પુરુષ સિદ્ધિ આપનાર આપના દર્શનને ચાહતો નથી? અર્થાત્ બધા જ વિવેકી જનો આપના દર્શનની અભિલાષા કરે છે. ૩૨.

**दिट्ठे तुमम्मि जिणवर पोम्मकयं दंसणत्थुइं तुज्झ ।**
**जो पहु पढइ तियालं भवजालं सो समोसरइ ॥३३॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં જે ભવ્ય જીવ પદ્મનન્દી મુનિદ્વારા રચવામાં આવેલી આપની આ દર્શન સ્તુતિ ત્રણે સંધ્યાકાળે વાંચે છે તે હે પ્રભો! પોતાના સંસાર સમૂહનો નાશ કરે છે. ૩૩.

( आर्या )

**दिट्ठे तुमम्मि जिणवर भणियमिणं जणियजणमणाणंदं ।**
**सव्वेहिं पढिज्जंतं णंदउ सुइरं धरावीढे ॥३४॥**

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર આપના દર્શન કરીને મેં ભવ્યજનોના મનને આનંદિત કરનાર જે દર્શન સ્તોત્ર કહ્યું છે તે સર્વને વાંચવાનો વિષય બનીને પૃથ્વીતળ ઉપર ચિરકાળ સુધી સમૃદ્ધિ પામો. ૩૪.

આ રીતે જિનદર્શનસ્તુતિ સમાપ્ત થઈ. ૧૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૧૫. શ્રુતદેવતા સ્તુતિ

## [ १५. श्रुतदेवतास्तुति ]

( वंशस्थवृत्त )

जयत्यशेषामरमौलिलालितं सरस्वति त्वत्पदपङ्कजद्वयम् ।
हृदिस्थितं यज्जनजाड्यनाशनं रजोविमुक्तं श्रयतीत्यपूर्वताम् ॥

**અનુવાદઃ**—હે સરસ્વતી! જે તારાં બન્ને ચરણ-કમળ હૃદયમાં સ્થિત થઈને લોકોની જડતા ( અજ્ઞાન ) નષ્ટ કરનાર તથા રજ ( પાપરૂપ ધૂળ ) રહિત થતાં થકાં તે જડ અને ધૂળવાળા કમળની અપેક્ષાએ અપૂર્વતા (વિશેષતા) પામે છે તે તારાં બન્ને ચરણકમળ સર્વ દેવોના મુકુટોથી સ્પર્શિત થયા થકા જયવંત હો. ૧.

अपेक्षते यन्न दिनं न यामिनीं न चान्तरं नैव बहिश्च भारति ।
न तापकृज्जाड्यकरं न तन्महः स्तुवे भवत्याः सकलप्रकाशकम् ॥

**અનુવાદ:**—હે સરસ્વતી! જે તારૂં તેજ ન દિવસની અપેક્ષા રાખે છે કે ન રાત્રિની ય અપેક્ષા રાખે છે, ન અભ્યંતરની અપેક્ષા રાખે છે અને ન બાહ્યની પણ અપેક્ષા રાખે છે, તથા ન સંતાપ કરે છે અને ન જડતા પણ કરે છે; તે સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરનાર તારા તેજની હું સ્તુતિ કરૂં છું.

**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે સરસ્વતીનું તેજ સૂર્ય અને ચન્દ્રના તેજની અપેક્ષાએ અધિક શ્રેષ્ઠ છે. એનું કારણ એ છે કે સૂર્યનું તેજ જ્યાં દિવસની અપેક્ષા રાખે છે ત્યાં ચન્દ્રમાનું તેજ રાત્રિની અપેક્ષા રાખે છે, એવી જ રીતે સૂર્યનું તેજ જો સંતાપ કરે છે તો ચન્દ્રનું તેજ જડતા ( શીતળતા ) કરે છે. એ સિવાય આ બન્નેય તેજ કેવળ બાહ્ય અર્થને અને તેને પણ અલ્પ માત્રામાં જ પ્રકાશિત કરે છે, નહિ કે અંતઃ તત્ત્વને. પરંતુ સરસ્વતીનું તેજ દિવસ અને રાત્રિની અપેક્ષા ન કરતાં સર્વદા વસ્તુઓને પ્રકાશિત કરે છે. તે ન તો સૂર્યપ્રકાશ સમાન મનુષ્યોને સંતપ્ત કરે છે અને ન ચન્દ્રપ્રકાશ સમાન જડતા ય કરે છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ તે લોકોનો સંતાપ નષ્ટ કરીને તેમની જડતા (અજ્ઞાન) પણ દૂર કરે છે. એ સિવાય તે જેવી રીતે બાહ્ય પદાર્થોને પ્રકાશિત કરે છે તેવીજ રીતે અંતઃતત્ત્વને પણ પ્રગટ કરે છે. તેથી તે સરસ્વતીનું તેજ સૂર્ય અને ચન્દ્રના તેજની અપેક્ષાએ અધિક શ્રેષ્ઠ હોવાના કારણે સ્તુતિ કરવા યોગ્ય છે ૨.

**तव स्तवे यत्कविरस्मि सांप्रतं भवत्प्रसादादपि लब्धपाटवः।**
**सवित्रि गङ्गासरिते ऽर्घदायको भवामि तत्तज्जलपूरिताञ्जलिः ॥३॥**

**અનુવાદઃ**—હે સરસ્વતી માતા! તારા જ પ્રસાદથી નિપુણતા પ્રાપ્ત કરીને જે હું આ વખતે તારી સ્તુતિના વિષયમાં કવિ થયો છું અર્થાત્ કવિતા કરવાને ઉદ્યત થયો છું તે આ પ્રમાણે છે કે જેમ જાણે હું ગંગા નદીનું પાણી ખોબામાં ભરીને તેનાથી તે જ ગંગા નદીને અર્ઘ્ય આપવા માટે જ ઉદ્યત થયો હોઉં. ૩.

**श्रुतादिकेवल्यपि तावकीं श्रियं स्तुवन्नशक्तो ऽहमिति प्रपद्यते।**
**जयेति वर्णद्वयमेव मादृशा वदन्ति यद्देवि तदेव साहसम् ॥४॥**

**અનુવાદઃ**—હે દેવી! જ્યારે તારી લક્ષ્મીની સ્તુતિ કરતાં શ્રુતકેવળીઓ પણ એ સ્વીકાર કરે છે કે 'અમે સ્તુતિ કરવામાં અસમર્થ છીએ' તો પછી મારા જેવો અલ્પજ્ઞ મનુષ્ય જે તારા વિષયમાં 'જય' અર્થાત્ 'તું જયવંત હો,' એવા બે જ અક્ષર કહે છે તેને પણ સાહસ જ સમજવું જોઈએ. ૪.

**त्वमत्र लोकत्रयसद्मनि स्थिता प्रदीपिका बोधमयी सरस्वती।**
**तदन्तरस्थाखिलवस्तुसंचयं जनाः प्रपश्यन्ति सदृष्टयो ऽप्यतः ॥५॥**

**અનુવાદઃ**—હે સરસ્વતી! તમે ત્રણ લોકરૂપ ભવનમાં સ્થિત તે જ્ઞાનમય દીપક છો કે જેના દ્વારા દૃષ્ટિહીન (અંધ) મનુષ્યોની સાથે દૃષ્ટિયુક્ત (દેખતા) મનુષ્ય પણ ઉક્ત ત્રણે લોકરૂપ ભવનમાં સ્થિત સમસ્ત વસ્તુઓના સમૂહને દેખે છે.

**વિશેષાર્થઃ**—અહીં સરસ્વતીને દીપકની ઉપમા આપીને તેનાથી પણ કંઈક વિશેષતા પ્રગટ કરવામાં આવી છે. તે આ રીતે-દીપક દ્વારા કેવળ સદૃષ્ટિ (આંખોવાળા) પ્રાણી-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓને જ પદાર્થનું દર્શન થાય છે, નહિ કે દૃષ્ટિહીન મનુષ્યોને પણ. પરંતુ સરસ્વતીમાં આ વિશેષતા છે કે તેના પ્રસાદથી જેવી રીતે દૃષ્ટિયુક્ત મનુષ્ય પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરે છે તેવી જ રીતે દૃષ્ટિહીન (અંધ) મનુષ્ય પણ તેના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે. ત્યાં સુધી કે સરસ્વતીની ઉત્કર્ષતાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જીવ સમસ્ત વિશ્વને પણ દેખવામાં સમર્થ બની જાય છે કે જે દીપકદ્વારા સંભવ નથી ૫.

**नभः समं वर्त्म तवातिनिर्मलं पृथु प्रयातं विबुधैर्न कैरिह ।**
**तथापि देवि प्रतिभासते तरां यदेतदक्षुण्णमिव क्षणेन तु ।।६।।**

**અનુવાદઃ**—હે દેવી! તારો માર્ગ આકાશ સમાન અત્યંત નિર્મળ અને વિસ્તૃત છે, આ માર્ગે કયા વિદ્વાને ગમન નથી કર્યું? અર્થાત્ તે માર્ગે અનેક વિદ્વાનો ચાલતા રહ્યા છે. છતાં પણ એ ક્ષણ વાર માટે અતિશય અનભ્યસ્ત જેવો (પરિચય ન હોય તેવો) જ પ્રતિભાસે છે.

**વિશેષાર્થ**:—જ્યારે કોઈ વિશિષ્ટ નગર આદિના પાર્થિવ રસ્તે જનસમૂહ ગમનાગમન કરે છે ત્યારે તે અક્ષુણ્ણ ન રહેતાં તેમના પગલાં આદિથી અંકિત થઈ જાય છે. તે સિવાય તે સંકુચિત થવાથી થોડા જ મનુષ્ય તેના ઉપરથી આવી જઈ શકે છે, એક સાથે અનેક માણસો નહિ. પરંતુ સરસ્વતીનો માર્ગ આકાશ સમાન નિર્મળ અને વિશાળ છે. જેમ આકાશ માર્ગે જો કે અનેક વિબુધ (દેવો) અને પક્ષી આદિ એકી સાથે પ્રતિદિન નિર્બાધપણે ગમનાગમન કરે છે, તો પણ તે તૂટ-ફૂટથી રહિત હોવાને કારણે વિકૃત થતો નથી, અને તેથી એવું લાગે છે કે જાણે અહીંથી કોઈનો સંચાર જ થયો નથી. એવી જ રીતે સરસ્વતીનો પણ માર્ગ એટલો વિશાળ છે કે તેના ઉપરથી અનેક વિદ્વાનો કેટલે ય દૂર કેમ ન જાય છતાં પણ તેનો ન તો અંત આવે છે અને ન તેમાં કોઈ પ્રકારનો વિકાર પણ થઈ જાય છે. તેથી તે સદાય અક્ષુણ્ણ બની રહે છે. ૬.

**तदस्तु तावत्कवितादिकं नृणां तव प्रभावात्कृतलोकविस्मयम् ।**
**भवेत्तदप्याशु पदं यदीक्षते तपोभिरुग्रैर्मुनिभिर्महात्मभिः ।।७।।**

**અનુવાદઃ**—હે દેવી! તારા પ્રભાવથી મનુષ્ય જે લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરનારી કવિતા આદિ કરે છે તે તો દૂર જ રહો, કારણ કે તેનાથી તો તે પદ (મોક્ષ) પણ શીઘ્ર પ્રાપ્ત થઈ જાય છે કે જેને મહાત્મા મુનિજનો તીવ્ર તપશ્ચરણ દ્વારા દેખી શકે છે. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भवत्कला यत्र न वाणि मानुषे न वेत्ति शास्त्रं स चिरं पठन्नपि ।
मनागपि प्रीतियुतेन चक्षुषा यमीक्षसे कैर्न गुणैः स भूष्यते ॥८॥

અનુવાદ:—હે વાણી! જે મનુષ્યમાં આપની કળા નથી તે ચિરકાળસુધી વાંચવા છતાં પણ શાસ્ત્ર જાણી શકતો નથી અને તમે જેની તરફ પ્રીતિયુક્ત નેત્રથી જરાક પણ દેખો છો તે કયા કયા ગુણોથી વિભૂષિત નથી થતા? અર્થાત્ તે અનેક ગુણોથી સુશોભિત થઈ જાય છે. ૮.

स सर्ववित्पश्यति वेत्ति चाखिलं न वा भवत्या रहितोऽपि बुध्यते ।
तदत्र तस्यापि जगत्त्रयप्रभोस्त्वमेव देवि प्रतिपत्तिकारणम् ॥९॥

અનુવાદ:—હે દેવી! જે સર્વજ્ઞ સમસ્ત પદાર્થોને દેખે અને જાણે છે તે પણ તમારા વિના રહીને નથી દેખતા-જાણતા. તેથી ત્રણે લોકના અધિપતિ તે સર્વજ્ઞને પણ જ્ઞાનનું કારણ તમે જ છો. ૯.

चिरादतिक्लेशशतैर्भवाम्बुधौ परिभ्रमन् भूरि नरत्वमश्नुते ।
तनूभृदेतत्पुरुषार्थसाधनं त्वया विना देवि पुनः प्रणश्यति ।१०।

અનુવાદ:—હે દેવી! દીર્ઘકાળથી સંસારરૂપ સમુદ્રમાં પરિભ્રમણ કરતો પ્રાણી સેંકડો મહાન કષ્ટો સહન કરીને પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) ના સાધનરૂપ જે મનુષ્યપર્યાય પ્રાપ્ત કરે છે તે પણ તારા વિના નષ્ટ થઈ જાય છે. ૧૦.

कदाचिदम्ब त्वदनुग्रहं विना श्रुते ह्यधीतेऽपि न तत्त्वनिश्चयः ।
ततः कुतः पुंसि भवद्विवेकिता त्वया विमुक्तस्य तु जन्म निष्फलम् ॥

અનુવાદ:—હે માતા! જો કદાચ મનુષ્ય તારા અનુગ્રહ વિના શાસ્ત્રનું અધ્યયન પણ કરે તો પણ તેને તત્ત્વનો નિશ્ચય થઈ શકતો નથી. તો આવી અવસ્થામાં ભલા તેને વિવેક બુદ્ધિ ક્યાંથી થઈ શકે? અર્થાત્ થઈ શકતી નથી. હે દેવી! તારા વિનાનો પ્રાણીનો જન્મ નિષ્ફળ થાય છે. ૧૧.

विधाय मातः प्रथमं त्वदाश्रयं श्रयन्ति तन्मोक्षपदं महर्षयः ।
प्रदीपमाश्रित्य गृहे तमस्तते यदीप्सितं वस्तु लभेत मानवः ॥१२॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—હે માતા! મહામુનિ જ્યારે પહેલાં તારું અવલંબન લે છે ત્યારેજ તે મોક્ષપદનો આશ્રય લે છે. બરાબર છે-મનુષ્ય અંધકારથી વ્યાપ્ત ઘરમાં દીપકનો આશ્રય લઈને જ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરે છે. ૧૨.

त्वयि प्रभूतानि पदानि देहिनां पदं तदेकं तदपि प्रयच्छसि ।
समस्तशुक्लापि सुवर्णविग्रहा त्वमत्र मातः कृतचित्रचेष्टिता ।१३।

**અનુવાદઃ**—હે માતા! તમારા વિષયમાં પ્રાણીઓનાં અનેક પદ છે, અર્થાત્ પ્રાણી અનેક પદો દ્વારા તમારી સ્તુતિ કરે છે, તો પણ તમે તેમને તે એક જ પદ (મોક્ષ) આપો છો. તમે સમ્પૂર્ણ રીતે શ્વેત હોવા છતાં પણ ઉત્તમ વર્ણમય (અકારાદિ અક્ષર સ્વરૂપ) શરીરવાળા છો. હે દેવી! તમારી આ પ્રવૃત્તિ અહીં આશ્ચર્ય ઉત્પન્ન કરે છે.

**વિશેષાર્થઃ**—સરસ્વતી પાસે મનુષ્યોનાં અનેક પદ છે, પરંતુ તે તેમને એક જ પદ આપે છે; આ રીતે જો કે અહીં શબ્દથી વિરોધ લાગે છે, પરંતુ યથાર્થપણે વિરોધ નથી. કારણ એ કે અહીં 'પદ' શબ્દના બે અર્થ છે-શબ્દ અને સ્થાન. તેથી અહીં એ ભાવ નીકળે છે કે મનુષ્ય અનેક શબ્દો દ્વારા જે સરસ્વતીની સ્તુતિ કરે છે તેથી તે તેમને અદ્વિતીય મોક્ષપદનું પ્રદાન કરે છે. એવી જ રીતે સરસ્વતી પૂર્ણપણે ધવળ (શ્વેત) છે તે સુવર્ણ જેવા શરીરવાળી કેવી રીતે હોઈ શકે? એ પણ જો કે વિરોધ લાગે છે, પરંતુ વાસ્તવમાં વિરોધ અહીં કાંઈ પણ નથી. કારણ એ કે શુકલ શબ્દથી અભિપ્રાય અહીં નિર્મળનો અને વર્ણ શબ્દથી અભિપ્રાય અકારાદિ અક્ષરોનો છે. તેથી જ એનો ભાવ એ થયો કે અકારાદિ ઉત્તમ વર્ણોરૂપ શરીરવાળી તે સરસ્વતી પૂર્ણ પણે નિર્મળ છે. ૧૩.

समुद्रघोषाकृतिरर्हति प्रभौ यदा त्वमुत्कर्षमुपागता भृशम् ।
अशेषभाषात्मतया त्वया तदा कृतं न केषां हृदि मातरद्भुतम् ।१४।

**અનુવાદઃ**—હે માતા! જ્યારે તમે અર્હંત્ ભગવાનના વિષયમાં સમુદ્રના શબ્દ સમાન આકાર ધારણ કરીને અતિશય ઉત્કર્ષ પામો છો ત્યારે સમસ્ત ભાષાઓમાં પરિણમીને તમે કયા જીવોના હૃદયમાં આશ્ચર્ય નથી કરતા? અર્થાત્ સર્વે જીવોને આશ્ચર્યચકિત કરો છો.

**વિશેષાર્થઃ**—જિનેન્દ્ર ભગવાનની જે સમુદ્રના શબ્દ સમાન ગંભીર દિવ્યધ્વનિ ખરે છે એ જ વાસ્તવમાં સરસ્વતીની સર્વોત્કૃષ્ટતા છે. એને જ ગણધરદેવ બાર અંગોમાં ગૂંથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તેમાં આ અતિશયવિશેષ છે કે જેનાથી તે સમુદ્રના શબ્દ સમાન અક્ષરમય ન હોવા છતાં પણ શ્રોતાજનોને પોતપોતાની ભાષા સ્વરૂપે પ્રતીત થાય છે અને તેથી તેને સર્વ-ભાષાત્મક કહેવામાં આવે છે. ૧૪.

**सचक्षुरप्येष जनस्त्वया विना यदन्ध एवेति विभाव्यते बुधैः ।**
**तदस्य लोयत्रितयस्य लोचनं सरस्वति त्वं परमार्थदर्शने ॥१५॥**

**અનુવાદઃ**—હે સરસ્વતી ! આ મનુષ્ય તમારા વિના આંખો સહિત હોવા છતાં પણ વિદ્વાનો દ્વારા અંધ (અજ્ઞાની) જ ગણાય છે, તેથી ત્રણે લોકના પ્રાણીઓને યથાર્થ તત્ત્વનું દર્શન (જ્ઞાન) કરાવવામાં તમે અનુપમ નેત્ર સમાન છો. ૧૫

**गिरा नरप्राणितमेति सारतां कवित्ववक्तृत्वगुणेन सा च गीः ।**
**इदं द्वयं दुर्लभमेव ते पुनः प्रमादलेशादपि जायते नृणाम् ॥१६॥**

**અનુવાદઃ**—જેમ વાણી દ્વારા મનુષ્યોનું જીવન શ્રેષ્ઠત્વ પામે છે તેવી જ રીતે તે વાણી પણ કવિત્વ અને વકતૃત્વ ગુણો દ્વારા શ્રેષ્ઠતા પામે છે. આ બન્ને (કવિત્વ અને વકતૃત્વ) જો કે દુર્લભ જ છે, તો પણ હે દેવી ! તારી થોડીક પ્રસન્નતાથી ય તે બન્ને ગુણ મનુષ્યોને પ્રાપ્ત થઈ જાય છે. ૧૬.

**नृणां भवत्संनिधिसंस्कृतं श्रवो विहाय नान्यद्धितमक्षयं च तत् ।**
**भवेद्विवेकार्थमिद परं पुनर्विमूढतार्थं विषयं स्वमर्पयत् ॥१७॥**

**અનુવાદઃ**—હે સરસ્વતી! તમારી સમીપતાથી સંસ્કાર પામેલા શ્રવણ (કાન) સિવાય મનુષ્યોનું બીજું કોઈ અવિનશ્વર હિત નથી. તમારી સમીપતાથી સંસ્કાર પામેલ આ શ્રવણ વિવેકનું કારણ થાય છે અને પોતાને વિષય તરફ પ્રવૃત્તિ કરાવનારા બીજું શ્રવણ અવિવેકનું કારણ થાય છે.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય આનો એ છે કે જે મનુષ્ય પોતાના કાને જિનવાણીનું શ્રવણ કરે છે તેમના કાન સફળ છે. એનાથી તેમને અવિનશ્વર સુખની પ્રાપ્તિ થાય છે. પરંતુ જે મનુષ્ય તે કાનોથી જિનવાણી ન સાંભળતાં અન્ય રાગવર્ધક કથા આદિ સાંભળે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે વિવેક રહિત બનીને વિષયભોગમાં પ્રવૃત્ત થાય છે અને આ રીતે અંતે અસહ્ય દુઃખ ભોગવે છે. ૧૭.

**कृतापि ताल्वोष्ठपुटादिभिर्नृणां त्वमादिपर्यन्तविवर्जितस्थितः।**
**इति त्वयापिदृशधर्मयुक्त्या स सर्वथैकान्तविधिर्विचूर्णितः॥**

**અનુવાદઃ**—હે ભારતી! જો કે તું મનુષ્યોના તાળુ અને હોઠ આદિ દ્વારા ઉત્પન્ન કરાયેલી છે તો પણ તારી સ્થિતિ આદિ અંત રહિત છે, અર્થાત્ તું અનાદિનિધન છે. આ જાતના ધર્મ (અનેકાન્ત) યુક્ત તેં સર્વથા એકાન્તવિધાનને નષ્ટ કરી નાખ્યું છે.

**વિશેષાર્થ:**—વાણી કંથચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય પણ છે. તે વર્ણ–પદ વાક્યરૂપ વાણી તાળુ અને હોઠ આદિ સ્થાનોમાંથી ઉત્પન્ન થાય છે તેથી જ પર્યાય સ્વરૂપે અનિત્ય છે. સાથે જ દ્રવ્યસ્વરૂપે તેનો વિનાશ સંભવિત નથી તેથી દ્રવ્યસ્વરૂપે અથવા અનાદિપ્રવાહથી તે નિત્ય પણ છે. આ રીતે અનેકાન્તસ્વરૂપ તે વાણી સમસ્ત એકાન્તમતોનું નિરાકરણ કરે છે. ૧૮.

**अपि प्रयाता वशमेकजन्मनिद्युधेनुचिन्तामणिकल्पपादपाः।**
**फलन्ति हि त्वं पुनरत्र वा परे भवे कथं तैरुपमीयसे बुधैः॥१९॥**

**અનુવાદઃ**—કામધેનુ, ચિન્તામણિ અને કલ્પવૃક્ષ એ આધિન થઈને એક જન્મમાંજ ફળ આપે છે. પરંતુ હે દેવી! તું આ ભવમાં અને પરભવમાં પણ ફળ આપે છે. તો પછી ભલા વિદ્વાન્ મનુષ્યો તને આમની ઉપમા કેવી રીતે આપે? અર્થાત્ તું એમની ઉપમાને યોગ્ય નથી–તેમનાથી શ્રેષ્ઠ છે. ૧૯.

**अगोचरो वासरकृन्निशाकृतोर्जनस्य यच्चेतसि वर्तते तमः।**
**विभिद्यते वागधिदेवते त्वया त्वमुत्तमज्योतिरिति प्रणीयसे।२०।**

**અનુવાદ:**—હે વાગધિદેવતે! લોકોના ચિત્તમાં જે અંધકાર (અજ્ઞાન) સ્થિત છે તે સૂર્ય અને ચન્દ્રનો વિષય નથી અર્થાત્ તેને ન તો સૂર્ય નષ્ટ કરી શકે છે અને ન ચન્દ્ર પણ. પરંતુ હે દેવી! તેને (અજ્ઞાન અંધકારને) તું નષ્ટ કરે છે. તેથી તને 'ઉત્તમ જ્યોતિ' અર્થાત સૂર્ય–ચન્દ્રથી પણ શ્રેષ્ઠ દીપ્તિ ધારણ કરનાર કહેવામાં આવે છે. ૨૦.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जिनेश्वरस्वच्छसरः सरोजिनी त्वमङ्गपूर्वादिसरोजराजिता।
गणेशहंसव्रजसेविता सदा करोषि केषां न मुदं परामिह ॥२१॥

**અનુવાદઃ**—હે સરસ્વતી! તમે જિનેન્દ્રરૂપ સરોવરની કમલિની થઈ ને અંગપૂર્વાદિરૂપ કમળોથી શોભાયમાન અને નિરંતર ગણધરરૂપ હંસોના સમૂહની સેવા પામતી થકી અહીં કયા જીવોને ઉત્કૃષ્ટ હર્ષ નથી આપતી? અર્થાત્ સર્વ જીવોને આનંદિત કરો છો. ૨૧.

परात्मतत्त्वप्रतिपत्तिपूर्वकं परं पदं यत्र सति प्रसिद्ध्यति।
कियत्ततस्ते स्फुरतः प्रभावतो नृपत्वसौभाग्यवराङ्गनादिकम् ॥

**અનુવાદઃ**—હે દેવી! જ્યાં તારા પ્રભાવથી આત્મા અને પર (શરીરાદિ)નું જ્ઞાન થઈ જવાથી પ્રાણીને ઉત્કૃષ્ટ પદ (મોક્ષ) સિદ્ધ થઈ જાય છે ત્યાં તે તારા દેદીપ્યમાન પ્રભાવ આગળ રાજાપણું, સૌભાગ્ય અને સુંદર સ્ત્રી આદિ શી વસ્તુ છે? અર્થાત્ કાંઈ પણ નથી.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે જિનવાણીની ઉપાસનાથી જીવને હિત અને અહિતનો વિવેક ઉત્પન્ન થાય છે અને એથી તેને સર્વોત્કૃષ્ટ મોક્ષપદ પણ પ્રાપ્ત થઈ જાય છે. આવી અવસ્થામાં તેની ઉપાસનાથી રાજ્યપદ આદિ પ્રાપ્ત થવામાં ભલા શી કઠિનાઈ હોય? કાંઈ પણ નહિ. ૨૨.

त्वदङ्घ्रिपद्मद्वयभक्तिभाविते तृतीयमुन्मीलति बोधलोचनम्।
गिरामधीशे सह केवलेन यत् समाश्रितं स्पर्धमिवेक्षते ऽखिलम् ॥

**અનુવાદઃ**—હે વચનોની અધીશ્વરી! જે તારા બન્ને ચરણોરૂપ કમળોની ભક્તિથી પરિપૂર્ણ છે તેને પૂર્ણ શ્રુતજ્ઞાનરૂપ તે ત્રીજું નેત્ર પ્રગટ થાય છે કે જે જાણે કેવળજ્ઞાન સાથે સ્પર્ધા પામીને જ તેના વિષયભૂત સમસ્ત વિશ્વને દેખે છે.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે જિનવાણીની આરાધનાથી દ્વાદશાંગરૂપ પૂર્ણ શ્રુતનું જ્ઞાન પ્રાપ્ત થાય છે જે વિષયની અપેક્ષાએ કેવળજ્ઞાનની સમાન જ છે. વિશેષતા બન્નેમાં કેવલ એ જ છે કે જ્યાં શ્રુતજ્ઞાન તે બધા પદાર્થોને પરોક્ષ (અવિશદ) સ્વરૂપે જાણે છે. ત્યાં કેવળજ્ઞાન તેમને પ્રત્યક્ષ (વિશદ) સ્વરૂપે જાણે છે. આ જ વાતને લક્ષ્યમાં રાખીને અહીં એમ કહેવામાં આવ્યું છે કે તે શ્રુતજ્ઞાનરૂપ ત્રીજું નેત્ર જાણે કેવળજ્ઞાન સાથે સ્પર્ધા જ કરે છે. ૨૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्वमेव तीर्थं शुचिबोधवारिमत् समस्तलोकत्रयशुद्धिकारणम् ।
त्वमेव चानन्दसमुद्रवर्धने मृगाङ्कमूर्तिः परमार्थदर्शिनाम् ॥२४॥

**અનુવાદઃ**—હે દેવી! નિર્મળ જ્ઞાનરૂપ જળથી પરિપૂર્ણ તમે જ તે તીર્થ છો કે જે ત્રણે લોકના સમસ્ત પ્રાણીઓને શુદ્ધ કરે છે. તથા તત્ત્વના યથાર્થસ્વરૂપને દેખનાર જીવોના આનન્દરૂપ સમુદ્રને વધારવામાં ચન્દ્રમાની મૂર્તિ ધારણ કરનાર પણ તમે જ છો. ૨૪.

त्वयादिबोधः खलु संस्कृतो व्रजेत् परेषु बोधेष्वखिलेसु हेतुताम् ।
त्वमक्षि पुंसामतिदूरदर्शने त्वमेव संसारतरोः कुठारिका ॥२५॥

**અનુવાદઃ**—હે વાણી! તમારા દ્વારા સંસ્કાર પામેલ પ્રથમજ્ઞાન (મતિજ્ઞાન) અથવા અક્ષરબોધ બીજા સમસ્ત (શ્રુતજ્ઞાનાદિ) જ્ઞાનોમાં કારણ બને છે. હે દેવી! તમે મનુષ્યોને દૂર ક્ષેત્રે રહેલી વસ્તુઓ દેખાડવામાં નેત્ર સમાન બનીને તેમનું સંસારરૂપ વૃક્ષ કાપવા માટે કુહાડીનું કામ કરો છો. ૨૫.

यथाविधानं त्वमनुस्मृता सती गुरूपदेशो ऽयमवर्णभेदतः ।
न ताः श्रियस्ते न गुणा न तत्पदं यच्छसि प्राणभृते न यच्छुभे ॥

**અનુવાદઃ**—હે શુભે! જે પ્રાણી તારૂં વિધિપૂર્વક સ્મરણ કરે છે–અધ્યયન કરે છે–તેને એવી કોઈ લક્ષ્મી નથી, એવા કોઈ ગુણ નથી તથા એવું કોઈ પદ નથી, જેને તું વર્ણભેદ વિના–બ્રાહ્મણત્વ આદિની અપેક્ષા ન કરતાં–ન આપતી હો. આ ગુરુનો ઉપદેશ છે. અભિપ્રાય એ છે કે તું તારૂં સ્મરણ કરનારા (જિનવાણીના ભક્તો) ને સમાનરૂપે અનેક પ્રકારની લક્ષ્મી, અનેક ગુણો અને ઉત્તમપદનું પ્રદાન કરે છે. ૨૬.

अनेकजन्मार्जितपापपर्वतो विवेकवज्रेण स येन भिद्यते ।
भवद्वपुःशास्त्रघनान्निरेति तत्सदर्थवाक्यामृतभारमेदुरात् ॥२७॥

**અનુવાદઃ**—હે ભારતી! જે વિવેકરૂપ વજ્રદ્વારા અનેક જન્મોમાં કમાયેલ તે પાપરૂપ પર્વત ખંડિત કરાય છે તે વિવેકરૂપ વજ્ર સમીચીન અર્થ સંપન્ન વાક્યો રૂપ અમૃતના ભારથી પરિપૂર્ણ એવા તારા શ્રુતમય શરીર મેઘ વડે પ્રગટે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ**:—અહીં વિવેકમાં વજ્રનો આરોપ કરીને એમ બતાવવામાં આવ્યું છે કે જેવી રીતે વજ્રદ્વારા મોટા મોટા પર્વત ખંડિત કરવામાં આવે છે તેવી જ રીતે વિવેકરૂપ વજ્રદ્વારા બળવાન્ કર્મરૂપ પર્વત નષ્ટ કરવામાં આવે છે. વજ્ર જેમ જળ ભરપુર વાદળામાંથી ઉત્પન્ન થાય છે તેવી જ રીતે આ વિવેક પણ સમીચીન અર્થના બોધક વાક્યરૂપ જળથી પરિપૂર્ણ એવા સરસ્વતીના શરીરભૂત શાસ્ત્રરૂપ મેઘમાંથી ઉત્પન્ન થાય છે. તાત્પર્ય એ છે કે જિનવાણીના પરિશીલનથી તે વિવેકબુદ્ધિ પ્રગટ થાય છે જેના પ્રભાવથી નવીન કર્મોનો સંવર અને પૂર્વસંચિત કર્મોની નિર્જરા થઈને અવિનશ્વર સુખ પ્રાપ્ત થઈ જાય છે. ૨૭.

**तमांसि तेजांसि विजित्य वाङ्मयं प्रकाशयद्यत्परमं महन्महः ।**
**न लुप्यते तैर्न च तैः प्रकाश्यते स्वतः प्रकाशात्मकमेव नन्दतु ॥**

**અનુવાદ**:—શબ્દમય શાસ્ત્ર (દ્રવ્યશ્રુત) અંધકાર અને તેજ (સૂર્ય-ચન્દ્રાદિની પ્રભા)ને જીતીને જે ઉત્કૃષ્ટ મહાન્ તેજ પ્રગટ કરે છે તે ન અંધકાર દ્વારા લુપ્ત કરી શકાય છે અને ન અન્ય તેજ દ્વારા પ્રકાશિત પણ કરી શકાય છે. તે સ્વસંવેદનસ્વરૂપ તેજ વૃદ્ધિ પામો.

**વિશેષાર્થ**:—જિનવાણીના અભ્યાસથી અજ્ઞાનભાવ નષ્ટ થઈને કેવળજ્ઞાનરૂપ જે અપૂર્વ જ્યોતિ પ્રગટ થાય છે તે સૂર્ય-ચન્દ્રાદિનો પ્રકાશની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. એનું કારણ એ છે કે સૂર્ય-ચન્દ્રાદિનો પ્રકાશ નિયમિત (ક્રમશઃ દિવસ અને રાત્રિ) સમયમાં રહીને સીમિત પદાર્થોને જ પ્રગટ કરે છે. પરંતુ તે કેવળજ્ઞાનરૂપ પ્રકાશ દિવસ અને રાત્રિની અપેક્ષા ન કરતાં-સર્વકાળે રહીને-ત્રણે લોક અને ત્રણે કાળનાં સમસ્ત પદાર્થોને પ્રગટ કરે છે આ કેવળજ્ઞાનરૂપ પ્રકાશને નષ્ટ કરવામાં અંધકાર (કર્મ) સમર્થ નથી-તે સ્વ-પરપ્રકાશકસ્વરૂપે સદા સ્થિર રહે છે. ૨૮

**तव प्रसादः कवितां करोत्यतः कथं जडस्तत्र घटेत मादृशः ।**
**प्रसीद तत्रापि मयि स्वनन्दने न जातु माता विगुणेऽपि निष्ठुरा॥**

**અનુવાદ**:—હે સરસ્વતી! તારી પ્રસન્નતા જ કવિતા કરે છે કારણ કે મારા જેવો મૂર્ખ મનુષ્ય ભલા તે કવિતા કરવા કેવી રીતે યોગ્ય થઈ શકે? થઈ શકતો નથી. તેથી તું મૂર્ખ એવા મારા ઉપર પણ પ્રસન્ન થા, કારણ કે માતા પોતાના ગુણ વિનાના પુત્ર પ્રત્યે પણ કઠોર થતી નથી. ૨૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इमामधीते श्रुतदेवतास्तुतिं कृतिं पुमान् यो मुनिपद्मनन्दिनः
स याति पारं कवितादिसद्गुणप्रबन्धसिन्धोः क्रमतो भवस्य च ॥

**અનુવાદઃ**—જે મનુષ્ય પદ્મનન્દી મુનિની કૃતિસ્વરૂપ આ શ્રુતદેવીની સ્તુતિ વાંચે છે તે કવિતાદિ ઉત્તમોત્તમ ગુણોના વિસ્તારરૂપ સમુદ્રના તથા ક્રમે કરીને સંસારના પણ પારને પ્રાપ્ત થઈ જાય છે. ૩૦.

(शार्दूलविक्रीड़ित)

कुण्ठास्ते ऽपि बृहस्पतिप्रभृतयो यस्मिन् भवन्ति ध्रुवं
तस्मिन् देवि तव स्तुतिव्यतिकरे मन्दा नराः के वयम् ।
तद्वाक्चापलमेतदश्रुतवतामस्माकमम्ब त्वया
क्षन्तव्यं मुखरत्वकारणमसौ येनातिभक्तिग्रहः ॥ ३१ ॥

**અનુવાદઃ**—હે દેવી! જે તારા સ્તુતિસમૂહની બાબતમાં નિશ્ચયથી તે બૃહસ્પતિ આદિ પણ કુંઠિત (અસમર્થ) થઈ જાય છે તેના વિષયમાં અમારા જેવા મંદબુદ્ધિ મનુષ્ય કોણ હોય? અર્થાત્ અમારા જેવા તો તારી સ્તુતિ કરવામાં સર્વથા અસમર્થ છે. તેથી હે માતા! શાસ્ત્રજ્ઞાન રહિત અમારી જે આ વચનોની ચંચળતા, અર્થાત્ સ્તુતિરૂપ વચન-પ્રવૃત્તિ છે, તેને તું ક્ષમા કર. કારણ એ છે કે આ વાચાળતા (બકવાદ)નું કારણ તે તારી અતિશય ભક્તિરૂપ ગ્રહ (પિશાચ) છે. અભિપ્રાય એ કે હું એને યોગ્ય ન હોવા છતાં પણ જે આ સ્તુતિ કરી છે તે કેવળ તારી ભક્તિને વશ થઈને જ કરી છે. ૩૧.

આ રીતે સરસ્વતીસ્તોત્ર સમાપ્ત થયું. ૧૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૬. સ્વયંભૂસ્તુતિ

## [ १६. स्वयंभूस्तुति ]

**स्वयंभुवा येन समुद्धृतं जगज्जडत्वकूपे पतितं प्रमादतः।**
**परात्मतत्त्वप्रतिपादनोल्लसद्वचोगुणैरादिजिनः स सेव्यताम् ॥१॥**

**અનુવાદઃ**—સ્વયંભુ અર્થાત્ પોતે જ પ્રબોધને પ્રાપ્ત થયેલા જે આદિ (ઋષભ) જિનેન્દ્રે, પ્રમાદને વશ થઇને અજ્ઞાનતારૂપ કૂવામાં પડેલા જગતના પ્રાણીઓનો પર-તત્ત્વ અને આત્મતત્ત્વ (અથવા ઉત્કૃષ્ટ આત્મતત્ત્વ) ના ઉપદેશમાં શોભાયમાન વચનરૂપ ગુણોથી ઉદ્ધાર કર્યો છે, તે આદિ જિનેન્દ્રની આરાધના કરવી જોઈએ.

**વિશેષાર્થઃ**—અહીં શ્લોકમાં યોજાયેલા ગુણ શબ્દના બે અર્થ છે-હિતકારકત્વ આદિ ગુણ અને દોરડું. તેનો અભિપ્રાય એ છે કે જેમ કોઇ મનુષ્ય જો અસાવધાનીથી કૂવામાં પડી જાય છે તો બીજા દયાળુ મનુષ્ય કૂવામાં દોરડું નાખીને તેની મદદથી તેમને બહાર કાઢી લે છે. એ જ રીતે ભગવાન આદિ જિનેન્દ્રે જે અનેક પ્રાણી અજ્ઞાન વશ થઈને ધર્મના માર્ગથી વિમુખ થઇ રહ્યા થકા કષ્ટ ભોગવી રહ્યા હતા તેમનો હિતોપદેશદ્વારા ઉદ્ધાર કર્યો હતો-તેમને મોક્ષમાર્ગમાં લગાવ્યા હતા. તેમણે તેમને એવાં વચનો દ્વારા પદાર્થનું સ્વરૂપ સમજાવ્યું હતું કે જે હિતકારક હોવા ઉપરાંત તેમને મનોહર પણ લાગતું હતું. 'हितं मनोहारि च दुर्लभं वचः' આ કથન અનુસાર એ સર્વ સાધારણને સુલભ નથી. ૧.

**भवारिरेको न परोऽस्ति देहिनां सुहृच्च रत्नत्रयमेक एव हि।**
**स दुर्जयो येन जितस्तदाश्रयात्ततोऽजितान्मे जिनतोऽस्तु सत्सुखम् ॥**

**અનુવાદઃ**—પ્રાણીઓનો સંસાર જ એક ઉત્કૃષ્ટ શત્રુ તથા રત્નત્રય જ એક ઉત્કૃષ્ટ મિત્ર છે, એના સિવાય બીજા કોઈ શત્રુ અથવા મિત્ર નથી. જેણે તે રત્નત્રયરૂપ મિત્રના અવલંબનથી તે દુર્જય સંસારરૂપ શત્રુને જીતી લીધો છે તે અજિત જિનેન્દ્રથી મને સમીચીન સુખ પ્રાપ્ત થાવ. ૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुनातु नः संभवतीर्थकृज्जिनः पुनः पुनः संभवदुःखदुःखिताः ।
तदर्तिनाशाय विमुक्तिवर्त्मनः प्रकाशकं यं शरणं प्रपेदिरे ॥३॥

**અનુવાદઃ**—વારંવાર જન્મ-મરણરૂપ સંસારના દુઃખથી પીડિત પ્રાણી તે પીડા દૂર કરવા માટે મોક્ષમાર્ગ પ્રકાશિત કરનાર જે સંભવનાથ તીર્થંકરના શરણને પામ્યા હતા તે સંભવ જિનેન્દ્ર અમને પવિત્ર કરો. ૩.

निजैर्गुणैरप्रतिमैर्महानजो न तु त्रिलोकीजनतार्चनेन यः ।
यतो हि विश्वं लघु तं विमुक्तये नमामि साक्षादभिनन्दनं जिनम् ॥

**અનુવાદઃ**—અજ અર્થાત જન્મ-મરણ રહિત જે અભિનન્દન જિનેન્દ્ર પોતાના અનુપમ ગુણો દ્વારા મહિમા પામ્યા છે, નહિ કે ત્રણે લોકના પ્રાણીઓ દ્વારા કરવામાં આવતી પૂજાથી; તથા જેની આગળ વિશ્વ તુચ્છ છે અર્થાત્ જે પોતાના અનન્તજ્ઞાન દ્વારા સમસ્ત વિશ્વને સાક્ષાત્ જાણે-દેખે છે તે અભિનંદન જિનને હું મુક્તિની પ્રાપ્તિ માટે નમસ્કાર કરું છું. ૪.

नयप्रमाणादिविधानसद्घटं प्रकाशितं त तत्त्वमतीव निर्मलम् ।
यतस्त्वया तत्सुमतेऽत्र तावकं तदन्वयं नाम नमोऽस्तु ते जिनः ॥

**અનુવાદઃ**—હે સુમતિ જિનેન્દ્ર! આપે નય અને પ્રમાણ આદિની વિધિથી સંગત તત્ત્વ (વસ્તુ સ્વરૂપ) અતિશય નિર્દોષ રીતે પ્રકાશિત કર્યું હતું, માટે જ આપનું સુમતિ (सु शोभना मतिर्यस्यासौ सुमतिः=ઉત્તમ બુદ્ધિમાન) એ નામ સાર્થક છે. હે જિન! આપને નમસ્કાર હો. ૫

रराज पद्मप्रभतीर्थकृत्सदस्यशेषलोकत्रयलोकमध्यगः ।
नभस्युडुव्रातयुतः शशी यथा वचोऽमृतैर्वर्षति यः स पातु नः ॥

**અનુવાદઃ**—જેમ આકાશમાં તારાઓના સમૂહથી યુક્ત થઈને ચંદ્ર શોભે છે તેવી જ રીતે જે પદ્મપ્રભ તીર્થંકર સમવશરણ સભામાં ત્રણે લોકના સમસ્ત પ્રાણીઓને વચ્ચે સ્થિત થઈને શોભાયમાન થયા હતા તથા જેમણે ત્યાં વચનરૂપી અમૃતની વર્ષા કરી હતી તે પદ્મપ્રભ જિનેન્દ્ર અમારી રક્ષા કરો. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नरामराहीश्वरपीडने जयी घृतायुधो धीरमना झषध्वजः ।
विनापि शस्त्रैर्ननु येन निर्जितो जिनं सुपार्श्वं प्रणमामि तं सदा ॥

**અનુવાદઃ**—જે સાહસી મીનકેતુ (કામદેવ) શસ્ત્ર ધારણ કરી ચક્રવર્તી, ઈન્દ્ર અને ધરણેન્દ્રને પણ પીડિત કરીને તેમના ઉપર વિજય મેળવે છે. એવા તે કામદેવ સુભટને પણ જેમણે શસ્ત્ર વિના જ જીતી લીધો તે સુપાર્શ્વ જિનને હું સદા પ્રણામ કરું છું.

**વિશેષાર્થઃ**—સંસારમાં કામદેવ (વિષય વાસના) અત્યંત પ્રબળ મનાય છે. બીજાઓની તો વાત જ શી છે? પરંતુ ઈન્દ્ર, ધરણેન્દ્ર અને ચક્રવર્તી આદિ પણ તેને વશ (થયેલા) દેખવામાં આવે છે. એવા સુભટ તે કામદેવ ઉપર તેઓ જ વિજય મેળવી શકે છે જેમના હૃદયમાં આત્મ-પરનો વિવેક જાગૃત છે. ભગવાન સુપાર્શ્વ એવા જ વિવેકી મહાપુરુષ હતા. તેથી તેમને ઉક્ત કામદેવ ઉપર વિજય મેળવવા માટે કોઈ શસ્ત્રાદિની પણ જરૂર ન પડી. તેમણે એક માત્ર વિવેકબુદ્ધિથી તેને હરાવી દીધો હતો. માટે તે નમસ્કાર કરવાને યોગ્ય છે. ૭.

शशिप्रभो वागमृतांशुभिः शशी परं कदाचिन्न कलङ्कसंगतः ।
न चापि दोषाकरतां ययौ यतिर्जयत्यसौ संसृतितापनाशनः ॥

**અનુવાદઃ**—ચન્દ્રમા સમાન પ્રભાવાળા ચન્દ્રપ્રભ જિનેન્દ્ર જો કે વચનરૂપ અમૃતના કિરણોથી ચન્દ્રમા હતા, પરંતુ જેમ ચન્દ્રમા કલંક (કાળા ચિહ્ન) સહિત છે તેમ તેઓ કલંક (પાપ-મળ) સહિત કદી નહોતા, તથા જેમ ચન્દ્રમા દોષકર (રાત્રિ કરનાર) છે તેમ તેઓ દોષાકર (દોષોની ખાણ) નહોતા. અર્થાત્ તેઓ અજ્ઞાનાદિ સર્વ દોષરહિત હતા. તે સંસારનો સંતાપ નષ્ટ કરનાર ચન્દ્રપ્રભ મુનીન્દ્ર જયવંત હો. ૮.

यदीयपादद्वितयप्रणामतः पतत्यधो मोहनधूलिरङ्गिनाम् ।
शिरोगता मोहठकप्रयोगतः स पुष्पदंतः सततं प्रणम्यते ॥९॥

**અનુવાદઃ**—જેના બન્ને ચરણોમાં નમસ્કાર કરતી વખતે મોહરૂપ ઠગના પ્રયત્નથી પ્રાણીઓના શિરમાં સ્થિત થયેલ મોહન ધૂળ (મોહજનક પાપરજ) નીચે પડી જાય છે તે પુષ્પદંત ભગવાનને હું નિરંતર પ્રણામ કરૂં છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—પ્રાણીઓના મસ્તકમાં જે અજ્ઞાનતાને કારણે અનેક પ્રકારના દુર્વિચાર ઉત્પન્ન થાય છે તે જિનેન્દ્ર ભગવાનના નામસ્મરણ, ચિન્તન અને વંદનથી નષ્ટ થઈ જાય છે. અહીં ઉપર્યુક્ત દુર્વિચારોમાં મોહ દ્વારા સ્થાપિત ધૂળનો આરોપ કરીને આ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે મોહદ્વારા જે પ્રાણીઓના મસ્તક ઉપર મોહનધૂળ સ્થાપવામાં આવે છે તે જાણે કે પુષ્પદંત જિનેન્દ્રને પ્રણામ કરવાથી (મસ્તક નમાવવાથી) અનાયાસે જ નષ્ટ થઈ જાય છે. ૯.

सतां यदीयं वचनं सुशीतलं यदेव चन्द्रादपि चन्दनादपि।
तदत्र लोके भवतापहारि यत् प्रणम्यते किं न स शीतलो जिनः॥

**અનુવાદ:**—લોકમાં જેમના વચન સજ્જન પુરુષોને માટે ચન્દ્ર અને ચન્દનથી પણ અધિક શીતળ તથા સંસારનો તાપ નષ્ટ કરનાર છે તે શીતલ જિનને શું પ્રણામ ન કરવા જોઈએ? અર્થાત્ અવશ્ય જ તે પ્રણામ કરવા યોગ્ય છે. ૧૦.

जगत्त्रये श्रेय इतो ह्ययादिति प्रसिद्धनामा जिन एष वन्द्यते।
यतो जनानां बहुभक्तिशालिनां भवन्ति सर्वे सफला मनोरथाः॥

**અનુવાદ:**—ત્રણે લોકમાં પ્રાણીઓ આ શ્રેયાંસ જિન દ્વારા શ્રેય અર્થાત્ કલ્યાણને પ્રાપ્ત થયા છે, તેથી જે 'શ્રેયાન્' એવા સાર્થક નામે પ્રસિદ્ધ છે તથા જેના નિમિત્તે અનેક ભક્તિ કરનાર મનુષ્યોના સર્વ મનોરથ (અભિલાષાઓ) સફળ થાય છે તે શ્રેયાંસ જિનેન્દ્રને પ્રણામ કરું છું. ૧૧.

पदाब्जयुग्मे तव वासुपूज्य तज्जनस्य पुण्यं प्रणतस्य तद्भवेत्।
यतो न सा श्रीरिह हि त्रिविष्टपे न तत्सुखं यन्न पुरः प्रधावति॥

**અનુવાદ:**—હે વાસુપૂજ્ય! તારા ચરણ યુગલમાં પ્રણામ કરતાં પ્રાણીને તે પુણ્ય ઉત્પન્ન થાય છે જેનાથી ત્રણે લોકમાં અહીં એવી કોઈ લક્ષ્મી નથી અને એવું કોઈ સુખ પણ નથી કે જે તેની આગળ ન દોડતું હોય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ:**—અભિપ્રાય એ છે કે વાસુપૂજ્ય જિનેન્દ્રના ચરણકમળમાં નમસ્કાર કરવાથી જે પુણ્યબંધ થાય છે તેનાથી સર્વ પ્રકારની લક્ષ્મી અને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. ૧૨.

**मलैर्विमुक्तो विमलो न कैर्जिनो यथार्थनामा भुवने नमस्कृतः ।**
**तदस्य नामस्मृतिरप्यसंशयं करोति वैमल्यमघात्मनामपि ॥१३॥**

**અનુવાદ:**—જે વિમળ જિનેન્દ્ર કર્મ-મળ રહિત થઈને 'વિમળ' એવું સાર્થક નામ ધારણ કરે છે તેમને લોકમાં ભલા કયા ભવ્ય જીવોએ નમસ્કાર નથી કર્યા? અર્થાત્ બધા ભવ્ય જીવોએ તેમને નમસ્કાર કર્યા છે. તેથી તેમના નામનું સ્મરણ પણ નિશ્ચયથી પાપી જીવોને પણ તે પાપ-મળ નષ્ટ કરીને તેમને વિમળ (નિર્મળ) કરે છે. ૧૩.

**अनन्तबोधादिचतुष्टयात्मकं दधाम्यनन्तं हृदि तद्गुणाशया ।**
**भवेद्यदर्थी ननु तेन सेव्यते तदन्वितो भूरितृषेव सत्सरः ॥१४॥**

**અનુવાદ:**—જે અનંતજિન અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય આ અનંતચતુષ્ટયસ્વરૂપ છે તેને હું તે જ ગુણો (અનંતચતુષ્ટય) પ્રાપ્ત કરવાની ઇચ્છાથી હૃદયમાં ધારણ કરું છું. બરાબર પણ છે—જે જે ગુણના અભિલાષી હોય છે તે તે જ ગુણયુક્ત મનુષ્યની સેવા કરે છે. જેમ કે—અતિશય તરસવાળો અર્થાત્ પાણીનો અભિલાષી મનુષ્ય ઉત્તમ તળાવની સેવા કરે છે. ૧૪.

**नमोऽस्तु धर्माय जिनाय मुक्तये सुधर्मतीर्थप्रविधायिने सदा ।**
**यमाश्रितो भव्यजनोऽतिदुर्लभां लभेत कल्याणपरंपरां पराम् ॥१५॥**

**અનુવાદ:**—જે ધર્મનાથ જિનેન્દ્રના શરણે ગયેલા ભવ્ય જીવ અતિશય દુર્લભ ઉત્કૃષ્ટ કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરે છે એવા તે ઉત્તમ ધર્મતીર્થના પ્રવર્તક ધર્મનાથ જિનેન્દ્રને હું મુક્તિપ્રાપ્તિની ઇચ્છાથી નમસ્કાર કરું છું. ૧૫.

**विधाय कर्मक्षयमात्मशान्तिकृज्जगत्सु यः शान्तिकरस्ततोऽभवत् ।**
**इति स्वमन्यं प्रति शान्तिकारणं नमामि शान्तिं जिनमुन्नतश्रियम् ॥१६॥**

**અનુવાદ:**—જે શાન્તિનાથ જિનેન્દ્ર કર્મોનો નાશ કરીને પ્રથમ તો પોતે પોતાની શાન્તિ કરનાર થયા અને ત્યારપછી જગતના બીજા પ્રાણીઓને પણ શાન્તિનું કારણ થયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ રીતે જે સ્વ અને પર બન્નેની ય શાન્તિનું કારણ છે તે ઉત્કૃષ્ટ લક્ષ્મી (સમવસરણાદિરૂપ બાહ્ય તથા અનંતચતુષ્ટયસ્વરૂપ અંતરંગ લક્ષ્મી ) યુક્ત શાન્તિનાથ જિનેન્દ્રને હું નમસ્કાર કરૂં છું. ૧૬.

**दयाङ्गिनां चिद्‌ द्वितयं विमुक्तये परिग्रहद्वन्द्वविमोचनेन तत्‌ ।**
**विशुद्धमासीदिह यस्य मादृशां स कुन्थुनाथो ऽस्तु भवप्रशान्तये ॥१७॥**

**અનુવાદઃ**—સંસારમાં જે કુન્થુનાથ જિનેન્દ્રને મુક્તિ માટે અંતરંગ અને બાહ્ય બન્ને ય પ્રકારના પરિગ્રહ છોડી દેવાથી પ્રાણીઓની દયા અને ચૈતન્ય (કેવળજ્ઞાન) આ બે વિશુદ્ધ ગુણ પ્રગટ થયા હતા તે કુંથુનાથ જિનેન્દ્ર મારા જેવા છદ્મસ્થ પ્રાણીઓને સંસારની શાન્તિ ( નાશ ) નું કારણ થાવ. ૧૭.

**विभान्ति यस्याङ्घ्रिनखा नमत्सुरस्फुरच्छिरोरत्नमहो ऽधिकप्रभाः ।**
**जगद्‌गृहे पापतमोविनाशना इव प्रदीपाः स जिनो जयत्यरः ॥१८॥**

**અનુવાદ**—નમસ્કાર કરતા દેવોના પ્રકાશમાન શિરોરત્ન ( ચૂડામણિ ) ની કાન્તિથી અધિક કાન્તિવાળા જેના પગોના નખ, સંસારરૂપ ઘરમાં પાપરૂપ અંધકાર નષ્ટ કરનાર દીપક સમાન શોભાયમાન થાય છે તે અરનાથ જિનેન્દ્ર જયવંત હો. ૧૮.

**सुहृत्सुखी स्यादहितः सुदुःखितः स्वतो ऽप्युदासीनतमादपि प्रभोः ।**
**यतः स जीयाज्जिनमल्लिरेकतां गतो जगद्विस्मयकारिचेष्टितः ॥१९॥**

**અનુવાદઃ**—અત્યંત ઉદાસીનતા ( વીતરાગતા ) ને પ્રાપ્ત થયેલ હોવા છતાં પણ જે મલ્લિ પ્રભુના નિમિત્તે મિત્ર સ્વયં સુખી અને શત્રુ સ્વયં અતિશય દુઃખી થાય છે, આ રીતે જેમની પ્રવૃત્તિ વિશ્વને માટે આશ્ચર્યજનક છે તથા જે અદ્વૈતભાવને પ્રાપ્ત થયા છે તે મલ્લિ જિનેન્દ્ર જયવંત થાવ.

**વિશેષાર્થઃ**—જે પ્રાણી શત્રુને દુઃખી અને મિત્રને સુખી કરે છે તે કદી ઉદાસીન રહી શકતો નથી. પરંતુ મલ્લિ જિનેન્દ્ર ન તો શત્રુ પ્રત્યે દ્વેષ રાખતા હતા અને ન મિત્ર પ્રત્યે અનુરાગ. છતાં પણ તેમનો ઉત્કર્ષ જોઈને તેઓ સ્વભાવથી જ ક્રમશઃ દુઃખી અને સુખી થતા હતા. તેથી અહીં તેમની પ્રવૃત્તિને આશ્ચર્યકારી કહેવામાં આવી છે. ૧૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विहाय नूनं तृणवत्स्वसंपदं मुनिर्व्रतैर्यो ऽभवदत्र सुव्रतः ।
जगाम तद्धाम विरामवर्जितं सुबोधदृङ्मे स जिनः प्रसीदतु ॥२०॥

અનુવાદઃ—જે મુનિસુવ્રત અહીં પોતાની સંપત્તિ તૃણ સમાન છોડીને વ્રતો (મહાવ્રતો) દ્વારા સુવ્રત (ઉત્તમ વ્રતોના ધારક) મુની થયા હતા અને ત્યારપછી તે અવિનશ્વર પદ (મોક્ષ) પણ પામ્યા હતા તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનથી વિભૂષિત મુનિસુવ્રત જિનેન્દ્ર મારા ઉપર પ્રસન્ન થાવ. ૨૦.

परं परायत्ततयातिदुर्बलं चलं खसौख्यं यदसौख्यमेव तत् ।
अदः प्रमुच्यात्मसुखे कृतादरो नमिर्जिनो यः स ममास्तु मुक्तये ॥२१॥

અનુવાદઃ—જે ઇન્દ્રિયસુખ પર (કર્મ) ને આધીન હોવાના કારણે આત્માથી પર અર્થાત્ ભિન્ન છે, અતિશય દુર્બળ છે તથા વિનશ્વર છે તે વાસ્તવમાં દુઃખરૂપ જ છે. જેણે તે ઇન્દ્રિયસુખ છોડીને આત્મિક સુખના વિષયમાં આદર કર્યો હતો તે નમિનાથ જિનેન્દ્ર મારા માટે મુક્તિનું કારણ થાવ. ૨૧.

अरिष्टसंकर्तनचक्रनेमिताम् उपागतो भव्यजनेषु यो जिनः ।
अरिष्टनेमिर्जगतीति विश्रुतः स ऊर्जयन्ते जयतादितः शिवम् ॥२२॥

અનુવાદઃ—જે અશુભકર્મ કાપવા માટે ચક્રની ધાર સમાન હોવાથી જગતમાં ભવ્ય જીવો વચ્ચે 'અરિષ્ટનેમિ' એવા સાર્થક નામથી પ્રસિદ્ધ થઈને ગિરનાર પર્વત ઉપરથી મુક્તિ પામ્યા છે તે નેમિનાથ જિનેન્દ્ર જયવંત હો. ૨૨.

यदूर्ध्वदेशे नभसि क्षणादहि प्रभोः फणारत्नकरैः प्रधावितम् ।
पदातिभिर्वा कमठाहतेः कृते करोतु पार्श्वः स जिनो ममामृतम् ।२३।

અનુવાદઃ—જેની ઉપર આકાશમાં ધરણેન્દ્રની ફેણો સંબંધી રત્નોના કિરણ કમઠના આઘાત માટે અર્થાત તેનો ઉપદ્રવ વ્યર્થ કરવા માટે ક્ષણમાત્રમાં પાયદળ સેનાની જેમ દોડયા હતા તે પાર્શ્વનાથ જિનેન્દ્ર મને અમૃત અર્થાત્ મોક્ષ આપો. ૨૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्रिलोकलोकेश्वरतां गतोऽपि यः स्वकीयकायेऽपि तथापि निःस्पृहः।
स वर्धमानोऽन्त्यजिनो नताय मे ददातु मोक्षं मुनिपद्मनन्दिने ॥२४॥

અનુવાદઃ—ત્રણ લોકના પ્રાણીઓમાં પ્રભુતાને પ્રાપ્ત હોવા છતાં પણ જે પોતાના શરીરના વિષયમાં પણ મમત્વ ભાવ રહિત છે તે વર્ધમાન અંતિમ તીર્થંકર નમ્રીભૂત થયેલ મને પદ્મનન્દીને મોક્ષ પ્રદાન કરો. ૨૪.

આ રીતે સ્વયંભૂસ્તોત્ર સમાપ્ત થયું. ૧૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# १७. सुप्रभाताष्टकम्

## [ १७. सुप्रभाताष्टकम् ]

(शार्दूलविक्रीडित)

निःशेषावरणद्वयस्थितिनिशाप्रान्ते ऽन्तरापयक्षया[ यो ]-
दुद्योते मोहकृते गते च सहसा निद्राभरे दूरतः ।
सम्यग्ज्ञानदृगक्षियुग्ममभितो विस्फारितं यत्र त-
ल्लब्धं यैरिह सुप्रभातमचलं तेभ्यो जिनेभ्यो नमः ॥१॥

**અનુવાદઃ**—જે સુપ્રભાતમાં સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ બે આવરણ કર્મોની સ્થિતિરૂપ રાત્રિનો અંત થઈને અન્તરાય કર્મના ક્ષયરૂપી પ્રકાશ થઈ જતાં તથા શીઘ્ર જ મોહકર્મથી નિર્મિત નિદ્રાભાર સહસા દૂર થઈ જતાં સમીચીન જ્ઞાન અને દર્શનરૂપ નેત્રયુગલ સર્વ તરફ વિસ્તાર પામ્યા છે અર્થાત્ ખૂલી ગયાં છે એવા તે સ્થિર સુપ્રભાતને જેમણે પ્રાપ્ત કરી લીધું છે તે જિનેન્દ્રદેવોને નમસ્કાર હો.

**વિશેષાર્થઃ**—જેમ પ્રભાત થઈ જતાં રાત્રિનો અંત થઈને ધીરે ધીરે સૂર્યનો પ્રકાશ ફેલાવા માંડે છે તથા લોકોની નિદ્રા દૂર થઈને તેમનાં નેત્રયુગલ ખૂલી જાય છે કે જેથી તે સર્વ તરફ જોવા લાગી જાય છે. બરાબર એ જ રીતે જિનેન્દ્રદેવોને જે અપૂર્વ પ્રભાતનો લાભ થયા કરે છે તેમાં રાત્રિ સમાન તેમના જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મોની સ્થિતિનો અંત થાય છે, અંતરાયકર્મનો ક્ષય જ પ્રકાશ છે, મોહકર્મજનિત અવિવેકરૂપ નિદ્રાનો ભાર નષ્ટ થઈ જાય છે. ત્યારે તેમના કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ બન્ને નેત્રો ખૂલી જાય છે જેથી તેઓ સમસ્ત વિશ્વને સ્પષ્ટપણે જાણવા અને દેખવા લાગે છે. એવા તે અલૌકિક, અવિનશ્વર સુપ્રભાતને પ્રાપ્ત કરનાર જિનેન્દ્રોને અહીં નમસ્કાર કરવામાં આવ્યા છે. ૧.

यत्सच्चक्रसुखप्रदं यदमलं ज्ञानप्रभाभासुरं
लोकालोकपदप्रकाशनविधिप्रौढं प्रकृष्टं सकृत् ।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उद्‌भूते सति यत्र जीवितमिव प्राप्तं परं प्राणिभिः
त्रैलोक्याधिपतेर्जिनस्य सततं तत्सुप्रभातं स्तुवे ॥ २ ॥

અનુવાદઃ—જે સુપ્રભાત સત્‌ચક્ર અર્થાત્ સજ્જનોને સુખ આપનાર (અથવા ઉત્તમ ચક્રવાક પક્ષીઓને સુખ આપનાર અથવા સમીચીન ચક્રરત્ન ધારણ કરનાર ચક્રવર્તીને સુખ આપનાર), નિર્મળ, જ્ઞાનની પ્રભાથી પ્રકાશમાન, લોક અને અલોકરૂપ સ્થાનને પ્રકશિત કરવાની વિધિમાં ચતુર અને ઉત્કૃષ્ટ છે તથા જે એકવાર પ્રગટ થતાં જાણે પ્રાણી ઉત્કૃષ્ટ જીવનને જ પ્રાપ્ત કરી લે છે; એવા તે ત્રણ લોકના અધિપતિસ્વરૂપ જિનેન્દ્ર ભગવાનના સુપ્રભાતની હું નિરંતર સ્તુતિ કરું છું. ૨.

एकान्तोद्धतवादिकौशिकशतैर्नष्टं भयाऽऽकुलै-
र्जातं यत्र विशुद्धखेचरनुतिव्याहारकोलाहलम् ।
यत्सद्धर्मविधिप्रवर्धनकरं तत्सुप्रभातं परं
मन्येऽर्हत्परमेष्ठिनो निरुपमं संसारसंतापहृत् ॥ ३ ॥

અનુવાદઃ—જે સુપ્રભાતમાં સર્વથા એકાન્તવાદથી ઉદ્ધત સેંકડો પ્રવાદીરૂપ ઘૂવડ પક્ષી ભયથી વ્યાકુળ થઈને નષ્ટ થઈ ગયા છે, જે આકાશગામી વિદ્યાધરો અને દેવો દ્વારા કરવામાં આવતી વિશુદ્ધ સ્તુતિના શબ્દથી શબ્દાયમાન છે, જે સમીચીન ધર્મવિધિને વધારનાર છે, ઉપમા સહિત અર્થાત્ અનુપમ છે અને સંસારનો સંતાપ નષ્ટ કરનાર છે, એવા તે અરહંત પરમેષ્ઠીના સુપ્રભાતને જ હું ઉત્કૃષ્ટ સુપ્રભાત માનું છું. ૩.

सानन्दं सुरसुन्दरीभिरभितः शक्रैर्यदा गीयते
प्रातः प्रतरधीश्वरं यदतुलं वैतालिकैः पठ्यते ।
यच्चाश्रावि नभश्चरैश्च फणिभिः कन्याजनाद्गायत-
स्तद्वन्दे जिनसुप्रभातमखिलत्रैलोक्यहर्षप्रदम् ॥ ४ ॥

અનુવાદઃ—ઇન્દ્રો સાથે દેવાંગનાઓ જે સુપ્રભાતનું આનંદપૂર્વક સર્વ તરફ ગાન કરે છે, ભાટચારણો પોતાના સ્વામીનું લક્ષ્ય રાખીને જે અનુપમ સુપ્રભાતની સ્તુતિ કરે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તથા જે સુપ્રભાત વિષે વિદ્યાધર અને નાગકુમાર જાતિના દેવ ગાતી કન્યાઓ પાસેથી સાંભળે છે; આ રીતે સમસ્ત ત્રણે લોકને હર્ષિત કરનાર તે જિન ભગવાનના સુપ્રભાતને હું વંદન કરું છું. ૪.

उद्द्योते सति यत्र नश्यति तरां लोके ऽघचौरो ऽचिरं
दोषेशो ऽन्तरतीव यत्र मलिनो मन्दप्रभो जायते ।
यत्रानीतितमस्ततेर्विघटनाज्जाता दिशो निर्मला
वन्द्यं नन्दतु शाश्वतं जिनपतेस्तत्सुप्रभातं परम् ॥ ५ ॥

**અનુવાદઃ**—જે સુપ્રભાતનો પ્રકાશ થતાં લોકમાં પાપરૂપી ચોર અત્યંત જલ્દી નષ્ટ થઈ જાય છે, જે સુપ્રભાતના પ્રકાશમાં દોષેશ અર્થાત્ મોહરૂપ ચન્દ્રમા અંદર અતિશય મલિન થઈને મન્દ તેજવાળો થઇ જાય છે તથા જે સુપ્રભાત થતાં અન્યાયરૂપ અંધકારનો સમૂહ ન થઈ જવાથી દિશાઓ નિર્મળ થઈ જાય છે; એવા તે વંદનીય અને અવિનશ્વર જિન ભગવાનનું ઉત્કૃષ્ટ સુપ્રભાત વૃદ્ધિને પ્રાપ્ત થાવ.

**વિશેષાર્થ:**—પ્રભાતનો સમય થતાં રાત્રે સંચાર કરનાર ચોર ભાગી જાય છે, દોષેશ (રાત્રિનો સ્વામી ચન્દ્રમા) મલિન અને ઝાંખા પ્રકાશવાળો (ફીક્કો) થઈ જાય છે અને રાત્રિજનિત અંધકાર નષ્ટ થઈ જવાથી દિશાઓ નિર્મળ થઈ જાય છે. એ જ રીતે જિન ભગવાનને જે અનુપમ સુપ્રભાતનો લાભ થાય છે તે થતાં ચોર સમાન ચિરકાલીન પાપ તરત જ નષ્ટ થઇ જાય છે, દોષેશ (દોષોના સ્વામી મોહ) કાન્તિહીન થઇને દૂર ભાગી જાય છે તથા અન્યાય અને અત્યાચાર નષ્ટ થઈ જવાથી બધી બાજુએ પ્રસન્નતા છવાઈ જાય છે. તે જિનેન્દ્ર દેવનું સુપ્રભાત વંદનીય છે. ૫.

मार्गं यत्प्रकटीकरोति हरते दोषानुषङ्गस्थितिं
लोकानां विदधाति दृष्टिमचिरादर्थावलोकक्षमाम् ।
कामासक्तधियामपि कृशयति प्रीतिं प्रियायामिति
प्रातस्तुल्यतयापि को ऽपि महिमापूर्वः प्रभातो ऽर्हताम् ॥६॥

**અનુવાદઃ**—અરહંતોનું પ્રભાત માર્ગ પ્રગટ કરે છે, દોષોના સંબંધની સ્થિતિ નષ્ટ કરે છે, લોકોની દૃષ્ટિ તરત જ પદાર્થોને દેખવામાં સમર્થ બનાવે છે તથા વિષયભોગમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આસક્ત બુદ્ધિવાળા પ્રાણીઓની સ્ત્રીવિષયક પ્રીતિ કૃશ (નિર્બળ) કરે છે. આ રીતે તે અરહંતોનું પ્રભાત જો કે પ્રભાતકાળ તુલ્ય જ છે, છતાં પણ તેનો કોઈ અપૂર્વ જ મહિમા છે.

**વિશેષાર્થ:**—જેવી રીતે પ્રભાત થતાં માર્ગ પ્રગટ દેખાવા માંડે છે તેવી જ રીતે અરહંતોના આ પ્રભાતમાં પ્રાણીઓને મોક્ષનો માર્ગ દેખાવા લાગે છે, જેમ પ્રભાત દોષા (રાત્રિના)ના સંગનો નાશ કરે છે તેવી જ રીતે આ અરહંતોનું પ્રભાત રાગદ્વેષાદિરૂપ દોષોની સંગતિ નષ્ટ કરે છે જેમ પ્રભાત લોકોની દ્રષ્ટિને તરત જ ઘટ-પટાદિ પદાર્થો દેખવામાં સમર્થ કરી દે છે તેવી જ રીતે આ અરહંતોનું પ્રભાત પ્રાણીઓની દૃષ્ટિ (જ્ઞાન) ને જીવાદિ સાત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ દેખવા-જાણવામાં સમર્થ કરી દે છે તથા જેમ પ્રભાત થઈ જતાં કામી જનની સ્ત્રીવિષયક પ્રીતિ ઓછી થઈ જાય છે તેવી જ રીતે તે અરહંતોના પ્રભાતમાં પણ કામીજનની વિષયેચ્છા ઓછી થઈ જાય છે. આ રીતે અરહંતોનું તે પ્રભાત પ્રસિદ્ધ પ્રભાત સમાન હોઈને પણ અપૂર્વ જ મહિમા ધારણ કરે છે. ૬.

**यद्भानोरपि गोचरं न गतवान् चित्ते स्थितं तत्तमो**
**भव्यानां दलयत्तथा कुवलये कुर्याद्विकाशश्रियम् ।**
**तेजः सौख्यहतेरकर्तृ यदिदं नक्तंचराणामपि**
**क्षेमं वो विदधातु जैनमसमं श्रीसुप्रभातं सदा ॥७॥**

**અનુવાદ:**—ભવ્ય જીવોના હૃદયમાં સ્થિત જે અંધકાર સૂર્યગોચર થયો નથી અર્થાત્ જેને સૂર્ય પણ નષ્ટ કરી શકયો નથી તેને જે જિન ભગવાનનું સુપ્રભાત નષ્ટ કરે છે, જે કુવલય (ભૂમંડળ)ના વિષયમાં વિકાશલક્ષ્મી (પ્રમોદ) કરે છે-લોકના સર્વે પ્રાણીઓને હર્ષિત કરે છે તથા જે નિશાચરો (ચન્દ્ર અને રાક્ષસ આદિ)ના પણ તેજ અને સુખનો ઘાત કરતું નથી; તે જિન ભગવાનનું અનુપમ સુપ્રભાત સર્વદા આપ સૌનું કલ્યાણ કરો.

**વિશેષાર્થ:**—લોકપ્રસિદ્ધ પ્રભાતની અપેક્ષાએ જિનભગવાનના આ સુપ્રભાતમાં અપૂર્વતા છે. તે આ રીતે-પ્રભાતનો સમય કેવળ રાત્રિનો અંધકાર નષ્ટ કરે છે, તે જીવોના અભ્યંતર અંધકાર (અજ્ઞાન) ને નષ્ટ કરી શકતો નથી; પરંતુ જિન ભગવાનનું તે સુપ્રભાત ભવ્ય જીવોના હૃદયમાં સ્થિત તે અજ્ઞાનાન્ધકારને પણ નષ્ટ કરે છે, લોકપ્રસિદ્ધ પ્રભાત કુવલય (સફેદ કમળ) ને વિકસિત નથી કરતું પણ મુકુલિત જ કરે છે (બીડાઈ જાય છે); પરંતુ જિન ભગવાનનું સુપ્રભાત તે કુવલય (ભૂમંડળના સમસ્ત જીવો) ને વિકસિત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પ્રમુદિત) જ કરે છે. લોકપ્રસિદ્ધ પ્રભાત નિશાચરો (ચન્દ્ર, ચોર અને ઘૂવડ વગેરે)ના તેજ અને સુખનો નાશ કરે છે પરંતુ જિન ભગવાનનું તે સુપ્રભાત તેમના તેજ અને સુખનો નાશ નથી કરતું. આ રીતે તે જિન ભગવાનનું અપૂર્વ સુપ્રભાત સર્વ પ્રાણીઓને માટે કલ્યાણકારી છે. ૭.

भव्याम्भोरुहनन्दिकेवलरविः प्राप्नोति यत्रोदयं
दुष्कर्मोदयनिद्रया परिहृत जागर्ति सर्वं जगत ।
नित्यं यैः परिपठ्यते जिनपतेरेतत्प्रभाताष्टकं
तेषामाशु विनाशमेति दुरितं धर्मः सुखं वर्धते ॥ ८ ॥

**અનુવાદઃ**—જે સુપ્રભાતમાં ભવ્યજીવોરૂપ કમળોને આનંદિત કરનાર કેવળજ્ઞાનરૂપ સૂર્ય ઉદય પામે છે તથા સંપૂર્ણ જગત્ (જગતના જીવ) પાપકર્મના ઉદયરૂપ નિદ્રાથી છુટકારો પામીને જાગે છે **અર્થાત્** પ્રબોધ પામે છે તે જિન ભગવાનના સુપ્રભાતની સ્તુતિ સ્વરૂપ આ પ્રભાતાષ્ટક જે જીવ નિરંતર ભણે છે તેમના પાપ તરત જ નાશ પામે છે તથા ધર્મ અને સુખ વૃદ્ધિ પામે છે.

**વિશેષાર્થ**:—જેમ સુપ્રભાત થતાં કમળોને પ્રફુલ્લિત કરનાર સૂર્ય ઉદય પામે છે તેવી જ રીતે જિન ભગવાનના તે સુપ્રભાતમાં ભવ્ય જીવોને પ્રફુલ્લિત કરનાર કેવળજ્ઞાન-રૂપ સૂર્ય ઉદય પામે છે તથા જેમ પ્રભાત થતા જગત્‌ના પ્રાણી નિદ્રા રહિત થઈને જાગી ઉઠે છે તેવી જ રીતે જિન ભગવાનના પ્રભાતમાં જગતના સર્વ પ્રાણી પાપકર્મના ઉદયસ્વ-રૂપ નિદ્રારહિત થઈને જાગી જાય છે-પ્રબોધ પામી જાય છે આ રીતે આ જિન ભગવાનનું સુપ્રભાત અનુપમ છે. તેના વિષયમાં જે શ્રી પદ્મનન્દી મુનિએ આઠ શ્લોકોમાં આ સ્તુતિ કરી છે તે વાંચવાથી પ્રાણીઓના પાપનો વિનાશ અને ધર્મ તથા સુખની અભિવૃદ્ધિ થાય છે. ૮.

આ રીતે સુપ્રભાતાષ્ટક સમાપ્ત થયું. ૧૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૧૮. શાન્તિનાથ સ્તોત્ર

## [ १८. शान्तिनाथ स्तोत्रम् ]

(शार्दूलविक्रीड़ित)

त्रैलोक्याधिपतित्वसूचनपरं लोकेश्वरैरुद्धृतं
यस्योपर्युपरीन्दुमण्डलनिभं छत्रत्रयं राजते ।
अश्रान्तोद्गतकेवलोज्ज्वलरुचा निर्भर्त्सितार्कप्रभं
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥१॥

અનુવાદઃ—જે શાન્તિનાથ ભગવાનના એક એક ઉપર ઇન્દ્રો દ્વારા ધારણ કરવામાં આવતા ચન્દ્રમંડળ સમાન ત્રણ છત્ર ત્રણે લોકની પ્રભુતા સૂચિત કરતા નિરન્તર ઉદયમાન રહેનાર કેવળજ્ઞાનરૂપ નિર્મળ જ્યોતિ દ્વારા સૂર્યના પ્રકાશને તિરસ્કૃત કરીને સુશોભિત થાય છે તે પાપરૂપ કાલિમાંથી રહિત શ્રીશાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૧.

देवः सर्वविदेष एष परमो नान्यस्त्रिलोकीपतिः
सन्त्यस्यैव समस्ततत्त्वविषया वाचः सतां संमताः ।
एतद्घोषयतीव यस्य विबुधैरास्फालितो दुन्दुभिः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥२॥

અનુવાદઃ—જેની ભેરી દેવો દ્વારા તાડિત થઇને જાણે એ જ ઘોષણા કરે છે કે ત્રણે લોકના સ્વામી અને સર્વજ્ઞ આ શાન્તિનાથ જિનેન્દ્ર જ ઉત્કૃષ્ટ દેવ છે અને બીજા નથી; તથા સમસ્ત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ પ્રગટ કરનાર એમના જ વચન સજ્જનોને ઈષ્ટ છે, બીજા કોઈના ય વચન તેમને ઇષ્ટ નથી; તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दिव्यस्त्रीमुखपङ्कजैकमुकुरप्रोल्लासिनानामणि-
स्फारीभूतविचित्ररश्मिरचितानम्रामरेन्द्रायुधैः ।
सच्चित्रीकृतवातवर्त्मनि लसत्सिंहासने यः स्थितः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥३॥

**અનુવાદઃ**—જે શાન્તિનાથ જિનેન્દ્ર દેવાંગનાઓના મુખકમળરૂપ અનુપમ દર્પણમાં દેદીપ્યમાન અનેક મણિઓના ફેલાતાં વિચિત્ર કિરણો દ્વારા રચવામાં આવેલા કેટલાક નમ્રીભૂત મેઘધનુષ્યો દ્વારા આકાશને સમીચીનપણે વિચિત્ર (અનેક વર્ણમય) કરનાર સિંહાસન ઉપર સ્થિત છે તે પાપરૂપ કાલિમા રહિત શાન્તિનાથ ભગવાન્ સદા આપણી રક્ષા કરો. ૩.

गन्धाकृष्टमधुव्रतजरुतैर्व्यापारिता कुर्वती
स्तोत्राणीव दिवः सुरैः सुमनसां वृष्टिर्यदग्रे ऽभवत् ।
सेवायातसमस्तविष्टपपतिस्तुत्याश्रयस्पर्द्धया
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥ ४॥

**અનુવાદઃ**—જે શાન્તિનાથ જિનેન્દ્રની આગળ દેવો દ્વારા વ્યાપારિત થયેલી અર્થાત્ કરવામાં આવતી જે આકાશમાંથી ફૂલોની વર્ષા થઈ હતી તે ગન્ધદ્વારા આકર્ષેલા ભ્રમર-સમૂહના શબ્દોથી જાણે સેવાના નિમિત્તે આવેલા સમસ્ત લોકના સ્વામી દ્વારા કરવામાં આવતી સ્તુતિના નિમિત્ત સ્પર્ધા પામીને સ્તુતિઓ જ કરી રહી હતી, તે પાપરૂપ કાલિમા રહિત શાન્તિનાથ જિનેન્દ્ર આપણી રક્ષા કરો. ૪.

खद्योतौ किमुतानलस्य कणिके शुभ्राभ्रलेशावथ
सूर्याचन्द्रमसाविति प्रगुणितौ लंकाक्षियुग्मैः सुरैः ।
तर्क्येते हि यदग्रतो ऽतिविशदं तद्यस्य भामण्डलं
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥५॥

**અનુવાદ**—જે શાન્તિનાથ ભગવાનનું અત્યંત નિર્મળ તે ભામંડળ છે કે જેની આગળ લોકોના બન્ને નેત્ર તથા દેવ સૂર્ય અને ચંદ્રના વિષયમાં એવી કલ્પના કરે છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ શું બે આગિયા છે અથવા અગ્નિના બે તણખા છે, અથવા સફેદ વાદળના બે ટૂકડા છે, તે પાપરૂપ કાલિમા રહિત શાન્તિનાથ જિનેન્દ્ર આપણી રક્ષા કરો.

**વિશેષાર્થ**:—અભિપ્રાય એ છે કે ભગવાન શાન્તિનાથ જિનેન્દ્રનું પ્રભામંડળ એટલું નિર્મળ અને દેદીપ્યમાન હતું કે તેની આગળ સૂર્ય-ચન્દ્ર લોકોને આગિયા, અગ્નિકણ અથવા સફેદ વાદળાના ટૂકડા સમાન કાન્તિહીન લાગતા હતા. ૫.

**यस्याशोकतरुर्विनिद्रसुमनोगुच्छप्रसक्तैः क्वणद्-**
**भृङ्गैर्भक्तियुतः प्रभोरहरहर्गायन्निवास्ते यशः ।**
**शुभ्रं साभिनयो मरुच्चललतापर्यन्तपाणिश्रिया**
**सोऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥**

**અનુવાદ**—જે શ્રી શાન્તિનાથ જિનેન્દ્રનું અશોકવૃક્ષ વિકસીત પુષ્પોના ગુચ્છોમાં આસક્ત થઇને શબ્દ કરનાર ભમરા દ્વારા જાણે ભક્તિયુત થઇને પ્રતિદિન પ્રભુના ધવલ યશનું ગાન કરતું તથા વાયુથી ચંચળ લતાઓના પર્યન્તભાગરૂપ ભુજાઓની શોભાથી જાણે અભિનય (નૃત્ય) કરતું સ્થિત છે તે પાપરૂપ કાલિમારહિત શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૬.

**विस्तीर्णाखिलवस्तुतत्त्वकथनापारप्रवाहोज्ज्वला**
**निःशेषार्थिषेवितातिशिशिरा शैलादिवोत्तुङ्गतः ।**
**प्रोद्भूता हि सरस्वती सुरनुता विश्वं पुनाना यतः**
**सोऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥**

**અનુવાદ**:—ઉન્નત પર્વત સમાન જે શાન્તિનાથ જિનેન્દ્રથી ઉત્પન્ન થયેલી દિવ્ય વાણીરૂપ સરસ્વતી નામની નદી (અથવા ગંગા) વિસ્તીર્ણ સમસ્ત વસ્તુસ્વરૂપના વ્યાખ્યાનરૂપ અપાર પ્રવાહથી ઉજ્જવળ, સર્વ યાચકો વડે સેવિત, અતિશય શીતળ, દેવોથી સ્તુતિ પામેલ અને વિશ્વને પવિત્ર કરનારી છે; તે પાપરૂપ કાલિમા રહિત શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો.

**વિશેષાર્થ**:— અહીં ભગવાન શાન્તિનાથની વાણીની સરસ્વતી નદી સાથે તુલના કરતાં એમ બતાવવામાં આવ્યું છે કે જેવી રીતે સરસ્વતી નદી અપાર નિર્મળ જળપ્રવાહથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યુક્ત છે તેવી જ રીતે ભગવાનની વાણી વિસ્તીર્ણ સમસ્ત પદાર્થોના સ્વરૂપના કથનરૂપ પ્રવાહથી સંયુક્ત છે, જેમ સ્નાનાદિના અભિલાષી જનો તે નદીની સેવા કરે છે તેવી જ રીતે તત્ત્વના જિજ્ઞાસુ જીવો ભગવાનની તે વાણીની પણ સેવા કરે છે, જેમ નદી ગરમીથી પિડાયેલા પ્રાણીઓને સ્વભાવથી શીતળ કરનારી છે તેવી જ રીતે ભગવાનની તે વાણી પણ પ્રાણીઓના સંસારરૂપ સંતાપનો નાશ કરીને તેમને શીતળ કરનારી છે, નદી જો ઊંચા પર્વત ઉપરથી ઉત્પન્ન થાય છે તો તે વાણી પણ પર્વત સમાન ગુણોથી ઉન્નતિ પામેલા જિનેન્દ્ર ભગવાનથી ઉત્પન્ન થઈ છે, જો દેવ નદીની સ્તુતિ કરે છે તો તેઓ ભગવાનની તે વાણીની પણ સ્તુતિ કરે છે; તથા જો નદી શારીરિક બાહ્ય મળ દૂર કરીને વિશ્વને પવિત્ર કરે છે તો તે ભગવાનની વાણી પ્રાણીઓના અભ્યંતર મળ (અજ્ઞાન અને રાગ-દ્વેષ)ને દૂર કરીને તેમને પવિત્ર કરે છે. આ રીતે તે શાન્તિનાથ જિનેન્દ્રની વાણી નદી સમાન હોવા છતાં પણ તેનાથી ઉત્કૃષ્ટ છે. કારણ કે તે તો કેવળ પ્રાણીઓનો બાહ્ય મળ જ દૂર કરી શકે છે પરંતુ તે ભગવાનની વાણી તેમનો અભ્યંતર મળ પણ દૂર કરે છે. ૭.

लीलोद्वेलितबाहुकङ्कणरणत्कारप्रहृष्टैः सुरैः
चञ्चच्चन्द्रमरीचिसंचयसमाकारैश्चलच्चामरैः ।
नित्यं यः परिवीज्यते त्रिजगतां नाथस्तथाप्यस्पृहः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।८।

**અનુવાદઃ**—ત્રણે લોકોના સ્વામી જે શાન્તિનાથ જિનેન્દ્રની ઉપર રમતમાત્રમાં ઊંચકેલી ભુજાઓમાં સ્થિત કંકણના શબ્દથી હર્ષ પામેલા દેવ સદા પ્રકાશમાન ચન્દ્રકિરણોના સમૂહ સમાન આકારવાળા ચંચળ ચામરો ઢોળે છે, તો પણ જે ઇચ્છારહિત છે; તે પાપરૂપ કાલિમા રહિત શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૮.

निःशेषश्रुतबोधवृद्धमतिभिः प्राज्ञैरुदारैरपि
स्तोत्रैर्यस्य गुणार्णवस्य हरिभिः पारो न संप्राप्यते ।
भव्याम्भोरुहनन्दिकेवलरविर्भक्त्या मयापि स्तुतः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।।९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—સમસ્ત શાસ્ત્રજ્ઞાનથી વૃદ્ધિ પામેલી બુદ્ધિવાળા ઇન્દ્રો પણ અનેક મહાન્ સ્તોત્રો દ્વારા જે શાન્તિનાથ જિનેન્દ્રના ગુણસમૂહનો પાર પામતા નથી તે ભવ્ય જીવોરૂપ કમળોને પ્રફુલ્લિત કરનાર એવા કેવળજ્ઞાનરૂપ સૂર્ય સંયુક્ત જિનેન્દ્રની મેં જે સ્તુતિ કરી છે તે કેવળ ભક્તિને વશ થઈને જ કરી છે. તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૯.

આ રીતે શાન્તિનાથ સ્તોત્ર સમાપ્ત થયું. ૧૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૧૯. શ્રી જિનપૂજાષ્ટક

## [ १९. श्रीजिनपूजाष्टकम् ]

( वसंततिलका )

जातिर्जरामरणमित्यनलत्रयस्य
जिवाश्रितस्य बहुतापकृतो यथावत् ।
विध्यापनाय जिनपादयुगाग्रभूमौ
धारात्रयं प्रवरवारिकृतं क्षिपामि ॥ १ ॥

**અનુવાદઃ**—જન્મ, જરા અને મરણ આ જીવના આશ્રયે રહેનાર ત્રણ અગ્નિઓ બહુ સંતાપ કરનારી છે. હું તેમને શાન્ત કરવા માટે જિન ભગવાનના ચરણ યુગલ આગળ વિધિપૂર્વક ઉત્તમ જળથી નિર્મિત ત્રણ ધારાઓનું ક્ષેપણ કરું છું. ૧. જળધારા.

यद्वद्वचो जिनपतेर्भवतापहारि
नाहं सुशीतलमपीह भवामि तद्वत् ।
कर्पूरचन्दनमितीव मयार्पितं सत्
त्वत्पादपङ्कजसमाश्रयणं करोति ॥ २ ॥

**અનુવાદઃ**—જેવી રીતે જિન ભગવાનની વાણી સંસારનો સંતાપ દૂર કરનારી છે તેવી રીતે શીતળ હોવા છતાં પણ હું તે સંતાપ દૂર કરી શકતો નથી, આ જાતના વિચારથી જ જાણે મારા દ્વારા ભેટ કરવામાં આવેલ કપૂર મિશ્રિત તે ચન્દન હે ભગવાન્! આપના ચરણકમળોનો આશ્રય કરે છે. ૨. ચંદન.

राजत्यसौ शुचितराक्षतपुञ्जराजि
र्दत्ताधिकृत्य जिनमक्षतमक्षधूर्तैः ।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वीरस्य नेतरजनस्य तु वीरपट्टो
वद्धःशिरस्यतितरां श्रियमातनोति ॥ ३ ॥

**અનુવાદઃ**—ઇન્દ્રિયરૂપ ધૂર્તોદ્વારા બાધા નહીં પામેલા એવા જિન ભગવાનના આશ્રયે આપવામાં આવેલી તે અતિશય પવિત્ર અક્ષતના પુંજની પંક્તિ સુશોભિત થાય છે. બરાબર છે-પરાક્રમી પુરુષના શિર ઉપર બાંધવામાં આવેલ વીરપટ્ટ જેમ અત્યંત શોભા વિસ્તારે છે તેમ કાયર પુરુષના શિરઉપર બાંધવામાં આવેલ તેવી શોભા વિસ્તારતો નથી. ૩. અક્ષત.

साक्षादपुष्पशर एव जिनस्तदेनं
संपूजयामि शुचिपुष्पशरैर्मनोज्ञैः ।
नान्यं तदाश्रयतया किल यन्न यत्र
तत्तत्र रम्यधिकां कुरुते च लक्ष्मीम् ॥ ४ ॥

**અનુવાદઃ**—આ જિનેન્દ્ર પ્રત્યક્ષ અપુષ્પશર અર્થાત્ પુષ્પશર (કામ) રહિત છે, તેથી હું તેની મનોહર અને પવિત્ર પુષ્પશરો (પુષ્પના હારો) થી પૂજા કરૂં છું. અન્ય (બ્રહ્માઆદિ) કોઈની પણ હું તેમનાથી પૂજા કરતો નથી. કારણ કે તે પુષ્પશર અર્થાત્ કામને આધીન છે. બરાબર છે-જે રમણીય વસ્તુ જ્યાં ન હોય તે ત્યાં અધિક શોભા આપે છે.

**વિશેષાર્થઃ**—પુષ્પશર શબ્દના બે અર્થ થાય છે, પુષ્પરૂપ બાણોના ધારક કામદેવ તથા પુષ્પમાળા. અહીંશ્લેષની મુખ્યતાથી ઉક્ત બન્ને અર્થની વિવક્ષા કરીને એમ બતાવવામાં આવ્યું છે કે જિન ભગવાન પાસે પુષ્પશર (કામવાસના) નથી, તેથી હું તેની પુષ્પશરોથી (પુષ્પમાળાઓથી) પૂજા કરૂં છું. અન્ય હરિ, હર અને બ્રહ્મા આદિ પુષ્પશર સહિત છે; માટે તેમની પુષ્પશરોથી પૂજા કરવામાં કાંઈ પણ શોભા નથી. એ જ વાત પુષ્ટ કરવા માટે એમ પણ કહી દેવામાં આવ્યું છે કે જ્યાં જે વસ્તુ નથી ત્યાં જ તે વસ્તુ મુકવાથી શોભા થાય છે, નહિ કે જ્યાં તે વસ્તુ વિદ્યમાન હોય ત્યાં મુકવાથી. તાત્પર્ય એ છે કે જિનેન્દ્ર ભગવાન જ જગત્‌વિજયી કામદેવ રહિત હોવાના કારણે પુષ્પોદ્વારા પૂજવાને યોગ્ય છે, નહિ કે ઉક્ત કામ પીડિત હરિ-હર આદિ. કારણ એ છે કે પૂજક જેમ કામરહિત જિનેન્દ્રની પૂજાથી સ્વયં પણ કામરહિત થઈ જાય છે તેવી રીત કામ પીડિત અન્યની પૂજા કરવાથી તે કદી પણ તેનાથી રહિત થઈ શકતા નથી. ૪. પુષ્પ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देवो ऽयमिन्द्रियबलप्रलयं करोति
नैवेद्यमिन्द्रियबलप्रदखाद्यमेतत् ।
चित्रं तथापि पुरतः स्थितमर्हतो ऽस्य
शोभां बिभर्ति जगतो नयनोत्सवाय ॥ ५ ॥

**અનુવાદઃ**—આ ભગવાન્ ઇન્દ્રિયનું બળ નષ્ટ કરે છે અને આ નૈવેદ્ય ઇન્દ્રિયનું બળ આપનાર ખાદ્ય (ભક્ષ્ય) છે છતાં પણ આશ્ચર્ય છે કે આ અરહંત ભગવાનની આગળ સ્થિત તે નૈવેદ્ય જગત્‌ના પ્રાણીઓના નેત્રોને આનંદદાયક શોભા ધારણ કરે છે. ૫. નૈવેદ્ય

आरार्तिकं तरलवह्निशिखं विभाति
स्वच्छे जिनस्य वपुषि प्रतिबिम्बितं सत् ।
ध्यानानलो मृगयमाण इवावशिष्टं
दग्धुं परिभ्रमति कर्मचयं प्रचण्डः ॥ ६ ॥

**અનુવાદઃ**—ચંચળ અગ્નિશિખાથી સંયુક્ત આરતીનો દીપક જિન ભગવાનના સ્વચ્છ શરીરમાં પ્રતિબિંબિત થઈને એવો શોભે છે કે જાણે તે બાકી રહેલા (અઘાતિ) કર્મસમૂહને બાળવા માટે શોધતી તીવ્ર ધ્યાનરૂપ અગ્નિ જ ફરી રહી હોય. ૬. દીપ.

कस्तूरिकारसमयीरिव पत्रवल्लीः
कुर्वन् मुखेषु चलनैरिह दिग्वधूनाम् ।
हर्षादिव प्रभुजिनाश्रयणेन वात-
प्रेङ्खद्वपुर्नटति पश्यत धूपधूमः ॥ ७ ॥

**અનુવાદ**—જૂઓ, વાયુથી કંપતા શરીરવાળો ધૂપનો ધૂમાડો પોતાના કંપનથી (ચંચળતાથી) જાણે અહીં દિશાઓરૂપ સ્ત્રીઓના મુખમાં કસ્તૂરીના રસમાંથી બનાવેલી પત્રવલ્લી (ગાલ ઉપર કરવામાં આવતી રચના) ને કરતો થકો જિન ભગવાનના આશ્રયથી પ્રાપ્ત થયેલ હર્ષથી નાચી જ રહ્યો છે. ૭. ધૂપ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उच्चैः फलाय परमामृतसंज्ञकाय
नानाफलैर्जिनपतिं परिपूजयामि ।
तद्भक्तिरेव सकलानि फलानि दत्ते
मोहेन तत्तदपि याचत एव लोकः ॥ ८ ॥

**અનુવાદઃ**—હું ઉત્કૃષ્ટ અમૃત નામનું ઉન્નત ફળ (મોક્ષ) પ્રાપ્ત કરવા માટે અનેક ફળોથી જિનેન્દ્રદેવની પૂજા કરૂં છું. જો કે જિનેન્દ્રની ભક્તિ જ સમસ્ત ફળો આપે છે, તો પણ મનુષ્ય અજ્ઞાનથી ફળની યાચના કર્યા કરે છે. ૮. ફળ.

पूजाविधिं विधिवदत्र विधाय देवे
स्तोत्रं च संमदरसाश्रितचित्तवृत्तिः ।
पुष्पाञ्जलिं विमलकेवललोचनाय
यच्छामि सर्वजनशान्तिकराय तस्मै ॥ ९ ॥

**અનુવાદઃ**—હર્ષરૂપ જળથી પરિપૂર્ણ મનોવ્યાપાર સહિત હું અહીં વિધિપૂર્વક જિનભગવાનના વિષયમાં પૂજાવિધાન અને સ્તુતિ કરીને નિર્મળ કેવળજ્ઞાનરૂપ નેત્ર સંયુક્ત થઈને સર્વ જીવોને શાન્તિ પ્રદાન કરનાર તે જિનેન્દ્રને પુષ્પાંજલિ આપું છું. ૯. અર્ઘ.

श्रीपद्मनन्दितगुणौघ न कार्यमस्ति
पूजादिना यदपि ते कृतकृत्यतायाः ।
स्वश्रेयसे तदपि तत्कुरुते जनोऽर्हन्
कार्या कृषिः फलेकृते न तु भूपकृत्यै ॥ १० ॥

**અનુવાદઃ**—મુનિ પદ્મ (પદ્મનન્દી) દ્વારા જેના ગુણ સમૂહની સ્તુતિ કરવામાં આવી છે એવા હે અરહંતદેવ! જો કે કૃતકૃત્યતા પામી જવાથી તમને પૂજા આદિથી કાંઈ પણ પ્રયોજન રહ્યું નથી, તો પણ મનુષ્ય પોતાના કલ્યાણ માટે તમારી પૂજા કરે છે. બરાબર પણ છે-ખેતી પોતાનું જ પ્રયોજન સિદ્ધ કરવા માટે કરવામાં આવે છે, નહિ કે રાજાનું પ્રયોજન સિદ્ધ કરવા માટે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષાર્થ**:—જેમ ખેડૂત જે ખેતી કરે છે તેમાંથી તે કેટલોક ભાગ જો કે કર રૂપે રાજાને પણ આપે છે તો પણ તે રાજાના નિમિત્તે કાંઈ ખેતી કરતો નથી પરંતુ પોતાના જ પ્રયોજન (કુટુંબ પરિપાલન આદિ) ને સાધવા માટે તે કરે છે. બરાબર એવી જ રીતે ભક્તજનો જે જિનેન્દ્ર આદિની પૂજા કરે છે તે કાંઈ તેમને પ્રસન્ન કરવા માટે કરતા નથી, પરંતુ પોતાના આત્મપરિણામોની નિર્મળતા માટે જ કરે છે. કારણ એ છે કે જિન ભગવાન તો વીતરાગ (રાગ-દ્વેષ રહિત) છે, તેથી તેનાથી તેમની પ્રસન્નતા તો સંભવતી નથી; છતાં પણ તેનાથી પૂજા કરનારાને પરિણામોમાં જે નિર્મળતા ઉત્પન્ન થાય છે તેનાથી તેના પાપકર્મોનો રસ ક્ષીણ થાય છે અને પુણ્યકર્મોનો અનુભાગ વૃદ્ધિ પામે છે. આ રીતે દુઃખનો વિનાશ થઈને તેને સુખની પ્રાપ્તિ સ્વયમેય થાય છે. આચાર્યપ્રવર શ્રી સમન્તભદ્ર સ્વામીએ પણ એમ જ કહ્યું છે—न पूजयार्थस्त्वयि वीतरागे न निन्दया नाथ विवान्तवैरे । तथापि ते पुण्यगुणस्मृतिर्नः पुनातु चित्तं दुरिताञ्जनेभ्यः ।। અર્થાત્ હે ભગવાન્! આપ વીતરાગ છો તેથી આપને પૂજાનું કાંઈ પ્રયોજન રહ્યું નથી તથા આપ વેરભાવ (દ્વેષ બુદ્ધિ) થી પણ રહિત છો તેથી નિન્દાનું પણ આપને કાંઈ પ્રયોજન રહ્યું નથી. છતાં પણ પૂજા આદિદ્વારા થતું આપના પવિત્ર ગુણનું સ્મરણ અમારા ચિત્તને પાપરૂપ કાલિમાથી બચાવે છે. [ સ્વયંભૂ સ્તોત્ર. ૫૭ ]. ૧૦

આ રીતે જિનપૂજાષ્ટક સમાપ્ત થયું ૧૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨૦. શ્રી કરુણાષ્ટક

## [ २० करुणाष्टम् ]

( आर्या )

त्रिभुवनगुरो जिनेश्वर
परमानन्दैककारण कुरुष्व ।
मयि किंकरेऽत्र करुणां
तथा यथा जायते मुक्तिः ॥ १ ॥

અનુવાદઃ—ત્રણે લોકના ગુરુ અને ઉત્કૃષ્ટ સુખના અદ્વિતીય કારણ એવા હે જિનેશ્વર! આ દાસ ઉપર એવી કૃપા કરો કે જેથી મને મુક્તિ પ્રાપ્ત થઈ જાય. ૧.

निर्विण्णो ऽहं नितरा-
मर्हन् बहुदुःखया भवस्थित्या ।
अपुनर्भवाय भवहर
कुरु करुणामत्र मयि दीने ॥ २ ॥

અનુવાદઃ—હે સંસારના નાશક અરહંત! હું અનેક દુઃખ ઉત્પન્ન કરનાર આ સંસારવાસનાથી અત્યંત વિરક્ત થયો છું આપ આ દીન ઉપર એવી કૃપા કરો કે જેથી મારે ફરી જન્મ ન લેવો પડે અર્થાત્ હું મુક્ત થઈ જાઉં ૨.

उद्धर मां पतितमतो
विषमाद्भवकूपतः कृपां कृत्वा ।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उद्धरणे
त्वमसीति पुनः पुनर्वच्मि ॥ ३ ॥

અનુવાદ:—હે અરહંત! આપ કૃપા કરીને આ ભયાનક સંસારરૂપ કૂવામાં પડેલા મારો તેનાથી ઉદ્ધાર કરો. આપ તેમાંથી ઉદ્ધાર કરવા માટે સમર્થ છો, તેથી હું વારંવાર આપને નિવેદન કરૂં છું. ૩.

त्वं कारुणिकः स्वामी
त्वमेव शरणं जिनेश तेनाहम् ।
मोहरिपुदलितमानः
पूत्कारं तव पुरः कुर्वे ॥ ४ ॥

અનુવાદ:—હે જિનેશ! તમે જ દયાળુ છો, તમે જ પ્રભુ છો અને તમે જ રક્ષક છો. તેથી મોહરૂપ શત્રુદ્વારા જેનું માનમર્દન કરવામાં આવ્યું છે એવો હું આપની પાસે પોકારીને કહું છું. ૪.

ग्रामपतेरपि करुणा
परेण केनाप्युपद्रुते पुंसि ।
जगतां प्रभोर्न किं तव
जिन मयि खलकर्मभिः प्रहते ॥ ५ ॥

અનુવાદ:—હે જિન! જે એક ગામના સ્વામી હોય છે તે પણ કોઈ બીજા દ્વારા પીડિત મનુષ્ય ઉપર દયા કરે છે. તો પછી જો આપ ત્રણે ય લોકના સ્વામી છો તો શું દુષ્ટ કર્મો દ્વારા પીડિત મારા ઉપર દયા નહિ કરો? અર્થાત્ અવશ્ય કરશો. ૫.

अपहर मम जन्म दयां
कृत्वेत्येकत्र वचसि वक्तव्ये ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तेनातिदग्ध इति मे
देव बभूव प्रलापित्वम् ॥ ६ ॥

**અનુવાદ**:—હે દેવ! આપ કૃપા કરીને મારા જન્મ (જન્મ-મરણરૂપ સંસાર)નો નાશ કરો, એ જ એક વાત મારે આપને કહેવાની છે. પરંતુ હું તો જન્મથી અતિશય બળેલો છું અર્થાત્ પીડિત છું તેથી હું ઘણો બકવાદી બન્યો છું. ૬.

तव जिनचरणाब्जयुगं
करुणामृतसंगशीतलं यावत् ।
संसारातापतप्तः
करोमि हृदि तावदेव सुखी ॥ ७ ॥

:—હે જિન! સંસારરૂપ તડકાથી સંતાપ પામેલો હું જ્યાસુધી દયારૂપ અમૃતની સંગતિથી શીતળતા પામેલા તમારા બન્ને ચરણકમળોને હૃદયમાં ધારણ કરું છું, ત્યાંસુધી જ સુખી રહું છું. ૭.

जगदेकशरण भगवन्न-
समश्रीपद्मनन्दितगुणौघ ।
किं बहुना कुरु करुणाम्-
अत्र जने शरणमापन्ने ॥ ८ ॥

**અનુવાદ**:—જગતના પ્રાણીઓના અદ્વિતીય રક્ષક તથા અસાધારણ લક્ષ્મી સંપન્ન અને મુનિ પદ્મનન્દી દ્વારા સ્તુતિ કરાયેલ ગુણસમૂહ સહિત એવા હે ભગવાન્! હું વધારે શું કહું? શરણે આવેલા આ જન (મારા) ઉપર આપ દયા કરો. ૮.

આ રીતે કરુણાષ્ટક સમાપ્ત થયું. ૨૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# २१. ક્રિયાકાંડ ચૂલિકા

## [ २१. क्रियाकाण्डचूलिका ]

(शार्दूलविक्रीड़ित)

सम्यग्दर्शनबोधवृत्तसमताशीलक्षमाद्यैर्घनैः
संकेताश्रयवज्जिनेश्वर भवान् सर्वैर्गुणैराश्रितः ।
मन्ये त्वय्यवकाशलब्धिरहितैः सर्वत्र लोके वयं
संग्राह्या इति गर्वितैः परिहृतो दोषैरशेषैरपि ॥ १ ॥

**અનુવાદઃ**—હે જિનેશ્વર! સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમતા, શીલ અને ક્ષમા આદિ સર્વ ગુણોએ જે સંકેતગૃહ સમાન આપનો સઘનરૂપે આશ્રય કર્યો છે; તેથી મને એમ લાગે છે આપનામાં સ્થાન પ્રાપ્ત ન થવાથી 'લોકમાં અમે સર્વત્ર સંગ્રહ કરવાને યોગ્ય છીએ' એ જાતનું અભિમાન પામીને જ જાણે કે બધા દોષોએ આપને છોડી દીધા છે.

**વિશેષાર્થઃ**—જિન ભગવાનમાં સમ્યગ્દર્શન, આદિ બધા ઉત્તમોત્તમ ગુણો હોય છે. પરંતુ દોષ તેમનામાં એક પણ હોતો નથી. તેથી ગ્રન્થકારે અહીં આ ઉત્પ્રેક્ષા કરી છે કે તેમની અંદર એટલા બધા ગુણ પ્રવેશી ચુકયા હતા કે દોષોને માટે ત્યાં સ્થાન જ રહ્યું નહોતું. તેથી જાણે તેમનાથી તિરસ્કૃત થવાને કારણે દોષોને એ અભિમાન જ ઉત્પન્ન થયું હતું કે લોકમાં અમારો સંગ્રહ તો બધા જ કરવા ઇચ્છે છે તો પછી જો આ જિન અમારી ઉપેક્ષા કરે છે તો અમે એમની પાસે કદી પણ નહિ જઇએ. આ અભિમાનને કારણે જ તે દોષોએ જિનેન્દ્રદેવને છોડી દીધા હતા.

( वसंततिलका )

यस्त्वामनन्तगुणमेकविभुं त्रिलोक्याः
स्तौति प्रभूतकवितागुणगर्वितात्मा ।
आरोहति द्रुमशिरः स नरो नभो ऽन्तं
गन्तुं जिनेन्द्र मतिविभ्रमतो बुधो ऽपि ॥ २ ॥

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુવાદઃ—હે જિનેન્દ્ર ! કવિતા કરવા યોગ્ય અનેક ગુણો હોવાથી અભિમાન પામેલો જે મનુષ્ય અનંત ગુણો સહિત અને ત્રણે લોકના અદ્વિતીય પ્રભુસ્વરૂપ તમારી સ્તુતિ કરે છે તે વિદ્વાન્ હોવા છતાં પણ જાણે બુદ્ધિની વિપરીતતાથી (મૂર્ખતાથી) આકાશનો અંત પામવા માટે વૃક્ષના શિખર ઉપર જ ચડે છે.

વિશેષાર્થ:—જેમ અનંત આકાશનો અંત પામવો અસંભવ છે તેવી જ રીતે ત્રિલોકીનાથ (જિનેન્દ્ર)ના અનંત ગુણોનો પણ સ્તુતિ દ્વારા અંત પામવો અસંભવ જ છે. છતાં પણ જે વિદ્વાન્ કવિ સ્તુતિ દ્વારા તેમના અનંત ગુણોનું કીર્તન કરવા ઈચ્છે છે, તો એમ સમજવું જોઈએ કે તે પોતાના કવિત્વ ગુણના અભિમાનથી જ તેમ કરવાને ઉદ્યત થયો છે. ૨,

( वसंततिलका )

शक्नोति कर्तुमिह कः स्तवनं समस्त-
विद्याधिपस्य भवतो विबुधार्चिताङ्घ्रेः ।
तत्रापि तज्जिनपते कुरुते जनो यत्
तच्चित्तमध्यगतभक्तिनिवेदनाय ॥ ३ ॥

અનુવાદઃ—જે સમસ્ત વિદ્યાઓના સ્વામી છે તથા જેમના ચરણ દેવો દ્વારા પૂજવામાં આવ્યા છે એવા આપની સ્તુતિ કરવા માટે અહીં કોણ સમર્થ છે? અર્થાત્ કોઈપણ સમર્થ નથી. છતાં પણ હે જિનેન્દ્ર ! જે મનુષ્ય આપની સ્તુતિ કરે છે તે પોતાના ચિત્તમાં રહેલી ભક્તિ પ્રગટ કરવા માટે જ કરે છે. ૩.

( वसंततिलका )

नामापि देव भवतः स्मृतिगोचरत्वं
वाग्गोचरत्वमथ येन सुभक्तिभाजा ।
नीतं लभेत स नरो निखिलार्थसिद्धिं
साध्वी स्तुतिर्भवतु मां किल कात्र चिन्ता ॥ ४ ॥

અનુવાદઃ—હે દેવ ! જે મનુષ્ય અતિશય ભક્તિયુક્ત થઈને આપના નામને પણ સ્મૃતિનો વિષય અથવા વચનનો વિષય બનાવે છે-મનથી આપના નામનું ચિન્તન તથા વચનથી કેવળ તેનું ઉચ્ચારણ જ કરે છે-તેનો સર્વ પ્રકારના પ્રયોજન સિદ્ધ થાય છે. એવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હાલતમાં મારે શી ચિન્તા છે? અર્થાત્ કાંઈ પણ નથી. તે ઉત્તમ સ્તુતિ જ પ્રયોજન સિદ્ધ કરનારી થાવ. ૪.

(वसंततिलका)

एतावतैव मम पूर्यत एव देव
सेवां करोमि भवतश्चरणद्वयस्य ।
अत्रैव जन्मनि परत्र च सर्वकालं
न त्वामितः परमहं जिन याचयामि ॥ ५ ॥

અનુવાદઃ—હે દેવ! હું આ જન્મમાં તથા બીજા જન્મમાં પણ નિરંતર આપના ચરણયુગલની સેવા કરતો રહું, એટલા માત્રથી જ મારૂં પ્રયોજન પૂર્ણ થઈ જાય છે. હે જિનેન્દ્ર! એથી અધિક હું આપની પાસે બીજું કાંઈ માગતો નથી. ૫.

सर्वागमावगमतः खलु तत्त्वबोधो
मोक्षाय वृत्तमपि संप्रति दुर्घटं नः ।
जाड्यात्तथा कुतनुतस्त्वयि भक्तिरेव
देवास्ति सैव भवतु क्रमतस्तदर्थम् ॥ ६ ॥

અનુવાદઃ—હે દેવ! મુક્તિના કારણભૂત જે તત્ત્વજ્ઞાન છે તે નિશ્ચયથી સમસ્ત આગમો જાણી લેવાથી પ્રાપ્ત થાય છે અને તે અમે જડબુદ્ધિ હોવાથી અમારે માટે દુર્લભ જ છે. એ જ રીતે તે મોક્ષના કારણભૂત જે ચારિત્ર છે તે પણ શરીરની દુર્બળતાથી આ વ તે અમને પ્રાપ્ત થઇ શકતું નથી. એ કારણે આપના વિષયમાં જે મારી ભક્તિ છે તે જ ક્રમશઃ મને મુક્તિનું કારણ થાવ. ૬

(मालिनी)

हरति हरतु वृद्धं वार्धकं कायकान्ति
दधति दधतु दूरं मन्दतामिन्द्रियाणि ।
भवति भवतु दुःखं जायतां वा विनाशः
परमिह जिननाथे भक्तिरेका ममास्तु ॥ ७ ॥

અનુવાદઃ—વૃદ્ધિને પ્રાપ્ત થયેલ વૃદ્ધાવસ્થા જો શરીરની કાંતિ નષ્ટ કરે છે તો કરો, જો ઇન્દ્રિયો અત્યંત શિથિલતા ધારણ કરે છે તો કરો, જો દુઃખ થાય છે તો થાવ તથા જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિનાશ થાય છે તો પણ ભલે થાય. પરંતુ અહીં મારી એક માત્ર જિનેન્દ્રના વિષયમાં ભક્તિ બની રહો. ૭.

(वसंततिलका)

**अस्तु त्रयं मम सुदर्शनबोधवृत्त-**
**संबन्धि यान्तु च समस्तदुरीहितानि ।**
**याचे न किंचिदपरं भगवन् भवन्तं**
**नाप्राप्तमस्ति किमपीह यतस्त्रिलोक्याम् ॥ ८ ॥**

**અનુવાદઃ**—હે ભગવાન્! મને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સંબંધી ત્રણ અર્થાત્ રત્નત્રય પ્રાપ્ત થાવ તથા મારી સમસ્ત દુશ્ચેષ્ટાઓ નષ્ટ થઈ જાવ, એથી અધિક હું આપની પાસે બીજું કાંઈ નથી માગતો; કારણ કે ત્રણે લોકમાં હજી સુધી જે પ્રાપ્ત ન થયું હોય એવું અન્ય કાંઈ પણ નથી.

**વિશેષાર્થઃ**—અહીં જિનેન્દ્ર ભગવાન પાસે કેવળ એક એ જ યાચના કરવામાં આવી છે કે આપની કૃપાથી મારી દુષ્ટ વૃત્તિ નષ્ટ થઈને મને રત્નત્રયની પ્રાપ્તિ થાવ, એ સિવાય બીજી કોઈ પણ યાચના કરવામાં આવી નથી. એનું કારણ એ આપવામાં આવ્યું છે કે અનંતકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં પ્રાણીએ ઇન્દ્ર અને ચક્રવર્તી આદિના પદ તો અનેક વાર પ્રાપ્ત કરી લીધાં, પરંતુ રત્નત્રયની પ્રાપ્તિ તેને હજી સુધી કદી થઇ નથી. તેથી તે પૂર્વે નહિ પ્રાપ્ત થયેલી રત્નત્રય જ અહીં યાચના કરવામાં આવી છે. નીતિકાર પણ એ જ કહે કે લોકો 'ह्यभिनवप्रियः' અર્થાત્ જન સમૂહ નવી નવી વસ્તુ પ્રત્યે જ અનુરાગ કર્યા કરે છે. ૮.

(वसंततिलका)

**धन्यो ऽस्मि पुण्यनिलयो ऽस्मि निराकुलो ऽस्मि**
**शान्तो ऽस्मि नष्टविपदस्मि विदस्मि देव ।**
**श्रीमज्जिनेन्द्र भवतो ऽङ्घ्रियुगं शरण्यं**
**प्राप्तो ऽस्मि चेदहमतीन्द्रियसौख्यकारि ॥ ९ ॥**

**અનુવાદઃ**—હે શ્રીમદ્ જિનેન્દ્રદેવ! હું અતીન્દ્રિય સુખ (મોક્ષસુખ) કરનાર, આપના ચરણયુગલનું શરણ પ્રાપ્ત કરી ચૂકયો છું; માટે હું ધન્ય છું, પુણ્યનું સ્થાન છું આકુળતા રહિત છું, શાન્ત છું, વિપત્તિઓ રહિત છું અને જ્ઞાતા પણ છું. ૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

रत्नत्रये तपसि पङ्क्तिविधे च धर्मे
मूलोत्तरेषु च गुणेष्वथ गुप्तिकार्ये ।
दर्पात्प्रमादत उतागसि मे प्रवृत्ते
मिथ्यास्तु नाथ जिनदेव तव प्रसादात् ॥ १० ॥

**અનુવાદઃ**—હે નાથ! હે જિનદેવ! રત્નત્રય, તપ, દસ પ્રકારના ધર્મ, મૂળગુણ, ઉત્તરગુણ અને ગુપ્તિરૂપ કાર્ય; આ બધાના વિષયમાં અભિમાનથી અથવા પ્રમાદથી મારી સદોષ પ્રવૃત્તિ થઈ હોય તે આપના પ્રસાદથી મિથ્યા થાવ. ૧૦.

(उपेन्द्रवज्रा)

मनोवचो ऽङ्गैः कृतमङ्गिपीडनं
प्रमोदितं कारितमत्र यन्मया ।
प्रमादतो दर्पत एतदाश्रयं
तदस्तु मिथ्या जिन दुष्कृतं मम ॥ ११ ॥

**અનુવાદઃ**—હે જિન! પ્રમાદથી અથવા અભિમાનથી જે મેં અહીં મન, વચન અને શરીરથી પ્રાણીઓનું પીડન સ્વયં કર્યું હોય, બીજાઓ પાસે કરાવ્યું હોય અથવા પ્રાણીને પીડા ઉપજાવતા જીવને જોઈને હર્ષ પ્રગટ કર્યો હોય; તેના આશ્રયે થનાર મારૂં તે પાપ મિથ્યા થાવ. ૧૧.

(शार्दूलविक्रीडित)

चिन्तादुष्परिणामसंततिवशादुन्मार्गगाया गिरः
कायात्संवृतिवर्जितादनुचितं कर्मार्जितं यन्मया ।
तन्नाशं व्रजतु प्रभो जिनपते त्वत्पादपद्मस्मृते-
रेषा मोक्षफलप्रदा किल कथं नास्मिन् समर्था भवेत् ॥१२॥

**અનુવાદઃ**—હે જિનેન્દ્ર પ્રભો! ચિન્તાને કારણે ઉત્પન્ન થયેલ અશુભ પરિણામોને વશ થઈને અર્થાત્ મનની દુષ્ટ વૃત્તિથી, કુમાર્ગમાં પ્રવૃત્ત થયેલી વાણી અર્થાત્ સાવદ્ય વચન દ્વારા તથા સંવર રહિત શરીર દ્વારા જે મેં અનુચિત (પાપ) કર્મ ઉત્પન્ન કર્યું છે તે તમારા ચરણ-કમળના સ્મરણથી નાશ પામો. બરાબર પણ છે જે તમારા ચરણ-કમળનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્મરણ મોક્ષરૂપ ફળ આપે છે તે આ ( પાપવિનાશ ) કાર્યમાં કેમ સમર્થ ન થાય? અવશ્ય થશે. ૧૨.

(वसंततिलका)

**वाणी प्रमाणमिह सर्वविदस्त्रिलोकी-**
**सद्मन्यसौ प्रवरदीपशिखासमाना ।**
**स्याद्वादकान्तिकलिता नृसुराहिवन्द्या**
**कालत्रये प्रकटिताखिलवस्तुतत्त्वा ॥ १३ ॥**

**અનુવાદઃ**—જે સર્વજ્ઞની વાણી ( જિનવાણી ) ત્રણ લોકરૂપ ઘરમાં ઉત્તમ દીપકની શિખા સમાન થઈને સ્યાદ્વાદરૂપ પ્રભા સહિત છે; મનુષ્ય, દેવ અને નાગકુમારોથી વંદનીય છે; તથા ત્રણે કાળની વસ્તુઓના સ્વરૂપને પ્રગટ કરનારી છે; તે અહીં પ્રમાણ (સત્ય) છે.

**વિશેષાર્થઃ**—અહીં જિનવાણીને દીપ શિખા સમાન બતાવીને તેના કરતાં પણ તેમાં કાંઈક વિશેષતા પ્રગટ કરવામાં આવી છે. જેમ કે-દીપશિખા ઘરની અંદરની જ વસ્તુઓને પ્રકાશિત કરે છે પણ જિનવાણી ત્રણે લોકની અંદરની બધી જ વસ્તુઓને પ્રકાશિત કરે છે દીપક જો પ્રભાસહિત હોય છે તો તે વાણી પણ અનેકાન્તરૂપ પ્રભાસહિત છે; દીપશિખાને જો કેટલાક મનુષ્યો જ વંદન કરે છે તો જિનવાણીને મનુષ્યો, દેવો અને અસુરો પણ વંદન કરે છે; તથા દીપશિખા જો વર્તમાનની કેટલીક જ વસ્તુઓને પ્રગટ કરે છે તો તે જિનવાણી ત્રણેય કાળની સમસ્ત વસ્તુઓને પ્રગટ કરે છે. આ રીતે દીપશિખા સમાન હોવા છતાં પણ તે જિનવાણીનું સ્વરૂપ અપૂર્વ જ છે ૧૩.

(पृथ्वी)

**क्षमस्व मम वाणि तज्जिनपतिश्रुतादिस्तुतौ**
**यदूनमभवन्मनोवचनकायवैकल्यतः ।**
**अनेकभवसंभवैर्जडिमकारणैः कर्मभिः**
**कुतोऽत्र किल मादृशे जननि तादृशं पाटवम् ॥ १४ ॥**

**અનુવાદઃ**—હે વાણી! જિનેન્દ્ર અને સરસ્વતી આદિની સ્તુતિના વિષયમાં મન, વચન અને શરીરની વિકળતાના કારણે જે કાંઈ ખામી રહી હોય તેને હે માતા! તું ક્ષમા કર. કારણ એ છે કે અનેક ભવોમાં ઉપાર્જિત અને અજ્ઞાન ઉત્પન્ન કરનાર કર્મોનો ઉદય રહેવાથી મારા જેવા મનુષ્યમાં તેવી નિપુણતા ક્યાંથી હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ. ૧૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ)

पल्लवो ऽयं क्रियाकाण्डकल्पशाखाग्रसंगतः ।
जीयादशेषभव्यानां प्रार्थितार्थफलप्रदः ॥ १५ ॥

અનુવાદઃ—સમસ્ત ભવ્ય જીવોને ઈષ્ટ ફળ આપનાર આ ક્રિયાકાંડરૂપ કલ્પવૃક્ષની શાખાના અગ્રભાગે લાગેલ નવીન પત્ર જયવંત હો ૧૫.

(भुजंगयालप्रयात्न)

क्रियाकाण्डसंबन्धिनी चूलिकेयं
नरैः पठ्यते यैस्त्रिसंध्यं च तेषाम् ।
वपुर्भारतीचित्तवैकल्यतो या
न पूर्णा क्रिया सापि पूर्णत्वमेति ॥ १६ ॥

અનુવાદઃ—જે મનુષ્ય ક્રિયાકાંડ સંબંધી આ ચૂલિકા ત્રણે સંધ્યાકાળે ભણે છે તેમની શરીર, વાણી અને મનની વિકળતાને કારણે જે ક્રિયા પૂર્ણ ન થઈ હોય તે પણ પૂર્ણ થઈ જાય છે. ૧૬.

(पृथ्वी)

जिनेश्वर नमो ऽस्तु ते त्रिभुवनैकचूडामणे
गतो ऽस्मि शरणं विभो भवभिया भवन्तं प्रति ।
तदाहतिकृते बुधैरकथि तत्त्वमतन्मया-
श्रितं सुदृढचेतसा भवहरस्त्वमेवात्र यत् ॥ १७ ॥

અનુવાદઃ—હે જિનેશ્વર ! હે ત્રણ લોકના ચૂડામણિ વિભો ! તમને નમસ્કાર હો. હું સંસારના ભયથી આપના શરણે આવ્યો છું. વિદ્વાનોએ તે સંસારનો નાશ કરવા માટે આ જ તત્ત્વ બતાવ્યું છે, તેથી મેં દૃઢચિત્ત કરીને આનું જ આલંબન લીધું છે કારણ એ છે કે અહીં સંસારનો નાશ કરનાર તમે જ છો. ૧૭.

(वसंततिलका)

अर्हन् समाश्रितसमस्तनरामरादि-
भव्याब्जनन्दिवचनांशुरवेस्तवाग्रे ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मौखर्यमेतदबुधेन मया कृतं यत्-
तद्भूरिभक्तिरभसस्थितमानसेन ॥ १८ ॥

**અનુવાદઃ**—હે અરહંત! જેમ સૂર્ય પોતાના કિરણો દ્વારા સમસ્ત કમળોને પ્રફુલ્લિત કરે છે તેવી જ રીતે આપ પણ સભા (સમવસરણ) માં આવેલા સમસ્ત મનુષ્ય અને દેવ આદિ ભવ્ય જીવો રૂપ કમળોને પોતાના વચનરૂપ કિરણો દ્વારા પ્રફુલ્લિત કરો છો. આપની આગળ જે વિદ્વતા વિનાના મેં આ વાચાળતા (સ્તુતિ) કરી છે તે કેવળ આપની મહાન ભક્તિના વેગમાં મન સ્થિત હોવાથી અર્થાત્ મનમાં અતિશય ભક્તિ હોવાથી જ કરી છે. ૧૮.

આ રીતે ક્રિયાકાંડચૂલિકા સમાપ્ત થઈ. ૨૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨૨. એકત્વભાવનાદશક

## [ २२. एकत्वभावनादशकम् ]

( अनुष्टुभ )

स्वानुभूत्यैव यद्गम्यं रम्यं यच्चात्मवेदिनाम् ।
जल्पे तत्परमं ज्योतिरवाङ्मानसगोचरम् ॥ १ ॥

**અનુવાદઃ**—જે પરમ જ્યોતિ કેવળ સ્વાનુભવથી જ ગમ્ય (પ્રાપ્ત કરવા યોગ્ય) તથા આત્મજ્ઞાનીઓને રમણીય છે તે વચન અને મનના અવિષયભૂત પરમ (ઉત્કૃષ્ટ) જ્યોતિના વિષયમાં હું કાંઈક કહું છું. ૧.

एकत्वैकपदप्राप्तमात्मतत्त्वमवैति यः ।
आराध्यते स एवान्यैस्तस्याराध्यो न विद्यते ॥ २ ॥

**અનુવાદ**—જે ભવ્ય જીવ એકત્વ (અદ્વૈત) રૂપ અદ્વિતીયપદને પામેલ આત્મતત્ત્વને જાણે છે તે પોતે જ બીજાઓ દ્વારા આરાધાય છે અર્થાત્ બીજા પ્રાણી તેની જ આરાધના કરે છે, તેના આરાધ્ય (પૂજનીય) બીજું કોઈ રહેતું નથી. ૨.

एकत्वज्ञो बहुभ्यो ऽपि कर्मभ्यो न बिभेति सः ।
योगी सुनौगतो ऽम्भोधिजलेभ्य इव धीरधीः ॥ ३ ॥

**અનુવાદઃ**—જેમ ઉત્કૃષ્ટ નાવને પ્રાપ્ત થયેલ ધીરબુદ્ધિ (સાહસી) મનુષ્ય સમુદ્રના અપરિમિત જળથી ડરતો નથી તેવી જ રીતે એકત્વનો જાણકાર તે યોગી ઘણા કર્મોથી પણ ડરતો નથી. ૩.

चैतन्यैकत्वसंवित्तिर्दुर्लभा सैव मोक्षदा ।
लब्धा कथं कथंचिच्चेच्चिन्तनीया मुहुर्मुहुः ॥ ४ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—ચૈતન્યરૂપ એકત્વનું જ્ઞાન દુર્લભ છે, પરંતુ મોક્ષ આપનાર તે જ છે. જો તે કોઈ પણ પ્રકારે પ્રાપ્ત થઈ જાય તો તેનું વારંવાર ચિંતન કરવું જોઈએ. ૪

मोक्ष एव सुखं साक्षात्तच्च साध्यं मुमुक्षुभिः ।
संसारे ऽत्र तु तन्नास्ति यदस्ति खलु तन्न तत् ॥ ५ ॥

**અનુવાદઃ**—વાસ્તવિક સુખ મોક્ષમાં છે અને તે મુમુક્ષુજનો દ્વારા સિદ્ધ કરવા યોગ્ય છે. અહીં સંસારમાં તે સુખ નથી. અહીં જે સુખ છે તે નિશ્ચયથી યથાર્થ સુખ નથી. ૫.

किंचित्संसारसंबन्धि बन्धुरं नेति निश्चयात् ।
गुरूपदेशतो ऽस्माकं निःश्रेयसपदं प्रियम् ॥ ६ ॥

**અનુવાદઃ**—સંસાર સંબંધી કોઈ પણ વસ્તુ રમણીય નથી, આ જાતનો અમને ગુરુના ઉપદેશથી નિશ્ચય થઈ ગયો છે. એ જ કારણે અમને મોક્ષપદ પ્યારું છે. ૬.

मोहोदयविषाक्रान्तमपि स्वर्गसुखं चलम् ।
का कथापरसौख्यानामलं भवसुखेन मे ॥ ७ ॥

**અનુવાદઃ**—મોહના ઉદયરૂપ વિષથી મિશ્રિત સ્વર્ગનું સુખ પણ જો નશ્વર હોય તો ભલા બીજા તુચ્છ સુખોના સબંધમાં શું કહેવું? અર્થાત્ તે તો અત્યંત વિનશ્વર અને હેય છે જ. તેથી મને એવા સંસારસુખથી બસ થાવ–હું એવું સંસારસુખ ચાહતો નથી. ૭.

लक्ष्यीकृत्य सदात्मानं शुद्धबोधमयं मुनिः ।
आस्ते यः सुमतिश्चात्र सो ऽप्यमुत्र चरन्नपि ॥ ८ ॥

**અનુવાદઃ**—જે નિર્મળ બુદ્ધિ ધારણ કરનાર મુનિ આ લોકમાં નિરંતર શુદ્ધ જ્ઞાન-સ્વરૂપ આત્માનું લક્ષ્ય રાખીને રહે છે તે પરલોકમાં સંચાર કરવા છતાં પણ તે જ રીતે રહે છે. ૮.

वीतरागपथे स्वस्थः प्रस्थितो मुनिपुङ्गवः ।
तस्य मुक्तिसुखप्राप्तेः कः प्रत्यूहो जगत्त्रये ॥ ९ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:—** જે શ્રેષ્ઠ મુનિ આત્મલીન થઈને વીતરાગમાર્ગ અર્થાત્ મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરી રહ્યો છે તેને મોક્ષસુખની પ્રાપ્તિમાં ત્રણે લોકમાં કોઈ પણ વિઘ્ન ઉપસ્થિત થઈ શકતું નથી ૯.

**इत्येकाग्रमना नित्यं भावयन् भावनापदम् ।**
**मोक्षलक्ष्मीकटाक्षालिमालासद्म स जायते ॥ १० ॥**

**અનુવાદ:—** આ રીતે એકાગ્રમને થઈને જે મુનિ સર્વદા આ ભાવનાપદ (એકત્વ ભાવના) ને ભાવે છે તે મુક્તિરૂપ લક્ષ્મીની કટાક્ષ પંક્તિઓના માળાનું સ્થાન બની જાય છે, અર્થાત્ તેને મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. ૧૦.

**एतज्जन्मफलं धर्मः स चेदस्ति ममामलः ।**
**आपद्यपि कुतश्चिन्ता मृत्योरपि कुतो भयम् ॥ ११ ॥**

**અનુવાદ:—** આ મનુષ્ય જન્મનું ફળ ધર્મની પ્રાપ્તિ છે. તે નિર્મળ ધર્મ જો મારી પાસે છે તો પછી મને આપત્તિના વિષયમાં પણ શી ચિન્તા છે તથા મૃત્યુથી પણ શો ડર છે? અર્થાત્ તે ધર્મ હોતાં ન તો આપત્તિની ચિન્તા રહે છે અને ન મરણનો ડર પણ રહે છે. ૧૧.

આ રીતે એકત્વભાવના દશક અધિકાર સમાપ્ત થયો. ૨૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૨૩. પરમાર્થવિંશતિ

## [ २३. परमार्थविंशतिः ]

(शार्दूलविक्रीड़ित)

मोहद्वेषरतिश्रिता विकृतयो दृष्टाः श्रुताः सेविताः
वारंवारमनन्तकालविचरत्सर्वाङ्गिभिः संसृतौ ।
अद्वैतं पुनरात्मनो भगवतो दुर्लक्ष्यमेकं परं
बीजं मोक्षतरोरिदं विजयते भव्यात्मभिर्वन्दितम् ॥ १ ॥

**અનુવાદઃ**—સંસારમાં અનંતકાળથી વિચરણ કરતાં સર્વ પ્રાણીઓએ મોહ, દ્વેષ અને રાગના નિમિત્તે થતા વિકારો વારંવાર જોયા છે, સાંભળ્યા છે અને સેવ્યા પણ છે. પરંતુ ભગવાન આત્માનું એક અદ્વૈત જ કેવળ દુર્લક્ષ્ય છે અર્થાત્ તેને હજી સુધી જોયો નથી, સાંભળ્યો નથી અને સેવન પણ કર્યું નથી. ભવ્ય જીવોથી વંદિત મોક્ષરૂપ વૃક્ષના બીજભૂત આ અદ્વૈત જયવંત હો.

अन्तर्बाह्यविकल्पजालरहितां शुद्धैकचिद्रूपिणीं
वन्दे तां परमात्मनः प्रणयिनीं कृत्यान्तगां स्वस्थताम् ।
यत्रानन्तचतुष्टयामृतसरित्यात्मानमन्तर्गतं
न प्राप्नोति जरादिदुःसहशिखो जन्मोग्रदावानल ॥२॥

**અનુવાદઃ**—જે સ્વસ્થતા અંતરંગ અને બાહ્ય વિકલ્પોના સમૂહ રહિત છે, શુદ્ધ એક ચૈતન્યસ્વરૂપ સહિત છે, પરમાત્માની વલ્લભા (પ્રિયતમા) છે, કૃત્ય (કાર્ય) નો અંત પામી ચુકી છે અર્થાત્ કૃત્યકૃત્ય છે તથા અનંતચતુષ્ટયરૂપ અમૃતની નદી સમાન હોવાથી જેની અંદર પ્રાપ્ત થયેલ આત્માને જરા (વૃદ્ધત્વ) આદિ રૂપ અસહ્ય જ્વાળાવાળી જન્મ (સંસાર) રૂપ તીક્ષ્ણ વનાગ્નિ પ્રાપ્ત થતી નથી; એવી તે અનંતચતુષ્ટયસ્વરૂપ સ્વસ્થતાને હું નમસ્કાર કરૂં છું. ૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एकत्वस्थितये मतिर्यदनिशं संजायते मे तया-
प्यानन्दः परमात्मसंनिधिगतः किंचित्समुन्मीलति।
किंचित्कालमवाप्य सैव सकलैः शीलैर्गुणैराश्रितां
तामानन्दकलां विशालविलसद्बोधां करिष्यत्यसौ ॥ ॥

**અનુવાદઃ**—એકત્વ (અદ્વૈત) માં સ્થિતિ માટે જે મારી નિરંતર બુદ્ધિ થાય છે તેના નિમિત્તે પરમાત્માની સમીપતાને પ્રાપ્ત થયેલ આનંદ થોડો એક પ્રગટ થાય છે. તે જ બુદ્ધિ થોડો કાળ પામીને અર્થાત્ થોડા જ સમયમાં સમસ્ત શીલ અને ગુણોના આધારભૂત અને પ્રગટ થયેલ વિપુલ જ્ઞાન (કેવળજ્ઞાન) સંપન્ન તે આનંદની કળા ઉત્પન્ન કરશે. ૩.

केनाप्यस्ति न कार्यमाश्रितवता मित्रेण चान्येन वा
प्रेमाङ्गे ऽपि न मेऽस्ति संप्रति सुखी तिष्ठाम्यहं केवलः।
संयोगेन यदत्र कष्टमभवत्संसारचक्रे चिरं
निर्विण्णः खलु तेन तेन नितरामेकाकिता रोचते ॥४॥

**અનુવાદઃ**—મારે આશ્રયમાં પ્રાપ્ત થયેલ કોઇ પણ મિત્ર અથવા શત્રુનું પ્રયોજન નથી, મને આ શરીરમાં પણ પ્રેમ રહ્યો નથી, અત્યારે હું એકલો જ સુખી છું. અહીં સંસાર પરિભ્રમણમાં ચિરકાળથી જે મને સંયોગના નિમિત્તે કષ્ટ થયું છે તેનાથી હું વિરક્ત થયો છું તેથી હવે મને એકાકીપણું (અદ્વૈત) અત્યંત રુચે છે. ૪.

यो जानाति स एव पश्यति सदा चिद्रूपतां न त्यजेत्
सो ऽहं नापरमस्ति किंचिदपि मे तत्त्वं सदेतत्परम्।
यच्चान्यत्तदशेषमन्यजनितं क्रोधादि कायादि वा
श्रुत्वा शास्त्रशतानि संप्रति मनस्येतच्छ्रुतं वर्तते ॥५॥

**અનુવાદઃ**—જે જાણે છે તે જ દેખે છે અને તે નિરંતર ચૈતન્યસ્વરૂપને છોડતો નથી. તે જ હું છું, એનાથી ભિન્ન બીજું મારૂં કોઇ સ્વરૂપ નથી. આ સમીચીન ઉત્કૃષ્ટ તત્ત્વ છે ચૈતન્ય સ્વરૂપથી ભિન્ન જે ક્રોધાદિ વિભાવભાવ અથવા શરીર આદિ છે તે સર્વ અન્ય અર્થાત્ કર્મથી ઉત્પન્ન થયા છે. સેંકડો શાસ્ત્રો સાંભળીને અત્યારે મારા મનમાં આ જ એક શાસ્ત્ર (અદ્વૈત તત્ત્વ) વર્તમાન છે. ૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हीनं संहननं परीषहसहं नाभूदिदं सांप्रतं
काले दुःख[ष]मसंज्ञके ऽत्र यदपि प्रायो न तीव्रं तपः ।
कश्चिन्नातिशयस्तथापि यदसावार्तं हि दुष्कर्मणा-
मन्तः शुद्धचिदात्मगुप्तमनसः सर्वं परं तेन किम् ॥६॥

**અનુવાદઃ**—જો કે અત્યારે આ સંહનન (હાડકાનું બંધન) પરીષહો (ક્ષુધા, તૃષા, આદિ) સહન કરી શકતું નથી અને આ દુઃષમા નામના પાંચમા કાળે તીવ્ર તપ પણ સંભવિત નથી, તો પણ એ કોઈ ખેદની વાત નથી, કેમ કે એ અશુભ કર્મોની પીડા છે. અંદર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મામાં મનને સુરક્ષિત કરનાર મને તે કર્મકૃત પીડાથી શું પ્રયોજન છે? અર્થાત્ કાંઈ પણ નથી. ૬.

सद्दृग्बोधमयं विहाय परमानन्दस्वरूपं परं
ज्योतिर्नान्यदहं विचित्रविलसत्कर्मैकतायामपि ।
कार्ष्ण्यं कृष्णपदार्थसंनिधिवशाज्जाते मणौ स्फाटिके
यत्तस्मात्पृथगेव स द्वयकृतो लोके विकारो भवेत् ॥७॥

**અનુવાદઃ**—અનેક પ્રકારના વિલાસવાળા કર્મો સાથે મારી એકતા હોવા છતાં પણ જે ઉત્કૃષ્ટ જ્યોતિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ઉત્કૃષ્ટ આનન્દસ્વરૂપ છે તે જ હું છું, તેના સિવાય હું બીજું નથી. બરાબર પણ છે-સ્ફટિક મણિમાં કાળા પદાર્થના સંબંધથી કાળાશ ઉત્પન્ન થવા છતાં પણ તે તે મણિથી ભિન્ન જ હોય છે. કારણ એ છે કે લોકમાં જે કોઈ વિકાર થાય છે તે બે પદાર્થોના નિમિત્તે જ થાય છે.

**વિશેષાર્થઃ**—જો કે સ્ફટિકમણિમાં કોઈ બીજા કાળા પદાર્થના નિમિત્તે કાલિમા અને જપાપુષ્પના સંસર્ગથી લાલિમા અવશ્ય જોવામાં આવે છે પરંતુ તે વાસ્તવિક રીતે તેની નથી હોતી તે સ્વભાવથી નિર્મળ અને શ્વેતવર્ણનો જ રહે છે. જ્યાં સુધી તેની પાસે કોઈ અન્ય રંગની વસ્તુ રહે છે ત્યાં સુધી તેમાં બીજો રંગ જોવામાં આવે છે અને તે ત્યાંથી ખસી જતાં પછી સ્ફટિકમણિમાં તે વિકૃત રંગ રહેતો નથી. બરાબર એ જ રીતે આત્માની સાથે જ્ઞાનાવરણાદિ અનેક કર્મોનો સંયોગ રહે ત્યાંસુધી જ તેમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ આદિ વિકારભાવ જોવામાં આવે છે. પરંતુ તે વાસ્તવમાં તેના નથી, તે તો સ્વભાવથી શુદ્ધ જ્ઞાન-દર્શન-સ્વરૂપ જ છે. વસ્તુમાં જે વિકારભાવ થાય છે તે કોઈ બીજા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પદાર્થના નિમિત્તે જ થાય છે. માટે તે તેનો કહી શકાતો નથી, કારણ કે તે થોડા જ વખત સુધી રહે છે. જેમ-અગ્નિના સંયોગથી જળમાં રહેતી ઉષ્ણતા થોડા સમય (અગ્નિ-સંયોગ) સુધી જ રહે છે, ત્યારપછી શીતળતા જ તેમાં રહે છે, જે સદા રહેનારી છે. ૭.

आपत्सापि यतेः परेण सह यः संगो भवेत्केनचित्
सापत्सुष्ठु गरीयसी पुनरहो यः श्रीमतां संगमः ।
यस्तु श्रीमदमद्यपानविकलैरुत्तानितास्यैर्नृपैः
संपर्कः स मुमुक्षुचेतसि सदा मृत्योरपि क्लेशकृत् ॥८॥

**અનુવાદઃ**—સાધુને કોઈ પરવસ્તુ સાથે જે સંયોગ થાય છે તે પણ તેમને આપત્તિ-સ્વરૂપ લાગે છે, વળી જે શ્રીમાનો (ધનવાનો) સાથે તેમનો સમાગમ થાય છે તે તો તેમને અતિશય મહાન્ આપત્તિસ્વરૂપ લાગે છે એ ઉપરાંત સંપત્તિના અભિમાનરૂપ મદ્ય-પાનથી વિકળ થઈને ઊંચું મુખ રાખનારા એવા રાજાઓ સાથે જે સંયોગ થાય છે તે તો તે મોક્ષાભિલાષી સાધુના મનમાં નિરંતર મૃત્યુથી પણ અધિક કષ્ટકારક હોય છે. ૮.

स्निग्धा मा मुनयो भवन्तु गृहिणो यच्छन्तु मा भोजनं
मा किंचिद्धनमस्तु मा वपुरिदं रुग्वर्जितं जायताम् ।
नग्नं मामवलोक्य निन्दतु जनस्तत्रापि खेदो न मे
नित्यानन्दपदप्रदं गुरुवचो जागर्ति चेच्चेतसि ॥९॥

**અનુવાદઃ**—જો મારા હૃદયમાં નિત્ય આનંદપ્રદ અર્થાત્ મોક્ષપદ આપનારી ગુરુની વાણી જાગે છે તો મુનિજનો સ્નેહ કરનાર ભલે ન હોય, ગૃહસ્થો જો ભોજન ન આપે તો ન આપો, મારી પાસે કાંઈ પણ ધન ન હોય, આ શરીર રોગ રહિત ન હો અર્થાત્ રોગ-વાળું પણ હો તથા મને નગ્ન જોઈને લોકો નિન્દા પણ કરો; તો પણ મને તેમાં જરાય ખેદ નહિ થાય. ૯.

दुःखव्यालसमाकुले भववने हिंसादिदोषद्रुमे
नित्यं दुर्गतिपल्लिपातिकुपथे भ्राम्यन्ति सर्वेऽङ्गिनः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तन्मध्ये सुगुरुप्रकाशितपथे प्रारब्धयानो जनः
यात्यानन्दकरं परं स्थिरतरं निर्वाणमेकं परम् ॥ १० ॥

**અનુવાદઃ**—જે સંસારરૂપી વન દુઃખોરૂપ સર્પો (અથવા હ થીઓ)થી વ્યાપ્ત છે, હિંસા આદિ દોષોરૂપ વૃક્ષો સહિત છે તથા નરકાદિ દુર્ગતિરૂપ ભીલ વસ્તી તરફ જતા કુમાર્ગથી યુક્ત છે, તેમાં સર્વ પ્રાણી સદા પરિભ્રમણ કરે છે. ઉક્ત સંસારરૂપ વનની અંદર જે મનુષ્ય ઉત્તમ ગુરુદ્વારા બતાવવામાં આવેલા માર્ગે (મોક્ષમાર્ગમાં) ગમન શરૂ કરી દે છે તે તે અદ્વિતીય મોક્ષરૂપ નગરને પ્રાપ્ત થાય છે, જે આનંદ આપનાર છે, ઉત્કૃષ્ટ છે તથા અત્યંત સ્થિર (અવિનશ્વર) પણ છે. ૧૦.

यत्सातं यदसातमङ्गिषु भवेत्तत्कर्मकार्यं तत-
स्तत्कर्मैव तदन्यदात्मन इदं जानन्ति ये योगिनः ।
ईदृग्भेदविभावनाश्रितधियां तेषां कुतोऽहं सुखी
दुःखी चेति विकल्पकल्मषकला कुर्यात्पदं चेतसि ॥११॥

**અનુવાદઃ**—પ્રાણીઓને જે સુખ દુઃખનો અનુભવ થાય છે તે કર્મ (શાતા અને અશાતા વેદનીય)નું કાર્ય છે તેથી તે કર્મ જ છે અને તે આત્માથી ભિન્ન છે આ વાત જે યોગી જાણે છે તથા જેમની બુદ્ધિ આ જાતના ભેદની ભાવનાનો આશ્રય લઈ ચૂકી છે તે યોગીઓના મનમાં 'હું સુખી છું. અથવા દુઃખી છું' આ પ્રકારના વિકલ્પથી મલિન કળા ક્યાંથી સ્થાન પ્રાપ્ત કરી શકે? અર્થાત્ તે યોગીઓના મનમાં તેવો વિકલ્પ કદી ઉત્પન્ન થતો નથી. ૧૧.

देवं तत्प्रतिमां गुरुं मुनिजनं शास्त्रादि मन्यामहे
सर्वं भक्तिपरा वयं व्यवहृते मार्गे स्थिता निश्चयात ।
अस्माकं पुनरेकताश्रयणतो व्यक्तीभवच्चिद्गुण-
स्फारीभूतमतिप्रबन्धमहसामात्मैव तत्त्वं परम् ॥ १२ ॥

**અનુવાદઃ**—વ્યવહારમાર્ગમાં સ્થિત અમે ભક્તિમાં તત્પર થઈને જિનદેવ, જિન પ્રતિમા, ગુરુ, મુનિજન અને શાસ્ત્ર આદિ સર્વેને માનીએ છીએ. પરંતુ નિશ્ચયથી અભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અદ્વૈત)નો આશ્રય લેવાથી પ્રગટ થયેલ ચૈતન્યગુણથી પ્રકાશમાં આવેલી બુદ્ધિના વિસ્તારરૂપ તેજ સહિત અમારે માટે કેવળ આત્મા જ ઉત્કૃષ્ટ તત્ત્વ રહે છે.

**વિશેષાર્થ:**—જીવ જ્યાંસુધી વ્યવહારમાર્ગમાં સ્થિત રહે છે ત્યાં સુધી તે જિનભગવાન અને તેમની પ્રતિમા આદિને પૂજ્ય માનીને યથાયોગ્ય તેમની પૂજા આદિ કરે છે. એથી તેને પુણ્યકર્મનો બંધ થાય છે જે નિશ્ચયમાર્ગની પ્રાપ્તિનું સાધન થાય છે. પછી જ્યારે તે નિશ્ચયમાર્ગ ઉપર આરૂઢ થઈ જાય છે ત્યારે તેની બુદ્ધિ અભેદ (અદ્વૈત) નો આશ્રય લઈ લે છે. તે એમ સમજવા લાગે છે કે સ્ત્રી, પુત્ર અને મિત્ર તથા જે શરીર નિરંતર આત્મા સાથે સંબંધવાળું રહે છે તે પણ મારૂં નથી; હું ચૈતન્યનો એક પિંડ છું-તેના સિવાય અન્ય કાંઈ પણ મારૂં નથી. આ અવસ્થામાં તેને પૂજ્ય-પૂજકભાવનું દ્વૈત પણ રહેતું નથી. કારણ એ છે કે પૂજ્ય-પૂજકભાવરૂપ બુદ્ધિ પણ રાગની પરિણતિ છે જે પુણ્યબંધનું કારણ થાય છે આ પુણ્યકર્મ પણ જીવને દેવેન્દ્ર અને ચક્રવર્તી આદિના પદોમાં સ્થિત કરીને સંસારમાં જ પરતંત્ર રાખે છે. માટે આ દૃષ્ટિએ તે પૂજ્ય-પૂજક ભાવ પણ હેય છે, ઉપાદેય કેવળ એક સચ્ચિદાનંદમય આત્મા જ છે. પરંતુ જ્યાંસુધી પ્રાણીને આ પ્રકારની દૃઢતા પ્રાપ્ત નથી થતી ત્યાંસુધી તેણે વ્યવહારમાર્ગનું આલંબન લઇને જિનપૂજનાદિ શુભ કાર્યો કરવા જ જોઇએ, નહિ તો તેનો સંસાર દીર્ઘ થઇ શકે છે. ૧૨.

वर्षं हर्षमपाकरोतु तुदतु स्फीता हिमानी तनुं
घर्मः शर्महरोऽस्तु दंशमशकं क्लेशाय संपद्यताम् ।
अन्यैर्वा बहुभिः परीषहभटैरारभ्यतां मे मृति-
र्मोक्षं प्रत्युपदेशनिश्चलमतेर्नात्रापि किंचिद्भयम् ॥१३॥

**અનુવાદ:**—જો હું મોક્ષવિષયક ઉપદેશથી બુદ્ધિની સ્થિરતા પ્રાપ્ત કરી લઉં છું તો ભલે વર્ષાકાળ મારો હર્ષ નષ્ટ કરે, વિસ્તૃત મહાન્ શીત શરીરને પીડિત કરે, ઘામ (સૂર્યનો તાપ) સુખનું અપહરણ કરે, ડાંસ-મચ્છર ક્લેશનું કારણ થાય અથવા બીજા પણ અનેક પરીષહરૂપ સુભટ મારા મરણની પણ શરૂઆત કરી દે; તો પણ એમનો મને કાંઈ પણ ભય નથી. ૧૩.

चक्षुर्मुख्यहृषीककर्षकमयो ग्रामो मृतो मन्यते
चेद्रूपादिकृषिक्षमां बलवता बोधारिणा त्याजितः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तच्चिन्तां न च सो ऽपि संप्रति करोत्यात्मा प्रभुः शक्तिमान्
यत्किंचिद्भविताऽत्र तेन च भवो ऽप्यालोक्यते नष्टवत् ॥ १४॥

અનુવાદઃ—જે શક્તિશાળી આત્મારૂપ પ્રભુ ચક્ષુ આદિ ઇન્દ્રિયોરૂપ કિસાનોથી નિર્મિત ગામને મરેલું સમજે છે તથા જે જ્ઞાનરૂપ બળવાન શત્રુ દ્વારા રૂપાદિ વિષયરૂપ ખેતીની ભૂમિથી ભ્રષ્ટ કરાવવામાં આવ્યું છે, છતાં પણ જે કાંઈ થવાનું છે તેના વિષયમાં અત્યારે ચિન્તા કરતો નથી. આ રીતે સંસારને નષ્ટ થયા સમાન દેખે છે.

વિશેષાર્થઃ—જેમ કોઈ શક્તિશાળી ગામના સ્વામીની જો અન્ય પ્રબળ શત્રુ દ્વારા ખેતી યોગ્ય જમીન છીનવી લેવામાં આવે તો તે પોતાના ખેડૂતોથી પરિપૂર્ણ તે ગામને મરેલા જેવું માને છે. છતાં પણ તે ભવિતવ્યને મુખ્ય માનીને તેની કાંઈ ચિંતા કરતો નથી. બરાબર એ જ પ્રમાણે સર્વ શક્તિમાન્ આત્માને જ્યારે સમ્યગ્જ્ઞાનરૂપ શત્રુ દ્વારા રૂપ-રસાદિરૂપ ખેતી યોગ્ય ભૂમિથી ભ્રષ્ટ કરી દેવામાં આવે છે-વિવેકબુદ્ધિ ઉત્પન્ન થતાં જ્યારે તે રૂપ-રસાદિસ્વરૂપ ઇન્દ્રિયવિષયોમાં અનુરાગ રહિત થઈ જાય છે, ત્યારે તે પણ તે ઇન્દ્રિયરૂપ કિસાનોના ગામને મરેલું સમજે છે અને તેની કાંઈ પણ ચિંતા કરતો નથી. પરંતુ ત્યારે તે પોતાના સંસારને નષ્ટ થયેલા જેવો સમજવા લાગે છે. તાત્પર્ય એ છે કે એકત્વબુદ્ધિ ઉત્પન્ન થતાં જીવને ઇન્દ્રિય વિષયોમાં અનુરાગ રહેતો નથી. તે વખતે તે ઇન્દ્રિયોને નષ્ટ થયા સમાન માનીને મુક્તિને હાથમાં આવેલી જ સમજે છે. ૧૪.

कर्मक्षत्युपशान्तिकारणवशात्सद्देशनाया गुरो-
रात्मैकत्वविशुद्धबोधनिलयो निःशेषसंगोज्झितः ।
शश्वत्तद्गतभावनाश्रितमना लोके वसन् संयमी
नावद्येन स लिप्यते ऽब्जदलवत्तोयेन पद्माकरे ॥ १५॥

અનુવાદઃ—જે સંયમી કર્મના ક્ષય અથવા ઉપશમના કારણ વશે તથા ગુરુના સદ્દુપદેશથી આત્માની એકતા વિષયક નિર્મળ જ્ઞાનનું સ્થાન બની ગયા છે, જેમણે સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ કરી દીધો છે તથા જેમનું મન નિરંતર આત્માની એકતાની ભાવનાને આશ્રિત રહે છે; તે સંયમી પુરુષ લોકમાં રહેવા છતાં પણ એ રીતે પાપથી લેપાતા નથી જેવી રીતે તળાવમાં સ્થિત કમળપત્ર પાણીથી લેપાતું નથી. ૧૫.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गुर्वङ्घ्रिद्वयदत्तमुक्तिपदवीप्राप्त्यर्थनिर्ग्रन्थता-
जातानन्दवशान्ममेन्द्रियसुखं दुःखं मनो मन्यते ।
सुस्वादुः प्रतिभासते किल खलस्तावत्समासादिता
यावन्नो सितशर्करातिमधुरा संतर्पिणी लभ्यते ॥ १६ ॥

**અનુવાદઃ**—ગુરુના ચરણ યુગલ દ્વારા મુક્તિ પદવી પ્રાપ્ત કરવા માટે જે નિર્ગ્રન્થતા (દિગંબરત્વ) આપવામાં આવ્યું છે તેના નિમિત્તે ઉત્પન્ન થયેલ આનંદના પ્રભાવથી મારૂં મન ઇન્દ્રિયવિષયજનિત સુખને દુઃખરૂપ જ માને છે. બરાબર છે–પ્રાપ્ત થયેલો ખોળ (તેલ કાઢી લીધા પછી જે તલ આદિનો ભાગ શેષ રહે છે) ત્યાં સુધી જ સ્વાદિષ્ટ લાગે છે જ્યાંસુધી અતિશય મીઠી સફેદ સાકર (મિશ્રી) તૃપ્ત કરનાર પ્રાપ્ત થતી નથી. ૧૬.

निर्ग्रन्थत्वमुदा ममोज्ज्वलतरध्यानाश्रितस्फीतया
दुर्ध्यानाक्षसुखं पुनः स्मृतिपथप्रस्थाय्यपि स्यात्कुतः ।
निर्गत्योद्गतवातबोधितशिखिज्वालाकरालाद्गृहा-
च्छीतां प्राप्य च वापिकां विशति कस्तत्रैव धीमान् नरः ॥१७॥

**અનુવાદ**—અતિશય નિર્મળ ધ્યાનના આશ્રયે વિસ્તાર પામેલ નિર્ગ્રન્થતા જનિત આનંદ પ્રાપ્ત થઈ જતાં ખોટા ધ્યાનથી ઉત્પન્ન ઇન્દ્રિયસુખ સ્મરણનો વિષય ક્યાંથી થઈ શકે? અર્થાત્ નિર્ગ્રન્થતાજન્ય સુખની સામે ઇન્દ્રિયવિષયજન્ય સુખ તુચ્છ લાગે છે, તેથી તેની ચાહ નષ્ટ થઈ જાય છે. બરાબર છે–ઉત્પન્ન થયેલ વાયુ દ્વારા પ્રગટ કરવામાં આવેલ અગ્નિની જ્વાળાથી ભયાનક એવા ઘરની અંદરથી નીકળીને શીતળ વાવને પ્રાપ્ત કરતો કયો બુદ્ધિમાન પુરુષ ફરીથી તે જ જલતા ઘરમાં પ્રવેશ કરે? અર્થાત્ કોઈ કરતો નથી. ૧૭.

जायेतोद्गतमोहतोऽभिलषिता मोक्षेऽपि सा सिद्धिहृत्
तद्भूतार्थपरिग्रहो भवति किं क्वापि स्पृहालुर्मुनिः ।
इत्यालोचनसंगतैकमनसा शुद्धात्मसंबन्धिना
तत्त्वज्ञानपरायणेन सततं स्थातव्यमग्राहिणा ॥ १८ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—મોહના ઉદયથી જે મોક્ષના વિષયમાં પણ અભિલાષા થાય છે તે સિદ્ધિ (મુક્તિ) ને નષ્ટ કરે છે તેથી ભૂતાર્થ (સત્યાર્થ) અર્થાત્ નિશ્ચયનયને ગ્રહણ કરનાર મુનિ શું કોઈપણ પદાર્થના વિષયમાં ઇચ્છાયુક્ત હોય છે? અર્થાત્ નથી હોતો. આ રીતે મનમાં ઉપર્યુક્ત વિચાર કરીને શુદ્ધ આત્મા સાથે સંબંધ રાખતા મુનિએ પરિગ્રહ રહિત થઇને નિરંતર તત્ત્વજ્ઞાનમાં તત્પર રહેવું જોઈએ. ૧૮.

**जायन्ते विरसा रसा विघटते गोष्ठीकथाकौतुकं**
**शीर्यन्ते विषयास्तथा विरमति प्रीतिः शरीरे ऽपि च ।**
**मौनं च प्रतिभासते ऽपि च रहः प्रायो मुमुक्षोश्चितः**
**चिन्तायामपि यातुमिच्छति समं दोषैर्मनः पञ्चताम् ॥१९॥**

**અનુવાદઃ**—ચૈતન્યસ્વરૂપ આત્માના ચિંતનમાં મુમુક્ષુ જનોના રસ નીરસ થઈ જાય છે, ભેગા મળીને પરસ્પર ચાલતી કથાઓનું કુતુહલ નષ્ટ થઈ જાય છે, ઇન્દ્રિયવિષય વિલીન થઇ જાય છે, શરીરની બાબતમાં પણ પ્રેમનો અંત આવી જાય છે, એકાંતમાં મૌન પ્રતિભાસિત થાય છે તથા તેવી દશામાં દોષોની સાથે મન પણ મરવાની ઇચ્છા કરે છે.

**વિશેષાર્થઃ**—અભિપ્રાય એ છે કે જ્યાંસુધી પ્રાણીનું આત્મસ્વરૂપ તરફ લક્ષ્ય નથી હોતું ત્યાંસુધી તેને સંગીત સાંભળવામાં, નૃત્ય પરિપૂર્ણ નાટક આદિ દેખવામાં, પરસ્પર કથા–વાર્તા કરવામાં તથા શૃંગારાદિપૂર્ણ નવલકથા આદિ વાંચવા–સાંભળવામાં આનંદ આવે છે. પરંતુ જેવો તેના હૃદયમાં આત્મસ્વરૂપનો બોધ ઉદય પામે છે તેવો જ તેને ઉપર્યુક્ત ઇન્દ્રિયવિષયોના નિમિત્તે પ્રાપ્ત થતો રસ (આનંદ) નીરસ પ્રતિભાસવા લાગે છે. અન્ય ઇન્દ્રય વિષયોની તો વાત જ શું, પરંતુ તે વખતે તેને પોતાના શરીર ઉપર પણ અનુરાગ રહેતો નથી. તે એકાન્તસ્થાનમાં મૌનપૂર્વક સ્થિત થઈને આત્માનંદમાં મગ્ન રહે છે અને આ રીતે તે અજ્ઞાનાદિ દોષો અને સમસ્ત માનસિક વિકલ્પોથી રહિત થઇને અજર-અમર બની જાય છે. ૧૯.

**तत्त्वं वागतिवर्ति शुद्धनयतो यत्सर्वपक्षच्युतं**
**तद्वाच्यं व्यवहारमार्गपतितं शिष्यार्पणे जायते ।**
**प्रागल्भ्यं न तथास्ति तत्र विवृतौ बोधो न तादृग्विधः**
**तेनायं ननु मादृशो जडमतिर्मौनाश्रितस्तिष्ठति ॥ २० ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—જે તત્ત્વ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ વચનનો અવિષય (અવક્તવ્ય) તથા નિત્યત્વાદિ સર્વ વિકલ્પો રહિત છે તે જ શિષ્યોને આપવાના વિષયમાં અર્થાત્ શિષ્યોને પ્રબોધ કરાવવા માટે વ્યવહારમાર્ગમાં પડીને વચનનો વિષય પણ થાય છે. તે આત્મતત્ત્વનું વિવરણ કરવા માટે ન તો મારામાં તેવી પ્રતિભાશાલિતા (નિપુણતા) છે અને ન તે પ્રકારનું જ્ઞાનેય છે. માટે મારા જેવો મન્દબુદ્ધિ મનુષ્ય મૌનનું અવલંબન લઈને જ સ્થિત રહે છે.

**વિશેષાર્થ:**—જો શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ વસ્તુના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો તે વચનો દ્વારા કહી જ શકાતું નથી. પરંતુ તેનું પરિજ્ઞાન શિષ્યોને પ્રાપ્ત થાય, તે માટે વચનોનો આશ્રય લઈને તેમના દ્વારા તેમને બોધ કરાવવામાં આવે છે. આ વ્યવહારમાર્ગ છે, કારણ કે વાચ્ય-વાચકનો આ દ્વૈતભાવ ત્યાં જ સંભવે છે, નહિ કે નિશ્ચયમાર્ગમાં. ગ્રન્થકર્તા શ્રીપદ્મનન્દિ મુનિ પોતાની લઘુતા પ્રગટ કરતાં અહીં કહે છે કે વ્યવહારમાર્ગનું અવલંબન લઈને પણ જે પ્રતિભા અથવા જ્ઞાન દ્વારા શિષ્યોને તે આત્મતત્ત્વનો બોધ કરાવી શકાય છે તે મારામાં નથી, તેથી હું તેનું વિશેષ વિવરણ ન કરતાં મૌનનો જ આશ્રય લઉં છું. ૨૦.

આ રીતે પરમાર્થવિંશતિ અધિકાર સમાપ્ત થયો. ૨૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૨૪. શરીરાષ્ટક

## [ २४. शरीराष्टकम् ]

(शार्दूलविक्रीड़ित)

दुर्गन्धाशुचिधातुभित्तिकलितं संछादितं चर्मणा
विष्मूत्रादिभृतं क्षुधादिविलसद्दुःखाखुभिश्छिद्रितम् ।
क्लिष्टं कायकुटीरकं स्वयमपि प्राप्तं जरावह्निना
चेदेतत्तदपि स्थिरं शुचितरं मूढो जनो मन्यते ॥ १ ॥

**અનુવાદઃ**—જે શરીરરૂપ ઝૂંપડી દુર્ગંધયુક્ત અપવિત્ર રસ, રુધિર અને અસ્થિ આદિ ધાતુઓરૂપ ભીંતો (દીવાલો) ને આશ્રિત છે, ચામડાથી વિંટળાયેલ છે, વિષ્ટા અને મૂત્રાદિથી પરિપૂર્ણ છે તથા પ્રગટ થયેલ ભૂખ, તરસ આદિ દુઃખોરૂપ ઉંદરોદ્વારા છિદ્રોવાળી કરવામાં આવી છે; આવી તે શરીરરૂપ ઝૂંપડી જો કે પોતે જ વૃદ્ધત્વરૂપ અગ્નિ દ્વારા પ્રાપ્ત કરાય છે તો પણ અજ્ઞાની મનુષ્ય તેને સ્થિર અને અતિશય પવિત્ર માને છે.

**વિશેષાર્થઃ**—અહીં શરીરને ઝુંપડીની ઉપમા આપીને એમ બતાવ્યું છે કે જેમ વાંસ આદિથી નિર્મિત ભીંતોના આશ્રયે રહેતી ઝુંપડી ઘાસ કે પાંદડાઓથી ઢંકાયેલી રહે છે. એમાં ઉંદરો દ્વારા જે અહીં તહીં છિદ્રો કરવામાં આવે છે તેનાથી તે નબળી થઈ જાય છે. તેમાં જો કદાચ આગ લાગી જાય તો તે જોતજોતામાં જ ભસ્મ થઈ જાય છે. બરાબર એ જ જાતનું આ શરીર પણ છે-એમાં ભીંતોના સ્થાને દુર્ગંધવાળી અને અપવિત્ર રસ-રુધિરાદિ ધાતુઓ છે, ઘાસ આદિના સ્થાને એને ઢાંકનાર ચામડું છે. તથા અહીં ઉંદરોના સ્થાને ભૂખ-તરસ આદિથી થતું વિપુલ દુઃખ છે જે તેને નિરંતર નિર્બળ બનાવે છે. આ રીતે ઝૂંપડી સમાન હોવા છતાં પણ તેના કરતાં શરીરમાં એ વિશેષતા છે કે તે તો સમય પ્રમાણે નિયમથી વૃદ્ધત્વ (બુઢાપા) થી વ્યાપ્ત થઈને નાશ પામવાનું છે. પરંતુ તે ઝુંપડી તો કદાચ જ અસાવધાનીને કારણે અગ્નિ આદિથી વ્યાપ્ત થઈને નષ્ટ થાય છે. આવી અવસ્થા હોવા છતાં પણ આશ્ચર્ય એ જ કે અજ્ઞાની પ્રાણી તેને સ્થિર અને પવિત્ર સમજીને તેના નિમિત્તે અનેક પ્રકારનાં દુઃખો સહન કરે છે. ૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दुर्गन्धं कृमिकीटजालकलितं नित्यं स्त्रवद्दूरसं
शौचस्नानविधानवारिविहितप्रक्षालनं रुग्भूतम् ।
मानुष्यं वपुराहुरुन्नतधियो नाडीव्रणं भेषजं
तत्रान्नं वसनानि पट्टकमहो तत्रापि रागी जनः ॥ २ ॥

**અનુવાદ.**—જે આ મનુષ્યનું શરીર દુર્ગન્ધ સહિત છે, લટ અને ક્ષુદ્ર જંતુઓના સમૂહથી વ્યાપ્ત છે, નિરંતર વહેતા પરસેવા અને નાક આદિના દૂષિત રસથી પરિપૂર્ણ છે, પવિત્રતા સૂચક સ્નાનને સિદ્ધ કરનાર જળથી જેને ધોવામાં આવે છે, છતાં પણ જે રોગોથી પરિપૂર્ણ છે; એવા તે મનુષ્યના શરીરને ઉત્કૃષ્ટ બુદ્ધિના ધારક વિદ્વાનો નસ સાથે સંબંધવાળા ગૂમડા આદિના જખ્મ સમાન બતાવે છે. તેમાં અન્ન (આહાર) તો ઔષધ સમાન છે અને વસ્ત્ર પાટા સમાન છે. છતાં પણ આશ્ચર્ય છે કે તેમાં પણ મનુષ્ય અનુરાગ કરે છે.

**વિશેષાર્થ:**—અહીં મનુષ્યના શરીરને જખ્મ સમાન બતાવીને બન્નેમાં સમાનતા બતાવવામાં આવી છે. જેમ કે-જેવી રીતે ઘાવ દુર્ગંધસહિત હોય છે તેવી જ રીતે આ શરીર પણ દુર્ગંધ યુક્ત છે, ઘાવમાં જેવી રીતે કૃમિ અને બીજા નાના નાના જંતુઓનો સમૂહ રહે છે તેવી જ રીતે શરીરમાં પણ તે રહે જ છે. ઘાવમાંથી જો નિરંતર પરૂ અને લોહી વગેરે વહ્યા કરે છે તો આ શરીરમાંથી પણ નિરંતર પરસેવો વગેરે વહ્યા જ કરે છે. ઘાવને જો જળથી ધોઇને સ્વચ્છ કરવામાં આવે છે તો આ શરીરને પણ જળથી સ્નાન કરાવીને સ્વચ્છ કરવામાં આવે છે, ઘાવ જેમ રોગથી પૂર્ણ છે તેવી જ રીતે શરીર પણ રોગોથી પરિપૂર્ણ છે, ઘાવને રુઝવવા માટે જો દવા લગાડવામાં આવે છે તો શરીરને ભોજન આપવામાં આવે છે, તથા જો ઘાવને પાટાથી બાંધવામાં આવે છે તો આ શરીરને પણ વસ્ત્રોથી ઢાંકવામાં આવે છે. આ રીતે શરીરમાં ઘાવની સમાનતા હોવા છતાં પણ આશ્ચર્ય એક એ જ છે કે ઘાવને તો મનુષ્ય ઇચ્છતો નથી પરંતુ આ શરીરમાં તે અનુરાગ કરે છે. ૨.

(उपजाति)

नृणामशेषाणि सदैव सर्वथा वपूंषि सर्वाशुचिभाञ्जि निश्चितम् ।
ततः क एतेषु बुधः प्रपद्यते शुचित्वमम्बुप्लुतिचन्दनादिभिः ।३।

**અનુવાદ:**—મનુષ્યોના સમસ્ત શરીર સદા અને સર્વ પ્રકારે નિયમથી અપવિત્ર રહે છે. તેથી આ શરીરોના વિષયમાં કયો બુદ્ધિમાન્ મનુષ્ય જળનિર્મિત સ્નાન અને ચન્દન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આદિ દ્વારા પવિત્રતાનો સ્વીકાર કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય સ્વભાવથી અપવિત્ર તે મનુષ્ય શરીરને સ્નાનાદિ દ્વારા શુદ્ધ માની શકતા નથી. ૩.

(शार्दूलविक्रीड़ित)

तिक्तेष्वा [क्ष्वा]कुफलोपमं वपुरिदं नैवोपभोग्यं नृणां
स्याच्चेन्मोहकुजन्मरन्ध्ररहितं शुष्कं तपोधर्मतः ।
नान्तर्गौरवितं तदा भवनदीतारे क्षमं जायते
तत्तत्र नियोजितं वरमथासारं सदा सर्वथा ॥ ४ ॥

**અનુવાદઃ**—આ મનુષ્યોનું શરીર કડવી તુંબડી સમાન છે, તેથી તે ઉપભોગ યોગ્ય નથી, જો તે મોહ અને કુજન્મરૂપ છિદ્રોરહિત, તપરૂપ ઘામ (તડકા)થી શુષ્ક (સૂકાયેલ) અને અંદર ગુરુતા રહિત હોય તો સંસારરૂપ નદી પાર કરાવવામાં સમર્થ થાય છે. માટે તેને મોહ અને કુજન્મરહિત કરીને તપમાં લગાવવું તે ઉત્તમ છે. એ વિના તે સદા અને સર્વ પ્રકારે નિઃસાર છે

**વિશેષાર્થઃ**—અહીં મનુષ્યના શરીરને કડવી તુંબડીની ઉપમા આપીને એમ બતાવ્યું છે કે જેમ કડવી તુંબડી ખાવા યોગ્ય હોતી નથી તેવી જ રીતે આ શરીર પણ અનુરાગ યોગ્ય નથી. જો તે તુંબડી છેદ રહિત, તડકામાં સૂકવેલી અને વચમાં ગૌરવ (ભારેપણા) રહિત હોય તો નદીમાં તરવાના કામમાં આવે છે. બરાબર એ જ રીતે જો આ શરીર પણ મોહ અને દુષ્કુળરૂપ છેદ રહિત, તપથી ક્ષીણ અને ગૌરવ (અભિમાન) રહિત હોય તો તે સંસારરૂપ નદી પાર થવામાં સહાયક થાય છે. તેથી જે ભવ્ય પ્રાણી સંસારરૂપ નદીથી પાર થઈને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેમણે આ દુર્લભ મનુષ્ય શરીરને તપ આદિમાં લગાવવું જોઈએ. નહિતર તેને ફરીથી પ્રાપ્ત કરવું બહુ મુશ્કેલ થશે. ૪.

(मालिनी)

भवतु भवतु यादृक् तादृगेतद्वपुर्मे
हृदि गुरुवचनं चेदस्ति तत्तत्त्वदर्शि ।
त्वरितमसमसारानन्दकन्दायमाना
भवति यदनुभावादक्षया मोक्षलक्ष्मीः ॥ ५ ॥

**અનુવાદઃ**—જો હૃદયમાં જીવાદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરનાર ગુરુનો ઉપદેશ સ્થિત હોય તો મારું જેવું આ શરીર હોય તે તેવું બની રહો અર્થાત્ તેનાથી મને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ જાતનો ખેદ નથી. એનું કારણ એ છે કે ઉક્ત ગુરુના ઉપદેશના પ્રભાવથી અસાધારણ અને ઉત્કૃષ્ટ આનંદના કારણભૂત અવિનશ્વર મોક્ષલક્ષ્મી શીઘ્ર જ પ્રાપ્ત થાય છે. ૫.

(शार्दूलविक्रीड़ित)

पर्यन्ते कृमयोऽथ वह्निवशतो भस्मैव मत्स्यादनात्
विष्टा स्यादथवा वपुःपरिणतिस्तस्येदृशी जायते ।
नित्यं नैव रसायनादिभिरपि क्षय्येव यत्तत्कृते
कः पापं कुरुते बुधोऽत्र भविता कष्टा यतो दुर्गतिः ॥ ६ ॥

**અનુવાદઃ**—આ શરીર અંતે અર્થાત્ પ્રાણરહિત થતાં કીડાસ્વરૂપ અથવા અગ્નિને વશ થઈને ભસ્મસ્વરૂપ અથવા માછલીઓએ ખાવાથી વિષ્ઠા ( મળ ) સ્વરૂપ થઈ જાય છે. તે શરીરનું પરિણમન એવું જ થાય છે. ઔષધિ આદિ દ્વારા પણ નિત્ય નથી. પરંતુ વિનશ્વર જ છે, તો ભલા કયો વિદ્વાન્ મનુષ્ય એના વિષયમાં પાપકાર્ય કરે ? અર્થાત્ કોઈ પણ વિદ્વાન્ તેના નિમિત્તે પાપકર્મ કરતો નથી. કારણ એ છે કે તે પાપથી નરકાદિ દુર્ગતિ જ પ્રાપ્ત થાય છે. ૬.

(शार्दूलविक्रीड़ित)

संसारस्तनुयोग एष विषयो दुःखान्यतो देहिनो
वह्नेर्लोहसमाश्रितस्य घनतो घाताद्यतो निष्ठुरात् ।
त्याज्या तेन तनुर्मुमुक्षुभिरियं युक्त्वा महत्या तया
नो भूयोऽपि ययात्मनो भवकृते तत्संनिधिर्जायते ॥ ७ ॥

**અનુવાદઃ**—આ શરીરનો સંબંધ જ સંસાર છે, તેનાથી વિષયમાં પ્રવૃત્તિ થાય છે જેથી પ્રાણીને દુઃખ થાય છે. બરાબર છે-લોઢાનો આશ્રય લેનાર અગ્નિને કઠોર ઘણના ઘા સહન કરવા પડે છે. તેથી મોક્ષાર્થી ભવ્ય જીવોએ આ શરીર એવી મહાન્ યુક્તિથી છોડવું જોઈએ કે જેથી સંસારના કારણભૂત તે શરીરનો સંબંધ આત્મા સાથે ફરીથી ન થઈ શકે.

**વિશેષાર્થ**:—પહેલાં લોઢાને અગ્નિમાં ખૂબ તપાવવામાં આવે છે. પછી તેને ઘણથી ટીપી-ટીપીને તેના સાધનો બનાવવામાં આવે છે. આ કાર્યમાં જેમ લોઢાની સંગતિથી નકામા જ અગ્નિને પણ ઘણથી કરાતા ઘા સહેવા પડે છે તેવી જ રીતે શરીરની સંગતિથી આત્માને પણ તેની સાથે અનેક પ્રકારના દુઃખ સહેવા પડે છે. તેથી ગ્રન્થકાર કહે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે તપ આદિ દ્વારા તે શરીરને આ રીતે છોડવાનો પ્રયાસ કરવો જોઈએ. કે જેથી ફરીથી તેની પ્રાપ્તિ ન થાય. કારણ એ છે કે આ મનુષ્ય શરીરની પ્રાપ્તિ કરીને જો તેના દ્વારા સાધ્ય સંયમ અને તપ આદિનું આચરણ ન કર્યું તો પ્રાણીને તે શરીર ફરી ફરી પ્રાપ્ત થતું જ રહેશે અને તેથી શરીરની સાથે કષ્ટો પણ સહન કરવા જ પડશે. ૭.

**रक्षापोषविधौ जनो ऽस्य वपुषः सर्वः सदैवोद्यतः**
**कालदिष्टजरा करोत्यनुदिनं तज्जर्जरं चानयोः ।**
**स्पर्धामाश्रितयोर्द्वयोर्विजयिनी सैका जरा जायते**
**साक्षात्कालपुरःसरा यदि तदा कास्था स्थिरत्वे नृणाम् ॥८॥**

**અનુવાદઃ—**સર્વ પ્રાણી આ શરીરના રક્ષણ અને પોષણમાં નિરંતર પ્રયત્નશીલ રહે છે, ત્યાં કાળદ્વારા આદિષ્ટ જરા-મૃત્યુથી પ્રેરિત વૃદ્ધાવસ્થા તેને પ્રતિદિન નિર્બળ કરે છે. આ રીતે જાણે પરસ્પર સ્પર્ધા પામેલા જ આ બન્નેમાં એક પેલી વૃદ્ધાવસ્થા જ વિજયી થાય છે કારણ કે તેની આગળ સાક્ષાત્ કાળ (યમરાજ) સ્થિત છે. આવી હાલતમાં જ્યાં શરીરની આ સ્થિતિ છે તો પછી તેની સ્થિરતામાં મનુષ્યોનો કયો પ્રયત્ન ચાલી શકે? અર્થાત્ તેનો કોઈ પણ પ્રયત્ન ચાલી શકતો નથી. ૮.

આ રીતે શરીરાષ્ટક અધિકાર સમાપ્ત થયો, ૨૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨૫. સ્નાનાષ્ટક

## [ २५. स्नानाष्टकम् ]

सन्माल्यादि यदीयसंनिधिवशादस्पृश्यतामाश्रयेद्
विष्मूत्रादिभृतं रसादिघटितं बीभत्सु यत्पूति च ।
आत्मानं मलिनं करोत्यपि शुचिं सर्वाशुचिनामिदं
संकेतैकगृहं नृणां वपुरपां स्नानात्कथं शुद्धयति ॥ १ ॥

**અનુવાદ**—જે શરીરની સમીપતાને કારણે ઉત્તમ માળા આદિ અડવાને પણ યોગ્ય રહેતાં નથી, જે મળ અને મૂત્ર આદિથી ભરેલું છે, રસ અને રુધિર આદિ સાત ધાતુઓથી રચાયેલું છે, ભયાનક છે; દુર્ગંધયુક્ત છે અને જે નિર્મળ આત્માને પણ મલિન કરે છે; એવું સમસ્ત અપવિત્રતાઓના એક સંકેતગૃહ સમાન આ મનુષ્યોનું શરીર જળના સ્નાનથી કેવી રીતે શુદ્ધ થઈ શકે? અર્થાત્ થઈ શકે નહિ. ૧.

आत्मातीव शुचिः स्वभावत इति स्नानं वृथास्मिन् परे
कायश्चाशुचिरेव तेन शुचितामभ्येति नो जातुचित् ।
स्नानस्योभयथेत्यभूद्विफलता ये कुर्वते तत्पुनस्-
तेषां भूजलकीटकोटिहननात्पापाय रागाय च ॥ २ ॥

**અનુવાદઃ**—આત્મા તો સ્વભાવથી અત્યંત પવિત્ર છે, તેની તે ઉત્કૃષ્ટ આત્માના વિષયમાં સ્નાન વ્યર્થ જ છે; તથા શરીર સ્વભાવથી અપવિત્ર જ છે. તેથી તે પણ કદી તે સ્નાન દ્વારા પવિત્ર થઈ શકાતું નથી. આ રીતે સ્નાનની વ્યર્થતા બન્નેય પ્રકારે સિદ્ધ થાય છે. છતાં પણ જે લોકો તે સ્નાન કરે છે તે તેને માટે કરોડો પૃથ્વીકાયિક, જળકાયિક અને અન્ય જંતુઓની હિંસાનું કારણ હોવાથી પાપ અને રાગનું જ કારણ થાય છે.

**વિશેષાર્થઃ**—અહીં સ્નાન આવશ્યકતાનો વિચાર કરતાં આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે તેનાથી શું આત્મા પવિત્ર થાય છે કે શરીર? તેના ઉત્તરમાં વિચાર કરતાં એ ચોક્કસ પ્રતીત થાય છે કે ઉક્ત સ્નાન દ્વારા આત્મા તો પવિત્ર થતો નથી કારણ કે તે પોતે જ પવિત્ર છે. વળી તેનાથી શરીરની શુદ્ધિ થતી હોય, તો એ પણ કહી શકાતું નથી; કારણ કે તે સ્વભાવથી જ અપવિત્ર છે. જેમ કોલસાને પાણીથી ઘસી ઘસીને ધોવા છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ તે કદી કાળાપણું છોડી શકતો નથી અથવા મળથી ભરેલો ઘડો કદી બહાર સાફ કરવાથી શુદ્ધ થઈ શકતો નથી. તેવી જ રીતે મળ-મૂત્રાદિથી પરિપૂર્ણ આ સપ્તધાતુમય શરીર પણ કદી સ્નાન દ્વારા શુદ્ધ થઈ શકતું નથી. આ રીતે બન્ને ય પ્રકારે સ્નાનની વ્યર્થતા સિદ્ધ થાય છે. છતાં પણ જે લોકો સ્નાન કરે છે તેઓ જળકાયિક, પૃથ્વીકાયિક અને અન્ય ત્રસ જીવોનો પણ તેના દ્વારા ઘાત કરે છે; માટે તે કેવળ હિંસાજનિત પાપના ભાગીદાર થાય છે. તે સિવાય તેઓ શરીરની બાહ્ય સ્વચ્છતામાં રાગ પણ રાખે છે, એ પણ પાપનું જ કારણ છે. અભિપ્રાય એ છે કે નિશ્ચયદષ્ટિથી વિચાર કરતાં સ્નાન દ્વારા શરીર તો શુદ્ધ થતું નથી, ઉલ્ટું જીવહિંસા અને આરંભ આદિ જ તેનાથી થાય છે. એ જ કારણે મુનિઓના મૂળગુણોમાંજ તેનો નિષેધ કરવામાં આવ્યો છે. પરંતુ વ્યવહારની અપેક્ષાએ તે અનાવશ્યક નથી, પરંતુ ગૃહસ્થને માટે તે આવશ્યક પણ છે. કારણ કે તેના વિના શરીર તો મલિન રહે જ છે, સાથે મન પણ મલિન રહે છે. સ્નાન વિના જિનપૂજાદિ શુભ કાર્યોમાં પ્રસન્નતા પણ રહેતી નથી. હા, એ અવશ્ય છે કે બાહ્ય શુદ્ધિની સાથે જ અભ્યંતર શુદ્ધિનું પણ ધ્યાન જરૂર રાખવું જોઈએ. જો અંતરંગમાં મદ-માત્સર્યાદિ ભાવ હોય તો કેવળ આ બાહ્ય શુદ્ધિ કાર્યકારી નહિ થાય. ૨.

चित्ते प्राग्भवकोटिसंचितरजःसंबन्धिताविर्भवन्-
मिथ्यात्वादिमलव्यपायजनकः स्नानं विवेकः सताम् ।
अन्यद्वारिकृतं तु जन्तुनिकरव्यापादनात्पापकृ-
न्नो धर्मो न पवित्रता खलु ततः काये स्वभावाशुचौ ॥ ३ ॥

**અનુવાદઃ**—ચિત્તમાં પૂર્વના કરોડો ભવોમાં સંચિત થયેલી પાપકર્મરૂપી ધૂળના સંબંધથી પ્રગટ થતા મિથ્યાત્વ આદિરૂપ મળને નષ્ટ કરનાર જે વિવેકબુદ્ધિ ઉત્પન્ન થાય છે તે જ વાસ્તવમાં સજ્જન પુરુષોનું સ્નાન છે. એનાથી ભિન્ન જે જળકૃત સ્નાન છે તે પ્રાણીસમૂહને પીડાજનક હોવાથી પાપ કરનાર છે. તેનાથી ન તો ધર્મ સંભવે છે અને ન સ્વભાવથી અપવિત્ર શરીરની પવિત્રતા પણ સંભવે છે. ૩.

सम्यग्बोधविशुद्धवारिणि लसत्सद्दर्शनोर्मिव्रजे
नित्यानन्दविशेषशैत्यसुभगे निःशेषपापद्रुहि ।
सत्तीर्थे परमात्मनामनि सदा स्नानं कुरुध्वं बुधाः
शुद्धयर्थं किमु धावत त्रिपथगामालपयासाकुलाः ॥ ४ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ:**—હે વિદ્વાનો! જે પરમાત્મા નામનું સમીચીન તીર્થ સમ્યગ્જ્ઞાનરૂપ નિર્મળ જળથી પરિપૂર્ણ છે, શોભાયમાન સમ્યક્‌દર્શનરૂપ લહેરોના સમૂહથી વ્યાપ્ત છે, અવિનશ્વર આનંદવિશેષરૂપ (અનંતસુખ) શૈત્યથી મનોહર છે તથા સમસ્ત પાપોને નષ્ટ કરનાર છે. તેમાં તમે નિરંતર સ્નાન કરો. વ્યર્થ પરિશ્રમથી વ્યાકુળ થઈને શુદ્ધિ માટે ગંગા તરફ કેમ દોડો છો? અર્થાત્ ગંગા આદિમાં સ્નાન કરવાથી કાંઈ અંતરંગ શુદ્ધિ થઈ શકતી નથી, તે તો પરમાત્માના સ્મરણ અને તેના સ્વરૂપના ચિંતન આદિથી જ થઈ શકે છે, માટે તેમાં જ અવગાહન કરવું જોઈએ. ૪.

**नो दृष्टः शुचितत्त्वनिश्चयनदो न ज्ञानरत्नाकरः**
**पापैः क्वापि न दृश्यते च समतानामातिशुद्धा नदी ।**
**तेनैतानि विहाय पापहरणे सत्यानि तीर्थानि ते**
**तीर्थाभाससुरापगादिषु जडा मज्जन्ति तुष्यन्ति च ॥५॥**

**અનુવાદ:**—પાપી જીવોએ ન તત્ત્વના નિશ્ચયરૂપ પવિત્ર નદ (વિશેષ નદી) જોયેલ છે અને ન જ્ઞાનરૂપ સમુદ્ર પણ જોયો છે તેઓ સમતા નામની અતિશય પવિત્ર નદી પણ ક્યાંક જોતા નથી તેથી તે મૂર્ખાઓ પાપનો નાશ કરવાના વિષયમાં યથાર્થભૂત આ સમીચીન તીર્થો છે.ડીને તીર્થ જેવા જણાતા ગંગા આદિ તીર્થાભાસોમાં સ્નાન કરીને સંતુષ્ટ થાય છે. ૫.

**नो तीर्थं न जलं तदस्ति भुवने नान्यत्किमप्यस्ति तत्**
**निःशेषाशुचि येन मानुषवपुः साक्षादिदं शुद्ध्यति ।**
**आधिव्याधिजरामृतिप्रभृतिभिर्व्याप्तं तथैतत्पुनः**
**शश्वत्तापकरं यथास्य वपुषो नामाप्यसह्यं सताम् ॥ ६ ॥**

**અનુવાદ:**—સંસારમાં એવુ કોઇ તીર્થ નથી, એવું કોઇ જળ નથી તથા અન્ય પણ એવી કોઈ વસ્તુ નથી; જેના દ્વારા પૂર્ણપણે અપવિત્ર આ મનુષ્યનું શરીર પ્રત્યક્ષમાં શુદ્ધ થઈ શકે. અધિ (માનસિક કષ્ટ), વ્યાધિ (શારીરિક કષ્ટ), ઘડપણ (વૃદ્ધાવસ્થા) અને મરણ આદિથી વ્યાપ્ત આ શરીર નિરંતર એટલું સંતાપકારક છે કે સજ્જનોને તેનું નામ લેવું પણ અસહ્ય લાગે છે. ૬.

**सर्वैस्तीर्थजलैरपि प्रतिदिनं स्नातं न शुद्धं भवेत्**
**कर्पूरादिविलेपनैरपि सदा लिप्तं च दुर्गन्धभृत् ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यत्नेनापि च रक्षितं क्षयपथप्रस्थायि दुःखप्रदं
यत्तस्माद्वपुषः किमन्यदशुभं कष्टं च किं प्राणिनाम् ॥ ७ ॥

અનુવાદઃ—જો આ શરીરને પ્રતિદિન સમસ્ત તીર્થોના જળથી પણ સ્નાન કરાવવામાં આવે તો પણ તે શુદ્ધ થઈ શકતું નથી, જો એને કપૂર અને કુંકુમ આદિ સુગંધી લેપો દ્વારા લેપ પણ કરવામાં આવે તો પણ તે દુર્ગંધ ધારણ કરે છે તથા જો એનું પ્રયત્નપૂર્વક રક્ષણ પણ કરવામાં આવે તો પણ તે ક્ષયના માર્ગે જ પ્રસ્થાન કરશે અર્થાત્ નષ્ટ થશે. આ રીતે જે શરીર સર્વ પ્રકારે દુઃખ આપે છે તેનાથી વધારે પ્રાણીઓને બીજું કયું અશુભ અને કષ્ટ હોઈ શકે? અર્થાત્ પ્રાણીઓને સૌથી અધિક અશુભ અને કષ્ટ આપનાર આ શરીર જ છે, અન્ય કોઈ નથી ૭.

भव्या भूरिभवार्जितोदितमहद्दृङ्मोहसर्पोल्लसन-
मिथ्याबोधविषप्रसंगविकला मन्दीभवद्दृष्टयः ।
श्रीमत्पङ्कजनन्दिवक्त्रशशभृद्बिम्बप्रसूतं परं
पीत्वा कर्णपुटैर्भवन्तु सुखिनः स्नानाष्टकाख्यामृतम् ॥ ८ ॥

અનુવાદઃ—જે ભવ્ય જીવ અનેક જન્મોમાં ઉપાર્જિત થઈને ઉદયને પ્રાપ્ત થયેલ એવા દર્શનમોહનીયરૂપ મહાસર્પથી પ્રગટ થયેલ મિથ્યાજ્ઞાનરૂપ વિષના સંસર્ગથી વ્યાકુળ છે, તથા એ જ કારણે જેમની સમ્યગ્દર્શનરૂપ દૃષ્ટિ અતિશય મંદ થઈ ગઈ છે તે ભવ્ય જીવ શ્રીમાન્ પદ્મનન્દિ મુનિના મુખરૂપ ચંદ્રબિંબથી ઉત્પન્ન થયેલ આ ઉત્કૃષ્ટ 'સ્નાનાષ્ટક' નામનું અમૃત કાનવડે પીને સુખી થાવ.

વિશેષાર્થઃ—જો કોઈ વાર કોઈ પ્રાણીને ઝેરી સર્પ કરડી જાય છે તો તે શરીરમાં ફેલાતા તેના વિષથી અત્યંત વ્યાકુળ થઈ જાય છે તથા તેની દૃષ્ટિ (નજર) મંદ પડી જાય છે. સૌભાગ્યવશે જો તે વખતે તેને ચંદ્રબિંબમાંથી ઉત્પન્ન થયેલ અમૃતની પ્રાપ્તિ થઈ જાય, તો તે તેને પીને વિષરહિત થયો થકો પૂર્વ ચેતના પ્રાપ્ત કરી લે છે. બરાબર એવી જ રીતે જે પ્રાણી સર્પ સમાન અનેક ભવોમાં ઉપાર્જિત દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાભાવને પ્રાપ્ત થયેલ જ્ઞાન (મિથ્યાજ્ઞાન) દ્વારા વિવેકશૂન્ય થઈ ગયા છે તથા જેમનું સમ્યગ્દર્શન મંદ પડી ગયું છે તેઓ જો પદ્મનંદિ મુનિએ રચેલ આ 'સ્નાનાષ્ટક' પ્રકરણ કાનો વડે સાંભળે તો અવિવેક નષ્ટ થઈ જવાથી તેઓ અવશ્યમેવ પ્રબોધ પામે કારણ કે આ સ્નાનાષ્ટક પ્રકરણ અમૃત સમાન સુખ આપનાર છે. ૮.

આ રીતે સ્નાનાષ્ટક અધિકાર સમાપ્ત થયો. ૨૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૨૬. બ્રહ્મચર્યાષ્ટક.

## [ २६. ब्रह्मचर्याष्टकम् ]

**भवविवर्धनमेव यतो भवेदधिकदुःखकरं चिरमङ्गिनाम् ।**
**इति निजाङ्गनयापि न तन्मतं मतिमतां सुरतं किमुतोऽन्यथा ॥**

**અનુવાદઃ**—મૈથુન (સ્ત્રીસેવન) પ્રાણીઓનો સંસાર વધારીને તેમને ચિરકાળ સુધી અધિક દુઃખ આપે છે તેથી બુદ્ધિમાન્ મનુષ્યોને જ્યાં પોતાની સ્ત્રી સાથે પણ તે મૈથુન કર્મ ઈષ્ટ નથી તો પછી ભલા અન્ય પ્રકારે અર્થાત્ પરસ્ત્રી આદિની સાથે તો તે તેમને ઈષ્ટ કેમ હોય? અર્થાત્ તેની તો બુદ્ધિમાન્ મનુષ્ય કદી ઇચ્છા જ કરતા નથી. ૧.

**पशव एव रते रतमानसा इति बुधैः पशुकर्म तदुच्यते ।**
**अभिधया ननु सार्थकयानया पशुगतिः पुरतोऽस्य फलं भवेत् ॥**

**અનુવાદઃ**—આ મૈથુનકર્મમાં પશુઓનું જ મન અનુરક્ત રહે છે, તેથી વિદ્વાન્ મનુષ્ય તેને પશુકર્મ એ સાર્થક નામે કહે છે. તથા આગળના ભવમાં એનું ફળ પણ પશુગતિ અર્થાત્ તિર્યંચગતિની પ્રાપ્તિ થાય છે,

**વિશેષાર્થઃ**—આનો અભિપ્રાય એ છે કે જે મનુષ્ય નિરંતર વિષયાસક્ત રહે છે તે પશુઓથી પણ હલકાં છે. કારણ કે પશુઓને તો ઘણું કરીને એને માટે કાંઈક નિશ્ચિત સમય જ રહે છે; પરંતુ આવા મનુષ્યોને એને માટે કોઈ પણ સમય નિશ્ચિત હોતો નથી–તેઓ નિરંતર કામાસક્ત રહે છે. એનું ફળ એ થાય છે કે આગામી ભવમાં તેમને તે તિર્યંચ પર્યાયની પ્રાપ્તિ જ થાય છે જ્યાં ઘણું કરીને હિતાહિતનો કોઇ પણ વિવેક રહેતો નથી. તેથી શાસ્ત્રકારોએ પરસ્પરના વિરોધ રહિત જ ધર્મ, અર્થ અને કામ આ ત્રણે પુરુષાર્થોના સેવનનું વિધાન કર્યું છે. ૨.

**यदि भवेदबलासु रतिः शुभा किल निजासु सतामिह सर्वथा ।**
**किमिति पर्वसु सा परिवर्जिता किमिति वा तपसे सततं बुद्धैः ॥**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદઃ**—જો લોકમાં સજ્જન પુરુષોને પોતાની સ્રીના વિષયમાં પણ કરવામાં આવતો અનુરાગ શ્રેષ્ઠ લાગતો હોય તો પછી વિદ્વાન્ પર્વ (આઠમ, ચૌદશ વગેરે) ના દિવસોમાં અથવા તપના નિમિત્તે તેનો નિરંતર ત્યાગ કેમ કરાવેત? અર્થાત્ ન કરાવેત.

**વિશેષાર્થ**:—અભિપ્રાય એ છે કે પરસ્રી આદિની સાથે કરવામાં આવતું મૈથુનકર્મ તો સર્વથા નિન્દનીય છે જ, પરંતુ સ્વસ્રીની સાથે પણ કરવામાં આવતું તે કર્મ નિન્દનીય જ છે. હા, એટલું જરૂર છે કે તે પરસ્રી આદિની અપેક્ષાએ કાંઈક ઓછું નિન્દનીય છે. એજ કારણે વિવેકી ગૃહસ્થ આઠમ–ચૌદસ વગેરે પર્વના દિવસોમાં સ્વસ્રીસેવનનો પણ ત્યાગ કરતા રહે છે તથા મુમુક્ષુ જનો તો તેનો સર્વથા જ ત્યાગ કરીને તપનું ગ્રહણ કરે છે. ૩.

रतिपतेरुदयान्नरयोषितोरशुचिनोर्वपुषोः परिघट्टनं त् ।
अशुचि सुष्ठुतरं तदितो भवेत्सुखलवे विदुषः कथमादरः ॥४॥

**અનુવાદઃ**—કામ (વેદ)ના ઉદયથી પુરુષ અને સ્રીના અપવિત્ર શરીરો (જનનેન્દ્રિયો) ઘસાવાથી જે અત્યંત અપવિત્ર મૈથુનકર્મ તથા તેનાથી જે અલ્પ સુખ થાય છે તેના વિષયમાં ભલા વિવેકી જીવને કેવી રીતે આદર થઈ શકે? અર્થાત્ થઈ શકતો નથી. ૪.

अशुचिनि प्रसभं रतकर्मणि प्रतिशरीरि रतिर्यदपि स्थिता ।
चिदरिमोहविजृम्भणदूषणादियमहो भवतीति निबोधिता ॥५॥

**અનુવાદઃ**—પ્રત્યેક પ્રાણીમાં જે અપવિત્ર મૈથુનકર્મના વિષયમાં બળપૂર્વક અનુરાગ સ્થિત રહે છે તે ચેતનના શત્રુભૂત મોહના વિસ્તારરૂપ દોષથી થાય છે. એનું કારણ અવિવેક છે. ૫.

निरवशेषयमद्रुमखण्डने शितकुठारहतिर्ननु मैथुनम् ।
सततमात्महितं शुभमिच्छता परिहृतिर्व्रतिनास्य विधीयते ॥६॥

**અનુવાદઃ**—નિશ્ચયથી આ મૈથુનકર્મ સમસ્ત સંયમરૂપ વૃક્ષને ખંડિત કરવામાં તીક્ષ્ણ કુહાડીના આઘાત સમાન છે. તેથી નિરંતર ઉત્તમ આત્મહિતની ઇચ્છા કરનાર સાધુ એનો ત્યાગ કરે છે. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मधु यथा पिबतो विश्रतिस्तथा वृजिनकर्मभृतः सुरते मतिः।
न पुनरेतदभीष्टमिहाङ्गिनां न च परत्र यदायति दुःखदम् ॥७॥

**અનુવાદ:**—જેમ મદ્ય પીનાર પુરુષને વિકાર થાય છે તેવી જ રીતે પાપ કર્મ ધારણ કરનાર પ્રાણીને મૈથુનના વિષયમાં બુદ્ધિ થાય છે. પરંતુ એ પ્રાણીઓને ન આ લોકમાં ઇષ્ટ છે અને ન પરલોકમાં ય. કારણ કે તે ભવિષ્યમાં દુઃખદાયક છે. ૭.

रतिनिषेधविधौ यततां भवेच्चपलतां प्रविहाय मनः सदा।
विषयसौख्यमिदं विषसंनिभं कुशलमस्ति न भुक्तवतस्तव ॥८॥

**અનુવાદ:**—હે મન, તું ચંચળતા છોડીને નિરંતર મૈથુનના પરિત્યાગની વિધિમાં પ્રયત્ન કર, કારણ કે આ વિષયસુખ વિષસમાન દુઃખદાયક છે. તેથી એને ભોગવતાં તારૂં કલ્યાણ થઈ શકશે નહીં.

**વિશેષાર્થ:**—જેમ વિષના ભક્ષણથી પ્રાણીને મરણજન્ય દુઃખ ભોગવવું પડે છે તેવી જ રીતે આ મૈથુનવિષયક અનુરાગથી પણ પ્રાણીને જન્મ-મરણના અનેક દુઃખ સહન કરવા પડે છે. તેથી અહીં મનને સંબોધિત કરીને એમ કહેવામાં આવ્યું છે કે હે મન! તું આ લોક અને પરલોક બન્ને ય લોકોમાં દુઃખ આપનાર તે વિષયભોગને છોડવાનો પ્રયત્ન કર, નહિ તો તારૂં અહિત અનિવાર્ય છે. ૮.

युवतिसंगतिवर्जनमष्टकं प्रति मुमुक्षुजनं भणितं मया।
सुरतरागसमुद्रगता जनाः कुरुत मा क्रुधमत्र मुनौ मयि ॥९॥

**અનુવાદ:**—મેં સ્ત્રી સંસર્ગના પરિત્યાગવિષયક જે આ આઠ શ્લોકોનું પ્રકરણ રચ્યું છે તે મોક્ષાભિલાષી જનોનું લક્ષ્ય કરીને રચ્યું છે. તેથી જે પ્રાણી મૈથુનના અનુરાગરૂપ સમુદ્રમાં મગ્ન થઈ રહ્યા છે, તે મારા (પદ્મનન્દિ મુનિ) ઉપર ક્રોધ ન કરો. ૯.

આ રીતે બ્રહ્મચર્યાષ્ટક સમાપ્ત થયું. ૨૬.

આ રીતે પદ્મનન્દિ મુનિદ્વારા વિરચિત '**પદ્મનન્દિ-પંચવિંશતિ**' ગ્રંથ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com